ભુવનભાનુ

એન્સાઈક્લોપીડિયા

દિવ્યદર્શન

શાસનપ્રભાવના-૧

ભાગ-૭૧

શાસનપ્રભાવક પ.પૂ.આચાર્ય શ્રી ભુવનભાનુસૂરિ મ.સા.

॥ નમો નમઃ શ્રી પ્રેમસૂરયે ॥

ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા

(દિવ્ય-દર્શન વર્ષ-૧ થી વર્ષ-૧૯)

શાસન પ્રભાવના-૧

ભાગ-૭૧

:: અનુમોદક ::

ન્યાય વિશારદ,

સેંકડો ભવ્યાત્માઓના રાહબર

પ.પૂ. આચાર્ય શ્રી વિજય

ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા

:: પ્રકાશક ::

કુમારપાળભાઈ વિ. શાહ

દિવ્યદર્શન ટ્રસ્ટ

૩૯, કલિકુંડ સોસાયટી,

કલિકુંડ-ધોળકા,(અમદાવાદ)

સકલાગમરહસ્યવેદી પૂ.સ્વ. આચાર્યદેવ **શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજ**ના પટ્ટાલંકાર સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવ **શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ**ના વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજ **શ્રી ભાનુવિજયજી મહારાજ**ના મનનીય આર્હત્ પ્રવચનોનું પ્રકાશન એટલે...

વનભાનુ એન્સાઇક્લોપીડિયા (ભાગ-૭૧)
(દિવ્ય-દર્શન વર્ષ-૧ થી વર્ષ-૧૯)
શાસન પ્રભાવના-૧

:: શુભાશિષ ::

ભૂષણ સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્ય શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા

:: પ્રેરક-માર્ગદર્શક ::

સંઘ શાસન કૌશલ્યાધાર પ.પૂ. આચાર્ય શ્રી વિજય જયસુંદરસૂરીશ્વરજી મહારાજા

:: સહાયક ::

સરળ સ્વભાવી પ.પૂ.પં.શ્રી પદ્મસેનવિજયજી મ.સા.

પ્રથમ આવૃત્તિ : ૨૫૦ **કિંમત :** ૧૫૦/-

વિમોચન : ચૈત્ર વદ-૧૩, વિ.સં.૨૦૬૯, તા.૭-૫-૨૦૧૩,મંગળવાર
પૂ.આચાર્યશ્રી વિ. ભુવનભાનુસૂરિ મ.સા.ની ૨૦મી સ્વર્ગવાસ તિથી

:: પ્રાપ્તિસ્થાન ::

દિવ્યદર્શન ટ્રસ્ટ	દિવ્યદર્શન ટ્રસ્ટ	શ્રી ભુવનભાનુસૂરિ જૈન જ્ઞાન શાળા
૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા	૨૯/૩૦, વાસૂપૂજ્ય બંગલો, સેટેલાઈટ, અમદાવાદ	૩૬, જ્ઞાનમંદિર સોસાયટી, નવકાર જૈન દેરાસર સામે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭
ડૉ. હેમંતભાઈ-અમદાવાદ (૦૭૯)-૨૬૬૩૦૦૦૬	ડૉ. સંજયભાઈ-સુરત ૯૮૨૫૧ ૨૧૪૫૫	મો. ૯૪૨૭૦ ૩૭૪૯૧ (રાહુલભાઈ)

શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ
૧૦૬, એસ.વી.રોડ, ઈર્લા-પાર્લા (વેસ્ટ) ફોન : ૨૬૭૧૯૩૫૭

ટાઈપ સેટીંગ - મુદ્રક
જય જિનેન્દ્ર ગ્રાફીક્સ (નીતિન શાહ - જય જિનેન્દ્ર)
૩૦, સ્વાતિ સોસાયટી, સેન્ટ ઝેવીયર્સ હાઈસ્કુલ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૧૪.
મો. ૯૮૨૫૦ ૨૪૨૦૪ ફોન : (ઓ) ૨૫૬૨ ૧૬૨૩ (ઘર) ૨૬૫૬ ૨૭૯૫
E-mail : jayjinendra90@yahoo.com

: પ્રકાશકીય :

અપ્રમત્ત, મૈત્રીભાવના સ્વામી, અનાસક્ત યોગી
પ.પૂ.આ.શ્રી વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાએ
જીવોના રગેરગમાં જિનશાસનને વસાવવા, શાસન પ્રભાવનાના ઉત્કૃષ્ટ કાર્યો સાથે ચાંદનીના પ્રકાશમાં પણ, પોતાની નિદ્રાનો ત્યાગ કરી જે ચિંતનો લખેલા હતા તે દિવ્યદર્શન ટ્રસ્ટ વતી દિવ્યદર્શન સાપ્તાહિકમાં છપાયેલા હતા.

વર્તમાનકાળમાં સકલ સંઘના કલ્યાણઅર્થે **શ્રી ભુવનભાનુ-સૂરિજન્મશતાબ્દીનું નિમિત્ત પામી** જેઓશ્રીની સતત કૃપા અમારા ટ્રસ્ટ ઉપર છે એવા સુવિશાલ ગચ્છાધિપતિ **પ.પૂ.આ.શ્રી વિ. જયઘોષસૂરીશ્વરજી મહારાજા**ના આશિષ પામી તેમના વિનીત પટ્ટધર **પ.પૂ.આ.શ્રી વિ. જયસુંદરસૂરીશ્વરજી મહારાજા**ના માર્ગદર્શન હેઠળ તે અમૂલ્ય ચિંતનો-પ્રવચનોનો રસથાળ **"ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા"**માં સંગૃહિત કરવાનું નક્કી કર્યું છે. દિવ્યદર્શન સાપ્તાહિકમાં તે કાળે ત્યારના વિવિધ સ્થળોના સમાચારો છપાયા હતા. તેમાંથી **"ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા"**ના ભાગ-૬૪/૬૫માં કાળધર્મના તથા ગુણાનુવાદના સમાચારો લીધેલ છે. ભાગ-૬૬ થી ૭૦ માં પૂ.ગુરુભગવંતોના ચાર્તુમાસ-વિહારાદિ સમાચારો નો સંગ્રહ કરવામાં આવ્યો છે. ભાગ-૭૧/૭૨/૭૩માં દીક્ષા-પ્રતિષ્ઠા-ઉપધાન તપ આદિ શાસન પ્રભાવનાના સમાચારો લેવામાં આવ્યા છે. તથા ભાગ-૭૪/૭૫માં શિબિરના સમાચારો તથા પછીના ભાગમાં પ્રકીર્ણ પ્રસાદ લીધેલ છે.

વર્ષોથી સ્વર્ગસ્થ પૂજ્યપાદ ગુરુદેવશ્રીની અનન્ય ભક્તિ-વૈયાવચ્ચ કરનાર **પ.પૂ.પં.શ્રી પદ્મસેનવિજયજી મ.સા.** એ પુનર્મુદ્રણ માટે પરિમાર્જન કરી આપ્યું તે બદલ તેઓશ્રીને ખૂબ ધન્યવાદ.

આ સેટના મુદ્રણમાં જ્ઞાનખાતાનું દ્રવ્ય વાપરી સુકૃતના સહભાગી બનેલા સંઘો તથા વ્યક્તિગત લાભ લઈ સંપત્તિનો સદુપયોગ કરવા બદલ તેઓના તથા ગ્રંથનું ટાઈપ સેટીંગ તથા મુદ્રણ કરનાર **જય જિનેન્દ્ર ગ્રાફીક્સ, અમદાવાદ (નીતિન શાહ - જય જિનેન્દ્ર)** ના અમે આભારી છીએ.

કુમારપાળભાઈ વિ. શાહ



સુકૃત અનુમોદન

૮૦૧ માસક્ષમણ તપ પ્રેરક સુવિશાલ
ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય શ્રીમદ્
વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજાની
આજ્ઞાથી યુવા હૃદય સમ્રાટ પ.પૂ.આ.વિ.
શ્રી હેમરત્નસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય તપસ્વી
પૂ. પં. શ્રી વિરાગરત્નવિજયજી મ.સા.ની પ્રેરણાથી
મુનિરાજશ્રી કાશ્યપરત્નવિજયજી મ.સા.એ
પર્યૂષણપર્વ (વિ.સં.-૨૦૬૮)
ની કરાવેલ આરાધનાની અનુમોદનાર્થે

શ્રી નવાપુરા જૈન સંઘ - સુરત

તરફથી આ પુસ્તક પ્રકાશનમાં
જ્ઞાનદ્રવ્યનો સદ્વ્યય કર્યો છે.

અનુક્રમણિકા

ક્રમ	નામ	પાના નં.
૧.	વિહારનું વહેણ સંગમનેર	૧
૨.	નાસિકમાં પ્રવજ્યા	૩
૩.	અહમદનગરમાં અપૂર્વ ધર્મ જાગૃતિ	૪
૪.	પૂના સિટિ સંઘ મધ્યે અપૂર્વ સ્વાગત	૬
૫.	મુંબઈના આંગણે માળ તથા દીક્ષા સમારોહ	૯
૬.	અહમદનગરમાં અપૂર્વ દીક્ષા મહોત્સવ	૨૭
૭.	દીક્ષાઓમાં પૂર્વ યુગનું સ્મરણ (વણી-કલકત્તા-ખંભાત-લોનાવાલા -મુરબાડ-વિર્લેપાર્લા-અમદાવાદની દીક્ષાઓ)	૩૦
૮.	પૂનામાં ભવ્ય ત્રણ દીક્ષાઓ	૨૫
૯.	પૂનામાં ઉપધાન તપ	૩૪
૧૦.	મુંબઈના અનુમોદનીય સમાચાર	૪૨
૧૧.	દાદરમાં ઉજવાયેલ શાનદાર મહોત્સવ	૪૫
૧૨.	ગુજરાતમાં અપૂર્વ શાસનપ્રભાવના	૪૮
૧૩.	સુરેન્દ્રનગરના આંગણે ભવ્ય મહોત્સવ	૫૧
૧૪.	કડીમાં પ્રતિષ્ઠા મહોત્સવ	૫૫
૧૫.	શ્રી શંખેશ્વરમાં સાધનાયજ્ઞ (ઉપધાનતપ)	૫૬
૧૬.	શ્રી શંખેશ્વરથી શંત્રુજય મહાતીર્થનો સંઘ	૬૦
૧૭.	શ્રી ભીલડીયાજી તીર્થમાં ઓળી	૬૫
૧૮.	અમરેલીમાં દીક્ષામહોત્સવ	૬૬
૧૯.	સૌરાષ્ટ્રમાં સૂરિદેવનાં પગલાં	૭૩
૨૦.	અમદાવાદમાં ભવ્ય સ્વાગત	૭૬
૨૧.	મુંબઈમાં શ્રુતજ્ઞાન પૂજા	૭૮
૨૨.	છાણીમાં-પ્રવજયા,પદવી,પૂજાનાદિ મહોત્સવ	૯૫
૨૩.	દેવાસનગરે નૂતન જિનમંદિર	૯૮
૨૪.	ઉંબરી પ્રતિષ્ઠા મહોત્સવ	૧૦૦
૨૫.	શંખેશ્વર-૧૦૦ ઓળીના પારણાં	૧૦૯
૨૬.	અમદાવાદ-જૈનાચાર્યોનો મંગલ પ્રવેશ-મુનિ સંમેલન	૧૦૯
૨૭.	ખંભાતના આંગણે આરાધનાનો જલસો	૧૧૯
૨૮.	અમદાવાદ-(પ્રકાશ હાઈસ્કૂલ) દીક્ષા મહોત્સવ	૧૨૫

ક્રમ	નામ	પાના નં.
૨૯.	મહારાષ્ટ્રમાં ધર્મ જાગૃતિ	૧૨૯
૩૦.	ચડવાલમાં પુણ્ય પ્રવેશ	૧૩૨
૩૧.	શંખેશ્વરની શંત્રુજય સંઘ	૧૩૪
૩૨.	સુરેન્દ્રનગરમાં જન્મ કલ્યાણકની ઉજવણી	૧૪૦
૩૩.	'પરમતેજ'નું યાદગાર પ્રકાશન	૧૪૧
૩૪.	પિંડવાડામાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ	૧૬૧
૩૫.	સીલદર-ઉપધાનતપ	૧૬૫
૩૬.	સિરોડી-પ્રતિષ્ઠા મહોત્સવ	૧૬૬
૩૭.	વિર્લેપાર્લે-શીલાસ્થાપન	૧૬૮
૩૮.	મુંબઈ-આરાધના સત્ર	૧૭૬
૩૯.	પિંડવાડા-દીક્ષા	૧૭૮
૪૦.	'લલિત વિસ્તરા' ગ્રંથ વિમોચન - જોધપુર	૧૮૦
૪૧.	રાણકપુર-ઓળી	૨૦૬
૪૨.	દેવાસ-પ્રતિષ્ઠા મહોત્સવ	૨૧૧
૪૨.	પિંડવાડા-ચાર્તુમાસ	૨૧૫
૪૪.	ઉસ્માનપુરા-પ્રતિષ્ઠા મહોત્સવ	૨૧૮
૪૫.	નડિયાદ-મહોત્સવ	૨૨૨
૪૬.	ખંભાત-ધર્મોત્સવ જૈન શાળા-ઉદ્‌ઘાટન	૨૨૪
૪૭.	મલાડ-દીક્ષા મહોત્સવ	૨૩૯
૪૮.	મુંબઈ-૯૯મી ઓળીનું પારણું	૨૪૮
૪૯.	તુલસી સાથેનો વાર્તાલાપ	૨૫૭
૫૦.	દમણ-શ્રુતમહોત્સવ	૨૬૬
૫૧.	બોટાદ-દીક્ષામહોત્સવ	૨૭૧
૫૨.	ખંભાત-ગુરુમૂર્તિ પ્રતિષ્ઠા	૨૭૭
૫૩.	પિંડવાડા-દીક્ષા	૨૮૦
૫૪.	સુરેન્દ્રનગર કર્મસાહિત્ય સમારોહ	૨૮૭
૫૫.	બનારસ-યુનિવર્સિટી પ્રવચન	૨૮૮
૫૬.	કલકત્તા-ભવાનીપુર પ્રતિષ્ઠા	૨૮૯
૫૭.	કલકત્તા-પરમતેજ ભા.૨	૨૯૪
૫૯.	પાવાપુરી વિહાર	૩૦૩
૬૦.	અજારી-પિંડવાડા પ્રતિષ્ઠા મહોત્સવ	૩૦૫
૬૧.	પાલનપુર દીક્ષા	૩૦૮

વિહારનું વહેણ સંગમનેર તરફ...

(સમશેરપુરથી ચાલેલી સંઘયાત્રા.) નાસિકમાં લગભગ બે મહિનાની સ્થિરતા કરી વૈશાખ સુદ ૧૪ના દિવસે **પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી પ્રેમસૂરિ મ.સા.** વગેરે ૩૪ સાધુઓના સમુદાયે સંગમનેર તરફ વિહાર કર્યો અને તેઓશ્રીના પ્રશિષ્યરત્ન પૂ.મુનિરાજશ્રી પદ્મવિજયજી મહારાજાદિ ૧૦ ઠાણાએ મુંબઈ તરફ વિહાર કર્યો. વિહારના વિરહનું દુઃખ નાસિકના નર-નારીઓમાં છવાયું. સર્વેએ શોકમગ્ન હૃદયે પ.પૂ.આચાર્ય ભગવંતને વિદાય આપી.

વિહારમાં વિદ્યાર્થીઓ પણ ઉત્સાહભેર સાથે જ હતા. લગભગ ૧૮ વિદ્યાર્થીઓની ટૂકડી વિહારનો આનંદ માણતી હતી. વૈશાખ વદ ૧ ના દિવસે સિન્નરમાં પૂ.આચાર્ય ભગવંતે પ્રવેશ કર્યો. **સિન્નરના** શ્રીસંઘે પૂજ્યપાદનું ભાવભીનું સ્વાગત કર્યું.

અત્રેના સંઘના અત્યાગ્રહથી નૂતન મુનિશ્રી મણિભદ્રવિજયજીની વડીદીક્ષા અહીંયાં કરવાનું નક્કી થયું. વૈશાખ વદ ૭ના પુણ્યદિવસે પ.પૂ.આચાર્ય ભગવંતના પાવન હસ્તે નૂતન મુનિશ્રીની વડીદીક્ષા સુંદર રીતે થઈ. સાથે આ પાઠશાળાના વિદ્યાર્થીઓએ જિનેન્દ્રભગવંતની નાણ સમક્ષ વિધિસહિત સમ્યકત્વ અંગીકાર કર્યું; ને કેટલાકોએ શ્રાવકના બાર વ્રત સુધીના વ્રતોને ઉચ્ચર્યા; ત્યારે બે વિદ્યાર્થીઓએ તો યાવજ્જીવનું બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું.

વળી આજ દિવસે પાલીતાણા પાસેના જેસર ગામના વતની શ્રી દીપચંદભાઈની પણ ભાગવતી દીક્ષા થઈ. વયોવૃદ્ધ અવસ્થાએ પણ દીપચંદભાઈની દૃઢ ચારિત્ર-ધર્મની ભાવના અત્યંત પ્રશંસનીય હતી. નૂતન મુનિશ્રીનું નામ મુનિશ્રી **દીપવિજયજી** રાખવામાં આવ્યું.

આ રીતે સિન્નરમાં થોડાક, દિવસની જ સ્થિરતામાં ધર્મપ્રભાવના અપૂર્વ થઈ. ત્યાંથી વિહારનું વહેણ સમશેરપુરના અગ્રગણ્ય શ્રાવકોની આગ્રહભરી વિનંતીથી સમશેરપુર તરફ વળ્યું. વાંજિત્રોના સુમધુરરવો સાથે પૂજ્યશ્રીનો ગામમાં પ્રવેશ, ખાસ બાંધેલા મંડપમાં પ્રવચન થયું. શ્રાવકોના ઘરો અલ્પ હોવા છતાં ભક્તિની ધૂન ગજબ છે ! રોજ દેરાસરમાં પૂજા-પ્રભાવના, કેટલાકના યાવજ્જીવનાં બ્રહ્મચર્ય-વ્રતના સ્વીકાર તથા અહીંથી સંગમનેર સુધીનો પગપાળા સંઘ વગેરે અપૂર્વ ધર્મસાધનાઓ થઈ.

પરમ પૂજ્ય આચાર્યદેવેશની પુણ્ય પધરામણીથી અત્રેના એક સુશ્રાવક શ્રી ધરમચંદ જયચંદની ભાવના **સંગમનેર સુધીની સંઘયાત્રા** કાઢીને લક્ષ્મીનો સદુપયોગ કરવાની થઈ અને અતિ આગ્રહવશ પૂજ્યશ્રીએ બે દિવસ વધુ રોકાઈને એમની ભાવનાને માન આપ્યું. દરમ્યાન સંઘની તૈયારીઓ થઈ ગઈ. મંગલ મુહૂર્તે શાસનધ્વજ, મંગલગીતો અને વાજિંત્રના નાદ તથા જયધ્વનિના ગગનભેદી અવાજો સાથે શ્રી સંઘનું પ્રયાણ થયું.

પહેલો મુકામ પાંચેક માઈલ પર **દેવઠાણ** નામના ગામે થયો. ત્યાં વ્યાખ્યાનમાં બીજી ઈતર પ્રજા પણ હોવાથી પૂ.મહારાજશ્રીએ પ્રવચન હિન્દીમાં આપ્યું. મુંબઈના ગવૈયા અંબાલાલે બપોરે પૂ. મહારાજશ્રીની દોરવણી હેઠળ પૂજાને રાગરાગણીપૂર્વક એવી જમાવી હતી કે લોકોને ખૂબ જ ભક્તિરસની ધૂન જામી.

ત્યાંથી બીજી સવારે પડાવ ઉપડ્યો. ખેતરોની વચ્ચેથી પગદંડી વાટે ચાલી જતી સંઘયાત્રા અપૂર્વ દશ્યને ખડું કરતી હતી. પહાડી પ્રદેશની રમણીયતા પાદપ્રવાસમાં સારું જોમ અર્પતી હતી. આનંદ-કલ્લોલ કરતો જન સમુદાય **ગનોરા** આવી પહોંચ્યો. અત્રે ગામ બહારના સોસાયટીના મકાનમાં સંઘનો ઉતારો હતો. અહીં વ્યાખ્યાન પૂ. મુનિપુંગવ શ્રી જયંતવિજયજી મહરાજે આપ્યું. પૂજા-સેવાદિ કૃત્યોથી પરવારી વિહારનો થાક ઉતારતા કેઈ સ્ત્રી-પુરુષો મકાનના આંગણામાં પાથરેલી જાજમ પર વાર્તા-વિનોદ કરતા હતા. બપોરના મોહનીયકર્મ નિવારણની પૂજામાં અનેરો રંગ જામ્યો. એમાં છેલ્લી પૂજામાં તો **'મોહ મહીપતિ મહેલમેં'** અને **'વીર જિણંદ રહે વનવાસે'** એના મોહ અને વીરપ્રભુના લશ્કર સહિત યુદ્ધ અને એમાં મોહરાજાના ખાસ અંગરક્ષક 'મન'નો શ્રી વીરપ્રભુએ કરેલો પલટો, તેથી મોહરાજાની સજડ હાર અને પ્રભુને ધ્યાન કેસરીયા ઉપર કેવળજ્ઞાનની પ્રાપ્તિ, તથા વસંતના અનંતગુણગાન વગેરે અર્થ પૂ. મહારાજશ્રીએ જે રોચક શબ્દમાં સમજાવ્યો અને સાથે પૂજાની સ્પેશીયલ તર્જ જામી, તેથી લોકોમાં અભૂતપૂર્વ આત્માનંદ થયો.

બીજે દિવસે ત્યાંથી **સંગમનેર** બહારની સરયૂ-તૂટે સંઘ આવી પહોંચ્યો. સંગમનેરના શ્રી સંઘનો ઉત્સાહ અનેરો હતો. સારાયે નગરને ધજા-પતાકા અને કમાનોથી શણગાર્યું હતું. ઠેર ઠેર સુવાક્યોના વસ્ત્ર-બોર્ડો દૃષ્ટિગોચર થતાં હતાં. સામૈયું ઠેર ઠેર ગહુંલીઓ સાથે નગરના રાજમાર્ગો પર દોઢેક કલાક ફરી ઉપાશ્રયે ઉતર્યું. પૂ. મહારાજશ્રીએ શ્રીસુધર્માસ્વામિએ જંબુસ્વામિને આપેલી અણમોલ કલ્યાણ-દેશના "હે જંબુ ! તું બોધ પામ, અને બંધન તોડ..."ના વિષય પર અનેક

દાખલા-દૃષ્ટાંતો અને બોધક-કથાઓથી ભરપૂર વ્યાખ્યાન આપ્યું.

બપોરે બારવ્રતની પૂજામાં પણ ખૂબ રંગ જામ્યો. અત્રે પ્રૌઢ શ્રાવકોની સવારે પાઠશાળા પણ ચાલુ થઈ છે, જેમાં પૂ. મહારાજશ્રી તત્ત્વજ્ઞાન આપે છે. અત્રે પૂ. આચાર્ય ભગવંત થોડી સ્થિરતા કરી આગ્રહભરી વિનંતીને લીધે અહમદનગર તરફ ચાતુર્માસાર્થે વિહાર કરી જશે. પૂ.આચાર્ય મહારાજશ્રી યશોદેવસૂરિજી મહારાજ પણ સાથે ચોમાસું કરશે.

સંગમનેરમાં શરૂ થયેલી પ્રૌઢોની તત્ત્વજ્ઞાન પાઠશાળા

અત્રે પૂ. મહારાજશ્રી પાસે રોજ સવારે સ્થાનિક જૈન વકીલ વગેરે પ્રૌઢ ગૃહસ્થોની એક તત્ત્વજ્ઞાનપાઠશાળા શરૂ થઈ; તેમાં તત્ત્વ સાથે સમ્યક્ત્વ અને બાર વ્રતોની સુંદર સમજુતી આપવામાં આવી. તેથી નાણ માંડીને પરમાત્મા સમક્ષ કેટલાક ગૃહસ્થોએ વ્રતો અંગીકાર કરવાનું નક્કી કર્યું.

એવામાં નાસિક નિવાસી સુશ્રાવક શ્રી ચીનુલાલભાઈ કે જેઓ ઘણા વખતથી પરમપવિત્ર ચારિત્રમાર્ગની ઝંખના કરી રહ્યા હતા, અને જેમણે નાસિકમાં પ.પૂ.આચાર્ય મહારાજ સાહેબ પાસે ચતુર્થવ્રત (બ્રહ્મચર્ય) ગ્રહણ કરેલુ હતું. તેઓ પણ ચારિત્ર લેવાનું નક્કી કરી આવી પહોંચ્યા.

સંગમનેરના શ્રીસંઘની ખાસ ઈચ્છા હતી જ, કે "પૂ.આચાર્યદેવેશ આદિ મુનિમંડલ છેવટે એક માસ રોકાઈ લાભ આપે, તો અમે ચોમાસુ થયા બરાબર માનીશું." તે પુણ્યવાનોને ખરેખર તેમજ થયું ! શ્રીસંઘના ખૂબ જ ઉલ્લાસ વચ્ચે દીક્ષા-વર્ષીદાનનો વરઘોડો નીકળ્યો. નાસિકનો સંઘ પણ આવી પહોંચ્યો હતો. મંગલમુહૂર્તે શ્રીસંઘના ઉછળતા રંગ વચ્ચે પ.પૂ.આચાર્ય ભગવંતના પાવન હસ્તે દીક્ષા, સમ્યક્ત્વ, બારવ્રત તથા બીજા તપ ઉચરાવવાની ક્રિયા શરૂ થઈ. વ્રતો સ્વીકારનાર ચૌદ ભાગ્યશાળીઓ હતા. જેમાં ચાર વ્યક્તિઓએ સંપૂર્ણ બ્રહ્મચર્ય-વ્રત અંગીકાર કર્યું.

નૂતનદીક્ષિત **મુનિશ્રી ચંદનવિજયજી** તરીકે પ.પૂ.આચાર્ય ભગવંતના શિષ્ય બન્યા.

• • •

એક લાખોપતિ જૈન આગેવાનનું દીક્ષાપંથે પ્રયાણ

મુંબઈ તથા નાસિકમાં સુપ્રસિદ્ધ **સોમચંદ લાલચંદની** પેઢીની ભાગીદારી

શ્રીયુત્ **મોતીલાલ હીરાચંદભાઈ** છેલ્લા પાંચ વર્ષથી સંસારવાસ મૂકી, અનંત કલ્યાણકર પ્રવજ્યાના માર્ગે જવાની ભાવનાવાળા હતા.

સંવત ૨૦૧૦ના વૈશાખ સુદ ૫ તા.૭-૫-૫૪ને શુક્રવારના રોજ **પૂ. સિદ્ધાંત મહોદધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના** પાવન હસ્તે ભવ્ય મહોત્સવપૂર્વક ભાગવતી દીક્ષા સ્વીકારી છે. પૂ. આચાર્યદેવના શિષ્ય તરીકે નૂતન મુનિશ્રીનું નામ શ્રી **મણિભદ્રવિજયજી** રાખવામાં આવ્યું છે. દીક્ષાનો વરઘોડો, શ્રી સંઘ તરફથી માનપત્રનો ભવ્ય મેળાવડો, તથા પૂ. મુનિરાજશ્રી **ભાનુવિજયજી** મહારાજનું દીક્ષા પ્રસંગે થયેલું પ્રવચન અને ૪૪ મુનિરાજોના પાવન પગલાં શાસનની શોભામાં વૃદ્ધિ કરનારાં હતાં.

પોતાના ચરણમાં આળોટતી લાખોની સંપત્તિ, પોતાનાં ધર્મપત્નિ, પરિણીત ચાર પુત્રો, બે પુત્રીઓ વગેરે કુટુંબ પરિવારની માયા મૂકી, સંયમ જીવનના મહાકષ્ટોને સહર્ષ સહન કરવા માટે, આત્મકલ્યાણ માટે જે ભગીરથ પુરુષાર્થ આદર્યો છે, તે ખરેખર પ્રશંસનીય છે. તેઓને અમારા કોટિશ; વંદન સાથે ધન્યવાદ અર્પીએ છીએ. તેઓશ્રીની સંયમયાત્રા નિષ્કંટક બને એ જ અભિલાષા...

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૩,અંક-૧૨,તા.૨૭-૧૧-૧૯૫૪

અહમદનગરમાં અપૂર્વ ધર્મ-જાગૃતિ

છેલ્લા સો વર્ષના ઈતિહાસમાં આટલા વિશાળ મુનિમંડળનું :: પ્રથમ જ ચાતુર્માસ ::

અત્રેના શ્રી સંઘના અત્યાગ્રહથી, સિદ્ધાંત મહોદધિ પ.પૂ. આચાર્યદેવશ્રી **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા,** પોતાના પટ્ટધર, વૈરાગ્યવારિધિ પૂ. આચાર્યશ્રી **વિજય યશોદેવસૂરીજી મહારાજ,** તથા પ્રખર વ્યાખ્યાતા પૂ. વિદ્વાન મુનિરાજશ્રી **ભાનુવિજયજી મહારાજાદિ** ૩૪ મુનિવરોના વિશાળ પરિવાર સાથે અત્રે સં. ૨૦૧૦ની સાલનું ચાતુર્માસ કરવા પધાર્યા.

જ્યારથી આચાર્યદેવના પાવન પગલા અત્રે થયા ત્યારથી સંઘમાં ખૂબજ ધર્મ-જાગૃતિ પ્રગટી. જેમાં રોજ સવારે સાત વાગતાં પૂ. મુનિરાજશ્રી ભાનુવિજયજી મહારાજની પાસે સ્થાનિક પ્રૌઢ-યુવાન ગૃહસ્થોની જૈન તત્ત્વજ્ઞાનની પાઠશાળા શરૂ થઈ. જેમાં ૨૫ થી ૩૦ જેટલા ભાઈઓ નિયમીત હાજરી આપતા હતા. ૯ વાગે પૂ. મુનિવર્યના શ્રાવક-શ્રાવિકા વર્ગને "શ્રી સમરાઈચ્ચ કહા" પર રોચક પ્રવચન

શરૂ થયાં. વૈરાગ્ય અને તપ-ત્યાગ પ્રધાન વ્યાખ્યાનોના શ્રવણથી કેટલાક ભાઈ-બહેનોએ વર્ધમાન આયંબીલતપના પાયા પણ સારી સંખ્યામાં નાંખ્યા, મુનિમંડળમાં પણ મોટી મોટી આયંબીલની ઓળીઓ થઈ. તેમાં યુવાન મુનિશ્રી જયશેખર વિજયજીએ તો સંપૂર્ણ ચાતુર્માસિ ઓળીઓ આરાધી.

ત્યાં તો પર્યુષણપર્વ આવી પહોંચ્યા. અનેક સાધુ મહારાજોએ સોળ, નવ, આઠ, ચાર અને ત્રણ ઉપવાસની તપશ્ચર્યા કરી. શ્રાવક-શ્રાવિકા ગણમાં પણ લગભગ ૩૨ અઠ્ઠાઈઓ અને બીજો નાનો મોટો બહોળા પ્રમાણમાં તપ કર્યો હતો. વિશેષમાં દર વર્ષ કરતાં આ વખતે દેવદ્રવ્યમા પણ બમણી ઉપજ થઈ હતી. ખાસ કરીને અનુમોદનીય ઘટના એ બની કે અત્રેના શ્રી સંઘનું નૂતન બંધારણ ઘડાતાં, પૂર્વે લોકોએ મંદિર ખાતે ધીરેલા ૧૭૦૦૦/- રૂપિયા સત્તરહજાર સંઘને માંડવાળ કરી ભેટ કર્યા; અને શ્રી લાલચંદ લખમીચંદની પ્રમુખ તરીકે વરણી થઈ, સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્યમાં જ લેવાયું હતું, અને ભવિષ્ય માટે પણ એમજ નક્કી થયું. વિશેષ અનુકરણીય વસ્તુ એ થઈ કે ધર્મખાતામાં તોટાની બૂમ નિવારવા સ્વપ્નાની ઉછામણી પછી સંઘને મંદિરમાં દૂધ, કેસર, સુખડ વગેરે વાપરવા ધર્મસામગ્રી ભેટ કરવાની ઉછામણી થઈ; તેમાં પણ બે હજાર રૂપિયાની આવક થઈ.

વિજયાદશમીના પુણ્ય દિવસે પ.પૂ. આચાર્ય ભગવન્તની નિશ્રામાં ૩૮ ભાઈબહેનોએ શ્રાવક વ્રતો અંગીકાર કર્યા હતાં. જેમાં લગભગ ૧૨ ભાઈબહેનોએ યાવજ્જીવ બ્રહ્મચર્યવ્રતને અંગીકાર કર્યું હતું. એક લાખોપતિ શ્રીમંત યુવાન દંપતીએ વૈરાગ્યરંગમાં આગળ વધી ટૂંક સમયમાં ચારિત્રપંથે ચાલી નીકળવાની ભાવનાવાળા બન્યા છે. ખરેખર ! જયાં જ્યાં પૂજ્યપાદ આચાર્ય ભગવન્ત વિચરે છે, ત્યાં ત્યાં વૈરાગ્યનું મધૂરું વાતાવરણ સર્જાયા વિના રહેતું નથી. એ ઉપરાંત અત્રેનું શ્રી સંભવનાથ સ્વામિનું વિશાળ જિનમંદિર છેલ્લા પચાસ વર્ષથી એની એજ દશામાં હોવાથી, પૂજ્યપાદ આચાર્ય ભગવન્તના ઉપદેશથી શ્રી સંઘે શ્રી જિનમંદિરને અંદર-બહાર રંગકામ અને ચિત્રકામથી દેવવિમાન જેવું બનાવાનું શરૂ કરી દીધું છે.

પ્રાન્તે આટલા સુવિશાળ મુનિમંડળનું અહમદનગરમાં ચાતુર્માસ છેલ્લા સો વર્ષના ઈતિહાસમાં પહેલું જ છે ! તેમાંયે સુવિશાળ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાનો પ્રબળ પુણ્ય પ્રભાવ કોઈ અનેરો હોવાથી ધર્મ પ્રભાવના સારી થઈ છે.

નોંધપાત્ર હકીકત તો એ બની કે ચાતુર્માસિ દરમ્યાન પૂ. આચાર્યદેવશ્રીની નિશ્રામાં એક મુમુક્ષુ મંડળ ચાલ્યું. તેમાં ૧૩ થી ૧૪ તરુણ યુવાનોએ તપ, ત્યાગ

તેમજ વૈરાગ્યમાં સુંદર પ્રગતિ સાધી. દિવાળી પૂર્વે મુમુક્ષુમંડળ અત્રેથી સમેતશિખર વગેરે તીર્થોની યાત્રાર્થે નીકળી ગયું છે.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૩,અંક-૧૯,તા.૧૫-૧૦-૧૯૫૫

સિદ્ધાન્તમહોદધિ પૂ. પરમગુરુદેવશ્રી આચાર્યદેવેશ વિજય પ્રેમ-સૂરીશ્વરજી મહારાજનું પૂના સિટિ સંઘે કરેલું અભૂતપૂર્વ ભવ્ય સ્વાગત

પુણ્યમૂર્તિ પુણ્યશ્લોક આચાર્યભગવંતે, પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજય યશોદેવસૂરિજી મહારાજાદિ મુનિઓના વિશાળ પરિવાર સાથે અહમદનગરે પ્રભાવક ચાતુર્માસ પૂર્ણ કરી દાદર સંઘની ઉપધાન માળ તથા દીક્ષાઓ ઉપર પધારવાની આગ્રહભરી વિનંતીને માન આપી મુંબઈ તરફ વિહાર લંબાવ્યો. સુપા, ઘોડનદી અને તલેગામ ઢમઢેરામાં શ્રીસંઘે ભવ્ય સ્વાગત કર્યા. સમય થોડો હોવાથી સુવિશાલ ગચ્છપતિ શ્રી આચાર્ય ભગવંતે વૃદ્ધ શરીરે તથા પૂ. મુનિવર શ્રી ચન્દ્રશેખર વિજયજી જેવા જુવાન મુનિઓએ સુકોમળ શરીરે એક દિવસના પંદર-સત્તર જેવા માઈલોનો લાંબો વિહાર આનંદભેર કર્યો; અને પૂના સિટી પધાર્યા. વિશેષ શાસન પ્રભાવનાના હેતુથી પૂના સંઘને રવિવારે સ્વાગત કરવાની ઈચ્છા હોવા છતાં પૂ. આચાર્ય ભગવંતને જલદી મુંબઈ જવાનું હોવાથી પોષ સુદ ૧૪ શુક્રવારના રોજે સિટિમાં પ્રવેશ કર્યો. શ્રી સંઘે રવિવારને ભૂલી જવાય તેવું અભૂતપૂર્વ સામૈયું કર્યું. પૂનાના ઘણા રસ્તાઓ પર સામૈયું ફર્યું. લગભગ ૨૦૦ જેટલી ગહૂલીઓ થઈ. નવ વાગે સ્વાગત-વરઘોડો ચઢ્યો તે લગભગ દોઢ વાગે ઉતર્યો. અને ત્યાં આગમપ્રજ્ઞ પૂ. આચાર્યદેવશ્રી વિજય જંબુસૂરીશ્વરજી મહારાજે ટૂંકું પણ રોચક મંગલ પ્રવચન કરી માનવજીવનની દુર્લભતા અને ધર્મસાધના સમજાવી.

વિહારમાં નોંધપાત્ર એક એ બન્યું કે અહમદનગરના શ્રીમંત આગેવાન અને દેહરાસરના પૂર્વ ટ્રસ્ટી શ્રી બાબુભાઈ (ઉંમર ૩૨ વર્ષ) ચાતુર્માસમાં પૂ. આચાર્ય ભગવંતના સમાગમથી ચારિત્રના દૃઢ નિર્ણયવાળા બન્યા એમાં એમની પત્ની પણ સાથે જ તૈયાર થયાં અને સાધ્વીજી સાથે વિહારમાં રહી સંયમની તાલીમ લેવા લાગ્યાં. ત્યારે બાબુભાઈ પણ નગરથી પૂજ્યશ્રીની સાથે વિહારમાં રહ્યા. આવી એમની ઉત્કટ વિરક્ત દશા જોઈને એમના ભત્રીજા શ્રી પોપટલાલ વગેરે વિહારના વચલા મુકામે પૂ. આચાર્યભગવંત પાસે આવી વિનવવા લાગ્યા કે 'બંને જણની ભવ્ય ઉત્સવ સાથે દીક્ષા કરવા માટે નગરમાં પાછા પધારો' અને પૂનામાં મુહૂર્ત

નક્કી કરાવવા માટે ફરીથી આવવાનું કહીને ગયા. આ હિસાબે પૂજ્ય આચાર્યદેવશ્રી પાછા અહમદનગરમાં પધારે એવી મોટી સંભાવના છે. નગરમાં પૂજ્યશ્રીના ઉપદેશથી વિશાળ જિનમંદિરને રંગરોગાન અને ચિત્રોથી દેવવિમાન જેવું બનાવાઈ રહ્યું છે. એમાં ખાસ કરીને ધર્મચક્રો, અપ્સરાની રાસલીલા તથા પંચકલ્યાણકના અલૌકિક ચિત્રામણ તૈયાર થઈ રહ્યાં છે.

નગરની વિનંતી સાંભળીને દાદર(મુંબઈ) સંઘે ફરીથી પૂના આવી પૂજ્ય આચાર્યદેવશ્રીને પધારવા માટે ખૂબ જ ભારપૂર્વક વિનંતી રજૂ કરી. ખાસ લાભમાં મુંબઈની મોટી જૈનપ્રજાની પૂજ્ય આચાર્યદેવના આગમન માટેની આતુરતા તથા લગભગ એકસો સાઠ (૧૬૦) ઉપધાનવાહીમાંથી ૧૦૦ જેટલા ભાઈ-બહેનોની માળારોપણ પૂજ્યશ્રીના વરદહસ્તે કરાવવાની ઉત્કંઠા તથા પાંચેક મુમુક્ષુ આત્માઓની દીક્ષાનો ભવ્યપ્રસંગ વગેરે રજૂ કર્યા. એટલે પૂજ્ય આચાર્યદેવેશ વિશાળ પરિવાર સાથે પૂના સિટી અને કેમ્પને થોડો થોડો લાભ આપી પ્રાયઃ મુંબઈ તરફ પુનિત પગલાં માંડશે, એવો સંભવ છે. પૂના શહેર સંઘની પૂજ્યશ્રીને રોકવાની જોરદાર માગણી છે. દાદરમાં માળમુહૂર્ત મહા સુદ ૧નું છે અને દીક્ષા મુહૂર્ત મહા સુદ ૧૦નું છે.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૩,અંક-૨૪,તા.૧૯-૨-૧૯૫૫

પૂ.આચાર્ય ભગવંત મુંબઈના આંગણે-માળ તથા દીક્ષા સમારોહ

પૂ. પરમગુરુવર્ય સિદ્ધાન્ત મહોદધિ **આચાર્યદેવેશ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજના પાવન પગલાં મુંબઈમાં પોતાના ૬૨ મુનિઓના પરિવાર સાથે થયા. દાદરમાં દીક્ષા તથા ઉપધાન માળારોપણ પ્રસંગે વિદ્વાન પૂ.પંન્યાસજી મહારાજ શ્રી માનવિજયજી ગણિવર, પૂ.પં. શ્રી ભદ્રંકર વિજયજી ગણિવર, પૂ.મુનિવર્ય શ્રી રોહિત વિજયજી મહારાજ, પૂ. મુનિવર્ય શ્રી હેમંત વિજયજી મહારાજ, વગેરે શાસન પ્રભાવક મુનિપુંગવો સહિત વિશાલ પરિવાર યુક્ત પૂ. આચાર્ય ભગવંતની પધરામણીનું દશ્ય અલૌકિક હતું, ધર્મશ્રદ્ધાનું પ્રેરક-વર્ધક હતું. પૂજ્યશ્રીના પાવન પગલાં થવાના પ્રભાવે માળા પરિધાન કરનાર ભાઈ બેનોમાં સુંદર ઉત્સાહ પ્રગટ્યો હતો; અને એમની પરિસ્થિતિના હિસાબે દેવદ્રવ્યની ઉપજ પણ સારી થઈ હતી. માળારોપણ પછી સાધર્મિક વાત્સલ્યમાં લગભગ સાતેક હજાર સાધર્મીઓનો લાભ મળ્યો હતો.

વિશાલ પરિવાર સહિત પરમ પુણ્યવંતા પુણ્યપુરુષ પૂ. આચાર્યદેવનો યોગ દુર્લભ સમજી શ્રી મુંબઈ-કોટના સંઘે અતિ આગ્રહ કરી મહાન સ્વાગત સાથે પૂ. આચાર્ય ભગવંતના સપરિવાર પગલાં કોટના ઉપાશ્રયે કરાવ્યા. **'અધ્યાત્મનાં અજવાળાં'** એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન થયું. એ પછી તરત જ, દાદરમાં દીક્ષા ઉત્સવના કારણે, પૂજ્યશ્રી દાદર પધાર્યા. દીક્ષાર્થી ભાઈ શ્રી ચંદ્રકાન્ત રતિલાલ, તથા શ્રી વીરચંદ દેવશીભાઈના ઘરે ધામધૂમ સાથે પૂ. આચાર્ય ભગવંતના સંઘ સહિત પગલાં કરાવાયાં, અને વ્યાખ્યાન થયું. મહા સુદ ૯ ની સાંજે દીક્ષાવરસીદાન તથા રથયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળ્યો. જેમાં ભવ્ય ગાડી પરથી માત્ર ૧૯ અને ૧૬ વર્ષની વયના આ બે દીક્ષાર્થી નવયુવકો રાજકુમારના વેશમાં છૂટે હાથે દાન ઉછાળી રહ્યા હતા અને કેઈક ભવી જીવોના ચિત્તને આ દશ્યથી આવા વિષમકાળમાં સાચો ચમત્કાર પમાડી રહ્યા હતા.

બંને દીક્ષાર્થીઓ જ્યારે વ્યાપાર કામકાજ સંભાળી લેવાની સ્થિતિએ આવી પહોંચ્યા હતા અને થોડું સંભાળતા પણ હતા તેવા અવસરે એમના ભાગ્યશાળી પિતા શ્રાદ્ધરત્ન શ્રી રતીભાઈ તથા શ્રી દેવશીભાઈએ પોતાના આ બે લાડીલા ફૂલડાને મહા સુદ ૧૦ ની ધન્ય પ્રભાતે પૂ. પરમકૃપાલુ આચાર્ય ભગવંતના શરણે વહોરાવાનો ભગીરથ પુરુષાર્થ કર્યો. પૂજ્યશ્રીના વરદ હસ્તે વિશાલમાનવ મેદની સમક્ષ શ્રી લબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાન મંદિરના મોટા ચોગાનમાં ભવ્ય મંડપ નીચે દીક્ષાની ક્રિયા શરૂ થઈ. દીક્ષાર્થીઓ માટે રજોહરણ વહોરવાનો લાભ એમના પિતાએ લીધો. તે સિવાય બીજા ઉપકરણો વહોરાવવાની ઉછામણી થતા. લગભગ બે હજાર રૂપિયાની ઉપજ થઈ. પ્રબળ પુણ્યશાળી શ્રી ચંદ્રકાન્તભાઈ તથા શ્રી વીરચંદભાઈ ધર્મધ્વજ (રજોહરણ) ની પ્રાપ્તિ થતી વખતે હર્ષમાં ખૂબ જ નાચી ઉઠ્યા. તે પછીની બીજી ક્રિયા બાદ શુભમુહૂર્તે એમનો લોચ તથા સર્વવિરતિ સામાયિકની ભીષ્મ પ્રતિજ્ઞાનું ઉચ્ચારણ થયું. તે પછીની ક્રિયા થયેથી દીક્ષિત બનેલા શ્રી ચંદ્રકાન્તભાઈનું નામ **મુનિશ્રી ચિરન્તન વિજયજી** રાખી એમને પૂ. મુનિરાજશ્રી પદ્મ વિજયજી મહારાજના શિષ્ય બનાવવામાં આવ્યા; એ શ્રી વીરચંદભાઈનું નામ **મુનિશ્રી વીરશેખર વિજયજી** રાખી એમને પૂ. મુનિવર્ય શ્રી હેમંત વિજયજી મહારાજના શિષ્ય કરવામાં આવ્યા.

ફાગણ વદમાં અહમદનગરમાં સજોડે દીક્ષા લેનાર દીક્ષાર્થી ભાઈ શ્રી બાબુભાઈ (ધનરાજજી ભંડારી) તથા એમના ભત્રિજા શ્રી પોપટલાલ વગેરે પૂ. આચાર્ય ભગવંતને નગર પધારવાનું આમંત્રણ કરવા દાદર દીક્ષા વખતે જ આવી પહોંચ્યા હતા અને ખૂબ જ આગ્રહપૂર્વક પૂજ્યશ્રીને નગર પધારવા વિનંતી વિનંતી માન્ય કરાવી. તેથી

તુરતમાં પૂજ્યશ્રીનો નગર તરફ વિહાર થવાનો હોવાથી, પૂજ્યશ્રીને ખાસ આગ્રહ કરી એઓશ્રીના સપરિવાર પગલાં વીલાપારલા સ્થાનકવાસી સંઘના પ્રમુખ શ્રી **ખુશાલભાઈ ખેંગારભાઈએ** પોતાના આંગણે કરાવ્યા. વીલાપારલા સંઘ તરફથી રવિવારના સવારે સાધનાશ્રમમાં **'યુગના વહેણ'** એ વિષય ઉપર જાહેર પ્રવચન થયું. માહ વદ એકમે પૂ. આચાર્યદેવનો અહમદનગર તરફ વિહાર થયો. વૃદ્ધ ઉંમરે તપસ્વી શરીરે એઓશ્રી જે રોજના ૧૫-૧૬-૧૭-૧૮ માઈલ સુધીના વિહાર હજી સુધી કરે છે, એ ભાવુક જનતા માટે ખૂબજ અનુમોદનીય બન્યું છે. એઓશ્રીના પુણ્ય પ્રભાવે બીજા અનેક ભાઈ-બેનો આવતી સાલ સિંહસ્થ ગુરુ હોવાથી આ સાલમાંજ પવિત્ર ચારિત્ર માર્ગે જીવન અજવાળવા તૈયારીમાં છે.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૩,અંક-૨૮,તા.૨૬-૩-૧૯૫૫

અહમદનગરમાં અપૂર્વ દીક્ષામહોત્સવ

પૂ.આચાર્યદેવેશ શ્રીવિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજનો જ્વલંત પુણ્યપ્રભાવ

પૂજ્ય આચાર્ય ભગવંત નગર તરફ : દાદર (મુંબઈ) માં બે યુવાન મુમુક્ષુઓને શ્રી ભાગવતી દીક્ષાઓ આપી. અહમદનગરના આગેવાન શ્રીમંત અને સજોડે ચારિત્ર લેનાર મુમુક્ષુ શ્રી બાબુભાઈ ભંડારીની વિનંતીથી પ્રાતઃસ્મરણીય સિદ્ધાંત મહોદધિ સુવિહિત શ્રમણ શિરોમણિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજએ પોતાના સુવિશાળ મુનિમંડળ સાથે નગર તરફ વિહાર લંબાવ્યો. માટુંગા, ઘાટકોપર, મુલુંડ વગેરે મુંબઈનાં પરાઓને ધર્મપ્રભાવનાથી ભાવિત કરતા પૂજ્યશ્રી આચાર્ય ભગવંત થાણામાં પધાર્યા. અત્રે તેરાપંથી આચાર્ય તુલસી જેમણે પહેલાં વાર્તાલાપનું નક્કી કબૂલી પાછળથી તે બંધ રાખી વિહારનું ઠરાવ્યું; તેમની સાથે પૂજ્યશ્રી આચાર્યદેવના વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી ભાનુવિજયજી મહારાજે બહુ ટૂંકી કેટલીક પ્રશ્નોત્તરી કરી જેમાં તેરાપંથી આચાર્ય તુલસીએ મુંબઈમાં છુપાવી રાખેલી તેરાપંથી અધાર્મિક માન્યતાઓ પ્રકાશમાં આવી, તે **મુંબઈ સમાચાર તા. ૧૦-૩-૫૫ ના અંકમાં પ્રસિદ્ધ થયેલ છે.**

પૂજ્યશ્રી થાણાથી પનવેલ પધાર્યા. ત્યાં આ. તુલસીએ ત્રણ વ્યાખ્યાન આપી લોકને આકર્ષેલા. તેની સામે પૂજ્યશ્રીના આદેશથી મુનિશ્રી ભાનુવિજયજી મહારાજે તેરાપંથ મતની અધાર્મિક માન્યતાઓનું યુક્તિ પુરસ્સર ખંડન દર્શાવતા વ્યાખ્યાન આપ્યા એ સાંભળીને પનવેલના સ્થાનકવાસી આગેવાન શ્રી રતનચંદ બાંઠીયા કે

જેમના સીનેમા થિયેટરમાં તુલસીજીએ વ્યાખ્યાન કરેલ, એમણે તેરાપંથ સામે 'જૈન જૈનેતર સાવધાન' નામની પત્રિકા બહાર પાડી. પનવેલથી ગામેગામ પાવન કરતાં કરતાં ફા.સુ. ૧૨ના દિવસે પૂજ્યશ્રી આચાર્ય ભગવંતે નગરના આંગણે પાવન પગલાં કર્યાં. આ પૂર્વે પૂજ્યશ્રી આચાર્ય ભગવંતના પટ્ટધર વૈરાગ્યવારિધિ પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરિજી મહારાજે નગરમાં સપરિવાર પધારી જનતામાં ધર્મરંગ રેલાવવા માંડ્યો હતો. પૂજ્યપાદ ગચ્છનાયક આચાર્ય ભગવંતના આગમનના સામાચારથી સારુંયે નગર આનંદને ઉલ્લાસમાં આવી ગયું; અને ખૂબજ હર્ષ સાથે નગરની પ્રજાએ પૂજ્યશ્રીનું અપૂર્વ સામૈયું કર્યું. બસ, જ્યારથી પૂજ્યશ્રી નગરમાં પધાર્યા ત્યારથી સારાયે નગરમાં ધર્મપ્રભાવના અનેરી પ્રસરવા માંડી. દીક્ષાર્થી શ્રી બાબુભાઈએ તથા તેમનાં ધર્મપત્ની શ્રી ચાંદબાઈએ પણ પૂજ્યશ્રીના પધારવાથી કોઈ અભૂતપૂર્વ આનંદ અનુભવ્યો. અહો ! પરમ પુણ્યમૂર્તિ શ્રી આચાર્યદેવની કેવી પ્રભાવ જ્યોતિ !

દીક્ષાર્થી પતિ-પત્ની : અહમદનગરના સુપ્રસિદ્ધ ભંડારી કુટુંબમાં બાબુભાઈનો જન્મ થયેલો. ગર્ભશ્રીમંતાઈમાં ઉછરેલા છતાં તેમનામાં કોઈ શ્રીમંતાઈનું અભિમાન કે ગર્વ સ્થાન પામી શક્યાં નહોતાં. આજથી ૧૦-૧૨ વર્ષ પૂર્વે જ્યારે નગરમાં પૂજ્ય આચાર્યદેવશ્રી યશોદેવસૂરિજી મહારાજે ચાતુર્માસ કરેલું ત્યારથી બાબુભાઈના જીવનમાં વૈરાગ્યનાં વાવેતર થઈ ચૂકેલા. ત્યારબાદ જ્યારે ગયા ચાતુર્માસમાં પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની પરમપાવનકારી નિશ્રામાં તેમણે પોતાનાં ધર્મપત્નીને પણ સાધ્વીજી મહારાજની પાસે રાખી સંયમજીવનને યોગ્ય ઘડતર કરાવ્યું. વિશેષમાં સંવેગ નિર્વેદના રસ રેલાવતી મનોરમ વ્યાખ્યાન વાણીનું ચાતુર્માસ દરમ્યાન શ્રવણ, પૂજ્ય આચાર્ય ભગવંતનું અદ્‌ભુત સંયમ-જીવન, અનેકાનેક ત્યાગી-વિરાગી અને સ્વાધ્યાય-મસ્ત મુનિવરોનું મધુરું દર્શન; આ બધાએ બાબુભાઈના વૈરાગી આત્માને જબરો જગાડ્યો, અને વિના વિલંબે સંયમયાત્રાએ ચાલી નીકળવા કટીબદ્ધ કર્યો. બસ; દીક્ષાનું નક્કી થઈ ગયું; અને પોતાના કુટુંબીવર્ગે પુના આવી પૂજ્યશ્રીને દીક્ષા આપવા માટે વિનંતી કરી. પૂજ્યપાદ આચાર્ય ભગવંતે પણ વિનંતી માન્ય રાખી અને મુંબઈના આંગણે ઉપધાન-તપના માળારોપણ પ્રસંગે તથા બે ભાગવતી દીક્ષાઓના પ્રસંગે મુંબઈ પધાર્યા અને પુનઃ તુર્તજ નગર તરફ વિહાર લંબાવ્યો.

બેન્ડ સાથે વાયણાં, પૂજાઓ તથા શાન્તિસ્નાત્ર : દીક્ષા પૂર્વે લગભગ ૨૩ દિવસથી પૂજાઓ તથા વાયણાં શરૂ થઈ ગયા હતાં. વાયણાં કરાવવા રોજ બેન્ડબાજા સાથે બાબુભાઈને સજોડે લઈ જવામાં આવતા હતા. આખોય દિવસ અનેકાનેક

લોકો બાબુભાઈની આસપાસ એકઠા થતા, અને ત્યાગધર્મની ભૂરીભૂરી પ્રશંસા કરી સંતોષાતા ! ફાગણ વદ ત્રીજના દિવસે શાન્તિસ્નાત્ર ખૂબજ સુંદર રીતે ભણાવાયું. તે નિમિત્તે આગલે દિવસે જલયાત્રાનો વરઘોડો પણ નીકળેલો. જેમાં ત્રણ ત્રણ બેન્ડો અને વિપુલ માનવ મેદની, ૪૦-૪૦ મુનિવરો અને ૧૫-૧૫ સાધ્વીજી મહારાજ, સુંદર રથમાં પ્રભુજીની પ્રતિમા અને લગભગ ૩૦-૩૫ શણગારેલા સાબેલાં ! રથમાં સારથી તરીકે બેઠેલા બાબુભાઈ દેવ જેવા શોભતા હતા. બપોરના બે કલાક સુધી નગરના રાજમાર્ગો પર વરઘોડો ફર્યો અને અનેક ભવ્યજીવોનાં સમકિત નિર્મળ કર્યા ! અપૂર્વ ધર્મસુવાસ પાથરી ! શાન્તિસ્નાત્રના દિવસે શ્રી બાબુભાઈ તરફથી ૧૦-૧૫ હજાર માણસને નવકારશી જમણ આપવામાં આવ્યું.

ગામેગામથી ઉમટેલી માનવ મેદની :

દીક્ષાની આગળ એક-બે દિવસથી નાસિક, જલગાંમ, પાંચોરા, માલેગામ, અમલનેર, સંગમનેર, પુના તેમજ મુંબઈ વગેરે સ્થળોએથી હજારો સદ્‌ગૃહસ્થો નગરમાં ઉતરી આવ્યા. તે બધાને રહેવાની, જમવાની વગેરેની સંગીન સગવડ રખાઈ હતી. શ્રી બાબુભાઈ નગરમાં જ નહિ બલ્કે મહારાષ્ટ્રના વિશાળ પ્રદેશમાં પણ ખૂબ પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થ તરીકે ખ્યાતી પામેલા, જેથી ઈતર પ્રજા પણ ખૂબજ ત્યાગ-વૈરાગ્યમય ધર્મ પ્રત્યે આકર્ષાઈ. દીક્ષાના પૂર્વે નગરના નાગરિકો તરફથી શ્રી ફિરોદીયા (ધારાસભાના સ્પીકર) ના પ્રમુખસ્થાને અભિનંદન સમારંભ પણ યોજાયેલો. જેમાં ખૂબ ભાવ ભરી અભિનંદન અંજલીઓ બાબુભાઈને તથા તેમના ધર્મ પત્નીને અર્પાઈ; તથા જૈન ધર્મના દીક્ષામાર્ગની અતિ અતિ પ્રશંસા લોકોએ ગાઈ.

દીક્ષાનો વરઘોડો : દીક્ષાનો દિવસ ઉગ્યો; પ્રભાત થતાં જ આજે નગર આનંદની લહેરે ચઢ્યું. સાડા-આઠ વાગે દીક્ષાર્થીના નિવાસસ્થાનેથી વરઘોડો શરૂ થયો. સોહામણી ને શણગારેલી એક ભવ્ય બગીમાં શ્રી બાબુભાઈ તથા તેમનાં ધર્મપત્ની બેઠા. જાણે ઈન્દ્ર ને ઈન્દ્રાણી જ જોઈ લ્યો ! તેવું તેમનું સુંદરરૂપ, અનુપમ લાવણ્ય ! મુઠે મુઠે ઉછાળતા વર્ષીદાનને ઝીલવા સ્ત્રી શું કે પુરુષો શું, બાળ શું કે વૃદ્ધ શું, સર્વ કોઈ તૂટી પડવા લાગ્યાં ! કેઈનાં કપડાં ફાટે તો કોઈની ટોપી ઉડે ! પડાપડી થવા માંડી ! જાણે બાકળા ઝીલવાને વ્યંતરોની ફોજ તૂટી પડી ! વરઘોડો લાંબો લાંબો તે લગભગ અડધાથી પોણા માઈલ જેટલો લાંબો ! પરમાત્માનો ભવ્ય રથ, સરકારી બેન્ડ, બબ્બે આચાર્ય ભગવંતો, વિશાળ સાધુ-સાધ્વી મંડળ ! વિપુલ માનવમહેરામણ ! બસ, ગલીગલી અને બજારે બજાર, અગાસીએ અગાસીએ અને અટારીયે અટારીયે સ્ત્રી-પુરુષો ભરચક ભરાઈ ગયા

હતાં. વાજિંત્રોના ગગનભેદી અવાજોએ, પરમાત્માનો જયજયારવે મહેકાવી મૂક્યું ! ચારે કોર આનંદ આનંદ ને આનંદ ! બેથી સવાબે કલાક વરઘોડો ફરીને ગામ બહાર મોટા કપાસ બજારના મેદાનમાં બાંધેલા ખાસ વિશાળ મંડપમાં આવી પહોંચ્યો. મંડપ પણ ખૂબ વિશાળ અને સુશોભિત હતો. વોલંટીયરોની વ્યવસ્થા પણ સુંદર હતી. લોકોને બેસવાની જગા પણ પૂરતી હોવાથી લગભગ ૨૦ થી ૨૫ હજાર માણસોની હાજરી છતાં અપૂર્વ શાંતિ પથરાયેલી હતી.

દીક્ષાના મંડપમાં : બાંધેલા ઊંચા સ્ટેજ પર પરમકારુણિક સૂરિપુરંદર શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા, તેઓશ્રીની બાજુમાં, પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરિજી, પંન્યાસપ્રવર શ્રી કેવળવિજયજી ગણિવર, પંન્યાસજી શ્રી માનવિજયજી ગણિવર વગેરે વિશાળમુનિમંડળ બિરાજેલું હતું, આગળમાં પાટો ગોઠવીને બાંધેલા સ્ટેજ પર નાણ ગોઠવેલું હતું, જેમાં પરમાત્માની ચતુર્મુખ પ્રતિમાજી પધરાવામાં આવી હતી. વિદુષીસાધ્વીશ્રી નંદનશ્રીજી વગેરે સાધ્વીજી મહારાજ પણ ઉપસ્થિત હતાં.

દીક્ષાની ક્રિયા શરૂ થઈ. એક બાજુએ શ્રાવકભાઈ દીક્ષાની ક્રિયાઓનું સૂચન કર્યે જતા હતા, જેથી લોકો શાંતિપૂર્વક બેસીને ક્રિયા જોતા જતા હતા. સાથે વચમાં વચમાં નવકાર પણ ગણાવાતા. ત્યાં તો રજોહરણ આપવાનો અવસર આવી લાગ્યો. પૂજયશ્રી આચાર્ય ભગવંતે ઊભા થઈ અનુક્રમે બાબુભાઈને તથા તેમનાં ધર્મપત્નીને રજોહરણ આપ્યા ! બંને દીક્ષાર્થીઓ અપૂર્વ ઉલ્લાસથી નાચી ઉઠ્યા ! સભા જયજયકારથી ગાજી ઊઠી ! મંગલવાજંત્રો બજી રહ્યાં ! અદ્‌ભુત આનંદોર્મિ સાથે બંને દીક્ષાર્થીઓને સ્નાન-વેશ પરિવર્તન માટે લઈ જવામાં આવ્યાં.

આ દરમિયાન દીક્ષાર્થીને કપડાં રજોહરણ વગેરે વહોરાવવાની ઉછામણી બોલાવાઈ. જેમાં એકેક ઉપકરણની રૂા. ૫૦૦-૫૦૦ સુધીની પણ ઉછામણી બોલાઈ.

થોડોક ટાઈમ થયો, ત્યાં તો દીક્ષાર્થી પતિ-પત્ની ચારિત્રના વેશમાં આવી પહોંચ્યા. લોકો તેમને જોવા માટે પડાપડી કરવા લાગ્યા ! વોલંટીયરોની કોર્ડન સાથે બંને નાણ સમક્ષ આવી પહોંચ્યાં. ક્રિયા શરૂ થઈ અને બરાબર સમય આવી પહોંચતાં વિજય મુહૂર્તે મંગળ લુંચન કરવામાં આવ્યું. જીવનભરના સામાયિક ચારિત્રની પ્રતિજ્ઞા કરાવાઈ.

નામકરણ : પછી શ્રી ધનરાજજી (બાબુભાઈ)નું નામ મુનિશ્રી ધનેશ્વર-વિજયજી રાખવામાં આવ્યું અને પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરિજી મહારાજના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા. શ્રી ચાંદીબાઈનું નામ સાધ્વીજી શ્રી ચંદ્રયશાશ્રીજી

રાખવામાં આવ્યું અને વિદુષી સાધ્વીશ્રી નિર્મળાશ્રીનાં શિષ્યા તરીકે જાહેર કરાયા. આ સાથે બે ભરયુવાન મુમુક્ષુઓએ પણ યાવજ્જીવ બ્રહ્મચર્યનું વ્રત ગ્રહણ કર્યું. બીજા પણ ભાઈ-બહેનોએ જુદાં જુદાં વ્રત ગ્રહણ કરી સ્વાત્માને કૃતકૃત્ય કર્યા. મુનિશ્રી જિનરત્ન વિજયજી મહારાજની તથા સાધ્વીશ્રી જયલતાશ્રીજીની વડી દીક્ષાઓ પણ થઈ.

દીક્ષા પ્રસંગે માલેગામથી આવેલા શ્રી મોતીલાલ વીરચંદે ખૂબ જ આંતરિક અભિનંદન અર્પતું ભાષણ કર્યું. તેમણે જણાવ્યું હતું કે "શ્રી બાબુભાઈ તથા તેમનાં પત્ની થોડા વખત પહેલાં જ આપણા હતા, હવે આપણાં મટી જઈ જૈનશાસનના અણગાર બન્યાં ! ગર્ભશ્રીમંતાઈને લાત મારી ત્યાગ માર્ગને ગ્રહણ કરવા પુણ્યશાળી બન્યા ! મહારાષ્ટ્રના આ હીરાઓએ આપણી સમક્ષ સર્પની કાંચળીની જેમ સંસારવાસને ફેંકી દીધો !..." આ ઉપરાંતમાં બાલદીક્ષાની હિમાયત કરતું પણ રોચક વક્તવ્ય તેમણે કર્યું હતું. નૂતન મુનિશ્રીને તથા સાધ્વીજીને ખૂબ જ અભિનંદનોનો વરસાદ પ્રજાએ વરસાવ્યો હતો ! આખા નગરમાં **'શેઠ-શેઠાણી દીક્ષા લે છે... તરી ગયા...ધન્ય જીવન'** વગેરે ઉદ્‌ગારો હજારો જૈનેતરોના મુખમાંથી પણ નીકળી રહ્યા હતા.

દીક્ષામાં ભાગ લેનાર દિગંબર વર્ગ, સ્થાનકવાસી વર્ગ તેમજ મૂર્તિપૂજક વર્ગ હતો. ઈતર પ્રજા પણ એટલી જ વિશાળ હતી. દીક્ષાનું કાર્ય પૂર્ણ થયા બાદ વાજતે ગાજતે નૂતન મુનિશ્રીની સાથે સકલ સંઘ ગામમાં આવ્યો. બીજી બાજુ હજારો માણસોને જમણ આપવામાં આવ્યું.

ખરેખર ! પરમકૃપાસિન્ધુ આચાર્ય ભગવંતનું પ્રબળ પુણ્ય અને નિષ્કલંક-અપૂર્વ સંયમબળ ગજબ જ છે ! તેમનું અદ્‌ભુત વાત્સલ્ય અને ધર્મબક્ષીસ મોહફણિધરના વિષને ઉતારવા માટે કહો કે ગારુડીમંત્ર સમાન છે ! જ્યાં જ્યાં તેઓશ્રીનાં પાવન પગલાં થાય છે, ત્યાં ત્યાં ગજબનાક શાસન પ્રભાવનાઓ, ધર્મ શ્રદ્ધા, ત્યાગ વૈરાગ્ય બ્રહ્મચર્યાદિ માર્ગે ભવ્ય આત્મપરાવર્તનો, અને અપૂર્વ દીક્ષામહોત્સવો વગેરે થાય છે.

દીક્ષા થઈ ગયા બાદ પણ નૂતન મુનિશ્રીના વંદન કરવા માટે ઈતર પ્રજા (સિંધિ, પંજાબી, મરાઠી, ગુજરાતી, વગેરે) કીડીઓની જેમ ઉભરાય છે અને શ્રી જિનેશ્વરદેવના આ સન્યાસમાર્ગને જાણી જોઈને તેમનું હૃદય નાચી ઊઠે છે ! માથું નમી પડે છે અને મુક્તકંઠે જૈનધર્મની પ્રશંસા ગાય છે !

કહેવું પડશે કે આવા શ્રીમંતો જ્યારે શ્રીમંતાઈના અંચળા દૂર ફગાવી દઈ

ત્યાગમાર્ગે ચાલી નીકળી પડે છે, ત્યારે કેઈ આત્માઓનો કલ્યાણ માર્ગ ચિંધે છે ! પ્રભુ શાસનની અનોખી પ્રભાવના પાથરે છે. ભવ્ય જીવોના હળુકર્મી આત્માઓને પ્રભુપંથે ચાલી નીકળવાને બળ અર્પે છે અને સ્વાત્માને તો કૃતકૃત્ય કરે છે જ !

લાખોની સંપત્તિ છોડી માત્ર ૩૬ વર્ષ જેવી ઉંમરમાં દંપતીએ દીક્ષા લીધી હોવાથી હજી સુધી શું શીખ, બ્રાહ્મણ, શું વૈષ્ણવ, અનેકાનેક ધર્મના માણસો સવારથી સાંજ સુધી નૂતન દિક્ષિતના દર્શનાર્થે ટોળે ટોળાં આવે છે. છેલ્લા દીક્ષાના યુગમાં પચ્ચીસ-પચાસ હજાર માણસો વચ્ચે લાખો પતિ દંપતિની આ મહાન જાહોજલાલીવાળી દીક્ષા સૂર્ય સમાન ઝળકી ઊઠી છે.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૩,અંક-૩૬,તા.૨૧-૫-૧૯૫૫

દીક્ષાઓમાં પૂર્વયુગનું સ્મરણ

વૈશાખ સુદ ૭ નો દિવસ અજબ પસાર થયો. એ દિવસે અનેકાનેક સ્થળે થયેલી સંખ્યાબંધ ભાગવતી દીક્ષાઓ પૂર્વયુગનું સ્મરણ કરાવી ગઈ. અહો પૂર્વે સંખ્યાબંધ દીક્ષાઓ થતાં કેવી જૈનશાસનની જાહોજંલાલી વર્તતી હશે ! એમાં આજે જ્યારે લગ્નોનો રાફડો ફાટ્યો છે ત્યારે બીજી બાજુ સંખ્યાબંધ યુવક-યુવતીઓ બાલ બ્રહ્મચારીપણે કઠોર ચારિત્રમાર્ગને અપનાવે છે, એમાં જાણે મોહરાજાની સામે ધર્મ રાજવીએ હરીફાઈ કરી.

તપગચ્છ ગગનમાં સૂર્યસમા સિદ્ધાન્તમહોદધિ **પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાનું** ચારિત્રતેજ અને પુણ્ય પ્રતાપ સાચે જ આજે પ્રૌઢપણે બહુજ વ્યાપી રહ્યો છે. અનેકાનેક યુવાન મુનિવર્યોને જ્ઞાન અને ચારિત્રના ભવ્ય માર્ગે પ્રખર તાલિમ આપવા ઉપરાંત એઓશ્રીના પુણ્ય હસ્તે ધામધૂમ સાથે તેજસ્વી ભવ્ય આત્માઓની થતી નવીનવી દીક્ષાઓ તથા એઓ શ્રીમદ્ના શિષ્યાદિના હસ્તે થતી અનેક દીક્ષાઓ શ્રી જિનશાસનના નજીકના ભવિષ્યના કોઈ મહાન ઉદયને સૂચવી રહી છે.

વણીમાં સાત દીક્ષાઓ : પૂ. પરમકૃપાલુ આચાર્ય ભગવંતના હસ્તે અહમદનગરમાં થયેલી શ્રીમંત દંપતીની અલૌકિક દીક્ષાના સમાચાર અમે પૂર્વે આપી ગયા છીએ. હજી પણ નગરથી આવતા ભાઈઓ એ દીક્ષાનું વર્ણન સંભળાવે છે તે ખૂબજ હૃદયંગમ બને છે. કહે છે નગર જેવા મોટા શહેરના ખૂણે ખૂણે સંન્યાસ દીક્ષાના ઘોષ ગાજી રહ્યા હતા. જૈનેતર લોકમાં સંત ગોપીચંદના ભજનની જેમ બાબુશેઠ

ગોસાઈ બન્યાનું ભજન ચાલી પડ્યું. પચીસેક હજાર માણસોએ દીક્ષા નિહાળ્યા પછી પણ દિવસો સુધી સવારથી મોડી સાંજ સુધી શું બ્રાહ્મણ કે શું વૈષ્ણવ, શું શીખ કે શું બીજાઓના ટોળેટોળાં નૂતન દીક્ષિતના દર્શન માટે ઊતરી પડ્યા હતા, અને દર્શન કરી ચકિત થતા. 'અહો ! લાખોની સંપત્તિ છોડી સંન્યાસ લીધો ધન્ય છે એમને,' એમ અનુમોદનાનો વરસાદ વરસી રહ્યો હતો. આવી ધુરંધર દીક્ષાથી જૈનશાસનની ગજબ પ્રભાવના કરી યેવલા, માલેગામ વગેરે સ્થળોએ વિચરી પૂ. આચાર્ય ભગવંત વણી પધાર્યા. ત્યાં વૈશાખસુદ સાતમના ભવ્ય મુહૂર્તે મુમુક્ષુઓ શ્રી ગણપતભાઈ તથા એમના પત્નીને સજોડે દીક્ષાપ્રદાન કર્યું. આ પુણ્યવંતા દંપતીએ આ પૂર્વે પોતાના એક પુત્રને દીક્ષા અપાવી હતી. જે હાલ શ્રી મુનિચંદ્ર વિજયજી તરીકે છે, તેમજ શ્રી ગણપતભાઈના ભાઈએ, પણ તે પૂર્વે દીક્ષા લીધેલી તે હાલ પૂ. મુનિરાજશ્રી અમરેન્દ્રવિજયજી તરીકે વિચરે છે. પૂ. આચાર્યદેવેશ જો મુંબઈમાં વિરાજમાન હોત તો વિશેષે કરીને કચ્છી કોમના મહાન ઉછરંગની વચ્ચે ધામધૂમથી મુંબઈમાં જ આ દંપતીની ભવ્ય દીક્ષા થાય એમ હતી. તે પૂ. આચાર્ય ભગવંત ખાનદેશમાં વિચરતા હોઈ વણી મુકામે દીક્ષા થઈ. શ્રી સંઘે ખૂબ ધામધૂમ કરી. એમનાં શુભ નામ પૂ. મુનિવર શ્રી ગુણભદ્ર વિજયજી, તે પૂ. મુનિરાજશ્રી પદ્મવિજયજીના શિષ્ય, તેમજ સાધ્વીજી શ્રી મોક્ષલતાશ્રીજી તે શ્રી નિરંજનાશ્રીજીના શિષ્યા જાહેર કરાયા. સાથે ખંભાત પાઠશાળાના અધ્યાપક શ્રી બાલચંદ્ર માસ્તરની દીક્ષા થઈ તે પૂ. તપસ્વી મુનિવર્ય શ્રી જયવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજશ્રી બલભદ્રવિજયજી બન્યા. વળી એક કચ્છી ભાઈ શ્રી કાન્તિલાલ જેમણે પૂર્વે પત્નીની સજોડે બ્રહ્મચર્યવ્રત સ્વીકાર્યું હતું. એમણે દીક્ષા લઈ પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદ વિજયજી મહારાજના શિષ્ય મુનિશ્રી કીર્તિસેન વિજયજી બન્યા. સાથે બીજી પણ દીક્ષાઓ થઈ તે પૂ. મુનિરાજશ્રી કીર્તિચંદ્રવિજયજી તથા શ્રી જિનચંદ્ર વિજયજી બન્યા.

કલકત્તામાં ભવ્ય દીક્ષા : પૂ. પ્રાતઃસ્મરણીય આચાર્ય ભગવંતના પટ્ટધર વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજીના પુણ્ય હસ્તે કલકત્તામાં શ્રી અરવિંદભાઈની ભવ્ય દીક્ષા થઈ. આ અરવિંદભાઈ કોણ ? મુંબઈ શરાફ એસોસીએશનના ભૂતપૂર્વ સેક્રેટરી અને હાલ ઈમ્પોર્ટ-એક્ષપોર્ટના વેપારી શ્રી ચુનીલાલ વ્રજલાલ મોદી બી.એ. તથા પરમ શ્રાવિકા શ્રી સુરજબેનના નાના સુપુત્ર. એમના કૌટુંબિક ધર્મસંસ્કારોની ખૂબી કેવી કે સાંભળવા પ્રમાણે એમના મોટા પુત્ર શ્રી હસમુખલાલ અભ્યાસ અર્થે અમેરિકા ગયેલા, ત્યાં કંદમૂળ, બટાટા વગેરેની તો વાતેય શી, પણ અનાજની ચીજમાંય અભક્ષ્યનો સ્પર્શ કદાચ આવી જાય, તેથી એય ન લેતાં માત્ર દૂધ અને ફ્રૂટ ઉપર જ મહિનાઓ સુધી રહેલા. એવું

એ આખું કુટુંબ ધર્મશ્રદ્ધાળુ છે. શ્રી ચુનીભાઈએ આ પૂર્વે પોતાની ત્રણ સુપુત્રીઓને દીક્ષા અપાવી છે. હવે એમના નાના સુપુત્ર અરવિંદકુમારની દીક્ષા ઉપર મુંબઈ મહાજન એસોસીએશનના હોલમાં દાનવીર શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલના પ્રમુખપદે અભિનંદન મેળાવડો યોજાયો હતો. એમાં રાજકુંવર જેવા દેખાતા અરવિંદકુમારની દીક્ષાના સારા ગુણાનુવાદ થયેલા. દીક્ષા કલકત્તા મુકામે ઓચ્છવપૂર્વક સારી ધામધૂમથી થઈ. હવે એમના માતુશ્રી શ્રી સુરજબેન પૂ. આચાર્યદેવેશ શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે ચારિત્ર લેવાના છે.

ખંભાતમાં ચાર ભવ્ય દીક્ષાઓ : પૂ. આચાર્યદેવેશના આજ્ઞાવર્તી શાંતમૂર્તિ તપસ્વીરત્ન પૂ. મુનિવર્ય શ્રી ગુણવિજયજી મહારાજ તથા પૂ. તપસ્વી મહાત્મા પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી મહારાજ તથા પૂ. આચાર્યદેવેશના પટ્ટધર પ્રવચન પ્રભાવક પૂ. આ. શ્રી વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિવર્ય શ્રી ચિદાનંદવિજયજી મહારાજના પુણ્ય સાંનિધ્યમાં ચાર ભવ્ય દીક્ષાઓ થઈ. એમાં એક તો ડભોઈવાળા ભાઈ શ્રી **નરેન્દ્રભાઈ**ની દીક્ષા થઈ, તે પૂ. મુનિરાજશ્રી ચિદાનંદવિજયજી મહારાજના શિષ્ય પૂ. મુનિવર્ય શ્રી નંદિઘોષવિજયજી મહારાજ બન્યા. બીજી ત્રણ દીક્ષા શ્રી **વિજયાબેન, શ્રી સરસ્વતીબેન** અને શ્રી **હીરાબેન**ની થઈ. તે અનુક્રમે પૂ. સાધ્વીજી મહારાજો શ્રી રંજનશ્રીજી મ૦, શ્રી ઈન્દ્રાશ્રીજી મ૦, અને શ્રી રોહિણાશ્રીજી મ૦ ના શિષ્યા પૂ. સાધ્વીજી શ્રી વસંતપ્રભાશ્રીજી મ૦, શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ૦, શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મહારાજ બન્યા. દીક્ષા વર્ષીદાનનો ભવ્ય વરઘોડો આગલા દિવસે પાછલા પહોરે ચઢ્યો હતો. તેમાં પચીસ ઘોડા ઉપર સાબેલા, તથા પંદર ગાડીઓમાં સાબેલા હતા અને મુમુક્ષુ આત્માઓ બગીમાં બેસી છૂટે હાથે દાન દેતા સેંકડો માણસોના હૃદય હચમચાવી મૂકતા હતા. આ સ્થળે થોડીક પ્રેરક ઓળખાણ આપવી અવસરોચિત થઈ પડશે. શ્રી સરસ્વતીબેન અને વિજયાબેન કોણ ? વિશાલ ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવેશ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય પૂ. મુનિરાજશ્રી પદ્મવિજયજી મહારાજના શિષ્ય પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મહારાજ, જે સંસારીપણે હીરાભાઈ ઈન્ટર કૉલેજ સુધી ભણેલા, અને એમના માતુશ્રી તથા વડિલબંધુ શ્રી તારાચંદભાઈ તથા બંસીલાલે ધામધૂમપૂર્વક મુંબઈ ખાતે દીક્ષા અપાવેલી, એમના સંસારી બેન તે વિજયાબેન અને જેમની સાથે સંસારીપણે વિવાહ થયેલા તે શ્રી સરસ્વતીબેન. તેમાં વિજયાબેનનો ભવ્ય પુરુષાર્થ તો ખૂબજ અનુમોદનીય છે. એમણે વિવાહિત છતાં દાદર મુકામે ઉપધાન કરી પાંચ વર્ષનું બ્રહ્મચર્ય ઉચ્ચર્યું હતું તે પછી એમની આંતરિક અનિચ્છા છતાં કૌટુંબિક અનુરોધથી લગ્ન કરવું પડ્યું પરંતુ પતિ એવા

સોભાગી મળ્યા કે વિજયાબેનની મક્કમતા ઉપર બ્રહ્મચર્યનું પાલન અખંડિત ચાલ્યું. આમેય વૈરાગ્યમાં તો ઝીલતા જ હતા એમાં દિનપ્રતિદિન વૈરાગ્યવૃદ્ધિ થતી ચાલી, અને અંતે કુટુંબીઓએ સહર્ષ દીક્ષા અપાવવાનું નક્કી થતાં શેઠ શ્રી કાન્તિલાલ ઈશ્વરલાલના પ્રમુખપદે અમરચંદ કલ્યાણની વાડીમાં દીક્ષા અભિનંદનનો મેળાવડો શેઠ શ્રી મોહનલાલ મગનલાલના પ્રમુખપણે ગોડીજી તરફથી મેળાવડો, ખંભાત વી. ઓ૰ મંડળ તરફથી શ્રી મણીલાલ વાડીલાલના પ્રમુખ પદે મેળાવડો, શ્રી મોહનલાલ ડાહ્યાભાઈના પ્રમુખપદે મેળાવડો, તથા ખંભાતમાં શ્રી દલપતભાઈ ખુશાલભાઈના પ્રમુખપદે મેળાવડો, એમ મેળાવડાઓ થયા હતા. એમાં શ્રી વિજયાબેનના વૈરાગ્યભર્યા તથા સદ્‌ગુરુને અંજલિ અર્પતા ભવ્યભાષણોએ શ્રોતાઓના દિલ પિગળાવી નાખ્યા હતા.

લોણાવલામાં દીક્ષા : પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પૂ. પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી મહારાજના પુણ્ય હસ્તે લોણાવલામાં ભાઈ શ્રી કેશવજીની દીક્ષા ભવ્ય ધામધૂમ સાથે થઈ; તે પૂ. પંન્યાસજી મહારાજના શિષ્યરત્ન મુનિશ્રી કુંદકુંદવિજયજી મહારાજના શિષ્ય પૂ. મુનિશ્રી વજ્રસેન વિજયજી મહારાજ બન્યા આ દીક્ષા પણ જમનાદાસ સેનેટેરીયમના વિશાળ કંપાઉન્ડમાં ભવ્ય મંડપ નીચે જૈનજૈનેતરોની ચિકાર માનવમેદની વચ્ચે થઈ. ભાઈ શ્રી કેશવજીના સંસારી પિતા ભાઈ શ્રી માણેકચંદ એક અજબ ધર્મશ્રદ્ધાળુ નરવીર છે. પૂ. પંન્યાસજી મહારાજનો એમના પર પરમ ઉપકાર છે. માંડવગઢના સંઘમાં એમણે અદ્‌ભુત પ્રભાવના કરેલી. તેમજ હાલાર દેશમાં દક્ષિણ ખાનદેશના કડીઆ શ્રી રીખવચંદ હાથીચંદના નેતૃત્વ નીચે તથા પ્રખર વકતા વિદ્વાન પૂ. મુનિવર્ય શ્રી મુક્તિવિજયજી મહારાજની નિશ્રામાં નાનકડી પ્રભાવક મંડળી ગામેગામ વિહરાવી સારી ધર્મપ્રભાવના કરાવેલી. શ્રી કુંદકુંદ વિજયજી મહારાજ એમના લઘુબંધુ થાય. હવે પોતાના પુત્ર શ્રી કેશવજીની ચારિત્ર ભાવનાને વેગ મળે એ રીતે પૂજયશ્રીના દીર્ઘ સંસર્ગમાં રાખી ભાવના મક્કમ થયેથી શ્રીકેશવજીને બીજા ભાઈઓ સાથે પોતાના ખર્ચે શ્રી સમેતશિખરજી વગેરે તીર્થોની યાત્રા કરાવી. કંકોત્રી કાઢી લોણાવલા મુકામે દીક્ષા નક્કી કરી. પાંચ દિવસનો ઉત્સવ યોજાયો. દીક્ષા ઉપર ખાસ બેંડ, ને પૂનાકેંપથી પ્રભુજી માટે રથ મંગાવાયો. વરસીદાનના ભવ્ય વરઘોડામાં ભાઈ કેશવજી જે ઉછળી ઉછળીને પૈસા ઉછાળી રહ્યા હતા તે દશ્ય અલૌકિક હતું. દીક્ષા દિવસે નવકારશી જમણ માણેકચંદ તરફથી થયું તેમાં નાના ગામમાં પણ હજાર માણસ જમ્યા પછીય પકવાન્ન વગેરે વધ્યું તેને છૂટે હાથે જૈનેતરોમાં વહેંચ્યું. શ્રી મારવાડી સંઘ તરફથી દીક્ષા પ્રસંગે નાળીયેર તથા સાકરના પાણીની ભક્તિ થઈ. પૂજાઓમાં

પૂ. પંન્યાસજી મહારાજ પ્રત્યેની ખાસ ભક્તિથી પ્રેરાઈ વડોદરાથી આવેલ પટણી ભોજક ભાઈએ તથા લોણાવલાના વેપારી ભાઈ શ્રી રમણિકલાલ બાપુલાલે સંગીતમય પ્રભુભક્તિની રેલમછેલ કરી મૂકી. વિરાગમૂર્તિ પૂ. પંન્યાસજી મહારાજના વરદ હસ્તે વિરાગી કેશવજીની દીક્ષાનું દશ્ય એટલું બધું હૃદયવેધી બની ગયું કે સંખ્યાબંધ લોકોએ ત્યાં ને ત્યાં પોતાના જીવન માટે અનેક પ્રકારના વ્રત લીધા. લોણાવલાના ગુજરાતી અને મારવાડી સંઘે આવા મહાન પુણ્ય પ્રસંગને પામી એક સંપીથી સારો લાભ ઉઠાવ્યો.

મુરબાડ-ધસઈમાં દીક્ષાઓ : પૂ. આચાર્ય-દેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન પ્રખર વક્તા શિષ્યરત્ન મુનિશ્રી મુક્તિવિજયજી મહારાજના પુણ્ય નિશ્રામાં મુરબાડમાં એક બેનની તથા ધસઈમાં શ્રી બાબુભાઈ, શ્રી પ્રકાશભાઈ તથા શ્રી મહેન્દ્રભાઈની એમ ત્રણ પુરુષોની ભવ્ય દીક્ષા ઉજવાઈ. એમના નામ મુનિશ્રી જયકુંજરવિજયજી મ૦, શ્રી પ્રકાશચંદ્રવિજયજી મ૦, તથા શ્રી મહેશ્ચંદ્રવિજયજી મહારાજ નામ રખાયા. શ્રી બાબુભાઈ એટલે નાસિકના એક શરાફ અને આગેવાન સંઘકાર્યકર્તા ઉપરાંત પ્રભુની પૂજાઓને દિલના દર્દભર્યા ખૂબ મધુર અવાજે સૂરીલા સંગીતમાં ગાનારા. કેટલાય વર્ષો પૂર્વે એમને પૂ. શ્રી મુક્તિવિજયજી મહારાજે વૈરાગ્યરંગે રંગી નાખેલા. તેથી કૌટુંબિક ઉપાધિ છતાં ચારિત્ર માટે છ વિગયત્યાગના કપરા અભિગ્રહમાં આવી ગયેલા. નાસિકમાં પૂ. મુનિવરોની સેવા-ચાકરીમાં એ ખડે પગે રહી તન-મન-ધનથી સારી સેવા બજાવતા.

વિલાપારલામાં રેકર્ડ દીક્ષા : વી૦ સ્થાનકવાસી સંઘના પ્રમુખ, અનેક સંસ્થાઓના પ્રાણ, નિત્ય જિનમૂર્તિની ભાવભક્તિથી પૂજા કરનારા અને શ્વેતાંબર મૂર્તિપૂજક મુનિવર્યોના સત્સમાગમને પણ સાધનારા ધર્મપ્રેમી આગેવાન શ્રી ખુશાલભાઈ ખેંગારભાઈ આજ અલબેલી મુંબઈમાં અને બહાર એક પ્રસિદ્ધ વ્યક્તિ છે. એમની ભાણેજ પુત્રી, તે શ્રી વાડીલાલ કાનજીભાઈના બાલબ્રહ્મચારિણી સુપુત્રી સુલોચનાબેનનો અદ્‌ભુત દીક્ષામહોત્સવ ઉજવાયો. શ્રી કાનજીભાઈ તથા એમના પુત્ર શ્રી વાડીભાઈનો તો પોતાના ફૂલને ઉજ્જવલિત કરનારા ચિ. સુલોચનાના દીક્ષા પ્રસંગ અંગે ઘણોજ ઉછરંગ હતો. તેથી એમણે પોતાના તરફથી ભવ્ય દીક્ષા મહોત્સવ પોતાના આંગણે જ ઘોડબંદર રોડ પર આવેલા સુરજનિવાસ નામના બંગલાના ભવ્ય કંપાઉન્ડમાં યોજ્યો હતો. એમાં વળી શ્રી ખુશાલભાઈ જેવા વગશીલ સંબંધી મળ્યા, પછી રંગમાં શું પૂછવાનું ? મુંબઈમાં પ્રસિદ્ધ યુરોપિયન ગીલ કંપનીના પૂર્વે સમર્થ ભાગીદાર અને હાલ માલિક હોવાથી, તેમજ અનેક સંસ્થાઓના પ્રમુખ વગેરે ઊંચા હોદ્દાને શોભાવતા હોવાથી દીક્ષાના ઉત્સવે અપૂર્વ રેકર્ડ નોંધાવ્યો હતો.

શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ, શ્રી મણીલાલ બાલાભાઈ નાણાવટી, શ્રી પ્રતાપરાય સુરજી વલ્લભદાસ વગેરે અનેક સંભાવિત **જૈન-જૈનેતર** ગૃહસ્થોએ હાજરી આપીને ઉત્સવ પ્રસંગને ખૂબ દીપાવ્યો હતો. વીલાપારલાના સંઘમાં આઠેય દિવસ જીવનમાં પ્રથમ જ જોવા મળેલ આવો પ્રસંગ પામી અનેરો હર્ષ વ્યાપી રહ્યો હતો. દીક્ષાનો વર્ષીદાનનો ભવ્ય વરઘોડો, આલીશાન મંડપમાં રોજ નવનવી પૂજા, એમાં મહાવીર સંયુક્ત મંડળે ભણાવેલ અષ્ટાપદજીની ભવ્ય પૂજાની રમઝટ તથા આચાર્ય શ્રી વિજય ભક્તિસૂરીશ્વરજી મહારાજના શિષ્યો પં. શ્રી પ્રેમવિજયજી મહારાજ આદિના હસ્તે થયેલ દીક્ષાની ક્રિયા વગેરેએ ભવ્ય જીવોના અંગ પુલકિત કરી દીધા હતા. શ્રી સુલોચના બેને વિદુષી સાધ્વીજી શ્રી લાવણ્યશ્રીજી મહારાજ પાસે જ્ઞાન-વૈરાગ્યની સુંદર તાલિમ લીધી હતી. આ બેનની સાથે પારલાવાસી ધર્મશ્રદ્ધાળુ શ્રી ધારશીભાઈના સુપુત્રી જિનમતીની પણ દીક્ષા થઈ હતી. મુંબઈમાં શેઠ શ્રી કાન્તિલાલ ઈશ્વરલાલના પ્રમુખપદે ભવ્ય અભિનંદન મેળાવડો થયો હતો.

અમદાવાદમાં અપૂર્વ દીક્ષા : શાંતમૂર્તિ, દીર્ઘ તપસ્વી વયોવૃદ્ધ પૂ. આચાર્યદેવશ્રી વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજના સ્વ. વિરાગનિધિ પટ્ટધર પૂ. આચાર્યવર્ય શ્રી વિજય મેઘસૂરીશ્વરજી મ૦ ના પ્રશાંત પટ્ટધર પૂ. આ. શ્રી વિજય મનોહરસૂરિજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજથી પ્રતિબોધ પામી ભાઈ શ્રી શશીકાન્ત કેશવલાલ, શ્રી બચુભાઈ ત્રીકમલાલ, અને ધિણોજવાળા ચંપકલાલ રીખવચંદ આ ત્રણ જણાએ પણ વૈશાખ સુદ ૭ ના રોજે ચારિત્ર અંગીકાર કરીને રાજનગરમાં શાસનની જયપતાકા લહેરાવી હતી. આમાં શ્રી શશીકાન્તભાઈ આર્ટ્સના ગ્રેજ્યુએટ થયા પછી વિશેષ પ્રકારે વૈરાગ્યની લાઈનમાં જોડાયા હતા. એમના પિતા શ્રી કેશવલાલ સંઘવી જે ગોરજીની અટકથી ઓળખાય છે, તેઓ અમદાવાદ મુંબઈ ખાતે પ્રતિષ્ઠિત આગેવાન વ્યક્તિ છે. શ્રી મુંબઈ ગોડીજી દેરાસરના તેઓ ટ્રસ્ટી હતા, યંગમેન્સ સોસાયટીના હાલ પ્રમુખ છે. દેશવિરતિ આરાધક સમાજના પણ એક વખત તેઓ પ્રમુખ હતા. એમણે શ્રી સિદ્ધિગિરિનો છ'રી' પાળતો સંઘ પણ કાઢી અસાર લક્ષ્મીમાંથી સાર ખેંચ્યો હતો.

એ ધન્ય દિવસ : વૈશાખ સુદ ૭ નો દિવસ રાજનગરના નર-નારીઓ માટે અગત્યનો હતો. એ દિવસે કેટલાય યુવાનો કુમળી વયમાં આ અસાર સંસારનો ત્યાગ કરીને સંયમ માર્ગને પંથે વિચરવાના હતા. દીક્ષાનો દિવસ અને તેનું મુહૂર્ત નક્કી થયું ત્યારથી દીક્ષાર્થીઓના હૈયામાં શાંતિની જ્યોત ઝળહળવા લાગી. જોત જોતામાં કેટલાય દિવસો પસાર થઈ ગયા; અને જેની રાહ જોતા હતા તે દિવસ આવી પહોંચ્યો.

દીક્ષાનો વરઘોડો : દીક્ષાનો દિવસ ઉગ્યો. પ્રભાત થતાં જ આજે નગર આનંદની લહેરે ચઢ્યું. સાડાસાત વાગે દીક્ષાર્થીઓનો વરઘોડો ચઢ્યો. સોહામણી અને શણગારેલી ભવ્ય ત્રણ બગીમાં દીક્ષાર્થીઓ બેઠા હતા. મુઠે મુઠે ઉછાળતા વર્ષીદાનને ઝીલવા સ્ત્રી શું કે પુરુષો શું, બાળ શું કે વૃદ્ધ શું, સર્વ કોઈ તૂટી પડવા લાગ્યાં ! કોઈના કપડાં ફાટે તો કોઈની ટોપી ઊડે ! પડાપડી થવા માંડી ! જાણે બાકળા ઝીલવાને વ્યંતરોની ફોજ તૂટી પડી ! વરઘોડો લાંબો લાંબો તે લગભગ અડધાથી પોણા માઈલ જેટલો લાંબો ! ત્રણ બગીઓ આગળ ગયા બાદ, બીજી ત્રણ મોટરમાં દીક્ષાર્થીઓ બેઠા હતા. વિપુલ માનવ મહેરામણ ! વરઘોડો મનસુખભાઈ શેઠની પોળ-દોશીવાડાની પોળથી આગળ વધતો વધતો રીચીરોડનો પૂલ વટાવીને માણેકચોકમાં આવી પહોંચ્યો. ત્યાં તો હૈયાને ડોલાવે એવું દૃશ્ય જોવા મળ્યું. જ્યાંજ્યાં નજર કરો ત્યાં ત્યાં માનવ મહેરામણ ! માનવ મહેરામણ ! બસ, ગલી ગલી અને બજારે બજાર; અગાસીએ અગાસીએ અને અટારીએ અટારીએ સ્ત્રી પુરુષો, યુવાન અને યુવતીઓ ભરચક ભરાઈ ગયાં હતાં. વાજિંત્રોના ગગનભેદી અવાજોએ, પરમાત્માનો જય-જયારવે અને સ્ત્રીઓના ધવગમંગલ ગીતોએ વાતાવરણને મહેકાવી મૂક્યું ! ચારે કોર આનંદ આનંદ ને આનંદ ! માણેકચોક જેવો ભવ્ય ચોક વટાવતો વટાવતો વરઘોડો રતનપોળ અને છેવટે રીલીફમાર્ગ પર આવી પહોંચ્યો. રીલીફરોડ પરનું દૃશ્ય માણેકચોક કરતાં પણ ભવ્ય હતું. રીલીફમાર્ગ જેવો સીધો રસ્તો, અને પાછો વરઘોડો ! એટલે પૂછવું જ શું ? ભીડ એટલી બધી હતી કે વાહન વ્યવહાર થંભી ગયો. વચ્ચે વચ્ચે સંભળાતાં **'આચાર્યદેવશ્રી જય,' જૈનશાસનકી જય'** વગેરે વગેરે સુંદર અને આત્માને ઊભા અને જાગ્રત કરનાર પ્રેરક વાક્યોએ માનવના હૈયાને ડોલાવી મૂક્યાં ! વરઘોડો બે કલાક ફરીને કાળુપુર ટંકશાળના મેદાનમાં બાંધેલા ખાસ ભવ્ય મંડપમાં આવી પહોંચ્યો. મંડપ પણ ખૂબ વિશાળ અને સુશોભિત હતો. મંડપ મોટો હોવા છતાં પણ માણસોથી સાંકડો બની ગયો હતો, છતાં અપૂર્વ શાંતિ પથરાયેલી હતી.

દીક્ષાના મંડપમાં : ગોઠવેલા આસનો પર શાંતમૂર્તિ, દીર્ઘ તપસ્વી વયોવૃદ્ધ પૂ. આચાર્યદેવશ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મ૦ સા૦, તથા તેઓશ્રીની બાજુમાં પૂ. વિજય મનોહરસૂરિજી મહારાજ તથા અન્ય અનેક મુનિવરો વગેરે વિશાળ મુનિમંડળ બિરાજેલું હતું, આગળમાં ગુરુદેવની સામે નાણ ગોઠવેલી હતી; જેમાં પરમાત્માની ચતુર્મુખ પ્રતિમાજી પધરાવવામાં આવી હતી. દીક્ષાની શરૂઆત થઈ, ક્રમશઃ રજોહરણ આપવાનો અવસર આવી લાગ્યો. પૂજ્યશ્રી આચાર્ય ભગવંત શ્રી દાદા મહારાજના પવિત્ર હસ્તે અનુક્રમે છએને રજોહરણ આપ્યા ! છએ દીક્ષાર્થીઓ અપૂર્વ ઉલ્લાસથી

નાચી ઊઠ્યા ! સભા જય જયકારથી ગાજી ઊઠી ! મંગલ વાજિંત્રો બજી રહ્યાં ! અદ્‌ભુત આનંદોર્મિ સાથે છએ દીક્ષાઓને સ્નાન-વેશ પરિવર્તન માટે લઈ જવામાં આવ્યા. તે સમયે અગિયાર પૂ. સાધ્વીજી મહારાજાઓને મહાવ્રતો અને અન્ય ગૃહસ્થોને બ્રહ્મચર્યાદિ ઉચ્ચરાવવામાં આવ્યાં.

પ્રતિજ્ઞા ! : થોડોક સમય થયો, ત્યાં તો દીક્ષાર્થી ભાઈ-બહેનો ચારિત્રના વેશમાં આવી પહોંચ્યા. લોકો તેમને જોવા માટે પડાપડી કરવા લાગ્યા. દીક્ષાર્થી ભાઈ-બહેનો નાણ સમક્ષ આવી પહોંચ્યાં. ક્રિયા શરૂ થઈ અને બરાબર સમય આવી પહોંચતાં વિજયમુહૂર્તે મંગલ લુંચન કરવામાં આવ્યું. જીવન ભરના સામાયિક ચારિત્રની પ્રતિજ્ઞા કરાવાઈ.

નામકરણ : ત્યારબાદ નામકરણની શરૂઆત થઈ. શ્રી શશીકાન્તભાઈનું પૂ. મુનિશ્રી સૂર્યપ્રભવિજયજી મ॰ સા॰, રજનીકાન્તભાઈનું રવિપ્રભવિજયજી મ॰ સા॰, તથા શ્રી ચંપકલાલનું ચંદ્રપ્રભવિજયજી મ॰ સા॰ રાખવામાં આવ્યાં, અને તે ત્રણ મુનિરાજો પૂ. મુનિશ્રી **ભદ્રંકરવિજયજી** મ॰ સાહેબના શિષ્ય જાહેર કરાયા. બહેનોનાં પૂ. સા. વિમળયશાશ્રી મ. સા., પૂ. સા. સુરેન્દ્રશ્રીજી મ. સા., તથા પૂ. સા. શ્રી અમરેન્દ્રશ્રીજી મ. સા. રાખવામાં આવ્યાં.

દીક્ષાના પ્રસંગના પૂર્વેના દિવસે અમદાવાદની ધી યંગમેન્સ જૈન સોસાયટી તથા શ્રી જૈનધર્મ આરાધક મંડળ તરફથી યોજાયેલ જાહેર અભિનંદન અર્પતો મેળાવડો યોજવામાં આવ્યો હતો. એ મેળાવડાનો કેટલોક અગત્યનો ભાગ અહીંયા આપવામાં આવે છે :

વૈશાખ સુદ ૬ ને બુધવારની રાતના નવ વાગતાં ધી યંગમેન્સ જૈન સોસાયટી અને શ્રી જૈનધર્મ આરાધક મંડળ તરફથી યોજાયેલ છએ દીક્ષાર્થી ભાઈ-બહેનોનો સન્માન-સમારંભ જાણીતા જૈન આગેવાન શેઠશ્રી કેશવલાલ લલ્લુભાઈ ઝવેરીની અધ્યક્ષતામાં શ્રી વિજયદાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિરમાં ભવ્ય રીતે ઉજવાયો હતો. સભા સમય પહેલાં જ જ્ઞાનમંદિરની વ્યાખ્યાન હોલ વિશાળ હાજરીથી ચીકાર ભરાઈ ગયો હતો. મોડા પડેલા ભાઈ-બહેનોને લજ્જા અનુભવવી પડી હતી.

મંગળાચરણ અને આમંત્રણ પત્રિકાના વાંચન બાદ શ્રી ચતુરભાઈએ સભાને પ્રમુખશ્રીની ઓળખાણ કરાવી હતી અને આજના પ્રસંગને અનુરૂપ પ્રમુખશ્રી મેળવવા માટે આનંદ વ્યક્ત કર્યો હતો.

બાદ શ્રી રસિકલાલે મધુર કંઠે સ્વાગતકાવ્ય ગાયું હતું, જે સભાએ ખૂબ હર્ષપૂર્વક ઝીલ્યું હતું.

શ્રી યંગમેન્સ જૈન સોસાયટીના સેક્રેટરી શ્રી અમૃતલાલ જેશીંગભાઈએ બોલતાં આવતી કાલે પ્રભાતે દીક્ષા લેનાર છએ ભાઈ-બહેનોની સુંદર ઓળખ આપી હતી. **"શ્રી શશીકાન્તભાઈ પોતે કૉલેજના વાતાવરણમાં રહેવા છતાં B.A. સુધીની** કેળવણી પામેલા છતાં ત્યાગના માર્ગે વળે છે. એ ખરેખર આશ્ચર્ય જ છે; પરંતુ આ બધું બનવાનું કારણ માતા-પિતાના સંસ્કારનું જ પરિણામ છે. બીજા ભાઈશ્રી **રજનીકાન્ત** પણ તેમના પરમ મિત્ર છે. તેમણે પણ ગુરુનિશ્રામાં રહી સુંદર અભ્યાસ કરેલ છે, અને કલ્યાણમિત્ર તરીકે જ તેમને સાથ આપે છે. એ જ રીતે ત્રીજા ભાઈ-બહેનોએ પણ ગુરુનિશ્રામાં રહી સુંદર સંસ્કારો મેળવ્યા છે; અને એના પ્રતિક રૂપે જ આજે તેઓ આ માર્ગે જઈ રહ્યા છે. હું ઇચ્છું છું કે તેઓ બધા જે માર્ગે જઈ રહ્યા છે તે માર્ગને ખૂબ જ દીપાવશે એવી અભિલાષા સાથે વિરમું છું."

ત્યારબાદ શ્રી જૈનધર્મ આરાધક મંડળના મંત્રી ભાઈ રસીકલાલ ભોગીલાલે દીક્ષાભિલાષી સર્વે ભાઈ-બહેનોને અંતરના અભિનંદન આપ્યા હતા.

એ અભિનંદન પત્યા બાદ શેઠ શ્રી રમણલાલ વજેચંદભાઈએ જણાવ્યું હતું કે 'વૈશાખ સુદ ૭ નો દિવસ કોઈ અનેરોજ છે. ભારત ભરમાં એ એક જ દિવસે લગભગ ૪૦ ભાઈ-બહેનોની દીક્ષાઓ થવાની છે. આ બધો પ્રતાપ આ દીક્ષા માર્ગને સરળ બનાવનાર પૂ. પરમ આ. દેવશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજનો અને તેઓશ્રીના ઉપદેશથી સ્થપાયેલ આપણી શ્રી યંગમેન્સ જૈન સોસાયટીનો જ છે.' વગેરે જણાવી દીક્ષાર્થીઓને અંતરના અભિનંદન આપ્યા હતા. સાથે સાથે શેઠશ્રી શાંતિલાલ જગાભાઈએ દીક્ષાર્થીઓને અંતરના અભિનંદન પાઠવ્યા હતા.

ત્યારબાદ દીક્ષાર્થી ભાઈ-બહેનોએ પોતાની વાણીમાં નમ્રપૂર્વક જણાવ્યું હતું કે "આવા અભિનંદનને માટે અમો આજે યોગ્ય નથી. આ બધું માન વીતરાગના ત્યાગમાર્ગને તેના પાલક-પ્રચારક પૂ. ગુરુદેવોને અને અમારા માતા-પિતા કે જેમણે અમોને આ માર્ગે વાળવામાં સહાયતા કરી છે, તેમજ આ માર્ગે જવાની અનુકૂળતા કરી આપી છે, તેમને જ ઘટે છે. આ મેળાવડો ચારિત્ર ધર્મની પ્રભાવનારૂપ હોવાથી અને આપ સર્વેના અતિ આગ્રહને વશ થઈ આવવું પડ્યું છે અને આપ બધાની ભાવના જોઈ ભાગવતી દીક્ષા જગતમાં કેટલું મહત્ત્વનું પદ ધરાવે છે તે પ્રત્યક્ષ અનુભવાય છે, આપ સર્વની શુભ આશિષ અમારા માર્ગને નિષ્કંટક બનાવે અને સંપૂર્ણ આરાધક દશા પ્રગટ કરે એવી અમારી હૃદયની ભાવના છે."

અત્રે છએ ભાઈ-બહેનોને પ્રમુખશ્રીના વરદ હસ્તે કુમકુમ તિલક કરી, હાથમાં શ્રીફળ આપી, હારતોરા પહેરાવ્યા હતા;\અને સુંદર ફ્રેમમાં મઢાવેલા અભિનંદન

પત્રો અર્પણ કરતાં બંને સંસ્થાઓ તરફથી પહેરામણ કરવામાં આવી હતી. છેવટે પ્રમુખશ્રીએ પોતાની વાણીમાં બોલતાં જણાવ્યું હતું કે "આજના મેળાવડાના પ્રમુખસ્થાન માટે હું લાયક ન હોવા છતાંયે આગ્રહને વશ થઈ પ્રમુખપદ સ્વીકારવું પડેલ છે. દીક્ષા લેનાર છએ ભાઈ-બહેનોને અભિનંદન માટે આજનો આ મેળાવડો યોજાયેલ છે, અને એ ભાગ્યશાળી આત્માઓના સન્માનની તક અનાયાસે પ્રાપ્ત થઈ તે બદલ આનંદ થાય છે." અંતમાં પ્રમુખશ્રીને હારતોરા અર્પણ કરતાં શ્રી ચતુરભાઈ આજના મેળાવડાનું સુકાન સંભાળી તે કાર્ય ખૂબ આનંદપૂર્વક પાર પાડવા માટે પ્રમુખશ્રીનો તેમજ અન્ય સભાજનોનો આભાર માન્યા બાદ સર્વ મંગલ માંગલ્યનું મંગલ કાવ્ય સૌ એક સાથે બુલંદ અવાજે બોલી **સભાની પૂર્ણાહૂતિ થઈ હતી.**

રાધનપુરમાં દસ વીસ દીક્ષાઓ થઈ સાંભળી છે એના અને બીજા સમાચાર સમયસર નહિ મળી શકવાથી અત્રે તે પ્રગટ કરી શકતા નથી.

એકંદરે આ વૈશાખ સુદ સાતમનો દિવસ વર્તમાન ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થઈ રહેશે. હજી પણ પૂનામાં એક નવયુવક મેટ્રિક્યુલેટ ભાઈ **શ્રી પ્રવીણચંદ્ર** કે જેમની દીક્ષાનો ચાંલ્લો સંઘ વચ્ચે એમના માતાજીએ તથા સંઘના આગેવાનોએ કરેલ છે અને જેમના વાયણાં ચાલી રહેલ છે, તેમની જેઠ સુદ પાંચમે દીક્ષા ધામધૂમથી થનાર છે. તે સિવાય બીજી પણ દીક્ષાઓ ગચ્છપતિ ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ પાસે થનાર છે.

વિર્લેપારલાની દીક્ષાની કેટલીક વિશેષતા આ મુજબ જાણવામાં આવી છે.

દીક્ષા ઉત્સવના અગાઉ આ પ્રસંગ શ્રી ખુશાલભાઈની ભાણેજનો હોવાથી અને તૈયારીઓ તડામાર ચાલુ હોવાથી પારલાના કેટલાક કોંગ્રેસમેનોને દીક્ષાની ખબર વહેલી પડી ગઈ. એમનો વિચાર આની સામે પીકેટીંગ કરાવી નાગરિક ધર્મ બજાવવાનો હતો. એ માટે એમણે સરકારી એક મોટા હોદ્દેદાર મહાશયનો સહકાર પણ મેળવેલો અને વોલંટીયરો પીકેટરો મૂકવા સલાહ મળેલી. પરંતુ જ્યાં ઉત્સવ શરૂ થયો ત્યાં જ પ્રભુભક્તિનો અને લોકોના અસાધારણ ઉલ્લાસનો તેમજ મુમુક્ષુબેનના આવા સુખ વૈભવ ત્યજી કઠોર ત્યાગમાર્ગ લેવાનો ભગીરથ પુરુષાર્થ જોઈ એમના હૃદય પીગળી ગયાં અને શ્રી ખુશાલભાઈ પાસે પહેલે જ દિવસે આવી આંસુભરી આંખે ક્ષમા માગવા લાગ્યા. એમને શરમ લાગી ગઈ કે આવા મહાન પુરુષાર્થી અને પવિત્ર કાર્ય સામે પોતે પીકેટીંગનો હલકો વિચાર કાં કર્યો.

ઉત્સવ માટે આમ તો સુરજ નિવાસમાં કંપાઉન્ડ મોટું હતું જ. પરંતુ વિશેષ રોનક લાવવા માટે શ્રી વાડીભાઈના બંગલાની આગળ કંપાઉન્ડ જે વર્ષો જૂની

ભીંત વાળેલી હતી, તે તોડાવી નાખી તેથી એ કંપાઉન્ડ ખુશાલભાઈના બંગલાના કંપાઉન્ડ સાથે મળી જવાથી અને એના પર ભવ્ય મંડપ બંધાઈ જવાથી અજબ રોનક આવી.

ખૂબી એ થઈ કે શ્રી ખુશાલભાઈના મોટરોના સુઘડ ગેરેજને સુંદર રીતે એવો શણગાર કરાવાયો અને એમાં પડદા, રોશની, સિંહાસન વગેરેની રોનકદાર ગોઠવણ કરીને નમુનેદાર દેરાસર જેવું બનાવી એમાં ઉત્સવ માટે પ્રભુજી બિરાજમાન કરાવાયા, કે લોકોને આઠ દિવસ માટે એક તીર્થસ્થાન જેવું થઈ પડ્યું, તે સંખ્યાબંધ માણસો રોજ સવારથી પૂજન-દર્શનનો લાભ લેવા માંડ્યા અને તીર્થની જેમ આખો દિવસ ઘંટાના નાદ ગાજતા થઈ ગયા. વળી એમાં પૂજાઓ, ભાવનાઓ ભણાવાય. તેમાં શ્રી દીનાનાથ, શ્રી શાન્તિલાલ શાહ, શ્રી મહાવીર સંયુક્ત મંડળ, શ્રી કલ્યાણજી વગેરે સંગીતકારો પ્રભુભક્તિના સંગીતની રેલમછેલ કરી મૂકે, અને રજા સિવાયના ચાલુ દિવસોમાં પણ હજાર હજાર માણસ લાભ લેવા લાગે એ પણ મુંબઈ જેવાના પરામા અદ્‌ભુત ઘટના બની ગઈ.

એમાંય જૈનેતરોને તો ખૂબજ આકર્ષણ થયું. પારલાની મોટી વસ્તી અને ખુશાલભાઈનો પરિચિત બહારનો બહોળો જનસમૂહ, તે પણ સારો ભાગ લેવા લાગ્યા. કેઈ નાગરો, બ્રાહ્મણો, વગેરેની સ્ત્રીઓ તો દીક્ષા-પર એટલી બધી તાજુબી પામી કે 'અરે ! આવી દેવકન્યા જેવી સુલોચના દીક્ષા લે છે એમાં માથાનો કેશનો લાંબો ચોટલો ય શું કપાવી નાખવાનો !!' ખરી ખૂબી તો એ થઈ કે દીક્ષા વખતે મુંડન માટે બોલાવેલ હજામ 'શું મારે બેનનો આવો સારો લાંબો કાળા ફણીધરના નાગ-પાશ જેવો ચોટલો કાપી નાખવાનો ? ના, મારાથી તે નહિ બને' એમ કહી મુંડન કરતા પહેલાં ઊઠીને ભાગી ગયો ! તે એને સમજાવી પાછો લાવવો પડ્યો ! મુંડન કરીને દીક્ષાર્થી બેનના આવા પરાક્રમ આગળ એય એવો તો મુગ્ધ થઈ ગયો કે જ્યારે બીજા હજામ જાતે મોટું ઈનામ લેવાની લાલચમાં હોય ત્યારે આ હજામે પોતાના તરફથી વીસ રૂપિયાની કામળી વહોરાવી !!

શ્રી કાનજીભાઈ અને એમના સુપુત્ર શ્રી વાડીભાઈએ ઉદારતા એવી દાખવી કે રોજ બરોજ ત્રણસો માણસ ઘર આંગણે જમતું ગયું. એમાં એક મોટો જમણવાર લગભગ પંદરસો માણસનો કર્યો. એના પર વળી શ્રી ખુશાલભાઈએ ખુશાલીની કલગી ચઢાવી દીધી. દીક્ષાના દિવસે પારણાના બધા મૂર્તિપૂજક તથા સ્થાનકવાસી બંને સંઘના અને જૈનેતર ભાઈઓને સુંદર જમણ આપ્યું તેમાં લગભગ પાંચ હજાર માણસ જમ્યું.

ઉત્સવમાં અને ખાસ કરીને વરઘોડા તથા દીક્ષા પ્રસંગે ખુશાલભાઈની ગીલ

કંપનીની મહાન લાગવગના હિસાબે કેટલાય યુરોપીયનો, તથા ક્રીશ્ચયન પાદરણો, અનેક કોંગ્રેસમેનો, શ્રી ભવાનજી અરજણ ખીમજી, શ્રી મથુરાદાસ વસનજીવાળા, શ્રી સુરજી વલ્લભદાસવાળા વગેરે અનેક જૈન જૈનેતર શ્રીમંત આગેવાનોની હાજરી ખૂબ નોંધપાત્ર બની ગઈ. એમાં યુરોપીયનો વગેરેને તો ખુશાલભાઈ અંગ્રેજીમાં દીક્ષાની સમજૂતી આપતા ત્યારે ગજબ મુગ્ધ બની જતા.

બીજા બે અભિનંદન મેળાવડા સાથે શ્રી વાડીભાઈ તથા ભાનુભાઈ વગેરેના નેતૃત્વ નીચે ચાલતા પારલા જૈન યુવક મંડળે પણ એક અભિનંદન મેળાવડો યોજી શ્રી સુલોચનાબેનની દીક્ષાને અભિનંદનની અંજલિ અર્પી હતી. વાડીભાઈ એક બાહોશ કાર્યકર છે. પોતાની લાડીલી બાલબ્રહ્મચારિણી પુત્રીને ૧-૨ વર્ષ સાધ્વીજી મહારાજ સાથેના સંપર્કમાં રાખીને દીક્ષા અપાવવાનું મહાન કાર્ય કરવા બદલ ધન્યવાદને પાત્ર છે. અને એમના મામા શ્રી ખુશાલભાઈએ તો ઠેઠ કોંગ્રેસી આગેવાનો અને યુરોપીયનો સુધ્ધાનાનો દિલમાં જૈન ધર્મ પ્રત્યેના બહુમાનની જવલંત જ્યોતિ જગાવી કમાલ કરી છે. ખરેખર શ્રી જિનેશ્વરદેવના વિશ્વમાં અજોડ એવા લોકોત્તર ત્યાગમાર્ગની અજબ બલિહારી છે ! એને લાખો વંદન !!

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૩,અંક-૩૯,તા.૧૧-૬-૧૯૫૫

પૂનામાં ભવ્ય ત્રણ દીક્ષાઓ

પરમ પૂજ્ય સિદ્ધાંત મહોદધિ **આચાર્યદેવેશ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબના વરદ હસ્તે વણીમાં ભવ્ય દીક્ષાઓ ઉજવાયા પછી સિન્નર, સંગમનેર, જુન્નેર, મંચર વગેરે સ્થળોએ પાવન પગલાં થતાં થતાં પૂનાના મુમુક્ષુ **પ્રવીણચંદ્રભાઈ**ના કુટુંબીઓની અતિ ઉલ્લાસ સાથે એઓશ્રીની પૂનામાં પધરામણી થઈ. પૂના પ્રવેશ ઉપર મુલુંડ શ્રી જૈન બેંડ ખાસ આચાર્યદેવ પરની ભક્તિથી પ્રેરાઈને પોતાના ખર્ચે આવેલ હતું. પૂના પાર્શ્વનાથ જૈન બેંડ પણ એમની સાથે પૂ. આચાર્યદેવના સ્વાગતમાં પૂનાના રાજમાર્ગો ગજાવવા લાગી ગયું. દશા શ્રીમાળીના ઉપાશ્રયે એઓશ્રીની પાવન પધરામણી થઈ.

આ દીક્ષાના પ્રસંગે કલકત્તામાં જે ચુનીલાલ વૃજલાલ મોદી B.A. ના લાડીલા ચિ. અરવિંદકુમારની દીક્ષા ભવ્ય રીતે પૂ. વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્યદેવશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજના પુણ્ય હસ્તે થઈ, એ ચુનીભાઈના ધર્મપત્ની સુરજબેનને ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવેશ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના

વરદ હસ્તે દીક્ષા લેવાની ભાવના હોઈ એમને લઈ ચુનિભાઈ પણ મોટા કુટુંબ સાથે અત્રે ઉપસ્થિત થઈ ગયા. જેઠ સુદ ચોથના પાછલા પહોરે દીક્ષા વર્ષીદાનનો ભવ્ય વરઘોડો નીકળ્યો. એમાં ઈન્દ્રધ્વજા, નોબત ટકોરખાનું, સાબેલા, પ્રસિદ્ધ પ્રભાત બેન્ડ, તથા જૈન બેન્ડ, ફૂલની વાડીના શણગારવાળી એક ભવ્ય મોટરમાં છૂટે હાથે દાન ઉછાળતા મુમુક્ષુ પુણ્યશાળી શ્રી પ્રવીણભાઈ તથા બીજીમાં દીક્ષાર્થી શ્રીમતી સુરજબહેન અને દીક્ષાર્થી મોંઘીબહેન (તાજેતરમાં દીક્ષિત ગણપતભાઈના સુપુત્રી), ચાંદીની પાલખીમાં શ્રી જિનેન્દ્રદેવ, પૂ. આચાર્યદેવાદિ ચાલીસેક મુનિમંડલ, સદ્‌ગૃહસ્થો અને સન્નારીઓનું સાજન વગેરેનું દશ્ય આકર્ષક અને પ્રભાવક હતું.

સુદ પંચમીના મંગળ પ્રભાતે ભવાનીપેઠ નવો રસ્તો ધજાપતાકાથી શોભી ઉઠ્યો હતો. ત્યાંથી થઈને દીક્ષાના શણગારેલા મંડપમાં જવાનું હતું. મંડપમાં પૂ. આચાર્યદેવના પુણ્ય હસ્તે હજારો માનવ-સભાની વચ્ચે નાણ સમક્ષ ત્રણે દીક્ષાર્થીઓને દીક્ષાપ્રદાનની ક્રિયા થઈ. દીક્ષાના ઉપકરણની ઉછામણી તેરસો રૂા.ની થઈ. દીક્ષા પ્રસંગે ખાસ આમંત્રણથી જર્મન સ્કોલર મી. બ્રાઉન, પો. દેવ પી. એચ. ડી; એક જાપાનીસ સ્કોલર, પંડિત નારાયણશાસ્ત્રી વગેરે પણ હાજર હતા. એમને દીક્ષા અંગેની સમજૂતી આપવામાં આવતી હતી. એમણે પછી જૈનદર્શનની પ્રશંસા કરતા ભાષણો પણ કર્યા.

દીક્ષિતોના નામાભિધાનમાં ભાઈ પ્રવીણભાઈનું નામ **મુનિશ્રી પદ્મનાભ-વિજયજી (મુનિશ્રી પદ્મસેનવિજયજી)** રાખી એમને મુનિશ્રી ભાનુવિજયજી મહારાજના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા. શ્રીમતી સુરજબહેનનું નામ સાધ્વીજી **શ્રી સૂર્યોદયાશ્રીજી** રાખી એમને સાધ્વીજી શ્રી ભદ્રપૂર્ણાશ્રીજીના શિષ્યા કરવામાં આવ્યા. મોંઘીબેનને એમના સંસારી માતાજી હાલ સાધ્વીજી શ્રી મોક્ષલતાશ્રીજીના શિષ્યા **શ્રી મહોદયાશ્રીજી** તરીકે જાહેર કરવામાં આવ્યા. પછી નૂતન દીક્ષિતોને હિતશિક્ષા પછી ક્રિયાની પૂર્ણાહુતિ થઈ.

આમાં વિશેષતા એ થઈ કે દીક્ષાર્થીના કુટુંબીઓના ઉત્સવ પ્રભાવના ઉપરાંત દીક્ષાના સ્થલ માટે જે ભાઈના વિશાળ બાંધેલા પ્લોટની જગા માગવામાં આવી, તે શેઠ જેતાજી સાંકળાજીએ જગા તો આપી જ, પણ પોતાના આંગણે દીક્ષા થવાના આનંદમાં દીક્ષા બાદ લાડુની પ્રભાવના કરી અને એજ મંડપમાં બપોરે સત્તર ભેદી પૂજા ભણાવી.

દીક્ષાઓ સાથે મુનિરાજશ્રી ગુણભદ્રવિજયજી, શ્રી કીર્તિસેનવિજયજી, શ્રી કીર્તિચંદ્રવિજયજી મહારાજની વડી દીક્ષા પણ થઈ હતી.

મુંબઈમાં પણ મુમુક્ષુ મનસુખભાઈની સજોડે દીક્ષાનો અપૂર્વ ઉત્સવ ઉજવાયો. આવા ભવ્યાત્માઓની દીક્ષાઓથી પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની કોઈ અકલ કળા શાસનનું સુંદર-ભાવી સર્જી રહી છે, એ નિઃશંક છે. શાસનનો ઉદય આવા જ આશાસ્પદ (promising) યુવક સાધુઓથી થશે, એમ કહેવું જરાય વધારે પડતું નથી. એને પકવનાર પૂ. આચાર્યદેવેશને અમારા કોટિશઃ નમન.

શ્રી સંઘ આમંત્રણ

મુંબઈના આંગણે શ્રાદ્ધરત્ન શ્રી મનસુખભાઈ (મનુભાઈ)ની સજોડે દીક્ષાનો પ્રસંગ મુંબઈમાં આજ સુધી થયેલી અનેક દીક્ષાના પ્રસંગોમાં એક અભૂતપૂર્વ પ્રસંગ હતો. કેમકે (૧) શ્રી મનસુખભાઈએ ગચ્છપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં છેલ્લા સાતેક વર્ષમાં મુંબઈમાં થયેલી અનેક ભવ્ય દીક્ષાઓમાં, જાહેર વ્યાખ્યાન-પૂજાઓના કાર્યક્રમની યોજનાઓમાં, ઉપધાનોના સંચાલનમાં આગળ પડતો ભાગ લઈ મુંબઈ અને બહારના ધર્મીજનોમાં ખૂબ ખ્યાતિ મેળવી હતી. સાથે, (૨) એ પોતાના ધર્મપત્નીને પણ વૈરાગ્યમાં તૈયાર કરી સજોડે દીક્ષા લેવા સંચરતા હતા. તેમજ (૩) એમના મોટાભાઈ શ્રી બાવચંદભાઈની કુશળ અને વાત્સલ્યભરી સરદારી નીચે ભાઈઓનું સંયુક્ત કુટુંબ પૈસે ટકે સુખી હતું.

દીક્ષા નક્કી થતાં જે ભવ્ય આમંત્રણ પત્રિકા કાઢવામાં આવી હતી તેમાંથી એમની દીક્ષા કેવી રીતે ઉપસ્થિત થઈ અને એમણે કેવી કેવી પૂર્વ સાધનાઓ કરી હતી તેનો સુંદર અહેવાલ જાણવા મળે છે.

('આમંત્રણ પત્રિકા' લાંબી હોવાથી તેને ટૂંકાવીને અગત્યનો ભાગ અહીં આપવામાં આવે છે.) તેમાં લખ્યું હતું કે,

મુંબઈમાં અભૂતપૂર્વ દીક્ષાઓ :

દીક્ષા સ્થળ : **ઉત્સવ સ્થળ :**

ભાયખલા મંડપ **શ્રી ગોડીજી દહેરાસરે, પાયધુની**

"...આદિ શ્રી સકલસંઘની પવિત્ર સેવામાં મુંબઈ બંદરેથી **લી. શા. રામચંદ વેલચંદના** સબહુમાન જયજિનેન્દ્ર સ્વીકારશોજી. અત્રે શ્રી સંઘમાં કુશળતા વર્તે છે આપને ત્યાં પણ એમજ ચાહીએ છીએ.

સહર્ષ જણાવવાનું કે અમારા ચિ. કુલદીપક સુપુત્ર **મનસુખલાલ** (મનુભાઈ ઉંમર વર્ષ ૩૩) તથા તેમના અખંડ સૌભાગ્યવંતી ધર્મપત્ની **વિમળાબેન** (ઉંમર વર્ષ

૨૮) શાસનશિરતાજ આબાલબ્રહ્મચારી સુવિહિતશ્રમણ સાર્થાધિપતિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત સિદ્ધાંતમહોદધિ શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પ્રખર વ્યાખ્યાતા પૂ. મુનિરાજશ્રી **ભાનુવિજયજી** મહારાજના સં. ૨૦૦૫ ના મુંબઈ ભૂલેશ્વર લાલબાગ ખાતેના ચાતુર્માસમાં તેઓશ્રીની સંવેગવિરાગ નિતરતી ધર્મદેશનાના શ્રવણથી ચારિત્રના મહામાર્ગે વિચરી મોંઘેરા માનવજીવનને ધન્ય બનાવવાના દૃઢ સંકલ્પવાળા બન્યા હતા. ત્યારબાદ લાલબાગ ખાતે પૂ. તારક આચાર્ય ભગવંત આદિના થયેલા ચાતુર્માસમાં એ ભાવનાને વેગવંતી બનાવતા ગયા અને ઠીક ઠીક સમય, સંસારની પ્રવૃત્તિથી અલિપ્ત રહી સામાયિક, પૌષધ, તપસ્યા, જ્ઞાન, ધ્યાન, ઉપધાન, સાધર્મિકસેવા, મુમુક્ષુ મંડળ સેવા અને શાસન સેવા વગેરે કાર્યોમાં અપૂર્વ ભાગ લઈ રહ્યા હતા. પૂ. આચાર્ય ભગવંતના સં. ૨૦૧૦ના અહમદનગરના ચાતુર્માસમાં તેઓશ્રીની તારક નિશ્રામાં સહકુટુંબ ચોમાસુ રહી જ્ઞાન ધ્યાન તપપૂર્વક આત્માને સંયમ યોગ્ય બનાવી પૂર્વે કરેલો કલ્યાણકર સંકલ્પને નિકટના ભાવિમાં અમલમાં મૂકવાનો નિર્ધાર કર્યો. પૂવ દેશમાં શ્રી સમેતશિખરજી વગેરે જિનેશ્વર ભગવંતોની તારક તીર્થભૂમિઓની તેમજ શત્રુંજય, ગીરનાર, કુમ્ભોજ, આબુ, રાણકપુર અને મધ્યપ્રાન્તના સર્વ તીર્થોની યાત્રા કરી. હવે આગામી જેઠ સુદ ૫ ના શુભ દિવસે ચારિત્ર માર્ગે જવાનો નિર્ધાર અમારી આગળ વ્યક્ત કર્યો છે, અને અમે પણ એ ભવનિસ્તારક નિર્ધારને સહર્ષ વધાવી લઈ ભાગ્યશાળી દંપતીના દીક્ષા પ્રસંગને સમહોત્સવ ઉજવવાનો નિશ્ચય કર્યો છે.

તદ્ભવ મુક્તિગામી શ્રી તીર્થંકર દેવો, સુકોમળકાય ચક્રવર્તીઓ અને અનેક વૈભવશાળી રાજવીઓ ભોગની વિપુલ સામગ્રીવાળા સુખી સંસારને ભોગની વયમાં જ ત્યજી આત્મ-કલ્યાણ કાજે સંયમ જીવન સ્વીકારી અનંતસુખના અધિકારી બન્યા છે એમ સાંસારિક સર્વ પ્રકારની અનુકૂળતાઓ છતાં એ સર્વનો ત્યાગ કરી ત્યાગના કઠોર માર્ગે વિચરવાનું મહાન પરાક્રમ કરતાં આ ધન્ય દંપનીને લીધે અમારા કુળને ગૌરવ પ્રાપ્ત થયું છે.

મનસુખભાઈના કેટલાક અનુમોદનીય સુકૃતો : પૂ. આચાર્ય ભગવંતની શુભ પ્રેરણાથી તેમજ પૂ. ગુરુદેવશ્રી **ભાનુવિજયજી** મહારાજશ્રીની વિરાગવાણી સાંભળી છેલ્લાં પાંચ વર્ષમાં સર્વજન પ્રસિદ્ધ લગભગ ૫૦ ઉપરાંત પ્રભાવક દીક્ષાઓ થઈ, એમાં અનેરો ઉત્સાહ પ્રેરવામાં તથા મુમુક્ષુ મંડળની યાત્રા વગેરેમાં **સરદારી** લેવામાં, બીજા પણ અનેકવિધ શાસન પ્રભાવનાના કાર્યોમાં **મનસુખલાલ**નો મોટો ફાળો અને આત્મ-ભોગ છે. ચિ. **મનસુખલાલ** તથા તેમના ધર્મપત્ની **વિમળાબેને**

સજોડે સં. ૨૦૦૮ માં પૂ. આચાર્ય ભગવંતની નિશ્રામાં ઉપધાન તપ વહન કરી માળ પહેરી, બે વર્ષના બ્રહ્મચર્યના ચાલુ પાલન બાદ, વિ.સં. ૨૦૦૮માં યાવજ્જીવનું બ્રહ્મચર્યવ્રત સ્વીકાર્યું, શ્રી વર્ધમાન તપની ૨૧ ઓળી, નવપદ આરાધના, ૯-૮-૫-૩ ઉપવાસ વગેરે તપની અનેકવાર આરાધના અને સાતે ક્ષેત્રમાં યથાશક્તિ છૂટે હાથે દાન, સહકુટુંબ શત્રુંજય તીર્થની નવાણું યાત્રા કરી તથા પોતાના સુપુત્ર પ્રવીણચંદ્રને દીક્ષા અપાવી.

આ પુણ્ય પ્રસંગે પૂ. આચાર્ય ભગવંતને અમારી સાગ્રહ વિનંતી થતાં તેઓશ્રીની તારક આજ્ઞા પામી એઓશ્રીના પ્રશિષ્યરત્ન પ્રશાંતમૂર્તિ વિદ્વદ્વર્ય પંન્યાસજી શ્રી **ભદ્રંકરવિજય** મહારાજ સાહેબ અત્રે દીક્ષા પ્રદાન કરવા ખાસ પરિશ્રમ લઈ લોનાવલાથી સપરિવાર પધારશે. તેમજ પ્રશાંત વયોવૃદ્ધ પૂ. સાધ્વીજી **ભદ્રપૂર્ણાશ્રીજી**ના શિષ્યા બાલ બ્રહ્મચારીણી પૂ. સાધ્વીજી શ્રી **નિરંજનાશ્રીજી** મહારાજ પણ સૌ. વિમળાબેનની દીક્ષા અંગે મુરબાડથી પધારશે.

આ શુભ પ્રસંગ આપ સૌને કુટુંબ સહિત પધારવા સાગ્રહ વિનંતી છે.

આ પુણ્યપ્રસંગે પૂજ્ય મુનિરાજશ્રી **વજ્રસેનવિજયજી મહારાજ** સાહેબની વડીદીક્ષાનો પ્રસંગ સાથે ઉજવાશે તથા ખંભાતનિવાસી મુમુક્ષુ ભાઈશ્રી **સુંદરલાલ પોપટલાલ** શાહ ભાગવતી દીક્ષા અંગીકાર કરશે.

:: દીક્ષા મહોત્સવનો મંગળમય કાર્યક્રમ ::

જેઠ સુદ ૧ રવિવાર તા. ૨૨-૫-૫૫ બાર વ્રતની પૂજા બપોરના ૨॥ વાગે. જેઠ સુદ ૨ સોમવાર તા. ૨૩-૫-૫૫ નવપદજીની પૂજા બપોરના ૨॥ વાગે. જેઠ સુદ ૩ મંગળવાર તા. ૨૪-૫-૫૫ પૂ. પં. ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબનો સામૈયાપૂર્વક નગરપ્રવેશ, સવારના. જેઠ સુદ ૩ મંગળવાર તા. ૨૪-૫-૫૫ નવાણું પ્રકારી પૂજા બપોરના ૨॥ વાગે. જેઠ સુદ ૪ બુધવાર તા. ૨૫-૫-૫૫ મોહનીય કર્મનિવારણ પૂજા સવારના ૮ વાગે. જેઠ સુદ ૪ બુધવાર તા. ૨૫-૫-૫૫ "વરસીદાનનો વરઘોડો" બપોરના ૩ વાગે. જેઠ ૫ ગુરુવાર તા. ૨૬-૫-૫૫ ભાગવતી દીક્ષાની ક્રિયા સવારના ૮ વાગે શરૂ થશે."

ઉપર મુજબ દીક્ષા-મહોત્સવની ઉજવણી કરવાનું નક્કી થતાં શ્રી મનસુખભાઈએ મેળવેલી અજબ લોક ચાહનાના પ્રતાપે વાયણાંઓનો ભરચક કાર્યક્રમ યોજાઈ ગયો. લોકો પોતાને ઘેર દીક્ષાર્થી યુગલનાં પાવનપગલાં કરાવવા તલપાપડ બનવા લાગ્યાં. પોત પોતાના ઘરે લઈ જવા મોટરોની કતારો લાગતી ! અને પગલાં થતાં અત્યંત ખુશી અને અનુમોદના કરી કૃતકૃત્ય બનવા લાગ્યા. કોઈ

લોકોને દીક્ષાર્થી મનસુખભાઈએ વ્રત-પચ્ચક્ખાણ તેમજ આત્મકલ્યાણની વાનગીઓ આપી. પંદર-વીસ દિવસ લગાતાર વાયણાઓ થવા છતાં ઘણા ભાવુક લોકોને સમયના અભાવે ના પડાવી પડતી.

:: મેળાવડા તથા વરઘોડાનાં સન્માન ::

વૈશાખ વદ અમાવસ્યાના દિવસે **મુલુંડવાળા** ભાઈઓ દીક્ષાર્થીયુગલને વાયણા માટે તેડી ગયા. સંઘના અપૂર્વ ઉલ્લાસથી ત્યાંના ઉપાશ્રયના વિશાળ હોલમાં બેન્ડની સલામીપૂર્વક મનસુખભાઈને અભિનંદન અર્પવા એક જાહેર મેળાવડો યોજાયો. સારા સારા વક્તાઓનાં ભાષણો થયાં, ત્યાગમાર્ગની ભૂરિ-ભૂરિ પ્રશંસા થઈ અને મનસુખભાઈએ પણ 'પ.પૂ. આચાર્ય ભગવંતની અનન્ય કૃપાનું જ આ ત્યાગમાર્ગે સંચરવાનું ફળ છે' એમ કહી પૂજ્યપાદ તરફની કૃતજ્ઞતા જાહેર કરી હતી.

જેઠ સુદ એકમના દિવસે સવારે એક ગામ જેવી **ઘાટની ચાલ** તરફથી દીક્ષાર્થી યુગલનો એક **ભવ્ય વરઘોડો** કાઢવામાં આવ્યો. ઉઘાડી મોટર-કારમાં યુવાન દંપતી અપૂર્વ શોભા ધરાવી રહ્યાં હતાં. વરઘોડામાં માત્ર ઘાટની ચાલના ભાઈઓનો જ નહિ પણ મુંબઈની ધર્મ રસીલી પ્રજાનો ઉત્સાહ અનેરો ઉછળી રહ્યો હતો. વરઘોડો શહેરના વિશાળ રાજમાર્ગો પર ફરી ત્યાગમાર્ગની અભૂતપૂર્વ પ્રભાવના કરી પાછો ઘાટની ચાલ આગળ આવીને ઉતર્યો હતો. વરઘોડો ઉતરતાં ઘાટની ચાલવાળા ભાઈ-બહેનોનું સ્વામિ-વાત્સલ્ય કરવામાં આવ્યું હતું. બપોરે ચિંતામણિ દહેરાસરજીમાં ઘાટની ચાલ તરફથી પૂજા ભણાવવામાં આવી હતી અને બપોરે ૩ થી ૫ સુધી **કોટ-શ્રી શાન્તિનાથજી ઉપાશ્રયમાં શ્રી મનસુખલાલ તારાચંદ** (નેપચ્યૂન ઇસ્યુરન્સ કું. વાળા)ના પ્રમુખ સ્થાને ભવ્ય મેળાવડો યોજવામાં આવ્યો હતો. ખૂબજ ઉલ્લાસપૂર્વક લોકોએ દીક્ષાર્થી યુગલને અભિનંદન અર્પ્યાં હતાં.

રાત્રે ૭॥ થી ૮॥ સુધી **દૂધ બજારના દલાલ** ભાઈઓ તરફથી **હિરાબાગમાં** મેળાવડો કરવામાં આવ્યો. યંગમેન્સ જૈન વોલંટિયર કોરના બેન્ડે ભવ્ય સલામી આપી. સભા તો કીડીઓની જેમ ઊભરાઈ ગઈ. પ્રમુખ સ્થાને શ્રી રમણલાલ દલસુખભાઈ જે.પી. હતા. અનેક વક્તાઓએ મનસુખભાઈએ બજાવેલી અપૂર્વ ધર્મસેવાના ગુણગાન ગાઈ ત્યાગમાર્ગનાં વધામણાં કર્યાં. તેમાંય મનસુખભાઈના ભાગીદાર ઉંમરજી અહમદની કું૦ વાળા મુસ્લીમ શેઠે ભાવભર્યા હૃદયે કહ્યું હતું કે "ચૌદ વર્ષથી અમે મનસુખભાઈની ભાગીદારીમાં છીએ. આજે મનસુખ ઈશ્વરના પવિત્ર માર્ગે જાય છે, તો ઈશ્વર તેના માર્ગમાં રક્ષા કરો, તેવી હું ઈશ્વરને પ્રાર્થના કરું છું."

૮।। થી ૧૦।। વાગે **ઘાટની ચાલમાં** દીક્ષાર્થી યુગલના અભિનંદનાર્થે એક સમારોહ યોજાયો. જેમાં **શ્રી ગીરધરભાઈએ** મુક્ત કંઠે **પૂજ્યપાદ આચાર્ય ભગવંતના** ગુણાનુવાદ સાથે પૂ. **ગુરુદેવશ્રી ભાનુવિજયજી મહારાજની** વૈરાગ્યવાણીનો અજબ પ્રભાવ વર્ણવ્યો હતો. મનસુખભાઈથી ઘાટની ચાલને કેવા ધર્મપ્રાણની પ્રાપ્તિ થઈ તેનો હૃદયવેધી વર્ણન કરી ગળગળા કંઠે મનુભાઈનું ત્યાગમાર્ગે પ્રયાણ સફળ નિવડે તેવી ઈચ્છા પ્રગટ કરી હતી. પ્રાન્તે બહેનોએ મનસુખભાઈનાં ધર્મપત્ની વિમળાબેનને ગીતો દ્વારા ભાવભરી અંજલી અર્પી હતી.

જેઠ સુદ બીજના દિવસે **લાલબાગ ઉપાશ્રયમાં** એક સાથે જુદા જુદા સ્થળે દીક્ષા ગ્રહણ કરનારા નવદીક્ષાર્થીઓના અભિનંદનાર્થે મેળાવડો યોજાયો. **શ્રી માણેકલાલ ચુનીલાલ** જે.પી.ના પ્રમુખસ્થાને અનેક વક્તાઓએ દીક્ષાર્થીઓની અનુમોદના કરી. શ્રી મનસુખભાઈ લાલબાગ ઉપાશ્રયના આરાધક સમાજમાં ખૂબ જ પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થ હોવાથી આ મેળાવડો કોઈ અનોખી જ ભાત પાડી ગયો હતો.

જેઠ સુદ ત્રીજના દિવસે **ઘોઘારી સંઘ તરફથી** કેશવજી જાદવજીની વાડીમાં (મસ્જીદ બંદર રોડ પર) ધર્મવીર શ્રેષ્ઠિ **શ્રી જીવતલાલ પ્રતાપશી**ના પ્રમુખ સ્થાને ખૂબ જ તૈયારીપૂર્વક એક ભવ્ય સમારોહ કરવામાં આવ્યો. જેમાં શ્રી ગીરધરભાઈ જીવણભાઈ વગેરેએ અનેરાં વક્તવ્ય કર્યાં હતાં. મનસુખભાઈના પવિત્ર જીવનની, તેમના ધર્મકાર્યોની, તેમની લોકચાહનાની ભૂરિ ભૂરિ અનુમોદના કરી. 'પૂજ્યપાદ આચાર્યભગવંતનો ગજબનાક પુણ્યપ્રભાવ જ આમાં મુખ્ય કારણભૂત છે.' એમ કહ્યું હતું. ગુલાબચંદ ગફલભાઈ તેમજ બીજા ઘોઘારી સંઘના આગેવાનોએ ત્યાગમાર્ગની અનંત અનુમોદના કરી હતી.

જેઠ સુદ ચોથના દિવસે **દાદર-લબ્ધિસૂરીશ્વરજી જ્ઞાનમંદિરમાં શ્રી દામજીભાઈ જેઠાભાઈ**ના પ્રમુખસ્થાને દીક્ષાર્થી યુગલના સન્માનાર્થે મેળાવડો થયો. શ્રી દામજીભાઈએ ખૂબ જ હૃદયભેદક વક્તવ્ય કર્યું હતું. અને પૂજ્યપાદ આચાર્યદેવના મહાપવિત્ર જીવનની કેવીક અદ્‌ભુતતા છે તેનો ચિતાર રજૂ કરી અનુમોદનાનો લખલૂટ લાભ લૂંટ્યો, લૂંટાવ્યો હતો.

વર્ષીદાનનો વરઘોડો : જેઠ સુદ ચોથના દિવસે બપોરે શ્રી મનસુખભાઈ તથા તેમનાં ધર્મપત્ની વિમળાબહેનનો વર્ષીદાનનો વરઘોડો ખૂબ જ દબદબાપૂર્વક નીકળ્યો. સાથે બીજા દીક્ષાર્થી શ્રીસુંદરલાલ પોપટલાલ તથા મણિલાલ પણ વર્ષીદાન વરસાવતા દૃષ્ટિગોચર થયા હતા. ચાર ઘોડાની બગીમાં બેઠેલું યુગલ દૈવીપ્રભા

ઢાળતું હતું. હસતે ચહેરે વર્ષીદાનને ઉછાળતું એ યુગલ ખરેખર સંસારની અસાર સંપત્તિને કેમ ત્યજાય તેનો તાદૃશ ચિતાર રજૂ કરતું હતું. વરઘોડો તેમના રહેઠાણ ઘાટની ચાલથી નીકળી સીપીટેન્ક, ભૂલેશ્વર, ઝવેરીબજાર, પ્રીન્સેસસ્ટ્રીટ, ચંપાગલી, કાલબાદેવી રોડ વગેરે મુખ્ય રાજમાર્ગો પર ફરી લાલબાગ ઉપાશ્રયે ઊતર્યો હતો. વરઘોડાને નિરખવા ઊંચા માળાઓની વિશાળ અટારીયો ને અગાસીઓ, સ્ત્રી-પુરુષોથી ખીચોખીચ ભરાઈ ગઈ હતી. ફૂટપાથ પર ડગ મૂકવાની પણ જગા નહોતી ! ચારેકોર માનવ-સાગર પથરાયેલો દેખાતો હતો. તેમાં વર્ષીદાન ઝીલવાને પડાપડી કરતી પ્રજા સાગરના મોજાની કલ્પના આપી જતી.

દીક્ષા વિધિ : જેઠ સુદ પંચમીના પ્રભાતે ભાયખલા મોતીશા મંદિરનો વિશાળ ચોક અનેરું દૃશ્ય રજૂ કરતો હતો. પૂજ્યપાદ **પંન્યાસજી મહારાજશ્રી ભદ્રંકરવિજયજી** ગણિવર વગેરે વિશાળ મુનિમંડળ, વિદુષી **સાધ્વીશ્રી નિરંજનાશ્રીજી** વગેરે સાધ્વી સમૂહ તથા બેસુમાર સદ્‌ગૃહસ્થો પણ ધ્યાન ખેંચતા હતા. ત્રણ દીક્ષાર્થીઓ પણ યોગ્ય સમયે આવી પહોંચતાં જય જયારવોથી મંડપ ગાજી ઊઠ્યો. દીક્ષાની મંગલ ક્રિયા શરૂ થઈ અને ત્યાં તો રજોહરણ આપતાં અપૂર્વ ને અદ્‌ભુત આનંદથી દીક્ષાર્થીઓ નાચી ઊઠ્યાં ! હૈયા હર્ષથી પુલકિત બની ગયાં ! તુરત જ દીક્ષાર્થીઓને વેષ પરિવર્તન સ્નાન મુંડન કરવા લઈ જવામાં આવ્યા.

સાધુ વેષમાં મનસુખભાઈ, સુંદરભાઈ તથા વિમળાબહેનને આવતા જોઈ લોકો તેમના દર્શનાર્થે પડાપડી કરવા લાગ્યા. મહામુસીબતે નાણ સમક્ષ આવી પહોંચતાં દીક્ષાની ક્રિયા આગળ ચાલી અને **મનસુખભાઈનું નામ મુનિશ્રી મહીપાલવિજયજી મહારાજ** રાખી એમને પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી ભાનુવિજયજી મહારાજના શિષ્યરત્ન શ્રી પદ્મવિજયજી મહારાજના શિષ્ય **શ્રી મિત્રાનંદવિજયજી મહારાજના શિષ્ય** બનાવવામાં આવ્યા. તથા **સુંદરભાઈનું નામ મુનિશ્રી સુબાહુવિજયજી મહારાજ** રાખી તેમને પૂ. પદ્મવિજયજી મહારાજના શિષ્ય **શ્રી હેમચન્દ્રવિજયજી મહારાજના શિષ્ય** બનાવવામાં આવ્યા. તથા **વિમળાબહેનનું નામ સાધ્વીશ્રી વિમળકીર્તિશ્રીજી મહારાજ** રાખવામાં આવ્યું;

નૂતન મુનિવરો મુંબઈથી તુરત વિહાર કરી પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાની પાવન નિશ્રામાં પૂના પધારશે.

• • •

શ્રી મનુભાઈ (મનસુખભાઈ) મુનિશ્રી મહીપાલવિજયજી બને છે !

(શ્રી મનસુખભાઈ દૂધવાલાની દીક્ષાના ઉત્સવમાં એમના ઘોઘારી સંઘમાંના એક આગેવાન **શ્રી ગીરધરભાઈ જીવણલાલે** તનમનથી ખૂબ જ ઉત્સાહ સાથે સંચાલન કર્યું હતું. દીક્ષા કેટલી અદ્‌ભુત ઉજવાઈ એનો આછો ખ્યાલ એમના તરફના નીચે મુજબના અહેવાલથી મળે છે.)

મનુભાઈ (મનસુખલાલ)ની ભાગવતી દીક્ષા પૂજ્ય આચાર્યદેવ તથા ગુરુદેવશ્રીના આશીર્વાદથી બહુજ ધામધૂમપૂર્વક થયેલ છે. જેનું વર્ણન લખતાં પાને-પાનાં ભરાય તેવું છે ! અજોડ દીક્ષા થઈ છે. ઘોઘારીસંઘના મેળાવડામાં બંદર પર કેશવજીની વાડીમાં જબરજસ્ત જગા હોવા છતાં માણસની મેદની એટલી ચીકાર હતી કે જાણે કીડીયારાની માફક સ્ત્રી-પુરુષો ઊભરાતા હતા ! જીવાભાઈ (જીવતલાલ પ્રતાપશી)ના પ્રમુખસ્થાને ત્રીસથી ચાલીસ વક્તાઓએ ખૂબજ પ્રશંસાનો ધોધ વહાવ્યો હતો. વિરોધી પણ કહેતા હતા કે "પહેલા અમે દીક્ષાનો વિરોધ કરતા હતા, પણ હવે અમારો વિરોધ નથી. હવે તો દીક્ષાનો વિજયઘંટ વાગે છે." મેળાવડો અપૂર્વ હતો. તેમજ આખા સંઘને હર્ષનું માપ નહિ ! તેવી જ રીતે વર્ષીદાનના વરઘોડાનો ઠાઠ પણ અપરંપાર હતો. માણસ ગણ્યું ગણાય નહિ-માપ્યું મપાય નહિ તેટલું ! રસ્તાઓ પણ માનવમેદનીથી ચીકાર હતા ! નીકળતાં રૂપિયા જ ઉછાળ્યા હતા અને કુલ બારસો રૂપિયાનું પરચુરણ ઉછાળ્યું હતું. રસ્તાઓમાં ઠેરઠેર સાકરના પાણીની ભક્તિ હતી.

વરઘોડો ચઢતી વખતે બાવચંદભાઈ ખમાસમણ દઈ વિમળા તથા મનુભાઈના ચરણમાં પડ્યા; અને કહ્યું કે **"ભાઈ ! તારું ચારિત્ર નિર્મલ હો. તારું ભવોભવ કલ્યાણ થાઓ. ખરો માર્ગ તેં સ્વીકાર્યો છે, ખોટા માર્ગે હું રહ્યો છું."** તે મુજબ તેના માતુશ્રીએ પણ કહ્યું અને આંખમાં ચોધાર આંસુ ચાલ્યા જતાં હતાં. તે વખતનો સીન(દેખાવ) અનહદ કરુણ હતો. છતાં મનુભાઈ તથા વિમળાની આંખમાં એક આંસુ નહિ ! તે પૂ. ગુરુદેવશ્રી ભાનુવિજયજી મહારાજનો પ્રતાપ છે. કારણ કે તેને એમને ખરું સ્વરૂપ સમજાવ્યું છે.

ખરેખર ! મનુભાઈની દીક્ષા અજોડ દીક્ષા થઈ છે. દીક્ષા ખૂબ જ આનંદ મંગળમાં થઈ. પૂ. પંન્યાસજી મહારાજના હાથેથી ઓઘો લેતી વખતે મનુભાઈ ખૂબ જ નાચેલા ! મનુભાઈનું નામ મુનિશ્રી મહીપાલવિજયજી રાખ્યું છે.

સાધુનાં કપડાં તુરત જ શરીર સાથે ભળી ગયાં હતાં. જીવાભાઈ શેઠ તથા રમણભાઈ શેઠ જેવા પણ ખૂબ જ ચકિત થઈ ગયા કે "આવા સુખી કુટુંબમાંથી

એકી કલમે ત્રણ દીક્ષા થઈ ! ધન્ય છે એ ભાગ્યશાળી આત્માઓને !"

તેવી જ રીતે ભાયખલામાં દીક્ષા વખતે ચીકાર મેદની હતી. કોઈ જગાએ જરાપણ વિઘ્ન નહિ. બાવચંદભાઈ તથા તેમના કુટુંબીઓનો હર્ષ ઘણો હતો. ખૂલ્લા હાથે પૈસા ખર્ચ્યા. ભાયખલામાં દીક્ષા બાદ સ્વામિવાત્સલ્ય રાખ્યું હતું. ઓચ્છવ ગોડીજીમાં હતો. દીક્ષા વખતે દૂધબજારના મુસ્લીમ મોટા દલાલો ઉમરજી વગેરે વીસની સંખ્યામાં હાજર હતા. તેમણે પણ કિંમતી કામળો વહોરાવેલી.

"પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીપ્રેમસૂરિદાદાનો વિજયઘંટ વાગે છે ! જગત ઠરી ગયું છે ! દાદા પાસે દીક્ષાનું મિશન છે !" તેમ લોકો બોલી રહ્યા છે.

પૂજ્ય આચાર્યદેવશ્રીના વરદ હસ્તે એક વધુ દીક્ષા :

જેઠ સુદ પાંચમે પૂનામાં શ્રી પ્રવીણભાઈ તથા શ્રી સુરજબેન વગેરેની દીક્ષા કર્યા બાદ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા પોતાના વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી ભાનુવિજયજી મહારાજાદિ મુનિમંડળ સાથે ખડકીવાળા ભાઈઓની સાગ્રહ વિનંતીથી ખડકીમાં પધાર્યા. ત્યાં અમદાવાદવાળા મુમુક્ષુ ભાઈશ્રી તલકચંદ લાલચંદની દીક્ષા જેઠ સુદ ૧૦ના મંગલમુહૂર્તે ધામધૂમથી સકલસંઘના ઉછળતા હર્ષ સાથે ઉજવાઈ. શ્રી તલકચંદભાઈ ઘણા વર્ષોથી વૈરાગ્યભાવનામાં રમતા હતા. કેટલીક કૌટુંબિક અગવડો દૂર થતાં હવે એ ચારિત્રપંથે સંચરે છે. દીક્ષા પ્રસંગ પર એમના મોટા પુત્ર તથા એમના ભાઈઓ વગેરે બહોળુ કુટુંબ આશરે ત્રીસેક માણસો ઉપસ્થિત થયા હતા. ખડકીમાં દીક્ષા વર્ષીદાનનો સુંદર વરઘોડો નીકળતાં દીક્ષાર્થીએ છૂટે હાથે દાન ઉછાળી લોકોને જાણે સમજાવતા હતા કે "લક્ષ્મી એ ફેંકી દેવાની ચીજ છે." લગભગ ત્રીસ મુનિરાજો તથા શ્રાવક-શ્રાવીકા સંઘની હાજરીમાં વિશાળ મંડપ નીચે દીક્ષા થઈ. દીક્ષા બાદ એમને પૂ. મુનિરાજશ્રી રોહિતવિજયજી મહારાજના શિષ્ય પૂ. મુનિરાજશ્રી **તત્ત્વજ્ઞવિજયજી** તરીકે જાહેર કરવામાં આવ્યા.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૪,અંક-૭,તા.૨૨-૧૦-૧૯૫૫

પૂનામાં ઉપધાન તપ - વિશાળ યોજના

આચાર્ય **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજના પૂનામાં સપરિવાર પગલાં થયા પછી ઘણા ભવ્ય જીવોને આત્મહિતકારી પુરુષાર્થ સાધવા માટે અનેકાનેક ધર્મ પ્રવૃત્તિઓ ઉદય પામી ચૂકી છે. પર્યુષણા મહા પર્વમાં બહાર ગામોથી પણ અનેક

ભાવુક જનોએ આવીને ચોસઠ પહોરી પૌષધ, અઠ્ઠાઈની તપસ્યાઓ વગેરે કર્યું હતું. કેટલાય લોકોને એ ચાહના હતી કે પૂજ્ય આચાર્યદેવના સામ્રાજ્યમાં મહાન ઉપધાન તપની આરાધના થાય. દૂર દૂરના ગામ-નગરોમાં પણ કેઈ ભાઈ-બહેનો એની રાહ જોઈ રહ્યા છે. જણાવતાં હર્ષ થાય છે કે ભવાની પેઠમાં ટીંબર મર્ચન્ટસ અને મૂળ મારવાડ-સીલદર નિવાસી શ્રી રત્નાજી રઘુનાથજી અને મોટાજી રઘુનાથજીને મોટા પાયા પર શ્રી ઉપધાનતપ કરાવવાની શુભ ભાવના થઈ અને પૂજ્ય આચાર્ય ભગવંતને તેની ક્રિયા કરાવવા વિનંતી કરી. શ્રી સંઘ-સભામાં સકલ સંઘને ઉપધાનનો નિર્ણય જાહેર કરી નિમંત્રણ કર્યું.

યોજના મોટી હોવાથી ઉપધાન સંચાલન ખડકીવાળા દલીચંદભાઈને સોંપવામાં આવ્યું. તેમજ દાદરથી કુશળ યોજક સાહેબચંદને તેડાવવામાં આવ્યા. એમાં વળી પ્રસિદ્ધ કાર્યકર્તા શ્રી ચીમનલાલ કડીઆ પૂજ્ય ગુરુદેવને વંદન કરવાર્થે આવેલા. તેમણે ઉપધાન નગરની ભવ્ય રૂપરેખાનું માર્ગદર્શન કર્યું. નવા પ્લોટો પર તૈયાર બંધાયેલા વિશાળ સાત આઠ મુકામો અને બીજી છૂટી મોટી જગામાં ઉપધાનનગર ઊભું થવાનું છે. પૂજ્ય મુનિવરોના સાઈઠ ઠાણા, પચીસ સાધ્વીજી મહારાજો તથા પાંચસો-હજાર ઉપધાન આરાધકોને અનુકૂળ સગવડની વ્યવસ્થા ચાલી રહી છે. તપસ્વી ભાઈઓને ખૂબ શાતા રહે, તેમજ પવિત્ર સૂત્રો, ક્રિયા, જાપ, ધ્યાન વગેરેના ભાવ અનેક જાતના લખાણો તથા ચિત્રોથી સમજાય તે માટેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૪,અંક-૧૬,તા.૩૧-૧૨-૧૯૫૫

અદ્‌ભુત ઉપધાનતપની આરાધના

સિદ્ધાંત મહોદધિ પરમપૂજ્ય આચાર્ય **ભગવંત શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની પરમ પુનિત** નિશ્રામાં પૂનાની ભવાની પેઠના ટીંબર માર્કેટના વિશાળ પ્લોટોમાં લગભગ સવાપાંચસો ભાઈઓ અને બહેનોનો ઉપધાનતપ ખૂબ જ ઉલ્લાસ પૂર્વક ચાલ્યો.

ઉપધાનતપની શરૂઆતમાં પહેલા મુહૂર્તે જ પ.પૂ. આચાર્યદેવના નામથી દૂર દૂરના ગામોથી સેંકડો માણસ ઉતરી પડ્યાં હતા. બીજા મુહૂર્તે ઉપધાન તપસ્વીઓની સંખ્યા પાંચસોનો આંકડો વટાવી ગઈ હતી. આ ઉપધાનતપ કરાવનારા ભવાની પેઠના આગેવાન ટીંબર મર્ચન્ટસ રત્નાજી રઘુનાથજી તથા મોટાજી રઘુનાથજી, એ

બે ભાઈઓની ભાવના અતિ ઉચ્ચ હતી. જેટલી સંખ્યામાં માણસો આવે તેટલા બધાને જ તપમાં દાખલ કરવાના હતા. ઉપધાનનો બધો લાભ પોતે લેવાના હિસાબે બીજાની ટોળીઓ પણ લેતા નહોતા. પણ બહુ આગ્રહ થવાને લીધે પાછળથી અમુક ખર્ચે ટોળી લેવા સ્વીકાર્યું.

આ બધું પૂનામાં થયેલા પૂ. આચાર્યશ્રીના સુંદર ચાતુર્માસને જ આભારી છે. જ્યારથી પૂજ્ય ગુરુદેવનાં ૬૩ સાધુના વિશાળ પરિવાર સાથે પાવન પગલાં થયાં ત્યારથી માંડીને શ્રી પુનમચંદજી માણેકચંદજી સંઘવી તરફથી બહારગામના જેટલા મહેમાનો આવે તેમની સુંદર ભક્તિ થતી હતી. ચાર મહિના સુધી તેમણે સાધર્મિક ભક્તિનો અપૂર્વ લાભ ઉઠાવ્યો. તેમજ શ્રી તારાચંદ લખમાજી, શ્રી શંકરલાલ કપૂરજી, શ્રી ભભુતમલ લીલાજી, શ્રી મોટાજી રઘુનાથજી, શ્રી વીરચંદજી મોતીજી, શ્રી શંકરજી ખુમાજી, શ્રી ચુનીલાલજી હુકમાજી, શ્રી મોહનલાલ ચાવાળા, શ્રી ચીમનલાલ લખમીચંદ, શ્રી ખેતાજી કસ્તુરજી વગેરે પણ પૂ. મુનિરાજોના વિશાળ સમુદાયની ખડે પગે ભક્તિ-વૈયાવચ્ચ ઉઠાવતા હતા. ગુજરાતી સંઘના આગેવાન શ્રી કેશવલાલ, શ્રી મણીલાલ, તથા મણીલાલ મોતીલાલ, શ્રી પોપટલાલ શાહ વગેરે પણ અવાર નવાર પૂ. આચાર્ય ભગવંતની પાસે આવી અનેકવિધ કાર્યોમાં પોતાનો સક્રિય ફાળો આપતા હતા, ચાતુર્માસ દરમિયાન કાળધર્મ પામેલા અત્રેના પ્રતિષ્ઠિત આગેવાન શ્રી વાલચંદ લખમીચંદે પણ પૂ. આચાર્યદેવાદિ મુનિમંડળની સેવાનો સુંદર લાભ ઉઠાવ્યો હતો. તેમજ ચોમાસા પૂર્વે મહિનાઓ સુધી બહારથી આવનાર મહેમાનો તથા મુમુક્ષુઓનો સારો લાભ ઉઠાવ્યો હતો.

સાધુ મહારાજોની શ્રીયુત ડૉક્ટર લલવાણી નિઃસ્વાર્થભાવે સેવાનો લાભ લઈ રહ્યા છે. આ રીતે અત્રેના અનેક સદ્‌ગૃહસ્થો પૂ. આચાર્યદેવાદિ મુનિવરોની પુણ્ય-સેવાનો અપૂર્વ લાભ ઉઠાવવા પૂર્વક શ્રી સંઘને અનેક વિધ ધર્મસાધના અને જિનવાણીશ્રવણમાં મહાન પુણ્ય નિમિત્ત બન્યા. હિંદી સાહિત્યરસિક શ્રી રંજન પરમાર પણ પૂજ્યશ્રીની નિશ્રામાં સારો સાહિત્યક નિઃસ્વાર્થ સેવાનો લાભ ઉઠાવતા.

સુપ્રસિદ્ધ વક્તા પૂ. **મુનિરાજશ્રી ભાનુવિજયજી** મહારાજનાં જાહેર સ્થળોમાં પ્રવચનો વગેરેના કાર્યક્રમો યોજવામાં અત્રેના ગુજરાતી બંધુ સમાજના સેક્રેટરી શ્રીયુત પી.ડી. નાણાવટી તથા કાન્તિલાલ ચીમનલાલ પણ પોતાનો સક્રિય ફાળો આપતા અને અત્યારે પણ એ તથા બીજાઓ શ્રી પોપટલાલ શાહની સાથે બાલદીક્ષા પ્રતિબંધક બીલના વિરોધમાં ખૂબ જહેમત ઉઠાવી રહ્યા છે. બીલ વિરોધ સમિતિનું સંચાલન કુશળ કાર્યકર શ્રી ચીનુભાઈ આત્મારામ વોલંટીઅરો શ્રી મહેન્દ્ર, ચંદ્રકાન્ત,

નરેન્દ્ર, સુરેન્દ્ર વગેરે સાથે કરી રહ્યા છે.

આ રીતે અનેક ધાર્મિક પ્રવૃત્તિઓથી પૂ. આચાર્યશ્રીનું પૂનાનું ચાતુર્માસ યશસ્વી નીવડ્યું છે; અને વિજયાદશમીએ તેના પર વિજયધ્વજ ચઢવા સમો શ્રી ઉપધાન તપ શરૂ થયો.

ભવાની પેઠમાં બંધાયેલા નૂતન પ્લોટોની વિશાળ જગામાં **ઉપધાનનગર** યોજવામાં આવ્યું. નાકા પર કળામય ભવ્ય પ્રવેશદ્વાર ખડું થયેલું છે. શ્રી જિનમંદિર પણ આ નગરમાં શેઠ રત્નાજીના પ્લોટમાં સ્થાપવામાં આવ્યું છે, શ્રી શાંતિનાથ પ્રભુના દિલ લોભાવે તેવા મનોહર બિંબ પર રોજ નવનવી અંગરચના થાય છે; તથા શેઠ મોટાજીના પ્લોટમાં પ્રવચન મંડપ, તથા તપસ્વીઓ માટે પારણાની વ્યવસ્થા છે. વળી દવાખાનું, પોલિસ સંરક્ષણના ચારે બાજુ કેમ્પ, સ્ત્રીઓને તથા પુરુષોને રહેવાની સંપૂર્ણ અનુકૂળતાવાળી, બીજા વેપારીઓની અનેક વિશાળ જગાઓ, તથા શેઠ શંકરજી ખુમાજીના વિશાળ પ્લોટમાં શ્રી આચાર્યદેવનો સપરિવાર મુકામ વગેરે સુંદર ગોઠવણ થઈ છે. આ ઉપધાન તપમાં ત્રણ નાના બાળકો તથા ત્રણ નાની બાળિકાઓનો પણ સમાવેશ થાય છે. નાના બાળકોએ તો બે છઠ્ઠ તેમજ એક અઠ્ઠમ જેવી તપચર્યા પણ કરી !

દરરોજ સવારે પ્રભાવક-પ્રવચનકાર પૂ. મુનિરાજશ્રી ભાનુવિજયજી મહારાજ પોતાની લાક્ષણિકશૈલીમાં વૈરાગ્યનો ધોધમાર ગંગાપ્રવાહ વહાવે છે; જેના પરિણામે ઉપધાનતપમાં કેટલાક યુવાન ભાઈ-બહેનો વૈરાગ્યમાં ખૂબ જ દૃઢ બન્યા છે; અને ચારિત્ર અંગીકાર કરવાની શુભભાવના ભાવી રહ્યા છે. આ ઉપરાંત પૂ. મુનિરાજશ્રી વિવિધ તત્ત્વજ્ઞાનના વિષય પર, ક્રિયાના રહસ્ય ઉપર સુંદર સમજુતિ આપે છે. શ્રી નમસ્કાર મંત્ર, શ્રી લોગસ્સ, શ્રી સકલતીર્થના સૂત્રો પર તો વિસ્તૃત નવીન ધારણા ચિત્ર સાથે બતાવતાં આરાધકોમાં નવીન સ્ફૂર્તિ આવી છે.

આ રીતે આખુંય ઉપધાનનગર એક અપૂર્વ ધર્મ સાધનાના કેન્દ્ર સમું બની ગયું. શ્રી પુનમચંદજી તપસ્વીઓની માવજતમાં ખાસ વૈદ અને નર્સની પણ વ્યવસ્થા રાખી છે. શ્રી દલીચંદજી, વીરચંદજી, શ્રી ચુનીલાલજી, શ્રી શંકરજી ઈત્યાદિ બાહોશ કાર્યકર્તાઓ સુંદર સેવા બજાવી રહ્યા હતા.

..... પૂનામાં ઉજવાયેલ ....

ઉપધાનતપ-પૂર્ણાહૂતિનો અભૂતપૂર્વ મહોત્સવ

પૂજ્યપાદ આચાર્યદેવશ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાનો

અદ્‌ભુત પુણ્ય-પ્રભાવ

પ.પૂ.મુનિવર્ય **શ્રી ભાનુવિજયજી મહારાજ**નાં વ્યાખ્યાનોમાં 'જીવરામ પટેલ' જેવાં ધર્મદૃષ્ટાંતો અને સુંદર ધર્મપ્રેરણાઓ સાંભળી શેઠ રત્નાજી રઘુનાથજી તથા શેઠ મોટાજી રઘુનાથજીનું મન પૂજ્ય આચાર્ય ભગવંતની નિશ્રામાં ઉપધાન કરાવવાનું ઉલ્લસિત થઈ ગયું. પછી તો સંઘ વચ્ચે પૂજ્યશ્રીને ઉપધાન કરાવવા અને સંઘને ઉપધાન કરવા વિનંતી કરાઈ. આકર્ષક લખાણવાળી કંકોત્રીઓ ગામગામના સંઘો પર રવાના થઈ.

બીજી બાજુ ભવાનીપેઠ નવા પ્લોટમાં અનેક વિશાળ મુકામોને ઠંડી વગેરેથી સુરક્ષિત કરાયા. તાડપત્રીઓ, લાકડાની ફરસી અને લાદીઓ દ્વારા જગાઓ વ્યવસ્થિત કરવામાં આવી, કે જેથી તપસ્વીઓને શાતા રહે. ઉપધાનની ક્રિયા ચેતનવંતી થવા માટે અનેકાનેક સુવાક્યોના બોર્ડો-જેમાનાં કેટલાક શ્રી ખંધકમુનિની ચામડી ઉતારવાનો ઉપસર્ગ, શ્રી શાલિભદ્ર-ધનાજીના વૈભારગિરિ પર અનશન, શ્રી નવકારમંત્રના પંચપરમેષ્ઠી અને નમસ્કારની સમવસરણ પર વિદ્યમાનતા; તથા શ્રી લોગસ્સ સૂત્રના ચાર અતિશય, ચોવીસ તીર્થંકર-ઇત્યાદિના આકર્ષક ચિત્રો તૈયાર થવા માંડ્યા.

દશેરાના શુભ મુહૂર્તે અને બીજા ચતુર્થીના મુહૂર્તે મળીને કુલ સવાપાંચસે જણાએ ઉપધાનમાં પ્રવેશ કર્યો. આમા બે નાના ૯-૧૦ વર્ષના બાળકોએ તો વચમાં બે છઠ્ઠ અને એક અઠ્ઠમ કરી કમાલ કરી ! બીજા પણ બાળક-બાળિકા ઉપધાનમાં હતા. આરાધનામાં વેગ આપે એવા ૬૦૬ના ઈન્જેક્શન જેવા વૈરાગ્યના વ્યાખ્યાનનો ગંગાપ્રવાહ વહેવા માંડ્યો. લોકોમાં ત્યાગ વૈરાગ્યની, સમભાવ અને સહિષ્ણુતાની ભાવના પ્રસરવા માંડી. જેથી તપશ્ચર્યામાં ઢીલા એવા પણ કેટલાય મજબૂત બનતા ગયા.

મોક્ષમાર્ગની આરાધના માટે ભવાભિનંદીપણાનો ત્યાગ જરૂરી છે અને તે માત્ર "મને સંસાર ગમતો નથી... સંસારનો પક્ષપાત નથી...રસ નથી..." એટલું કહેવાથી નથી ચાલતું; પણ એ સંસારના કારણે જે ક્ષુદ્રતાદિ દોષો સેવાય છે એને

દૂર કરવાની જરૂર છે. કેમકે આચાર્યદેવશ્રી હરિભદ્રસૂરિજી મહારાજે ભવાભિનંદીના ક્ષુદ્રતા, લોભ, લંપટતા, દીનતા, ઈર્ષ્યા, ભય, શઠતા, મૂઢતા અને નિષ્ફળ ઉદ્યમ એ આઠ ખાસીયત બતાવી છે. ઇત્યાદિ વિવરણ કરતાં ક્ષુદ્રતાદિ દરેકનું વિસ્તૃત વ્યાખ્યાન ચાલતું હતું.

"સાડી સાચવજે," "વ્યાસ અને પારાશરઋષિ," દશાર્ણભદ્ર, સનત્કુમારના પૂર્વભવ, શાલિભદ્ર, બાહુ સુબાહુ વગેરે દૃષ્ટાંતો પૂ. મુનિરાજશ્રી સુંદરશૈલીથી સમજાવતા. ઉપધાન પછી પણ રોજ બે વખત પ્રતિક્રમણ, ૫૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ, ૫૧ ખમાસમણાં, ૧ દેવવંદન, આખા દિવસમાં કલાકે કલાકે મોઢામાં ઓછામાં ઓછું એક વાર પણ 'નમો અરિહંતાણ' યાદ કરવું...વગેરે નિયમો થતા. સમ્યક્ત્વ, બારવ્રત વગેરે સમજાવતાં લગભગ ૩૦૦ જણાએ નાણસમક્ષ સમકિત અને વ્રત ઉચ્ચર્યા હતા.

ઉપધાન કરાવનાર શેઠ રત્નાજી અને મોટાજીની ઉદારતા એવી કે મોટા મર્ચની ટોળીઓ પોતે જ જમાડતા, પણ પાછળથી બીજાઓનો બહુ આગ્રહ થતાં માત્ર ૨/૩ ખર્ચે ટોળી લેવાનું રાખ્યું.

આર્ટીસ્ટ વસંતરાવે મોટા અધિવેશનના સમય જેવું ભવ્ય પ્રવેશદ્વાર ખડું કર્યું અને શ્રી ખંધકસૂરિજીના ૫૦૦ શિષ્ય પાલક પાપીથી ઘાણીમાં પીલાઈને મોક્ષમાં જાય છે-એની આબેહૂબ-રચનાત્મક રચના, તથા સીતાજી અગ્નિદિવ્ય કરે છે તેમાં અગ્નિની જલ-વાવડી બની જાય છે ને કમળ પર સીતાજી આરૂઢ થાય છે. રામચંદ્રજી વગેરે અયોધ્યા પધારવા વિનંતી કરે છે ત્યાં સીતાજી કેશલુંચન કરી સંસાર ત્યજીને દીક્ષા લે છે, એની આકર્ષણ રચના કરી હતી.

આમ જોતજોતામાં ઉપધાન પૂર્ણ થયા. લોકોને રસ રહી ગયો. જાણે હમણાં જ ઉપધાનમાં બેઠા હતા; અને જોતજોતામાં પૂરા થયા...એમ લાગ્યું.

પૂજ્ય આચાર્યદેવની પુણ્યપ્રભા સૂર્યપ્રભાની માફક તેજસ્વી છે. જેના પ્રતાપે સેંકડો ભવ્ય જીવો અદ્‌ભુત કઠોર ધર્મસાધના કરે છે. પૂજ્યશ્રીના નામ પર મહારાષ્ટ્રના દૂરદૂર સુધીના લગભગ ૭૫ સ્થળેથી ભાગ્યવાનો ઉપધાન કરવા આવ્યા હતા.

શેઠ મોટાજીના ધર્મપત્ની વકતુબાઈ, શેઠ વીરચંદજીના ધર્મપત્ની...વગેરે અનેક રાજસ્થાની ય શ્રાવકો-શ્રાવિકાઓ ઉપરાંત ગુજરાતી વર્ગમાંથી સ્વર્ગસ્થ મોટા મણિભાઈના ધર્મપત્ની કુસુમબેન, શેઠ મોહનલાલ ચાહવાલા, શ્રી શોભાલાલ...વગેરે ગુજરાતી ગૃહસ્થો, તથા બહારગામથી કોલ્હાપુરથી શેઠ ચેલાજી વનાજીના સુપુત્ર

બાબુલાલ, હુકમીચંદજીના સુપુત્ર લીલાચંદ, શેઠ હિન્દુમલજીના સુપુત્ર મોહનલાલ, સોલાપુરથી શેઠ સંપતલાલજી લુંક્કડ, મુંબઈથી માસ્તર કેશરીચંદ, જયસુખલાલ, હરગોવિંદભાઈ મણિયાર કુટુંબની ચાર કુમારિકા બહેનો...વગેરે ઠીક ઠીક ભાઈ-બહેનો જોડાયા હતા.

ઉપધાનની નિર્વિઘ્ન પૂર્ણાહૂતિ અને માળારોપણના પુણ્ય પ્રસંગને ભવ્ય રીતે ઉજવવા માટે સાથે એક મોટું સ્વામિવાત્સલ્ય જમાડવાનું પણ બંને ઉદાર બંધુઓએ નક્કી કર્યું. ચાંદીની રકાબીની પ્રભાવના પણ કરી. બીજા પણ અનેક ઉપધાન તપસ્વીઓ તરફથી સારા પ્રમાણમાં પ્રભાવનાઓ થઈ હતી. ઉત્સવ માટે દસ હજાર માણસ બેસી શકે એવો આલીશાન મંડપ ઊભો કરવામાં આવ્યો હતો. દેરાસરના મુકામને ખૂબ જ વિસ્તારવાળો કરવામાં આવ્યો હતો. ટ્યુબલાઈટોથી ઝળકતા મંડપમાં ભારે આહ્લાદકતા છવાતી હતી.

એટલામાં માગશર સુદ બીજનો દિવસ આવી પહોંચ્યો. સવારે ૮-૨૫ ના શુભ મુહૂર્તે માળાની ઉછામણી શરૂ થઈ. પહેલી માળની ઉછામણીનો આંક સેંકડોથી વધતો ચાલ્યો. તેમાં વચ્ચે પ્રાસંગિક વ્યાખ્યાનમાં કહેવામાં આવ્યું. કે "ભગવાન શ્રી જિનેશ્વરદેવોની ભક્તિ" "જિનેભક્તિ દિને દિને એ લાગણીથી જે કરવામાં આવે છે તે આ અસાર સંસારમાં મહા સારભૂત છે એમ માનીને; તેથી જ ભવ્ય આત્માઓ દેવગુરુધર્મની સેવા કરવાનો અવસર મળે છે. ત્યારે તન-મન-ધનની સર્વ શક્તિઓ પણ ખર્ચીને લાભ મેળવે છે. શ્રી વસ્તુપાળે સાધુનું અપમાન કરનાર વીરધવળ રાજાના મામાની ખબર લઈ નાખી. રત્ના શ્રાવકે ગિરનારજી સંઘયાત્રામાં જતા વચમાં આવી પડેલા દૈવી કોપમાં સંઘના મુખ્ય માણસ તરીકે પોતાની પત્ની, પુત્ર અને ભાઈને ના પાડી પોતે ઝંપલાવી દીધું અને આખા સંઘને ક્ષેમકુશળ રવાના કર્યો..." ઈત્યાદિ દૃષ્ટાંતોથી દેવદ્રવ્યની ઉત્તમ સેવાનું કર્તવ્ય બતાવ્યું.

ત્યારબાદ વળી માળાની બોલીનું કાર્ય આગળ ચાલતાં પહેલી માળાની બોલીનો ઝોક વધતો વધતો ૧૪૫૦૦ રૂપીયે જઈ પહોંચ્યો. તેનો આદેશ કોલ્હાપુરવાળા શ્રી બાબુલાલ ચેલાજી વનાજીને અપાયો. બીજી માળા શેઠ મોટાજીએ રૂા. ૭૦૦૦ માં લીધી. ત્રીજી કુસુમબહેને ૫૦૦૦ માં લીધી. એમ કરતાં માળાની ઉછામણી કુલ પોણો લાખ ઉપર પહોંચી હતી.

લોકોના હૈયામાં આનંદના સાગર ઉભરાતા હતા. એમાં સુદ ત્રીજનું મંગલકારી પ્રભાત ઊગ્યું. માળાના ભવ્ય વરઘોડાની સુંદર તૈયારી ચાલી. લગભગ ચારસો મોટર-બગી વગેરે વરઘોડામાં હતાં, શ્રમજીવીઓની જીવન આપદા આમ ફીટતી નથી, પણ

આવા ધર્મ-પ્રસંગો એને રાહત આપી જાય છે. એ સ્પષ્ટ અનુભવાય છે.

બપોરે ૧।।-૧।।। વાગે પૂનાના ઈતિહાસમાં કદી નહિ સાંભળેલો એવો તપસ્વી ભાઈ-બહેનોનો માળાનો ભવ્ય વરઘોડો નીકળ્યો. ઈન્દ્રધજા, ઊંટ પર ડંકા-નિશાન, ઘોડાઓ પર બોડીગાર્ડ, સેંકડો ગાડીઓ-વગેરે આખો વરઘોડો પૂરો જોતાં-લોકો કહેતા- "બે કલાકથી વરઘોડો જોઈએ છીએ...ચાલ્યા જ કરે છે !"

વરઘોડામાં ઉપધાનના રહસ્યને અને સ્વરૂપને દર્શાવતાં અનેક બોર્ડો શોભતાં હતાં. એમાં ફૂલની ભવ્ય છત્રી નીચે શ્રી નવકારમંત્રનો સમવસરણની રચનાવાળો પટ દેહુરોડવાળા શ્રી નથમલજીની ગાડીમાં અનેરો દીપી રહ્યો હતો. બાકી શ્રી બાબુલાલની, મોટાજીની, કુસુમબહેનની વગેરેની શણગારેલી ગાડીઓ વરઘોડાની શોભામાં અભિવૃદ્ધિ કરતી હતી. કેમ્પનાં મહિલા મંડળની બાળિકાઓ ગાડીમાં મધુર અવાજે પ્રભુભક્તિ-ગુરુભક્તિનાં ગીતો ગાઈ સુમધુર વાતાવરણ જમાવતી હતી. પ્રભુજીના રથની આગળ એવી એક બીજી શણગારેલી મોટી ગાડીમાં મુંબઈથી બોલાવેલું મહાવીર જૈન સંયુક્ત મંડળ પેટી-તબલાં, કાંસી, ખંજરી, વગેરેના સાજ સાથે પ્રભુભક્તિની સંગીતમય રમઝટ મચાવી રહ્યું હતું. પ્રભાત બેન્ડ, પોલીસ બેન્ડ, પાર્શ્વનાથ સેવા મંડળ બેન્ડ, વગેરે બેન્ડોએ મધુર સ્વરથી લગભગ આખા પૂનાને ગજાવી મૂક્યું હતું.

પૂ. આચાર્ય ભગવંત આદિ વિશાળ મુનિમંડળ, મહાજનનો સમુદાય અને શ્રાવિકા સમુહ સહિત બે ચાંદીના રથમાં શ્રી જિનેશ્વર ભગવાન જનતાની આતુર નજરો આકર્ષી રહ્યા હતા. રથમાં સારથી તરીકે શેઠ રત્નાજી અને શેઠ મોટાજી શોભી રહ્યા હતા. ચાર કલાક વરઘોડો ફર્યો.

રાત્રે બંને ઉપધાન દાનવીરોને શેઠ રમણલાલ દલસુખભાઈના પ્રમુખપદે માનપત્ર આપવાનો મેળાવડો થયો હતો. શ્રી રમણભાઈએ બહુ સુંદર શબ્દોમાં બંનેના સુકૃતની અનુમોદના કરી સભાને લાગણીવશ કરી દીધી હતી. ત્યારબાદ ચાંદીની ફ્રેમથી મઢેલા બે માનપત્રો બંને ભાઈઓને અર્પણ કરવામાં આવ્યાં હતાં.

બીજે દિવસે સવારે ૩૪૭ ઉપધાનવાહીઓની માળારોપણની ભવ્ય ક્રિયા શરૂ થઈ હતી. વરઘોડો અને માળારોપણના પ્રસંગમાં અનેકાનેક ગામ-નગરોમાંથી સારા સારા ગૃહસ્થો આવ્યા હતા. શેઠ જીવતલાલ પ્રતાપશી, રમણલાલ દલસુખભાઈ, ખુશાલભાઈ ખેંગારભાઈ, વીરચંદ નાગજીભાઈ, શ્રી બાવચંદ ગોપાળજી, શ્રી બાબુભાઈ પરમાર, ઉત્તમચંદ માનચંદ, રીખવચંદ હાથીચંદ, દામજીભાઈ જેઠાભાઈ વગેરે હાજર હતા.

બહારગામનું પાંચેક હજાર માણસ અને સ્થાનિક ૧૦-૧૫ હજાર માણસ માળારોપણના ભવ્ય પ્રસંગ પર હાજર હતું. ઉપધાનતપમાં વિશાળ સંખ્યામાં આરાધકો, ઉપધાનની સુંદર અનુકૂળતા, મહેમાનોની રોજ ભક્તિ, માળાનો વરઘોડો, માળારોપણ-ઈત્યાદિ પ્રસંગો વિ.સ. ૧૯૯૮ ના શેઠ માણેકલાલ ચુનીલાલ તરફથી અંધેરી મુકામે ઉજવાયેલ ભવ્ય ઉપધાન-તપની યાદ આપતાં હતાં. એમાં ય મુંબઈની અપેક્ષાએ નાના એવા પૂના શહેરમાં પણ આ અપૂર્વ વરઘોડો અને માળારોપણ પ્રસંગ વિશેષતાવાળા બની ગયા.

માળાના આખા દિવસના સ્વામિવાત્સલ્યમાં સવાર સાંજ મળી કુલ પાંત્રીસ હજાર લગભગ સ્ત્રી-પુરુષો જમ્યાં.

વ્યવસ્થા જાળવવામાં શ્રી ચુનીલાલ હુકમાજી, શ્રી વીરચંદજી, શ્રી પી.ડી. નાણાવટી, કાન્તિલાલ ચીમનલાલ,-વગેરેએ ખૂબ સેવા આપી હતી. તેમ શ્રી પુનમચંદ સંઘવી, દલીચંદજી ખડકીવાળા, શ્રી ખેતાજી વગેરેનો પણ સેવા આપવામાં સુંદર ફાળો હતો.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" **વર્ષ-૫,અંક-૧,તા.૧૫-૯-૧૯૫૬**

મુંબઈના અનુમોદનીય સમાચાર

સિદ્ધાંત મહોદધિ પરમગીતાર્થ શાસનના પરમહિતચિંતક પૂજ્યપાદ કરુણાનિધિ આચાર્યભગવંત **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા** પોતાના પટ્ટાલંકાર આગમપ્રજ્ઞ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજ, પૂ. મુનિપ્રવર શ્રી રૈવતવિજયજી ગણિવર, પૂ. મુનિરાજશ્રી હેમંતવિજયજી ગણિવર તથા પ્રભાવક પ્રવચનકાર પૂ. **મુનિરાજશ્રી ભાનુવિજયજી ગણી** આદિ વિશાળ પરિવાર સાથે પૂનાથી વિહાર કરી મુંબઈ-લાલબાગ-ઉપાશ્રયમાં પધાર્યા, ત્યારથી અહીં ધર્મ-આરાધનામાં સુંદર વેગ આવ્યો છે. પૂ. આચાર્ય ભગવંતની આજ્ઞાથી પૂ. આચાર્ય શ્રી જંબૂસૂરીશ્વરજી મહારાજ રોજ નિયમિત જ્ઞાતાધર્મકથા તથા પાંડવ ચરિત્ર પર પ્રેરક પ્રવચનો આપી ભવ્ય જીવો પર મહાન ઉપકાર કરી રહ્યા છે. તેમજ **પૂ. આચાર્ય ભગવંતને આદીશ્વરજી જૈન દહેરાસરજી (પાયધુની)ના ટ્રસ્ટી તરફથી પૂ. વિદ્વદ્વર્ય મુનિરાજશ્રી ભાનુવિજયજી ગણિવરના વ્યાખ્યાનો માટે આગ્રહ ભરી વિનંતી થતાં, પૂ. આચાર્યદેવે વિનંતી કબૂલી; ને તદનુસાર પૂ. મુનિરાજનાં ભવ્ય પ્રવચનો આદેશ્વરજી દેરાસરના નીચેના હોલમાં શરૂ થયાં. પૂ. મુનિરાજશ્રીએ લગભગ એક મહિનો "અરિહંત**

પરમાત્માના શાસનની કદર" પર રોચક પ્રવચનો આપ્યાં. ત્યારબાદ હવે વીસસ્થાનકના પદો પર સુંદર અને અદ્‌ભુત વિવેચન થઈ રહ્યું છે. વ્યાખ્યાન હોલ ચિકાર ભરાઈ જાય છે. ઘણાય મોડા પડેલા મહાનુભાવોને નિરાશા સાથે પાછું જવું પડે છે !

આ ઉપરાંત, પૂ. આચાર્યદેવશ્રી જંબૂસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. મુનિવરશ્રી ભાનુવિજયજી ગણિવરનાં કેટલાક જાહેર પ્રવચનો પણ થયાં, અને થાય છે. જેમાં મુંબઈની તત્ત્વપિયાસુ જનતા મોટી સંખ્યામાં લાભ લઈ રહી છે. વિશેષમાં અત્રે શ્રાવણ વદ ૫, રવિવારના દિવસે બે ભવ્ય કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા.

શ્રી સિંહતિલક સૂરીશ્વરકૃત પંચપરમેષ્ઠિ-કલ્પમાં '**अरिहंत चतुर्वर्णं जपन् ध्यानी चतुःशतीम् । लभते दृष्टजैनात्मा चतुर्थतपसः फलम् ॥**' શ્રી જિનેશ્વરદેવ પર શ્રદ્ધાવાળો આત્મા ધ્યાનમગ્ન બની **'અરિહંત'** એ ચાર અક્ષરનો જાપ ૪૦૦ વાર જપતાં થકાં ઉપવાસના ફળને પામે છે."

આ પ્રમાણે 'અરિહંત'ના જાપનું અપૂર્વ ફળ જાણવામાં આવતાં તેનો સામુદાયિક સવાક્રોડનો જાપ લાલબાગમાં કરાવવામાં આવ્યો હતો.

૫-૭ દિવસ પહેલાથી આ મહાજાપયજ્ઞની જાહેરાત થયેલી હોઈ લોકો પોતાનું નામ અને જાપની સંખ્યા લખાવી જતા હતા. આગલા દિવસે સાંજે તો વિશાળ વ્યાખ્યાન-હૉલ ધજા-પતાકાઓથી સુશોભિત બનાવવામાં આવ્યો. તેમજ એક મોટું અને સુંદર સમવસરણ પર ભવ્ય અશોક વૃક્ષ નીચે બિરાજમાન 'અરિહંત' પરમાત્માનું ચિત્ર (તૈલી) તૈયાર કરવામાં આવ્યું; કે જે દૂર બેઠેલા ભાઈ-બહેનો પણ એના પર પોતાનું મન કેન્દ્રિત કરી શકે.

આગલા દિવસે સાંજ સુધીમાં લગભગ એક ક્રોડ ને ત્રીસ હજાર જાપ તો નોંધાઈ ગયો હતો.

સવારમાં છ વાગ્યાથી સ્ત્રી-પુરુષોનો ધસારો શરૂ થઈ ગયો હતો. **સવારમાં સ્નાત્રનો પ્રોગ્રામ હતો. શ્રી મહાવીર જૈન સંયુક્ત મંડળે સ્નાત્રપૂજાની રમઝટ જમાવી,** ત્યારબાદ પૂ.આ.શ્રી જંબૂસૂરીશ્વરજી મહારાજે તથા પૂ. મુનિવર શ્રી ભાનુવિજયજી ગણિવરે સામુદાયિક દેવવંદન કરાવ્યું. **હજુ જાપ શરૂ નહોતો થયો ત્યાં તો ચારે બાજુ સ્ત્રી-પુરુષોની ચિકાર મેદની જામી ગઈ હતી.** ઠેઠ દરવાજાના છેડા સુધી માણસો બેઠેલા દેખાતા હતા.

દેવવંદન થઈ ગયા બાદ અડધો કલાક **"અરિહંત અને એમના જાપનો મહિમા." એ વિષય પર પૂ. ભાનુવિજયજી મુનિરાજશ્રીએ અદ્‌ભુત પ્રવચન આપ્યું.**

અને "શ્રી અરિહંત પદ ધ્યાઈએ..."ની ઢાળ ગવરાવી.

માનવનો જાણે સાગર ન પથરાયો હોય ! અને એવી જ પરમશાન્તિ ! વચ્ચોવચ એક પાટ ઉપર પૂ. આચાર્યદેવ તથા પૂ. મુનિરાજશ્રી ભાનુવિજયજી ગણિવર..., નીચે સાધુ સમુદાય, વ્યાખ્યાન પીઠ પર અરિહંતદેવનું દિવ્ય તૈલી ચિત્ર, આગળ ત્રિગડા પર શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુની શ્વેત-આરસની સુકા બરાસ, કટોરાની આંગીથી શોભતા પ્રતિમાજી...એની આગળ સંગીત મંડળ, બાજુમાં વીણાવાદક, ચારે બાજુ સાધક સમૂહ...વગેરે યોજના થઈ હતી.

જાપ શરૂ કરવાનો પૂજયશ્રીએ આદેશ આપ્યો ને જાપ શરૂ થયો. માળા કે વેઢા વિના પણ ૩૦૦-૫૦૦ સુધી પણ જાપ કેમ કરવો, જાપ કરતાં મન ચંચળ ન બને ને સ્થિર રહે, તે માટેના ઉપાયો વગેરે પૂજય મુનિશ્રીએ પહેલાં જ સમજાવેલું હોઈ જાપ વખતનો શાંત દેખાવ હૃદયને આનંદિત કરે તેવો હતો. જાપકાળ દરમિયાન દિલરુબાના મનોગમસૂર મંડપમાં પથરાતા હતા. ચારે બાજુ ધૂપથી વાતાવરણ સ્વચ્છ બન્યું હતું. એકંદરે ચારે કોર પ્રસન્નતાનું અનુપમ વાતાવરણ સર્જાયું હતું.

પાંત્રીસેક મિનિટ વીતી...જાપ થંભ્યો, અને મંડળે અરિહંતના ગુણગાનની પૂજાની ઢાળ શરૂ કરી. ઢાળ પૂરી થતા અરિહંતની ધૂન લગાવવામાં આવી.

ધૂન :

ૐ અરિહંત	ૐ અરિહંત	ૐ અરિહંત
જય અરિહંત	જય અરિહંત	જય અરિહંત
નમો અરિહંત	નમો અરિહંત	નમો અરિહંત
જપો અરિહંત	જપો અરિહંત	જપો અરિહંત
ભજ અરિહંત	ભજ અરિહંત	ભજ અરિહંત

૫-૭ મિનિટ ધૂન ચાલ્યા બાદ, પાછો પ્રફુલ્લ હૃદયે ને આનંદિત ચહેરે જાપ શરૂ થયો. ૩૦-૩૫ મિનિટ નીરવ શાંતિ સાથે દિલરૂબાના મધુર નાદ વચ્ચે જાપ ચાલ્યો, વળી સ્તવન, અને ધૂન ! વળી જાપ. એમ **નવ વાગ્યાથી માંડીને સવા બાર વાગ્યા** સુધીમાં પ્રત્યેક વ્યક્તિને **સાડા બાર હજારનો** પૂર્ણ થયો. આમ તો લોકોએ વહેલી સવારથી જાપ શરૂ કરેલો, ને રાત સુધી ચાલુ રાખેલો. તેમાં ૨૫-૫૦ હજાર સુધીની જાપ ભાગ્યશાળીઓએ કર્યો.

સાડા બાર વાગે વિસર્જન થયું. **વાડીમાં ઘેંસના આયંબીલની સગવડ રાખવામાં આવી હતી. લગભગ ૧૨૦૦ ભાઈ-બહેનોએ આયંબીલ કર્યાં.** કેટલાક ભાઈ-બહેનોએ **ખીરનાં એકાસન કર્યાં.** કેટલાકોએ ઉપવાસ કર્યા. લગભગ સવા બે

વાગે તો પાછા લોકો વ્યાખ્યાનહોલમાં ગોઠવાઈ ગયા.

હવે બીજો પ્રોગ્રામ શરૂ થવાનો હતો. શ્રી ભગવતી સૂત્રને અનુસારે જન્મો-જન્મના **પુદ્‌ગલ વોસિરાવવાનો,** તથા પાપની ગર્હાપૂર્વક એના અનુબંધ છોડી આત્માને હળવો બનાવવાનો અદ્‌ભુત પ્રસંગ યોજવામાં આવ્યો હતો.

શરૂઆતમાં પૂ. મુનિરાજશ્રી **ભાનુવિજયજી મહારાજે "જીવન પાપ અને શુદ્ધિ"** એ વિષય પર વેધક વ્યાખ્યાન આપી સમજાવ્યું હતું કે **જીવે પૂર્વે મૂકેલા શરીરો અને પાપસાધનો અવિરતિના કારણે ભવોભવ કર્મબંધ કરાવે છે.** તો એને વોસરાવવા જોઈએ. બીજું ભવસ્થિતિના પરિપાક માટે દુષ્કૃતોની ગર્હા જરૂરી છે. એથી પાપના અનુબંધ ઢીલા પડી જાય છે. સાથે ચંડકોશિકની દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી પાપવૃદ્ધિ સમજાવી હતી.

ત્યારબાદ પૂ. આચાર્યદેવશ્રી જંબૂસૂરીશ્વરજી મહારાજે અરિહંત પરમાત્માની શાક્ષીએ દેવવંદન, ગુરુવંદન કરાવવા પૂર્વક પુદ્‌ગલ વોસિરાવવાની ભવ્ય ક્રિયા કરાવી હતી, ભવ્ય જીવોના મન સંવેગથી ગદ્‌ગદ બન્યા હતા. **શ્રી ભગવતીજી સૂત્રનો આ ક્રિયાને લગતો પાઠ વાંચી સંભળાવ્યો હતો.** ત્યારબાદ પૂજ્ય મુનિરાજશ્રી ભાનુવિજયજી ગણિવરે શ્રી તત્ત્વાર્થસૂત્ર યોગશાસ્ત્રાદિના આધારે જ્ઞાનાવરણીય આદિ દરેક પાપ કર્મનાં બંધક કારણોરૂપી દુષ્કૃતોને વિસ્તારપૂર્વક સમજાવ્યા હતા; અને સ્થળે સ્થળે મિચ્છામિ દુક્કડ દેવરાવ્યા હતા. તે અંગે શ્રી પંચસૂત્ર, શ્રી ચઉસરણ વગેરેના પાઠો પણ બોલવામાં આવ્યા હતા.

અતીત સર્વ શરીર પુદ્‌ગલો તથા પાપાધિકરણો વોસિરાવવામાં આવ્યા. ચતુઃશરણ, દુષ્કૃત ગર્હા, સર્વજીવ ક્ષમાપના ને સુકૃત અનુમોદના સાથે આ ક્રિયાની સમાપ્તિ થઈ હતી.

મુંબઈની જનતાએ **ચારેક વર્ષ પૂર્વે બે-ત્રણ વખત આ ક્રિયા કરેલી,** પણ તે છતાંય આ વખતે પણ ઉભરાતી માનવ મેદનીએ આ ક્રિયા કરી હતી. અંતે આ ક્રિયા કર્યાની સ્મૃતિરૂપે દરેકને પ્રતિજ્ઞાપત્ર (છાપેલાં) આપવામાં આવ્યાં હતાં કે જેનું નિત્ય વાંચન કરવાથી આત્મા ઘણો જ જાગ્રત રહે.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" **વર્ષ-૫,અંક-૬,તા.૧-૧૨-૧૯૫૬**

દાદરમાં ઉજવાયેલ શાનદાર મહોત્સવ

દાદર મુકામે આસો સુદ ૧૦ થી ઉપધાન મહોત્સવ શરૂ થયેલો. **પરમ**

કૃપાળુ, વાત્સલ્યનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની પુનિત નિશ્રામાં આરાધક આત્માઓના દિન પ્રતિદિન ઉલ્લાસ-આનંદ વૃદ્ધિગત રહ્યો છે. **પૂજ્ય ગણિશ્રી ભાનુવિજયજી મહારાજના વ્યાખ્યાનોમાં ભવભાવના** શાસ્ત્રના આધારે ભાવનાઓનું હૃદયસ્પર્શી વર્ણન અને નમુત્થુણં-વાંદણા વગેરે સૂત્રોના અદ્‌ભુત ભાવોનું વિવેચન ચાલ્યું. તેણે તપસ્વી અને બીજા ભવ્ય જીવોને સંવેગ વૈરાગ્યમાં ઝીલતા કરી દીધા છે. દિવાળીના દિવસે-દિવાળી કલ્પની દસ ઢાળો સંભળાવવામાં આવી. કા.-૧૫ સિદ્ધગિરિ ઉપર નવાણું અભિષેકની પૂજાનો અદ્‌ભુત પ્રસંગ ઉજવવામાં આવ્યો. તે પૂર્વે કારતક સુદ ૧૪ ના વ્યાખ્યાનમાં પૂજ્યશ્રીએ સિદ્ધગિરિના ગુણ ગાયા. અનંત સિદ્ધો અહીં મોક્ષપદ પામ્યા. શ્રી આદીશ્વર ભગવાન નવાણું પૂર્વવાર એટલે કે લગભગ ૬૯ લાખ અબજ વાર-સિદ્ધગિરિ પધાર્યા. કેઈ આત્માઓએ લાખો કરોડો મુનિ સાથે આ તીર્થાધિરાજ પર અનશન કર્યા. ખાસ કરીને કા. પૂનમે દ્રાવિડ અને વારિખિલ્લ મહર્ષિઓ ૧૦ ક્રોડ મુનિઓની સાથે અહીં અનશન કરી સકલ કર્મનો ક્ષય કરવા પૂર્વક-અજરામરપદ પ્રાપ્ત કર્યું. એવા એ મહાતીર્થના પૂજનના લાભાર્થે સિદ્ધગિરિના નવાણું અભિષેકની ભવ્ય પૂજા છે. વગેરે પ્રેરક વિવેચન બાદ ૯૯-૯૯ પંચામૃતપૂજા, જલપૂજા, વિલેપન વગેરેની ઉછામણી બોલાવવામાં આવી. આરતી દીવો શાંતિકલશની ઉછામણી બીજે દિવસે થઈ. વ્યાખ્યાન શ્રવણથી-શ્રોતજનોમાં ઉલ્લાસ અને ભાવની વૃદ્ધિ છલકાતી હતી તેથી લગભગ ૫૦૦ મણ ઘીની ઉપજ થઈ. કા. સુદ ૧૫ ના પ્રાતઃકાળે પરમાધ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા વિશાલ શિષ્યસમુદાયનું ચાતુર્માસ પરાવર્તન શેઠ શ્રી જયસુખલાલ ચુનીલાલનો ઘણો આગ્રહ હોવાથી એમના નિવાસ સ્થાને કરાવાયું, જ્ઞાનમંદિરથી પૂજ્ય આચાર્ય ભગવંતાદિનો સ્વાગત વરઘોડો ઉપધાન તપસ્વી ભાઈ-બહેનો સહિત મોટા સંઘ સમૂહ સાથે નીકળ્યો.

સિદ્ધગિરિનો મહિમા સૌના મનમાં ગુંજતો હતો. વરઘોડો ચાલતા વચમાં દાદર શ્રી શાંતિનાથજી ભગવાનના દેરાસરે સૌએ ઉલ્લસિત ભાવે સિદ્ધગિરિ પટના દર્શન-ચૈત્યવંદન, ખમાસમણાદિ કર્યા. પછી જયસુખભાઈને ત્યાં પધાર્યા. આખા કુટુંબનો ઉલ્લાસ ભારે હતો. વિશાળ અગાશીમાં ભવ્ય મંડપ બાંધવામાં આવ્યો હતો.

પૂજ્ય આચાર્યદેવશ્રીની આજ્ઞાથી પૂજ્ય મુનિરાજશ્રી ભાનુવિજયજી ગણિવરે-સુકુલ જન્મ, સદ્‌દ્રવ્ય, સિદ્ધક્ષેત્ર, સમાધિ અને સંઘ એ પાંચ સકાર ઉપર પ્રેરક પ્રવચન આપ્યું. જૈન કુળમાં જન્મવા માત્રથી કેટલા ઉત્તમ દયા, અરિહંત ભક્તિ વગેરે ગુણો મળ્યા ! હવે એની સફળતા શામાં ? બીજું ચૌદ રાજલોકમાં મોક્ષ

સાધક ચારિત્ર ધર્મના માત્ર ૧૫ ક્ષેત્રો જ છે, તેમાં એકલા આ ભરત ક્ષેત્રમાં સિદ્ધગિરિ છે; બાકીના ૧૪ ક્ષેત્રમાં એવું તીર્થ નથી. સમાધિ માટે બાકીના ચાર સકાર મળ્યા પછી જિન વચન પર શ્રદ્ધા અને તદનુસાર પુરુષાર્થનો ખૂબ ખૂબ અભ્યાસ હોય તો સમાધિ સુલભ થાય. ચતુર્વિધ સંઘનો સમાગમ તો મહાભાગ્યવાન હોય તેને મળે વગેરે વિવેચન કર્યું.

બપોરે સિદ્ધગિરિ નવાણું અભિષકપૂજા પ્રસંગે સુરતથી ખાસ પધારેલા સુપ્રસિદ્ધ ગવૈયા મોહનભાઈના સુપુત્રો સોભાગચંદ અને સુરેન્દ્રભાઈએ અને સ્થાનિક મહાવીર સંયુક્ત મંડળે મનુભાઈના નેતૃત્વ નીચે નવનવી રાગરાગિણીના સંગીતને લહેરાવતાં પ્રભુભક્તિની ભારે રમઝટ મંચી. વચમાં વચમાં ધૂન, ડાંડીયા, સંગીતની લહેર તથા હોલનો ભવ્ય શણગાર, ઊંચા આસને આદીશ્વરપ્રભુના નવાણું અભિષેક, વિલેપન, પુષ્પ પૂજન વગેરે જાણે દેવદશ્ય ખડું કરતું હતું. ભક્તિરંગથી સૌના હૈયા નાચી ઉઠ્યા હતા. વચમાં વચમાં પૂજ્ય મહારાજશ્રી ભાનુવિજયજી ગણિવર પૂજાનો ભાવ સમજાવતા હતા તેથી સૌને અધિક ભક્તિરસ વધતો હતો. માનવ મેદનીએ વિશાલ હૉલને ભરચક ભરી દીધો હતો.

વિશેષમાં દાદરના ભાઈઓએ પૂ. આચાર્યદેવેશની નિશ્રામાં શ્રી શંખેશ્વર ઉપધાનની માળ પછી તરત જ ત્યાંથી સિદ્ધગિરિનો પગપાળા સંઘ કાઢવાની ઈચ્છા જાહેર કરી હતી. ૧૦૦-૧૨૫ મુનિવરો સાથે પૂજયશ્રી પધારે, એવી ભારપૂર્વક વિનંતી કરી હતી.

આ સંબંધમાં જાણવા યોગ્ય એ છે કે સુરેન્દ્રનગરમાં પૂજ્ય તપસ્વી પં શ્રી કાન્તિવિજયજી મહારાજ તથા મુનિરાજશ્રી રાજવિજયજી મ.ના વર્ધમાન આયંબિલતપની મુનિવર અને શ્રાવક સંઘની જોરદાર વિનંતી હોવાથી તથા શ્રી શંખેશ્વરજીમાં હિંમતમલજી બેડાવાલા તરફથી ઉપધાન કરાવવાની અત્યંત ઉત્સાહભરી પ્રાર્થના હોવાથી પૂ. ગુરુદેવશ્રી આચાર્ય ભગવંત સપરિવાર દાદરમાં કારતક વદ ૧૨ ઉપધાન માળ કરાવીને વદ ૧૩ સવારે સૌરાષ્ટ્ર તરફ વિહાર કરશે.

કારતક વદ ૧૧ માળારોપણ પૂર્વેનો ભવ્ય વરઘોડો છે તથા પૂ. મુનિરાજશ્રી પદ્મવિજયજી ગણિવરના શિષ્ય મુનિશ્રી જયવર્ધનવિજયજી તથા શ્રી વિદ્યાનંદવિજયજીની વડી દીક્ષા છે. આ બંને સંસારીપણે પિતા-પુત્ર છે, મૂળ રાજકોટના વતની અને એવા ધન્ય આત્મા કે એમના વૈરાગ્યવાસિત સંસારી પત્ની તથા બે પુત્રીઓને પણ દીક્ષા સહર્ષ અપાવી હતી.

કાર્તિક વદ આઠમના દિવસે "નવી ભાત ! નવો રંગ !" ના હેડિંગથી

બહાર પડેલી જાહેર પ્રવચનની પત્રિકા મુજબ સવારે ૮।। વાગે પૂ. મુનિરાજશ્રી ભાનુવિજયજી ગણિવરે શ્રી "સકલતીર્થ" સ્તોત્ર પર નજર સામે હૂબહૂ તરવરે એવી સુંદર સમજુતી આપી હતી. એ માટે કોલ્હાપુરના પ્રસિદ્ધ આર્ટિસ્ટ ઉઘવરાવ પાસે ખાસ તૈયાર કરાવેલ 'સકલતીર્થ'ના ભવ્ય અને વિશાળ ચિત્રની ઉદ્‌ઘાટન વિધિ કરવામાં આવી હતી. ચિત્રના ઉદ્‌ઘાટન માટે ઉછામણી બોલાતાં ૨૫૦ રૂપિયામાં શ્રી પોપટલાલ પરસોતમદાસે (જામનગરવાળા) ઉછામણી લીધી હતી અને જિનેશ્વરદેવના જયધ્વનિ વચ્ચે સભામાં ચિત્રનું ઉદ્‌ઘાટન થયું હતું. ચિત્રની સુંદર સમજુતી પૂ. મહારાજશ્રીએ આપી હતી. ત્યારબાદ એ પટની લીથોપ્રેસમાં નકલો કઢાવવી તેવી વિચારણા થતાં, એક નકલ લગભગ સવા રૂપિયે મળે એ હિસાબે સભામાંથી લગભગ હજાર કોપીઓ તો તરતજ નોંધાઈ જવા પામી ! હજુ જે ભાઈ-બહેનોને નકલો જોઈતી હોય તેમણે દિવ્યદર્શન કાર્યાલય, મુંબઈના સરનામે જણાવી દેવું. ટૂંક સમયમાં સકલતીર્થનું વિવિધ રંગોથી સુશોભિત ચિત્ર (મોટી સાઈઝમાં) છપાઈ તૈયાર થઈ જશે. જીવનમાં આવું જોવા-જાણવાનું પ્રથમ જ હોઈ મોટી સંખ્યામાં સ્ત્રી-પુરુષોએ હાજરી આપી હતી.

દસ વાગતાં શ્રી ઉપધાન તપ માળારોપણની ઉછામણી બોલાવવામાં આવી હતી. પૂ. પરમારાધ્યપાદ આચાર્ય ભગવંતની પુનિત નિશ્રામાં બોલી શરૂ થઈ હતી. ૩૦-૩૨ માળાની ઉછામણી સંપૂર્ણ થઈ હતી. હવે બાકીની માળાઓની ઉછામણી પછીના દિવસોમાં બોલાવશે. અત્યાર સુધીમા ૧૬-૧૭ હજારની દેવદ્રવ્યની ઉપજ થઈ ચૂકી છે.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૫,અંક-૧૦,તા.૧-૨-૧૯૫૭

પૂ. આચાર્ય ભગવંતના પુનિત પગલાથી ગુજરાતમાં થયેલ અપૂર્વ શાસન પ્રભાવના

સિદ્ધાન્તમહોદધિ ચારિત્રચૂડામણિ કર્મફીલોસોફીના અસાધારણ વિદ્વાન પ.પૂ.આચાર્ય ભગવંત શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની** પુનીત નિશ્રામાં દાદર મુકામે મહામંગલકારી પંચમંગલમય મહાશ્રુતસ્કન્ધાદિ ઉપધાન તપની આરાધના, તેનો માળારોપણ મહોત્સવ, શાંતિસ્નાત્ર વગેરે અતિશય આનંદપૂર્વક થયા હતા. ઉપધાન તપના માળારોપણ મહોત્સવની નિર્વિઘ્ન પૂર્ણાહૂતિ બાદ કા. વદ ૧૩ ના રોજ પૂ. આચાર્ય ભગવંતે સુરેન્દ્રનગર બિરાજમાન તપસ્વીરત્નો પ.પૂ. પંન્યાસજી

મહારાજ શ્રી કાન્તિવિજયજી ગણિવર તથા પૂ. મુનિરાજશ્રી રાજવિજયજી મહારાજને ચાલતી વર્ધમાનતપની ૧૦૦ મી ઓળીના પારણા પ્રસંગે સુરેન્દ્રનગરના સંઘની અતિ આગ્રહભરી વિનંતીને માન આપી તે તરફ વિહાર લંબાવ્યો.

(૧) બોરીવલી પધારતાં ત્યાંના સંઘમાં આનંદની લાગણી અનુભવાઈ. ગત ચાતુર્માસમાં ત્યાંના સંઘમાં પડેલ વિખવાદ પૂ. આચાર્યભગવંતની પુનિત પધરામણીથી મટી ગયો. સંઘમાં જનતાએ સારો લાભ ઉઠાવ્યો હતો. ઐક્યતા સાથે શાન્તિ સ્થપાઈ. તેઓશ્રીએ ઉગ્રવિહાર લંબાવી વાપી પધાર્યા. વાપીના સંઘમાં પૂ. આચાર્ય મહારાજશ્રીના પુનિત આગમનથી અનેરો આનંદ પ્રગટ્યો. (૨) પવિત્ર મહાપુરુષોના આનંદપ્રદ આગમનના નિમિત્તે ખુશાલીમાં ત્યાંથી બગવાડાનો સંઘ એક પુણ્યશાળી ભાઈ ખીમચંદ કેસરીચંદ તરફથી તેઓશ્રીની શીતલ છાયામાં નીકળ્યો. બગવાડાના સંઘે સંઘનું ભવ્ય સ્વાગત કર્યું.

બગવાડાથી આગળ વિહાર લંબાવતા વચમાં સુરત, નવસારી, વ્યારા વગેરે અનેક સંઘોની વિનંતી ત્યાં ત્યાં પધારવા અંગે આવી હતી. નવસારી આવતાં હતા. ત્યાં વ્યારાના સંઘના શ્રી દલિચંદ વગેરે ભાઈઓ ફરીથી વિનંતી કરવા આવ્યા. પૂ.આ.ભગવંતનું સાંસારિક મોસાળ વ્યારા હોવાથી તે બધાની જોરદાર વિનંતી ત્યાં પધારવા માટે થઈ. વ્યારાના સંઘની વિનંતીનો સ્વીકાર થતાં ત્યાંના સંઘમાં અનહદ આનંદ છવાઈ ગયો. (૩) નવસારીના સંઘમાં એક પુણ્યશાલીભાઈને પંચકલ્યાણી ઓચ્છવ કરવાનો શુભ મનોરથ હોવાથી પૂ.આ.મહારાજશ્રીને રોકાવા વિનંતી કરી. પૂજ્યશ્રીએ પોતાના વિદ્વાન આગમપ્રજ્ઞ શિષ્યરત્ન પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજયજંબુસૂરીશ્વરજી મહારાજને ઉત્સવ પ્રસંગે ત્યાં રોકાવાયા હતા. નવસારીમાં તેઓશ્રીની મંગલમય નિશ્રામાં પાંચ દિવસ પૂજા, પ્રભાવના, વ્યાખ્યાન તથા છેલ્લે છેલ્લે સાધર્મિક વાત્સલ્ય થયા હતા. (૪) પૂ.આ.ભગવંત વ્યારા આવતાં વચલા, સાતમ, કરયેલીઆ વગેરે અનેક ક્ષેત્રોમાં સારી ધર્મજાગૃતિ થવા પામી હતી. 'સાતમ' ગામમાં એક પાટીદારભાઈને ત્યાં પૂ. મુનિરાજશ્રી પદ્મવિજયજી ગણિવરે જાહેર વ્યાખ્યાન કર્યું હતું. સવારના પૂ.આ.ભગવંત વિહાર કરતાં તે પુણ્યશાલી પાટીદારભાઈને ત્યાં પધાર્યા. અતિશય આનંદની વાત એ કે તેમને તથા તેમની ધર્મપત્નીએ યાવજીવના બ્રહ્મચર્ય વ્રત લીધા અને ધાર્મિક ક્ષેત્રોમાં પોતાની લક્ષ્મીનો સદુપયોગ કરવાનો પણ અભિગ્રહ કર્યો. પૂ. હેમંતવિજયજી ગણિવરે પ્રવચન કર્યું હતું. (૫) પૂજ્યશ્રી વિહારનો અથાગ પરિશ્રમ લઈ વ્યારા પધાર્યા. પૂજ્યશ્રી પોતાના સાંસારિક મોસાળમાં લગભગ ૫૭ વર્ષે દીક્ષા લીધા બાદ પ્રથમવાર પધારતા હોઈ ત્યાંના સંઘે તેઓશ્રીનો અદ્‌ભુત અને અભૂત પૂર્વ સત્કાર કર્યો. પૂ.આ.મહારાજશ્રીની

લગભગ ૭૪ વર્ષની વય હોવાના કારણે ગહુંલીમાં ૭૪ પાવલીઓથી સ્વસ્તિક કરવામાં આવ્યો. સારુંએ નગર શણગારવામાં આવ્યું. લગભગ સો ગહુંલીઓ થઈ હતી. ત્યાંની જનતામાં આનંદની અનેક ઉર્મિઓ પ્રગટી. પુણ્યાત્મા મહાસંયમી આચાર્ય મહારાજશ્રીના દર્શનથી સંઘ પાવન થયો અને પંચકલ્યાણી ઓચ્છવ કરવા પ્રોત્સાહિત બન્યો. વ્યારાના પ્રવેશ મહોત્સવમાં પૂ.આ.ભગવંતે ૧૦-૧૫ મીનીટ **'चत्तारि परमंगाणि'** એ શ્લોક પર મંગલ પ્રવચન કર્યું. માનવ જીવનની સફળતા સંયમ, તપ અને ત્યાગની સાધનામાં સમજાવી. ટૂંકા વાક્યો પણ તેઓશ્રીના અતિશય પ્રેરક નીવડ્યા. ત્યારબાદ પૂ. મુનિરાજશ્રી સંઘે ખુશાલી નિમિત્તે પંચકલ્યાણી ઓચ્છવ ઉજવ્યો. (૬) વ્યારાથી વિહાર કરી મઢી, કડોદ, બારડોલી વગેરે ક્ષેત્રોમાં જનતાને પ્રભુમાર્ગનું અત્રે પાન કરાવી સુરત સંઘની વિનંતીતી પૂ. આચાર્ય મહારાજ પોતાના શિષ્યરત્ન પૂ.આ.શ્રી વિજયજંબુસૂરીશ્વરજી મહારાજ આદિ ૪૦-૪૫ મુનિમંડળ સાથે સગરામપુરા પધાર્યા. સગરામપુરા, ગોપીપુરા, છાપરીઆ શેરીમાં એકેક દિવસ વિનંતીને માન આપી સ્થિરતા કરી. ત્યાંના સંઘે તેઓશ્રીનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. છાપરીઆ શેરીમાં વડાચૌટાના સંઘની વિનંતી આવી, તેથી તેને પણ સ્વીકારી પૂજયશ્રી વડાચૌટા વાજતે-ગાજતે પધાર્યા હતા. નવસારીના સ્ટેશન પરની જગ્યાએ સગરામપુરાના કેટલાક ભાઈઓની એક મંદિર તથા ધર્મશાળા બંધાવવાની ભાવના થઈ હતી. તેનું ખાત મુહૂર્ત આવવાને કેટલાક દિવસોનો વિલંબ હતો, ત્યાં સુધી સ્થિરતા કરવી મુશ્કેલ હતી. તેથી પૂ.આ.મહારાજશ્રીને ત્યાંનો સંઘ વાજતે-ગાજતે તે સ્થળે લઈ ગયો. પૂજયશ્રીએ ભગવાનની બેઠકની જગ્યામાં વાસક્ષેપ કર્યો અને આરંભેલ શુભ કાર્યની નિર્વિઘ્ન સિદ્ધિ બદલ શુભાશીર્વાદ આપ્યા હતા. (૭) સુરતથી વિહાર કરી ભરૂચ પધાર્યા. ભરૂચ તથા વેજલપુરના સંઘમાં ઉલ્લાસ ઘણો થવા પામ્યો હતો. ત્યાં ડભોઈના સંઘની અતિ આગ્રહભરી વિનંતી આવી. પૂજયશ્રી વિહાર કરી ડભોઈ પધાર્યા, ડભોઈના સકળ સંઘે તેઓશ્રીનું ભવ્ય સામૈયું કર્યું. આવું સામૈયું પ્રથમ વાર જ થયું. જનતા ઘણી જ સારી સંખ્યામાં ઉમટી હતી. પૂ.આ.શ્રી જંબુસૂરીશ્વરજી મહારાજે મંગલ પ્રવચન આપ્યું હતું. ત્યાંથી વિહાર કરતી વેળાએ પણ સારી ડભોઈની જનતા વળાવવા આવી હતી. સંઘની મુખમુદ્રા આનંદ ભરી જોવાતી હતી. (૮) ડભોઈ, સીનોર વગેરે અનેક ક્ષેત્રોમાં વડોદરાના સંઘની વિનંતી આવેલી હતી. વડોદરાના નજીક ક્ષેત્રોમાં વિહાર થયાના સમાચાર મળવાથી વડોદરાના સંઘમાં પણ આનંદ ઊલટાયો. પૂજયશ્રીને પધારવાની વિનંતી કરી, વિનંતીનો સ્વીકાર કરી પૂજયશ્રી વડોદરા પધાર્યા. સંઘનો ઉત્સાહ અભૂતપૂર્વ હતો. સામૈયું સારી સંખ્યામાં હતું, લગભગ દોઢેક વાગે જાની શેરીના ઉપાશ્રમમાં પૂ.આ.મહારાજ પધાર્યા.

ઉપાશ્રયનો હોલ ચિક્કાર બની ગયો. પૂ.જંબુસૂરીશ્વરજી મહારાજે લગભગ અડધો કલાક વ્યાખ્યાન આપ્યું હતું. ત્યારબાદ બપોરના બીજા વ્યાખ્યાન માટે ત્યાંના સંઘે વિનંતી કરી. તેથી પૂ.આચાર્ય મહારાજે પૂ. પદ્મવિજયજીમહારાજને વ્યાખ્યાન માટે મોકલ્યા હતા. અહીં પણ જાણે પર્યુષણ પર્વ જેવો દિવસ અનુભવાયો હતો. કવિકુલકિરીટ પૂ.આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજના વંદનાર્થે ત્યાંથી વિહાર કરી પૂ. આચાર્ય મહારાજ પોતાના વિશાલ સમુદાય સાથે ખંભાત પધાર્યા છે.

એકંદર વિહારના વચલા ક્ષેત્રોમાં પૂ.આ.ભ. ની પુનીત પધરામણીથી શાસનની સુંદર પ્રભાવના, અપૂર્વ ધર્મજાગૃતિ, પૂજા-પ્રભાવના, વ્યાખ્યાન તથા જાહેરવ્યાખ્યાનો વગેરે અનેક મંગળમાળા પ્રગટી છે. પૂ.આ.ભ. નો પાછલી અવસ્થામાં પણ ઉગ્ર વિહાર, ત્યાગતપોમય જીવન, નિરંતર એકાશન, અદ્‌ભુત સંયમ ચર્યા, આત્મપરિણતિ અને અવિરત આત્મ-જાગૃતિ વગેરેની સકળસંઘ પર કોઈ અનોખી છાયા પડી હતી.

પૂજ્યશ્રીની સાથે બે બાલમુનિઓ પૂ. મુનિરાજશ્રી જિનચંદ્રવિજયજી મહારાજ તથા પૂ. મુનિરાજશ્રી પુણ્યપાલવિજયજી મહારાજ પણ ઉગ્ર વિહાર આનંદ પૂર્વક કરતા આવ્યા છે. પુરિમઢ્ઢનું પચ્ચક્ખાણ થવા આવે ત્યારે લગભગ વ્યાખ્યાન સંપૂર્ણ થવા પામે. તે અગાઉ તે બંને મુનિવરોને વાપરવા અંગે ઘણો જ આગ્રહ કરવામાં આવે, છતાં તેઓશ્રીના મુખકમળમાંથી એવા પ્રેરક શબ્દો નીકળે કે અમારે તો પૂ.આ.ભ. ના વાપર્યા સિવાય વાપરવું નથી, તેથી તે બંને બાલ મુનિવરો હાલ પૂ.આ.ભ. ના વાપર્યા બાદ વાપરે છે. આ પણ એક અનુમોદનીય પ્રસંગ બીજા ભાવુક આત્માઓ માટે અનેરા આલંબનરૂપ છે.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૫,અંક-૧૧,તા.૧૫-૨-૧૯૫૭

સુરેન્દ્રનગરના આંગણે ઉજવાયેલ ભવ્ય મહોત્સવ

સકળ સંઘને અતિશય આનંદ સાથે જણાવવાનું કે સુરેન્દ્રનગર સંઘના મહાન પુણ્યોદયે ચારિત્ર-ચુડામણિ, સિદ્ધાંત મહોદધિ, કર્મગ્રંથ વિશારદ પ.પૂ. આચાર્યદેવેશ **શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાની શુભાજ્ઞાનુસાર તેઓશ્રીના પ્રશિષ્યરત્ન વિદ્વદ્વર્ય તપોમૂર્તિ પૂ.પં.મ.શ્રી કાન્તિવિજયજી** ગણિવર આદિનું વિ.સં.૨૦૧૨નું ચાતુર્માસ સુરેન્દ્રનગરે ઉત્તમોત્તમ અનેક મંગલમય આરાધનાના અપૂર્વ ઉલ્લાસ સાથે પૂર્ણ થયું હતું. સકળસંઘમાં સુંદર ધર્મજાગૃતિ આવવા સાથે પૂ.પંન્યાસજી મહારાજની

વૈરાગ્યવાહી અને તપપ્રેરક દેશનાથી અનેક ભાવુક આત્માઓ વર્ધમાનતપની ઓળીના પાયા નાખવાની નિર્મળ ભાવનાથી નવપલ્લવિત બન્યા, અને લગભગ **૪૦૦ જેટલા** વર્ધમાન તપના પાયા નખાયા. આ નગરમાં તપશ્ચર્યાનો જોરદાર ડંકો વાગ્યો, નાના બાળથી માંડી વૃદ્ધ સુધીના સારી સંખ્યામાં અપૂર્વ પ્રેરણા પામી તપોવનમાં વિહર્યા. એમાં વળી ભાદરવા વદ ૩ ના દિને **પૂ.પં.મહારાજશ્રીએ વર્ધમાનતપની ૧૦૦ મી ઓળી શરૂ કરી હતી.** તે દિવસે સંઘમાં **૮૦૦ આયંબિલો** થયા હતા. ચાતુર્માસ દરમ્યાન સામુદાયિક ગણત્રીએ **૧૫૦૦૦ ઉપરાંત આયંબિલો** થયા છે. તેમજ **૨૨ પુણ્યશાળી મહાનુભાવોએ ચતુર્થવ્રત** અને બીજા પુણ્યશાળીઓએ ૧૨ વ્રત અંગીકાર કર્યા હતા. ટૂંકમાં ચાતુર્માસનો એક એક દિવસ ઓચ્છવરૂપ ગયો હતો.

ગુજરાતમાં રાજપુર મુકામે તે જ અવસરે શાંતમૂર્તિ **તપસ્વીરત્ન પૂ. મુનિરાજશ્રી રાજવિજયજી મહારાજને** ૧૦૦મી ઓળી ચાલતી હતી. એઓશ્રીએ ભરયુવાનીમાં સંયમ માર્ગ ગ્રહણ કરી લગભગ ૨૨ વર્ષ જેટલા અલ્પકાળમાં ૪૧ વર્ષની વયે ૧૦૦ ઓળી પૂરી કરવા મહા પુણ્યશાળી બન્યા છે. સુરેન્દ્રનગરના શ્રીસંઘે આ બંને તપસ્વી મહાત્માઓની ૧૦૦મી ઓળીના પારણાનો અપૂર્વ લાભ અમને મળે એવો શુભ મનોરથ સેવ્યો. એનો મુંબઈમાં પૂ.આચાર્ય ભગવંતની પાસે જઈ વિનંતી રૂપે મનોરથ પ્રગટ કર્યો. તે પ્રસંગે પૂ.આચાર્ય ભગવંતાદિને પધારવા વિનંતી કરી. સંઘના ભાગ્યોદયે પૂજયશ્રીએ સંઘની વિનંતીનો સ્વીકાર કર્યો. આ સમાચાર વાયુવેગે સુરેન્દ્રનગરના સંઘમાં ફેલાવાથી સારી જૈન જનતાએ ઉત્કટ હર્ષ અનુભવ્યો. તેમજ પૂ.પં.કાન્તિવિજયજી મ. તથા રાજવિજયજી મહારાજે પૂજયશ્રીની પુણ્ય નિશ્રામાં પારણું કરવાનો દઢ નિર્ણય કર્યો હતો.

પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાને શંખેશ્વરજી ઉપધાન અને આ પારણા પ્રસંગે પધારવા પોતાના વિશાળ મુનિમંડળ સાથે ઉગ્ર વિહાર લંબાવ્યો. લગભગ ૭૪ વર્ષની દીર્ઘવય હોવા છતાં આવી કડક વિહારચર્યામાં એઓશ્રીની માનસિક ધૃતિ અજબગજબની હતી. અનેક નગરોને પાવન કરતાં કરતાં એઓશ્રી વિશાળ મુનિમંડળ સાથે પોષ વદ ૬ ના વઢવાણસીટી અને સાંજના જોરાવરનગર પધાર્યા. જ્યાં તેઓશ્રીનો સુંદર સત્કાર થયો. મેઘની રાહ જોનારા ચાતક પક્ષીની માફક સુરેન્દ્રનગરનો સમસ્ત સંઘ પૂજ્યપાદશ્રીના દર્શન, વંદન અને પુનીત પધરામણી માટે તલપાપડ બની રહ્યો હતો.

મહા સુદ ૭ ના શુભ દિનની મંગલપ્રભાતે પૂજ્ય આચાર્ય ભગવંતાદિ

વિશાળ મુનિમંડળ (૫૧ ઠાણા)નો ભવ્ય અને શાનદાર પ્રવેશ મહોત્સવ થયો. સુરેન્દ્રનગરની સમસ્ત જનતા સામૈયામાં ઉમટી પડી હતી. જમણી અને ડાબી બાજુએ લોકોની લાંબી કતાર થઈ હતી. સૌની મુખમુદ્રા પર અવર્ણનીય આનંદ છલકાતો હતો. હૈડા પુલકિત થયા. હર્ષના આંસુ ઉભરાયા. સાથે સાથે સુરેન્દ્રનગરે નૂતન બંધાયેલ શ્રી વર્ધમાન જિન આગમ મંદિરમાં સુશ્રાવક ગુલાબચંદ ગફલભાઈ તરફથી લખાયેલ ૪૫ મૂલ આગમોને પધરાવવા માટે આ પ્રવેશમહોત્સવના વરઘોડામાં હાથીની અંબાડી અને બે ચાંદીના રથો વિ. વાહનોમાં આગમોને પધરાવ્યા હતા.

મહિનાઓથી પ.પૂ. આચાર્યભગવંતના નિર્મળ દર્શનની રાહ જોતા સુરેન્દ્રનગરના સંઘે તેઓશ્રીની ઉપશમ રસભરી મુખમુદ્રાના દર્શન કરી આત્માને પાવન કર્યો. સુરેન્દ્રનગર ગેઈટ સ્ટેશનથી ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. વરઘોડામાં અલંકૃત હાથી પર અંબાડીમાં બેસી શ્રી ભગવતીજીસૂત્રનો ૪૭૫ મણ ઘીનો આદેશ લઈ શેઠ શ્રી રતિલાલ જીવણભાઈએ સપરિવાર લાભ લીધો હતો. બાકી આગમોના લાભ ઉછરામણી સાથે અનેક પુણ્યશાળીઓએ લીધા હતા. સારાયે નગરને ધ્વજાપતાકાઓથી શણગારવામાં આવ્યું હતું. બેન્ડવાજાના મંગલધ્વનિએ સૌ કોઈને આકર્ષિત બનાવી વાતાવરણ શબ્દમય બનાવી દીધું હતું.

સામૈયામાં પરમ પૂ. આચાર્ય ભગવંતની સમક્ષ સેંકડો ગહુલીઓ થઈ હતી. જેમાં એ વિશેષતા જોવા મળી કે ચાર-પાંચ સ્થાને ગીનીઓ મૂકવામાં આવી. બે જગ્યાએ ૧૦૮ રૂા. ગહુલીમાં મૂકાયા. એક સ્થળે લગભગ બસો એક રૂા. હાથના ખોબાથી મૂકવામાં આવ્યા, ૧૦૮ પાવલીઓથી સાથિયો કરાયો અને સાચા મોતીથી પૂ. આચાર્ય ભગવંતને વધાવ્યા. એકંદરે ગહુંલીઓની ઉપજ રૂા. ૧૧૦૦ જેટલી અભૂતપૂર્વ થઈ હતી.

આ રીતે સારાયે નગરનાં મુખ્ય વિસ્તારોમાં વરઘોડો ફરી લગભગ ૧૨ વાગે ઉપાશ્રયે આવી પહોંચ્યો. માનવમેદની ચિક્કાર હતી. પૂ. આચાર્ય ભગવંતે મંગલાચરણ કર્યા બાદ એઓશ્રીના શિષ્યરત્ન પ્રવચન પ્રભાવક, પરપ તપસ્વી પ.પૂ.મુનિરાજશ્રી **ભાનુવિજયજી** ગણિવરના વિદ્વાન શિષ્યરત્ન પૂ. **મુનિરાજશ્રી પદ્મવિજયજી** ગણિવરની વૈરાગ્યવાહી શૈલીમાં અમૃત દેશનાને સાંભળવા વિશાળ પ્રવચન મંડપમાં જનતા એકાગ્રચિત્તે મંત્રમુગ્ધ બની હતી. લગભગ ૧॥ કલાક સુધી દેશનાનો ધારાવાહી પ્રવાહ ચાલ્યો. બાદ મંગલાચરણ સાથે વિસર્જન થયું અને લાડુની પ્રભાવના કરવામાં આવી હતી.

મહા સુદ ૮ ના અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર અંગે જલયાત્રાનો વરઘોડો નીકળ્યો હતો. વરઘોડાનો સુંદર સાજ, બે ચાંદીના રથો તથા સુશોભિત હાથી પર બિરાજમાન કરેલા પ્રભુમુખની તેજસ્વી મુદ્રા, પૂ.આચાર્ય ભગવંતાદિ વિશાળ મુનિ મંડળ, તેમજ બહોળા સાધ્વી સમુદાયથી શાસનની અજબ પ્રભાવના થઈ હતી. વરઘોડો ઉતર્યા બાદ પરમ તપસ્વી **પૂ.પં.શ્રી કાન્તિવિજયજી ગણિવરે 'પ્રભુના નામનો મહિમા'** એ વિષય પર પ્રેરક પ્રવચન કર્યું હતું. આજની શોધ કરાયેલી અણુ વગેરેની શક્તિઓની સામે આત્માની અનંતી શક્તિનું ભાન કરાવ્યું હતું. બંને તપસ્વી મહાત્માઓનો આ છેલ્લો દિવસ હોઈ અપૂર્વ પ્રેરણા પામી સંઘમાં તેજ દિવસે લગભગ ૫૦૦-૬૦૦ આયંબિલો થયા અને શ્રીફળની પ્રભાવના થઈ હતી.

મહા સુદ ૯ ના સવારે બંને પરમતપસ્વી મહાત્માઓનું પારણું કૃપાસિંધુ આચાર્યદેવ **શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના** વરદ હસ્તે તથા પારણામાં **૩૪-૩૫ લાખ જેટલો** સ્વાધ્યાય બોલી બીજા ચાર મહાત્માઓએ પ્રથમ લાભ લીધો હતો. બંને તપસ્વીઓના સુખશાતાપૂર્વક પારણા થયા હતા. પૂ. પંન્યાસજી મહારાજે તો પારણામાં એકાશન કરવા સાથે હવે આગળ પણ એકાશન કરવા દૃઢ નિર્ણય કર્યો છે. આજ દિવસે પૂ.પં.મ. શ્રી કાન્તિવિજયજી ગણિવરના શિષ્યરત્ન **શ્રી નરચંદ્રવિજયજીની** વડી દીક્ષા તેમજ યૌવનના આંગણે પ્રવેશતા શ્રી ચુનીલાલ બાવલભાઈની સુપુત્રી **કંચનબેનની ભાગવતી દીક્ષાનો** મહોત્સવ ઉજવાયો હતો. મુમુક્ષુબેને શણગારિત હાથી ઉપર વરસીદાન દીધું હતું. માનવ મહેરામણ ઉભરાયો અને પૂ.આચાર્ય ભગવંતની પુણ્ય-નિશ્રામાં વિદ્વદ્વર્ય **પૂ. પંન્યાસજી મહારાજ શ્રી માનવિજયજ મહારાજે દીક્ષાની** મંગળ ક્રિયા કરાવી અને તે બેનનું નામ સાધ્વીશ્રી **કલ્પબોધીશ્રીજી** રાખવામાં આવ્યું હતું. દીક્ષાની શુભક્રિયા બાદ **પૂ. મુનિરાજશ્રી રોહિતવિજયજી મહારાજે** લગભગ એક કલાક રોચક પ્રવચન કર્યું હતું. બપોરના અષ્ટોત્તરીસ્નાત્ર ભણાવવા સાથે વઢવાણસીટી, જોરાવરનગર અને સુરેન્દ્રનગરના સમસ્ત જૈન સંઘને નવકારશીનું જમણ આપવામાં આવ્યું હતું.

મહા સુદ ૧૦ ના સિદ્ધચક્રપૂજનનો મહોત્સવ ચાર-પાંચ કલાક સુધી ચાલ્યો. ઉત્સવ દરમ્યાન પ્રભુની સુંદર અંગરચના, પૂજા, પ્રભાવના અને રાતના ભાવનાના કાર્યક્રમો અતિશય ઉલ્લાસ સાથે ઉજવાયા.

અંતમાં સુરેન્દ્રનગરના સંઘે પૂ. આચાર્ય ભગવંતનું જે ભાવભીનું સ્વાગત કર્યું અને તેમજ પ્રભાવશાળી મહોત્સવ ઉજવ્યો અને લક્ષ્મીનો સુંદર સદ્વ્યય કર્યો તે ખરેખર ખૂબ જ અનુમોદનીય ગણાય. પૂ. આચાર્ય ભગવંતે શંખેશ્વરજીમાં ચાલતા

ઉપધાનતપની માળારોપણ પ્રસંગે તે તરફ લંબાવ્યો છે.

સુવાક્ય : ગુણને સાચવવાનો ઉદ્યમ ગુણના પક્ષપાતથી થાય છે. જેમકે, ધનાદિને રક્ષવાનું તેના પક્ષમોહથી બને છે તો ગુણને સાચવવા-મેળવવા ગુણના ખૂબ પક્ષપાતી બનો.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૫,અંક-૧૩,તા.૧૫-૩-૧૯૫૭

કડીમાં ઉજવાયેલ ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ

અત્રે શ્રી આદીશ્વર ભગવાનનું મુખ્ય જિનાલય જીર્ણ થઈ જતાં ૨૦૦૭માં જીર્ણોદ્ધાર શરૂ કરેલો. મૂળ પાયામાંથી શિલ્પ શાસ્ત્ર મુજબનો શિખરબંધી ભવ્ય પ્રાસાદ તૈયાર થતાં અત્રે શ્રી સંઘે મહા વદ ૧ના દિવસે શ્રી ભગવંતને ગાદીનશીન કરવાનું નક્કી કરેલ. અતિ પ્રાચીન શ્રી આદિનાથ ભગવંત આદિ બાવીસ જિન-બિંબોની પ્રતિષ્ઠાનું કાર્ય સિદ્ધાન્તમહોદધિ ગુરુદેવ પૂ. આચાર્યદેવશ્રી વિજય-પ્રેમસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી પૂજ્યપાદ પરમ પ્રભાવક આચાર્યદેવ વિજય-જંબુસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં ખૂબ આનંદ ઉત્સાહ પૂર્વક થયું છે. મહા સુદ ૯થી મહા વદ ૨ સુધી અઠ્ઠાઈ મહોત્સવ થયેલો. આંગી, લાઈટ, મંડપ વગેરેથી દેરાસર તેમજ આખી દહેરાવાલી પોળ ખૂબ ઝગમગી રહેલી. મહા સુદ ૧૫ હાથી, રથ, બેન્ડ વગેરેથી સુશોભીત ભવ્ય રથયાત્રાનો વરઘોડો જૈન શાસનની પ્રભાવના કરતો હતો, મહા વદ ૧ બપોરે ૧૨-૪૩ મીનિટે ભગવંતને ગાદીનશીન કરતા મૂળ નાયક શ્રી આદેશ્વર ભગવંતનો સર્વ અંગોમાંથી અને આખા ગભારા ગૃહમાંથી બે કલાક સુધી અમી ઝરેલી આ અપૂર્વ ચમત્કારે સર્વેને ખૂબ આશ્ચર્યમાં મૂકેલા. છેલ્લા ચાર દિવસ નવકારશીઓ થયેલી. મૂળ નાયક શ્રી આદેશ્વર ભગવંતને રૂા. ૭૦૦૧માં ચડાવો લઈ સંઘવી ગુલાબચંદ મંગલજીવાલા બાબુભાઈએ બિરાજમાન કરેલા, જમણી બાજુના ભગવાન શ્રી જીરાવલા પાર્શ્વનાથને શેઠ રતનસીભાઈ કેવલદાસે રૂા. ૩૧૦૧માં ચડાવો લઈ બિરાજમાન કરેલા. ડાબી બાજુના ગોડીજી પાર્શ્વનાથ ભગવાનને શેઠ પરસોત્તમ વનમાળીનાં ધર્મપત્ની કેસરબેને બિરાજમાન કરેલા. ઉપરના ગભારાના મૂળનાયક શ્રી નમીનાથ ભગવાન રૂા. ૧૭૦૧માં શેઠ કેશવલાલ લાડકચંદે બિરાજમાન કરેલા. બીજા ભગવંતને બિરાજમાન કરવાના તેમજ વરઘોડાના ચઢાવા પણ સારા પ્રમાણમાં થયા હતા.

મહાતીર્થ શંખેશ્વરજીમાં અણમોલ સાધના યજ્ઞ

અતિ પ્રાચીન, પવિત્ર અને પ્રભાવશાળી શ્રી શંખેશ્વરતીર્થમાં બેડા નિવાસી શ્રી રૂગનાથમલજી, હિંમતમલજી, વનેચંદજી તરફથી શ્રી ઉપધાનતપની ભવ્ય આરાધના થઈ. સ્થળ સગવડના અભાવે પ્રવેશનો ભારે સંકોચ કરતાં છતાં પાંચસો ઉપર સાધકો જોડાયા હતા. સો ઉપરની સંખ્યામાં પુરુષો હતા. જૈન ધર્મની આ કઠોર તપ-સંયમની સાધનામાં હિંમતમલજી પોતે દાખલ થયા. તપ, સંયમ, ધ્યાન, આવશ્યક ક્રિયાઓ વગેરેમાં અપ્રમત્તપણે જાગૃત રહી બીજાઓને પણ સારો બોધપાઠ આપી રહ્યા હતા. શેઠ જીવતલાલ પ્રતાપશીના ભત્રીજી કુમારિકા બેબીબેન વગેરે શ્રીમંત વર્ગ પણ સારા પ્રમાણમાં આદર્શ સાધના કરી રહ્યો હતો. પાંચમા આરામાં આ ચોથો આરો.

સિદ્ધાન્ત મહોદધિ પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી આગળથી પધારી પૂ. મુનિરાજશ્રી ભાનુવિજયજી ગણિ સહિત પ્રશાંતમૂર્તિ પૂ. પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય ઉપધાનની શરૂઆત કરાવીને મંત્ર શિરોમણિ નવકાર મહામંત્રના અલૌકિક મહિમા સચોટ સમજાવતા હતા. પૂ. પંન્યાસજી મહારાજે પોતે વર્ષો સુધી શાસ્ત્રમંથન અને આત્મ-સંવેદન કરી અવગાહેલ નમસ્કાર મહામંત્રથી થતી સિદ્ધિઓના રોચક અનુભવ ઉપદેશવા સાથે વિદ્વત્તાપૂર્ણ આધ્યાત્મિક વ્યાખ્યાનો દેતા. સાધનાયજ્ઞમાં સંયમ અને તપ સાથે પ્રાણભૂત જ્ઞાનની આવશ્યક્તા ઉપર ભાર મૂકી શ્રોતા વર્ગમાં તેઓએ સુંદર જાગૃતિ આણી. તેથી નમસ્કાર મહામંત્રની શ્રદ્ધામાં, જાપમાં, ને ધ્યાનમાં શ્રોતાઓની એકાગ્રતા-આદર અને રસ અદ્‌ભુત વધ્યો. પૂ. મુનિરાજશ્રી ભાનુવિજયજી ગણિવર પ્રત્યેક વિધિસૂત્રો, ક્રમશઃ સકલતીર્થ, નમુત્થુણં, લોગસ્સ સૂત્ર, ઈરિયાવહી સૂત્ર, વાંદણાસૂત્ર, સિદ્ધાણં બુદ્ધાણં, પુકખરવર, જયવીયરાય વગેરેને તેના ભાવોના તાદેશ ચિત્ર સાથે એમાં રહેલા રહસ્યો અને સઘળોય ધ્યાનયોગ પરિસ્ફુટપણે સમજાવતા હતા. તેઓશ્રીએ બારવ્રતોની સુંદર સમજાવટ પણ કરી તેથી નાણ સમક્ષ મોટી સંખ્યામાં ભાઈ-બેનોએ ચતુર્થવ્રત, બારવ્રત વગેરે ઉચ્ચર્યા. આરાધકો મોટી સંખ્યામાં હોવા છતાં પૂ. પંન્યાસજી મહારાજના સચોટ ઉપદેશથી નીવી વગેરેમાં મૌન, શાંતિ અને શિસ્ત સારા જળવાયા. સ્ત્રીઓ તથા સાધ્વી વર્ગના તેમજ પુરુષો તથા સાધુ વર્ગના રહેવાના ઉપરાંત વિધિવિધાનના પણ સ્થાનો અલગ રાખવામાં આવ્યા હતા.

ઉપધાનના પ્રથમ પ્રવેશમાં સવાસો અઠ્ઠમ તથા સવાસો છઠ થયા હતા.

ત્યારબાદ તપસ્વીઓની આગ્રહભરી માગણીથી સામુદાયિક અઠ્ઠમતપ કરવાની બીજી સાધનામાં વિક્ષેપ ન પડવો જોઈએ એ શરતે પૂ.પં. મહારાજે રજા આપી, તેથી મહા સુદ ૭-૮-૯ ત્રણ દિવસોમાં નમસ્કાર મહામંત્રના તથા શંખેશ્વરપાર્શ્વનાથના સામુદાયિક નવ નવ લાખના જાપ સાથે ત્રણસો એંસી (૩૮૦) અઠ્ઠમો થયા હતા. પ્રવચન મંડપમાં ચતુર્વિધ સંઘ એક સાથે ધ્યાનસ્થ બની જાપ થતો હતો. અમુક જાપ પૂર્ણ થયા બાદ વચમાં વચમાં મધુરા સંગીત સાથે નવકારના વિધ વિધ ગીતો તથા અરિહંતાદિના ગુણગાન થતા હતા. જાપના સમયે પ્રવચન મંડપ યોગીપુરુષોના આશ્રમની જેમ શોભતો હતો. જાપના ત્રીજા દિવસે પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદ વિજયજીની સંસારીબેન બાલ બ્રહ્મચારિણી **પ્રભાવતીની** દીક્ષા તથા મુનિ વારિષેણ મ. વગેરેની તથા ચાર સાધ્વીજીની વડીદીક્ષાનો મંગલમય પ્રસંગ ઉજવાયો હતો.

પોષ વદમાં પૂ. આચાર્ય મ. ઉંકારસૂરિજી પધાર્યા હતા તેઓ ત્રણ પ્રવચનો કરી વિરાગની વાનગી આપતા ગયા બાદ પૂ. ગણિવર ધર્મસાગરજીના શિષ્યરત્ન પૂ. મુનિપુંગવ શ્રી અભયસાગરજી મહારાજે ત્રણેક પ્રવચનો કરી આરાધકોને અનેક તત્ત્વો પીરસ્યા હતા. નવકાર મંત્રના એમણે કરાવેલા વિશિષ્ટ પટની સમજણ આપી હતી. આ પ્રભાવિક તીર્થમાં યાત્રિકો વિપુલ સંખ્યામાં આવે છે. તેમની સગવડ માટે સાધારણ ખાતામાં પૂ.પં. મહારાજશ્રીની પ્રેરણાથી સાધારણ ખાતાની ટીપ શરૂ થઈ, લગભગ ૮ થી ૧૦ હજાર રૂપિયા ભરાયા પછી પણ ટીપ માળના ઉત્સવ સુધી ચાલુ રહી.

તારક તીર્થપતિ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુને રોજ ભવ્ય અંગરચના થાય, રાત્રે ભાવનાનો રંગ અનેરો જામે, મુનિરાજોમાં તેમજ સાધ્વીજીઓ કેટલાક અઠ્ઠમના પારણે અઠ્ઠમ કરે, કેટલાકને વર્ધમાન તપની ઓળીઓ ચાલે, ને બીજા મુનિઓને પણ અવારનવાર અઠ્ઠમ તપ ચાલે, મૌન સાથે ધ્યાન-જાપ વગેરેની સાધના ચાલુ-ઇત્યાદિથી વાતાવરણ વિશ્વકલ્યાણની સંઘઅભ્યુદયની અને ધર્મોદ્યોતની ભાવનાઓથી રમણીય બન્યું છે. શ્રી શંખેશ્વરતીર્થમાં પહેલીજ વાર થતા ઉપધાન તપમાં આવી અનેક વિશિષ્ટતાઓ જોઈ અનેક ભાવુક આત્માઓની ધર્મ ભાવનાઓમાં વૃદ્ધિ થઈ રહી છે. લાલચંદભાઈ, મન્નાલાલજી વગેરેના સહકાર સાથે રાધનપુર નિવાસી મણિયાર હરગોવનદાસ જીવરાજની દેખરેખ નીચે વ્યવસ્થા સુંદર ચાલતી. અહીં મુંબઈથી પૂ. આચાર્યદેવેશ આ બાજુ પધારી રહ્યા હતા. રસ્તામાં અસાધારણ ગુરુભક્તિનો અહેવાલ પૂર્વ અંકમાં અમે આપી દીધો છે. લોકની ઉલ્લાસ લાગણી ક્યાંક તો એટલી વધતી કે દા.ત. આમોદમાં આખું નગર ઠેઠ આ છેડેથી પેલા છેડા સુધી ભારે શણગારેલું; જાણે સ્વર્ગથી દેવપુરી નીચે સરકી પડી.

પૂ. આચાર્યદેવેશનું શુભ આગમન : એમાં સુરેન્દ્રનગરથી બે મહાત્માઓના વર્ધમાન આંબેલ તપની ૧૦૦મી ઓળીની પૂર્ણાહૂતિના અસાધારણ ભવ્ય ઉત્સવ પછી પૂ. તપસ્વી શ્રી ભાવવિજયજી મહારાજ, પૂ.પં. શ્રી માનવિજયજી ગણિવર્ય, પૂ. શ્રી હેમંતવિજયજી ગણિવર્ય, પૂ.શ્રી ચિદાનંદજી મહારાજ આદિ વિશાળ પરિવાર સાથે ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** અત્રે પધાર્યા. પૂ.પં.શ્રી કેવળવિજયજી મ. અત્રે પધારી ગયેલ હતા. બીજી બાજુ કડીમાં જીર્ણોદ્ધાર થઈને ભવ્ય બનેલ જિનાલયમાં સુંદર પ્રતિષ્ઠા મહોત્સવ કરાવી પૂ. આચાર્યદેવના પટ્ટાલંકાર પૂ. આચાર્યદેવશ્રી વિજય જંબુસૂરીશ્વરજી મહારાજ પણ પૂ. રૈવતવિજયજી ગણિવર્ય, પૂ. શ્રી વર્ધમાનવિજયજી મહારાજ આદિ પરિવાર સહિત આવી પહોંચ્યા. ત્યારે સંઘના ભાગ્યોદયે પૂ.આચાર્ય શ્રી મહેન્દ્રસૂરીશ્વરજી મહારાજ પણ સપરિવાર અત્રે પધાર્યા. ઉપધાન કરાવનાર શેઠ રૂગનાથમલજી વગેરે તથા ઉપધાન તપસ્વીઓનો વિશાળ સમૂહ યાત્રિકો આદિએ ભવ્ય પ્રવેશ સ્વાગત કર્યું. પછી તો પૂ.પં.શ્રી કનકવિજયજી ગણિવર્ય તથા પૂ.પં.શ્રી ભક્તિવિજયજી ગણિવર્ય, પૂ. મુનિરાજશ્રી ગુણવિજયજી મહારાજ વગેરે મહાત્માઓ પધાર્યા. પૂ. ગચ્છપતિ આચાર્યદેવ, પરિવારમાંથી લગભગ સો મુનિવરોનો સુભગ સંયોગ થયો. તથા પૂ.સ્વ.આ.શ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહારાજના પરિવારમાંથી પૂ. આચાર્યશ્રી મહેન્દ્રસૂરિજી મહારાજ અને અન્ય પંન્યાસજી મહારાજાદિ મુનિગણનો પણ સંઘને લાભ મળ્યો. પાછળથી પૂ. વયોવૃદ્ધ આચાર્યદેવશ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય પૂ.મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ પણ અત્રે પધાર્યા એ બધાનું ચૈત્યવંદન વ્યાખ્યાન આદિમાં એકદીલીનું વાતાવરણ ખૂબજ ઉત્સાહવર્ધક બન્યું. મહા વદ ૧૦ના શુભ મુહૂર્તે એક બાજુ પૂ. મુનિરાજશ્રી જયંતવિજયજી મહારાજને ગણિપદ પ્રદાન કરવામાં આવ્યું ને બીજી બાજુ રાધનપુરમાં મણિયાર કુટુંબમાંથી બાલબ્રહ્મચારી કુમારિકા બંનેનો ભવ્ય દીક્ષા ઉત્સવ ઉજવાયો. વદ ૧૧થી માળનો ઉત્સવ શરૂ થયો. મુંબઈથી ખાસ નિમંત્રણથી પધારેલ સેવાભાવી શ્રીમહાવીર જૈનસંયુક્ત મંડળ આવી પહોંચ્યું. બીજી બાજુ સંગીતરત્ન હીરાભાઈ, તથા ગજાનનભાઈને રોકવામાં આવ્યા. હીરાભાઈએ આદીશ્વરપ્રભુની લગભગ ૫૫-૫૭ ગાથાની વિનંતી ખૂબ જ હૃદયવેધી સંગીતમય સૂરે સંભળાવી. પૂજા-ભાવનામાં શ્રી મનુભાઈ, શોભાગચંદ ગવૈયા વગેરેએ પણ લોકોને પ્રભુભક્તિમાં ખૂબ ઝીલાવ્યા. વિશેષમાં એમણે વાંજિત્રના મધુરા સૂરીલા ગુંજારવથી નવકાર મંત્રના જાપમાં સભાને એકતાન કરી. એ વદ ૧૩-૧૪-૦)) ચતુર્વિધ સંઘમાં સંખ્યાબંધ અઠમો થયા.

તેમાં મહાત્મા પ્રવચનકારોની ધર્મદેશના ભાવુક જનને ધર્મરસના નવરાવી

દેતી હતી. એમાં માળનો કોડિલો દિવસ આવી લાગ્યો. બહારથી હજારો માણસ આવવા લાગ્યું. શ્રી શંખેશ્વર પાર્શ્વપ્રભુના પસાયે ઉપધાન કરાવનાર ભાઈઓએ સારી વ્યવસ્થા કરી દીધી. વદ ૧૩, ૦)), સુદ ૧-૨-૩ સ્વામીવાત્સલ્યો થયા.

વરઘોડો અને દીક્ષા : સુદ એકમને માળનો વરઘોડો ચડ્યો. એમાં મહારાષ્ટ્ર ખાતે બાલ દીક્ષા પ્રતિબંધક બીલના હજારો વિરોધપત્ર મોકલાવવાની સમિતિના મુખ્ય સંચાલક પૂના નિવાસી ભાઈ **શ્રી ચીનુભાઈ આત્મારામનો** પણ ભાગવતી દીક્ષા વર્ષિદાનનો આમાં જ પ્રસંગ હતો. હાથી બોલાવવામાં આવ્યો હતો તે, ચાંદીનો રથ, ઉણનું જૈન બેન્ડ તથા બીજું બેન્ડ, લગભગ ૧૨૫ સાધુ મહારાજ, ૨૦૦ સાધ્વીજી મહારાજ તથા પાંચેક હજાર શ્રાવક-શ્રાવિકાસંઘ-આ બધાથી વરઘોડો ભારે દીપી ઉઠ્યો. બીજના માળ પ્રસંગ ૫૨ તો બીજું હજારો માણસ વધ્યું. આખો દિવસ દેરાસરમાં જતા-આવતા માનવ સમૂહનો સતત પ્રવાહ ચાલુ રહેતો. વહેલી સવારે વિશાળ મંડપમાં પૂ. ત્રણ આચાર્યદેવો, પંન્યાસજી મહારાજો, ગણિ મહારાજો, મુનિવર્યો, ઉપધાન આરાધકો, માળ પહેરાવનારા તથા અન્ય ભાવિકોથી વિશાળ મંડપ પણ ઉભરાઈ ગયો. સાધ્વીજી શ્રી યશોધરાશ્રીજી મ. ની વડી દીક્ષા પણ આજે હતી. મુમુક્ષુ શ્રી ચીનુભાઈની દીક્ષા હતી. એમના બહોળા કુટુંબમાંથી ભાઈઓ, બહેનો ભાણેજો વગેરે પણ ઉત્સવપૂર્વક દીક્ષા અપાવવા આવી ગયા હતા. દીક્ષા, વડીદીક્ષા અને દસેક માળવાળાની ક્રિયા શરૂ થઈ. નંદી બાદ ચીનુભાઈને પૂ. આચાર્યદેવેશે રજોહરણ અર્પણ કર્યું. તે લેતાં હર્ષના આવેશમાં ચીનુભાઈ નાચી ઉઠ્યા. પછી એમને મુંડન સ્નાનાદિ માટે લઈ જવામાં આવ્યા. અહીં માળનું મુહૂર્ત આવતાં સકલ સભાએ બાર નવકાર ગણવા પૂર્વક પહેલા માળ ઉપધાન કરાવનાર ભાઈશ્રી હિંમતમલજીને એમના ભાઈશ્રી વનેચંદજીએ સંઘના ભારે ઉલ્લાસ વચ્ચે પહેરાવી. બીજી માળા રૂા. ૪૫૦૦નો ચડાવો બોલી ખડકીવાળા શ્રી દલીચંદજી ધર્માજીએ પહેરી. ત્રીજી માળા ભાઈ હિંમતમલજીની સુપુત્રીએ, ચોથી માળા મુંબઈવાસી શેઠશ્રી જીવતલાલ પરતાપશીના ધર્મરસિક કુમારિકા ભત્રીજી બેબીબેન તથા પાંચમી માળા શા. બાબુલાલ છોટાલાલ ઘીયાના કુમારિકા બેન મંજુલાબેને પહેરી. આમ આગળ ૧૩મી સુધી માળાઓ પહેરાઈ. ત્યાં દીક્ષાર્થી નહાઈને સાધુવેશમાં આવી પહોંચતા બેંડના નાદે ગગન ગજાવ્યા. શુભ મુહૂર્તે એમનો લોચવિધિ થયો, બીજી ક્રિયા થઈ અને પૂ. આચાર્ય ભગવંતે એમને મુનિરાજશ્રી ભાનુવિજયજી ગણિવરના શિષ્ય મુનિશ્રી ચિરંજયવિજયજી તરીકે જાહેર કર્યા. બાદ બીજા માળવાળા તથા ચતુર્થવ્રતધારીઓની ક્રિયા થઈ અને ઊલટભેર માળો પહેરાવવાના લહાવા લૂંટાયા.

સાધુમાં તપ : શંખેશ્વર દાદાનો અજબ મહિમા છે. હજારો માણસ ક્યાં

સરળતાથી બસોમાં આવ્યું, ને ક્યાં લહેરથી પાછું જઈ શકવા પામ્યું. અં એક કોયડો બની ગયો. ઉપધાનમાં કુમળા નાના મોટા ભવ્યાત્માઓએ પણ અજબ આરાધના કરી. મુનિમંડળમાં મોટી વર્ધમાન તપની ઓળીઓ, તથા મુનિરાજશ્રી યોગીન્દ્રવિજયજી તથા શ્રી તત્ત્વજ્ઞવિજયજી મહારાજને અઠ્ઠમના પારણે અઠ્ઠમો, શ્રી તત્ત્વાનંદવિજયજી મહારાજને ઉપરા પર જેવા બે વખત નવ નવ ઉપવાસ, પૂ.શ્રી રોહિતવિજયજી મહારાજને ૫૮મી ઓળીમાં અઠ્ઠાઈ, બાળ મુનિશ્રી ધુરંધરવિજયજી મહારાજ (ઉં.વર્ષ. ૧૧) ૩૦મી વર્ધમાન ઓળી ઉપર અઠ્ઠમ સાથે લોચ, બીજા પાંચ બાળ મુનિઓના અઠ્ઠમ, પસાસેક મુનિઓના એક સાથે અઠ્ઠમ, તથા બધા પર શિખર સમી પૂ.સ્વ.મુનિરાજશ્રી અમીવિજયજી મહારાજના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી ભાવવિજયજી મહારાજને વર્ધમાન આંબેલ તપની સોમી ઓળીની પૂર્ણાહૂતિ, સાધ્વીજી મહારાજોમાં અઠ્ઠમો વગેરેની જોરદાર તપસ્યાઓ ચતુર્વિધ સંઘમાં આ બધું અહીં ઉજવાયું એ જાણે ચોથા આરાનું એક સેમ્પલ ઉતરી પડ્યું !!

સાદડી, પિંડવાડા, દાંતરાઇ, ધ્રાંગધ્રા, પાટણ, લીંચ, ધિણોજ, ડીસા, વગેરેમાં ચોમાસુ કરવા માટે ત્યાં ત્યાંના આગેવાનોએ આવી પૂ. ગુરુદેવને જોરદાર વિનંતીઓ કરી. પૂ. આચાર્યદેવશ્રી અહીંથી શ્રી સિદ્ધાચલજી છરી પાળતા સંઘમાં પધારે છે તથા એઓશ્રીની આજ્ઞાથી પૂ. આચાર્ય શ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજ બામણવાડજીમાં પિંડવાડાવાળા શ્રી લાલચંદજી છગનલાલ તરફથી ઉજવાનાર ચૈત્રી ઓળી માટે પધારે છે તથા પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ ભીલડીયાજી, મુંબઈ, નવપદ સમાજની શ્રી ચંદુલાલ મોતીલાલ નવાબ તરફથી થતી ઓળીમાં પધારે છે. સંઘ ફા.સુ.૫ પ્રભાતે નીકળી પ્રાયઃ સુરેન્દ્રનગર ફા.વદ ૨ અને પાલીતાણા ચૈ.સુ ૩ પહોંચશે.

ૐ હ્રીં અર્હં શ્રી શત્રુંજય મહાતીર્થાય નમઃ

શ્રી દાદર (મુંબઈ) નો શ્રી શંખેશ્વરજીથી શ્રી શત્રુંજય મહાતીર્થનો

છ'રી' યુક્ત યાત્રાસંઘ પ્રોગ્રામ

તિથિ	વાર	તારીખ	ગામ
ફાગણ સુદ ૫	બુધવાર	૬-૩-૫૭	પંચાસર
ફાગણ સુદ ૬	ગુરુવાર	૭-૩-૫૭	દસાડા
ફાગણ સુદ ૭	શુક્રવાર	૮-૩-૫૭	જૈનાબાદ
ફાગણ સુદ ૮	શનિવાર	૯-૩-૫૭	પાટડી
ફાગણ સુદ ૯	રવિવાર	૧૦-૩-૫૭	ઉપરીઆળાજી
ફાગણ સુદ ૧૦	સોમવાર	૧૧-૩-૫૭	બજાણા

ફાગણ સુદ ૧૧	મંગળવાર	૧૨-૩-૫૭	પીપડી
ફાગણ સુદ ૧૨	બુધવાર	૧૩-૩-૫૭	ધરમઠ
ફાગણ સુદ ૧૩	ગુરુવાર	૧૪-૩-૫૭	મેથાણા
ફાગણ સુદ ૧૪	શુક્રવાર	૧૫-૩-૫૭	સીતાપુર
ફાગણ સુદ ૧૫	શનિવાર	૧૬-૩-૫૭	કટુડા
ફાગણ સુદ ૨	રવિવાર	૧૭-૩-૫૭	સુરેન્દ્રનગર
ફાગણ સુદ ૩	સોમવાર	૧૮-૩-૫૭	વઢવાણ
ફાગણ સુદ ૪	મંગળવાર	૧૯-૩-૫૭	શીયાણી
ફાગણ સુદ ૫	બુધવાર	૨૦-૩-૫૭	લીંબડી
ફાગણ સુદ ૬	ગુરુવાર	૨૧-૩-૫૭	ચુડાગામ
ફાગણ સુદ ૭	શુક્રવાર	૨૨-૩-૫૭	રાણપુર
ફાગણ સુદ ૮	શનિવાર	૨૩-૩-૫૭	અળાઉ
ફાગણ સુદ ૯	રવિવાર	૨૪-૩-૫૭	બોટાદ
ફાગણ સુદ ૧૦	સોમવાર	૨૫-૩-૫૭	લાઠીદડ
ફાગણ સુદ ૧૧	મંગળવાર	૨૬-૩-૫૭	લાખીઆણી
ફાગણ સુદ ૧૧	બુધવાર	૨૭-૩-૫૭	પછેગામ
ફાગણ સુદ ૧૨	ગુરુવાર	૨૮-૩-૫૭	વલ્લભીપુર (વળા)
ફાગણ સુદ ૧૩	શુક્રવાર	૨૯-૩-૫૭	ઉમરાળા
ફાગણ સુદ ૧૪	શનિવાર	૩૦-૩-૫૭	સણોસરા
ફાગણ સુદ ૦))	રવિવાર	૩૧-૩-૫૭	નોંધણવદર
ચૈત્ર સુદ ૧	સોમવાર	૧-૪-૫૭	વાણુંકર
ચૈત્ર સુદ ૨	મંગળવાર	૨-૪-૫૭	પાલીતાણા

નિયમો.

૧. દરેક યાત્રિકે પૂજા તથા પ્રતિક્રમણ વગેરે ધર્મક્રિયાના ઉપકરણો સાથે લાવવા.

૨. દરેક યાત્રિકે સંથારો તથા જમવા માટે થાળી, બે વાટકા, લોટો ને ગ્લાસ વગેરે સાથે લાવવા.

૩. દરેક યાત્રિકે પોતાની તમામ વસ્તુ પર પોતાનાં નામ તથા પોતાના પાસ નંબર સ્પષ્ટ લખવો.

૪. યાત્રિક બહેનોએ સૌભાગ્ય પૂરતાં જ દાગીના પહેરી લાવવાં.

૫. યાત્રાસંઘમાં બેન્ડીંગની સગવડ રાખવામાં આવી છે.

૬. દરેક યાત્રિકે દૈનિક કાર્યક્રમમાં સમયસર હાજર થઈ સક્રીય લાભ લેવો.

૭. દરેક યાત્રિકે જાતે થોડું ઘણું કષ્ટ (સંકડાસ-તકલીફ) સહન કરીને પણ સામાની સગવડ સાચવી લેવી એ નિઃસ્વાર્થ સેવાનો લાભ જરૂર લેવો.

૮. દરેક યાત્રિકે સંઘના કાર્યવાહકોની અવારનવાર મળતી સૂચનાઓનો બરાબર અમલ કરવો પડશે.

દૈનિક કાર્યક્રમ

સવારે	૪-૩૦			ઉઠવાનું
સવારે	૫-૦૦	થી	૬-૦૦	સામુદાયિક રાઇપ્રતિક્રમણ.
સવારે	૬-૦૦	થી	૬-૧૫	વાસક્ષેપથી જિનપૂજા
સવારે	૬-૩૦	થી	૯-૦૦	પ્રયાણ
સવારે	૯-૦૦	થી	૯-૩૦	ગામ પ્રવેશ
સવારે	૯-૩૦	થી	૧૦-૩૦	વ્યાખ્યાન
સવારે	૧૦-૩૦	થી	૨-૦૦	સ્નાત્ર મહોત્સવ અષ્ટ પ્રકારી પૂજા
બપોરે	૨-૦૦	થી	૩-૦૦	એકાસણું
બપોરે	૩-૦૦	થી	૩-૩૦	આરામ
બપોરે	૩-૩૦	થી	૫-૦૦	વ્યાખ્યાન
સાંજે	૫-૦૦	થી	૬-૩૦	બીજાં દેરાસરના દર્શન. આરામ
સાંજે	૬-૩૦	થી	૭-૩૦	પ્રતિક્રમણ
રાત્રે	૭-૩૦	થી	૯-૦૦	ભાવના
રાત્રે	૯-૦૦	થી	૪-૩૦	શયન

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૫,અંક-૧૪,તા.૧-૪-૧૯૫૭

શંખેશ્વરજીથી શ્રી સિદ્ધગિરિનો સંઘ

વિશાલ ગચ્છાધિપતિ સિદ્ધાન્ત મહોદધિ પૂ. **આચાર્યદેવશ્રી વિજયપ્રેમ-સૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં** દાદરવાળા શ્રી દામજીભાઈ પદમશી, શ્રી કાનજીભાઈ અને બીજા ભાઈઓ તથા શ્રી ભાણજીભાઈ તરફથી શ્રી શંખેશ્વરજીથી શ્રી શેત્રુંજય મહાતીર્થનો યાત્રા સંઘ છ'રી પાળીને નીકળ્યો છે. સંઘમાં હાથી પણ લાવવામાં આવ્યો છે, સાથે રથ છે. ગામે ગામ પ્રવેશ સામૈયામાં ઉછામણીઓ બોલી બોલીને

ભાગ્યવાનો હાથી પર તથા રથમાં પ્રભુજીને લઈને બેસે છે. મુંબઈ કોટવાળા શ્રી નેમિદાસ અભેચંદના ઘર દેરાસરના શ્રી મુનિસુવ્રત પ્રભુજી રથમાં અદ્‌ભુત દીપી ઉઠે છે.

ગામે ગામના સંઘો બહુ હોંશ અને ઠાઠપૂર્વક સામૈયા કરે છે. કેટલેક સ્થળે તો ઇતર પ્રજા પણ સ્વાગત કરવામાં સામેલ હોય છે. ધરમઠ ગામમાં તો જૈનેતર લોકોએ રૂા. ૨૫૦ના અંદાજે ગહુંલીઓ કરી. ત્યારે બીજે વળી એક જૈનેતર ગરાસીયા ભાઈએ ઉછરામણી બોલી પ્રભુજીને રથમાં લેવાનો લહાવો લીધો.

યાત્રિક સંઘના કાર્યક્રમમાં સવારે વહેલા ઉઠીને પ્રતિક્રમણ પ્રભુદર્શનાદિ કરી પ્રકાશ થયે ચાલવાનું હોય છે. સામેના ગામે સ્વાગત સાથે પ્રવેશ કરી મંગળ વ્યાખ્યાન સાંભળે છે. ત્યાં મુંબઈના મહાવીર સંયુક્ત મંડળના મનુભાઈ તથા સોભાગભાઈ અને દાદરના વેલજીભાઈ વાજિંત્ર સાજ સાથે લોકોને ગિરિરાજની ધૂન, ગીત વગેરેમાં ઝીલાવે છે. વ્યાખ્યાન પૂર્ણ થયે વીણાના મધુરા તાર-સુર વચ્ચે આખી સભા શાંતપણે આંખ મીંચી કલ્પનામાં શ્રી સિદ્ધગિરિ, એના ઉપર અસંખ્ય મુનિવરો કાઉસ્સગ્ગ અનશને અને એમની આત્મજ્યોતિ મોક્ષમા જતી જુએ છે, ને 'અનંત સિદ્ધનિધાન શ્રી શત્રુંજય મહાતીર્થાય નમઃ' નો જાપ કરે છે આમાં ૧૨-૧૨॥ વાગે છે. પછી સ્નાત્ર મહોત્સવમાં જોડાય છે. સંગીત મંડળી અને દાદરના ધર્મરંગી ભાઈઓનો સુમેળ એવો જામે છે કે ભક્તિના ત્યાં ફુવારા ઉછળે છે. તે પછી ૨॥-૩ વાગે સૌ એકાશન કરે છે. નવી નવી વાણીઓથી એમની ભક્તિનો લાભ જુદા જુદા ભાઈઓ તરફથી અને ગામોના સંઘ તરફથી લેવાય છે. પછી વ્યાખ્યાન અગર પૂજાનો કાર્યક્રમ હોય છે. લોકો પ્રભુભક્તિ અને સંવેગ વૈરાગ્યમાં ભીંજી જાય છે. સાંજે પ્રતિક્રમણ કરી આઠેક વાગે પ્રભુભક્તિનો ભાવનાનો કાર્યક્રમ જામે છે. ગામના પણ જૈન-જૈનેતરો ઠેઠ ૧૦-૧૦॥ કે ૧૧ વાગ્યા સુધી સંગીતમય જિનભક્તિની રમઝટમાં ઝીલે છે. પછી સૌ નિદ્રા લે છે.

યાત્રાસંઘમાં પૂ. આચાર્યદેવની સાથે પૂ.પં.શ્રી કેવળવિજયજી મહારાજ, પં. શ્રી ભક્તિવિજયજી મહારાજ, શ્રી ગુણવિજયજી મહારાજ, પં.શ્રી માનવિજયજી મહારાજ, શ્રી જયંતવિજયજી ગણી, શ્રી હેમંતવિજયજી ગણી, શ્રી ભાનુવિજયજી ગણી, શ્રી પદ્મવિજયજી ગણી, વર્ધમાન સો ઓળી પૂરી કરનાર તપસ્વીઓ શ્રી ભાવવિજયજી મહારાજ ને શ્રી રાજવિજયજી મહારાજ વગેરે વિશાળ મુનિ પરિવાર છે. પંચાસરાજી, પાટડી, ઉપરીયાળા, બજાણા, સુરેન્દ્રનગર, લીંબડી, બોટાદ વગેરેમાં તો ભવ્ય સામૈયા અને બીજા કાર્યક્રમ થયા. આખો દિવસ નગરવાસીઓને જાણે

ધર્મઉત્સવનો દિવસ. ગામેગામ પ્રભાવના ઉપરાંત સાધારણ ખાતું, આંબેલખાતું, પાઠશાળાખાતું વગેરેમાં પણ સંઘ તરફથી સારી રકમો ભેટ કરવામાં આવે છે.

જૈનધર્મની અને પૂ. આચાર્ય ભગવંતાદિ મુનિમંડળની બલિહારી છે. આવા ઉપધાન, સંઘ વગેરેના લાંબા કાર્યક્રમોમાં ભવ્ય જીવો સાંસારિક પાપકાર્યો છોડી ચોવીસે કલાક લીન બને છે. એમના યોગે બીજા પણ કેટલાય લોકો કંઈ ને કંઈ ધર્મપ્રવૃત્તિમાં જોડાય છે. પ્રભુનું શાસન ધર્મના આચાર-અનુષ્ઠાનોથી અને ધર્માત્માઓથી જ ટકવાનું છે. આજના ઝેરી જડવાદી યુગમાં એને વિશેષે કરીને પગભર રાખવા જેવા છે, પ્રચારવા જેવા છે. પ્રાંતે પુણ્યશ્લોક આચાર્ય ભગવંત શ્રી પ્રેમસૂરીશ્વરજી દાદાના મહાન વિકસતા પુણ્યપ્રભાવ સાથે દીર્ઘ સંયમ અને સાધુરત્નના નિષ્પાદન આગળ હૃદય શતશઃ ઝૂકી પડે છે. કોટિશઃ વંદન એમને !

● પ્રકાશકીય સમાચાર :

પૂ. ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની પવિત્ર નિશ્રામાં શંખેશ્વરજીથી નીકળેલો દાદરના ભાઈઓનો યાત્રાસંઘ નિર્વિઘ્ને પાલીતાણા બહાર ગુરુકુળમાં ફાગણ વદ ૦))ની સાંજે આવી પહોંચ્યો, ચૈત્ર સુદ એકમે શેઠ આણંદજી કલ્યાણજી પેઢી અને સંઘ તરફથી દિગંબર ધર્મશાળાએથી ભવ્ય સ્વાગત સમારોહ સાથે શહેરમાં પ્રવેશ કરાવવામાં આવ્યો. હાથી પર પ્રભુજી, રથમાં પ્રભુજી, પૂજ્યશ્રી સાથે લગભગ પોણોસો મુનિવરોનો પરિવાર, વિશાલ સાધ્વીજી મંડળ, સેંકડો શ્રાવક-શ્રાવિકાઓ માનવમહેરામણ, બેન્ડ, શરણાઈઓ, ઘોડેસવારો વગેરેનો વરઘોડો ઠેઠ તળેટી સોસાયટી મુકામ સુધી ચાલ્યો. કહે છે છેલ્લા કેટલાય વર્ષોમાં આ અપૂર્વ પ્રસંગ હતો. સંઘ સાથે ગિરિરાજની સ્પર્શના થઈ. તીર્થપતિ શ્રી આદીશ્વરદાદાને ભેટી સૌએ અવર્ણનીય આનંદ અનુભવ્યો. બીજના દિવસે સંઘવીઓ શ્રી દામજીભાઈ, શ્રી કાનજીભાઈ તથા ભાણજીભાઈની તીર્થમાળ ઉત્સવ દાદાના દરબારમાં ભવ્ય ઉત્સાહ વચ્ચે ઉજવાયો. વિશેષતા એ થઈ કે યુવાન સંઘવી શ્રી દામજીભાઈ, શ્રી કાનજીભાઈએ સજોડે જીવનભરનું બ્રહ્મચર્ય વ્રત ઉચ્ચર્યું. સાંજના સંઘનું પાદ-પ્રક્ષાલન, ફૂલહાર તથા પ્રભાવનો સાથે વાત્સલ્ય કરવામાં આવ્યું. રાતના શેઠ રમણભાઈ (કોલસાવાળા)ના પ્રમુખપદે સંઘવીઓ તથા સુરેન્દ્રનગરના શ્રી મનસુખભાઈ, રાણપુરવાળા શ્રી નરોત્તમભાઈ અને હળવદના શ્રી કાન્તિભાઈને ભવ્ય માનપત્ર મેળાવડો ઉજવાયો.

પૂ. આચાર્યદેવ પાલીતાણામાં બિરાજમાન છે. એઓશ્રીના પુણ્ય હસ્તે વૈ.સુ. ૩ નાસિકવાળા શ્રી મણીભાઈની દીક્ષા, પૂ.પં. ભક્તિવિજયજી મહારાજનું વર્ષીતપનું

પારણું થશે; તેમજ શ્રીમદ્‌ની નિશ્રામાં અન્ય પારણાના મહોત્સવ ઉજવાશે. પૂજયશ્રીની આજ્ઞાથી વૈશાખ સુદ ૩-૬ ના રોજ પૂ. ગણિવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજના હસ્તે **અમરેલી** નગરે યુવાન દંપતી શ્રી જયસુખભાઈ તથા જશુમતીબેનનો દીક્ષા પ્રસંગ ભવ્ય ઉત્સવ સાથે ઉજવાશે.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૫,અંક-૧૭,તા.૧૫-૫-૧૯૫૭

શ્રી ભીલડીયાજી તીર્થમાં શાશ્વતી ઓળીનો ભવ્ય પ્રસંગ

અમદાવાદ નિવાસી શ્રી ચંદુલાલ મોતીલાલ (શાહ હીરાલાલ મોતીલાલ) નવાબે ચૈત્ર માસની આયંબિલની શાશ્વતી ઓળી શ્રી ભીલડીયાજી તીર્થમાં કરાવવાનો નિર્ણય કર્યો. એ ઓળી પ્રસંગે મુંબઈ શ્રી નવપદ આરાધક સમાજને, નિમંત્રણ આપ્યું હતું. સમાજે તેઓશ્રીનું આમંત્રણ સ્વીકાર્યું જેના પરિણામે પ્રભુભક્તિમાં વિશેષ આનંદ આવ્યો.

આ શુભ પ્રસંગે તેઓશ્રીની આગ્રહભરી વિનંતીથી પૂ. સિદ્ધાન્ત મહોદધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌ **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજના પટ્ટાલંકાર, પરમ શાસન પ્રભાવક વ્યા. વા. આચાર્યદેવ શ્રીમદ્‌ **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના વિદ્વાન શિષ્યરત્ન પૂ. પંન્યાસપ્રવર **શ્રી ભદ્રંકરવિજયજી ગણીવર્ય** મુનિ મંડળ સહિત, તેમજ વયોવૃદ્ધ શાન્ત તપોમૂર્તિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌ **વિજયસિદ્ધસૂરીશ્વરજી** (દાદા મહારાજાના સમુદાયના વિદ્વાન પૂ. મુનિવર શ્રીમદ્‌ **ભદ્રંકરવિજયજી** મહારાજ ભવ્ય પ્રવેશ મહોત્સવ પૂર્વક પધાર્યા હતા. શ્રી સંઘમાં આનંદોત્સવ છવાયો. ચૈત્ર સુદ ૬ના દિવસે ઓળીની શરૂઆત થઈ તેમાં લગભગ સાડાસાતસો ભાઈ-બહેનોએ લાભ લીધો. ઓળીની શુભ ક્રિયા ઉપરાંત પૂ. પંન્યાસજી મહારાજનું વિદ્વત્તાભર્યું પ્રવચન થતું. શ્રોતાઓના દિલ ગદ્‌ગદ થવા સાથે નમસ્કાર મહામંત્ર અને તપની અપૂર્વ પ્રેરણામાં ઝીલતા. આ ભવ્ય પ્રસંગમાં સંગીતરત્ન શ્રી હીરાલાલ, શ્રી ગજાનનભાઈ પણ પોતાની મંડળી સાથે આવેલા હતા. તેમના ગીત વાંજિત્ર સાથે દરરોજ સામુદાયિક સ્નાત્ર મહોત્સવ, અગિયાર વાગે શરૂ કરવામાં આવતો હતો, અને ચોસઠ પ્રકારી પૂજાઓ ભણાવવામાં આવતી. રાત્રિએ ભાવનામાં સંગીતની સારી રમઝટ રેલાતી. તેરસના દિવસે પ્રભુ શ્રી મહાવીર સ્વામીનું જન્મ કલ્યાણ હોવાથી સાંજના ચાર વાગે રથ, બેન્ડ સાથે વરઘોડો કાઢવામાં આવ્યો હતો. જેમાં જનતાએ ખૂબ રસ લીધો હતો. વળી તે જ દિવસે સાધારણની ટીપ કરવામાં

આવી હતી, જેમાં લગભગ છ હજાર રૂપિયાની ઉપજ થઈ હતી. પૂનમના દિવસે સિદ્ધચક્ર બૃહત્ પૂજન રાખવામાં આવેલ, જે ક્રિયા સવારથી સાંજે પાંચ વાગ્યા સુધી ચાલી હતી.

પુનમના દિવસે રાત્રિએ ખંભાતવાળા શેઠશ્રી રમણલાલ દલસુખભાઈના પ્રમુખપદે શ્રી ચંદુભાઈને અભિનંદનનો ભવ્ય કાર્યક્રમ રાખવામાં આવેલ. તદ્ ઉપરાંત અમદાવાદના રેશમી કાપડ મહાજન તરફથી પણ શ્રી ચંદુભાઈને અભિનંદન આપવામાં આવ્યું હતું. તપસ્વીઓને પારણાં, અને પૂર્વેના દિવસે બીજા સાધર્મિક ભાઈઓને આખા દિવસનો જમણવાર રાખવામાં આવ્યો હતો. આરાધના કરનાર ભાઈ-બહેનોએ સુંદર રીતે આરાધના કરેલ.

:: અમરેલીમાં ::

યુવાન દંપતીનો ભવ્ય દીક્ષા-મહોત્સવ તથા શાસન પ્રભાવક કાર્યક્રમો

પરમતારક શ્રી અરિહંત પરમાત્મા અને સન્માર્ગપ્રેરક સાધુ ભગવંતની કેવી અનુપમ બલિહારી છે, કે તેમના સત્ સમાગમમાં આવતાં કેટલાય ભવ્યાત્માઓનું વીર્ય સ્ફૂરાયમાન છે અને અપૂર્વ આત્મકલ્યાણ સાધે છે ! અમરેલી નિવાસી શ્રી દેવચંદભાઈ જસરાજના વિશાળ કુટુંબ પણ આવું અનુપમ આત્મકલ્યાણ સર્જવા ભાગ્યશાળી બન્યું ! એમના ચિ. શ્રીયુત પ્રેમચંદભાઈના ધર્મપત્ની શ્રી હીરાબેન તથા ત્રણ બાલબ્રહ્મચારી સુપુત્રીઓ સદ્ગુરુની વૈરાગ્યવાણીથી પ્રેરાઈ આ સંસારના માયાબંધનો તોડી સંયમાર્ગે વિચરી રહ્યા છે. તદુપરાંત શ્રી હીરાબેનના બેન ઉત્તમબેન અને તેમની સુપુત્રી તથા સુપુત્ર વર્ધમાનભાઈ (હાલમાં પૂ. મુનિરાજશ્રી ભાનુવિજયજી ગણિવરના શિષ્ય મુનિશ્રી ભદ્રસેનવિજયજી મહારાજ) પણ સંયમના મોંઘેરા પંથે વિચરી રહ્યા છે ! હીરાબેનનાં ત્રીજાં પુણ્યશાળી બહેન શાન્તાબેન પણ આ સંસારના ત્રિવિધ તાપથી વિરક્ત બની સંયમી જીવનનો સ્વાદ માણી રહ્યાં છે.

આ બધા પર જાણે કળશરૂપ હીરાબેનના સુપુત્ર જયસુખભાઈ અને તેમના ધર્મપત્ની શ્રી જસુમતિબેને ૨૬ વર્ષ જેવી ખીલતી યુવાનીના કાળમાં જ આ અસાર સંસારનાં મારક સુખોથી વૈરાગ્ય પામી આ વર્ષે જ પવિત્ર પ્રવ્રજ્યાપંથે વિચરવાનો નિર્ણય કર્યો.

ભાઈશ્રી જયસુખલાલ પૂર્વજન્મના કોઈ વિશિષ્ટ ધર્મસાધનાના યોગે એવા સચોટ સુસંસ્કાર લઈને આવેલા કે નાનપણથીજ ધર્મની સારી રુચિવાળા હતા અને ધર્મસાધના ઠીકઠીક કરતા. એમના મન પર દીક્ષિત કુટુંબીઓની છાયા તથા

ગુરુમહારાજાઓના ઉપદેશની સારી અસર હતી એમાં સકલાગમરહસ્યવેદી સ્વ. પૂ. આચાર્યદેવશ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રભાવક સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના વિશાલ શિષ્યપરિવાર સાથે મુંબઈમાં થયેલ ચાતુર્માસ પ્રસંગે એઓશ્રીનો ધર્મપ્રેરક સુયોગ સાંપડ્યો તેમજ શ્રીમદ્ના વિદ્વાન શિષ્યરત્ન પ્રવચનપ્રભાવક મુનિરાજશ્રી ભાનુવિજયજી ગણિવરની વૈરાગ્યવાહિની વ્યાખ્યાન વાણીના શ્રવણનો લાભ મળ્યો એથી જયસુખલાલ, ચારિત્રભાવનામાં ઝીલવા લાગ્યા. વિશેષતઃ પૂજ્ય આચાર્યદેવશ્રીજીની નિશ્રામાં પૂનાના મોટા ઉપધાનમાં એમણે સજોડે પ્રવેશ કરી ગુરુદેવની વૈરાગ્યવાણી, પ્રેરકસમાગમ તથા પૂ.શ્રી ભદ્રસેનવિજયજી મહારાજની શુભ પ્રેરણાનો સારો લાભ ઉઠાવ્યો અને આ યુવાન ભાગ્યશાળી દંપતીએ બને એટલી વહેલી તકે ચારિત્ર લેવાનો નિર્ણય કર્યો. તે પછી ગયા ચોમાસા વખતે પૂ. ગુરુદેવના ઉપદેશથી આ નસીબવંતા દંપતીએ આ વૈશાખ મહિના સુધીમાં ચારિત્ર ન લેવાય તો આયંબિલ કરવાનો અભિગ્રહ કર્યો.

શ્રી જયસુખભાઈના પિતાશ્રી વગેરે સબંધીઓએ જયસુખભાઈ તથા તેમના ધર્મપત્નીનો દૃઢ વૈરાગ્ય જોઈને તેમનો ઘરઆંગણે ભાગવતી દીક્ષા મહોત્સવ ઉજવવાનું નક્કી કર્યું અને તે મુજબ શ્રી પ્રેમચંદભાઈ સાથે અમરેલીનો શ્રી સંઘ પૂજ્ય આચાર્યભગવંતને વિનંતી કરવા શીયાણીતીર્થમાં પહોંચ્યો. પૂ. આચાર્યભગવંત તે વખતે શંખેશ્વરજીથી સિદ્ધગિરિના છરી' પાળતા યાત્રિકસંઘ સાથે વિહાર કરી રહ્યા હતા, તે પછી પણ **પાલીતાણામાં પૂજ્યશ્રી પધારતાં એઓશ્રીને શ્રી પ્રેમચંદભાઈ વગેરેએ સપરિવાર અમરેલી પધારી દીક્ષા આપવા આગ્રહભરી વિનંતી કરી. પરંતુ વૈ.સુ.૩ પાલીતાણામાં નાસિકવાળા શ્રી મણિભાઈની દીક્ષા હોવાથી ન આવી શકવાનું જણાવતાં દીક્ષાર્થી ભાઈ જયસુખલાલ વગેરેએ પૂ. મુનિવર્ય શ્રી ભાનુવિજયજી ગણિવરને અમરેલી મોકલવા ખૂબ જ આગ્રહભરી માગણી કરી, જેને પૂજ્યશ્રીએ માની. એથી પૂજ્ય કરુણાનિધિ આચાર્યદેવની આજ્ઞાનુસાર પૂ. ગણિવરશ્રીએ સ્વશિષ્ય-પ્રશિષ્યાદિ વિશાળ પરિવાર સાથે અમરેલી તરફ વિહાર કર્યો. લિલીયા મુકામે પૂજ્ય મહારાજશ્રી પધારતાં અમરેલીનો શ્રીસંઘ ત્યાં વંદનાર્થે આવ્યો અને ચૈત્ર વદ ૮ ના રોજે અમરેલીમાં પૂજ્યશ્રીનો પ્રવેશ નક્કી થયો અને તે મુજબ સુંદર સંઘસ્વાગતપૂર્વક પૂજ્ય મહારાજશ્રીનો નગરપ્રવેશ કરાવવામાં આવ્યો.**

ત્યાર પછી તો રોજ ચાલુ વ્યાખ્યાન ઉપરાંત અમરેલીને પહેલીજવાર આ સત્સંગનો લાભ મળતો હોવાથી ટપોટપ કાર્યક્રમો યોજાયા.

તા. ૨૭-૪-૫૭ **ચૈત્ર વદ ૧૩ ના દિવસે જાહેર વ્યાખ્યાનમાં "માનવજીવન**

અને જન્મોજન્મનું સંશોધન" એ વિષય પર શ્રી ભગવતીસૂત્ર તથા પંચસૂત્ર, ધર્મપરીક્ષાદિ ગ્રંથના આધારે અદ્‌ભુત પ્રકાશ પાથરવામાં આવ્યો હતો. માનવજન્મની મહાન ભવ્યતા કઈ છે અને ત્યાં કેવી રીતે અતીત પુદ્‌ગલો દ્વારા ચાલુ પાપપ્રવાહ અટકાવી શકાય. તેમજ આત્મા પર અનાદિકાળથી જામેલા પાપોની કુવાસનાઓના રંગનો કેમ સમૂળ ઉચ્છેદ થઈ શકે તેનું હૃદયસ્પર્શી વિવેચન પૂજ્ય મહારાજશ્રીએ કર્યું હતું. તેની સાથે અનંતકાળથી ચાલ્યો આવતો જીવ મુસાફર, તેણે ગતજન્મોમાં મૂકેલા દેહના, તથા અન્ય પાપ-સાધનો વગેરેના ચાલ્યા આવતા ધોધમાર પાપ-પ્રવાહોમાંથી કેમ છૂટાય તેના ચુનંદા ઉપાયો મહર્ષિ ઝાંઝરીયા મુનિવરના કથાનક સાથે રોચક અને બોધક શૈલીએ રજૂઆત પામેલા; કે જેને જીવનમાં સક્રિય આધ્યાત્મિકતા જીવવી હોય, જેને જૈનધર્મના મૌલિક તત્ત્વો સમજવા હોય તેને આ પ્રવચનમાંથી પૂરતું માર્ગદર્શન મળી શકે.

ત્યારબાદ ચૈત્ર વદ ૧૪ ના પુનીત દિવસે ભવોભવના પાપ-પુદ્‌ગલો-વોસિરાવવાની તથા આત્માએ સેવેલા વિવિધ દુષ્કૃત્યોના મર્મ ભેદવાની અપૂર્વ ક્રિયા ચતુર્વિધ સંઘને શ્રી અરિહંત પરમાત્માની સમક્ષ કરાવવામાં આવી. તેમાં ગતભવોના પુદ્‌ગલો તથા અન્ય પાપસાધનો વોસિરાવવામાં આવ્યા, જેથી શ્રી ભગવતી સૂત્રમાં કહ્યા મુજબ પાપપ્રવાહો અટકી જાય. બીજું, કાયાથી આપણા હાથે જે કાંઈ દુષ્કૃત્યો આચરાઈ ગયા છે, તેનાથી કેટલાંય ચીકણાં પાપ અશુભ અનુબંધવાળા આત્માને લાગી ગયા હોય છે. તે અનુબંધ એટલે કે મર્મને તોડી નાખવાની ખાસ જરૂર છે. નહિતર તે પાપના ઉદય વખતે નવાં દુષ્કૃત્યોની પરંપરા જગાવી આત્માને દુર્ગતિઓમાં રખડાવનાર બને છે. માટે આ ભવ તથા પૂર્વભવોનાં દુષ્કૃત્યોને વિસ્તારથી ગણી તેનો હાર્દિક પશ્ચાતાપપૂર્વક મિચ્છામિ દુક્કડં કરવામાં આવ્યો. એમાં પૂજ્ય ગણિવરશ્રીએ અરિહંતાદિ ચારનાં શરણ, વિસ્તારથી શ્રી અરિહંતાદિ વીસ સ્થાનકના વિરુદ્ધ ભિન્ન ભિન્ન જાતનાં દુષ્કૃત્યો, ૧૮ પાપસ્થાનકના પ્રકારો વગેરેની નિંદા-ગર્હા, અષ્ટકર્મોના બંધ હેતુઓ, શ્રી ભગવતીસૂત્રનો પાઠ, શ્રી પંચસૂત્ર પાઠ...વગેરે પર્ષદાની પૂર્ણ શાંતિ વચ્ચે સંભળાવ્યું હતું. અમરેલીના ઈતિહાસમાં આ પ્રસંગ પ્રથમવાર જ હોઈ શ્રી સંઘમાં અપૂર્વ ઉલ્લાસ વિલસી રહ્યો હતો. આ દિવસે આ ક્રિયા કરનાર ભાઈ-બહેનોએ અત્રેના શ્રેષ્ઠી શ્રી બાબુલાલ ઉત્તમચંદ પાટણવાળા તરફથી આયંબિલ કરાવવામાં આવ્યાં હતાં.

હજુ પ્રભાતની ક્રિયાની સુવાસ મઘમઘ થઈ રહી હતી ત્યાં બીજો ભવ્ય કાર્યક્રમ બપોરના દોઢ વાગતાં શરૂ થઈ ચૂક્યો હતો ! તે શ્રી અષ્ટાપદજી મહાતીર્થની ભવ્ય પૂજા રાખવામાં આવી હતી અને આ પૂજા એટલે અદ્‌ભુત ભાવોનો ખજાનો !

અને એ ખજાનામાંથી ખોલી ખોલીને લાખેણો માલ બતાવનાર પૂ. ભાનુવિજયજી મહારાજશ્રી ! પછી પૂછવાનું જ શું ? એક પછી એક પૂજા પસાર થતાં સગર-ચક્રવર્તીના સાઇઠ હજાર પુત્રોની એ મહાતીર્થની રક્ષાને કાજે સર્જાયેલી વીરતાભરી શહીદીની ભવ્ય યશોગાથા આવતાં શ્રોતાઓના હૃદયની જે સ્થિતિ થયેલી, તેનું તો અહીં વર્ણન જ શી રીતે થાય ? વચ્ચે વચ્ચે પૂ. મહારાજશ્રી પૂજાના અર્થ સ્પષ્ટ અને રોચક ભાષામાં સમજાવતા, તેથી રસ અતૂટ રહેતો.

સોમવારના દિવસે (ચૈત્ર અમાવાસ્યા) **"આત્માનાં તેજ અને સનતકુમાર"** એ વિષય પર સુંદર વ્યાખ્યાન થયેલ. વિશ્વમાં જુદી જુદી વસ્તુઓ જેમ પાણીદાર-તેજદાર કહેવાય છે, તેમ આત્માનું વિશિષ્ટ તેજ કયું ! અસલી તેજ ક્યાં અને તેને પ્રગટાવનારાં તેજ ક્યાં, એ તેજથી ભયંકર દુઃખોમાં પણ મહાસુખનો અનુભવ કેમ થઈ શકે-તેના ચમત્કારી વર્ણનમાં સાથે ચક્રવર્તી સનતકુમારની સંગીતમય સજ્ઝાયમાં તથા ચક્રવર્તીના પૂર્વભવોની કથામાં પૂજ્ય મહારાજશ્રીએ સંવેગ વૈરાગ્યનો ધોધમાર વરસાદ વરસાવ્યો હતો.

મંગળવાર વૈશાખ સુદ એકમે **"વાસના પર ભાવનાનો વિજય અને રહનેમિ"** એ વિષય જાહેર પ્રવચનમાં વિશદ રીતે વિવેચાયો હતો. કેવી કેવી વાસનાઓ ભવભ્રમણ કરાવે છે, અને એની સામે કેવી ભાવનાઓ તારક છે, એ તથા શાલિભદ્રના જીવે પૂર્વભવમાં ગોવાળની અવસ્થામાં આહારની, માયાની વગેરે અનેક વાસના પર ત્યાગની તથા ગુરુપ્રીતિની ભાવનાના કેવા વિજય મેળવ્યા, તેની પૂજ્ય મુનિરાજશ્રીએ ભવ્ય રજૂઆત કરેલી. 'વાસનામાં જીવનું પતન છે, ભાવનામાં જીવનું ઉર્ધ્વીકરણ છે.' એમાં રાજીમતિ અને રહનેમિનો આંતરસ્પર્શી સંવાદ ખરેખર શ્રોતાવર્ગને મુગ્ધ કરી ગયો હતો. વૈશાખ સુદ બીજના દિવસે જાણે મોક્ષમાર્ગનું બીજ ન બતાવાયું હોય, તેમ **"પવિત્ર સંબંધ અને શ્રેયાંસકુમાર"** ના જાહેર પ્રવચનમાં પૂજ્યશ્રીએ પવિત્ર સંબંધમાં મોક્ષમાર્ગનું બીજ નિર્દેશ્યું હતું ! અજ્ઞાન મૂઢ દશા, ને સ્વાર્થાંધતામય મમતા એ અપવિત્ર સંબંધનું મૂળ છે; અને એના પર ભયંકર ભવોના જંગલ ઉગે છે ! જ્યારે નિઃસ્વાર્થ અને પરના આત્માના કલ્યાણ પ્રેરક પવિત્ર સંબંધ કયું વિશિષ્ટ સર્જન કરે છે-તેનું પ્રેરક વિવેચન ભગવાન શ્રી ઋષભદેવ અને શ્રેયાંસકુમારના નવ ભવોના પવિત્ર સંબંધના વર્ણન સાથે કરવામાં આવ્યું હતું.

વૈશાખ સુદ ત્રીજનો દિવસ એટલે અક્ષય તૃતિયાનો પરમંગલમય દિવસ ! કે જે પુણ્ય દિવસે યુગાદિનાથ શ્રી ઋષભદેવ પ્રભુનું વર્ષિતપ પારણું શ્રેયાંસકુમારના

હાથે થયેલું ! એ દિવસે વિશ્વમાં કેટલો બધો આનંદ વ્યાપી ઉઠ્યો હશે !

આ દિવસને અનુલક્ષીને જાહેર પત્રિકાદ્વારા ભવ્ય કાર્યક્રમો ગોઠવાયા હતા. (૧) શંખેશ્વરજી મહાતીર્થમાં દિક્ષીત બનેલા પુનાનિવાસી ચીનુભાઈ-કે જેમનું પૂનિતનામ મુનિરાજશ્રી ચિરંજયવિજયજી મહારાજ છે, તેઓશ્રીની આજના દિવસે વડીદીક્ષા હતી. તે નિમિત્તે શ્રી સંઘે વરઘોડો કાઢ્યો હતો; અને સવારે સાડા આઠ વાગે વડીદીક્ષાની ક્રિયાનો આરંભ થયેલ. ક્રિયા થયા પછી મુહૂર્તને આવવાની વાર હતી તે દરમિયાન (૨) આજના દિવસે જો કોઈ વિશિષ્ટ પ્રસંગ ધ્યાન ખેંચતો હતો તો તે નમસ્કાર મહામંત્રનો સમૂહ જાપ હતો ! સેંકડો સ્ત્રી-પુરુષો આ જાપમાં સામેલ થયાં હતાં. જાપની સાથે પ્રવચનમંડપમાં મધુર અને અત્યંત ધીમા ધ્વનિથી મોરલીના સૂરમાં સંગીતમય ધ્વનિ રેલાઈ રહ્યો હતો.

દસ વાગતાં વડી દીક્ષા અંગીકાર કરતા મુનિરાજને પંચમહાવ્રતોની પ્રતિજ્ઞા કરાવવામાં આવી હતી. પંદર મિનિટ બાદ શ્રી અરિહંત પરમાત્માના ગુણગાન કરવામાં આવ્યા હતા. ને ફરીથી પાછો શ્રી નમસ્કાર મંત્રનો જાપ શરૂ થઈ ગયો હતો !

આ રીતે પ્રભાતનો કાર્યક્રમ સંપૂર્ણ થતાં શ્રેષ્ઠી શ્રી બાબુલાલ ઉત્તમચંદ તરફથી સંગીતમાં વાજિંત્રની ધૂન મચાવતા, સ્થાનકવાસી ભાઈ પણ ઉછામણીઓ બોલી પૂજામાં લાભ લેતાં. શ્રી સિદ્ધગિરિનો ભવ્ય પટ તથા આ માટે ખાસ કરાવેલ શ્રી અષ્ટાપદજી જાપમાં જોડાનારા એકાસન કરનાર ભાઈ-બહેનોને ખીરનાં એકાસણાં કરાવવામાં આવ્યાં હતાં.

ત્યારબાદ લગભગ સાડી ત્રણસો રૂપિયાના ખર્ચે શ્રી શત્રુંજયના નવ્વાણું અભિષેકની ભવ્ય પૂજા સંઘના છ ભાઈઓ તરફથી ભણાવવામાં આવી હતી. આજનો બધો જ કાર્યક્રમ કપોળ મહાજનની વાડીમાં ઉજવાયો હતો. તેથી ઘણા જૈનજૈનતર ભાઈ-બહેનોએ હાજરી આપી હતી. આ ભવ્ય પૂજાના કાર્યક્રમમાં શ્રી અરિહંત પરમાત્માની તારક ભક્તિથી પ્રેરાઈને મૂળ ઉપાસન તથા મુખ્ય સંચાલન ખેડા નિવાસી ઉત્સાહી ભાઈશ્રી કાન્તિલાલ તથા ભીખાભાઈ વગેરેએ કર્યું હતું. સંઘના ભાઈઓએ પણ ખૂબ જ ભક્તિભાવ પૂર્વક સુંદર ભાગ લીધો હતો. નવાણું પૂજામાં દરેક દરેક પૂજાએ ઉછામણી બોલાતી. સંગીતકારે તથા શિહોર જૈન બેન્ડ પણ પૂજાના રોજ પાટણથી આવેલા ગવૈયા શ્રી સૌભાગ્યચંદ પૂજાઓમાં તથા ખાસ કરીને રાત્રે ભાવનામાં સારો ભક્તિભાવ જમાવતા હતા.

વૈશાખ સુદ ૪ ના દિવસે પૂજ્ય મહારાજશ્રીએ કપોળ મહાજનની વાડીના વિશાળ હોલમાં **"અનાસક્તિયોગ અને પૃથ્વીચન્દ્ર ગુણસાગર"** એ વિષય પર

સતત બે કલાક જાહેર પ્રવચન આપ્યું હતું. સંસારમાં જીવ કેવી કેવી આસક્તિમાં ફસાય છે, કેવા કેવા દીર્ઘકાળના બંધનમાં પડે છે, પોતાના આત્માની જ કેવીક પરાધીન, દીન, વિટંબણાભરી દુર્દશા સર્જે છે. એમાંથી છૂટી અનાસક્તિયોગ સાધવાની શી શી ચાવીઓ છે ? ઈત્યાદિ પર પ્રૌઢ પ્રકાશ પાથરવામાં આવ્યો હતો અને એનો સમન્વય શ્રી પૃથ્વીચન્દ્ર અને ગુણસાગરની તેજસ્વી તવારિખ સાથે કથા સંગીતમાં કરવામાં આવ્યો હતો. એ સાથે અવાંતરમાં અનાસક્તિની સુંદર ભૂમિકા સર્જતા સૂર્યયશા રાજાના અપ્રતીમ સત્ત્વ, ક્ષત્રીયાણી સ્વમાં લુબ્ધ બની નિજ કર્તવ્યથી ભ્રષ્ટ થતા પોતાના પતિના હાથમાં પોતાનું મસ્તક કાપીને આપે છે !... વગેરે દૃષ્ટાંતોએ પ્રવચનની અપૂર્વ જમાવટ કરી હતી.

વૈશાખ સુદ પાંચમના દિવસે પ્રભાતમાં દીક્ષાર્થીભાઈ જયસુખલાલ તથા બહેન જસુમતિનો વરસીદાનનો વરઘોડો ચઢ્યો હતો. વરઘોડામાં મોખરે ઈન્દ્રધ્વજાની ગાડી, વચમાં વચમાં જૈન ધર્મ, સાધુજીવન વગેરેના બોર્ડો લઈ ચાલતા બાલકુમારો, પોલીસ બેન્ડ સ્થાનિક બેન્ડ તથા સિહોરનું જૈન બેન્ડ, વિશાલ સાધુ સમુદાય, અમરેલીના નગરજનોનું સાજન, શિબિકામાં પ્રભુ દીક્ષાર્થી દંપતીની શણગારેલી ગાડી સાધ્વીજી મહારાજ, શ્રાવિકા સંઘ વગેરેથી પ્રજાનું ખૂબ આકર્ષણ થયું હતું. મોટા રસ્તાઓ પર વરઘોડો જોવાને માનવમેદની ઉમટી પડી હતી. દીક્ષાર્થી યુવાન દંપતી ખુલ્લી બગીમાં બેઠેલા હતા; બંનેની યુવાન વય, શરીરનું સૌન્દર્ય, આત્માની સત્ત્વશીલતા, મુખ પર ચમકતી બ્રહ્મચર્ય સહિત વૈરાગ્યની તેજસ્વીતા, ઊભા થઈ થઈને પૈસાને કાંકરાની જેમ છૂટે હાથે ઉછાળી બંનેથી કરાતું વર્ષીદાન...આ બધા દૃશ્યોએ પ્રજાને ગાંડુઘેલું કરી મૂક્યું ! અમરેલીએ કદી ન અનુભવેલું દૃશ્ય આજે જોવા મળ્યું ! "આ યુવાન પતિ-પત્ની દીક્ષા લે છે ? ગજબ બાપા ગજબ !" 'અરે ! આ રણચંડીને તો જુઓ !' વગેરે વગેરે ઉદ્‌ગારો પ્રસરી રહ્યા હતા ! અમરેલીના રાજમાર્ગેથી વરઘોડો પસાર થઈ ગામની બહાર સયાજી રૌપ્ય ધર્મશાળામાં ગયો. ત્યાં શ્રી સંઘે સામુદાયિક સ્નાત્ર-મહોત્સવ ઉજવ્યો, દરબાર તરફથી સાકરનાં પાણી પવાયાં પછી ત્યાંથી વરઘોડો મોટા આડંબર સાથે બીજા રસ્તે ગાજતો વાજતો પાછો જિનમંદિરે આવ્યો હતો.

એ દિવસે ઓસવાલ જ્ઞાતિ તરફથી શ્રી સંઘનું સાધર્મિક વાત્સલ્ય કપોળની વાડીમાં રાખવામાં આવ્યું હતું. બપોરે ચાર વાગે **"સોનેરી તક અને ધન્નો અણગાર"** એ વિષય પર જાહેર પ્રવચન પૂ. મહારાજશ્રીએ આપ્યું હતું. મહાભાગ્યવાન આર્ય માનવને અહીં કેવી કેવી સોનેરી તકો મળી છે, કઈ કઈ રીતે એમાં ક્રમિક અગર સાહસિક વિકાસ સાધી શકાય, જેથી પશુતા, માનવતા અને દિવ્યતાને પણ લંધી

મહાદિવ્યતા સિદ્ધ થાય, એનું રોચક વર્ણન પ્રભુશ્રી મહાવીરદેવે શ્રીમુખે પ્રશંસેલ સ્વશિષ્ય શ્રી ધન્ના અણગારના જીવન કથન યુક્ત સંગીતમય સજ્ઝાય સાથે કરવામાં આવ્યું હતું.

વૈશાખ સુદ છઠના દિવસે સવારથી અમરેલી આનંદના હિલોળે ચઢ્યું હતું. સાત વાગતા દીક્ષાર્થી દંપતી ભગવાન શ્રી જિનેશ્વરદેવ, વિશાળ જન સમુદાય, પૂ. મુનિમંડળ, સાધ્વીજી મંડળ, બેન્ડ વગેરે સાથે ગામ બહારની તારવાડીમાં ગયા, ત્યાંની વિશાળ જગામાં મોટો મંડપ ઊભો કરવામાં આવ્યો હતો. આજના દિવસે અહીં તો માણસોનો મહાર્ણવ ઉભરાઈ ગયો હતો ! આજુબાજુના ગામોમાંથી આવેલા માણસો, દીક્ષાર્થી કુટુંબનો વિશાળ સ્નેહી-સંબંધીવર્ગ, સ્થાનિક જૈન-જૈનેતર માણસો...વગેરે અંદાજ સાતેક હજાર સ્ત્રી-પુરુષો આ પ્રસંગે ઉપસ્થિત થયા હતા. દીક્ષાની ક્રિયા એવી પદ્ધતિપૂર્વક અને વિશેષતયા સમજૂતિપૂર્વક કરાવવામાં આવતી હતી કે મોટો જન સમુદાય હોવા છતાં શાંતિ સારી હતી. દીક્ષાર્થી દંપતીએ જ્ઞાનપૂજન, ગુરુપૂજન કર્યું, ત્યાર બાદ પ્રદક્ષિણા...ઈરિયાવહીયા...દેવવંદન...નંદીની ક્રિયા...વગેરે થયા બાદ પૂ. મહારાજશ્રી ભાનુવિજયજી ગણિવરે ઊભા થઈને ખૂબ ઉલ્લાસ ભર્યા દીક્ષાર્થી દંપતીને આ ત્રણ ભુવનના સામ્રાજ્ય-સમૃદ્ધિ મળે છે વગેરે સમજાવવા પૂર્વક રજોહરણ સમર્પ્યાં હતાં. રજોહરણ મળતાં જ દીક્ષાર્થી દંપતી અપૂર્વ આનંદથી નાચી ઉઠ્યાં હતાં ! સિંહની જેમ લઈ સિંહની જેમ પાળવાના કોડ હૃદયમાં ઉભરાઈ ઉઠ્યા હતા !

ત્યારબાદ દીક્ષાર્થી યુગલને સ્નાન-મુંડન-વસ્ત્ર પરિવર્તન માટે લઈ જવામાં આવ્યા હતા. તે દરમિયાન ગવૈયા સૌભાગ્યચંદે 'અરે ઓ દેવના દૂતો,' દીક્ષાનાં કાવ્યો, વાજિંત્રો સાથે ગાયાં હતાં. સ્નાનસ્થળેથી દીક્ષાર્થીઓ નૂતન વેશમાં સજ્જ થઈને આવતાં મંડપમાં જયજયકાર ગાજી ઉઠ્યો હતો. ત્યારબાદ સ્ટા. ટા. ૯-૫૪ મિનિટે દીક્ષાર્થી દંપતીનો આંતર ક્લેશના લોચ સમો બાહ્ય કેશનો લોચ કરવામાં આવ્યો; અને તે પછી યાવજ્જીવનું સર્વ વિરતિ સામાયિક ઉચ્ચરાવવામાં આવ્યું. નૂતન દીક્ષિતોને અહીં સર્વ સાવદ્ય વ્યાપારોના ત્યાગનો પરમાર્થ સમજાવવામાં આવ્યો. તે પછી આરોપણના આદેશ તથા પ્રદક્ષિણા કાઉસ્સગ્ગ થયા. લોકો અક્ષતથી વધાવવામાં જાણે ઉછળી રહ્યા હતા. હવે દિક્ષીત દંપતીનું નૂતન નામકરણ થવાનું હોઈ સભામાં સારી શાંતિ સ્થપાઈ હતી. પૂ. મહારાજશ્રીએ નૂતન મુનિનું નામ મુનિરાજશ્રી જયતિલકવિજયજી મહારાજ રાખી, તેમને પોતાના શિષ્ય તરીકે જાહેર કર્યા હતા; અને નૂતન સાધ્વીજીનું નામ સાધ્વીશ્રી જ્યોતિરેખાશ્રીજી મહારાજ રાખી તેમને શ્રી વિમલપ્રભાશ્રીજી મહારાજ (સંસારી તેમનાં સાસુ)ના શિષ્યા જાહેર કર્યા

હતાં. પછી પચ્ચકખાણાદિ વિધિ બાદ પૂ. મહારાજશ્રીએ સુંદર હિતશિક્ષાનું વ્યાખ્યાન આપ્યું. ત્યારબાદ નૂતન દીક્ષિતને તેમના પિતાશ્રી, તેમજ બીજાં બહોળા સગાસંબંધીઓએ વસ્ત્રો વહોરાવ્યાં હતા; પછી સર્વમંગલ કરતાં, વિસર્જન થયું હતું.

ત્યારબાદ પ્રભુજી, મુનિ મહારાજો, સાધ્વીજી મહારાજો અને શ્રાવક-શ્રાવિકા સંઘ, સાથે નૂતન મુનિવર અને નૂતન સાધ્વીજી મહારાજ, બીજો વિશાળ જનસમુદાય બેન્ડવાજાં સાથે ઉપાશ્રયે આવ્યો હતો. પાછા વળતાં જૈનેતરો પણ કહેતા કે 'ભાઈ ધર્મ તો ઓ લોકોનો !' 'આમનો ત્યાગ બહુ ઊંચો...'

આજે દીક્ષિત દંપતીના કુટુંબ તરફથી બહારગામના મહેમાનો, તેમજ સ્થાનિક સકળ જૈનસંઘને નવકારશી જમણ હતું.

બપોરે શ્રી સત્તરભેદી પૂજા ભણાવવામાં આવી હતી. ભાઈ શ્રી પ્રેમચંદ, તથા જગજીવનદાસ તરફથી ઉદાર હાથે ઉત્સવ ઉજવવામાં આવ્યો. એમનું વિશાળ કુટુંબ હાજર રહ્યું અમરેલી સંઘે પણ સારો સહકાર આપ્યો. આ રીતે પ્રવચન પ્રભાવક પૂજ્યપાદ મુનિવરશ્રી ભાનુવિજયજી ગણિવર આદિ મુનિમંડળના આગમનથી અમરેલીમાં અકલ્પિત અનુપમ ધર્મ ચૈતન્ય પ્રગટ્યું ! આગળ રોકાવા માટે શ્રી સંઘનો ખૂબ જ આગ્રહ હતો છતાં સમય નહિ હોવાથી પૂજ્ય મહારાજશ્રી અમરેલીથી વૈશાખ સુદ સાતમની સાંજે વિહાર કરી શિહોર તરફ પૂ. કરુણાસિન્ધુ ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના સાન્નિધ્યમાં પધાર્યા. વિહાર કરતાં મોટી માનવ મેદની વળાવવા આવી હતી. સૌ કોઈ વિરહના દુઃખમાં ખૂંચી ગયા હતા.

પાલીતાણામાં પૂ. આચાર્યદેવની નિશ્રામાં વૈ.સુદ ત્રીજે નાસિકવાળા શ્રી મણિભાઈ (સોમચંદ લાલચંદવાળા)ની તથા પીપળ ગામના ભાઈશ્રી એવન્તીની દીક્ષા ભવ્ય ઉત્સવ સાથે ઉજવાઈ. બંનેના નામ મુનિશ્રી મણિશેખરવિજયજી તથા શ્રી અક્ષયવિજયજી રાખી પૂ. મુનિરાજશ્રી મણિભદ્રવિજયજીના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યાં.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૫,અંક-૧૮,તા.૧-૬-૧૯૫૭

સૌરાષ્ટ્રમાં સૂરિદેવનાં પૂનિત પગલાં

પરમકૃપાસિન્ધુ સિદ્ધાન્ત મહોદધિ શાસન હિતચિંતક આચાર્ય ભગવંત શ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** પોતાના વિશાળ મુનિમંડળ સાથે વૃદ્ધાવસ્થામાં પણ મુંબઈથી ઉગ્રવિહાર કરી ગુજરાત-સૌરાષ્ટ્રમાં પધાર્યા. સુરેન્દ્રનગરનાં સો ઓળીના

પારણા મહોત્સવ, શંખેશ્વરજી મહાતીર્થમાં ઉપધાન તપ માળારોપણ, સિદ્ધાચલજીનો છ'રી' પાળતો સંઘ વગેરેમાં શાસન પ્રભાવના કરી પાલિતાણામાં વર્ષીતપનાં પારણા, ભાગવતી દીક્ષાઓ, વગેરે શાસનપ્રભાવક કાર્યો પૂજ્યશ્રીના પાવન હસ્તે થયાં. ભાવનગર શ્રી સંઘના સદ્‌ગૃહસ્થો પૂજ્યશ્રીને ભાવનગર પધારવા આગ્રહ ભરી વિનંતી કરવા આવેલા પૂજ્યશ્રીએ વિનંતીનો સ્વીકાર કર્યો. ત્યાંથી સિહોર પધાર્યા. મોટું સ્વાગત થયું. અહીં ભાવનગરથી મહાલક્ષ્મી મીલવાળા શ્રી ભોગીલાલ મગનલાલ, શ્રી છોટાલાલ નાનચંદ, શ્રી મણિભાઈ વગેરે ફરી આવેલા. પૂજ્યશ્રી વૈશાખ વદ ૧ની સાંજે વિહાર કરી રાજપરા રાત્રી વિતાવી વદ બીજે વરતેજ પધારતાં, વરતેજના સંઘે પૂજ્ય આચાર્ય ભગવંતનું સ્વાગત કર્યું હતું. બપોરે પૂજા ભણાવવામાં આવી હતી. વૈશાખ વદ ત્રીજના પ્રભાતે પૂ. પં. શ્રી કેવળવિજયજી મહારાજ, પં. શ્રી માનવિજયજી મહારાજ, ગણિવર્ય શ્રી હેમંતવિજયજી મહારાજ, ગણિવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજ, ગણિવર્ય શ્રી પદ્મવિજયજી મહારાજ વગેરે ૪૮ મુનિવરોના પરિવાર સાથે પૂજ્યશ્રી આચાર્ય ભગવંત ભાવનગર દાદાસાહેબના દેરાસરે પધારતાં સેંકડો સ્ત્રી-પુરુષો પૂજ્યશ્રીનાં પાવનદર્શન કરવા ઊમટી પડ્યા હતા. સવારના સાડા સાત વાગે ત્રણ બેન્ડ સાથે પૂજ્યશ્રીનું ભવ્ય સ્વાગત શરૂ થયું હતું. આજે ભાવનગરમાં ઉત્સાહ દેવતા રમણે ચઢ્યા હતા ! નરનારીઓની અણગણ જબાનો પર સૂરિદેવનાં પ્રશંસા બોલો રમી રહ્યા હતાં. સ્વાગત-સરઘસ ભાવનગરના હૃદયમાં પ્રવેશ કરતાં જયજયકારના ઘોષોથી રાજમાર્ગ ગાજી ઉઠ્યો હતો. છેલ્લા કેટલાય વર્ષોથી કદી ન જોયેલું એવું દશ્ય આજે ભાવનગરને ટસીટસીને જોવા મળ્યું હતું અને તે હતું નવ લોહીયા બાલબ્રહ્મચારી બાળ, કુમાર, યુવાન સાધુઓનું વિશાળ મંડળ ! ગલીયે ગલીયે અને પગલે પગલે સન્નારીઓ હર્ષોલ્લાસથી ગહૂંલીઓ કરતી હતી. ભાવનગરનો એ રાજમાર્ગ એ વખતે મુંબઈના કાલબાદેવી રોડનું ભાન કરાવી જતો હતો. આગળ પાછળ કે ઊંચે જ્યાં જુઓ ત્યાં માણસો જ માણસો. સાડા નવ વાગતાં સામૈયું સમવસરણના વંડે આવી પહોંચતા પૂ. આચાર્ય ભગવંતે સ્વમુખે મંગલાચરણ કર્યા બાદ પ્રભાવક પ્રવચનકાર પૂ. મુનિવરશ્રી ભાનુવિજયજી ગણિવરે જિનવાણીનો પુનીત પ્રવાહ રેલાવ્યો હતો. બેથી ત્રણ હજાર જેટલી સંખ્યામાં ઉપસ્થિત સભા ખૂબ જ શાન્તિથી કાન માંડીને પૂજ્ય મુનિવરશ્રીની વાણીના અમીરસમાં ડૂબી ગઈ હતી.

ત્યારબાદ પૂજાનો કાર્યક્રમ તથા બપોરે પણ પૂજાનો કાર્યક્રમ યોજાયેલો હતો. બીજે દિવસથી વ્યાખ્યાન મારવાડીના વંડે રાખવામાં આવ્યું હતું. ભાવનગર એટલે જિનવાણી શ્રવણની રસીલી પ્રજા ! અને એમાં સુપ્રસિદ્ધ દીર્ઘચિંતક એવા પ્રવક્તા

મળે ! પછી પૂછવાનું શું રહે ! વ્યાખ્યાન શરૂ થતાં જ અડધી સભા ભરેલી રહેતી. રોજ ૮૦૦ થી ૧૦૦૦ની સંખ્યામાં સ્ત્રી પુરુષો હાજર રહેતાં. શ્રી સુધર્મા ગણધરદેવનો ઉપદેશ 'હે આયુષ્યમન્ જંબૂ ! તું જો તારા આત્માને સમજેલો માનતો હોય તો તારે હવે બંધનો તોડવાનો પુરુષાર્થ કરવો જ જોઈએ.' -એના પર એક ધારી ૧।-૧।। કલાક વાગ્ધારા ચાલતી. જેમાં શ્રોતાગણ સંવેગ-વૈરાગ્યમાં તરબોળ બની જતો. પૂજ્ય મહારાજશ્રીના પ્રેરકવચનનો લાભ ભાવનગરની જાહેર જનતાને મળે, તે હેતુથી પૂજ્ય મહારાજશ્રીનું જાહેર પ્રવચન યોજવામાં આવેલું. **કૃષ્ણકુમાર-સિંહજી ટાઉન હૉલમાં "સંસ્કૃતિના સંરક્ષણ"** એ વિષય પર પૂજ્ય મહારાજશ્રીએ સતત બે કલાક કલ્યાણવાણીનો ગંગાપ્રવાહ વહાવ્યો હતો. જંગી હૉલ જંગી માનવ મેદનીથી ચિકાર ભરાઈ ગયો હતો. અઢી ત્રણ હજાર માણસ હશે. નગરના અગ્રગણ્ય નાગરિકોએ પ્રવચનમાં હાજરી આપી હતી.

ત્યારબાદ બપોરે શ્રી અષ્ટાપદજી મહાતીર્થની પૂજાનો ભવ્ય કાર્યક્રમ સમવ-સરણના વંડામાં યોજાયો હતો. આ પ્રસંગે અમદાવાદથી પ્રસિદ્ધ શ્રી જૈન આરાધક મંડળને પૂજા ભણાવવા ખાસ બોલાવવામાં આવ્યું હતું. શ્રી ચતુરભાઈ વગેરે મંડળના સભ્યોએ પૂજાની એકેક ઢાળમાં અનેક રાગ-દેશીઓથી અપૂર્વ રંગત જમાવી હતી વચ્ચે વચ્ચે પૂ. મહારાજશ્રી પૂજાના અર્થોને રસમય શૈલીથી સમજાવતા હતા. ભાવનગરમાં પ્રથમવાર જ આ પૂજા આ રીતે સાંભળવા મળતાં જનતાને ખૂબ જ અનુમોદનાનો વિષય બન્યો હતો.

પૂ. આચાર્ય ભગવંતને અમદાવાદ ચાતુર્માસાર્થે પધારવાનું હોઈ અત્રે વધુ સ્થિરતા થઈ શકે એમ ન હતી, તેથી વૈશાખ વદ આઠમની સવારે પૂજ્યશ્રીએ ભાવનગરથી વિહાર કર્યો હતો. સેંકડો સ્ત્રી-પુરુષો પૂજ્ય આચાર્યદેવને વળાવવા દાદા સાહેબ સુધી આવ્યાં હતાં. રડતા હૃદયે નરનારીઓએ પૂજ્યશ્રીને વિદાય તો આપી હતી, પરંતુ તેમના હૃદયના ઉંડાણમાં પૂજ્ય આચાર્યદેવાદિ મુનિવરોના પુનીત સંભારણાં વજ્રાક્ષરે કોતરાઈ ગયા હતા ! દાદા સાહેબમાં પૂ. આચાર્ય ભગવંતે માંગલિક સંભળાવ્યા બાદ પૂ. મહારાજશ્રીએ વૈરાગ્ય પ્રેરક સંબોધન કર્યું હતું.

અત્રેથી હવે પૂજ્ય આચાર્ય ભગવંત સ્વપરિવાર અમદાવાદ તરફ ઝડપી વિહાર કરી રહ્યા છે. અમદાવાદમાં પ્રવેશ જેઠ સુદ ૯ અગર ૧૧ થવા વકી છે.

વિશાળ મુનિમંડળ સાથેપૂ. ગુરુદેવ સિદ્ધાન્તમહોદધિ આચાર્યભગવંત શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજનું અમદાવાદમાં થયેલ ભવ્ય પ્રવેશ સ્વાગત

પરમ કૃપાસિન્ધુ શાસનહિતચિંતક સિદ્ધાન્ત મહોદધિ આચાર્ય ભગવંતશ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજ પોતાના વિશાળ મુનિમંડળ સાથે વૃદ્ધાવસ્થામાં પણ ઉગ્ર વિહાર કરી સૌરાષ્ટ્રમાં પધાર્યા. શાસન પ્રભાવક અનેક પ્રસંગો એઓશ્રીની નિશ્રામાં ઉજવાયા દરમિયાન અમદાવાદ જ્ઞાનમંદિરના ટ્રસ્ટીઓ ચોમાસું જ્ઞાનમંદિરમાં રાખવા અતિ આગ્રહભરી વિનંતી કરી જતા હતા. છેવટે ઉપરીયાળાજીમાં વિનંતી માન્ય રખાઈ. તદનુસાર ભાવનગરથી રાજનગર તરફ વૈશાખ વદ ૮ની સવારે પૂજ્યશ્રીએ સપરિવાર વિહાર કર્યો. વરતેજ, સિહોર, વલભીપુર, ધંધુકા, ધોળકા વગેરે નગરોમાં સંઘે મોટા મુનિસમુદાય સહિત પૂજ્યશ્રીનાં દર્શન કરી ખૂબ ઉલ્લાસ અનુભવ્યો. પ્રવેશ સ્વાગત વંદન વ્યાખ્યાન શ્રવણ વગેરેનો સારો લાભ લીધો. વિશેષમાં ત્રણ બાળ મુનિઓ સાથે હોવાથી કેઈ જનોએ એમના જીવનને ધન્ય માની અનુમોદના કરી અને પોતાની સાંસારિક અવસ્થા પર પશ્ચાત્તાપ અનુભવ્યો. જેઠ સુદ ૯ના દિવસે પૂજ્યશ્રી સરખેજ પધારવાના હોઈ જ્ઞાનમંદિર તરફથી પૂજા અને સાધર્મિક વાત્સલ્ય રાખવામાં આવ્યું હતું. પૂજા ભણાવવા માટે શ્રી ચતુરભાઈની આગેવાની નીચે અમદાવાદનું પ્રખ્યાત શ્રી જૈનધર્મ આરાધક મંડળ આવેલ, તેથી પૂજામાં પ્રભુભક્તિ અને સંગીતની સારી ધૂન જામી હતી. જેઠ સુદ ૧૦ પૂજ્યશ્રી સોસાયટીમાં પધારવાના હતા. શેઠશ્રી ત્રિકમલાલ ડાહ્યાભાઈની આગ્રહભરી વિનંતી માન્ય કરી પૂજ્ય આચાર્યદેવ અરુણ સોસાયટીમાં એમના બંગલે પધાર્યા. શેઠશ્રી રતિભાઈ, સુધાકરભાઈ, વગેરેએ સ્વાગતાદિમાં સારો લાભ લીધો. ત્યાંથી શેઠશ્રી ભોગીભાઈની વિનંતીથી સાંજના પૂજ્યશ્રી ખુશાલભુવન પધાર્યા. જેઠ સુદ ૧૧ પૂ. આચાર્યદેવાદિ વિશાળ મુનિમંડળનો નગર પ્રવેશનો સ્વાગત વરઘોડો વિકટોરિયા ગાર્ડનથી ચઢ્યો. સામૈયામાં શહેરની અગ્રગણ્ય પ્રતિષ્ઠિત વ્યક્તિઓ જેવી કે આણંદજી કલ્યાણજી પેઢીના ટ્રસ્ટી શેઠશ્રી કેશવલાલ લલ્લુભાઈ, શેઠશ્રી રમણલાલ ચીમનલાલ કોલસાવાળા, શેઠશ્રી બકુભાઈ મણીલાલના સુપુત્ર ચંદ્રકાન્તભાઈ, શેઠશ્રી અમૃતલાલ જેસીંગભાઈ, શેઠશ્રી રમણલાલ વજેચંદ, શેઠશ્રી રતિલાલ નાથાલાલ, શેઠશ્રી મોહનલાલ જમનાદાસ વગેરે તેમજ શેઠશ્રી રમેશચંદ્ર બકુભાઈ, શેઠશ્રી મોહનલાલ

છોટાલાલ, શ્રી ચીમનલાલ કેશવલાલ કડીયા વગેરે જ્ઞાનમંદિરના ટ્રસ્ટીઓ, આરાધક મંડળના ઉપપ્રમુખ શ્રી હીરાલાલ મણીલાલ કાપડીઆ, મંત્રીવર્ય શ્રી રસીકલાલ ભોગીલાલ તથા બીજા સભ્યો વગેરેની હાજરી ધ્યાન ખેંચતી હતી.

સામૈયાની સૌથી આગળ અમદાવાદનું પ્રખ્યાત હિન્દુ જીઆ બેન્ડ હતું. બેન્ડની પાછળ વયોવૃદ્ધ પૂ. આચાર્યદેવશ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજા નીચી નજરે અને ધીમી ગતીએ ચાલી રહ્યા હતા. પૂજ્યશ્રીની પાછળ વિશાળ મુનિમંડળ અને તેમની પાછળ શહેરના નાગરીકો વ્યવસ્થિત રીતે ચાલી રહ્યા હતા. સામૈયું પાનકોર નાકુ વટાવીને જુમ્મામસ્જીદ થઈને માણેકચોક જેવા ભરચક લત્તામાં આવી પહોંચ્યું. માનવ મેદની વધતી ચાલી. માણેકચોકથી ચાંલ્લાઓળ થઈ સામૈયું કંદોઈઓળ વધતું હતું. ત્યાં પૂ. આચાર્યદેવશ્રી વિજયમનોહરસૂરીશ્વરજી મહારાજ આદિ સામૈયામાં જોડાયા. રસ્તામાં ઠેર ઠેર ગહુંલીઓથી જૈનપુરીની ધર્મરસિક પ્રજાએ પૂજ્યશ્રીને વધાવ્યા. સામૈયું ગાંધીરોડ પર થઈ મહાવીર સ્વામીના દેરાસરે આવી પહોંચ્યું. એ વખતનું દશ્ય અવર્ણનીય આનંદનો ઉત્સવ દર્શાવી રહ્યું હતું. ચારે બાજુ જન-સમુદાયથી રોડ ભરચક ભરાઈ ગયો. નર-નારીઓ પૂ. આચાર્યદેવાદિ મુનિગણના દર્શન માટે ઊમટી પડ્યાં હતા. શ્રી મહાવીર સ્વામીના જિનમંદિરમાં દર્શન ચૈત્ય વંદન કરીને પૂજ્યશ્રી તથા આદિ મુનિપુંગવો દોશીવાડાની પોળમાં, વિદ્યાશાળાએ પૂ. વયોવૃદ્ધ આચાર્યદેવશ્રી **વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબના** દર્શન વંદનાદિ માટે પધાર્યા. પૂ. વયોવૃદ્ધ આચાર્યદેવશ્રીની ૧૦૩ વર્ષની તપોમય તેજસ્વી દેહના દર્શનથી હૈયા ગદ્‌ગદ બન્યા. વંદનાદિ કરી સામૈયું કાળુપુર રોડ પર આગળ વધતાં જ્ઞાનમંદિરના દરવાજે આવી પહોંચ્યું. ત્યાં એક બાજુ સન્નારીઓએ પૂજ્યશ્રીને ગહૂંલીઓથી ભાવભીનાં સ્વાગત કર્યાં, બીજી બાજુ જ્ઞાનમંદિરમાં માનવ મહેરામણ ઉભરાયો. વિશાળ વ્યાખ્યાન હોલ તથા ગેલેરીમાં શ્રોતાઓને જગા પૂરી ન પડી શકી. પૂ. આચાર્યદેવશ્રીએ મંગળાચરણ સંભળાવ્યા બાદ પૂ. ભાનુવિજયજી ગણિવરે આ ભવસાગરમાંથી **"સંસાર સાગરાઓ ઉબ્બુડો મા પુણો નિબુડ્ડિજ્જા"**... શ્લોક લઈ લગભગ દોઢ કલાક સુધી સતત એક ધારાએ ખૂબ મનનીય પ્રવચન કર્યું. શ્રોતાઓ સંવેગ વૈરાગ્યમાં તરબોળ બની ગયા હતા.



"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૬,અંક-૩,તા.૨૧-૯-૧૯૫૭

અખિલ વિશ્વ શાકાહારી સંમેલન

અખિલ વિશ્વ શાકાહારી સંમેલનનું ૧૫મું અધિવેશન આગામી નવેમ્બર માસમાં ભારતમાં ભરાઈ રહ્યું છે. તેની ચાર બેઠકો અનુક્રમે મુંબઈ, દિલ્હી, બનારસ અને કલકત્તામાં મળવાની છે. માંસાહાર માટે પશુઓનો વધ કરવો પડે છે. ઉપરાંત તેમાં સમયે સમયે અનંત સૂક્ષ્મ જીવોની ઉત્પત્તિ થતી હોવાથી તે જીવોની હિંસા થવાનો પ્રસંગ પણ પ્રાપ્ત થાય છે. વળી માંસાહારનું ભોજન વૃત્તિઓને તામસી બનાવે છે, અને સાથે સાથે દારૂ જેવા માદક પીણાઓ લેવાની બૂરી લત લગાડે છે. એથી જૈનધર્મે તેનો સદંતર ત્યાજ્ય ગણેલો છે.

શુદ્ધ અહિંસક આહાર એ વાસ્તવિક રીતે જૈન સંસ્કૃતિની એક અણમોલ સિદ્ધિ છે, એટલે માંસાહાર ત્યાગના પ્રચારથી એમને આનંદ થાય એ સ્વભાવિક છે. પણ એટલી સ્પષ્ટતા કરવી જરૂરી છે કે પશ્ચિમના કેટલાક લોકો હજી પણ ઈંડા અને મચ્છીનો સમાવેશ, વેજીટેરિયન ફૂડ એટલે શાકાહારમાં કરી રહેલા છે. તે ભ્રમ ભાંગવો જોઈએ, અને શુદ્ધ શાકાહારીથી મચ્છી કે ઈંડા બિલકુલ લઈ જ ન શકાય એ વાત દીવા જેવી સ્પષ્ટ થવી જોઈએ. બીજું શાકાહારનો પ્રચાર અહીં ધર્મની દૃષ્ટિએ થવો જોઈએ; પણ નહીં કે વિટામિન વગેરે શારીરિક તત્ત્વોની પુષ્ટિની દૃષ્ટિએ. નહિતર ભય એ છે કે પછી તેવી પુષ્ટિના ટકા માપવાનું થતાં અનંતકાય કંદમૂળને ઊંચો નંબર આપવાનું શોધાશે ! કંદમૂળમાં તો અનંત જીવો હોય છે. માટે જ એ પણ અભક્ષ્ય છે, એ સાત્ત્વિક નહિ, કિન્તુ તામસી આહાર છે. અમે ઇચ્છીએ છીએ કે ભારતમાં ભરાઈ રહેલું આ અધિવેશન આ બંને વસ્તુ બિલકુલ સ્પષ્ટ કરી નાખશે અને લાખો મનુષ્યોને શુદ્ધ શાકાહાર તરફ વાળવા જતાં અહિંસા ધર્મમાં ચઢાવશે.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૬,અંક-૧૦,તા.૧૬-૧૧-૧૯૫૭

પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજની પુણ્યનિશ્રામાં મુંબઈમાં

ઉજવાયેલો શ્રુતજ્ઞાન પૂજાનો ભવ્ય મહોત્સવ

- **વિવિધ કાર્યક્રમ દ્વારા થયેલી શાસનની મહાન પ્રભાવના.**
- **મુંબઈ રાજ્યના વિધાનસભાના માનનીય સ્પીકર શ્રી એસ. એમ. સીલમ,**
- **મુંબઈ રાજ્યના કામદાર પ્રધાન શ્રી શાંતિલાલ શાહ તથા શ્રી ગણપતિશંકર**

દેસાઈનાં ભાવભીનાં વક્તવ્યો. કવિકુલતિલક શતાવધાની મુનિરાજશ્રી કીર્તિવિજયજીના અવધાનના કાર્યક્રમે મુંબઈની જનતાનાં દીલ જૈન મુનિની વિદ્વત્તા તરફ આકર્ષ્યાં. શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ શાહને સુવર્ણ ચંદ્રક દ્વારા "સાહિત્યવારિધિ" પદ સમર્પિત થયું.

વ્યાખ્યાન વાચસ્પતિ કુવિકુલકિરીટ જૈનરત્ન પૂજ્યપાદ જૈનાચાર્ય શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબના પટ્ટપ્રભાવક, સમર્થ શાસન પ્રભાવક, અજોડ વકતા શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજે ચાતુમાસાર્થે મુંબઈ દાદરમાં પ્રવેશ કર્યો અને આત્મા, કર્મ તથા ધર્મ વિષે તાત્ત્વિક પ્રવચનોની પરંપરા શરૂ કરી ત્યારથી જનતાનું આકર્ષણ થવા લાગ્યું હતું અને દર રવિવારે બપોરે તેમના શિષ્યરત્ન કવિકુલતિલક શતાવધાની મુનિરાજશ્રી કીર્તિવિજયજીનાં કાવ્યમય પ્રવચનો થતાં તેમાં ભારે ઉમેરો થવા પામ્યો હતો. જ્ઞાનમંદિરનો વિશાળ હોલ શ્રોતાઓથી ખીચોખીચ ભરાઈ જતો હતો. આ ગુરુ-શિષ્યનાં દર્શન-સમાગમનો લાભ લેવા અનેક વ્યક્તિઓ આવ્યા જ કરતી હતી અને દક્ષિણની માફક મુંબઈ શહેરમાં પણ જૈન શાસનની મહાપ્રભાવના થાય એવો કોઈ કાર્યક્રમ યોજવાની વિનંતીઓ કરતી હતી. આચાર્યશ્રી તેમને એક જ ઉત્તર આપતા હતા, 'સમય આવ્યે બધું થઈ રહેશે.'

આ ચાતુર્માસમાં સાહિત્ય સર્જન પ્રકાશનનું કામ ખૂબ ઝડપથી ચાલ્યું હતું અને આશરે ત્રીસ હજાર રૂપિયાના ખર્ચે નીચેનાં પુસ્તકો તૈયાર થયાં હતાં :

(૧) **દક્ષિણમાં દિવ્ય પ્રકાશ**- લેખક શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ. ૫૨॥ ફર્મા, ૯૨ ચિત્રો, પાકુ-બાઈન્ડિંગ, ૨૫૦૦ નકલો, પ્રસ્તાવના લેખક-પં. મ. શ્રી કનકવિજય ગણી.

(૨) **જૈનીઝમ ઈન નટશેલ**- મુનિરાજશ્રી કીર્તિવિજયજી મ.સા. ગુજરાતી ભાષામાં રચેલા આર્હત્-ધર્મ-પ્રકાશની બીજી અંગ્રેજી આવૃત્તિ, અનુવાદ કર્તા શ્રી પ્રસન્નમુખ સુરચંદ્ર બદામી, ૯૨ પૃષ્ઠ, નકલો ૧૦,૦૦૦.

(૩) **અહિંસા**- મુનિરાજશ્રી કીર્તિવિજયજીએ ગુજરાતીમાં રચેલા 'અહિંસાને માર્ગદર્શન પુસ્તિકાનો અંગ્રેજી અનુવાદ-અનુવાદકર્તા શ્રી સી. રાજગોપાલાચારી બેંગ્લોર, પોકેટ સાઈઝ, નકલો ૫૦૦૦.

(૪) **અંતરનાં અજવાળાં**- મુનિરાજશ્રી કીર્તિવિજયજીએ રચેલી સજ્ઝાયો તથા કથાઓનો સમુચિત સંગ્રહ. ૧૯॥ ફર્મા, નકલો ૨૦૦૦.

(૫) **આર્હત્-ધર્મ-પ્રકાશ**- રચયિતા મુનિરાજશ્રી કીર્તિવિજયજી, આવૃત્તિ બીજી, નકલ ૧૦૦૦.

(૬) **નૂતન સ્તવનાવલી**- રચયિતા મુનિરાજશ્રી કીર્તિવિજયજી, આવૃત્તિ ૧૭મી, નકલ ૧૦૦૦.

(૭) **ત્રણ મહાપુરુષો**- શ્રી આત્મ-કમલ-લબ્ધિસૂરીશ્વરજી એ ત્રણ મહાપુરુષોની ટૂંકી પણ રસભરી જીવનિકાઓ, લેખક-આચાર્ય શ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજ સાહેબ. ૬ ફર્મા નકલ ૧૦૦૦.

(૮) **જૈનાચાર્ય શ્રીમદ્ શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી ટૂંક જીવનરેખા**- લેખક **શ. પ. શ્રી ધીરજલાલ ટો. શાહ** આટલા સાહિત્યનું સર્જન પ્રકાશન કરવા માટે કેટલો પરિશ્રમ કરવો પડ્યો હશે ! તેની કલ્પના કોઈ પણ સુજ્ઞ પાઠક કરી શકે છે.

શ્રુતજ્ઞાન પૂજા મહોત્સવનો નિર્ણય :

પર્યુષણ પર્વની આરાધના આનંદ મંગલપૂર્વક થઈ ગયા પછી જ્ઞાનમંદિરના ટ્રસ્ટીઓ તથા અન્ય મહાનુભાવોની વિનંતી લક્ષમા લઈ પૂજ્ય આચાર્યશ્રીએ શ્રુતજ્ઞાન પૂજામહોત્સવની યોગ્ય ઉજવણી કરવા માટે સંમતિ આપી અને તે અંગે જરૂરી પરામર્શ થવા લાગ્યો. પરિણામે ત્રણ દિવસનો કાર્યક્રમ નક્કી થયો અને તે માટે કારતક સુદ-૧૦-૧૧, તથા ૧૨, તા. ૨, ૩, ૪ નવેમ્બર શનિ, રવિ, સોમના દિવસો પસંદ કરવામાં આવ્યા અને તે વખતે દક્ષિણમાં દિવ્ય પ્રકાશ ગ્રંથનું વિધિસર પ્રકાશન કરવાનું નક્કી થયું.

શતાવધાન માટે નાગરિકોની વિનંતી : આ નિર્ણયની જાણ થતાં મુંબઈના મેયર, ડેપ્યુટી મિનિસ્ટરો તથા અન્ય જાણીતા નાગરિકોએ મુનિરાજશ્રી કીર્તિવિજયજીના શતાવધાન પ્રયોગો તે વખતે અવશ્ય રાખવાની વિનંતી કરી અને તેને લગતું કામકાજ આગળ ધપાવવા માટે શ્રી દામજી જેઠાભાઈ શાહ, તથા શ્રી ધીરજલાલ ટોકરશી શાહે પૂરેપૂરો સહકાર આપવા નિશ્ચય કર્યો. આચાર્યશ્રીએ તે વિનંતીનો સ્વીકાર કર્યો એટલે શ્રુતજ્ઞાન પૂજામહોત્સવના બીજા દિવસે તે કાર્યક્રમ રાખવાનું નક્કી થયું.

સ્થાનની પસંદગી : શ્રી દાદર જ્ઞાનમંદિરના ઉપર-નીચેના બંને હોલો વિશાળ હતા અને તેના પટાંગણમાં ત્રણથી ચાર હજાર માણસો બેસી શકે તેવી વ્યવસ્થા થઈ શકે તેમ હતું, પણ આ ઉત્સવ માટે તે જગા ટૂંકી પડશે એવો કાર્યકર્તાઓને ખ્યાલ આવતાં વિશાળ જગાની પસંદગી કરવાનું નક્કી થયું અને તે અનુસાર તપાસ કરતાં થોડે દૂર આવેલી ડૉ. એન્ટોનિયો, ડી. સીલ્વા હાઈસ્કૂલનું વિશાળ પટાંગણ પસંદગી પામ્યું કે જેમાં વીશ હજાર માણસોનો સમાવેશ થઈ શકે તેટલી જગા છે.

વિરાટ મંડપ : સ્થાનની પસંદગી થયા પછી તેમાં મંડપ ઊભો કરવા અંગે વિચારણા ચાલી અને આ માટે ૧૫૦ x ૨૫૦ ફૂટનો વિરાટ મંડપ બાંધવો એવો નિર્ણય લેવામાં આવ્યો કે જેથી તેમાં પંદર હજાર માણસો સારી રીતે બેસી શકે. આટલી મોટી જન સંખ્યાને થોડી વારમાં દાખલ કરવા હોય અને પૂરી વ્યવસ્થા જાળવવી હોય તો તે માટે જુદી જુદી કક્ષાના પ્રવેશ પત્રો રાખવા જોઈએ એવો નિર્ણય લેવાતાં લાલ, પીળા અને લીલા પ્રવેશ પત્રો તૈયાર કરવામાં આવ્યા અને જ્ઞાનમંદિર તથા મુંબઈના અગત્યનાં સ્થળેથી તે સહુ કોઈને છૂટથી મળી શકે તેવો પ્રબંધ કરવામાં આવ્યો. પરંતુ ૯૦૦૦ હજાર પ્રવેશ-પત્રો તો જોતજોતામાં ઉપડી ગયા ને વિશેષ માટે માગણી ચાલુ રહી એટલે બીજા ૪૫૮૦ પ્રવેશ પત્રો છાપવામાં આવ્યા. પરંતુ તે પણ જોત જોતામાં ઉપડી ગયા અને બીજા પ્રવેશ પત્રો માટે ખૂબ જોરદાર માગણી ચાલુ રહી. પરંતુ તેથી વિશેષ પ્રવેશ પત્રો આપવાનું શક્ય ન હતું. એટલે ઘણા ભાઈ-બહેનોને નિરાશ પણ થવું પડ્યું. પરંતુ તેમાં બીજો કોઈ ઉપાય ન હતો.

આમંત્રણ પત્રિકાઓ : આ ઉત્સવ અંગે શેઠ ગોવિંદજી જેવત ખોના, શ્રી દામજી જેઠાભાઈ શાહ, શ્રી દેવચંદ છગનલાલ શાહ, શ્રી બાબુભાઈ ભગવાનજી મહેતા, શ્રી માણેકજી પરબત, શ્રી પદમશી પ્રેમજી, શ્રી પોપટલાલ નરસીદાસ વોરા, શ્રી જેઠાભાઈ નેણસી કાથાવાલા, શ્રી તલકચંદ નાનચંદ શાહ, તથા શ્રી હરિચંદ માણેકચંદ ઝોફ તરફથી ૧૦૦૦ શ્રી સંઘ આમંત્રણ પત્રિકાઓ તથા ૧૫૦૦ નવીન પદ્ધિતનાં ખાસ આમંત્રણો બહાર પાડવામાં આવ્યા હતા અને તેનું મંત્રીગણથી માંડીને સમાજની વિવિધ કક્ષાના મહાનુભાવોને યોગ્ય વિતરણ થયું હતું એટલે સારાયે શહેરનું વાતાવરણ આ ઉત્સવનો આનંદ માણવા માટે પૂરેપૂરું ઉત્તેજિત બની ગયું હતું.

પધારેલા મહેમાનો અને ખાસ સગવડ : આ ઉત્સવમાં ભાગ લેવા માટે પાંચસો જેટલા ભાઈ-બહેનો મદ્રાસ, બેંગ્લોર, ટુમકુર, સોલાપુર, નિપાણી, બીજાપુર, માલેગામ, પૂના, યવત, ખંભાત, છાણી વગેરે ગામોમાંથી આવી પહોંચ્યા હતા, કે જેમને ઉતરવા તથા જમવાની સગવડ માટુંગા કચ્છી ગુર્જરવાડી ખાતે કરવામાં આવી હતી.

વિશાળ લોક સંખ્યા માટે પાણી વગેરેની પણ સારી સગવડ રાખી હતી. શ્રી બેચરભાઈએ સારી સેવા આપી હતી.

આ પ્રસંગે જૈન સ્વયંસેવક મંડળ, મઝગાંવ જૈન-વોલન્ટીયર કોર, શ્રી માટુંગા

જૈન સ્વયંસેવક મંડળ તથા ધી યંગમેન્સ જૈન વોલન્ટીયર કોર વગેરે સંસ્થાઓએ પોતાની સેવાઓ અર્પણ કરી હતી. પોલીસ બંદોબસ્ત પણ સારો રખાયો હતો.

સમિતિઓ : આ મહોત્સવના કાર્યને પહોંચી વળવા માટે અનેક સમિતિઓ, શ્રી દામજી જેઠાભાઈ તથા ધીરજલાલ ટી. શાહ તરફથી જરૂરી માર્ગદર્શન સાથે કામ કરી રહી હતી. શ્રી માણેકજી પરબત તથા શેઠ ખુશાલભાઈ ખેંગારભાઈ વગેરે તરફથી પણ ચાલુ સહકાર મળ્યા કર્યો હતો. શતાવધાન-કાર્યક્રમની અંગ્રેજી-ગુજરાતીમાં પુસ્તિકાઓ ખાસ છપાવેલી ચાર આને આપવાની સગવડ રાખી હતી. કાર્યકર્તાઓને પોતાનું કાર્ય કેવી રીતે બજાવવું તેની પૂરી સમજૂતી આપવામાં આવી હતી. તથા અવધાન પ્રસંગે પ્રશ્નો પૂછવા અંગેની સમજણ પણ આપવામાં આવી હતી. લાઉડસ્પીકરની ગોઠવણ થઈ હતી.

આટલી પૂર્વ તૈયારીઓ પૂર્વક શ્રુતજ્ઞાન પૂજાના મહોત્સવની ભવ્ય ઉજવણી શરૂ થઈ હતી.

પહેલો દિવસ : તા. ૨-૧૧-૫૭ શનિવારના રોજ બપોરના ૨-૦૦ વાગતાં દેશાવરમાંથી પધારેલા ભાઈ-બહેનો તથા અલબેલી મુંબઈના સ્ત્રી-પુરુષો મંડપમાં આવવા લાગ્યા હતા અને તેની વિશાળતા તથા ભવ્યતા જોઈ આશ્ચર્ય અને આનંદમાં ડૂબી જતા હતા. મુંબઈમાં અનેક જૈન કોન્ફરન્સો ભરાઈ, યુવક પરિષદની બેઠકો મળી તથા અવધાન પ્રયાસો થયા પણ આવડો વિશાળ મંડપ તો આ પહેલ વહેલો જ બંધાયો છે; એવો સર્વ કોઈનો અભિપ્રાય હતો. મંડપના એક છેડે ૧૨x૧૨ ફૂટનું અવધાન પીઠ બાંધવામાં આવ્યું હતું. તેની એક બાજુ મુનિ મહારાજો તથા બીજી બાજુ સાધ્વીજી મહારાજો બેસી શકે તે માટે ખાસ સ્ટેજો બાંધવામાં આવ્યા હતા. તેમજ મંત્રીગણ અને ખાસ આમંત્રિતો માટે પણ જુદા જુદા સ્ટેજો નિર્માણ થયા હતા. તેના પર સોફા તથા ખુરશીઓ મળી ૨૫૦ બેઠકો ગોઠવવામાં આવી હતી. તેની નજીકમાં જમીન પર ૨૫૦ જેટલી ખુરશીઓ મૂકવામાં આવી હતી. બાકીના મંડપમાં બધાએ જમીન પર બેસવાનું હતું એટલે ત્યાં કંતાન વગેરે પાથરણાં પાથરવામાં આવ્યા હતાં. શ્વેત તથા લાલ અને પીળા તથા વાદળી વસ્ત્રોથી સુશોભિત બનેલા સ્થંભોની લાંબી હાર શિસ્તબદ્ધ સૈનિકોની યાદ આપતી હતી અને સ્થળે સ્થળે મૂકાયેલા બોર્ડો તથા સૂત્રો સર્વ પ્રેક્ષકોને આજના ભવ્ય સમારંભનું ભાન કરાવતા હતા.

પૂ. આચાર્યદેવ વગેરેની પધરામણી : ૨-૨૫ મિનિટે પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય મુનિરાજશ્રી કીર્તિવિજયજી મહારાજ, પં.

મહારાજ શ્રી મુક્તિવિજયજી ગણી વગેરે શિષ્ય સમુદાય સાથે પધારતાં ધી યંગમેન્સ જૈન વોલીન્ટીયર કોરના બેન્ડે સ્વાગત વંદના આપી હતી અને જિનશાસનના જયનાદથી સમસ્ત વાતાવરણ ગૂંજી ઊઠ્યું હતું. આજે આચાર્યાદિ મુનિગણ અવધાન પીઠ પર મૂકવામાં આવેલી પાટો પર બિરાજયા હતા. બરાબર ૨-૩૦ મીનીટે મુંબઈ રાજય વિધાનસભાના માનનીય સ્પીકર શ્રી એસ.એલ.સલીમ, શેઠ માણેકજી પરબત તથા શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી સાથે આવી પહોંચતાં તેમને બેન્ડના સુંદર સરોદોથી વધાવી લેવામાં આવ્યા હતા. તેમણે આચાર્ય ભગવંત, મુનિરાજશ્રી કીર્તિવિજયજી તથા અન્ય સાધુ સમુદાયને વંદના કરી કુશળતા પૂછી હતી અને ખાસ સ્ટેજ પર ગોઠવેલી બેઠકમાં પોતાનું સ્થાન લીધું હતું.

મહોત્સવનો હેતુ : ત્યારબાદ આચાર્યદેવે આ ભવ્ય સમારોહનો પ્રારંભ કરતાં મંગલાચરણ સંભળાવ્યું હતું, શ્રી રતિલાલ કોઠારીએ શ્રી સલીમનો પરિચય આપ્યો હતો અને શેઠ દામજી જેઠાભાઈએ સહુનો સત્કાર કરી આજના પ્રસંગનો હેતુ સમજાવતાં જણાવ્યું હતું કે જૈન પરંપરામાં ગુરુ તથા ગ્રંથ દ્વારા પ્રાપ્ત થતાં જ્ઞાનને શ્રુતજ્ઞાન કહેવાય છે. તેમજ ગ્રંથારૂઢ થયેલાં જ્ઞાનને પણ શ્રુતજ્ઞાન કહેવાય છે. તેના વડે જગત અને જીવનનું યથાર્થ સ્વરૂપ જાણી શકાય છે. અજ્ઞાન તથા મોહથી નિવૃત્ત થઈ શકાય છે. તથા અહિંસા, સંયમ, તપ આદિ સદાચારમાં સ્થિર થઈ શકાય છે. તેથી શ્રુતજ્ઞાનની આરાધના-ઉપાસના ભક્તિ એ મનુષ્ય જીવનનું મહાકર્તવ્ય લેખાયું છે.

પૂજય શ્રમણ વર્ગની પ્રેરણાથી શ્રુતજ્ઞાનની ભક્તિ નિમિત્તે ભૂતકાળમાં જૈન સંઘોએ તથા જૈન મહાનુભાવોએ પુષ્કળ ધનનો સદ્‌વ્યય કરી હજારો ગ્રંથ લખાવ્યા છે. તથા તેની રક્ષા નિમિત્તે નાના-મોટા અનેક ભંડારો સ્થાપેલા છે, જેને લીધે આજે ભારતીય સંસ્કૃતિનું મુખ ઉજજવળ છે. આજે પણ પૂજય શ્રમણ વર્ગની પ્રેરણાથી શ્રુતજ્ઞાનની ભક્તિ નિમિત્તે જૈન સંઘો તથા જૈન મહાનુભાવો પુષ્કળ ધનનો સદ્‌વ્યય કરે છે. જેના પરિણામે પ્રતિવર્ષે વિવિધ વિષયોનાં અનેક પુસ્તકો પ્રસિદ્ધ થાય છે અને તે મૂલ્ય કે વિના મૂલ્યે હજારો હાથમાં પહોંચી જાય છે.

પૂજયપાદ આચાર્ય મહારાજે છેલ્લા છ વર્ષમાં મહારાષ્ટ્ર, કર્ણાટક તથા તામીલનાડુમાં વિચરી લાખો મનુષ્યોને જે દિવ્ય-પ્રકાશનું દાન કર્યું, તેનો સવિસ્તાર વૃત્તાંત રજૂ કરતો એક ગ્રંથ શ્રી આત્મકમલ લબ્ધિસૂરીશ્વરજી જૈન ગ્રંથમાળા તરફથી તૈયાર થયો છે. તેમાં ક્રાઉન ઓક્ટેવો સાઈઝનાં ૪૧૬ પૃષ્ઠો છે, ૯૨ ચિત્રો છે. તથા ૨૦ પ્રકરણ અંગે ૪ પરિશિષ્ટોમાં તેના લેખક શતાવધાની પંડિત શ્રી

ધીરજલાલભાઈએ ખૂબ રસમય વાનગી પીરસેલી છે. આ ગ્રંથનું વિધિસર પ્રકાશન કરવું તથા શ્રુત ભક્તિ નિમિત્તે જૈન સાહિત્ય પ્રદર્શન ખુલ્લું મૂકવું એ આજના પ્રસંગનો હેતુ છે. હવે તેને લગતી કાર્યવાહી શરૂ થશે તે આપ બધા શાંતિથી સાંભળશો.

જી. આર. સ્વામી : ત્યારબાદ બેંગ્લોરથી ખાસ પધારેલા જી.આર.સ્વામીએ અંગ્રેજીમાં પ્રવચન કરતાં જણાવ્યું હતું કે ગુરુદેવ દક્ષિણમાં પધારતાં ત્યાંની જનતા પર મહાન ઉપકાર થયો છે અને હજારો મનુષ્યનાં જીવનો પરિવર્તન પામ્યા છે. મેં નજરો નજર જોયું છે કે તેઓશ્રીનું માત્ર એક પ્રવચન સાંભળીને પણ અનેક મનુષ્યોએ જીવનભર માંસાહાર નહિ કરવાની, પશુ-હિંસા નહીં કરવાની વગેરે પ્રતિજ્ઞાઓ લીધી છે; તેમની સહુથી વધારે નોંધપાત્ર કામગીરી એ જીવદયા સંઘની સ્થાપના છે અને મૈસૂર રાજ્યના લગભગ ૨૧ ગામોમાં પ્રતિવર્ષે ૪ દિવસ થયેલી કતલખાનાની બંધી છે. જીવદયાના ક્ષેત્રમાં તેમની આ યશસ્વી કામગીરી અમે લાંબા વખત સુધી ભૂલી શકીશું નહિ.

શ્રી રીખવદાસ : મદ્રાસથી ખાસ પધારેલા પંડિત રીખવદાસજીએ પણ આચાર્યશ્રીએ દક્ષિણમાં વિહાર કરી જે મહાન લોકોપકાર કર્યો હતો તેને અંજલી આપી હતી અને જૈન ધર્મના પ્રચાર માટે દરેક આચાર્ય મુનિરાજ આ રીતે દૂર દૂર વિચરી લોકોને ધર્મ પમાડે એવી વિનંતી કરી હતી.

શ્રી વરદાચાર્યજી : ત્યારબાદ ટુમકુર મૈસૂર રાજ્યથી ખાસ પધારેલા શ્રી વરદાચાર્યજીએ અંગ્રેજીમાં પ્રવચન કરતાં જણાવ્યું હતું કે પૂજ્ય આચાર્યશ્રી દક્ષિણમાં પધાર્યા અને જનતાને ધર્મનો ઉપદેશ આપવા લાગ્યા, તેનો લાભ મને પણ મળ્યો હતો. એટલું જ નહિ, પણ તેમનાં હિંદીમાં થતાં પ્રવચનોનો કન્નડ અનુવાદ કરવાનો લાભ પણ અનેક જગાએ મને મળ્યો હતો તે હું મારું અહોભાગ્ય સમજું છું. અમારા પ્રદેશની જનતા આજે પણ પૂજ્ય સ્વામીજીને ખૂબ યાદ કરે છે અને તેમનાં પોતાનાં પગલાં ફરી પણ થાય એવું અંતરથી ઈચ્છે છે.

શ્રી સારાભાઈ નવાબ : અમદાવાદથી ખાસ આમંત્રેલા શ્રી સારાભાઈ નવાબે આ પ્રસંગે દાદર જૈન જ્ઞાનમંદિરમાં ભરવામાં આવેલા જૈન સાહિત્ય પ્રદર્શનનો ટૂંકો પરિચય આપ્યો હતો અને તેમાં રજૂ કરવામાં આવેલી કેટલીક કૃતિઓનો ઉલ્લેખ કર્યો હતો.

શ્રી એસ. એલ. સીલમ : ત્યારબાદ શેઠ દામજીભાઈ તરફથી ગ્રંથ પ્રકાશનની વિનંતી થતાં બેન્ડના સુંદર સરોદો વચ્ચે શ્રી સીલમે **'દક્ષિણમાં દિવ્ય પ્રકાશ'** ગ્રંથને

ખુલ્લો મૂકતાં જણાવ્યું હતું કે પૂજ્ય આચાર્યશ્રી તથા શતાવધાની મુનિશ્રીએ પાદવિહાર કરી દક્ષિણ પ્રદેશમાં વિચરી પ્રજામાં ધર્મ અને સંસ્કૃતિનો પ્રચાર કરી જે અદ્‌ભુત કાર્ય કર્યું છે તે બદલ હું તેઓશ્રીને ભાવભરી વંદના કરી અંજલિ સમર્પુ છું.

આ ગ્રંથ પ્રકાશનનો એ ઉદ્દેશ છે કે જેઓને પૂ. આચાર્યશ્રીના દર્શનનો અને પ્રવૃત્તિનો લાભ નથી મળી શક્યો, તેઓ આ ગ્રંથ વાંચીને ખ્યાલ મેળવી શકે. પદયાત્રાનું ભારે મહત્ત્વ છે. પદયાત્રા દ્વારા ગામડે ગામડે લોકોમાં ધર્મ પ્રચાર થઈ શકે છે અને ત્યાંની પરિસ્થિતિનો ખ્યાલ મેળવી શકાય છે. આપણા સાધુસંતો ભારતીય સંસ્કૃતિના મહાન પ્રતીકો છે, તેમણે લોકોનું કલ્યાણ કરવા માટે સંસારના સુખ-ભોગોનો સ્વેચ્છાએ ત્યાગ કરી સાધુપણું સ્વીકાર્યું છે. સાચા ત્યાગી સંતપુરુષોની દરેક દેશને અને પ્રજાને સદાકાળ આવશ્યકતા રહેવાની છે. પ્રજાના સુખ-શાંતિ અને આબાદીમાં તેઓનો હિસ્સો મોટો છે.

શતાવધાની **શ્રી ધીરજલાલ ટોકરશી શાહ** જેમણે ભારે પરિશ્રમ પૂર્વક આ ગ્રંથ તૈયાર કર્યો છે તેમને પણ ધન્યવાદ ઘટે છે. આવા અનેક ગ્રંથોનું સર્જન કરવામાં ઈશ્વર તેમને વધુ શક્તિ અને બળ સમર્પે એવી આપણે પ્રાર્થના કરીએ છીએ.

આચાર્યશ્રીનું પ્રભાવશાળી પ્રવચન : ત્યારબાદ આચાર્યશ્રીએ પોતાની બુલંદ વાણીમાં પ્રવચન કરતાં જણાવ્યું હતું કે જૈન ધર્મના સિદ્ધાંતો ઘણા ય વ્યાપક છે તે પ્રાણી માત્રનું ભલું ઈચ્છે છે, અહિંસા, સત્ય, પ્રમાણિકતા, સદાચાર, સંતોષ એ મનુષ્યને સુખી થવાના માર્ગો છે. આજના રાજદ્વારી પુરુષો જૈન સાધુઓના પરિચયમાં આવી તેમનું દૃષ્ટિબિંદુ જાણી જો પોતાની પ્રવૃત્તિઓ કરે તો સમાજનું વધારે હિત થઈ શકે એમ છે.

જૈન સાહિત્ય પ્રદર્શનનું ઉદ્‌ઘાટન : ત્યારબાદ શ્રી સીલમને જવાનું હોઈ કેટલાક મહાનુભાવો સાથે વાજતે ગાજતે જ્ઞાનમંદિરમાં પધાર્યા હતા અને ત્યાં ગોઠવેલા જૈન સાહિત્ય પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કર્યું હતું. તેમાંની કેટલીક કૃતિઓ જોઈ તેમણે ખૂબ જ આનંદ વ્યક્ત કર્યો હતો, શ્રી રતિલાલ કોઠારી, શ્રી માણેકજીભાઈ, શ્રી સારાભાઈ નવાબ વગેરેએ તેમને બધી વસ્તુઓ બતાવી હતી.

શ્રી ગણપતિશંકર દેસાઈ : શ્રી સીલમના સ્થાને મુંબઈના માજી મેયર શ્રી ગણપતિ શંકર દેસાઈ બિરાજ્યા હતા અને સમારોહની કાર્યવાહી ચાલુ રહી હતી.

શ્રી દીપચંદ રામચંદ વખારિયા : બારસીથી ખાસ પધારેલા શ્રી દીપચંદ રામચંદ વખારિયાએ આચાર્યશ્રીને ભાવભરી અંજલિ આપતાં જણાવ્યું હતું કે તેઓશ્રીએ દક્ષિણમાં પધારી અમારા પર ઘણો ઉપકાર કર્યો છે. તેઓશ્રી કુલ્પાકજીની

યાત્રા કરી પાછા આવતાં બારસી પધાર્યા હતા અને થોડા દિવસની સ્થિરતા કરી હતી તે પ્રસંગે અમારા આખાયે શહેરનું વાતાવરણ ધાર્મિક પ્રવૃત્તિથી ધમધમી ઉઠ્યું હતું. તે દશ્ય અમને આજે પણ યાદ આવે છે.

શ્રી પ્રાણજીવન હ. ગાંધી : ત્યારબાદ મુંબઈ જૈન ધાર્મિક શિક્ષણ સંઘના મંત્રીશ્રી પ્રાણજીવન હ. ગાંધીએ આચાર્યશ્રીનો દક્ષિણ યાત્રાને અંજલિ આપી હતી અને આ યાત્રાનું પૂરું વર્ણન વાંચવા માટે પ્રકાશિત થયેલા દક્ષિણમાં દિવ્ય પ્રકાશ ગ્રંથનું મનન પૂર્વક વાંચવાનો અનુરોધ કર્યો હતો.

શ્રી બાબુલાલ ભગવાનજી મહેતા : ત્યારબાદ શ્રી આત્મકમલ-લબ્ધિસૂરીશ્વરજી જૈન ગ્રંથમાળાના વ્યવસ્થાપક શ્રી બાબુલાલ ભગવાનજી મહેતાએ જણાવ્યું હતું કે પૂજ્ય આચાર્યશ્રીએ દક્ષિણની યાત્રા કરી અનેક લોકો પર મહાન ઉપકાર કર્યો છે, તે યાત્રાને શતાવધાની ભાઈ ધીરજલાલ શાહે સુંદર અક્ષરદેહ આપ્યો છે અને ભારે જહેમત ઉઠાવી તેને સુંદર ગેટ-અપમાં ધારેલા સમયમાં તૈયાર કર્યો છે. તેમણે આજ સુધીમાં નાના-મોટા અનેક પુસ્તકો લખ્યા છે. આ પુસ્તક એ તેમની ૨૮૨મી કૃતિ છે. તે પરથી તેમણે સર્જેલા વિસ્તર સાહિત્યનો સહુ કોઈને ખ્યાલ આવી શકશે. તેમની આ સાહિત્ય સેવાથી પ્રેરાઈ અમે તેમને સુવર્ણચંદ્રક દ્વારા **સાહિત્ય વારિધિ પદ** સમર્પણ કરવાનો નિર્ણય કર્યો છે. તેથી શ્રી ગણપતિશંકરભાઈને હું વિનંતી કરું છું કે તેઓ આ સુવર્ણચંદ્રક તેમને અર્પણ કરે.

શ્રી ધીરજલાલ શાહને સુવર્ણચંદ્રક દ્વારા સાહિત્ય વારિધિ પદ સમર્પણ થયું.

શ્રી બાબુલાલ ભગવાનજી મહેતાની વિનંતીને માન આપી શ્રી ગણપતિશંકર દેસાઈએ સુવર્ણચંદ્રક ગ્રહણ કર્યો હતો અને આ ચંદ્રક આચાર્યશ્રી તથા ઉપસ્થિત સંઘની સંમતિથી હું શતાવધાની ભાઈ ધીરજલાલને સમર્પિત કરું છું. એમ જણાવી તેમને સુવર્ણચંદ્રક પહેરાવ્યો હતો. આ આનંદજનક પ્રસંગને બેન્ડોએ સુંદર સરોદોથી વધાવી લીધો હતો. તથા જુદી જુદી અનેક સંસ્થાઓ તથા વ્યક્તિઓ તરફથી તેમને હારતોરા અર્પણ થયા હતા.

શ્રી ધીરજલાલ શાહ : શ્રી ધીરજલાલ આચાર્યશ્રી વગેરેને વંદના કરી જણાવ્યું હતું કે મને નાનપણથી જ સાહિત્યનો શોખ હતો. એટલે હું સાહિત્ય સર્જન કરતો જ રહ્યો છું. તેમાં મને ખૂબ જ આનંદ આવે છે. જો મારું ચાલે તો બધો વખત હું એમાં જ મગ્ન રહું અને નવું નવું લખ્યા કરું પણ સંજોગોવશાત્ મારે બીજી પ્રવૃત્તિઓમાં પણ ભાગ લેવો પડે છે અને તે સંયોગો તમે બધા જાણો છો. મારી અલ્પ સાહિત્ય-સેવાની આ રીતે આપે ભારે કદર કરી છે અને મને ખૂબ

જવાબદારીમાં મૂકી દીધો છે, આ વસ્તુનો મને પૂરેપૂરો ખ્યાલ છે. એટલે જીવનનાં બાકીનાં વર્ષો પણ સાહિત્ય સર્જનમાં જ ગાળીશ અને મારાથી બનશે તેટલી સમાજ સેવા કરતો રહીશ.

પૂજ્ય આચાર્યશ્રીની કૃપાએ આ ગ્રંથ તૈયાર કરવાનું મને પ્રાપ્ત થયું અને પૂજ્ય મુનિરાજશ્રી કીર્તિવિજયજીએ સતત પરિશ્રમ કરીને તે અંગે જે નોંધો વગેરે કરી હતી. તે મને સોંપી તથા તે અંગે જે જે ખુલાસાઓ માગ્યા તે તેમણે વિના વિલંબે પૂરા પાડી આ ગ્રંથનું સર્જન કરવામાં મને પુષ્કળ સહાય આપી તે માટે હું ગુરુ-શિષ્ય બંનેનો અત્યંત ઉપકાર માનું છું અને ગ્રંથમાળાના વ્યવસ્થાપકો, ધાર્મિક શિક્ષણ સંઘ અન્ય સંસ્થાઓ તથા અહીં હાજર રહેલા સઘળા મહાનુભાવોએ મારા પ્રત્યે જે સદ્‌ભાવ વ્યક્ત કર્યો છે તે સર્વેનો પણ હું અંતઃકરણથી આભાર માનું છે.

શ્રી ગણપતિશંકર દેસાઈ : ત્યારબાદ શ્રી ગણપતિશંકર દેસાઈએ મનનીય પ્રવચન કરી સાધુ-સમાજને અંજલિ આપી હતી અને રાષ્ટ્રનેતાઓને તેમના સંપર્કમાં આવી પોતાની કાર્યવાહીને સુધારવા અનુરોધ કર્યો હતો; તેમજ શ્રી ધીરજલાલભાઈને પણ મુબારકબાદી આપી હતી.

આચાર્યશ્રીનું પ્રવચન : છેવટે આચાર્યશ્રીએ આજના સમારોહનો ઉપસંહાર કરતાં જણાવ્યું હતું કે મનુષ્ય માત્ર જ્ઞાનનો પૂજારી બને, સારી વસ્તુ જાણે અને તે પ્રમાણે પોતાના જીવનમાં સુધારો કરી પોતાનું જીવન સફળ બનાવે એ અમો ઇચ્છીએ છીએ. આ ગ્રંથ વાંચવાથી જૈનસાધુઓના આચાર-વિચારનો તેમજ તેમની પ્રવૃત્તિઓનો સહુને સ્પષ્ટ ખ્યાલ આવશે.

• શતાવધાન •

બીજો દિવસ : જનતા અને સાધુ-સાધ્વી : દશ વાગતાં જનતાનો પ્રવાહ રાનડે રોડ પર વહેવા માંડ્યો. વિશાળ મંડપના ૧૩ જેટલા પ્રવેશદ્વારોએ સ્વયંસેવકોનો પહેરો બરાબર લાગી ગયો હતો. આથી સહુને શાંતિથી પ્રવેશ અને સ્થાન પ્રાપ્ત થતું હતું.

૧૧-૨૫ મિનિટે પૂજ્ય આચાર્યશ્રી, શતાવધાની મુનિરાજશ્રી કીર્તિવિજયજી, આચાર્યશ્રી દાનસાગરજી, આચાર્યશ્રી ગુણસાગરજી, આચાર્યશ્રી હેમસાગરજી, પં. મહારાજશ્રી મુક્તિવિજયજી વગેરે પોતાના શિષ્ય સમુદાય સાથે પધારતાં જિનશાસનના જયની ગગનભેદી ગર્જનાઓ થઈ હતી અને સહુએ સાધુ પીઠ પર પોતાની બેઠકો લીધી હતી.

સાધ્વી મહારાજો પણ સારી સંખ્યામાં ઉપસ્થિત થયા હતા.

સંભવિત ગૃહસ્થો : મુંબઈના ઉદ્યોગપતિઓ શાહ સોદાગરો, અધિકારીઓ,

મેજીસ્ટ્રેટો, જાણીતા વિદ્વાનો તથા અન્ય ધર્મના સાધુ સંતો પણ આજના પ્રસંગોને નિહાળવા મોટી સંખ્યામાં હાજર થયા હતા અને જૈન આગેવાનોમાં શેઠ અમૃતલાલ કાળિદાસ, શેઠ ભોગીલાલ લહેરચંદ ઝવેરી, શેઠ રમણલાલ દલસુખભાઈ, શેઠ બાબુભાઈ, શેઠ કેશવલાલ બુલાખીદાસ, શેઠ જીવતલાલ પ્રતાપશી વગેરે ખાસ ધ્યાન ખેંચી સમારંભમાં આટલા સંભવિત ગૃહસ્થોની હાજરી આ પહેલ વહેલી જ હતી.

શાંતિલાલ શાહ : ૧૧-૩૦ વાગતા મુંબઈ રાજ્યના કામદાર પ્રધાન શ્રી શાંતિલાલ શાહ સહકુટુંબ પધારતાં બેન્ડે સલામી આપી હતી.

શ્રી દામજીભાઈએ તેમનો સત્કાર કર્યો હતો અને આજના પ્રસંગનું ઉદ્‌ઘાટન મુંબઈના રાજ્યપાલ શ્રી પ્રકાશના વરદ હસ્તે થવાનું હતું, પણ તેઓશ્રી પોતાના પિતાની એકાએક માંદગીને લીધે બનારસ રોકાઈ જતાં આવી શકે એમ ન હતા. વગેરે જણાવી તેમણે આજના પ્રસંગની સફળતા ઈચ્છતો પોતાના હાથે લખેલો સંદેશો વાંચી સંભળાવ્યો હતો, અને શ્રી શાંતિલાલ શાહને આજનો કાર્યક્રમ ખુલ્લો મૂકવાની વિનંતી કરી હતી. શ્રી શાંતિલાલ શાહે લગભગ વીસ મીનીટ સુધી પ્રવચન કરી પોતાને થયેલી ખુશાલી, અવધાન પ્રયોગોની અદ્‌ભુતતા, જૈન સાધુઓમાં આજે પણ અનેક વિદ્યાઓ રહેલી છે, વગેરે બાબતોનો ઉલ્લેખ કરી પૂજ્ય મુનિરાજશ્રી કીર્તિવિજયજીને અવધાન પ્રયોગો શરૂ કરવાની વિનંતી કરી હતી.

મુનિરાજશ્રી કીર્તિવિજયજી પાટે બિરાજ્યા : મુનિરાજશ્રી કીર્તિવિજયજી અવધાન પીઠ પર મૂકવામાં આવેલી લાકડાની એક સાદી પાટ પર બિરાજ્યા હતા અને ધીર ગંભીર ભાવથી સહુ કોઈનું આકર્ષણ કરી રહ્યા હતા.

પ્રશ્નોની વહેંચણી : આજના કાર્યક્રમનું સંચાલન અગાઉ જાહેર થયા મુજબ શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ શાહ કરવાના હતા, તેમણે પોતાનું કાર્ય ૧૦-૪૫ વાગતાં જ શરૂ કરી દીધું હતું અને સહુની સમક્ષ જાહેર રીતે પ્રશ્નોની વહેંચણી કરવા માંડી હતી. તેમને આ કાર્યમાં શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી, શ્રી ચીમનલાલ પાલીતાણાકર, શ્રી ધરમશીભાઈ, શ્રી છોટાલાલ ગીરધરલાલ વગેરે મદદ કરી રહ્યા હતા. આ કાર્ય ઘણું અગત્યનું હતું અને ગમે તેટલી ઝડપ કરવા છતાં તે લગભગ બાર વાગે પૂરું થવા પામ્યું હતું. ત્યારબાદ શ્રી દામજીભાઈ તથા શ્રી શાંતિલાલ શાહનાં પ્રવચનો થયાં હતાં એટલે લગભગ એક વાગે અવધાનનો કાર્યક્રમ શરૂ થઈ ચૂક્યો હતો.

પાર્શ્વ પરિષદ : આ પ્રયોગોની રીતસર નોંધ કરવા, તેને અંગે સમજૂતી આપવા, તેના સાધનો વગેરે તૈયાર રાખી સમયસર હાજર કરવા પાર્શ્વ પરિષદની રચના કરવામાં આવી હતી અને તેમાં શ્રી પ્રાણજીવન હ. ગાંધી, શ્રી ફત્તેચંદ ઝવેરભાઈ વગેરે ૧૬ ભાઈઓ એકાગ્રચિત્તે પોતાની સેવાઓ આપી રહ્યા હતા. તે બધાની બેઠક અવધાનની પીઠની પાસે જ હતી.

વિષય પ્રબંધક-નિર્ણાયક સમિતિ : તે જ રીતે આજના કાર્યક્રમમાં અગત્યના વિષયો આપવા, તેના પર દેખરેખ રાખવા અને જરૂર પડે તો તે અંગે પોતાનો નિર્ણય જાહેર કરવા એક વિષય પ્રબંધક નિર્ણાયક સમિતિ નીમવામાં આવી હતી, જેમાં શ્રી પ્રસન્નમુખ સુરચંદ બદામી, શ્રી ધ્રુવ મેજીસ્ટ્રેટ, શ્રી ઠક્કર મેજીસ્ટ્રેટ, શ્રી રાધેશ્યામ મોરારકા, પ્રો. રમણ તથા શેઠ રમણલાલ દલસુખભાઈ વગેરે વિશિષ્ટ વ્યક્તિઓ હતી, અને તેમણે અવધાન પીઠની લગોલગ સોફાઓ પર પોતાનું સ્થાન લીધું હતું.

અદ્‌ભુત શાંતિ : અવધાનનો પ્રારંભ થયો ત્યારે આખો મંડપ લોકોથી ચીક્કાર ભરાઈ ગયો હતો. પરંતુ તેમણે અદ્‌ભુત શાંતિ જાળવી હતી અને તેથી કાર્યકર્તાઓને મનમાં અશાંતિ થવાથી જે ભીતી હતી, તે ખોટી પડી હતી.

અવધાનનો પ્રારંભ : આવા ભવ્ય અને શાંત વાતાવરણમાં શતાવધાની ભાઈ ધીરજલાલે એક પછી એક પ્રશ્નકારોને બોલાવવા માંડ્યા હતા અને તેઓ જે કાંઈ પ્રશ્ન પૂછે તેની માઈક પર બરાબર સમજૂતી આપી રહ્યા હતા. તેથી ગમે તેટલો દૂર બેઠેલા પ્રેક્ષકો શ્રોતાઓ પણ પ્રયોગને બરાબર સમજી શકતા હતા.

પ્રથમ પ્રશ્નમાં જયંતિલાલ પટણીએ પાંચ દેવ-દેવીઓનાં નામ સંભળાવ્યા હતાં તે અવધાનકારે તરત જ યાદ રાખી લીધાં હતા. બીજા પ્રશ્નમાં છ વ્યક્તિઓ

અવધાન પીઠ પર હાજર થઈ હતી તેમાંથી શ્રી કાંતિલાલ કેશવલાલના હાથમાં રંગીન દડાની એક ટોપલી આપવામાં આવી હતી અને તેમાંથી તેમણે સામે ઊભેલી પાંચ વ્યક્તિઓ તરફ ઝડપથી એક પછી એક દડા ફેંક્યા હતા. જે અવધાનકારે ક્રમ અને રંગ સામે યાદ રાખી લીધા હતા.

ત્રીજા પ્રશ્નમાં શ્રી દીપચંદ ઘેલાભાઈએ ૭૫૩૯૧ ની રકમ ૧૬ ખાનાના સર્વતોભદ્ર યંત્રમાં લાવી આપવા જણાવ્યું હતું. તે યંત્ર અવધાનકારે થોડી વારમાં જ કાગળ પર લખી આપ્યો હતો અને તેને વિ.પ્ર.નિ સમિતિએ સાચો જાહેર કરતાં લોકોમાં ખૂબ જ આનંદ ફેલાયો હતો.

ચોથા પ્રશ્નમાં શ્રી જશુમતીબેન કાપડિયાએ સંસ્કૃત શ્લોકમાં પ્રથમ ચરણનાં આડા અવળા શબ્દો સંભળાવ્યા હતા. પાંચમાં પ્રશ્નમાં શ્રી શશિકાન્ત ભગવાનજી, શ્રી રામજી મેઘજી તથા શ્રી ચીમનલાલ કેશવલાલ હાજર થયા હતા. તેમણે એક બીજા ન જાણે તેવી રીતે રકમો ધારી હતી. અવધાનકારે તેમને ગણિત કરાવતા બધાની અજાયબી વચ્ચે સહુનો જવાબ ૨૪૦ આવી ગયો હતો. છઠ્ઠા તથા સાતમા પ્રશ્નમાં શ્રી સેવંતીલાલ શાહે તથા શ્રી બાબુભાઈ પોપટલાલે ઝવેરાતની વસ્તુઓ બતાવી હતી, તે અવધાનકારે એક જ દૃષ્ટિપાત કરીને યાદ કરી લીધી હતી.

આઠમા પ્રશ્નમાં સમિતિને ૩૯૬૩ શબ્દ લખેલું એક રજીસ્ટર આપવામાં આવ્યું હતું અને તેમાંથી કોઈ પણ શબ્દ ધારી લેવાનું જણાવ્યું હતું. તેમજ તેને અંગે ૬ લાલ તથા ૬ બ્લ્યુ કાર્ડો રાખવામાં આવ્યા હતા.

જે ધારેલા શબ્દની સંજ્ઞા મુજબ પોતાની પાસે રાખી લઈ બાકીના પાછા આપવાના હતા. સમિતિએ તેમ કરતાં થોડા કાર્ડો બચ્યા હતા જે અવધાનકારે તેના પર થોડી વાર મનન કરી જણાવ્યું હતું કે તેમણે ધારેલો શબ્દ નવાનગર છે. જે ખરો પડતાં લોકોના આશ્ચર્યનો પાર રહ્યો ન હતો. જનતાને આ અદ્‌ભુત શક્તિની વિશેષ પ્રતીતિ થાય તે માટે સમિતિને બીજી વાર પણ કોઈ શબ્દ ધારવાનું જણાવવામાં આવ્યું હતું. તે પ્રમાણે તેણે શબ્દ ધારી લીધા બાદ માત્ર એક જ મિનિટમાં અવધાનકારે તેનો ઉત્તર આપ્યો હતો કે "નંદીશ્વર" નામનો શબ્દ ધારેલો છે અને તે તદ્દન ખરો હતો. ૩૯૬૩ શબ્દમાંથી શબ્દ કહેવો એ કંઈ જેવી તેવી વાત ન હતી. એ વખતે કેટલાક જૈનેતર વિદ્વાનોના મુખમાંથી એવા શબ્દો સરી પડ્યા હતા કે આજે પણ જૈન મુનિઓમાં અજબ વિદ્યા રહેલી છે. તેમની અપૂર્વ જ્ઞાનોપાસનાને શત-સહસ્ર ધન્યવાદ. કેટલાક એમ બોલતા જણાતા હતા કે આ તો કોઈ માનસ વિદ્યાની અપૂર્વ સિદ્ધિ છે નહિ તો લગભગ ૪૦૦૦ શબ્દોમાંથી ધારેલો

શબ્દ શી રીતે કહી શકાય ? વગેરે.

નવમા પ્રયોગમાં શ્રી રસિકલાલ શાંતિલાલ શાહે એક ચિત્ર બતાવ્યું હતું જે અવધાનકારે લક્ષમાં રાખી લીધું હતું. દશમાં પ્રયોગમાં શ્રી ડી.આર.કર્ણિકે ૩૭,૧૨૯૩ એ પંચઘાત રકમનું મૂળ પૂછતાં, અવધાનકારે તરત જ જવાબ આપ્યો હતો કે ૧૩ અને તાલીઓની ગડગડાટથી આખું વાતાવરણ ગાજી ઉઠ્યું હતું.

અગીયારમાં પ્રયોગમાં ૩૬ અંકની એક સંખ્યાના બાર ટૂકડા પૈકી એક ટૂકડો સાંભળવાનો હતો, તે શ્રી નવીનચંદ્ર ચંદુલાલે સંભળાવ્યો હતો. બારમા પ્રશ્નમાં શ્રી ઉમેદચંદ્ર અમૃતલાલે પાછળથી એક વસ્તુનો સ્પર્શ કરાવ્યો હતો.

તેરમાં પ્રશ્નમાં અવધાનકારે ઈલાચીકુમારનું કાવ્યમય પ્રવચન શરૂ કરતાં સભામાં અપૂર્વ ઉલ્લાસનું મોજું ફરી વળ્યું હતું. અવધાનકારનો કંઠ અત્યંત મધુર હતો. તેમજ તેમની ગાવાની હલક આધુનિક યુગના કોઈ પણ લોકકવિને હંફાવે તેવી હતી એટલે સહુ કોઈ તેનું શ્રવણ કરવામાં તલ્લીન થઈ ગયા હતા. પરંતુ સમયની મર્યાદા સંજોગોના થોડા વખત પછી જ આગળનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો.

ચૌદમાં પ્રશ્નમાં શ્રી કાન્તિલાલ માણેકલાલ શાહે ગુણ્ય રકમ ૩,૪૫,૬૭૮ ગુણાક રકમ ૩૪૫૬ અને ગુણાકારની રકમ ૧૧,૯૬,૬૩,૧૬૮ એ સંખ્યા સંભળાવી હતી. અવધાનકારે તેનો તરત જ જવાબ આપતાં જણાવ્યું હતું કે ચોથા સ્થાનમાં ૪નો અંક છૂપાવેલો છે અને તે જવાબ તદ્દન ખરો હતો.

આમ એક પછી એક પ્રશ્નો પૂછાતા જતા હતા, અને તેના જવાબો અવધાનકાર મુનિ બરાબર આપ્યે જતા હતા, તેથી લોકોને આ કાર્યક્રમમાં ખૂબ રસ પડ્યો હતો અને તેમાંનો મોટો ભાગ ખાવા-પીવાનું ભૂલી જઈ પોતાના આસને બરાબર ચીટકી રહ્યો હતો. બીજા કેટલાક બહાર નીકળી ઉપાહાર ગૃહમાં જઈ ચા, કોફી, ઉકાળા તથા પ્યાઉનું શીતળ સ્વચ્છ જળ પીને પોતાની તૃષા શાંત કરતા હતા તથા પાછા પોતાના સ્થાને આવી જઈ બાકીનો કાર્યક્રમ નિહાળતા હતા. અઢી વાગે ઉપહારગૃહમાં લોકોનો જબ્બર દરોડો પડતાં ખાવાની બધી વસ્તુઓ લગભગ ખલાસ થઈ ગઈ હતી.

પંદરમાં પ્રશ્નમાં શ્રી શામજી વેલજી છેડાએ સને ૧૯૧૭ના નવેમ્બર માસની ૧૯મી તારીખે કયો વાર હતો ? તે પૂછતાં અવધાનકારે તરત જ જવાબ આપ્યો હતો કે સોમવાર. ત્યાર પછી બીજા એક ગૃહસ્થે તેવો જ પ્રશ્ન પૂછતાં તેનો જવાબ બુધવાર આપવામાં આવ્યો હતો જે તદ્દન ખરો હતો.

સોળમાં પ્રશ્નમાં વિષય પ્ર.નિ.સમિતિએ ૪૫ આગમો પૈકી આચારાંગ સૂત્રની પસંદગી કરી હતી અને તેના પ્રથમ અધ્યયનના પ્રથમ ઉદ્દેશમાંથી ૧૨-૧૩ તથા ૧૪મી ગાથાની વાચના આપવાની આચાર્યશ્રીને વિનંતી કરી હતી તે પરથી આચાર્ય શ્રીએ એક સાધુને વાચના આપી હતી.

કાર્યક્રમના સંચાલક શ્રી ધીરજલાલભાઈએ આ વસ્તુ તરફ સર્વ પ્રેક્ષકોનું ધ્યાન ખેંચતા જણાવ્યું હતું કે જેમ મુનિઓ અતિવિનય પૂર્વક ગુરુદેવને જ્ઞાન આપવાની વિનંતી કરે છે અને ગુરુદેવ તેમના પર કૃપા કરી તેમને શાસ્ત્રનો પાઠ આપે છે. તે દશ્યને આપ બરાબર નિહાળો. વિનયથી-વિદ્યા એ સૂત્ર તમને અહીં બરાબર જોવાનું મળશે. અવધાનકારે એ બધું યાદ રાખી લીધું હતું.

સત્તરમાં પ્રશ્નમાં નવ વ્યક્તિઓ અવધાનકારની પાછળ ખડી થઈ ગઈ હતી અને તેમણે એક કાંડા ઘડિયાળ અમુક વ્યક્તિને આપ્યું હતું તે તેણે બીજી વ્યક્તિને અને બીજી વ્યક્તિએ ત્રીજી વ્યક્તિને આપતાં અવધાનકારે ગણિત કરાવી તે ત્રણ વ્યક્તિઓનાં નામ ક્રમશઃ કહી આપ્યાં હતાં.

અઢારમાં પ્રશ્નમાં યેવતથી ખાસ આવેલા શ્રી નારાયણ મુલજી હેડમાસ્તરે મરાઠી ભાષાનું છ શબ્દોનું વાક્ય સંભળાવ્યું હતું. ઓગણીસમાં પ્રશ્નમાં બાબુલાલ ભગવાનજીએ એક ચિત્ર બતાવ્યું હતું.

વીસમાં પ્રશ્નમાં સમિતિએ એક ગુપ્ત સંદેશો લખી કાર્યક્રમ સંચાલક શ્રી ધીરજલાલભાઈને આપ્યો હતો, તે તેમણે હસ્ત પલ્લી દ્વારા અવધાનકારને પહોંચાડ્યો હતો તે પરથી અવધાનકારે એ સંદેશો ઝીલી લઈ તરત જ જવાબ આપ્યો હતો કે સમિતિએ ઘણો સુંદર સંદેશો પસંદ કર્યો છે. તે એ છે કે 'નાસ્તિકતામાં ડૂબેલા માનવને બચાવવા પ્રયત્ન કરો.'

સંજ્ઞાઓ ઘણી ઝડપથી થઈ હતી અને તે વિવિધ પ્રકારની હતી. તેમાંથી એક એક અક્ષર યાદ રાખવો, તેને જોડતાં જવું અને તે બધું યાદ રાખી અક્ષરશઃ કહી આપવું એ ઉચ્ચત્તમ પ્રતિભા વિના, અદ્‌ભુત ધારણા શક્તિ વિના કેમ બને? લોકો તેની ભૂરી ભૂરી પ્રશંસા કરતા હતા અને એક મનુષ્યનું મન કેટલી હદે કેવું કામ કરી શકે છે તેનો અનુભવ કરી આશ્ચર્ય પામતા હતા.

એકવીસમાં પ્રશ્નમાં શ્રી પ્રભાકરસિંહે એક પુસ્તક બતાવી તેનુ નામ કહ્યું હતું. રીખભદેવ ધી ફાઉન્ડર ઓફ જૈનીઝમ અવધાનકારે તેને યાદ રાખી લીધું હતું.

બાવીસમાં પ્રશ્નમાં શ્રી મહાસુખલાલ જગજીવનદાસે એક વસ્તુનો પાછળથી સ્પર્શ કરાવ્યો હતો. તેવીસમાં પ્રશ્નમાં શ્રી સેસમલ સદાવત ગુજરાતી ભાષાનું છ

શબ્દનું વાક્ય આડાઅવળા ક્રમથી સંભળાવ્યું હતું. ચોવીસમાં પ્રશ્નમાં મહેશ કે. શાહે ૪૮૫૮૧૦ એ છ અંકની રકમનો વર્ગ કરી આપવા જણાવ્યું હતું. અવધાનકારે થોડો સમય લઈ એનો ઉત્તર આપતાં જણાવ્યું હતું. ૨૩૬૦૧૧૩૫૬૧૦૦ એ તેનો જવાબ છે અને લોકોનો આનંદ અવધિ વટાવી ગયો હતો. કેટલાક કાગળ પર આ ગુણાકાર કરી રહ્યા હતા. તેમને જ આ પ્રશ્નની વિકટતાનો અનુભવ થયો હતો. કેટલો મોટો ગુણાકાર અને તે આવડી મોટી માનવ મેદનીમાં મન પર કાબૂ રાખીને કાગળ પેન્સીલની રજમાત્ર સહાય લીધા વિના કરી આપવો ! સહુના મુખમાંથી ધન્ય ધન્યના ઉદ્‌ગારો સરી પડ્યા હતા.

પચીસમાં પ્રશ્નમાં શ્રી કેશવલાલ મણીલાલ શાહે એક ગ્રંથનું નામ, પ્રકરણ ગાથા તથા પ્રથમ શબ્દ કહ્યો હતો તે અવધાનકારે યાદ રાખી લીધો હતો.

છવીસમાં પ્રશ્નમાં દિનેશ મસાલિયાએ પાંચ પહાડોનાં નામ સંભળાવ્યા હતાં. સત્તાવીસમાં પ્રશ્નમાં શ્રી સુરેન્દ્ર રતિલાલે એક વસ્તુનો સ્પર્શ કરાવ્યો હતો.

શ્રી શાંતિલાલ શાહના ત્રણ પ્રશ્નો : ત્યારબાદ શ્રી શાંતિલાલ શાહે એક બાદબાકી તૈયાર કરી તેની ઉપલી રકમ, નીચેની રકમ તથા બાદબાકીની રકમ કરી હતી, પણ તેમાંનો અંક કહ્યો ન હતો, અવધાનકારે તેનો જવાબ ૭ આપ્યો હતો જે જવાબ ખરો હતો. ત્યારબાદ ૧૨૩૫૪ નવના સર્વતો ભદ્રયંત્રમાં લાવી આપવાનું જણાવતાં અવધાનકારે ટપોટપ નવે ખાનાં ભરી આપ્યાં હતાં. ત્યારબાદ તેમણે ૩૯૬૩ શબ્દોમાંથી એક શબ્દ ધારી તે અંગેના થોડાં કાર્ડો પાછા આપ્યા હતા. તે પર એક જ મિનિટ વિચાર કરી અવધાનકારે જવાબ આપ્યો કે શ્રી શાંતિલાલભાઈએ ધારેલો શબ્દ **પારિજાતક** છે, અને તે તદ્દન ખરો હતો. આ રીતે ત્રણ જવાબના સાચા જવાબો મળતાં તેઓ ઘણા ખુશ થયા હતા અને આ વિદ્યાની પ્રશંસા કરી, મુનિરાજશ્રી કીર્તિવિજયજીનો તથા આ પ્રયોગનું કુશળતાથી સંચાલન કરવા બદલ શ્રી ધીરજલાલભાઈને અભિનંદ આપી તેઓ લગભગ સાડા ત્રણ વાગતાં વિદાય થયા હતા.

વિષય પ્ર.નિ. સમિતિમાંથી આ વખતે બે માનનીય સભ્યોને જવાનું થતાં તેમની જગાએ શ્રી ગણપતિશંકર દેસાઈ તથા શ્રી ખીમજી માંડણ ભુજપુરિયા બિરાજ્યા હતા.

ઓગણત્રીસમાં પ્રશ્નમાં જશુમતી બહેને સંસ્કૃત શ્લોકમાં બીજા ચરણના શબ્દો આડા-અવળા સંભળાવ્યા હતા.

ત્રીસમાં પ્રશ્નમાં શ્રી તલકચંદ નાનજીભાઈએ દશ રૂપિયાની નોટ બતાવી

હતી, તેનો નંબર અવધાનકારે તરત યાદ રાખી લીધો હતો. એકત્રીસમાં પ્રશ્નમાં કુંદનલાલ ઉમેદમલે તથા બત્રીસમાં પ્રશ્નમાં શ્રી જયંતિલાલ સી. શાહે ઝવેરાતની વસ્તુઓ બતાવી હતી. તેત્રીસમાં પ્રશ્નમાં શ્રી જયંતિલાલ મગનલાલ શાહે ભણતર શબ્દ પર-ચતુરાક્ષરી બનાવવાનું જણાવતાં અવધાનકારે તરત જ નીચે પ્રમાણે ચતુરાક્ષરી સંભળાવી હતી.

ભણ્યો પણ ગણ્યો નહિ, 'ણ' કર્યા કંઈ ઉપકાર,
તરવો જો સંસાર તો રહેવું શુદ્ધાચાર.

આ સાંભળી શ્રોતાઓ ખૂબ જ આનંદ પામ્યા હતા.

ત્યારબાદ સમય થઈ ગયેલો હોવાથી અને બધો કાર્યક્રમ પૂરો થવાની સંભાવના નહિ લાગવાથી મહત્ત્વના તથા અધૂરા રહેલા પ્રયોગો હાથ ધરવામાં આવ્યા હતા.

સાઠમો પ્રશ્ન વિલોપ કાવ્ય રચનાનો હતો. તે માટે સમિતિએ ઈશ્વર એવો વિષય આપ્યો હતો અને ચોત્રીશ વ્યક્તિમાં એક પછી એક સ્ટેજ પર હાજર થઈ ગઈ હતી તે દરેકને એક એક નંબરનું કાર્ડ તથા એક કોરી સ્લીપ આપવામાં આવી હતી. તેમાંથી એક એક વારા ફરતી ઊભા થતા હતા અને પોતાનું કાર્ડ બતાવતા હતા એટલે અવધાનકાર તેમને એક એક અક્ષર આપતા હતા. આમ ૩૪ વ્યક્તિઓને ૩૪ અક્ષરો ઊલટ પુલટ આપ્યા હતા. પછી તે સ્લીપો મેળવી જોતાં તેમાંથી નીચે પ્રમાણે કવિતા નીકળી હતી.

જ્ઞાન અનંત, દર્શન અનંત, અનંત શક્તિમાન;
એવા ઈશ્વરનું કરો પ્રહર ઊઠી નિત્ય ધ્યાન.

એ સાંભળી બધા ખૂબ જ ખુશ થયા હતા અને સમિતિએ પણ ભારે આનંદ વ્યક્ત કર્યો હતો.

ત્યારબાદ બેરોન સી.એલ.ગેબસેટલ નામના એક જર્મન ગૃહસ્થે છ શબ્દોનું જર્મન વાક્ય સંભળાવ્યું હતું અને તે દસ મીનીટ પછી કહી આપવાની વિનંતી કરતાં તેનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સંખ્યાના બાકી રહેલા અગિયાર ટૂકડા સંભળાવવામાં આવ્યા હતા. પછી જર્મન વાક્ય બરાબર ક્રમમાં કહી આપતાં જર્મન ગૃહસ્થ આશ્ચર્ય પામ્યા હતા અને આ બધું કેવી રીતે બને છે તે જાણવા-માગ્યું હતું અને તેને શ્રી સુંદરલાલ ઝવેરીએ કેટલીક સમજૂતી આપી હતી.

પછી સમય થઈ જતાં મહારાજશ્રીને થઈ ગયેલા પ્રશ્નોનો જવાબ આપવાની વિનંતી કરતાં તેમણે ખૂબ ઝડપથી એક એક પ્રશ્નોનો જવાબ આપી શ્રોતાઓને

આશ્ચર્ય મુગ્ધ બનાવી દીધા હતા. ખાસ કરીને છત્રીસ અંકની સંખ્યાએ સહુને વધારે આશ્ચર્ય ચકિત કર્યા હતા. તે નીચે મુજબ હતી.

૯૮૭૯૪૧૮૫૩૪૨૭૫૬૮૮૮૧૭૯૩૩૭૭૨૫૪૨૮૭૮૭૮૪૬૯

આ પ્રયોગોમાં તેત્રીસ પ્રશ્ન, સાઠમો પ્રશ્ન, જર્મન ભાષાનું વાક્ય અને અગિયાર ટૂકડા મળી ૪૬ પ્રશ્ન, ત્રણ પ્રશ્ન શાંતિલાલ શાહના, ૧ વધારાનો પ્રશ્ન મળી કુલ ૫૦ પ્રશ્નો થયા હતા પણ જૂની રીતે ગણવામાં આવે તો ૧૦ નામના ૧૦ પ્રશ્નો. સર્વતો ભદ્રયંત્રના ૧૬+૯ ખાનાં ગણતાં ૨૫ પ્રશ્નો વિલોપ કાવ્ય રચનાના ૩૪ પ્રશ્નો વગેરે ગણતાં ૧૦૦ પ્રશ્નોનું સત્ત્વ પૂરેપૂરું આવી ગયું હતું.

આજે ખાસ પધારેલા મહેમાનોને "જૈનીઝમ-ઈન નેટ શેલ" તથા "અહિંસા" નામની અંગ્રેજી પુસ્તિકાઓ છૂટા હાથે વહેંચવામાં આવી હતી અને તેનો બધા પર સુંદર પ્રભાવ પડ્યો હતો.

ત્રીજો દિવસ : તા.૪-૧૧-૫૭ને સોમવારે જ્ઞાનમંદિરમાં પીસ્તાલીશ આગમની માંડણીનું પૂજન થયું હતું. તથા બપોરે ભારે ઠાઠથી પીસ્તાલીશ આગમની પૂજા ભણાવવામાં આવી હતી.

પ્રદર્શન તા. ૯મી સુધી ખુલ્લું રાખવામાં આવ્યું હતું. આ રીતે ત્રણ દિવસના શ્રુતજ્ઞાન પૂજા મહોત્સવે મુંબઈની પ્રજામાં જૈન શાસનની અપૂર્વ પ્રભાવના કરી હતી અને જૈન ધર્મ, જૈન સંસ્કૃતિ, જૈન સાધુ, જૈન સાહિત્ય તથા જૈન લેખકો પ્રત્યે સહુનો ખૂબ જ સદ્‌ભાવ પેદા કર્યા હતો.

આ યુગમાં પણ હજારોના દિલમાં શાસનપ્રભાવના થાય છે. એ વિચારથી કોનું હૈયું હર્ષથી પુલકિત નહિ થાય ?

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૬,અંક-૧૫,તા.૨૧-૧૨-૧૯૫૭

છાણી : ગણિ-પન્યાસપદ, માળારોપણ, ઉદ્યાપન, દીક્ષાઓ, શાન્તિસ્નાત્ર

છાણી ગામના પૂર્ણ ભાગ્યોદયે આચાર્ય ભગવન્ત ૧૦૦૮ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજનું અભૂતપૂર્વ ચાતુર્માસ થયું. ચાતુર્માસમાં તપ-જપ મહોત્સવો, નંદીશ્વર દ્વીપની રચના, સિદ્ધચક્રનું મહાપૂજન, આદિ સતત ચાલુ રહેતા. બહારથી ભક્ત વર્ગ ચાલુ વંદનાર્થે આવતો. જેથી છાણી એક તીર્થધામ શું બની ગયું ! મુનિશ્રી પુણ્યવિજયજીના સંસારી માતુશ્રી ગજરાબેન તરફથી શ્રી

ઉપધાન તપ થયો. બાળવયના બાળક-બાળિકાઓની સંખ્યા સૌના દિલને ડોલાવતી.

ગુરુદેવની પુણ્ય નિશ્રામાં પરમ ધર્માનુષ્ઠાનોદ્યમી મુનિશ્રી પદ્મવિજયજી મ., મહિમાવંત મુનિ પ્રવર શ્રી મહિમાવિજયજી મ., પ્રકાંડ વિદ્વાન મુનિશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ જેઓ ભગવતી સૂત્રના મંગળયોગમાં હતા, એમને ગણિ-પંન્યાસપદ પ્રદાન પ્રસંગે ચાતુર્માસિ કરાવવાનો અણમોલ લાભ લેનાર શા. નગીનદાસ મોતીલાલ તરફથી અષ્ટાન્હિકા મહોત્સવ થયો, સ્થાનિક સંઘ જમણ પણ કરાયું. પૂજાઓ, ભાવનાઓમાં અનેરી ભક્તિભાવની રમઝટ જામતી. પૂ. મહિમાવિજયજી મ. ના ઉપકારથી ઉપકૃત થયેલ ભક્ત વર્ગેય પણ ખૂબ ઉદારતા દર્શાવી. મુંબઈવાલા શેઠ નાનચન્દભાઈ જીઠાભાઈ તથા સુરતના ભક્ત મંડળ તરફથી વિમાનાનુકારી ભવ્ય અને આકર્ષક મંડપમાં વિશિષ્ટ રચનાઓ નિપુણ શિલ્પીઓ દ્વારા હજારોની લાગતે કરાવવામાં આવી.

(૧) પ્રભુ મહાવીર ભગવંત પર ઉપસર્ગો થયા, તે સમયે પગમાં ખીર રાંધવાનું મનોવેધી દૃશ્ય. (૨) પ્રભુ મહાવીર ભગવન્તના ઉપર દુષ્ટ સંગમદેવે વિકુર્વેલા ભયંકર સર્પોનું હૃદયસ્પર્શી ચિત્ર. (૩) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની શાન્તમૂર્તિ અને ભવ્ય જિનાલયનું દૃશ્ય, હૂબહૂ ઉદયરત્ન મુનિના દર્શનની પ્રતિકૃતિ અને દ્વાર ઉઘાડવા અને બંધ થવાની ક્રિયા તેમજ ઠાકોર સોનામહોર માગે છે એ સ્મૃતિ, (૪) પ્રભુ શ્રી મહાવીરદેવને ઋજુવાલિકા નદીના તીરે શમભાવ ભાવિત મુદ્રાએ ગોદોહિકા આસને પ્રાપ્ત કરેલ કેવલ જ્યોતિનું દૃશ્ય. આ ચારે દૃશ્યો નીરખવા જૈન અજૈનોની મોટી મેદની ઉમટી આવતી. અનુમોદના કરતી. શા. નગીનદાસ મોતીલાલ તરફથી શ્રી નવપદ આરાધના નિમિત્તે નવ છોડનું ઉદ્યાપન યોજાયું જેમાં ઝગમગતા નવ ચંદરવા પુંઠીયા પવિત્ર જ્ઞાન અને તારક ચારિત્રના કિંમતી ઉપકરણો, વગેરે જોઈ આજે નહિ તો કાલે જરૂર સંયમ સ્વીકારવું જોઈએ એવા જન ઉદ્‌ગારો ઉદ્‌ગમ થતા હતા.

માગશર સુદ-૩ ના વડામણ સંઘ તરફથી તથા ચુનીલાલ માણેકલાલ તરફથી બે સ્વામી વાત્સલ્યો થયા. માગશર સુદ-૫ ના શા. શીવલાલ હીરાચન્દ તરફથી નવકારશી જેવું જમણ થયું. જલયાત્રાનો, માળારોપણનો, પંન્યાસપદ પ્રદાનનો અને ઉદ્યાપન પ્રવજ્યા નિમિત્તેનો દિવ્ય વરઘોડો ચઢ્યો. જેમાં બે હાથી, બે રથો, બેન્ડો, પચીસ ઉપરાન્ત સાંબેલાઓ, પૂજ્ય આચાર્ય ભગવાન આદિ મુનિપ્રવરો, વિશાળ સાધ્વી મંડળ પાંચેક હજાર માનવોની વિરાટ મેદની, ધવલ મંગળ ગાતી શ્રાવિકાઓ આદિથી જૈન-જૈનેતર જનતાનું અલૌકિક આકર્ષણ થયું.

માગશર સુદ-૬ ની મંગલ પ્રભાતે મોટા માનવમહેરામણની વચ્ચે પૂજ્ય આચાર્ય ભગવન્તે ત્રણેય મુનિવરોને ગણિ પન્યાસ પદાપર્ણ કર્યા. અવસરે સાકરચન્દ દલપતભાઈની પૌત્રી ઇંદિરાબેનની દીક્ષા થઈ. અનિલકીર્તિશ્રી નામ રખાયું. માળારોપણમાં પહેલી માળ ૧૨૦૧/- રૂપીયા બોલીને શા. હંસરાજ કાન્તિલાલના ધર્મ પત્ની દમયન્તીબહેને પહેરી હતી. બીજી માળ ૧૦૦૧/- રૂપીયા બોલી ડૉક્ટર બાબુભાઈ ગીરધરલાલના ધર્મપત્ની ઇન્દુમતીબહેને પહેરી હતી. ત્રીજી માળ ૬૦૧ રૂપીયા બોલી શા. ભીખાભાઈ જેચન્દના તેર વર્ષના પુત્ર કુમુદચન્દે પહેરી હતી. અન્ય માળાઓની ઉપજ પણ સારી થઈ હતી.

આ પ્રસંગે ઘનશ્યામ પ્રોફેસર, શેઠ બાબુભાઈ પ્રેમચંદ, શેઠ. છોટાલાલ મણીલાલના પુત્ર નરેન્દ્રકુમારે અને શ્રીકાન્તભાઈના પ્રાસંગિક વક્તવ્ય થયા.

આ પ્રસંગે મુંબઈથી લલીત બ્રધર્સવાલા છોટાલાલ મણીલાલ, શેઠ નાનચંદ જીઠાભાઈ, સંઘવી કાન્તીલાલ કેશવલાલ, શેઠ અમૃતલાલ પદમશી, વડોદરાથી શેઠ કેશરીમલજી વગેરે સંભાવિત ગૃહસ્થો સારા હાજર હતા.

આ પ્રસંગે સુરતના ઓસવાલ સંઘે પદપ્રદાનની ખુશાલીમાં આજની તિથિએ જીવ છોડાવવા એક હજારને એક રૂપિયા ભેગા કરી હર્ષ દર્શાવ્યો હતો તેમજ પંન્યાસજી શ્રી મહિમા વિજયજીગણિના ભક્તો તરફથી છાણી ગામમાં જૈન અજૈનોના ઘર દીઠ શેર શેર સાકરની લહાણી થઈ. ઝવેરી મોતીચંદ હીરાચંન્દ તરફથી શ્રીફળની પ્રભાવના થઈ.

બપોરના શાન્તિસ્નાત્ર ભણાવાયું, અનેક ગ્રામનગરોથી જનતા સહર્ષ આવી હતી. તેમજ પંન્યાસ પદવીના અભિનંદનના તારો અને પત્ર પણ થોક બંધ આવ્યા. તેમજ શીવલાલ હીરાચંદ તરફથી નિશાળના વિદ્યાર્થીઓને લાડૂની પ્રભાવના થઈ.

માગ. સુ. ૧૦ ની મંગલ પ્રભાતે ઉમેટાવાલા શેઠ સોમચન્દ અમીચન્દના નાના પુત્ર સુમનભાઈ, શા. રમણલાલ દલસુખભાઈની પુત્રી રસીલાબેન, શેઠ ચીમનલાલ પ્રેમચન્દની પુત્રી અસુબેનને દીક્ષા પ્રદાનનો, વર્ષીદાનનો ભવ્ય વરઘોડો ચઢ્યો હતો. બાદ સવા અગિઆર વાગે પૂ. ગુરુદેવેશના વરદ હસ્તે સાધ્વીજી પિયૂષપૂર્ણાની વડી દીક્ષા તેમજ એક ભાઈ અને બે બેનોની દીક્ષાની ક્રિયાનો પ્રારંભ થયો હતો. દિગ્બન્ધન વખતે રમણભાઈનું નામ અશ્વસેનવિજયજી રાખી આચાર્ય શ્રી ભુવનતિલકસૂરિજીના શિષ્ય તરીકે, રસીલા બેનને સુરપ્રભાશ્રીના શિષ્યા રમ્યકીર્તિશ્રી તરીકે અસુબેનને સાધ્વી મદનરેખાના શિષ્યા મહાકીર્તીશ્રી તરીકે નામો જાહેર કર્યા હતા. રમણલાલ દલસુખાઈ તરફથી પૂજા, આંગી, સંઘજમણ કરવામાં

આવ્યું. અને પ્ર. અગીયારસના ચોક્સી ચીમનલાલ પ્રેમચન્દ તરફથી સ્વામી વાત્સલ્ય અને સોમચન્દ અમીચન્દ તરફથી પિત્તળના પવાલાની ઘર દીઠ લહાણી થઈ હતી.

આમ આ ધર્મ મહોત્સવ અનેરું ધર્મ મહાત્મ્યનું ભાન કરાવી ગયો. શેઠ છોટાલાલ મણીલાલ (લલીત બ્રધર્સ) તરફથી ગવૈયા વસન્તલાલ તથા શાન્તિલાલ શાહ તેમજ જલતરંગાદિ બજાવનાર કલાકારોની મંડળી બોલાવવામાં આવેલી. જનતા ભક્તિરસમાં તરબોળ બની હતી.

• • •

શ્રી દેવાસ નગરે નૂતન જિનમંદિરનો પ્રારંભ

માલવદેશમાં ઈન્દોર પાસે દેવાસ નગરમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની અલૌકિક પ્રાચીન પ્રતિમાજીથી અલંકૃત દહેરાસર ખૂબ જ જીર્ણ થઈ ગયું છે તેથી નૂતન ભવ્ય મંદિરના નિર્માણ અર્થે દશા ઓસવાલ લોઠાસાર્થ જ્ઞાતિએ બજાર વચ્ચોવચ્ચ પોતાની વિશાલ વાડી ઉદારતાથી શ્રી સંઘને અર્પણ કરી. શ્રી સંઘે તેના ખાત મુહૂર્તાદિના શુભ મુહૂર્તો પૂજ્યપાદ પરમગીતાર્થ આચાર્યદેવ શ્રીમદ્ વિજયોદયસૂરીશ્વરજી મહારાજા પાસેથી મેળવી અષ્ટાહ્નિકા મહોત્સવનો પ્રારંભ કર્યો અને માગશર સુદ આઠમને શુક્રવાર તા. ૨૯-૧૧-૫૭ ના રોજ સવારે ૧૦-૧૫ વાગે ત્યાંના ધર્મનિષ્ઠ આગેવાન વ્યાપારી શેઠ કનૈયાલાલજી માણેકચંદજી જૈનના શુભ હસ્તે ખાતમુહૂર્ત કરાવવામાં આવ્યું, સુદ ૧૩ના રોજ શ્રી શાન્તિસ્નાત્ર ભણાવાયું. શિલાસ્થાપનના મહામંગલમય કાર્ય માટે શ્રી સંઘે અમદાવાદ નિવાસી વ્રતધારી ધર્મશીલ શેઠ શ્રી હીરાલાલ મણીલાલ (મહેન્દ્ર એન્ડ કું.વાલા) ને ખૂબ વિનંતીપૂર્વક આમંત્ર્યા. પૂ. બાપજી મહારાજ વગેરેના આશીર્વાદ મેળવી, શ્રી

હરગોવનદાસ જીવરાજ મણિયાર, શ્રી લાલચન્દ રાજમલજી, શેઠશ્રી શકરચંદ ભાયચન્દ વગેરે સાધર્મિક બંધુઓ સાથે સહકુટુંબ દેવાસ જઈ પહોંચ્યા.

શિલાસ્થાપનના આ મહાન પ્રસંગ ઉપર આજુબાજુના ગામોથી મોટી સંખ્યામાં જૈન-જૈનેતર ભાઈઓ પધાર્યા હતા. ઈન્દોરથી શેઠ માણેકલાલ રાજમલજીવાલા શેઠ રાજમલજી, શેઠ સુબોધચન્દ શાન્તિલાલવાળા શેઠ શાન્તિભાઈ જેશીંગભાઈ, શેઠ શ્રી લાલચન્દજી નાગોરી, શેઠ શ્રી ઘેબરમલજી રતનલાલજીવાલા શેઠ શ્રી રતનલાલજી, શેઠ ભોરીદાસ મીઠાલાલજીવાલા શેઠ છગનલાલજી, ઉજ્જૈનથી શેઠ શ્રી ડુંગરશીભાઈ (બબાભાઈ સુબોધચન્દવાલા) સહકુટુંબ આવ્યા હતા. તથા શેઠ શ્રી બાબુભાઈ છગનલાલ, શેઠ શ્રી બાબુલાલ મુન્નાલાલ, બદનાવરથી શેઠ નંદરામજી લોઢા. ડગગામથી આગઢવાલા વગેરે તથા મુંબઈથી શેઠ જશવંતલાલ એન્ડ કું. વાલા શેઠ શ્રી હરીભાઈ વગેરે ઘણા શ્રીમંતો આવેલા. શુભેચ્છાના સંદેશાઓ અમદાવાદથી શેઠ અરવિન્દભાઈ પન્નાલાલ, શેઠ ચન્દ્રકાન્ત અને રમેશચન્દ્ર બકુભાઈ, શેઠ રતનલાલ જીવાભાઈ, શેઠ કેસરીમલ કપૂરચન્દ, કોલ્હાપુરથી છત્રપતિ મહારાજા, મુંબઈથી શેઠ મુલચન્દ બુલાખીદાસ, શેઠ હિંમતમલ વનેચન્દજી, શેઠ રતિલાલ કાપડીયા, શેઠ શ્રી બાબુભાઈ માસંગજી વગેરેના તારો આવ્યા હતા. દહેરાસરજીના નવનિર્માણની પૂર્વ તૈયારીઓ સારુ દિવસોથી શેઠ શ્રી સુરજમલજી, શેઠ શ્રી કનૈયાલાલજી, શેઠ શ્રી નંદલાલજી વગેરે અથાગ પરિશ્રમ કરી પ્રયત્નો કરી રહ્યા છે. અમદાવાદથી શ્રી ચીમનલાલ કેશવલાલ કડિયાએ પૂર્વે જઈને સુન્દર માર્ગદર્શન-પ્રોત્સાહન આપેલું. હાલ અઠવાડિયા અગાઉથી અત્રે આવીને ઉત્સાહભેર પ્રસંગની ભવ્ય યોજના કરી.

દહેરાસરના નવનિર્માણનું સર્વ કાર્ય મિસ્ત્રી ભગવાનદાસ ગીરધરલાલની કું. વાલા શ્રી હરિભાઈ મિસ્ત્રીને સોંપવામાં આવેલ છે.

માગશર સુદ પુનમે સ્નાત્ર ભણાવી વિધિપૂર્વક ૧૨-૨૧ મિનિટે શ્રી હીરાભાઈના શુભ હસ્તે શ્રી શિલાસ્થાપન કરવામાં આવ્યું. શાસનનો જય જયકાર બોલાયો. તે સમયે યોજાયેલા મેળાવડામાં દેવાસના શ્રીમંત મહારાજા કૃષ્ણાજીરાવ પવાર તથા શ્રીયુત્ કલેક્ટર સાહેબ, ડેપ્યુટી કલેક્ટર સાહેબ તથા જૈન-જૈનેતર આગેવાનોની હાજરી મોટા પ્રમાણમાં હતી, બધી કોમોએ પણ ઉમંગભેર આ પ્રસંગે હાજરી આપી હતી. તે દિવસે સ્લોટર હાઉસ (કતલખાનું) બંધ રાખવામાં આવ્યું હતું. આખા દેવાસ નગરનો અનેરો ઉત્સાહ તે દિવસે જોવામાં આવ્યો હતો. પોતાના પિતાશ્રી શેઠ મણીલાલ સાંકળચન્દના નામથી હા. શેઠ શ્રી હીરાભાઈએ શિલાસ્થાપન કરી રૂા. ૨૫૦૧/- શ્રી નૂતન દહેરાસરની ભક્તિમાં આપ્યા.

જીર્ણ થઈ ગયેલા દહેરાસરમાં મૂલનાયક ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીની પ્રતિમા પાંચસો વર્ષની પ્રાચીન છે, બીજી પણ પ્રતિમાઓ ઘણી પ્રાચીન છે. શ્રી શાન્તિનાથ ભગવાનની એક શ્યામ પ્રતિમા સંવત ૧૧૮૭ની સાલની એટલે લગભગ એક હજાર વર્ષની પ્રાચીન છે. અધિષ્ઠાયકદેવ હાજરા-હજુર છે. શ્રી સંઘને દરેક કાર્યમાં અદૃષ્ટ સહાય થઈ રહી હોય તેવો અનુભવ થાય છે. આવા મહાન તીર્થની દરેકે એક વાર તો યાત્રા કરવી જ જોઈએ.

શ્રી દહેરાસરજીના નવ નિર્માણ માટે કરવામાં આવેલી ટીપમાં રૂા. ૫૦૦૧/- શેઠ નાથુલાલ દુલીચન્દજી, રૂા. ૫૦૦૧/- શેઠ કનૈયાલાલ માણેકચંદજી, શેટ રાજમલ હીરાલાલજી તથા તેમના કુટુંબીજનો મળી રૂા. ૫૦૦૧/- તથા રૂા. ૧૦૦૧/- શેઠ રસીકલાલ કાન્તિલાલજી, રૂા. ૧૦૦૧/- શેઠ હીરાલાલજી ફુલચન્દજી, રૂા. ૨૫૧/- શેઠ લાલચન્દ રાજમલજી વગેરે તરફથી ભરાવવામાં આવ્યા હતા. ટીપ હજુ ચાલુ છે. રૂા. ચાલીસેક હજાર થયા છે. અને લગભગ દોઢેક લાખ રૂપીયાનો એસ્ટીમેન્ટ કરવામાં આવેલ છે, તો આવા મહાન કાર્યમાં પુણ્યથી પ્રાપ્ત થયેલ લક્ષ્મીનો સદ્‌વ્યય કરવા સહુને વિનંતી કરવામાં આવી છે.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૬,અંક-૨૫,તા.૮-૩-૧૯૫૮

ઉંબરી (બનાસકાંઠા) એ ઉજવેલો અદ્‌ભુત પૂર્વ અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ

પૂ.પા. ગચ્છાધિપતિ આચાર્ય ભગવન્ત શ્રીમદ્વિજય-પ્રેમસૂરીશ્વરજી મહારાજના પટ્ટપ્રભાવક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય મુનિરાજશ્રી રૈવતવિજયજી ગણિવર, પૂજ્ય મુનિરાજશ્રી વર્ધમાનવિજયજી ગણિવર આદિ મુનિવરો ઠા. ૯ સાથે શ્રી ઉંબરી સંઘની વિનંતીને માન આપી આ અંજનશલાકા મહોત્સવ અંગે પધાર્યા હતા. શ્રી સંઘે શાનદાર પ્રવેશ સ્વાગત કર્યું હતું. તે સમયે જયપુરમાં ભરાવેલા શ્રી વાસુપૂજ્યસ્વામી તથા શ્રી મહાવીર સ્વામિનાં નવીન બિમ્બો પણ સામૈયામાં મોખરે ફેરવવામાં આવ્યા હતાં. પૂજ્યશ્રીના સતત ઉપદેશ શ્રવણથી ઉલ્લસિત થયેલ શ્રી સંઘે પૂજ્યશ્રી પાસેથી માર્ગદર્શન મેળવી, આ મહાભારત કાર્યને સારી રીતે પાર પાડવા માટે ભગીરથ પુરુષાર્થ આરંભ્યો. રસોડા-ઉતારા મંગળઘર-પાણી-મંડપરચના-પૂછપરછ વગેરે કાર્યો માટેની સંઘની કમિટીઓ મુકરર કરી. સ્થાનિક તેમજ પાટણ વગેરેના ભાઈઓએ નોંધવા યોગ્ય સેવાઓ આપી

હતી. ઉત્સવ આવી પહોંચતાં સંઘમાં ઉત્સાહનાં પૂર ઉછળવા માંડ્યા. શ્રી સંઘે આમંત્રણ કરી અમદાવાદથી ધર્મપ્રેમી શેઠ ચીમનલાલ કડીયાને, વિધિકાર શ્રીમાન્ કાંતિભાઈને તેમજ પાટણથી ભોગીલાલ મંત્રીને બોલાવ્યા અને તેઓની સૂચનાનુસાર અમદાવાદના ચિત્રકાર ઈચ્છાશંકરભાઈ હસ્તક મંડપ-રસોડા-ઉતારા-વેદિકાઓ તથા મેરુપર્વત-ચંપાપુરી-સમવસરણ વગેરે રચનાઓ, વિરાટ પાયા ઉપર ભિન્ન ભિન્ન ઘટિત સ્થાનોએ કરવામાં આવી. શેઠ બાબુભાઈ જીવાચન્દ દ્વારા ઊંઝાથી રેડીઓવાળા માણેકલાલભાઈએ ઈલેક્ટ્રીક ફીટીંગો અને માઈકોની સગવડ કરી. ગામ બહારના મેદાનમાં હજારો માણસો સુખેથી બેસી શકે તેવા **શ્રી આનદપાર્શ્વ પ્રેમ નગરના** ભવ્ય પ્રવેશદ્વાર ઉપર ત્રણ શાસન ધ્વજો લહેરાતા થઈ ગયા હતા. **ભક્તિસુધાગૃહ** અને સભા તથા વિધિમંડપો પાર્શ્વજિનાલય પાસે દેવલોક સમા ખડા થઈ ગયા. રંગબેરંગી રેશમી-સુતરાઉ ધજાઓ, વાવટા, કમાનો, વિવિધ સુભાષિતો, નમસ્કાર વગેરેનાં માંગલિક બોર્ડો સ્થળે સ્થળે શોભામાં વધારો કરતાં હતાં. આ ભવ્યાતિ-ભવ્ય મહોત્સવ માટેની સુન્દર શ્રી સંઘ નિમંત્રણ પત્રિકાઓ છપાવી ગામોગામના શ્રી સંઘ આદિને પહેલેથી મોકલવામાં આવી હતી.

મહા સુદ-૭ : ગામમાં લગભગ ત્રણ હજાર માણસોની વસ્તી છે. પૂજ્યશ્રી આચાર્યદેવ એમને જાહેર પ્રવચનથી આ અંજનશલાકા મહોત્સવનું મહત્ત્વ અને તેનાથી ગામને, જિલ્લાને, દેશને તથા સમગ્ર વિશ્વને કેટલા ઉત્તમ લાભ થાય છે તે સુંદર રીતે સમજાવાયું અને ગામમાં મોર તથા પારેવાની હિંસા થતી હતી, તે કાયમ માટે બંધ કરવાનો તથા ઉત્સવના દિવસોમાં સંપૂર્ણ અમારી-અહિંસા પાળવાનો અનુરોધ કર્યો. ગામે પણ અહિંસા જ સઘળા ધર્મોમાં મુખ્ય છે ધર્મ છે અને તેનાથી જ સહુને શાંતિ-આબાદી સમજીને તે પ્રમાણે કરવાની તત્પરતા બતાવી. શ્રી સંઘે આ ઉત્સવના માંગલિકમાં સહુ પ્રથમ મહા સુદ-૭ ના દિવસે આખાયે ગામને જમણ આપ્યું. પ્રતિષ્ઠા પ્રસંગે ગામ ઘણું ઉલ્લાસમાં આવી ગયું. ગામને પણ મહા સુદ-૧૩ ના દિવસે રામજીમંદિરની પ્રતિષ્ઠા હતી. અંજનશલાકાના આ માંગલિક પ્રસંગ નિમિત્તે ગામને પણ પોતાની પ્રતિષ્ઠા વગેરે કાર્યોમાં સારો લાભ અને શોભા મળ્યાં.

ઉત્સવનો પહેલો દિવસ મહા સુદ-૧૩ : ઉત્સવની શરૂઆતથી જ દેશ-પરદેશથી મહેમાનો તેમજ અંજનશલાકા માટે શ્રી જિનબિમ્બો અને યક્ષ-યક્ષિણી મૂર્તિઓ આદિ પણ સારી સંખ્યામાં આવી ગયેલ. વિધિકારક શ્રીયુત કાન્તિલાલ સવચન્દની મંડળી પણ આવી ગઈ હતી. આજે માણેકસ્તંભ, બે ઠેકાણે કુંભસ્થાપનાદિના મુહૂર્તો શેઠ મંગળદાસ તલકચન્દ તથા મુંબઈના શેઠ છગનલાલ

લક્ષ્મીચન્દે કર્યા. પૂજ્યશ્રીએ પ્રભાવક વાણીથી તીર્થંકર ભગવાન જગતારક તીર્થંકરપણું શી રીતે ઉપાર્જન કરે છે તે સમજાવવામાં આવ્યું. સંઘમાં ઉત્સવ ઉજવવાનો ઉત્સાહ ખૂબ વધ્યો. બોલીઓ સારી થઈ, બપોરે પંચકલ્યાણક પૂજા ભણાવાઈ હતી. સંગીતકાર ગજાનનભાઈની મંડળી પણ પૂજા-ભાવના માટે આવી ગઈ હતી. પ્રભુજીને આંગી પણ પાટણથી ખાસ આંગીકારને બોલાવી મનોહર રચવામાં આવી. સરીયદથી શ્રી વાસુપૂજ્ય જૈન યુવક-મંડળનું સૂરીલું બેન્ડ પણ હાજર હતું. જલયાત્રાનો વરઘોડો બપોરે આખા ગામમાં ઠાઠથી ફરેલ.

બીજો દિવસ મહા સુદ ૧૪ : મહા સુદ ૧૪ આવતાં નવિન જિનબિંબોને વેદિકા મંડપમાં લાવવાનો લાભ સરીયદના સંઘવી શાહ મણીલાલ ભોગીલાલભાઈએ લીધો. આજની ક્રિયામાં જવારારોપણનો નંદાવર્તપૂજન વગેરે થવાનાં હતાં. વિધિકારક શ્રી કાંતિભાઈની ખબરદારી ધ્યાન ખેંચતી હતી. આજની ક્રિયાના ચઢાવા પણ સારા થયા હતા. પૂજ્યશ્રીના પ્રવચનમાં આજના પૂજનો વગેરેનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું હતું. નવગ્રહાદિ પૂજનો પણ ડબલ કરવામાં આવ્યાં. આજે બનાસકાંઠા તરફથી ચુંટાયેલા લોકપ્રિય કાઉન્સીલ સભ્ય શ્રી અકબરખાન સ્વધર્મપત્ની સાથે ખાસ આ ઉત્સવના દર્શનાર્થે પધાર્યા હતા. ગ્રામ પંચાયત લોકલબોર્ડના પ્રમુખ વગેરે સજ્જનોનો સહકાર પણ આ ધર્મકાર્યમાં સારો મલ્યો હતો.

ત્રીજો દિવસ મહા સુદ ૧૫ : પ્રભુજીના દરબારમાં હંમેશાં સવારે પ્રભાતીયાં ગવાતાં હતાં. પાટણથી બોલાવેલ ચોઘડીયાં પણ મધુર અવાજે સારાયે ગામને પ્રભુસેવાનો પયગામ પહોંચાડી જાગૃત કરતાં હતાં. ઉત્સાહનાં પૂર વધતાં હતાં. સિદ્ધચકપૂજન વગેરે ક્રિયા થવાની હતી. પૂજ્યશ્રીના પ્રવચનો પ્રેરક બળ આપી રહ્યું હતું. પ્રભુજીના ચ્યવનકલ્યાણકનો વિષય સમજાવ્યો. ચઢાવામાં ગામ-બહારગામના ભાવિકો સારી રીતે લક્ષ્મીની મૂર્ચ્છા ઉતારી દેવદુર્લભ એવી આ શાસન ભક્તિ અને પ્રભાવનાનો અનુપમ લાભ લઈ રહ્યા હતાં. ઉતારાની નહાવા-ધોવાની પૂજાપાઠની ક્રિયાકાંડની તથા સવારના નાસ્તા-પાણીથી માંડી આખો દિવસ જમવા કરવાની સગવડ ઉત્તમ પ્રકારની હોવાથી બીજી કશી ચિંતા જ હતી નહિ. રાત્રે ભાવના વગેરેમાં પણ આખા ગામ સાથે માનવોનો મહાસાગર ઉભરાતો હતો. હંમેશાં નોંધાવા પ્રમાણેની જુદા જુદા ભાઈઓની આખા દિવસની નવકારશીઓ, વિવિધ વાનીઓમાં સુંદર પ્રકારે થયે જતી હતી.

ચોથો દિવસ મહા વદ-૧ : આજે પ્રભુજીના ચ્યવનકલ્યાણકની ઉજવણી હતી. પૂજ્યશ્રીના સાંનિધ્યમા શ્રી રમણભાઈએ આજની વિધિની આગેવાની લીધી હતી. આજના પ્રવચનથી ઉલ્લસિત થઈ માતા-પિતા થવાનો લાભ ઉંબરીના

શા.કાંતિલાલ કકલચન્દે લીધો. સૌધર્મ ઈન્દ્ર થવાનો લાભ શા.બાબુભાઈ જીવાચન્દે લીધો. ચ્યવન વિધિ પછી સભા મંડપમાં ચંપાનગરીના રાજભવનમાં સૂતેલ માતાને સ્વપ્નદર્શનાદિકનો વિધિ કરવામાં આવ્યો. પૂજ્યશ્રીએ સ્વપ્ન રહસ્ય સમજાવ્યું હતું અને ગજાનનભાઈએ પૂ.મુ.શ્રી રૈવતવિજયજી ગણીવરે રચેલું "ઉગ્યો સોના સૂરજ" નું સુન્દર પદ ગાતાં સભા આખી એકતાન થઈ ગઈ હતી પછી ચૌદ સ્વપ્નની ઢાળ ગાવામાં આવ્યા હતા. પડદામાં સ્વપ્નદર્શનનું નિયમન ભોગીલાલ મંત્રી સુંદર રીતે કરી રહ્યા હતા. આજના સમારંભમાં જિલ્લાના મામલતદાર પણ આવ્યા હતા. તેઓએ સુંદર શબ્દોમાં એક અમલદાર તરીકે આ ભવ્ય ક્રિયા વિધિને અંજલી આપી. રાજ્ય સરકાર તરફથી આ મહામંગળકારી ઉત્સવને સારાયે દેશના ભલાને માટે આવકાર્યો હતો. ઊંબરી ગામમાં આ રીતે ઉજવાતા આ પરમ સેવાના યજ્ઞને બનાસકાંઠાની મહાન શોભારૂપ બિરદાવ્યો હતો. અને તે માટે પૂ.આચાર્ય ગુરુદેવનો ઘણો ઘણો ઉપકાર વખણાવ્યો હતો. ક્રિયાવિધિ પછી ચ્યવન કલ્યાણકનો વરઘોડો ગામમાં ફર્યો.

પાંચમો દિવસ : મહા વદ ૨ : આજે પ્રભુજીના જન્મકલ્યાણકની ઉજવણી હતી. વિધિકાર શ્રી કાંતિભાઈની આગેવાની વિધિમાં સુંદર ચેતન લાવી રહી હતી. પૂજ્યશ્રીએ આજના પ્રવચનમાં પ્રભુજીના જન્મ કલ્યાણકનું મહત્ત્વ છપ્પનદિક્-કુમારીઓના અને મેરુગિરિ ઉપર ઈન્દ્રાદિક દેવોનો ઉત્સવ અચ્છી રીતે સમજાવેલો હોઈ દિક્કુમારીઓ અને ચોસઠ ઈન્દ્રો વગેરેના ચઢાવા ઝડપથી બોલાયા. અમદાવાદથી ખાસ મંગાવેલા દેવ-દેવીના મુગટ વગેરે શણગારો પહેરીને ચઢાવવાએલા ભાવિકો સભામંડપમાં દાખલ થતાં સાક્ષાત્ સ્વર્ગમાંથી જાણે દેવ-દેવીઓ ઉતરી આવ્યાનું દૃશ્ય ખડું થયું હતું. જન્મ વિધિ બાદ સભામંડપમાં પ્રથમ કેળના ઘર વગેરે રચીને છપ્પન દિક્કુમારીનો મહોત્સવ ઉજવવામાં આવ્યો. ગજાનનભાઈએ અગાઉથી છપ્પન દિક્કુમારી થનારી બાળાઓને સારી તાલીમ આપીને તૈયાર કરી હતી. ક્રમસર દિક્કુમારીઓનું જુથ જાણે રૂચકાદિથી આવતા જાય અને ગજાનનભાઈ પોતાનું બનાવેલું **"હૈયાં હેલે ચઢ્યાં"**નું ગીત ગવડાવતા જાય એ વખતે હજારો મનુષ્યોની સભાનાં હૈયાં આનંદના હેલે જ ચઢી ગયાં હતાં. ગજાનનભાઈને શ્રી સંઘ તરફથી રૂા. ૫૧ અને બોરસદના જૈન સેવાભાવી ડૉ. જે.વી.શાહ તરફથી રૂા. ૨૧નું ઈનામ અપાયા બાદ ઈન્દ્રનું સિંહાસન કંપાયમાન થયું. હરિણૈગમેષી દેવ પાસે સુઘોષા ઘંટ વગડાવવાનું મનોહર દૃશ્ય થયું હતું. તે પછી પંચરૂપધારી ઇંન્દ્ર પ્રભુજીને લઈ મેરુશિખર ઉપર ગયા અને અચ્યુતાદિ ઈન્દ્રોએ કરેલો પ્રભુજીનો જન્મોત્સવ આબેહૂબ ઉજવાયો. બાદ વાજતે-ગાજતે પ્રભુજીના જન્મકલ્યાણકનો વરઘોડો ચઢ્યો.

પૂજ્ય આચાર્યાદિ ૧૬ મુનિવરો અને સાધ્વીજી શ્રી કલ્યાણશ્રીજી આદિ ૩૫ સાધ્વીજી મહારાજો તથા દેવ-દેવીઓ તેમજ હજારોના સાજન વૃંદથી વરઘોડાની શોભા અનેરી બની.

છઠ્ઠો દિવસ મહા વદ ૪ : આજે જિન જન્મની વધામણી થવાની હતી. પાટણના ચોકસી ગીરધરભાઈની સુપુત્રી ચઢાવો લઈ વધામણી આપવા આવ્યા હતાં. બાદ અઢાર અભિષેકો થયા હતા. મંત્રમુદ્રાદિકની સ્વયોગ્ય વિધિઓ પૂજ્ય આચાર્યદેવ પોતે જ કરતા હતાં. બપોરે સભામંડપમાં લેખશાળા અને વિવાહ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. પૂજ્યશ્રીએ આજના પ્રવચનમાં વીતરાગ પરમાત્માના વૈરાગ્યમય જ્ઞાનપ્રધાન જીવનની અલૌકિકતા સમજાવી હતી. લેખશાળા મહાવીર પરમાત્માના જીવન પ્રસંગને અનુસરતી હોવાનું જણાવ્યું હતું. સાસુ-સસરા થવાનો લાભ ઉંબરીના શા. પોપટલાલ મગનલાલે લીધો હતો. આજની ક્રિયાના ચઢાવા પણ સુંદર થયા હતા. લેખશાળાની ગોઠવણ ભોગીલાલ મંત્રીએ નમુનેદાર બનાવી હતી. ઈન્દ્રે આવીને પ્રભુજીને પંડિતના આસને બેસાડ્યા હતા. વિદ્યાર્થીઓને નોટ-પેન્સિલ-પેનો-ચોપડીઓ વગેરે વહેંચાયા હતા. બાદ ફુલેકાનો વરઘોડો આવ્યો હતો. અને અલબેલી ચોરીમાં લગ્ન મહોત્સવ ઉજવાયો હતો. પૂજ્યશ્રીએ તે બાબત ભોગાવલી યોગથી ભોગકર્મને ખપાવવા માટે લગ્ન અને જિનના અનાસક્ત જીવન ઉપર પ્રકાશ પાડ્યો હતો. ચારગતિના ફેરા સૂચવતા ચાર મંગળ વગેરે હકીકત પણ સમજાવવામાં આવી હતી. ગજાનભાઈએ, ધર્મરસિક અને વિજયનાં બનાવેલાં લગ્નગીતો ગાઈ પ્રભુના લગ્નમાંથી પણ સંસારમાયા છોડવાનો સંકેત પ્રગટ કર્યો હતો.

સાતમો દિવસ મહાવદ-૫ : આ ઉત્સવને માટે પાટણ વગેરેથી આવી સાંજે પાછા જતા રહેવાનો વિચાર કરીને આવેલા લોકો પણ અહીંની સગવડ અને ઉત્સવનો રંગ જોઈ, સહુ ત્યાં જ રહી જતા હતા. દિવસે દિવસે બહારગામથી પણ લોકોની ભરતી ખૂબ જ થવા માંડી હતી. અમદાવાદથી શ્રીમાન ચીમનલાલ કેશવલાલ કડીઆ પણ ખાસ આ પ્રસંગને માટે સવારે આવી પહોંચ્યા હતા. તેમની સાથે મુંબઈથી મૂળ ઉંબરીના શેઠ છોટાલાલ ગગલદાસ પણ આવી પહોંચ્યા હતા. આજે અમદાવાદના મુમુક્ષુ ડાહ્યાલાલ હીરાલાલ પરીખની ભાગવતી દીક્ષાનો વરઘોડો સવારે ચઢ્યો હતો. અને સભા મંડપમાં પૂજ્યશ્રીના વરદ હસ્તે તેમની દીક્ષાની સુંદર વિધિ કરવામાં આવી હતી. તેઓના ઉપકરણોનો ચઢાવો પણ સારો થયો હતો. તેઓને ઓઘો ઉંબરીના શા. બબાલાલ ન્યાલચંદ તરફથી વહોરાવાયો. તેઓને દીક્ષા આપી પૂજ્યશ્રીના શિષ્ય મુનિશ્રી નિત્યાનંદ વિજયજીના શિષ્ય મુનિશ્રી

હરિષેણવિજયજી તરીકે સ્થાપન કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડીસાના એક બહેને ચતુર્થવ્રત અંગીકાર કર્યું હતું. આજની ક્રિયામાં ધ્વજદંડ-કળશપૂજન-વગેરે શ્રી કાંતિભાઈના બુલંદ નાદે સુંદર થયાં હતાં. બપોરે શ્રીમાન કડીઆએ પ્રભુજીનો રાજ-દરબાર સુંદર ગોઠવ્યો હતો. પૂજ્યશ્રીએ પ્રવચનમાં પ્રભુનું રાજ્યારોહણ પણ રાજ્યભોગ માટે હોતું નથી, કિન્તુ તે પ્રકારના કર્મને ખપાવી પ્રજાનું શ્રેય કરવા માટે હોય છે, વગેરે સમજાવ્યું હતું. વાસુપૂજ્ય ભગવાનનું રાજ્યારોહણ થયું ન હતું. પરંતુ અન્ય બિમ્બો પણ અંજનશલાકામાં હોઈને આ વિધિ પણ સુંદર રીતે ઉજવવામાં આવ્યો હતો. રાજ્યતિલક કરવાનો લાભ ઉંબરીના શા. બાબુભાઈ મંગળજીએ લીધો હતો. ગજાનનભાઈએ "ચાલો જોવાને વાસુદરબાર" અને રાજ્ય-બારોટની વિનંતી ગાઈ તે વખતનું દશ્ય દિલ ડોલાવે તેવું હતું. શ્રી સંઘ તરફથી જૈન સેવાભાવી ડૉક્ટર જે.વી.શાહને સુવર્ણચંદ્રક પહેરાવાયો હતો. પ્રસાદના શિલ્પી હરિભાઈ તથા ઈશ્વરલાલને શાલો ઓઢાડવામાં આવી હતી. ભક્તિરસ જમાવનાર ગાયક ગજાનનભાઈને પણ સુવર્ણચંદ્રક આપવાનું નક્કી કરાયું હતું. રાજ્ય-દરબાર વિધિ પૂરો થયા પછી લોકાંતિક દેવો આવ્યા અને ભગવાનને ધર્મતીર્થ પ્રવર્તવવાની વિનંતી કરી અને આજનો કાર્યક્રમ પૂરો થયો હતો. રાત્રે ભાવના બેઠી હતી. આજની ક્રિયાના ચઢાવા પણ સારા થયા હતા.

આઠમો દિવસ : મહા વદ ૬, આજે પ્રતિષ્ઠાના ચઢાવા અને ભગવાનની દીક્ષા કલ્યાણકની વિધિ થવાની હતી. સવારે પૂજ્યશ્રીએ પ્રવચનમાં ભગવાનની દીક્ષા-કેવળજ્ઞાન-પ્રતિષ્ઠા તેનાથી કરનાર કરાવનાર અનુમોદનાર રાજા પ્રજા સર્વેને થતા મહાન લાભો વગેરે હકિકતનો ઉપદેશ આપ્યો હતો. સભાનું વાતાવરણ ઉલ્લાસમય હતું. શ્રીમાન કડીઆ, ભગવાનને ગાદી નશીન કરવાના ચઢાવા બોલાવા ઊભા થયા તેમણે પણ સભાને દેવદ્રવ્યની વૃદ્ધિદ્વારા શ્રી જૈનશાસનની પરંપરાને ટકાવી રાખવાનો અલભ્ય લહાવો લેવા અનુરોધ કર્યો અને ચઢાવો બોલવાની શરૂઆત કરી. જોતજોતામાં ચઢાવો વધીને રૂા. ૧૦૦૦૧ થઈ ગયો હતો. આખી સભામાં આનંદ અને હર્ષ વ્યાપી રહ્યો હતો.

મૂળનાયક **શ્રી આનંદ પાર્શ્વનાથ ભગવાનને** ગાદીએ બીરાજમાન કરવાનો લાભ ઉંબરીના શા. કસ્તુરચંદ સાંકળચંદવાળાએ લીધો હતો. શ્રી વાસુપૂજ્ય ભગવાનને બેસાડવાનો તથા મૂળનાયકજીનું નવીન ભરાવેલ પરિકર પધરાવવાનો લાભ પણ એમણે જ લીધો હતો અને શ્રી મહાવીર સ્વામિજી બિરાજમાન કરવાનો લાભ ઉંબરીના શા. ગોકળચંદ સાંકળચંદજીવાળાઓએ લીધો હતો. શાસનના પરમ જ્યોતિર્ધર સકલાગમ રહસ્યવેદી સ્વ. આચાર્ય ભગવાન શ્રી વિજયદાનસૂરીશ્વરજી

મહારાજની ગુરુમૂર્તિ બેસાડવાનો લાભ શા. બાબુભાઈ જીવાચંદે લીધો હતો. ધ્વજદંડ ચઢાવવાનો લાભ શા. ગોકળદાસ ગગલદાસે અને કળશ ચઢાવવાનો લાભ શા. શાંતિલાલ મંગળજીએ લીધો. યક્ષ-યક્ષણીના ચઢાવા પણ સારા થયા હતા. બાદ તરત જ આજના વરઘોડાની બોલીઓ શરૂ કરવામાં આવી હતી. આજનો દીક્ષા કલ્યાણકનો વરઘોડો સહુથી વિશેષ મોટો અને ખૂબ જ ભારે હતો. એ માટે પાટણથી ચાંદીના બે રથો, ચાંદીની ઈન્દ્રધ્વજની ગાડી, મોટું બેન્ડ, મોટરટ્રકો, જીપકારો વગેરે ઘણી સામગ્રી મંગાવવામાં આવી હતી. વરઘોડો જોવાને માટે આજુબાજુના ગામોમાંથી ઈતર લોકો પણ હજારોની સંખ્યામાં આવી પહોંચ્યા હતા. વરઘોડાના ચઢાવાઓ પણ ખૂબ રંગતથી થયા હતા. વરઘોડો સુંદર વ્યવસ્થાપૂર્વક ત્રણ વાગે ચઢ્યો હતો. ભગવાનનું વર્ષીદાન આપવાનો લાભ ઉંબરીના શા. ચીમનલાલ ઈશ્વરલાલે લીધો હતો. સાજનની આગળ સરીયદના વીસ ભાઈઓનું જૈન બેન્ડ સુંદર ડ્રેસમાં સજ્જ થઈ મધુરવાદન કરી રહ્યું હતું. પૂજ્ય આચાર્ય ગુરુદેવ પ્રમુખ સાધુમંડળ, પાછળ વિશાળ સાજન અનેરી શોભા આપતું હતું. ગામ-પરગામનો તમામ લોકવર્ગ પણ વરઘોડામાં સામેલ હતો, આથી પ્રભુના મહાભિનિષ્ક્રમણ વખતના વરઘોડાનું સાક્ષાત્ દૃશ્ય ખડું થયું હતું. વર્ષીદાન અને ગુપ્તનિધિ વગેરે માટે ઉંબરી પ્રાસાદ મંડિત અંજન શલાકાના ચાંદીના સિક્કાઓ કોલ્હાપુરથી બાબુભાઈ પરમાર હસ્તક ખાસ તૈયાર કરાવીને મંગાવ્યા હતા. વરઘોડો બે કલાક ફરીને સભામંડપમાં પાંચ વાગે ઉતરતા તરત પૂ. આચાર્યદેવની નિશ્રામાં વિધિકાર શ્રી કાંતિભાઈએ આસોપાલવના વૃક્ષ નીચે પ્રભુજીની દીક્ષાવિધિ શરૂ કરી હતી. પૂજયશ્રીએ તે વખતે ત્યાગનો ખૂબ સચોટ ઉપદેશ આપ્યો હતો. આખી સભાએ અભિગ્રહો લીધા હતા. પૂજ્યશ્રીએ પોતાના શુભહસ્તે પ્રભુજીની પંચમુષ્ટિ લોચની વિધિ કરી હતી. ત્યાં પ્રભુને ચોથું મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયાનું જાહેર કરાયું હતું. દીક્ષાના મંગળગીતો ગવાયા હતા. 'ગીતલહરી'ની છપાયેલી બુકો ચટણીની જેમ ખપી ગઈ હતી. રાત્રે ભાવના, અધિવાસના, ચૈત્યપ્રતિષ્ઠા વગેરેનો વિધિ થયો હતો.

નવમો દિવસ મહાવદ ૭ : આજે પ્રતિષ્ઠાનો મુખ્ય દિવસ હતો. સૂર્યોદય પહેલાના શુભ લગ્ન, શુભ નવમાંશમાં પૂજ્યશ્રીએ સઘળા બિમ્બોનાં નેત્રોન્મિલનરૂપ અંજનવિધિ કર્યો હતો. બાદ વાજતે-ગાજતે સમવસરણમાં પ્રભુજીને લઈ જઈ દેશના વિધિ થયો હતો. પછી તરત નિર્વાણ કલ્યાણકની ઉજવણી વરઘોડો ફેરવીને કરવામાં આવી હતી અને સૂર્યોદય પછી બરાબર સવારના ૮ કલાક ૨૯ મીનીટ અને ૩ સેકન્ડના મુહૂર્તે મંગળધ્વનિઓ પૂર્વક ભગવાનને ગાદી નશીન કરાયા હતા. તેજ

ટાઈમે ધ્વજદંડ-કળશ, ગુરુમૂર્તિ, યક્ષ-યક્ષીણી સર્વની યથાસ્થાને પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. પૂજ્યશ્રીએ પ્રતિષ્ઠાફળનો ઉપદેશ આપ્યો હતો. બાદ ચઢાવાવાળા ભાઈઓ અને અન્ય ભાવિકોએ પ્રભુજીની અષ્ટપ્રકારી પૂજા વગેરે કરી હતી. બપોરે અષ્ટોત્તરી બૃહતશાંતિસ્નાત્ર ભણાવાયું હતું. શ્રીફળ રૂપીયો પધરાવવાનો લાભ શા. બાબુભાઈ જીવાચંદે લીધો હતો. આજનો આનંદ તો જનતામાં જાણે સમાતો જ ન હતો. મંદિરના મિસ્ત્રીઓ, પૂજારી, કામ કરનારા, બીજા માણસો તથા સેવાભાવી સહુની યોગ્ય પારિતોષિકો તથા આભારવિધિઓ વગેરેથી શ્રી સંઘે ખૂબ ઉદારતા પૂર્વક કરી હતી. ઉંબરી સંઘે આ નાનકડા ગામમાં સ્વર્ગ ખડું કરી દઈને આવો અલૌકિક ઉત્સવ ખૂબ સમતાથી ઉજવ્યો તે માટે પૂજ્યશ્રીના ઉપકારો યાદ કરવાપૂર્વક શ્રી સંઘને પણ આવેલ મહેમાનો આદિ સહુ તરફથી ખૂબ જ ધન્યવાદ અપાયો હતો. રાત્રીના ગામ ફરતી શાંતિધારા વાજતે-ગાજતે કરાઈ હતી. તેનો લાભ ઉંબરીના શા. પુનમચંદ પીથાચંદે લીધો હતો. બાદ વિસર્જનવિધિ થઈ હતી.

દશમો દિવસ મહાવદ ૮ : આજે ઉત્સવની પૂર્ણાહૂતિનો દિવસ હતો. સવારમાં ૬॥ વાગે શ્રી જિનમંદિરના દ્વારોઘાટન થવાના હતા. દ્વારોદ્ઘાટનનો લાભ શા. છોટાલાલ ગગલચંદે લીધો હતો. પૂજ્ય આચાર્ય મહારાજાદિ ચતુર્વિધ સંઘ સકળ પ્રભુદ્વારે દર્શનની ધૂન લગાવી ખડા હતા. શ્રીમાન કડીયા તથા ભોગીલાલ મંત્રી વગેરે ઠીક ઠીક ગીતો ગવડાવી રહ્યા હતા. સમય થતાં છોટાભાઈએ પ્રભુ-દરબારના દ્વાર ખોલ્યા અને વિધિકાર શ્રીમાન કાંતિભાઈએ અખીયાણું ધર્યું. પૂ. આચાર્યદેવે ચૈત્યવંદન કરાવ્યું. બાદ સકળસંઘને પ્રભુના જયઘોષ સાથે પ્રવેશ કરાવાયો. પૂજ્યશ્રીએ સમૂહ ચૈત્યવંદન કરાવ્યું. તે પછી અષ્ટપ્રકારી પૂજા વગેરેનો વિધિ થયો અને સત્તરભેદી પૂજા ભણાવાઈ હતી. આજે પણ આખા દિવસની નવકારશી હતી જ, બહારથી પધારેલા મહેમાનોએ પણ વિદાય લેવા માંડી હતી. વાહનોની સગવડ પણ યોગ્ય રીતે કરવામાં આવી હતી.

જયજયકાર : આ અનુપમ ઉત્સવ જેમણે જોયો તેઓને સ્વાદ રહી ગયો અને જીવનમાં સ્વયં આવો ઉત્સવ ઉજવી લોકોત્તર લહાવો અવશ્ય લેવા જેવો લાગ્યો. જેઓ ન જોઈ શક્યા તેઓને કોડ રહી ગયા. વિધિ એટલી બધી શુદ્ધતાપૂર્વક થતી હતી કે પ્રભુજી ગાદીએ બેઠા તે રાત્રીએ દેવતાઈ નાટારંભ થતાં સંભળાયા હતા અને બીજે દિવસે પ્રાસાદ ઉપર દીવાઓ સળગતા દેખાયા હતા. ઘણાઓને ઉંબરીમાં અંજનશલાકા સાંભળી આશ્ચર્ય થતું હતું, પણ ગામે મોટા શહેરને છક કરે તેવો ઉજવી બતાવેલ ઉત્સવ જોઈને તેઓ પણ આનંદ અનુમોદના મહાસાગરમાં ગરકાવ થઈ ગયા હતા.

આ ઉત્સવ પ્રસંગે બહારગામથી લગભગ પાંચેક હજારનો શ્રી સંઘસમુદાય આવ્યો હતો. સાધુ-સાધ્વી ઠાણા પણ પચાસનો લાભ મળ્યો હતો. આવી લાંબી મુદતના ભારે ઉત્સવમાં કોઈની આંખ સરખી દુઃખી નહિ, કે કોઈની કશી ચીજ સરખી ખોવાઈ નહિ. તેમજ આટલા સંઘમાં કોઈ જાતનો કશો અકસ્માત વગેરે પણ નડ્યો નહિ, અને નિર્વિઘ્ને ખૂબ જાહોજલાલીથી ઉત્સવ પાર પડ્યો. તે સર્વ શાસનદેવ તથા પૂજ્ય આચાર્યદેવના તપોબળ તેમજ વિશિષ્ટ મુહૂર્તબળના ચમત્કારને સિદ્ધ કરતું હતું. આદિથી અંત સુધી પૂજ્યશ્રીના અવર્ણનીય ઉપકારો અને તેથી અણધાર્યા સિદ્ધ થયેલાં વિકટ કાર્યોનો પણ ઉંબરી સંઘને સારો અનુભવ હતો. તેથી તેઓની શ્રદ્ધા આજે પણ અનન્ય રહી છે. મુહૂર્તો પણ સઘળાં પૂજ્યશ્રીના શિષ્યરત્ન જ્યોતિર્વિદ પૂજ્ય મુનિરાજશ્રી રૈવતવિજયજી ગણિવર પાસેથી ગ્રહણ કરાયેલાં શ્રી સંઘને ખૂબ સફળતા આપનારા નીવડ્યાં.

આ ઉત્સવનો યશકળશ ચઢાવવામાં ઉંબરી દેરાસરના ટ્રસ્ટી મહાશયોએ અને શ્રી સંઘના અન્ય કાર્યકરો સહુએ તન-મન-ધનનો ભોગ આપવામાં જરાયે કચાશ રાખી નથી. રસોડા અને મંગળઘર વગેરેમાં રાધનપુરના શ્રીયુત છગનભાઈના સ્ટાફે તેમજ પાટણના ગોકળદાસ વગેરેની સેવા સારી મળી હતી. અને યોગ્ય દોરવણીપૂર્વક સતત કાળજી રાખી શ્રી સંઘના એકે એક ભાઈઓને તેમની ફરજોના પાલનમાં હરઘડી જાગૃત રાખનાર પૂજ્ય તપસ્વી મુનિરાજશ્રી રૈવતવિજયજી ગણિવર તથા કાર્યદક્ષ અદમ્ય લાગણીવશ પૂજ્ય મુનિરાજશ્રી વર્ધમાનવિજયજી ગણિવર તેમજ પૂ. મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી આદિ મુનિવરોની ધગશ પણ સદાકાળ યાદ રહી જાય તેવી હતી. આ બધા દીલચશ્પ પ્રસંગોને તસ્વીરોમાં ઝડપી લેનાર ઉંઝાના જૈન કેમેરામેન માધવલાલભાઈની આદિથી અંત સુધીની ચપળતા પણ ભારે હતી.

વિહાર : ઉત્સવનું માંગલિક કાર્ય સુંદર રીતે સમાપ્ત થતાં પૂજ્યશ્રીએ શ્રી સંઘના મહાનુભાવોને એમની ધર્મભાવના માટે મુબારકવાદી આપી, લીધેલા અનુપમ લાભના પુણ્ય બીજને શુભ અનુબંધથી પુષ્ટ કરવા જણાવ્યું. હવે તેઓની જવાબદારી વધતી હોઈ ઉદારતાથી તેને અદા કરવા માટે પરસ્પર એક સંપથી હંમેશાં તત્પર રહેવાનું ફરમાવ્યું અને આ પ્રસંગે બહારના જિર્ણોદ્ધાર વગેરે માટે આવેલી અરજીઓ આદિ ઉપર પણ સ્થાનિક જરૂરિયાત ઉપરાંત શક્ય ધ્યાન આપવાની ભલામણ કરી.

મહા વદ-૧૦ ની પ્રભાતે પૂજ્યશ્રીએ સપરિવાર વિહાર કર્યો ત્યારે આખો સંઘ પૂજ્યશ્રીને વળાવવા માટે આવ્યો. હજુ વધુ રોકાવા માટે ખૂબ આગ્રહ કર્યો.

ધર્મસ્નેહ ભારે હતો પણ રાધનપુર, શંખેશ્વરજી થઈ અમદાવાદ પૂજ્યપાદ પરમ ગુરુદેવશ્રીની સેવામાં જવાનું હોઈ રોકાઈ શકાય તેમ હતું નહિ. ડૉ.જે.વી. શાહની વિનંતીથી પૂજ્યશ્રી દવાખાને પધાર્યા. ડૉક્ટરે ચતુર્વિધ સંઘનું સન્માન કર્યું. પૂજ્યશ્રીએ માંગલિક ઉપદેશ આપીને પોતાનો પુનીત પાદવિહાર આગળ લંબાવ્યો. આ રીતે ઉંબરી અંજનશલાકા મહોત્સવનો સર્વત્ર જયજયકાર પ્રસરી ગયો. જૈનં જયતિ શાસનમ્. **ધન્ય આ શાસન અને ધન્ય આવા ગુરુદેવ.**

• • •

શંખેશ્વરજી મહાતીર્થમાં ૧૦૦ ઓળીના પારણા

આચાર્ય મહારાજશ્રી વિજય ભક્તિસૂરીશ્વરજી મહારાજ આદિની નિશ્રામાં શંખેશ્વરજી મહાતીર્થમાં પૂજ્ય આચાર્યશ્રીના વિદ્વાન શિષ્યરત્ન સ્વર્ગસ્થ પૂ. મુનિશ્રી ભુવનવિજય ગણિવર્યના શિષ્ય તપસ્વી **મુનિશ્રી પ્રબોધવિજયજી,** સ્વર્ગસ્થ પંન્યાસજી શ્રી સુમતિવિજયજી ગણિવર્યના શિષ્યરત્ન તપસ્વી **શ્રી દર્શનવિજયજી**નું વર્ધમાન તપની સો ઓળીનું પારણું મહાવદ ૧ના સુખશાંતિ પૂર્વક થયેલ છે. તે નિમિત્તે સુદ ૧૦ થી મહા વદ ૨ સુધી સમી જૈન સંઘ મારફત મહોત્સવ તથા વદ ૧ના પારણા બાદ શાંતિસ્નાત્ર ભણાયું હતું. સેવા માટે સંગીતરત્ન ભુરાલાલ વગેરે તથા જૈન બેન્ડ તથા જૈન યુવક મંડળ આવેલ. મહા સુદ ૧૪ સાધર્મિક વાત્સલ્ય તથા વદ ૧ના નવકારશી જમણ આ પ્રસંગે બહારગામથી ભાવુકો સારા પ્રમાણમાં આવ્યા હતા.

મહા સુદ ૧૪ના રોજ સવારમાં નવ વાગે આચાર્યશ્રીના વરદ હસ્તે, બાલ સાધ્વીજી સૂર્યયશાશ્રીજી વડીદીક્ષા થઈ હતી.

પૂ. આચાર્યદેવશ્રીને સંમેલનમાં અમદાવાદ પધારવા વિનંતી છતાં તબીયત નાદુરસ્ત હોવાથી આવી શકે એમ નથી. એઓશ્રી સમી પધાર્યા છે.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૬,અંક-૨૬,તા.૧૫-૩-૧૯૫૮

અમદાવાદ જૈનાચાર્યોના મંગલ પ્રવેશ

પ.પૂ.જૈનરત્ન કવિકુલકિરીટ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ પોતાના શિષ્યરત્નો પૂ. ઉપા. શ્રી જયંતવિજયજી મ., પૂ.પં વિક્રમવિજયજી મ.આદિ પરિવારસહિત તથા સિદ્ધાંત મહોદધિ પૂ.આ. શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી

મ.ના પટ્ટધર વ્યા. વાચસ્પતિ પૂ.આ.શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. પોતાના શિષ્યરત્નો પૂ.આ.શ્રી વિજયભુવનસૂરીશ્વરજી મહારાજ આદિ બહોળા પરિવાર સાથે રાજનગરના શ્રી સંઘના અનન્ય ભવ્ય સ્વાગત અને ગગનભેદી જયઘોષણા પૂર્વક માનવમહેરામણની હાર્દિક વંદના ઝીલતા ઝીલતા વિજયદાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિર પધાર્યા છે.

પૂ.આ.શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ છાણીમાં અભૂતપૂર્વ ધર્મ-પ્રભાવનાના પ્રસંગો સહિત ચાતુર્માસ કરી મધ્યવર્તીનગર અને ગામને પાવન કરતાં કરતાં, તથા પૂ.આ.શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સાહેબ ઉત્તરપ્રદેશ, બિહાર, બંગાળ સ્થળે વિચરીને શાસનપ્રભાવનાના ભવ્ય પ્રસંગોની ઉજવણીના પ્રેરક બની શાસનસેવાના મહાન કાર્યો માટે આ બાજુ પધાર્યા છે. બંને આચાર્યદેવોનું માતરમાં મિલન થયું હતું. માતરમાં પૂ આચાર્યોનું સુંદર સ્વાગત થયું હતું. બે દિવસની સ્થિરતા દરમિયાન જીનમાં બાંધેલા મંડપમાં પૂજ્યશ્રીએ પ્રવચનોનો અસ્ખલિત અમૃતપ્રવાહ વહાવી જિનશાસનની અદ્‌ભુતતાનો ખ્યાલ આપ્યો હતો. ખંભાત, અમદાવાદ વગેરેથી સારા પ્રમાણમાં જનતા આવી હતી. પૂ.આ. શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રીએ પણ સંક્ષિપ્ત પ્રેરક પ્રવચન કર્યું હતું. ખેડાની વિનંતીથી બંને પૂ. આચાર્યદેવો ત્યાં પધાર્યા. હાઇસ્કૂલના વિશાળ મેદાનમાં બાંધેલા ખાસ મંડપમાં **'સાચી દયા'** અને **'જીવનમાં ધર્મની આવશ્યકતા'** વિષય પર ભવ્ય પ્રવચન થયાં. ત્યાંથી ક્રમશઃ વિહાર કરી અમદાવાદની બહાર જમાલપુર વંડામાં દશાપોરવાડ જૈન સોસાયટીમાં તથા ખુશાલભવનમાં બાંધેલા મંડપમાં સુંદર પ્રવચન કર્યા. અને સાંજ હઠીભાઈની વાડી પધાર્યા હતા. ચોથના મંગલ પ્રભાતે મુસ્તુફા બેન્ડના મધુર તરંગો વચ્ચે દિલ્હી દરવાજેથી બંને પૂ.આ.દેવોએ મંગલપ્રવેશ સવારે સાડા-૭ વાગે કર્યો. એ સમયે પણ હર્ષઘેલા ભાવિકો સારી સંખ્યામાં સ્વાગતનો લાભ લેવા દોડાદોડ કરી રહ્યા હતા. માર્ગમાં પૂ. આચાર્યદેવો નગરશેઠના વડે જિનદર્શનાર્થે પધાર્યા હતા; અને ત્યાં થોડી સ્થિરતા કરી હતી.

નગરશેઠના વડેથી ભવ્ય સામૈયું લગભગ ૮-૪૫ વાગે ચઢ્યું હતું. સામૈયાની અડધો એક કલાકની વાર હતી, તે દરમ્યાન જનતાના ટોળેટોળાં આવી રહ્યાં હતાં. પૂ.આ.શ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** પણ લગભગ ૭૫ મુનિપરિવાર સાથે પધાર્યા હતા. ઉભય આચાર્યશ્રીઓના આ પુણ્ય મિલનને જનતાએ હર્ષઘેલી જયઘોષણાથી વધાવી લીધું હતું. રસ્તામાં પૂ.આ.મનોહરસૂરીશ્વરજી મહારાજ પણ સપરિવાર આવી મળ્યા હતા. સવાનવ વાગતાં નગરશેઠના વંડેથી જ્ઞાન-મંદિર પધારવા નીકળ્યા ત્યારે ભારે માનવમેદની એકત્રિત થઈ હતી. રાજનગરમાં પ્રસિદ્ધ

હિન્દુ જીઆ બેન્ડ સૌથી મોખરે હતું. સાજનમાં રાજનગરના સંભાવિત શેઠિયાઓ અને અન્ય ગૃહસ્થો મોટી સંખ્યામાં હાજર હતા. રાજમાર્ગો પર તોરણ પતાકા મંડપો વગેરે રૂપે જનતાના હૃદયની ભક્તિ સાકાર બની હતી. સામૈયું જેમ જેમ આગળ વધતું હતું તેમ તેમ માનવસમૂહની ભરતી ચઢતી હતી. રસ્તામાં ગહુંલીઓથી વધાવતા પૂ.આચાર્યદેવાદિ મુનિગણ રીલીફરોડ, રતનપોળ, માણેકચોક, કંદોઈપોળ, ગાંધીરોડ, થઈ શ્રી મહાવીરસ્વામીના દેરાસરે ચૈત્યવંદન કરી વિદ્યાશાળે પધાર્યા. ત્યાં ૧૦૩ વર્ષની અદ્‌ભુત વયે પહોંચેલા દીર્ઘ તપસ્વી પૂ.આ.ભ. શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજના દર્શન વંદન કરી જ્ઞાનમંદિરે પધાર્યા. ભાવુક જનતાએ જય જયના ઘોષથી ગગન ગજાવી મૂક્યું. મેદની એટલી બધી વિશાળ હતી કે જ્ઞાનમંદિરના વિશાળ ગેલેરી સહિત વ્યાખ્યાન હોલમાં પણ સમાઈ નહિ અને ઘણાઓને નિરાશ થઈ પાછું જવું પડ્યું. પૂજ્યશ્રીએ મંગળાચરણ કર્યા પછી પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજનું સંસારના સુખોની અસારતા શાથી, વગેરે વિષય પર ભવ્ય પ્રવચન થયું. પછી તો આખો દિવસ દર્શનાર્થીઓના આગમન ચાલુ જ રહ્યા. રોજ સવારે ૮/- વાગે પ્રવચન ચાલુ છે.

અત્રે પૂજ્ય ગણિવર્ય શ્રી પદ્મવિજયજી મહારાજને ગળામાં કેન્સરની ગાંઠ થવાથી પૂજ્ય આચાર્યદેવની આજ્ઞા મુજબ તાતાની ટ્રીટમેન્ટ લેવા માટે એઓશ્રીએ ઠા. ૧૦ સાથે જ્ઞાનમંદિરથી ફાગણ વદ-૬ ના સવારે મુંબઈ તરફ વિહાર કર્યો છે.

મુંબઈથી સૂરિજીનો વિહાર : દક્ષિણ દેશોદ્ધારક જૈનાચાર્ય શ્રીમદ્ વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ આદિ દાદરથી વિહાર કરી અમદાવાદ પધારી રહ્યા છે. પાલઘર દોઢ દિવસ સ્થિરતા થતાં ત્રણ વ્યાખ્યાનો અને જાહેર પ્રવચન યોજાતાં જનતાએ મોટી સંખ્યામાં લાભ લીધો. દહાણુમાં પૂજ્ય મુ. *શ્રી કીર્તિવિજયજીનું* જાહેર પ્રવચન ઘણી મોટી સંખ્યામાં જનતાએ સાંભળ્યું. ઘોલવડ, બોરડીમાં શાનદાર સ્વાગત, જાહેર વ્યાખ્યાન થયાં. શેઠ કાલુરામજી નાહરને ત્યાં સૂરિજીના પગલા થયા, અને ત્યાં ઉપાશ્રયની આવશ્યકતા જણાતાં તેમનાં ધર્મપત્ની ભૂરીબહેને રૂા. ૧૧) હજાર આપવા જાહેરાત કરી. વાપીમાં ભવ્ય સ્વાગત તથા પૂજ્ય આચાર્યદેવે પ્રભાવશાળી પ્રવચન આપ્યું. મુનિશ્રીના પણ બે જાહેર પ્રવચનોથી સંઘે ચાતુર્માસ માટે વિનંતી કરી. બગવાડામાં ત્રણ વ્યાખ્યાન થયાં હતાં, ગામને સુંદર શણગારાયું પૂજ્ય ગુરુદેવે મનનીય પ્રવચન આપ્યું. બપોરે હાઇસ્કૂલમાં ૭૦૦ વિદ્યાર્થીઓ અને સેંકડો નાગરિકો સમક્ષ સુંદર વ્યાખ્યાન મુનિશ્રીએ આપ્યું હતું. સાંજે વિદ્યાર્થીઓની પ્રશ્નોત્તરી અને કાવ્યમય પ્રવચન થયું હતું. નવસારીમાં પૂ.આચાર્યશ્રીનું પ્રવચન, બપોરે શ્રી અષ્ટાપદજીની ભવ્ય પૂજા, પૂજાનો મહિમા અને ભાવાર્થ મુનિશ્રીએ સુંદર

રીતે સમજાવતાં સૌ ભક્તિરસમાં તન્મય બન્યા હતા. ૭૦૦-૮૦૦ માણસો હતાં. સાંજે મુનિશ્રીએ ભવ્ય માનવમેદની સમક્ષ વ્યાખ્યાન આપ્યું હતું. ત્યાં સુરતના નેમુભાઈની વાડી, છાપરીયાશેરી, સગરામપરા વગેરેના આગેવાનો દર્શનાર્થે અને વિનંતી માટે આવ્યા હતા, સુરત વાડીએ પધારતાં ભવ્ય સ્વાગત થયું. ગોપીપુરાને સુંદર શણગારાઈ હતી. હજાર ઉપરાંત ભાઈ-બહેનો હતા, દોઢ દિવસની સ્થિરતામાં ત્રણ પ્રવચનો, બેસન્ટ હોલમાં મુનિશ્રી કીર્તિવિજયજીએ મેદની સમક્ષ જાહેર વ્યાખ્યાન આપ્યું. અંકલેશ્વરમાં જાહેર વ્યાખ્યાન થતાં ઑફિસરો, વકીલો અને નાગરિકોએ સારો લાભ લીધો. ભરૂચમાં ભવ્ય સ્વાગતપૂર્વક પૂ.આચાર્યશ્રીએ અસરકારક દેશના આપી, જાહેર વ્યાખ્યાન થયું. તેમાં વકીલો, ડૉક્ટરો, મ્યુ૰ પ્રેસીડેન્ટ તેમજ ઘણી મોટી માનવમેદનીએ લાભ લીધો. પાલેજમાં જાહેર વ્યાખ્યાન આપતાં ખૂબ જ લોકોએ લાભ લીધો, બીજે દિવસે પૂ.આચાર્ય શ્રી ભુવનતિલકસૂરીશ્વરજી મ.આદિ સૂરીજીના દર્શનાર્થે આવતા હોઈ બીજે દિવસે સ્થિરતા થઈ. સવારે કાવ્યમય પ્રવચન, બપોરે હાઇસ્કૂલમાં પ્રવચન અને સાંજે જાહેર પ્રવચન-એમ તે દિવસે ત્રણ પ્રવચનોમાં જનતાએ ભારે ઊલટથી લાભ લીધો અને ભવ્ય વાતાવરણ સર્જાયું. મીયાગામ-કરજણમાં જાહેર વ્યાખ્યાનમાં જંગી મેદની જામી હતી, ત્યાંથી પૂ.આચાર્ય શ્રી ફા. સુદ-૧૪ ના વડોદરા થઈ તરતમાં અમદાવાદ પૂ. ગુરુદેવના દર્શનાર્થે પધારશે.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૬,અંક-૨૭,તા.૨૨-૩-૧૯૫૮

● **અમદાવાદ :** અત્રે પૂ.આચાર્યદેવશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. પૂજ્ય આચાર્યદેવશ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની** શુભ નિશ્રામાં પરમ તપસ્વી પૂજ્ય મુનિશ્રી મહાનંદવિજયજી મહારાજની શ્રી વર્ધમાન આયંબીલ-તપશ્ચર્યાની ૧૦૦ ઓળી તથા ઉપર નવા વર્ધમાનતપ પાયાની ભવ્ય આરાધના તથા પૂજ્ય મુનિશ્રી લક્ષ્મીવિજયજી મહારાજશ્રીના સમાધિ મરણ નિમિત્તે અષ્ટાહ્નિકા મહોત્સવ તથા શાન્તિસ્નાત્રનો ભવ્ય પ્રસંગ ફાગણ વદી ૯ થી ચૈત્ર સુદ ૧ સુધી ઉજવાયો.

પૂ. મુનિપુંગવશ્રી મહાનંદવિજયજી મહારાજ પૂ.આચાર્યભગવન્ત વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર વ્યાખ્યાન વાચસ્પતિ પૂ.આચાર્યદેવ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પ્રશાંતમૂર્તિ પૂ.પં. ભદ્રંકરવિજયજી ગણિવરના શિષ્યરત્ન છે. પૂજ્ય તપસ્વી મુનિરાજશ્રીએ ખરેખર પોતાનું આખુંય જીવન તપોમય વ્યતીત કર્યું છે; ગૃહસ્થાવસ્થામાં પણ તેઓશ્રીએ ૧૬ ઉપવાસ,

૧૫ ઉપવાસ, ૧૦ ઉપવાસ, અઠ્ઠાઈઓ જેવી ઉગ્ર તપશ્ચર્યા કરવા ઉપરાંત સિદ્ધિતપ, જ્ઞાનપંચમીતપ, એકાદશીતપ, વર્ષીતપ, શ્રી સિદ્ધગિરિજીની નવાણું યાત્રા વગેરે દીર્ઘકાલીન તપશ્ચર્યાઓ પણ ખૂબજ સમતાભાવે કરી આત્માને તેજસ્વી બનાવ્યો હતો. શ્રાવક જીવનની સુંદર ધર્મચર્યાઓ અને શાસ્ત્રાધ્યયન પણ સારું કરતા હતા, તેમજ અનેકને ધર્મસાધનામાં સારી પ્રેરણા કરી સ્થિરીકરણાદિ દર્શનાચાર પણ સારો પાળતા હતા. પછી તો જેમ સોનામાં સુંગધ મળે, તેમ તેમના તપોમય જીવનમાં ચારિત્ર લીધા પછી સંયમની સુવાસ પથરાતાં સંયમ અને તપથી તેઓશ્રી આત્મોન્નતિના પગથિયે ઝડપભેર ચઢવા લાગ્યા; સાધુ જીવનમાં તેઓશ્રીએ સુખશીલતા અને રસલંપટતાને લાત મારી બીજી બે નવાણું યાત્રા, ૩૧ ઉપવાસ, ૧૬ ઉપવાસ, ૧૦ ઉપવાસ, અઠ્ઠાઈઓ, શ્રેણિતપ, ચત્તારિ-અટ્ઠ-દસ-દોય તપ, વીસસ્થાનક તપ વગેરે આકરી તપશ્ચર્યાઓથી તેઓશ્રીએ આત્માને દમવા માંડ્યો. જ્ઞાનસાધનામાં પ્રકરણો, સંસ્કૃતભાષા, યોગશાસ્ત્ર વગેરે કંઠસ્થ કર્યા.

આ ભવ્ય પ્રસંગ માટે રીલીફ રોડ પર ખારાકૂવાની પોળે આગળના પ્લોટ પર એક સુંદર અને વિશાળ મંડપ બાંધ્યો હતો. તેમાં શ્રી શંખેશ્વર પ્રભુજીના દર્શનાર્થે ઠાકોર કર માગે છે અને કવિ શ્રી ઉદયરત્ન મહારાજ **'પાસ શંખેસરા....'** છંદ બોલી ઠાર ઉઘડાવે છે એની રચના તથા મહાવીર પ્રભુજીના ઉપસર્ગની રચના તથા કેવવજ્ઞાન થવાની રચના હતી તેમજ શ્રી અભયદેવસૂરિજી મહારાજને આયંબિલતપના પ્રભાવે શ્રી સ્થંભનપાર્શ્વપ્રભુના બિંબ પ્રગટ થવાનું ચિત્ર, બીજું આર્યબિલતપથી દ્વારિકાનો દાહ અટક્યા રહેવાનું ચિત્ર, બીજું ૫૦૦ આયંબિલના બીજમાંથી શ્રીચંદ્રકેવળી થવાનું એમ સુંદર ત્રણ કળાત્મક ચિત્રો હતા. શ્રીચંદ કેવળી વગેરેના જીવન પ્રસંગોના ચિત્રો હતા. તપસ્વી મુનિશ્રીના પારણાના દિવસે ભવ્ય રથયાત્રાનો વરઘોડો નીકળ્યો હતો. સ્થાનિક વિશાળ મુનિ સંખ્યા દીપતી હતી. રોજ નવી નવી પૂજાઓ ઉપરાંત ચૈત્ર સુદ-૭ શાન્તિસ્નાત્ર થયું. શહેરના ખૂબ લોકોએ લાભ લીધો. દરરોજ સવારે ૯ થી ૧૦ વાગે વ્યાખ્યાન વાચસ્પતિ પૂ.આ.શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ રોચક પ્રવચન આપતા હતા. શ્રવણાર્થે જનતા એવી ઉભરાતી કે વિશાળ મંડપ પણ નાનો પડતો હતો. રાત્રે આરાધક મંડળની ભાવના દરમિયાન હજારો લોકો દર્શનાદિ કરવા માટે આવતા, તપસ્વી મુનિવરનું પારણું કરાવવા માટે સંસારીપણે પ્રસિદ્ધ લલવાણી ફું. ના માલિક હાલમાં પૂ. મુનિશ્રી કૈલાસપ્રભાવિજયજી મહારાજશ્રીએ ૧ ક્રોડ, ૧૧ લાખના સ્વાધ્યાય કરી આપવાની ઉછામણી બોલી લાભ લીધો હતો. ઉત્સવની ખુશાલીમાં શ્રી જ્ઞાનમંદિરમાં સાધારણનો નકરો ભરનાર ભાઈઓનું સાધાર્મિવાત્સલ્ય થયું હતું.

ખૂબ દબદબાપૂર્વક મુનિસંમેલનનો થયેલો પ્રારંભ : આચાર્યોનાં દર્શન માટે રતનપોળ વિસ્તારમાં સવારના સાડા નવ વાગ્યાના સુમારથી મોટી સંખ્યામાં ઉમટેલી માનવમેદની ! આચાર્ય મહારાજોના પ્રવેશની સાથે જ 'શ્રી જિનશાસન દેવકી જય'ના ગગનભેદી સૂત્રોથી ગાજી ઊઠેલા રતનપોળ, શેઠની પોળનો વિસ્તાર ! દશ હજાર ઉપરાંત ઉમટેલી જૈન જનતા ! શેઠ શ્રી કેશવલાલ લલ્લુભાઈ તથા શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈનું પ્રેરક કર્તવ્ય.

ભારત ભરના તપાગચ્છ જૈન શ્રવણ ભગવંતોનું એક ઐતિહાસિક સંમેલન અક્ષયતૃતીયાના દિવસથી શ્રી લાલભાઈ દલપતભાઈના વંડામાં આરંભાયું હતું. આ સંમેલનનું ઉદ્‌ઘાટન-પ્રવચન સંઘના પ્રસિદ્ધ આગેવાન શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ અને ઝવેરી કેશવલાલ લલ્લુભાઈએ આજે બપોરે ૧૧-૩૫ વાગે કર્યું હતું.

સંમેલનના મંગળ પ્રારંભ માટે સંગીતમય પ્રભુભક્તિની રમઝટ સાથે શ્રી જૈનધર્મ આરાધક મંડળે સંમેલનના ભવ્ય મંડપમાં બરાબર નિયત કરેલા સ્ટા. ટા. ૧૧-૩૫ વાગે જયનાદોની વચ્ચે સ્નાત્રમહોત્સવ ભણાવ્યું હતું. વિવિધ રાગરાગણીથી સૌના દિલ ભક્તિમાં તરબોળ કરી દીધા હતા.

આ સંમેલન અંગે દેશભરમાંથી પૂજ્ય આચાર્યાદિ મુનિ મહારાજો, તેમજ સાધ્વીજી મહારાજો પધાર્યા છે.

આ સંમેલનમાં આવા દુર્લભ સમૂહ મુનિ-દર્શન અર્થે બહાર ગામોથી ગૃહસ્થો પણ પધાર્યા હતા. સ્નાત્ર પૂર્ણ થયા બાદ જાણીતા ધારાશાસ્ત્રી શ્રી વાડીલાલ મહોકમચન્દે આ પ્રસંગે આવેલ ગામડાના જૈન સંઘ તથા શ્રાવકોના શુભેચ્છાઓ પાઠવતા તાર સંદેશાઓ વાંચી સંભળાવ્યા હતા. એ પછી રાજનગરના ઉપાશ્રયોના વહીવટદાર તથા અન્ય આગેવાનોની ૭૧ની કમિટીના પ્રમુખ શેઠ શ્રી કેશવલાલ લલ્લુભાઈએ પોતાનું નિવેદન રજૂ કરતાં પધારેલા આચાર્ય ભગવંતો આદિથી થયેલ રાજનગર જૈન સંઘનું ગૌરવ તથા આનંદ વ્યક્ત કર્યો હતો. તેમજ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈએ પણ પોતાના નિવેદનમાં ઉપકાર માની આનંદ દર્શાવ્યો હતો. બંનેએ પૂજ્ય શ્રમણ સંઘન સઘળા મતભેદો નિવારી જૈન શાસન અને સંઘનું ગૌરવ વધારવા અનુરોધ કર્યો હતો. એમના વ્યક્તવ્યો નીચે મુજબ છે.

શેઠ શ્રી કેશવલાલ લલ્લુભાઈનું વક્તવ્ય : આપણા જૈન સંઘની ઉન્નતિ,

પ્રભાવ અને ગૌરવને બાધક પ્રશ્નોનો નિર્ણય લાવવાની ખાસ અગત્યતા છે. તદ્ ઉપરાંત એ પણ અતિ આવશ્યક છે કે હાલના સમાજની સ્થિતિ, વર્તમાન સંજોગો અને ભવિષ્યને ધ્યાનમાં રાખી જે અનેક બાબતો ચર્ચવા જેવી અને નિર્ણય કરવા જેવી છે, જેમાં તિથિ-ચર્ચા પણ છે. તેનો આપ સર્વે દીર્ઘદૃષ્ટિપૂર્વક ઉદારતા અને મૈત્રીભાવથી વિચાર કરી યોગ્ય નિર્ણય લાવી જૈનશાસનની ગૌરવતામાં વૃદ્ધિ કરશો એવી અમારા સકળ સંઘની શ્રદ્ધા છે.

અત્રેનો જૈનસંઘ આપ સર્વને એકત્ર કરવામાં ભાગ્યશાળી નીવડ્યો છે અને અમો સર્વેને વિશ્વાસ છે કે આપશ્રીના નિર્ણયો જૈનશાસનને અત્યંત ગૌરવવંતુ બનાવી અમોને તથા ભવિષ્યની પ્રજાને યોગ્ય માર્ગદર્શન આપવામાં સફળ થશે.

આપ સર્વેને એકત્ર કરવાના પ્રયત્નોમાં મારા તરફથી કંઈક વિવેકની ઉણપ અસર ક્ષતિ થઈ હોય તે સારું આપ સર્વેની ક્ષમાપના યાચું છું. તેઓશ્રીએ આ સંમેલનમાં સહકાર આપનાર સૌનો આભાર માન્યો હતો.

શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈનું વકતવ્ય : શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈએ આ સંમેલનનું ઉદ્ઘાટન કરતાં જણાવ્યું હતું કે, "અમદાવાદના જુદા જુદા ઉપાશ્રયોના વહિવટદારોના પ્રયાસને લઈ આજે રાજનગરના આંગણે બીજીવાર જે મુનિસંમેલન મળે છે તે સારુ અમદાવાદના શ્રી સંઘની વતી હું તેઓનો ઉપકાર માનું છું."

પૂજ્ય આચાર્ય ભગવંતો અને મુનિવરોનાં દર્શનનો અમદાવાદના જૈન સંઘને જે અમૂલ્ય લાભ મળ્યો છે તેથી અમદાવાદનો જૈન સંઘ અપૂર્વ આનંદ અનુભવે છે.

દૂર દૂરના દેશોમાંથી વિહાર કરી, પરીશ્રમો સહન કરી આપ સૌ અત્રે પધાર્યા છે તેનું કારણ સહેજે સમજાય તેમ છે. આપ સૌના હૃદયમાં જૈનસંઘની ઉન્નતિ અને જૈનશાસનનો પ્રભાવ ફેલાવવાની તમન્ના હંમેશ રહેલી છે. આ સંમેલનમાં આપ એક મતે જ નિર્ણયો કરશો તે એવા હશે કે જૈનધર્મનો પ્રભાવ સારા ભારત વર્ષમાં ફેલાવે.

મારી નમ્ર માન્યતા પ્રમાણે આજનો વખત એટલો તો કપરો આવી લાગ્યો છે કે જ્યારે ઘણા ઘણા પ્રશ્નો જૈનશાસનને હચમચાવી રહ્યા છે. એવા મહત્ત્વના પ્રશ્નોનો તાત્કાલિક સ્પષ્ટ નિર્ણય જૈનશાસનની શોભામાં વધારો કરશે એમ હું માનું છું. આવા પ્રશ્નોનો ઉકેલ મુશ્કેલ હોય અથવા પૂજ્ય આચાર્ય ભગવંતોમાં પરસ્પર મતભેદ હોય એટલા કારણથી તેવા પ્રશ્નોને ચર્ચામાં સ્થાન આપવામાં નહિ આવે અથવા તો તેનો નિર્ણયાત્મક અને જૈનશાસનને શોભે તેવો નિકાલ કરવામાં નહિ આવે તો આપ સૌએ લીધેલો પરિશ્રમ અને શાસનની સેવા કરવાની આપની

ઇચ્છા કેટલે અંશે બર આવશે એ આપ વિદ્વાન મુનિવરો જ વિચાર કરશો.

આપ સૌ તિથિચર્ચાનો નિર્ણય કરવા આ સંમેલનમાં પધાર્યા છો. મારી નમ્ર માન્યતા છે કે તિથિચર્ચા એ બીજા ઘણા અટપટા અને મુશ્કેલ પ્રશ્નોમાંનો એક જ પ્રશ્ન છે, એટલે માત્ર અમદાવાદ જ નહિ પણ સારા હિંદુસ્થાનોના શ્વેતાંબર જૈન સંઘ એ આશા સેવે છે કે આપ સૌ આ સંમેલનમાં આ બધા પ્રશ્નોનો નિકાલ નિશ્ચયાત્મક રીતે આપશો. આપણામાં જૈનસંઘના ચાર અંગ કહેલા છે. (૧) સાધુ સંસ્થા, (૨) સાધ્વી સંસ્થા, (૩) શ્રાવક અને (૪) શ્રાવિકાઓ.

આ જાતનો ચતુર્વિધ સંઘ પોતાની આમન્યામાં રહી વર્તે એ અતિ અગત્યનું છે. એ મહાદુઃખની વાત છે કે આજે આ ચારેય સંસ્થાઓમાં ભારે ચિરાડો પડી છે તે જો રોકવામાં નહિ આવે તો જૈનધર્મનું ભાવિ જોખમાશે.

જૈન શાસનને લગતા વિવિધ પ્રશ્નોની તેમજ તિથિનિર્ણય અંગે ચર્ચા કરવા આજે બપોર પછી આચાર્યો, મુનિરાજો મળી એક કમિટી નીમી છે. પ્રકાશ હાઈસ્કૂલમાં બપોરે ૧૨ થી ૪ આ અંગેની વિધિપૂર્વકની ચર્ચા હાથ ધરશે.

● (ii) **અમદાવાદ :** બુધવાર મુનિ સંમેલનની થયેલી શુભ શરૂઆતમાં તપગચ્છ શ્રમણ સંઘે આચાર્યાદિ મુનિરાજોની સમિતિ નીમી તે તેને તિથિવિષયક વિચારભેદો અને બીજા વિષયોની વિચારણા કરી સર્વાનુમતે એક નિર્ણય લાવવાનું સોંપ્યું.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૬,અંક-૪૩,તા.૧૯-૭-૧૯૫૮

અમદાવાદના આંગણે રતલામનિવાસી બંધુઓની તિથિ-સમાધાન કરાવવા માટે અનશન કરવાની જાહેરાત-શ્રી સિદ્ધચક્રાય નમઃ

શ્રમણ ભગવંતોને ચરણે

૧. પ.પૂ. ૧૦૦૮ આચાર્યદેવ શ્રીમદ્ વિજયોદયસૂરીશ્વરજી મ.સા.
૨. પ.પૂ. ૧૦૦૮ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મ.સા.
૩. પ.પૂ. ૧૦૦૮ આચાર્યદેવ શ્રીમદ્ વિજયહર્ષસૂરીશ્વરજી મ.સા.
૪. પ.પૂ. ૧૦૦૮ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મ.સા.
૫. પ.પૂ. ૧૦૦૮ આચાર્યદેવ શ્રીમદ્ માણેકસાગરસૂરીશ્વરજી મ.સા.

(પૂ. આચાર્યદેવશ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.)

વંદનાપૂર્વક વિનંતી કરવાની કે તાજેતરમાં મુનિ-સંમેલન ભવિતવ્યતાના યોગે તિથિ નિર્ણય કર્યા સિવાય ભારત જૈન સમાજના દુર્દૈવથી ઉઠી ગયું.

અત્યાર સુધી શ્રી સંઘના પ્રયત્નનું પરિણામ કાર્યરૂપમાં આવ્યું નહિ તે જૈનસમાજની ભવિતવ્યતા.

વંદનાપૂર્વક આચાર્ય ભગવંતોને વિનંતી કરીએ છીએ કે શ્રી જૈન શ્વે.મુ. તપાગચ્છ શ્રી સંઘની શાંતિને માટે તિથિ-નિર્ણયના બાબતમાં સર્વે શ્રમણ ભગવંતો એકત્રિત થઈ અને તિથિ નિર્ણયના પ્રશ્ન માટે શ્રાવણ સુદ ૧ તા. ૧૭-૭-૫૮ ગુરુવારના દિવસ યોગ્ય સ્થળે એકત્રિત થઈને જાહેર કરી સંઘમાં શાંતિ સ્થાપે.

શ્રાવણ સુદ-૧ ગુરુવારના બપોર સુધી પાંચ આચાર્ય ભગવંતોને યોગ્ય સ્થળે મળીના કાર્યમાં પ્રારંભ માટે પ્રાર્થના કરીએ છીએ, જો એ પ્રમાણે નહિ બને તો અને ઘોષણા કરીએ છીએ. પૂ. અખિલ ભારતીય જૈન સંઘની શાંતિના માટે તિથિના નિર્ણય માટે આપ શ્રમણ ભગવંત આચાર્યદેવો ગુરુવારની સાંજ સુધીમાં એકત્રિત બની જાહેર નહિ કરો તો અમો રતલામ નિવાસી સંઘ સેવકોને આ મરણાંત અનશન જાહેર કરવું પડશે.

અમે શાસનદેવને પ્રાર્થના કરીએ છીએ કે અમારી આ પ્રાર્થના આચાર્ય ભગવંતોના હૃદય કમલ પર અંકિત કરીને જૈન શાસનની ઐક્યતા, સંપ પ્રેમનો વિજયધ્વજ ફરકાવવાનું સૌભાગ્ય ગુરુદેવોને પ્રાપ્ત થાય એવી શુભ ભાવના.

લિ. શ્રમણોપાસક

(૧) શ્રી કાલુરામ સેવારામજી જૈન પારખ
(૨) શ્રી તખતમલ ચાંદમલ. તાતેડ જૈન.
(૩) શ્રી બાબુલાલ ખેમચંદ કાસવા જૈન
(૪) શ્રી રતનલાલ તેજરાજજી ગાંધી
(૫) શ્રી સેતાનમલ તખતમલજી જૈન નહાર.

કોપી રવાના

(૧) નગરશેઠ વિમલભાઈ મયાભાઈ
(૨) શેઠ કસ્તુરભાઈ લાલભાઈ
(૩) શેઠ આણંદજી કલ્યાણજી
(૪) શેઠ કેશવલાલ લલ્લુભાઈ

તા. ૧૪-૭-૫૮, ઠે. રતનપોળ, મરચીપોળ, જૈન ધર્મશાળા.

આગેવાનોની સમજાવટથી જૈન યુવાનોએ છોડેલા ઉપવાસ. સમાજમાં ફેલાયેલી રાહત.

● **અમદાવાદ :** રવિવાર, તા.૨૭-૭-૫૮ જૈનોની તિથિચર્ચાના વિકટ પ્રશ્ન પર છેલ્લા દસ દિવસથી ઉપવાસ પર ઉતરેલા રતલામના બે યુવાનોએ આજે સવારે સાડા અગીયાર વાગે પારણાં કરતાં જૈન સમાજમાં ભારે રાહતની ને એક જાતના આનંદની લાગણી ફેલાઈ છે. સાધુ-સંમેલન પછી થયેલી કાર્યવાહી અને ઉપવાસ પર ઉતર્યા પછીની વ્યાપક પરિસ્થિતિની જાણ આજે નવ ગૃહસ્થોની સમિતિએ શેઠશ્રી કસ્તુરભાઈને બહારગામથી આવતાં કરી. આ. શ્રી રામચંદ્રસૂરીજીએ કસ્તુરભાઈ શેઠની લવાદી સ્વીકારવાની જાહેરાત કરતાં આજે પરિસ્થિતિ સ્પષ્ટ થઈ હતી, અને એ પછી સવારથી ઝડપી મંત્રણાઓ થવા માંડી હતી.

આ પછી શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ, નગરશેઠ શ્રી વિમળભાઈ મયાભાઈ, શેઠશ્રી કેશવલાલ લલ્લુભાઈ વગેરે સાડા અગીયાર વાગે ઉપવાસી ભાઈઓને મળ્યા હતા. અને આ પ્રશ્નનો યોગ્ય સમયે ઉકેલ લાવવાની ખાત્રી આપી હતી. આ ગૃહસ્થોએ એમ પણ જણાવ્યું હતું કે તિથિચર્ચાનો પ્રશ્ન વિકટ છે અને એનો ઉકેલ એકદમ લાવી શકાય નહિ એ માટેના પ્રયાસો ચાલુ છે. આથી તમારે શાંતિપૂર્વક ઉપવાસ છોડી દેવા જોઈએ. ઉપવાસી ભાઈઓએ આ સલાહને માન્ય રાખીને પારણાં કર્યાં હતાં. આથી જૈન સમાજમાં રાહતની લાગણી ફેલાઈ હતી. ઉપવાસી જૈન યુવાનોને અભિનંદન આપવા મરચીપોળમાં જૈન યુવક સંસ્થા તરફથી શ્રી કેશવલાલ લલ્લુભાઈ ઝવેરીના પ્રમુખસ્થાને ૮:૩૦ કલાકે એક જાહેર સભા મળી હતી.

રતલામ સંઘના અગ્રેસર શ્રી ચૌધરીજીએ જણાવ્યું હતું કે, 'અમારા એ નવ યુવાનોની તપશ્ચર્યાની રાજનગરનો યુવક વર્ગ જાગ્રત થયો છે. એની હું આનંદથી નોંધ લઉં છું.'

દશ દિવસના ઉપવાસી યુવાન શ્રી કાલુરામે જણાવ્યું હતું કે- 'જૈન શાસન કોઈનું બલિદાન માગતું નથી. અમારું આ પગલું કાંઈ વ્યક્તિગત સાધુ કે સંસ્થાની સામે ન હતું. અમારા પગલાં દ્વારા જૈન સમાજમાં ઐક્યતાનું ઝરણું વહાવી યુવક શક્તિને સંગઠીત કરી રાષ્ટ્રના નવનિર્માણમાં જૈન અવાજને બુલંદ બનાવી શાસન ઝંડો વધુ લહરાવવાની આકાંક્ષા હતી.'

ત્યારબાદ પ્રમુખ સ્થાનેથી શ્રી કેશવલાલ લલ્લુભાઈએ જણાવેલ કે- 'ઉપવાસી

સાધર્મિક બંધુઓએ શ્રીયુત શેઠશ્રી કસ્તુરભાઈની આગ્રહભરી વિનંતીને માન આપી જે પારણાં કર્યા છે તેમાં હું ઊડે ઊડે માનું છું કે તેમને શ્રી કસ્તુરભાઈના માનને જે વધાવ્યું છે તે સકળ સંઘના નિમંત્રણને વધાવ્યું છે. મને જરૂર શ્રદ્ધા છે કે રતલામવાસી ભાઈઓની ભાવનાને વેગ મળશે અને જૈન સમાજમાં એ દિવસો દૂર નહિ હોય કે તિથિચર્ચાના પ્રશ્નનો અંત નજદિકના ભાવિમાં જણાય.'

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૭,અંક-૮,તા.૧-૧૧-૧૯૫૮

ખંભાતના આંગણે અભૂતપૂર્વ આરાધનાનો જલસો. ૧૫૦ ઉપર આરાધકોના લાખ નવકારનો વિધિસર જપયોગ.

ખંભાત જૈનશાળા જેઠ વદ ૧૦ થી જપ યોગીઓનું એક અદ્‌ભુત ધામ-શું બની ગયું. પ્રત્યેક આરાધકને રોજની ૫૦ બાંધી (પક્કી) નવકારવાળી યાને ૫૦૦૦ અખંડ નમસ્કાર મહામંત્રનો જાપ ભવ્ય જિનેન્દ્રભક્તિ આદિ વિધિપૂર્વક કરવાનો હતો. આ અનુષ્ઠાન સતત ૨૦ દિવસ સુધી એટલે કે આસો સુદ ૧૫ સુધી ચાલ્યું.

ગચ્છાધિપતિ સિદ્ધાન્તમહોદધિ પૂ.આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી એઓશ્રીના શિષ્યરત્ન પૂ. ગણિવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજના શિષ્યરત્નો પૂ. મુનિરાજો શ્રી યશોભદ્રવિજયજી મ., શ્રી ધર્મગુપ્તવિજયજી મ., શ્રી ભદ્રગુપ્તવિજયજી મ. વગેરે ખંભાત તપગચ્છ અમર જૈનશાળાએ ચોમાસું પધાર્યા. પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્ત વિજયજી મહારાજની વ્યાખ્યાન વાણીએ જનતાનું અનેરું આકર્ષણ અને ધર્મભાવનાની વૃદ્ધિ કરી. સામુદાયિક શ્રી નવકાર તપ, ૧।।। કરોડ 'અરિહંત' જાપ, વગેરે અપૂર્વ ઉજવાયા.

સ્વ. શેઠ કસ્તુરભાઈ અમરચંદવાળા શેઠશ્રી શાંતિલાલ મણિલાલ શ્રોફે એમાં સુંદર ધનવ્યય કર્યો, એમને એટલેથી સંતોષ થયો નહિ. તેથી ૨૦ દિન સુધી દરેક આરાધક વિધિસર લાખ નવકાર ગણે એવી સામુદાયિક આરાધના શેઠશ્રી શાંતિભાઈએ પોતાના બહોળા ખર્ચે કરાવવા કમર કસી ! એ માટે દિવસો પૂર્વેથી નવકારના કમળના મોટા રંગીન બોર્ડો, કમળના દ્વિ-કલરના ચિત્ર, ભવ્ય મંડપ, ખીરના એકાસણાના ઉત્તમ દ્રવ્યો વગેરે તૈયાર કરાવવાનું ચાલ્યું. બીજી બાજુ જ્યાં આરાધના કરાવવાની ટહેલ પડી કે ટપોટપ નામો નોંધાવવા પડાપડી થઈ. જગ્યા વગેરેની સગવડના પ્રમાણમાં નોંધ સંખ્યા વધી ત્યારે બુકીંગ બંધ કરવું પડ્યું ! વિશેષતા તો એ થઈ કે આરાધકોમાં મોટા ભાગે પાછલી ઉંમરના નિવૃત્તિ ભોગવનાર સ્ત્રી-

પુરુષો નહિ પણ પ્રવૃત્તિવાળું જીવન જીવનારા યુવક યુવતીઓ જોડાયા.

આરાધનામાં એકેક નવકાર ગણી પ્રભુને ચઢાવવાના રોજના ૫૦૦૦ સફેદ ફૂલ રોજના રોજ વડોદરા વગેરેથી મોટર દ્વારા મંગાવવાની શાંતિભાઈએ ગોઠવણી કરી. આરાધકો ચાતકોની જેમ મેઘસમા આરાધના-દિવસની રાહ જોઈ રહ્યા હતા. જેઠ વદ ૯ના દિને શેઠશ્રી શાંતિભાઈ તરફથી આરાધનામાં જોડાનાર ભાગ્યશાળીઓને અંતરપારણા કરાવાયા. બીજા દિવસથી વહેલી સવારથી દબદબા સાથે આરાધનાની ભવ્ય શરૂઆત થઈ. એમાં તો જિનેન્દ્રદેવ તથા આરાધકો પ્રત્યે શાંતિલાલ શેઠની ખૂબ જ ઉદારતા અને પ્રેમપૂર્વકની ભક્તિ જોતાં ભવ્ય જીવોનાં હૈયાં ઉછળતા ! એમના ઘરમાંથી પણ ૩ જણ આરાધનામાં જોડાયા. મુનિમંડળમાંથી પૂ. મુનિરાજો શ્રી યશોભદ્રવિજય મ. શ્રી તત્ત્વાનંદ વિજય મ., શ્રી મણિભદ્રવિજયજી મ., તથા શ્રી ચિરંજયવિજયજી મ. અને ૨૫ પૂ. સાધ્વીજી મહારાજોએ પણ લાખ નવકાર ગણ્યા.

કુલ આરાધકોની સંખ્યા ૧૫૪ હતી. તેમાં લગભગ ૫૭ પુરુષો અને બાકી સ્ત્રીઓ હતી. તેમાં યુવકવર્ગ મોટી સંખ્યામાં હતો, જેમાં કોલેજીયનો પણ હતા. જે સારા જિજ્ઞાસુ અને ઉત્સાહી જણાયા. મોટા પુરુષો પણ સુંદર આરાધક બુદ્ધિવાળા હતા. સ્ત્રીઓ પણ મોટા ભાગે ૪૦ વર્ષથી નીચેની હતી. તેથી અનુષ્ઠાન ખૂબ જ અપ્રમત્ત રીતે ચાલી રહ્યું.

આરાધના શરૂ થઈ તેના આગળના દિવસે આરાધકોને ખાસ ખાસ સૂચનોનું વ્યાખ્યાન આપવામાં આવ્યું. તેમાં દરેકને ત્રણ તો પ્રતિજ્ઞા જ આપવામાં આવેલી. (૧) બ્રહ્મચર્ય, (૨) સંથારે શયન, (૩) જાપ સ્થળે સંપૂર્ણ મૌન.

વ્યાખ્યાનની પાટની પાછળનો જે લાંબો ભાગ છે ત્યાં પુરુષોનું જાપસ્થળ બનાવવામાં આવ્યું. તેને સુશોભિત પડદાઓથી ફીટ કરી મંડપ જેવું કરવામાં આવ્યું. અંદરમાં પથ્થરનું મનોહર સિંહાસન બનાવી પ્રતિમાજી (૧૩ ઈંચના) પધરાવવામાં આવ્યા હતા. આ જાપસ્થળમાં કેવળ આરાધક પુરુષો જ જઈ શકતા. સ્ત્રીઓનું જાપસ્થળ અલગ (ચોકસીપોળ) રાખવામાં આવ્યું હતું.

આરાધકોનો નિત્યક્રમ નીચે મુબજ હતો. મોડામાં મોડા આરાધકો ચાર વાગે ઊઠી જાય. એક કલાક જાપ કર્યા પછી સામાયિકના વસ્ત્ર પહેરીને પ્રતિક્રમણ-દેવવંદન. ત્યાર પછી પુનઃ સાડાસાત સુધી જાપ.

નાહી-ધોઈને ૮ વાગે પાછા જૈનશાળામાં હાજર થઈ ૮। થી ૯।। સુધી ભવ્ય સામુદાયિક સ્નાત્ર મહોત્સવ ઉજવે. વિવિધ વાજિંત્રોનો સાજ અને ગવૈયાઓ હોવાથી નંદીશ્વર દ્વીપમાની દેવોની રમઝટ ભરી પ્રભુભક્તિની યાદ આપે તેવી ભક્તિની

સંગીતકારો સ્નાત્રમાં રમઝટ મચાવી દેતા. લોકો કહેતા કે ખંભાતમાં આવું સ્નાત્ર અમે આ વખતે જ ભણાવાતું જોઈએ છીએ ! સંગીતકારોમાં શ્રી કેશરીચંદ (રમણભાઈ દલસુખભાઈના ભાણેજ) તેમજ શ્રી રસિકભાઈ દંતારા બે ખૂબ જ જમાવટ કરતા. સાથે બબલ માસ્ટર હતા કે જેમને ખાસ ૨૦ દિવસ માટે રોકવામાં આવેલ. આ ત્રણેથી આનંદ અને ઉલ્લાસના પૂર ઉભરાતા, સાથે ફલ્યૂટ વગાડનાર પણ કાબેલ મળેલ.

ત્યાર પછી ૯।। થી ૧૦।। પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મ. નું **'हरइ दुहं कुणइ सुहं जणइ जसं'**... શ્રી મલધારી હેમચન્દ્રસૂરીશ્વરજી મ.ના શ્લોક પર જોરદાર વ્યાખ્યાન ચાલતું. તેમાં અવાતર શ્રી નમસ્કાર નિર્યુક્તિ વગેરેના પદાર્થો અપાતા. સાથે સુરસુંદરીનો રાસ તેમજ એક **ચંદશાનું** કથાનક (નમસ્કાર મંત્ર પર) ખૂબ પ્રેરણા રેડી જતું.

૧૦।।। થી ૧૧ લગભગ સુધી પૂજ્યશ્રી ભદ્રગુપ્તવિજયજી વિરચિત ગીતોની પુસ્તિકામાંથી રોજ એક ગીત સંગીતકારો આરાધકોને ઝીલાવતા. ૧૧ થી ૧૧।।। સામુદાયિક જાપ ચાલતો. એમાં દિલરૂબા, વાયોલીન ફલ્યૂટ અને તંબુરો, આ ચારના સૂરો (સાવ ધીમા ધીમા) આપવામાં આવતા. તેથી જાપમાં જરાય કંટાળો ન આવતાં ઊલટી પ્રસન્નતા ખૂબ જ વધે છે. માનસિક થાક લાગતો જ નથી; અને જાપમાં રસ આવે છે. આવા જાપના પકવાન્ન-ભોજન ઉપર તંબોલસમું ૧૧।।। થી ૧૨ ગીત ગવડાવવામાં આવતું. બાર વાગે બાર નવકાર ગણીને સૌ છૂટા થતા.

૧૨।। થી ૧ કસ્તૂરી અંબર વગેરે ઉત્તમ દ્રવ્યો નાખી બનાવેલ ખીરનું એકાસણું અને આયંબિલ. આયંબિલમાં તો ૧૦-૧૫ આરાધકો હતા. બાકી બધા ખીરમાં આ બધુ સામુદાયિક થતું. એક વાગ્યા પછી પાંચ દસ મિનિટના આરામ પછી આરાધકો પાછા જાપ કરવા બેસી જતા.

સ્ત્રીઓ પોતાના જાપ-સ્થળે જતી ત્યાં પણ ખૂબ જ આશ્ચર્ય પમાડે તેવું મૌન રહેતું. સ્ત્રીઓમાં આવું મૌન તેય સાધુની ગેરહાજરીમાં સામુદાયિક રીતે રહેલું તો અહીં જ જોયું.

ત્યાર પછી સાંજે પ્રતિક્રમણ ૨૪ લોગસ્સનો કાઉસ્સગ વગેરે સાંજે ૫।। પછી યુવક વર્ગનો મોટો ભાગ પૂ. મહારાજશ્રી પાસે આવીને બેસે, શંકા-સમાધાન ચાલે, કોલેજીયનો તો કહે છે- "અહીંથી અમને ઉઠવું જ ગમતુ નથી. કચવાઈને ઉઠવું પડે છે..."

આ જાપના મુખ્ય પ્રભાવો તો એ અનુભવમાં આવ્યા કે **માનસિક પવિત્રતા**

આરાધકોની ખૂબ વધી. **આરોગ્યની દૃષ્ટિએ** તો ઘણા આરાધકોની પેટની, દાંતની વગેરે ફરિયાદો ટળી ગઈ.

એક ભાઈ તો એટલા બધા ગુસ્સો કરનારા હતા, કે આખું ઘર તેમનાથી જે ! તે અહીં આ આરાધનામાં જોડાયા પછી ગુસ્સાને ગામ બહાર મૂકી આવ્યા ! કેટલાકને જ્ઞાનની શક્તિ વધી !

એક સાધ્વીજી એક જ દ્રવ્યથી આયંબિલ કરીને આરાધના કરતાં. સાથે ન્યાયનો અભ્યાસ પણ પંડીતજી પાસે કરતાં.

પરમોપકારી ગુરુદેવ આ.શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના અનંત આશીર્વાદ કે જ્યાં પૂ. મુનિવર્ય શ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજને પહેલી જ વારના આવા સતત વ્યાખ્યાન કરવાના પ્રસંગ છતાં આ બધું બની રહ્યું. શેઠ શાંતિભાઈને તો આ બધું જોઈ જોઈને એટલો બધો આનંદ ઉભરાતો કે એ પૂરતા શબ્દોમાં વ્યક્ત પણ કરી શકતા નહિ. તેઓ તો કહેતા, કે સાહેબ ! હજુ કંઈક આવું સરસ બીજું અનુષ્ઠાન કરાવો. એમના તરફથી દરેક આરાધકને ચાંદીની ૬॥ તોલાની ડબી, નવકારવાળી તથા ૫-૫ રૂા.ની પ્રભાવના થઈ. અષ્ટાપદજીની પૂજા ભણાવાઈ.

કારતક વદ ૨ શકરપુરા જવાનું થયું, ને ત્યાં સુશ્રાવક ચીમનલાલ હકમચંદ સાડીવાળા તરફથી, આરાધકોને જમણ, પ્રભુ પૂજા તથા વ્યાખ્યાન વગેરે થયા, એમના તરફથી **'અરિહંતની ઓળખાણ'** પુસ્તકની પ્રભાવના થઈ. બીજાઓ તરફતી પણ રૂપિયા રૂપિયાની અને શ્રીફળની પ્રભાવનાઓ થઈ. અમદાવાદથી શેઠશ્રી રમણલાલ વજેચંદ દર્શનાર્થે આવ્યા તે પણ ૧-૧ રૂા. અને શ્રીફળની પ્રભાવના કરી ગયા. આસો વદ ૩ આરાધકો તરફથી રાળજ ગામે સાધર્મિકવાત્સલ્ય, પૂજા વગેરે થયા.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૭,અંક-૧૨,તા.૬-૧૨-૧૯૫૮

જૈનસંઘમાં સંસ્કારયોગ્યરત્નો ખંભાતમાં ૪૦૦ આબાલવૃદ્ધના અઠ્ઠમ

અત્રે જૈનશાળાએ પૂ.આ.શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ.ના પ્રશિષ્ય પૂ મુનિરાજશ્રી યશોભદ્રવિજયજી મ.ની નિશ્રામાં પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મ.ની જોશીલી વ્યાખ્યાન વાણીથી પ્રેરાઈ ૪૦૦ ઉપરાંત ભાઈબેનોએ કા.સુ.૧૦-૧૧-૧૨ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની અઠ્ઠમ સાથે આરાધના કરી. તેમાં ૭ વરસની એક બાલિકા હતી, તેમજ ૯ વરસનો એક કિશોર હતો. તે સિવાય ૧૫ વર્ષથી નીચેની ઉંમરના લગભગ ૨૫ યુવાનો હતા. તે સિવાય ૧૫ વર્ષથી નીચેની ઉંમરની લગભગ ૪૦ બાલિકાઓ હતી.

સ્ત્રી-પુરુષોમાં એકંદરે યુવાન વર્ગ વધુ પ્રમાણમાં હતો. અઠ્ઠમના આગલે દિવસે શેઠ શ્રી કસ્તુરભાઈ છગનલાલ તરફથી તપસ્વીઓની ભાવભીની ભક્તિ કરવામાં આવેલ. અઠ્ઠમના ત્રણે દિવસમાં બે વાર વ્યાખ્યાન રાખેલા, જેમાં પૂ.મુ.શ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજે શ્રી પાર્શ્વનાથ ભગવાનના ૧૦ ભવોનું રોચક વર્ણન કરવાથી શ્રોતાના હૈયાં સંવેગ વૈરાગ્યથી ગદ્‌ગદ બની ગયાં હતાં. બંને વખત જાપ તેમજ સંગીતનો પ્રોગ્રામ રાખેલ. જેમાં જૈનશાળા આખીય શણગારવામાં આવેલી. મધ્યમાં સમવસરણ પર શ્રી પાર્શ્વનાથ ભગવાનના ભવ્ય બિંબ મનોહર અંગરચના સાથે શોભતા. તેમજ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનનું મોટું ચિત્ર પણ રાખવામાં આવેલ. તેની આગળ સંગીતના મધુર સૂર વચ્ચે જાપ કરવામાં આવતો હતો. આ આરાધનામાં સાધુ-સાધ્વીજી મહારાજની પણ ૨૭ જણની સંખ્યા હતી. લોકોનો ઉત્સાહ અપૂર્વ હતો. પૂ.મુ.શ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજે રચેલા પાર્શ્વનાથ ભગવાનના ભાવવાહી ગીતો શ્રી બબલ માસ્તર તથા રસિકભાઈ દંતારા ઝીલાવતા હતા. તે જનતા ઉત્સાહપૂર્વક ઝીલતી હતી. અઠ્ઠમના પારણાં દાનવીર શેઠશ્રી શાન્તિભાઈ મણીલાલ શ્રોફ તરફથી થયેલ. તે વખતે દરેક તપસ્વીઓને તેમના તરફથી રૂા. ૨) તથા એક શ્રીફળની પ્રભાવના કરવામાં આવી. આ આરાધના નિમિત્તે તેમના તરફથી પૂજા પણ રાખવામાં આવેલ. જેમાં પૂજા ભણાવવા માટે મુંબઈથી શાન્તિલાલ શાહને તેમના સ્ટાફ સાથે બોલાવવામાં આવેલ. પૂજામાં અત્રે ખંભાતમાં બિરાજમાન આચાર્ય શ્રીમદ્ ઋદ્ધિસાગરસૂરિજી તથા મુનિશ્રી કાન્તિવિજયજી આદિ પધાર્યા હતા. જૈનશાળા જેવી વિશાળ જગ્યા પણ સાંકડી પડી હતી. રાત્રે ભાવનામાં માનવ મહેરામણ ઉમટ્યો હતો. નાના બાળકોએ જે આવી ઉત્તમ આરાધના કરી તેથી તેમને ઉત્સાહ વધતો રહે એટલા સારુ બાળકોને જિનપૂજા કરવાનો કપડાંનો સેટ આપવામાં આવનાર છે. ખુદ શેઠશ્રી શાંતિલાલના નાના બે બાલ કિશોર ભરતકુમાર (વરસ ૧૦) અને વિજયકુમાર (વરસ ૧૨) તેમજ તેમની બંને સુપુત્રી કુમારી બેન શોહાગ તેમજ બેન મૂદુલા, તથા શાન્તિભાઈના વયોવૃદ્ધ ઉંમરે પહોંચેલા માતુશ્રી, તેમજ તેમના ધર્મપત્નીએ પણ આ અઠ્ઠમના તપની આરાધના કરી હતી. આટલી વિશાળ સંખ્યા હોવા છતાં કોઈ એકને પણ કાંઈ પીડા થઈ નહોતી. જૈન સંઘમાં આવા તપ કરનાર તથા બીજી ધર્મસાધના કરી શકનાર કેવાં રત્ન પડેલાં છે એનો આથી ખ્યાલ આવે છે. એ સંસ્કાર યોગ્ય છે. માત્ર કેળવવાની જરૂર છે. પૂ. મુનિશ્રીની દેશના અને શેઠશ્રીની ઉદારતારૂપી બે પૈડાંએ જનતામાં વિવિધ ઝાકઝમાળ સાધનાઓના રથ દોડતા કરી દીધા.

અત્રે શેઠ બુલાખીદાસ નાનચંદ ઉપાશ્રય સ્થિત પૂજ્યપાદાચાર્ય શ્રીમદ્વિજય

ભક્તિસૂરીશ્વરજી મ.ના શિષ્ય પૂ.પં.શ્રીમદ્ પ્રતાપવિજયજી ગણિ, તથા પૂ.મુ.શ્રી કાન્તિવિજયજી મ.શ્રી ના ચોમાસાથી સંઘમાં સારાં કાર્યો થયાં. સાધારણખાતું આ સાલ ઠીક ઠીક પગભર થયું. આ બધાં કાર્યોમાં શેઠ કેશવલાલ બુલાખીદાસે પોતે ૨।। મહિના અત્રે રહી સારો ભોગ આપ્યો.

ભાદરવા વદી ૧૦ મે શેઠ કેશવલાલનાં ધર્મપત્ની લલિતાબહેને બીજા ભાઈ-બહેનોને દોરવણી આપવા પૂર્વક ૨૫ જણ સાથે વર્ધમાન તપનો પાયો નાખ્યો અને એમણે સારી સેવા કરવા ઉપરાંત રૂા. ૧૧-૧૧ની પ્રભાવના કરી. જૈનશાળાવાળા શેઠશ્રી શાન્તિલાલ મણીલાલ તરફથી રૂા. ૫-૫ ની તથા બીજા ભાવુકો તરફથી એમ કુલ બત્રીશ બત્રીશ રૂા.ની પ્રભાવના થઈ હતી.

શેઠ કેશુભાઈ તરફથી તે તથા બીજા વર્ધમાન તપવાળા અને નવપદજીની ઓળીવાળાને સબહુમાન પારણાં તથા શ્રીફળોની પ્રભાવના કરાવી.

આસો વદ બીજે તપસ્વીઓને શેઠ કસ્તુરભાઈ તરફથી માતર તીર્થની યાત્રા કરાવાઈ. ત્યાં બહારગામના યાત્રુઓને તેમજ સ્ટાફને શિખંડ પુરીનું જમણ અપાયું. ગીતગાન મેળાવડો વગેરે સારું ઉજવાયું.

વદ ૩ નવપદજીની ઓળીવાળા ભાઈ-બહેનો તરફથી પદયાત્રાએ શકરપુર સ્નાત્રપૂજા જમણનો કાર્યક્રમ રખાયો શ્રી હિંમતભાઈની સારી એવી જહેમત હતી.

વદ ૬ રવિવારે શેઠ કેશવલાલ બુલાખીદાસના પ્રમુખસ્થાને શ્રી સ્તંભતીર્થ તપગચ્છ જૈન સેવા સમાજના ભાઈઓનો વાર્ષિક દિન ઉજવવામાં આવ્યો.

અનેક રીતે સંઘમાં અપૂર્વ ધર્મજાગૃતિ આવી. આસો વદ ૦)) પૂ.આ.દેવ શ્રીમદ્વિજય નેમિસૂરીશ્વરજી મ.શ્રીની સ્વર્ગારોહણ તિથિ પૂ. શ્રી કાન્તિવિજયજી મ.શ્રીની નિશ્રામાં આયંબીલ ભુવનમાં ઉજવવામાં આવી.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૭,અંક-૧૪,તા.૨૦-૧૨-૧૯૫૮

● **અમદાવાદ** : અત્રે 'કથાભારતી'ના પ્રકાશક **શ્રી કાન્તિલાલ ચીમનલાલ શાહનો દીક્ષા-મહોત્સવ** માગશર સુદ ૩ ના રોજ રીલીફરોડ પર આવેલ પ્રકાશ હાઈસ્કુલમાં બપોરે અગીયાર વાગે પૂ.આ.શ્રી વિજયોદયસૂરીશ્વરજી મ.સા. તથા પૂ.આ.શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ.સા. આદિ મુનિપુંગવોના પવિત્ર સાંનિધ્યમાં ખૂબ ધામધૂમ રીતે ઉજવાયો. દીક્ષા-વર્ષીદાનનો વરઘોડો ચઢવા પૂર્વે સાડા આઠ વાગે મોટો જનસમૂહ દીક્ષાર્થીના નિવાસસ્થાન પાંજરાપોળ કોટનચાલે ગયો હતો.

શહેરની પ્રતિષ્ઠિત વ્યક્તિઓ પણ દીક્ષાર્થીભાઈના દર્શનાર્થે ઉપસ્થિત થઈ હતી. ૯॥ વાગે વરઘોડો નીકળ્યો. એમાં આગળ ઈન્દ્રધજા, નિશાનડંકો, સાબેલા, મોટું સાજન, પાછળ સુંદર શણગારેલી બગીમાં દીક્ષાર્થી શ્રી કાન્તિભાઈ ઊભા રહીને બંને હાથથી છૂટથી વર્ષીદાન વર્ષાવી રહ્યા હતા.

વરઘોડો રીલીફરોડ, કાળુપુર ચકલા થઈ રીચીરોડ, ફુવારા, માણેકચોક, ચાંલ્લાઓળ, રતનપોળે થઈને દીક્ષા-સ્થળે પ્રકાશ હાઈસ્કુલે ઉતર્યો હતો, તે પહેલાં તો વિશાળ હોલ સ્ત્રી-પુરુષોથી અને સાધુ-સાધ્વીઓથી ચિક્કાર ભરાઈ ગયો હતો. ૧૧ વાગે દીક્ષાની ક્રિયા પૂ.આ.શ્રી વિજયઉદયસૂરીશ્વરજી મ. અને પૂ.આ.શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજે કરાવી. દીક્ષાર્થી ભાઈને જ્યારે ઓઘો આપવામાં આવ્યો ત્યારે એમને હર્ષના પૂર ઉભરાયા હતા અને સભામાં કેઈકની ચક્ષુઓ અશ્રુઓથી ભીંજાઈ હતી; વેશ પહેરીને આવતાં પ્રેક્ષકોમાં અપરંપાર ત્યાગધર્મની અનુમોદના ઉલસી હતી. શુભ મુહૂર્તે લોચ વગેરે થયા પછી નૂતન દીક્ષિતને પૂ.આ.શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ.ના શિષ્ય પૂ.શ્રી ભાનુવિજયજી ગણિવરના શિષ્ય **પૂ. ભદ્રગુપ્તવિજયજી મ.ના શિષ્ય મુનિશ્રી કીર્તિરત્નવિજયજી તરીકે જાહેર કરાવાયા. ત્યારબાદ પૂ. આચાર્ય શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ. સાહેબે 'સંયમધર્મ' ઉપર અદ્‌ભુત પ્રવચન કર્યું હતું.** દરેક પ્રભાવના લઈને વિદાય થયા હતા.

અત્રે માંડવીની પોળ, લાલાભાઈની પોળમાં ચાલતી શ્રી વિમલનાથ જૈન પાઠશાળા તરફથી દીક્ષાર્થી શ્રી કાન્તિલાલ ચીમનલાલ શાહને તા. ૧૧-૧૨-૧૯૫૮ ના રોજ ગુરુવાર રાત્રે આઠ વાગે અભિનંદનપત્રનો મેળાવડો પોળની પ્રતિષ્ઠિત વ્યક્તિઓની હાજરીમાં ભવ્ય રીતે ઉજવાયો. શ્રી કાન્તિભાઈ બે વર્ષથી પાઠશાળાનું સંચાલન કરતા હતા. દીક્ષાર્થી શ્રી કાન્તિભાઈનું સન્માન કરતાં પાઠશાળાના વિદ્યાર્થી શ્રી નવિનભાઈએ સુંદર વ્યક્ત કર્યું હતું. "અમારામાં જે કંઈ સંસ્કારનું સિંચન થયું છે તેનો યશ અમારા પૂ. ગુરુદેવ શ્રી કાન્તિભાઈને આભારી છે, અને તેઓશ્રીનો જો અમને સંપર્ક ન થયો હોત તો અમારામાં કંઈ જાતના સંસ્કારો હોત તે કહેવું મુશ્કેલ છે." ત્યારબાદ બીજા વિદ્યાર્થી શ્રી રોહિતકુમારે જણાવ્યું કે- "પૂ. ગુરુદેવનો અમારા પર મહાન ઉપકાર છે. કારણ કે કોલસાની ખાણમાંથી હીરા પકવનાર તેઓશ્રી છે. આજે જે કંઈ છીએ તેનો યશ તેઓશ્રીને આભારી છે. ભાવિમાં દૂર દૂરથી અમોને સંસ્કારનું સિંચન, અમારામાં રહેલી ભૂલોનું માર્ગદર્શન, તથા તેઓશ્રીનો સંયમ-માર્ગ નિર્વિઘ્નપણે જ રૂપે પસાર થાય" એવી શાસન દેવને પ્રાર્થના કરીને પોતાનું વકતવ્ય પૂર્ણ કર્યું હતું. ત્યારબાદ શ્રી કીર્તિકુમાર અને હવે પછીના પાઠશાળાનું સંચાલન કરનાર શ્રી કુમારભાઈએ બે વર્ષના ગાળામાં પૂ. ગુરુદેવ શ્રી કાન્તિભાઈએ

પાઠશાળાની કરેલી સેવા, અમારામાં રેડેલા સંસ્કાર, પાઠશાળાનો ઈતિહાસ, વગેરેનું સુંદર બયાન આપ્યા બાદ દીક્ષાર્થી શ્રી કાન્તિભાઈને વિદ્યાર્થીની રંજનબહેને તિલક કર્યું, અને અભિનંદન પત્ર વિદ્યાર્થીઓએ અર્પણ કર્યું હતું. સન્માનના જવાબમાં દીક્ષાર્થી શ્રી કાન્તિભાઈએ જણાવ્યું, "બાળકમાં કેટલીક શક્તિઓ સારી રહેલી છે, તેને સારા માર્ગે વાળવી એ વડીલોની ફરજ છે. હાલ વ્યવહારીક જ્ઞાન આપવામાં આવે છે, અને તેને માટે શિક્ષકો રોકવામાં આવે છે, સાથે સાથે જો ધાર્મિક શિક્ષણ આપવામાં આવે તો બાળકમાં સારા સંસ્કાર રહેશે. એટલું જ નહિ પણ આપણા શાસનને ટકાવવું હોય તો ધાર્મિક-શિક્ષણને ઘણું મહત્ત્વ આપવું જરૂરી છે." વિશેષમાં પોળના વડીલોને પાઠશાળાના સંચાલન માટે વિનંતી કર્યા બાદ દીક્ષાર્થી તરફથી પાઠશાળાને રૂા. ૫૧) ની ભેટ જાહેર કરી, તે પાઠશાળાના હાલ સંચાલન કરી રહેલ શ્રી કુમારભાઈએ આભારસહ સ્વીકાર કર્યો. આ પ્રસંગે કેટલાક વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓની આંખમાં આંસુ ઉભરાઈ આવ્યાં હતાં. પાંજરાપોળ, કોટનચાલ, તથા તેઓશ્રીના જ્ઞાતિના મંડળ તરફથી સન્માન-સમારંભ યોજાયા. ખરેખર પ્રસંગ અવર્ણનિય હતો.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૭,અંક-૧૭,તા.૧૦-૧-૧૯૫૯

શ્રી કુંભોજગીરી તીર્થમાં નવી ધર્મશાળાનું થયેલું ભવ્ય ઉદ્‌ઘાટન

કોલ્હાપુરથી ૨૦ માઈલ દૂર શ્રી કુંભોજગીરી તીર્થની તળેટીમાં શ્વેતામ્બર જૈનભાઈઓ તરફથી આશરે બે લાખ રૂપિયાના ખર્ચે એક ભવ્ય ધર્મશાળા બંધાઈ છે. તેના ઉદ્‌ઘાટન માટે કમિટીની વિનંતીથી અમદાવાદ નિવાસી શેઠશ્રી રતિલાલ નાથાલાલ તથા તેઓશ્રીની મંડળી તા.૧૪મીએ કોલ્હાપુર પધારતાં; શાહુપુરી, લક્ષ્મીપુરી, ગુજરી વગેરેના જૈનોએ એકત્રિત મળીને સેંકડો હારતોરાથી તેઓશ્રીનો ભવ્ય સત્કાર કર્યો. શ્રી કુંભોજગીરી પધારતાં પણ બેન્ડ, હારતોરાથી વધાવી લીધા હતા. માગશર સુદ ૫ને તા.૧૫મીની સવારે સ્નાત્ર-મહોત્સવ, શાંતિકળશ વગેરે વિધિપૂર્વક સંઘમાં ભારે આનંદ વચ્ચે ધર્મશાળા ખુલ્લી મુકાયેલી જાહેર કરાવાઈ. પછી શણગારેલ વિશાળ મંડપમાં પૂજ્ય ગણિવર શ્રી મુક્તિ વિજયજી મહારાજની નિશ્રામાં ઉપધાન-તપમાં પ્રવેશ કરાવવાની ક્રિયા થઈ હતી. ૨૮૦ ભાઈ-બહેનો આ સુડતાલીસ દિવસના તપ અને અનુષ્ઠાનની ક્રિયામાં જોડાયા છે. એજ વિશાળ મંડપમાં ક્રિયા પૂરી થયા પછી ૧૧ વાગે શેઠશ્રી રતિલાલ નાથાલાલ શેરદલાલ

વગેરેનું જાહેર સન્માન કરવાનો મેળાવડો થયો હતો. આ પ્રસંગે સભામાં તપસ્વી ભાઈ-બહેનો ઉપરાંત વિશાળ મેદની હાજર હતી. પ્રારંભમાં પ્રાર્થના અને સ્વાગતનું મધુર ગીત ઉત્સાહી યુવાન શ્રી સેવંતિલાલ ચતુરભાઈ શાહ બેલગામવાળાએ ગાયું હતું. ત્યારપછી શેઠશ્રી ઉત્તમચંદ આનંદમલ સમદડીયાએ પ્રમુખસ્થાન લીધું હતું. સ્વાગત પ્રમુખ શેઠ શ્રી ચતુરભાઈ નગીનદાસે સર્વેનો આભાર માની પ્રમુખશ્રીની ઓળખાણ આપતા જણાવ્યું હતું કે 'મહારાષ્ટ્રવાસીઓ તેમના પિતા આનંદિ રામજીની ધર્મ શ્રદ્ધા અને સંઘસેવાથી સુમાહીતગાર છે. શેઠ ઉત્તમલાલે પણ આ ધર્મશાળા માટે સ્થળે સ્થળે ફરીને ફંડ કરવામાં સારી મદદ આપી છે.' ત્યાર પછી શેઠ રતિલાલની ઓળખાણ આપતાં તેમણે જણાવ્યું કે તેઓ ખૂબ ધર્મપ્રેમી અને સ્પષ્ટ વકતા છે, વળી તેઓને અગીયારસોથી વધુ આયંબીલ એકાંતરે થયાં છે. આ સિવાય બીજી તપશ્ચર્યાઓ, ધ્યાન વગેરે તેમના જીવનમાં ચાલુ છે, વળી તેઓ ૧૦૪ વર્ષના વયોવૃદ્ધ આચાર્યદેવશ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજાના ભક્ત છે અને તેઓશ્રીની સંમતી મેળવીને અત્રે પધાર્યા છે. ત્યારબાદ આ પ્રસંગે આવેલા શુભેચ્છાના સંદેશાઓનું વાંચન શ્રી નરેન્દ્રકુમાર બાબુભાઈ પરમારે કર્યું હતું. જેમાં મુખ્ય શ્રી દેવચંદભાઈ છગનલાલ એમ.એલ.સી. તથા પુના સંઘ, કોલ્હાપુર કોર્પોરેશન, શેઠશ્રી માણેકલાલ ચુનીલાલ, શેઠ રમણલાલ વજેચંદ તથા શેઠ ભોગીલાલ મગનલાલ ભાવનગરવાળા, ફેવરીટ વોચવાળા શેઠ છોટાભાઈ, તથા આદોની, મસુર, સાંગલી, કરાડ, મદ્રાસ, પુના કેમ્પ, મુંબઈ વગેરે અનેક સ્થળોએથી સેંકડો તારો અને પત્રો શુભેચ્છાના આવ્યા હતા. શેઠ દેવચંદભાઈને દિલ્હી જવાનું એકાએક થવાથી પ્રમુખસ્થાન લેવા માટે તેઓ આવી શક્યા નહોતા; જેથી તેમને શુભેચ્છાનો વિસ્તૃત લેખીત સંદેશો મોકલી આપ્યો હતો. સંદેશાઓના વાંચન થયા પછી જાણીતા કાર્યકર્તા અને ધર્મસેવક શ્રી ચીમનલાલ કેશવલાલ કડીયાએ બોલતાં પ્રથમ આ તીર્થના સ્થાપક અને ઉદ્ધારકો શેઠશ્રી ફતેચંદ મલુકચંદ, તથા શેઠ રાવજીભાઈને યાદ કરી સ્વર્ગસ્થોને ભવ્ય અંજલિ આપી હતી. અને આ ધર્મશાળાની રચના અને ફંડ માટે અનેક સ્થળોએ મહારાષ્ટ્રમાં જવાનું થતાં શ્રી સંઘોએ જે ઉમળકાભર્યો જવાબ આપ્યો હતો તેનો ખ્યાલ આપ્યો હતો. વધુમાં જે વિચાર પોતાને આ ધર્મશાળા માટે થયો હતો તે દેવગુરુ-ધર્મની કૃપાથી આજે મૂર્તિમંત સફળ થયેલો જોઈને તેઓએ અત્યંત હર્ષ પ્રગટ કર્યો હતો. કોલ્હાપુરવાળા શ્રી ઈન્દુમલજી રાઠોડે ધર્મશાળાની આવક-જાવકનો હિસાબ રજૂ કર્યો હતો. તે ઉપરથી બોલતાં શ્રીયુત કડીયાએ જણાવ્યું કે 'રૂા. ૧૦,૦૦૦ હજુ તૂટે છે. અને ૫ થી ૭ હજારનું કામ બાકી છે. પરંતુ કેટલાક ભાઈઓએ લખાવેલ રૂપિયા ૧૯,૦૦૦ની રકમ આવવાની

બાકી છે. તે ભાઈઓ હવે લખાવેલી રકમ તરત મોકલી આપશે એવી આશા વ્યક્ત કરી હતી. છતાંયે કાંઈ ખૂટતું રહેશે તો કમિટી તે શ્રી સંઘ સમક્ષ રજૂ કરશે. હવે આ ભવ્ય અને રમણીય ધર્મશાળાનું સારામાં સારો ઉપયોગ કેમ થાય એ માટે કમિટીએ વિચારવાની જરૂર છે. અત્રે બાજુમાં દિગ્મ્બરભાઈઓએ વિશાળ મકાનો બાંધ્યા છે. ૨૮ ફૂટની ઊંચી પ્રતિમાજી તેઓ લાવ્યા છે. અને અહીં પધરાવવાના છે. સરકાર માન્ય હાઈસ્કૂલ તેઓ ચલાવે છે. અહીં કુદરતી સુરમ્ય વાતાવરણ છે. તીર્થની પવિત્રતા છે. હાઈસ્કૂલમાં શ્વેતાંમ્બર સમાજના કેટલાક વિદ્યાર્થીઓ ભણે છે અને વિશેષ ભણવા આવવાનું સંભળાય છે. હવે ધર્મશાળાની પણ સુંદર સગવડ થઈ છે. તેથી યાત્રાળુની સંખ્યા પણ વિશેષ પ્રમાણમાં વધશે એ ચોક્કસ છે. અને કેટલાકો તો અત્રે દિવસો સુધી રહીને પ્રભુભક્તિ કરીને શાંતિ મેળવશે. આ બધી પરિસ્થિતિનો વિચાર કરતાં આપણે ભોજનશાળા જોઈશે એમ મને લાગ્યું છે. આથી તીર્થ કમિટી તથા અન્ય કેટલાક ગૃહસ્થો સાથે મેં વાતચીત કરી છે અને તે બધાને ભોજનશાળા ખુલવાની વાત ગમી છે;' અત્રે અનેક સ્થળોના સંખ્યાબંધ ભાઈ-બહેનો પધાર્યા છે. તો આ બાબત વિચાર કરી ભોજનશાળા માટે સક્રિય આરંભ કરવા માટે શ્રીયુત કડીયાએ સર્વને ભલામણ કરી હતી. ત્યારપછી કોલ્હાપુરવાળાભાઈ ભોગીલાલ શાહે, 'શ્રીયુત કડીયાના વિચારોને ઘણા દાખલા દલીલોથી અનુમોદન કરવા માટે અનુરોધ કર્યો હતો.' દિગંબર આશ્રમના મુખ્ય અધ્યાપકશ્રીએ પણ સંસ્કૃતિની રક્ષા માટે અત્રે સગવડતા કરવા જણાવ્યું હતું. ત્યાર પછી સ્વાગત પ્રમુખ શેઠશ્રી ચતુરભાઈએ ભોજશાળાની વિચારણાને ખૂબ જરૂરી જણાવતાં રૂા. ૧૦૦૦ સ્થાયી ફંડમાં આપે તે દાતાનું તૈલચિત્ર કાર્યાલયમાં મૂકવાની અને તિથિ નોંધવા માટે રૂા. ૨૫૧ની યોજના રજૂ કરી હતી અને આ યોજના યોગ્ય જણાય તો સર્વને ઉપાડી લેવા વિનંતી કરી હતી. આખી સભાએ તાળીઓના અવાજથી અને જગવલ્લભ પાર્શ્વનાથની જય બોલાવીને ભોજનશાળાની યોજના પ્રત્યે હાર્દિક સંમતી પ્રદર્શીત કરી હતી તરત જ શેઠશ્રી રતિલાલ નાથાલાલે તેઓની તરફથી રૂા. ૧૦૦૧ ભોજનશાળામાં તથા રૂા. ૧૦૦૧ ધર્મશાળા ફંડમાં આપવાનું જાહેર કર્યું હતું. તથા તેમનાં ધર્મપત્ની અખંડ સૌભાગ્યવંતી કાંતાબેન તરફથી એક કાયમી તિથિ નોંધાવી હતી અને તરત જ બીજી ૨૨ તિથિઓ રૂા. ૨૫૧ની નોંધાઈ ગઈ હતી. બીજા અમદાવાદથી આવેલા પાંચ ગૃહસ્થો તરફથી રૂા. ૭૦૧ની ભેટ આવી હતી. આ પછી પ્રમુખશ્રી તથા શેઠ રતિલાલભાઈને અને અનેક મહેમાનોને હારતોરા અર્પણ કરવામાં આવ્યા હતા. આ સમયે બપોરના ૧-૩૦ વાગેલો હોવાથી આભારવિધિ પૂરી કરીને આ ભવ્ય મેળાવડો વીખરાયો હતો.

નિસ્પૃહી અને વિદ્વાન જૈનાચાર્યોના પગલાંથી મહારાષ્ટ્રમાં ધર્મની જાગૃતિ થઈ છે.

અનુભવીઓની દોરવણી નીચે ચાલવાની શેઠશ્રી દેવચંદભાઈની સલાહ.

નિપાણીવાળા શેઠશ્રી દેવચંદભાઈ છગનલાલ જેઓ મૈસુર રાજયની ધારાસભાના સભ્ય છે, દક્ષિણના જાણીતા જૈન આગેવાન છે અને દરેક સમાજો તેઓને સન્માને છે કુંભોજગીરી તીર્થની તળેટીમાં સુંદર ધર્મશાળા તૈયાર થઈ જવાથી ઉદ્‌ઘાટન કરવા તા. ૧૫ ડીસેમ્બરના રોજ રાજનગરનીવાસી શેઠશ્રી રતિલાલ નાથાલાલ તીર્થ-કમિટીની વિનંતીથી અત્રે આવ્યા છે. તેઓશ્રીના શુભ હસ્તે ઉદ્‌ઘાટન વિધિ થઈ છે. આ પ્રસંગે સન્માન-સમારંભનું પ્રમુખસ્થાન લેવાનું શેઠશ્રી દેવચંદભાઈએ સ્વીકાર્યું હતું. પરંતુ અચાનક બહારગામ જવાનું થવાથી તેઓ આવી શક્યા નહોતા. પરંતુ તેમણે નીચે પ્રમાણેનો લેખીત સંદેશો એક્ષપ્રેસ ડીલીવરથી મોકલ્યો હતો જે આ જાહેર સભામાં વાંચવામાં આવ્યો હતો.

"આજના મંગલમય પ્રસંગમાં હાજરી આપી અમદાવાદથી અને દૂર દૂરથી પધારેલા સર્વભાઈઓ બહેનોના દર્શન કરવાની જે અમૂલ્ય તક મને મળવાની હતી તેનો લાભ મારે અચાનક બહારગામ જવાનું થવાથી લઈ શક્યો નથી. તે માટે મને દુઃખ થાય છે અને સ્વીકારેલી ફરજ બજાવી શકતો નથી તે માટે આપની ક્ષમા યાચું છું."

"પરમ નિસ્પૃહી શાસનહિતચિંતક આચાર્યદેવશ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ**, વ્યાખ્યાન વાચસ્પતી શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ આદિ અનેક ત્યાગી મહાત્માઓએ અમારા મહારાષ્ટ્ર દેશમાં જ્યારથી પગલાં કર્યા છે, ત્યારથી આપણામાં ધર્મજાગૃતિ આવી છે અને અન્ય સમાજો પણ જૈનધર્મ પ્રત્યે આકર્ષણવાળા બન્યા છે તે જણાવતાં મને ઘણો જ આનંદ થાય છે."

"કરાડથી અત્રે ૨૦ વર્ષ પહેલાં પગે ચાલીને યાત્રાસંઘ આવ્યો તેથી આ શ્રી કુંભોજગીરી તીર્થ લોકમુખે ચડ્યું છે અને દેશભરમાં પ્રસિદ્ધિ પામ્યું છે."

આ તીર્થની કમિટીના પ્રયત્નોથી અને તેમાંએ ખાસ કરીને અમદાવાદ નીવાસી શ્રીયુત ચીમનલાલભાઈ કડીયા જેઓ ખડતલ શાસન-સેવક છે તેમની અનુભવી દોરવણી નીચે બેલગામ નિવાસી ઉદાર શ્રી ચતુરભાઈ શેઠ તથા કોલ્હાપુરનાભાઈઓ શેઠશ્રી બાબુભાઈ પરમાર અને શ્રી પુનમચંદગાંધી વગેરેએ આ તીર્થના વિકાસ માટે તન, મન અને ધનથી જે ભોગ આપ્યો છે તે કદીયે ભૂલી શકાય તેમ નથી, એટલું

જ નહિ પરંતુ મહારાષ્ટ્રનો જૈનસંઘ તેઓનો ઋણી છે.

આજે શ્રી જગવલ્લભ શ્વેતાંમ્બર જૈન ધર્મશાળાનું ઉદ્‌ઘાટન થયું છે તે અંગે હવે હું બે શબ્દ કહેવા માગું છું.

આવું વિશાળ કામ સુંદર અને પૂરી સગવડતાવાળું આકર્ષણીય સ્થાન યાત્રાળુઓ માટે શ્રી કુંભોજગીરી તીર્થની તળેટીએ થશે. એવી કોઈ કલ્પના યા સ્વપ્ન પણ અમો મહારાષ્ટ્રવાસીઓના મગજમાં નહોતું; પરંતુ ભાઈશ્રી ચીમનલાલ કડીયાના ભક્તિપ્રેમી હૃદયમાંથી આ ચિત્ર સર્જાયું અને આપ સર્વેના સહકારથી એ સ્વપ્ન પણ મૂર્તિમંત બન્યું છે. ભાઈશ્રી કડિયા અને તેમના ધર્મમિત્રો શ્રી બાબુભાઈ પરમાર, શ્રી ચતુરભાઈ શેઠ, શ્રી દાસકાકા, શ્રી હુકમીચંદભાઈ, શ્રી સાંકલચંદભાઈ ગાંધી, શ્રી ઈન્દુમલજી, તથા શ્રી ઉત્તમચંદજી સમદડીયા વગેરે આ પવિત્ર સ્થાનના મંડાણ સાથે જે ઉત્તમ ભાવનાઓ સેવી છે અને સમયે સમયે પ્રગટ પણ કરી છે તે તીર્થભક્તિ, જ્ઞાનભક્તિ, સંઘભક્તિ, પ્રભુભક્તિ સંઘબળ વગેરેને સક્રિય કરીને આપણે પૂર્ણ કરવાની ફરજ છે. આ માટે હું ત્યાં હાજર નથી રહી શક્યો પરંતુ આપ સર્વેને આત્મ-સાક્ષીએ જણાવું છું કે તે માટે ખૂબ ઉદાર હૃદયથી કટીબદ્ધ થજો. દૃઢ નિશ્ચયી બનજો અને આળસને ખંખેરીને કર્તવ્ય પંથે ચાલવા માંડજો-મક્કમતાથી ડગલા ભરનાર ગમે તેટલો લાંબો અને વિકટપંથ પણ પૂરો કરે છે. આપણા કર્તવ્ય પાલનમાં મારો પૂરેપૂરો સાથ છે તે ખાત્રીથી માનજો.

"મારા અનુભવથી મારી આપને એક સલાહ છે કે અમદાવાદવાળા ભાઈશ્રી કડીયાજી અને કોલ્હાપુરના ભાઈઓની અનુભવી દોરવણી નીચે ચાલવાનું રાખજો. કેવળ વાતો કરવાથી કે મોટી આશાઓથી કામ થયું અને થવાનું નથી. આ પવિત્ર તીર્થના વિકાસ દ્વારા આપણા મહારાષ્ટ્ર દેશને વધુ શોભાવનાર આ તીર્થ કમિટીનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. તીર્થ અને ધર્મશાળા કમિટીના આમંત્રણને સ્વીકારી આ નવી ધર્મશાળાની મંગલમય ઉદ્‌ઘાટનક્રિયા કરવા માટે ૭૦૦ માઈલ લાંબેથી શ્રમ ઉઠાવીને અત્રે પધારનાર શ્રી રતિલાલ નાથાલાલ માટે મારે આભારના શું શબ્દો કહેવા તે મને સમજાતું નથી. અમદાવાદ જૈનપુરી છે. ત્યાંથી ભારતના શ્રી સંઘને ભૂતકાળમાં દોરવણી મળી છે તે પ્રથા અને સહકારની ભાવનાને શેઠશ્રી રતિભાઈએ જાળવી છે એમ કહું તો તેમાં કશી જ અતિશયોક્તિ નથી. શ્રીયુત શ્રી રતિભાઈ ઘણા જ ધર્મપ્રેમી છે, તપસ્વી છે, ઉદાર છે અને સ્પષ્ટ વકતા પણ છે. આવા સુયોગ્ય ગૃહસ્થની પસંદગી કરવામાં તીર્થ કમિટીએ ખરેખર ખૂબ જ ડહાપણ દેખાડ્યું છે. શેઠશ્રી રતિભાઈ અને અમદાવાદથી તેમની સાથે આવેલા ગૃહસ્થોનો

હું આભાર માનું છું. શેઠશ્રી રતિભાઈ અને તેમના ધર્મપત્ની અ.સૌ. કાંતાબેનનો હું જાહેર સત્કાર કરું છું. વળી મને જાણીને વિશેષ આનંદ થયો છે કે શ્રીયુત ચીમનલાલભાઈ કડીયાના ધર્મપત્ની પણ આ પ્રસંગે તેઓની શારીરિક પ્રકૃતિ નરમ છતાંયે પધાર્યા છે તે માટે હું તેઓનો સત્કાર કરું છું અને જે બેનો પોતાના કુટુંબના પુરુષોને યુવાનોને ધર્મસેવા અને સમાજસેવા કરવા માટે ખૂબ ખૂબ અનુકૂળતા કરી આપે છે તે શ્રી મહાવીર પ્રભુની પુત્રીઓ પ્રત્યે મારું મસ્તક નમે છે. અને તે વિદૂષિબેનોનો વર્તનમાંથી બોધપાઠ લેવા સર્વેને હું વિનંતી કરું છું."

"છેલ્લે પ્રગટ પ્રભાવી તીર્થપતી શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ ભગવાન આપણને બધાયને તન, મન અને ધનથી શ્રી સંઘ અને પ્રભુ-શાસનની સેવા કરવાની ભાવના અને બળ આપે એવી મારી અંતરની પ્રાર્થના છે."

"આ સભાના પ્રમુખસ્થાન માટે આપે જે મારી પસંદગી કરી હતી તે માટે આપ સર્વેનો હું આભાર માનું છું. જૈનં જયંતિ શાસનમ્."

શ્રી કુંભોજગીરી તીર્થમાં પોષ દશમીનો મેળો

પોષ દશમીના મેળા ઉપર દક્ષિણમાંથી પુના-બીજાપુર આદિ અનેક સ્થળોએથી લગભગ ૭૦૦ યાત્રિકો અત્રે પધાર્યા હતા. તે દિવસે પાંચ પકવાનનું નોકારશીનું જમણ આપવામાં આવ્યું હતું. શ્રી કુંભોજગીરી તીર્થ અને ધર્મશાળા કમિટીની મિટિંગ આજરોજ અત્રે મળી હતી. બંધારણ તથા નિયમો તૈયાર કરવા માટે પાંચ ગૃહસ્થોની એક પેટા કમિટી નીમવામાં આવી છે. શ્રી ઉપધાન-તપમાં જોડાયેલા બધા તપસ્વીઓ સુખ-શાંતિમાં છે. પૂ. શ્રી મુક્તિવિજયજી ગણિવરને સન્ન શરદી થયેલી પરંતુ હાલમાં સુધારો છે.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૭,અંક-૧૯,તા.૨૪-૧-૧૯૫૯

ચડવાલમાં પુણ્ય પ્રવેશ

પરમપૂજ્ય આચાર્યભગવંત શ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી મ. આદિ** ઠાણા ૩૬નો પોષ સુદ ૬ના મંગલ મુહૂર્તે ચડવાલમાં પ્રવેશ થયો હતો. આખા ગામને ધજા-પતાકા-બોર્ડો-તોરણો અને ભવ્ય દરવાજાઓથી શણગારવામાં આવ્યું હતું. શિરોહીના પોલીસ બેંડના મધુર સરોદોથી વાતાવરણ ગાજી ઊઠ્યું હતું. સંઘે માટેની તડામાર તૈયારીઓ ચાલી રહી હતી.

પૂજ્યશ્રી આદિ કુંભારીયાથી ખરેડી થઈ રોહીડા પધાર્યા હતા. રોહીડાના શ્રાવકોએ કુંભારીયાથી સાથે રહી પોતાના ગામમાં ભારે ઉત્સાહથી બાળકોના બેંડ સ્વાગત પૂર્વક પૂજ્યશ્રીની પધરામણી કરાવી હતી; ત્યાં પંચકલ્યાણકની પૂજામાં બાળકોના સંગીત મંડળે અનુપમ ભક્તિરસ જમાવ્યો હતો. સાથે નૃત્ય, થાળીનૃત્ય, રાસ, વગેરે કરી જનતાને ભક્તિમુગ્ધ કર્યા હતા. મારવાડ જેવામાં બાળકોની આ કેળવણી આશ્ચર્યભૂત લાગી. એક બાળક એકી સાથે પાંચ થાળીને ફેરવતો હતો. પૂજ્યશ્રી પિંડવાડા પધાર્યા.

પૂજ્યશ્રી જન્મભૂમિમાં ૧૪ વર્ષે પધારતા હોવાથી લોકોમાં અમાપ ઉત્સાહ હતો; સ્ટેશનથી બાદશાહી સ્વાગતની શરૂઆત થઈ હતી બે દિવસની સ્થિરતામાં વાતાવરણ પ્રફુલ્લ બન્યું. પૂજ્ય ગણિવરશ્રીની પ્રેરણાથી જૈન પાઠશાળાની રૂા. ૫૧૦૦૦ની યોજનાના હિસાબે રૂા. ૨૫૦૦૦ હજારનું ફંડ થયું. ફંડ આગળ ચાલુ રહેશે. શ્રી સંઘે ચાતુર્માસ કરી આગામી મહા માસમાં જિનમંદિરની અંજન શલાકા પ્રતિષ્ઠા કરવા જોરદાર વિનંતી કરી હતી. ત્યાંથી વિહાર કરી બામણવાડા તીર્થે પધાર્યા સાથે ૪૦૦ માણસોનો સંઘ હતો. પૂજા તથા સ્વામીવાત્સલ્ય થયું.

બામણવાડામાં **પૂ. ગણિવર શ્રી ભાનુવિજયજી મહારાજની દોરવણીથી પ્રભુ મહાવીરદેવના ૨૭ ભવોના દશ્યો પોરબંદરી પથ્થરમાં ૬ ઈંચ ઊંડા કોતરાયા છે.** હિન્દુસ્તાન ભરમાં બેનમૂન ચિત્રો નિહાળી પૂજ્ય આચાર્યદેવે અતિ સંતોષ વ્યક્ત કર્યો હતો. શિરોહીમાં બે દિવસની સ્થિરતા દરમ્યાન હિન્દીમાં જોરદાર પ્રવચન થયાં, સરકારી-જૈનવર્ગે પ્રવચનનો તેમજ તત્ત્વચર્ચાનો લાભ લઈ સારો રસ અનુભવ્યો હતો.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૭,અંક-૨૨,તા.૧૪-૨-૧૯૫૯

● **ચડવાલથી શંખેશ્વર :** પૂજ્યપાદ સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા** આદિ ઠા.૫૧ની નિશ્રામાં ચડવાલથી પો.સુ.૧૨ ના શુભ મુહૂર્તે તીર્થાધિરાજ શ્રી શત્રુંજયના છ'રી પાળતા સંઘનું મંગલ પ્રયાણ થયું. સંઘ-યાત્રામાં પંદરસોથી અધિક યાત્રિકો છે. પ્રયાણના દિવસે ચારથી પાંચ હજાર માનવ મેદની એકઠી થઈ. મંગલ નિમિત્તે સાતસો ઉપર આયંબિલ થયા હતા.

સંઘનો પ્રથમ પડાવ ચડવાલ ગામની બહાર પડ્યો હતો. ભવ્ય સમારોહપૂર્વક નવપદજીની પૂજા ભણાવાઈ, ઉત્સાહ અમાપ હતો. ક્રમશઃ સંઘ આગળ વધ્યો. ગામે ગામના સંઘોએ ઉમંગભેર સત્કાર-સન્માન કર્યા. જીરાવલામાં પાંચ હજાર માણસો સંઘ-દર્શન માટે એકત્રિત થયા હતા. સંઘવી તરફથી સાધર્મિકવાત્સલ્ય થયું. વરમાણ, મંડાર, પાંથાવાડ, ખીમત, જેરડાના સંઘોમાં પણ ઉલ્લાસ ખૂબ હતો. પાંથાવાડ, ખીમતના સ્થાનિક સંઘે સંઘનું સાધર્મિક વાત્સલ્ય કર્યું. નવાડીસા તથા જુનાડીસાના ભાવુક સંઘોએ સંઘના સ્વાગત માટે જોરદાર તૈયારી કરી હતી. નગરને વિશિષ્ટ રીતે શણગાર્યું હતું. યુવકોએ સામૈયામાં મેદનીને કાબૂમાં રાખવા ચીવટ રાખી હતી. બંને સંઘોએ કરેલું શાનદાર સ્વાગત અભૂતપૂર્વ હતું. બંને સંઘોએ કરેલા સાધર્મિક વાત્સલ્યમાં વ્યવસ્થા સુંદર હતી.

પાટણના સકલસંઘે એકત્રિત થઈ દિવસો પહેલાથી સંઘને બાદશાહી સ્વાગતથી સત્કારવા તૈયારીઓ કરવા માંડી હતી. ચારુપ તીર્થથી પો.વ.૧૦ સવારે સંઘ રવાના થયો. પાટણથી નરનારીઓના ટોળા સામે આવી રહ્યા હતા. પાટણ શહેરને ધજા, પતાકા, તોરણો, બોર્ડો અને દરવાજાઓથી સુશોભિત કર્યું હતું. ભવ્ય સ્વાગત સાથે પૂ. આચાર્યદેવાદિ ૫૧ ઠાણાને સાગરના ઉપાશ્રયે પધરાવવામાં આવ્યા. સવાર-બપોર, તથા બીજા દિવસે પૂ.પં.ભદ્રંકરવિજયજી ગણિવરના પ્રવચનમાં પાટણની ભાવુક જનતાએ સુંદર લાભ લીધો. ૭૫ વર્ષની વૃદ્ધ વયે પૂ.આ.દેવે તથા મુનિઓએ તેમજ સંઘના યાત્રિકોએ બે દિવસમાં પાટણના જિનમંદિરોની ચૈત્યપરિપાટી કરી અથાગ આત્માનંદ મેળવ્યો. પાટણના સંઘે સંઘને ૧લે દિવસે સાધર્મિક વાત્સલ્ય આપ્યું હતું. બીજે દિવસે સંઘના યાત્રિકો સાથે આખા પાટણ શહેરનો જૈન સંઘ પાટણના સદ્‌ગૃહસ્થ તરફથી નવકારશી જમણ જમ્યો હતો. પાટણ આબાલવૃદ્ધ જૈનોએ બે દિવસ ખડેપગે હાજર રહી ઉત્તમ દ્રવ્યોથી સાધર્મિકોની ભક્તિ કરી હતી. પક્ષભેદ વિનાના પાટણના સ્વાગતથી બહાર પણ સુંદર છાપ પડી, ત્યારબાદ સંઘ અડીયા-હારિજ-મુજપુર થઈ શંખેશ્વર તીર્થે પહોંચ્યો છે. સંઘવી તરફથી ગામેગામ ધર્મક્ષેત્રોમાં સારી સખાવતો તેમજ પ્રભાવનાઓ થઈ રહી છે. જૈન-જૈનેતરો ભવ્ય સંઘયાત્રાની અનુમોદના કરી પુણ્ય ઉપાર્જી રહ્યા છે.

છ'રી' પાળતો સંઘ : શંખેશ્વરજીથી તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તરફ

પૂજ્યપાદ સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાની પુણ્ય નિશ્રામાં ચડવાલથી નીકળેલો ભવ્ય છ'રી પાળતો યાત્રા સંઘ મહા સુદ ૧ ના દિવસે શ્રી શંખેશ્વર મહાતીર્થમાં આવી પહોંચ્યો. ત્યાં તીર્થપતિ પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ પ્રભુના દર્શન-પૂજન કરી અનહદ પુણ્યલાભ મેળવ્યો. અનેક ગામોથી સંઘના દર્શનાર્થે મોટી સંખ્યામાં ભાવુકો આવી ગયા હતા. શંખેશ્વરથી સાધુ-સાધ્વીઓ તથા ભાવિકો સારી સંખ્યામાં સંઘયાત્રામાં સામેલ થયા હતા. બે દિવસની સ્થિરતા દરમ્યાન સંઘવી તરફથી તીર્થપતિને ભવ્ય અંગરચનાઓ થઈ હતી. પ્રથમ દિવસે સંઘવીના મામા શ્રી દલીચંદભાઈ ખડકીવાલા તરફથી ઘેબર આદિ પંચપકવાન્નનું ઉપસ્થિત યાત્રિકોને તથા ગામના જૈનોને સાધર્મિક વાત્સલ્ય અપાયું હતું. બીજે દિવસે સંઘવીના ધુલીયાવાળા વેવાઈ તરફથી સાધર્મિક વાત્સલ્ય હતું.

શંખેશ્વરથી યાત્રિકોની સંખ્યા ૨૦૦૦ની થઈ; તેમાં ૧૦૦૦ છ'રી પાળવાવાળા છે. ૮૫ જેટલા મુનિવરો તથા ૨૫ સાધ્વીજીઓથી સંઘ શોભી રહ્યો છે. શંખેશ્વરજી પછી સંઘ પંચાસર, જૈનાબાદ થઈ દસાડા આવ્યો; તે દિવસે જિનમંદિરની ભીંતોમાંથી તેમજ પ્રભુજીના અંગોમાંથી ઠેઠ સાંજ સુધી અમી ઝર્યા કર્યા હતા. પાટડીમાં ભવ્ય સ્વાગત સાથે પૂ. આચાર્યદેવાદિ સકલસંઘ પૂ. સ્વર્ગસ્થ પરમગુરુદેવ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજાની અગ્નિસંસ્કારની ભૂમિએ તેઓશ્રીની પાદુકાના દર્શનાર્થે ગયો હતો. ત્યારબાદ નગર પ્રવેશ થયો. ઉપરીયાળા તીર્થમાં અમદાવાદથી શ્રી ચીમનલાલ કડીઆ, તથા શ્રી ચતુરદાસ ચીમનલાલ, શ્રી રસિકલાલ ભોગીલાલ, શ્રી હીરાભાઈ મણિલાલ, સાબુવાળા, ચીનુભાઈ કડીયા, રમણલાલ વજેચંદ વગેરે ૫૦ થી ૭૫ ભાવુકો તથા વિરમગામ વગેરે સ્થળેથી પણ સંઘના આગેવાનો આવ્યા હતા. જૈન આરાધક મંડળે સ્નાત્રમાં તથા રાત્રે ભાવનામાં અપૂર્વ ભક્તિરંગ જમાવ્યો હતો. સંઘવીના વેવાઈ શ્રી હુકમીચંદ ડુંગાજી કોલ્હાપુરવાળા તરફથી બરફી આદિ વિશિષ્ટ દ્રવ્યોથી સંઘવાત્સલ્ય થયું હતું. ત્યારબાદ બજાણા-પિંપળી-મેથાણ-રાજસિતાપુર થઈ યાત્રા સંઘ સુરેન્દ્રનગર આવ્યો. સ્થાનિક સંઘે ભવ્ય સ્વાગત કર્યું. ગીની વગેરેથી ગહુંલીઓ થઈ. પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી મહારાજે નમસ્કાર મહામંત્ર પર અદ્ભુત પ્રવચન કર્યું. સ્થાનિક સંઘે ગુલાબજાંબુ વગેરે દ્રવ્યોથી સંઘભક્તિ કરી. સાંજે સકલસંઘ તંબુમાં સંઘયાત્રાના દહેરાસરે વાજતે ગાજતે દર્શન માટે ગયો હતો.

વઢવાણ સિટીમાં પણ ભારે ઉત્સાહથી સ્વાગત થયું. શ્રી રતિલાલ જીવણલાલ અબજીભાઈએ પોતાના ખર્ચે સંઘભક્તિનો ખડેપગે લાભ લીધો. ત્યારબાદ સીયાણી, લીંબડી, ચુડા થઈ રાણપુરમાં આવવાનું બન્યું. નરોત્તમભાઈ છગનલાલ મોદીએ શ્રી સંઘનું ગીની મૂકીને તથા પૂ. આચાર્યદેવને ઘરે પધરાવી ગીનીથી પૂજન કર્યું. તેમજ સંઘને જમણ આપ્યું. દરેક ગામના સંઘોએ સંઘભક્તિનો સારો લાભ ઉઠાવ્યો. ત્યાંથી અલાઉ થઈ બોટાદ મુકામે આવ્યા. ત્યાં પણ અદ્‌ભુત સ્વાગત થયું. લાઠીદંડ થઈ લાખીયાણી આવતાં, પછેગામથી પૂ.આ.મ. લાવણ્યસૂરિ મહારાજ પણ પધારવાના હોઈ બંને આચાર્યદેવોનું સાથે સ્વાગત થયું. સંઘપ્રયાણ નિર્વિઘ્ને આગળ વધી રહ્યું અને મહા વદ ૧૪ના મંગલ પ્રભાતે અનંત-સિદ્ધનિદાન શ્રી શત્રુંજય મહાતીર્થની શીતળ છાયામાં સંઘ આવી પહોંચ્યો; ફાગણ સુદ ૩ ના શુભ દિવસે સંઘમાળ પહેરાવાઈ.

સંઘ-યાત્રાની કેટલીક વિશેષતાઓ :

(૧) સંઘ સાથેના દહેરાસરમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ પ્રભુ છે. શેઠશ્રી કસ્તૂરભાઈ પણ પૂર્વે આ અપૂર્વ બિંબને નિહાળી ખૂબ જ આનંદિત થયા હતા. ધાતુના પ્રતિમાજીનું શિલ્પ બેનમુન છે. ખાસ આ પ્રતિમાજી પૂ.પાદ આચાર્યદેવના સંસારી નિવાસ પિંડવાડાથી લાવવામાં આવ્યા અને ચડવાલમાં સમારોહપૂર્વક પ્રવેશ થયો. પોષ સુદ ૧૨ના મંગલ દિવસે વાજિંત્રોના મંગલતૂર સાથે પ્રયાણનો પ્રારંભ થયો. પ્રભુનો રથ ચાલ્યો અને ત્યાં જ ફણીધર નાગરાજ ત્યાંથી પસાર થયો. અજબ પ્રભાવી પાર્શ્વનાથ પ્રભુના પુણ્ય સાંનિધ્યથી વિશાલ સંઘયાત્રા નિર્વિઘ્ને આગળ વધી રહી, આજના વિષમ કાળે પણ પ્રાયઃ સહુની અનુકૂળતાઓ સચવાય છે. બધાનું આરોગ્ય પણ સારું છે સૌ કોઈ પ્રતિદિન વધતા ઉલ્લાસે ગિરિરાજ ભણી ડગ ભરી રહ્યા.

(૨) પૂ.આચાર્ય ભગવંત શ્રીમદ્‌ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા કે જેઓના આત્મ પ્રદેશે-પ્રદેશે સંયમ-તપ-ત્યાગ અને શાસનનો રાગ પરિણામ પામી ચૂક્યો છે. બાલ, યુવાન અને વૃદ્ધ સાધુઓના વિશાલ પરિવાર સાથે તેઓશ્રીની વૃદ્ધ વયે ૮-૧૦ માઈલ સુધીની પદયાત્રા સૌ કોઈને અજબ પ્રેરણા આપે છે, તેઓશ્રીનો પુણ્ય પ્રભાવ શાસન પ્રભાવનાના આ મહાન કાર્યમાં દરેકને હૂંફ આપે છે. તેઓશ્રીની સંયમરક્ષાની સતત ખેવના સૌ કોઈને આંજી દે છે. મુનિપરિવાર પણ સાથે વિશાલ માનવ ગણ હોવા છતાં આંતરમુખી રહી પોતાની ચર્યામાં જ તલ્લીન છે.

(૩) ભવ્ય ભાવનાઓથી ભરેલા સંઘવીઓને જોવા ગામેગામ માનવસાગર ઉભરાય છે. કોણ છે આવી ભવ્યયાત્રાનું આમંત્રણ આપનાર ! એવી આશ્ચર્યની લાગણી વચ્ચે જ્યાં ૧૩-૧૮-૨૨-૨૫ વર્ષની ઉંમરના નાના સંઘવીઓને (ચાર ભાઈઓને) જુએ છે. ત્યાં ધન્ય ધન્ય એવા વચનો દર્શકોના મુખમાંથી ખરી પડે છે. આ વયમાં લાખોની સંપત્તિને ધર્મ માર્ગે ખરચવાની સદ્‌બુદ્ધિને પ્રશંસે છે. ઉંમર નાની હોવા છતાં પ્રશંસનીય નમ્રતાને ઝુકી પડે છે. મોહક લક્ષ્મીને પાણીની જેમ ખરચી કરાતા ધર્મના ભગીરથ કાર્યોની જૈનેતરો પણ સાચા દિલથી અનુમોદના કરી જૈન શાસનની નિકટ આવી રહ્યા હોય એવું દેખાય છે.

(૪) સંઘયાત્રાના પડાવ માટે નાના મોટા ૮૦ તંબુઓ રાખ્યા છે. એક નગરનો વસવાટ થયો હોય એવું દશ્ય ખડું થાય છે. યાત્રિકો આવ્યા પહેલાં વહેલી સવારે ખેતરમાં જતી કેટલીક જૈનેતર ભદ્રિક બાઈઓ તો માત્ર તંબુના દર્શન-નમન કરીને પણ હર્ષ અનુભવે છે.

(૫) સંઘયાત્રામાં જોડાયેલા યાત્રિક વર્ગમાં કોઈ છઠ્ઠ, કોઈ ૫૦૦ આંબેલ, કેટલાક આંબિલ ઓળીઓ, કેઈક વચમાં વચમાં ઉપવાસ, આંબેલ વગેરે તપસ્યાઓ કરી પગે ચાલે છે. ગામેગામ ધર્મક્ષેત્રોમાં દાન કરે છે; કેટલાક રોજની ૩૦-૨૫-૨૦-૧૦ એવી બાંધી (પક્કી) નવકારવાળીઓ ગણે છે; વિષયના વિરાગ અને કષાયના ત્યાગનો સારો અભ્યાસ કરે છે. નિયમિત દર્શન-પ્રભુપૂજન-ગુરુવંદન-પ્રતિક્રમણ વ્યાખ્યાન શ્રવણ-એકાશન વગેરે ધર્મના અંગોની ટેક જાગૃત આરાધક ભાવની પ્રતીતિ કરાવે છે.

(૬) સંગીતકાર શ્રી ગજાનનભાઈ રોજ બે કલાક બપોરે સ્નાત્રમાં તથા રાત્રે ભાવનામાં યાત્રિકોને જિનભક્તિમાં લયલીન બનાવે છે. જૈનેતરો પણ પ્રભુભક્તિની રમઝટ જોઈ શિર ઝુકાવે છે. માર્ગમાં દેવગુરુ અને તીર્થાધિરાજના ગુણ ગાતા કેટલાક ગ્રુપો ચાલતા દેખાય છે. દરેક ગામમાં જિનમંદિરે દર્શન તથા નમસ્કાર મંત્રનો મંગલજાપ કરી પ્રાયઃ યાત્રિકો પ્રયાણ કરે છે.

(૭) જૈનોની વસ્તીવાળા નાના મોટા દરેક ગામોમાં સંઘનું સ્વાગત થાય છે. પહેલેથી તે તે ગામના સંઘો આવી તમામ સગવડ માટે પૂછપરછ કરી વ્યવસ્થા જાળવે છે. સામૈયામાં ઈન્દ્રધજા-નિશાનડંકો-વાજિંત્રો પાર્શ્વનાથપ્રભુનો રથ અથવા પાલખી પૂ.વયોવૃદ્ધ આચાર્યદેવાદિ વિશાલ મુનિપરિવાર, સંઘવીઓ તથા જૈન-

જૈનેતર માનવસાગર વગેરે ખૂબ જ આકર્ષક હોય છે. જૈનેતરોના ટોળે ટોળા પણ સંઘના દર્શન માટે ઉમટે છે. અનેક જૈનેતરો જેમાં વકીલો-ડૉક્ટરો-કલેક્ટરો-ગરાસદારો વગેરે ધર્મપ્રેમ તો જૈનોનો, પ્રભુભક્તિ, લક્ષ્મીનો સદુપયોગ ખરેખર જૈનોને જ વર્યો છે એવી ભૂરિ ભૂરિ પ્રશંસાઓ કરતા હોય છે. આવા મહાન સંઘોમાં ધર્મ-પ્રશંસાનું પ્રબળ નિમિત્ત મળવાથી અનેક આત્માઓમાં ધર્મબીજના વપનનો મહાન લાભ સર્જાય છે.

(૮) દરેક ગામના ધાર્મિક ખાતાઓમાં સંઘવી તરફથી ઉદાર સખાવતો થઈ રહી છે. પચીસ સુધીની સંખ્યામાં જૈનોના ઘરવાળા ગામોમાં સંઘવી તરફથી જૈનોને નવકારશીનું આમંત્રણ અપાય છે.

(૯) સવારે પ્રતિક્રમણ-સામાયિક-નવકાર જાપ દેવદર્શન આદિ આવશ્યક કાર્યો કરી ૫-૬-૭-૮-૯-૧૦ માઈલ સુધીનો વિહાર હોય છે તે પ્રમાણે વિહાર કરી સામૈયા બાદ પૂજા-સ્નાત્ર-એકાસણું થયા પછી રોજ વિશાલ તંબુમાં પ્રભાવક પ્રવચનકાર પૂ.મુનિરાજશ્રી ભાનુવિજયજી ગણિવરનું સ્ટા.ટા. ૩॥ થી ૫ સુધી પ્રવચન થાય છે. તારક તીર્થોનો મહા-મહિમા, સંઘયાત્રાના લાભો, વિષયકષાયની ભયાનકતા મૈત્ર્યાદિભાવનાઓ, સહિષ્ણુતા, ગંભીરતા ઔદાર્ય સાધર્મિક ભક્તિ, આત્મશુદ્ધિ અને તેના ઉપાયો જૈનશાસનની ભવ્યતા વગેરે વિષયોની છણાવટ આબાલવૃદ્ધ સૌ કોઈ સમજી શકે તેવી કથારસથી ભરપુર શૈલીથી થાય છે. શ્રોતાઓની ભારે ભીડ જામે છે. મોક્ષમાર્ગની આરાધનામાં જરૂરી એવા સર્વરસોને પોષતી વાણી નિત્ય નવું જોમ આપી જાય છે. કેટલાક નાના બાળકો અને મારવાડી નારીગણ પણ વ્યાખ્યાનના એવા રસિયા થયા છે કે ૩॥ ના ડંકે તરત હાજર થઈ જાય છે. વચમાં વચમાં પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરના સૌમ્ય શૈલીમાં થતાં પ્રવચનો શ્રોતાઓને અનેરી રસલહાણ આપી જાય છે.

(૧૦) સંઘયાત્રામાં ૧૦ થી ૧૫ ભાવુકો નિત્ય પોષધ કરી યાત્રામાં ચાલતા.

ત્રણસો માઈલ દૂરથી શ્રી શત્રુંજય તીર્થની પદયાત્રાએ આવેલ સંઘનું મહા વદ ૧૪ના પ્રાતઃકાળે પાલીતાણામાં થયેલું ભવ્ય સ્વાગત તથા માળારોપણ સમારંભ

રાજસ્થાનના એક નાના ચડવાલ ગામથી તા. ૨૧-૧-૫૯ના રોજ નીકળેલા યાત્રા-સંઘે તા. ૮-૩-૫૯ના પ્રભાતે પાલીતાણામાં અપૂર્વ સ્વાગત સાથે પ્રવેશ કર્યો. કોલ્હાપુરના જાણીતા વ્યાપારી સ્વ.શેઠ ચેલાજી વનાજીની ઈચ્છાનુસાર આ પદયાત્રા તેમના સુપુત્રો બાબુભાઈ, ભૈયાજી, નવલમલ અને અશોકકુમારે કાઢી છે. ભારતભરમાં એ જૈનયાત્રામાં જોડાવા માટે પત્રિકાઓ મોકલવામાં આવી હતી; જેથી બે હજાર જેટલી વિશાળ સંખ્યામાં માનવસમૂહ આ સંઘમાં જોડાયો. જાણીતા વિદ્વાન જૈનાચાર્ય પરમનિસ્પૃહિ સિદ્ધાંત મહોદધિ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં યાત્રાળુઓ અહર્નિશ ધર્મારાધન કરી રહ્યા હતા. પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર અને પૂ. શ્રી ભાનુવિજયજી ગણિવર દરરોજ ધર્મદેશનાની રેલંછેલ વરસાવતા. બંને વખત પ્રતિક્રમણ, એકાસણા, પાદવિહાર, રાત્રિભોજન ત્યાગ, ચૌવિહાર, વિશિષ્ટ જિનભક્તિ, ધર્મશ્રવણ, તીર્થાધિરાજની નવકારવાળીઓ, ખમાસમણાં આદિ અનેક રીતિએ ધર્મરક્ત યાત્રાળુઓ આરાધના કરી જીવનના સમયને સફળ કરી રહ્યો હતો. રાજસ્થાનથી પાલીતાણા આવતા સુધીના લગભગ દરેક સ્થળના શ્રી સંઘો અને જૈનેતર પ્રજાએ પણ આ યાત્રાળુઓ, સંઘવીજી અને સંઘનું ભાવભીનું સ્વાગત કર્યું અને કેટલાક સંઘોએ તથા યાત્રાળુઓએ જમણો આપીને ખૂબ ભક્તિ કરી. સંઘવીજી તરફથી પણ જુદા જુદા ધર્મકાર્યોમાં ઉદારતાથી મદદો અપાતી. શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પાલીતાણાની પેઢી તથા શ્રી સંઘ તરફથી પાલીતાણા મુકામે તા. ૮-૩-૫૯ ના રોજ પ્રભાતે ભવ્ય સ્વાગત થયું અને તા. ૧૨-૩-૫૯ ફા.સુ.૩ ના રોજ સવારના શાશ્વતા ગિરિરાજ ઉપર પુણ્યશાળી સંઘવીઓને પૂ.પા.શ્રી ૧૦૦૮ શ્રી આચાર્યદેવશ્રીના વરદ હસ્તે સંઘ માળારોપણ થયું. આ યાત્રા-સંઘમાં આવેલા યાત્રાળુઓ માટેના સામાન ફેરવવાની, તંબુઓની, જમણની, વાહન આદિની સઘળી વ્યવસ્થા સંઘવીજી તરફથી કરવામાં આવી હતી, જે આજદિન સુધીના સંઘોમાં ઘણી અનોખી હતી. સ્થળે સ્થળે ધર્મનો જયજયકાર થઈ રહ્યો. સામૈયા તથા માળારોપણના મહાપ્રસંગે અનેક જૈન આગેવાનો પાલીતાણા આવી પહોંચ્યા હતા. મહા વદ ૧૪ની વહેલી સવારે ભવ્ય સ્વાગત થયું.

શહેરવાસીઓ અને અન્ય યાત્રિકોની સંખ્યા વિપુલ હતી. જાણે માનવ સાગર ઉમટ્યો ! છેલ્લા કેટલાય વર્ષોમાં આવું સ્વાગત યોજાયું ન હતું. એમ વાતો થાય છે, સુ.૧ના મંગલ દિવસે યાત્રિકોને છ ગાઉની યાત્રા સંઘવીજીના મામા શ્રી દલીચંદજી ખડકીવાલાએ કરાવી. સિદ્ધવડ આગળ તેમના તરફથી લાડુ ગાંઠીયા ભાતામાં અપાયા. બીજા એક ભાઈએ દહીં અને પુરીથી સંઘભક્તિ કરી. ફા.સુ.બીજના બપોરે સામુદાયિક જાપનો પ્રોગ્રામ પુનાવાલા શ્રી પુનમચંદજી સંઘવી તરફથી ગોઠવાયો હતો. વંડામાં ઊભા કરેલા ભવ્ય મંડપમાં બનાવેલા પુષ્પગૃહમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા પધરાવી જાપનો પ્રારંભ કરવામાં આવ્યો. જાપ સમયે ચિત્તની એકાગ્રતા કેળવવા દરેકને સમવસરણમય નવકારનું એક ચિત્ર આપવામાં આવ્યું અને તેની સમજુતી પૂ.મુનિરાજશ્રી ભાનુવિજયજી ગણિવરે આપી હતી. કેટલાંક જાપકો એક એક નવકાર ગણી એક એક પુષ્પ પ્રભુજીને ચઢાવતા. જાપની વચમાં વચમાં પૂ. પં. ભદ્રંકરવિજયજી ગણિવર, મદ્રાસવાલા શ્રી રીખવચંદજી તથા બીયાવરવાલા હેડમાસ્તર શૌરીલાલજીના નમસ્કાર મંત્રના મહિમાને વર્ણવતા રોચક પ્રવચનો થયા હતા. રાતના શ્રી જીવતલાલ પ્રતાપશીના પ્રમુખપણા નીચે છ'રી' પાળતા યાત્રિકો તરફથી અભિનંદનનો ભવ્ય સમારંભ યોજાયો હતો. ચારે સંઘપતિ ભાઈઓને માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. શ્રી ચીમનલાલ કડીયા, શ્રી સોમચંદ ડી. શાહ, શ્રી ફુલચંદ મહુવાકર વગેરે વક્તાઓના અનુમોદનીય પ્રવચનો થયા હતા. સંગીતકાર શ્રી ગજાનનભાઈએ પ્રસંગોચિત ગીત ગવરાવ્યા હતા. ફા.સુ.૩ ને દિવસે મંગલમુહૂર્તે પૂ.આચાર્યદેવના પાવન હસ્તે સંઘમાળ પહેરાવવાની મંગલક્રીયા થઈ. ૮ માળોની ઉછામણીમાં લગભગ ૧૦૦૦૦)ની ઉપજ થઈ. પ્રથમ માળ સંઘપતિ બાબુભાઈને કોલ્હાપુર નિવાસી શ્રી હિંદુમલ જિતરાજ રાઠોડે રૂા. ૩૫૦૧)માં ચઢાવો લઈ પહેરાવી. વાતાવરણ ભારે ઉત્સાહવાળું હતું. યાત્રિકોની ચિકાર મેદની હતી. ત્યારબાદ સંઘવીએ બનાવરાવેલો સોને રસેલો ચાંદીનો મુગટ તીર્થપતિ ઋષભદેવને પહેરાવવામાં આવ્યો અને વાતાવરણ જયનાદોથી ગાજી ઉઠ્યું. તે દિવસે સંઘવી તરફથી સમગ્ર યાત્રિકોને તથા પાલીતાણાવાસી સકલ સંઘને નવકારશીનું જમણ અપાયું. અને યથોચિત દાન અપાયું. પૂ.આચાર્યદેવના પુણ્ય આશીર્વાદ પામી ૩૦ મુનિરાજોએ ચોવિહાર છઠ કરી સાત યાત્રાઓ કરી હતી. ફાગણ માસની સીતમ ગરમીમાં યાત્રાઓનું સત્ત્વ ફોરવી પ્રભુમાર્ગની અટલ શ્રદ્ધાની પ્રતીતિ કરાવી હતી. બીજા મુનિઓએ તેઓની ભક્તિનો ખડેપગે લાભ ઉઠાવ્યો હતો.

સુરેન્દ્રનગરમાં જન્મકલ્યાણકની ઉજવણી

ચરમતીર્થપતિ અરિહંત પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનના જન્મકલ્યાણકની ઉજવણી પરમ **પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની અધ્યક્ષતામાં** ચૈત્ર સુદી ૧૩ મંગળવાર તા. ૨૧-૪-૫૯ ના પ્રભાતે વિશાળ સાધુગણ તથા સાધ્વીગણ અને ભાઈ-બહેનોની વિપુલ હાજરીમાં ઉજવાયો હતો. શરૂઆતમાં શ્રી ગણિ મુક્તિવિજયજી પાઠશાળાનાં બાળકોએ મંગળ સ્તુતિ ગાઈ હતી. બાદ પૂજ્ય આચાર્ય ભગવંતે મંગળાચરણ કર્યું હતું. શ્રી સંઘના મંત્રી શ્રી બાપાલાલભાઈએ જન્મકલ્યાણકની ઉજવણીનો હેતુ સમજાવ્યો હતો તથા આજના પરમ પવિત્ર પ્રસંગે પરમ પૂજ્ય આચાર્ય ભગવંત આદિ વિશાળ મુનિગણની હાજરીથી શ્રી સંઘમાં વ્યાપેલો ઉત્સાહ અને આનંદનું વિવરણ કર્યું હતું. બાદ પૂજ્ય મુનિ મહારાજશ્રી રવિવિજયજી મહારાજશ્રીએ પ્રભુ મહાવીર દેવનાં જીવનચરિત્રમાંથી કેટલાક પ્રસંગોનું રોચક શૈલીમાં બયાન આપ્યું હતું. ત્યારબાદ પરમપૂજ્ય શ્રી ભાનુવિજયજી ગણિવર્યશ્રીએ પરમ પ્રભાવક પરમ તારક અરિહંત પરમાત્માના અચિંત્ય પ્રભાવનું વર્ણન શાસ્ત્રીય રીતે અતિ સૂક્ષ્મ રીતે તલસ્પર્શી ભાષામાં એવી રીતે આપ્યું હતું કે શ્રોતાગણ મુગ્ધ થયો હતો. ત્યારબાદ અમદાવાદથી પધારેલ શ્રી ચીમનલાલ કેશવલાલ કડીયાએ ભગવંતનાં મગ્ગદયાણં માર્ગદાતાનાં વિશેષણનું સરળ રીતે અને સમજણપૂર્વકનું ટૂંકું અને સાદું ભાષણ આપ્યું હતું. તથા જન્મકલ્યાણકનો વરઘોડો કાઢવા અપીલ કરતાં કહ્યું હતું કે એથી જૈનેતરોને આપણા પ્રભુના જન્મની ખબર પડે. આજના મંગળકારી દિવસે સાંયોગિક રીતે શ્રી સંઘના હસ્તકના શ્રી વર્ધમાન તપ ખાતાને રૂા. ૬૦,૦૦૦, સાઠ હજારની કિંમતનું આલીશાન મકાન બક્ષીસ આપ્યાની જાહેરાતને શ્રી બાપાલાલભાઈએ અરિહંતના અચિંત્ય પ્રભાવની રીતે જ અત્રે પધારેલા પૂજ્ય આચાર્ય ભગવંતના અચિંત્ય પ્રભાવરૂપે ઓળખાવેલ. ત્યારબાદ આચાર્ય ભગવંતે "સર્વ મંગલ" કહેતાં આજના પ્રસંગની ઉજવણીની પૂર્ણાહુતી થઈ હતી. બપોરના શેઠ શ્રી નાથાલાલ મોહનલાલ તરફથી શ્રી મહાવીર સ્વામિ પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી. પ્રભુજીને સુંદર અંગ રચના કરવામાં આવી હતી. રાત્રે શ્રી વાસુપૂજ્ય જિન મિત્ર મંડળે ભાવના કરી હતી.

ઉદાર સખાવત

સુરેન્દ્રનગરમાં શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ હસ્તક શ્રી વર્ધમાન

તપ ખાતું વર્ષોથી ચાલે છે. જેમાં નિરંતર આયંબિલ તપ ચાલુ જ રહે છે. વર્ષભરનાં આયંબિલ તપની સંખ્યા ૧૬,૦૦૦, સોળ હજાર ઉપરાંતની થાય છે. આવા મંગલકારી તપની વ્યવસ્થા કરવામાં પ્રતિવર્ષ મોટો ખર્ચ થાય છે, જેના કારણે સંસ્થાને આજ સુધીમાં રૂા. ૩૫,૦૦૦, પાંત્રીશ હજારનો તોટો પડ્યો હતો. શ્રી સંઘના પ્રમુખશ્રી કેશવલાલ ધારસીભાઈએ આ તોટો પૂરો કરી આપવા રૂા. ૪૦,૦૦૦, ચાલીશ હજાર અને સંસ્થાના મકાન માટે તેમનાં ધર્મ-પત્ની સ્વ. શ્રીમતી ચંચળબહેનનાં આત્મશ્રેયાર્થે અને સ્મરણાર્થે આયંબિલ ભવન માટે રૂા. ૨૦,૦૦૦, વીસ હજાર મળી કુલ્લે રૂા. ૬૦,૦૦૦, સાઠ હજારની રકમ આપ્યાની પરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીર સ્વામિ ભગવંતનાં જન્મ કલ્યાણકનાં પવિત્ર દિવસે જાહેરાત કરી, તેટલી કિંમતનું સુરેન્દ્રનગરમાં રાજમાર્ગ ઉપર આવેલ તેમનું આલીશાન મકાન શ્રી સંઘને બક્ષીસ આપેલ છે. આવી ઉદાર સખાવત અનુકરણીય અને પ્રશંસનીય છે. જૈન સમાજમાં ધર્મકરણી કરવા માટેનાં ગામેગામ અનેક પ્રશસ્ત ખાતાઓ ચાલે છે. શેઠશ્રી કેશવલાલભાઈની આ ઉદારતા સખાવતનો દાખલો લઈ ગામેગામનાં સુખી, શક્તિ-સંપન્ન ગૃહસ્થો અનુકરણ કરે તો સમાજનાં દરેક ખાતાઓ પગભર થઈ જાય અને સમાજ સુંદર રીતે ઝળહળી ઉઠે.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૮,અંક-૨૩,તા.૨૭-૨-૧૯૬૦

ચતુર્વિધ સંઘના આનંદોલ્લાસ વચ્ચે ભવ્ય સમારોહપૂર્વક થયેલું 'પરમતેજ' ગ્રંથનું યાદગાર પ્રકાશન

અમદાવાદ તા. ૨૧-૨-૬૦

(પ્રવચનકાર પૂ. પં. શ્રી ભાનુવિજયજી ગણિવરે 'શ્રી લલિતવિસ્તરા' મહાગ્રંથ ઉપર કરેલી વિવેચનાના એ પુસ્તકની આતુર હૃદયે જનતા તરફથી રાહ જોવાતી હતી તેનો ભવ્ય સમારોહ અમદાવાદ શહેરના અગ્રગણ્ય નગરશેઠ વગેરે નાગરિકો તરફથી બહાર પડેલ આમંત્રણપૂર્વક મહા વદ ૯ રવિવારે ભવ્ય રીતે ઉજવાઈ ગયો. એમાં 'શ્રુતભક્તિયાત્રા' વરઘોડો, તથા સ્થાનિક જુદા જુદા ઉપાશ્રયોના પૂ. આચાર્ય મહારાજાદિ મુનિમંડળના સાંનિધ્યમાં મુંબઈવાસી શેઠ અમૃતલાલ કાળીદાસ દોશી બી.એ. ના શુભહસ્તે ગ્રંથ પ્રકાશન વિધિની મોટી સભા વગેરે કાર્યક્રમ થયો. એમાં જે વિવિધ વક્તવ્યો થયા એના અવતરણ સાથે પ્રકાશન સમારોહનો અહેવાલ અનુમોદનાદિ અર્થે વિસ્તારથી અહીં આપવામાં આવે છે.)

વિ.સં. ૨૦૧૬ના મહા વદ ૯, તા. ૨૧-૨-૬૦, રવિવારનું પ્રભાત રાજનગર માટે રળિયામણું નીવડ્યું હતું, આજે વહેલી સવારથી જ શાસનરસિક ધર્મપ્રેમી શ્રુતારાધક સજ્જનો ઝડપથી તૈયાર થઈ **શ્રી વિજયદાનસૂરીશ્વરજી** જ્ઞાનમંદિર આગળ એકત્ર થઈ રહ્યા હતા. સહુનાં મુખ પર આનંદ અને ઉલ્લાસની રેખાઓ તરવરી રહી હતી. ત્યાં થઈ રહેલા વાર્તાલાપનો પ્રધાન સૂર એ હતો કે 'અમદાવાદે અનેક ઉત્સવ-મહોત્સવ જોયા છે, પણ આજનો ઉત્સવ, આજનો સમારોહ અનેરી કોટિનો છે.'

ગ્રંથ પ્રકાશનના કેટલાક સમારોહ આજ પૂર્વે મુંબઈમાં થઈ ગયા હતા અને પૂનામાં પણ એક એવો સમારોહ થઈ ગયો હતો, પરંતુ અમદાવાદનાં આંગણે આ સમારોહ પહેલ વહેલો હતો અને તે ઉજવવા માટે બધા પક્ષના જૈન આગેવાનોએ પોતાની ઈચ્છા પ્રકટ કરી હતી. (આ સમારોહ અંગે બહાર પડેલી પત્રિકા આ અંકમાં જુદી પ્રકટ કરવામાં આવી છે.)

આ સમારોહમાં પ્રથમથી જ દિલચસ્પી દાખવનાર **દિવ્ય દર્શન સમિતિ**ના ઉત્સાહી કાર્યદક્ષ કાર્યવાહકો ત્યાં વહેલી સવારથી જ હાજર થઈ ગયા હતા અને શ્રુતભક્તિયાત્રા નિમિત્તે જે વરઘોડો નીકળવાનો હતો તેની તૈયારીમાં ગુંથાઈ ગયા હતા.

ભવ્ય વરઘોડો :

ઘડિયાળે આઠ કલાક પર પાંત્રીશ મિનિટનો સમય બતાવતાં શાસનદેવકી જયનો મંગલનાદ થયો હતો અને વરઘોડાએ પ્રયાણ આરંભ્યું હતું. તેમાં સહુથી મોખરે શ્વેત વસ્ત્રમાં પ્રકાશન સમારોહ અંગેના અક્ષરોથી અંકિત થયેલું બોર્ડ નજરે પડતું હતું. જે સહુ કોઈને આજના મંગલ સમારોહનું સૂચન કરતું હતું અને તેમાં ભાગ લઈ કૃતકૃત્ય થવાનો મૂક આદેશ આપતું હતું. તેની પાછળ સુંદર સ્વરોથી વાતાવરણને ભરી દેતું રાજનગરનું સપ્રસિદ્ધ જિયા બેન્ડ ચાલતું હતું અને તેની પાછળ શ્વેત બ્રહ્મચારી વિશાળ મુનિમંડળ નજરે પડતું હતું. તેમાં શાન્તમૂર્તિ પૂ. આચાર્યવર્ય શ્રી મનોહરસૂરીશ્વરજી મહારાજ, પૂ. પંન્યાસજી શ્રી કાંતિવિજયજી ગણિવર, પૂ. પં. મ. શ્રી ભાનુવિજયજી ગણિવર આદિ મુનિમંડળની સૌમ્ય મૂર્તિઓ જુદી તરી આવતી હતી. તેની પાછળ સૌજન્ય સમુપેત વ્યવહાર વિચક્ષણ શ્રાદ્ધ સમુદાય ચાલતો હતો, જેમાં શેઠશ્રી અમૃતલાલ કાલિદાસ દોશી બી.એ., શેઠ રમેશચંદ્ર બકુભાઈ, શેઠ રાજેન્દ્રકુમાર માણેકલાલ, શેઠ મોહનલાલ છોટાલાલ, શેઠ સુમતિલાલ પોપટલાલ, શેઠ રમણલાલ વજેચંદ, શેઠ રમણલાલ સી. કોલસાવાળા,

શેઠ ભોગીલાલ સુતરિયા, શેઠ રતિલાલ મણિલાલ, શેઠ નરેશચંદ્ર મનસુખરામ, શેઠ ભોગીલાલ કીલાભાઈ, શેઠ છોટાલાલ ત્રિકમલાલ પારેખ, શ્રી અમૃતલાલ દલસુખભાઈ હાજી, શેઠ ચતુરદાસ ચીમનલાલ, શ. પં. શ્રી ધીરજલાલ ટોકરશી શાહ વગેરે અનેક જાણીતી વ્યક્તિઓ નજરે પડતી હતી.

તેની પાછળ ચાર શ્વેત અશ્વોથી ખેંચાતી સુંદર બગી ચાલતી હતી. આ બગીની અંદર સુશોભિત ગાલીચા નાખવામાં આવ્યા હતા અને તેની મધ્યમાં ખાસ બનાવેલી બેઠકમાં ચાંદીના મનોહર થાળમાં **પરમતેજ** ગ્રંથની કિનખાબથી બાઈન્ડીંગ મઢેલી બે પ્રતિઓ પધરાવવામાં આવી હતી, પાછળ પુષ્પની માળાઓ તથા આજુબાજુ સુગંધથી મહેંકતા સુમનોની રચના ખૂબજ મનોહર હતી અને તે ગ્રંથરાજમાં ભરેલા સત્ત્વનું ઉદ્‌બોધન કરતી હતી. આજુબાજુ બે બાળકો તેને ચામર વીંજતા હતા.

રસ્તામાં બંને બાજુ સ્ત્રી-પુરુષોની લાંબી કતારો જામી ગઈ હતી, જે આ ભવ્ય વરઘોડાનાં ભક્તિભાવે દર્શન કરીને કૃતાર્થતા અનુભવતી હતી. આ વરઘોડો રીચીરોડ-રતનપોળ થઈ નવના સુમારે શ્રી પ્રકાશ હાઈસ્કૂલના **'શ્રુતભક્તિ સમારોહ'**ના ભવ્ય મંડપમાં ઉતર્યો હતો. જે આ પ્રસંગ માટે વિશાળ વિસ્તારમાં સુશોભિત રૂપનો ખાસ ઊભો કરવામાં આવ્યો હતો.

ચતુર્વિધ સંઘની વિશાળ હાજરી :

એમાં ચણેલી પીઠની ઊંચી બેઠક પર ગોઠવાયેલી પાટો પર આચાર્ય ભગવંતો તથા મુનિરાજો બિરાજમાન હતા, જેમાં પૂ. આચાર્યશ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ., પૂ. આચાર્યશ્રી વિજયમનોહરસૂરીશ્વરજી મ., પૂ. મુનિરાજશ્રી પુણ્યવિજયજી મ., પૂ. પં. શ્રી ચરણવિજયજી મ., પૂ.પં. શ્રી વિકાસવિજયજી મ., પૂ. પં. શ્રી કાંતિવિજયજી મ., પૂ. પં. શ્રી મલયવિજયજી મ., પૂ. પં. શ્રી ભાનુવિજયજી મ., પૂ. મુનિવરો શ્રી જિતવિજયજી મ., શ્રી નિરંજનવિજયજી મ. વગેરે તથા પૂ. આ. શ્રી વિજય નીતિસૂરીશ્વરજી મ. ના મુનિપુંગવો આદિ દૃષ્ટિગોચર થતા હતા. બાજુમાં એક ઉન્નત બેઠક પર **'પરમતેજ'**ની કસબી નકલો પધરાવવામાં આવી હતી. અને તેની પાસે ચાંદીની પુતળીઓના હાથમાં ૫-૫ દીવડાની દીવીઓ તથા દશાંગ ધુપ રહ્યા હતા. નીચે એક બાજુ પૂજ્ય સાધ્વીજી મહારાજો, શ્રાવિકાગણ તથા વિશાળ સંખ્યામાં ઉપસ્થિત થયેલો શ્રાવક સમુદાય નજરે પડતો હતો. તેમાં શ્રી અમૃતલાલ કાળિદાસ દોશી, શ્રી ભોગીલાલ મગનલાલ સુતરિયા, શ્રી રતિલાલ મણિલાલ કાપડિયા, શ્રી નરેશચંદ્ર મનસુખરામ, શ્રી ભોગીલાલ કીલાભાઈ શેરદલાલ, શ્રી

રમણલાલ વજેચંદ, શ્રી છોટાલાલ ત્રિકમલાલ પારેખ, શ્રી રમણલાલ ચીમનલાલ કોલસાવાળા, શ્રી રતિલાલ નાથાલાલ શેરદલાલ, શ્રી અમૃતલાલ દલસુખભાઈ હાજી, શ્રી રતનલાલ જીવાભાઈ, શ્રી જેઠાલાલ સી. શાહ (પ્રિન્સિપાલ પ્રકાશ હાઈસ્કૂલ), શ્રી કલ્યાણભાઈ મણિલાલ, શ્રી છોટાલાલ નરસિંહદાસ ઘડિયાળી, શ્રી જીવણલાલ છોટાલાલ ઝવેરી, શ્રી મયાભાઈ લક્ષ્મીચંદ, શ્રી નરોત્તમદાસ મયાભાઈ, શ્રી નગીનદાસ ચંદુલાલ, શ્રી ચંદુલાલ મોહનલાલ, શ્રી ધીરજલાલ ટોકરશી શાહ, શ્રી હીરાલાલ મણિલાલ શાહ, ડૉ. નાનાલાલ ભાઈલાલ તથા આરાધક મંડળના સભ્યો અને બીજા અનેક મહાનુભાવોની હાજરી ખાસ ધ્યાન ખેંચતી હતી. આ રીતે આજના મંગલ સમારોહ નિમિત્તે ચતુર્વિધ સંઘ ઉપસ્થિત થયો હતો અને તેનાં મુખ પર આનંદોલ્લાસ તરવરી રહ્યો હતો.

શ્રીમદ્વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજનું મંગલ પ્રવચન :

પ્રારંભમાં શ્રીમદ્ વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજે મંગલાચરણ કર્યા બાદ પ્રવચન કરતાં જણાવ્યું હતું કે -

नमोऽस्तु हरिभद्राय तस्मै प्रवरसूरये ।
मदर्थे निर्मिता येन, वृत्तिर्ललितविस्तरा ॥

ત્રિશલાનંદન કાશ્યપ ગોત્રીય શ્રમણ ભગવાન મહાવીરે આજથી ૨૫૦૦ વર્ષ પૂર્વ શ્રી સંઘની સ્થાપના કરી હતી. આ સંઘમાં આજ સુધીમાં ઘણાં મહાપુરુષો ઉત્પન્ન થતા આવ્યા છે. જાણે એ મહાપુરુષોને ઉત્પન્ન કરવાની રત્નની ખાણ ન હોય ! એ ખાણમાં કેવાં કેવાં મહારત્નો ઉત્પન્ન થયા એ જાણીએ તો આપણે કોના વારસ છીએ તેની ખબર પડે. પરંતુ અહીં બાળકની જેમ આપણે કોનાથી શ્રીમંત છીએ તે જાણતા નથી. તેને જાણવાનું સદ્‌ભાગ્ય આવા ભવ્ય પ્રસંગોથી પ્રાપ્ત થાય છે.

આ શાસનમાં ઘણા મહાપુરુષો થયા, તેમાનાં એક શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ. તેઓશ્રીએ જૈન શાસનથી પોતાના આત્માને રંગ્યો અને આપણને રંગવા ૧૪૪૪ ગ્રંથની રચના કરી, આ કાંઈ જેવી તેવી શાસન પ્રભાવના નથી ! સામાન્ય ગ્રંથોની રચના કરવી એ બહુ કઠિન નથી, પણ એમણે જે ગ્રંથોની રચના કરી તે પ્રાભાવિક તાત્ત્વિક સયુક્તિક ગ્રંથો હતા.

જેનો નમૂનો મને દીક્ષા પછી પૂજ્યપાદ ગુરુદેવ શ્રીમદ્ વિજય નેમિસૂરીશ્વરજી મહારાજા પાસે અભ્યાસ કરતા શ્રી ધર્મસંગ્રહણી ગ્રંથથી પ્રાપ્ત થયો હતો. શ્રી ધર્મસંગ્રહણી એ ધર્મસામ્રાજ્યનું જાણે ભવ્ય લો શાસ્ત્ર ન હોય ! એથી મારું

સમ્યક્ત્વ દૃઢ થયું હતું. આના પરિશીલનથી હવે પછી ગમે તેવું સાંભળવા કે વાંચવામાં આવે છતાં ચલિત ન બનાય એવી મને ખાતરી થાય છે. તેવું જ બીજું મહાશાસ્ત્ર તે 'અષ્ટકજી,' પૂજ્યપાદ ગુરુદેવે સં. ૨૦૦૪માં પાંજરાપોળની પાટેથી સંઘ સમક્ષ તેનું વાંચન કર્યું હતું.

શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાના સાહિત્યનું જેમણે અવગાહન કર્યું છે તેમને બહુમાન થયા વિના ન રહે ! પણ તેમના ૧૪૪૪ શાસ્ત્રોમાંથી આજે જે ઉપલબ્ધ છે, તેની સંખ્યા કેટલી ? બહુ જ અલ્પ ! આજે આપણને સમષ્ટિગત તેઓશ્રીનાં જીવનને તથા તેમની કરેલી ભવ્યકૃતિઓમાંની આ એક **'ભવ્યકૃતિ'**ના પ્રકાશન સમારોહથી આપણને વિશેષ રીતે જાણવા મળશે.

શ્રીમાન હરિભદ્રસૂરિ મહારાજાના શાસ્ત્રવાર્તા સમુચ્ચય નામના ગ્રંથ પર પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે વિશાલ કલ્પલતા નામની ન્યાય-તર્કથી ભરેલી ટીકા રચી છે, જેના ઉપર મેં મુંબઈમાં ૯ થી ૧૦ હજાર શ્લોક પ્રમાણ 'કલ્પાવતારિકા' નામની ટીકા રચી છે. આજે વાચકવૃંદ તે વાંચી રહ્યો છે. હવે પ્રસ્તુતમાં શ્રી **'ललित विस्तरा'** ગ્રંથ કેટલો ઉપકારી છે તે જોઈએ. આપણે જે સૂત્રો રોજ બોલીએ છીએ, તેમાંનાં શ્રી શક્રસ્તવ (શ્રી નમુત્થુણં) સૂત્ર ઉપરની આ અર્થ ગંભીર ભવ્ય ટીકા છે. એમાં કહેલા પદાર્થોને પચાવવામાં આવે તો આપણું ચૈત્યવંદન દિનપ્રતિદિન વિશુદ્ધ બનતું જાય, અને સમ્યક્ત્વ શુદ્ધ-શુદ્ધતર જરૂર બને. પ્રશ્ન થશે કે આ ટીકાથી કોનું સમ્યક્ત્વ નિર્મળ બન્યું ? તેનો ઉત્તર એ છે કે ઉપમિતિભવ-પ્રપંચા કથાના રચયિતા શ્રી સિદ્ધર્ષિગણિનું સમ્યકત્વ આ ટીકાથી નિર્મળ બન્યું હતું. મેં પ્રારંભમાં જે શ્લોક કહ્યો, તે તેઓશ્રીએ હરિભદ્રસૂરિ મ.ની કરેલી સ્તુતિ એના શબ્દો સરળ હોવાથી અર્થ સમજી શકશો. આ શ્લોકને યાદ કરી તેના ત્રીજા પદમાં अस्मदर्थं निर्मिता... કહી તેમની સ્તુતિ કરી.

ઉપમિતિ ભવ પ્રપંચા કથાના રચયિતા શ્રી સિદ્ધર્ષિ ગણિ બૌદ્ધોની કુયુક્તિઓની જાળમાં ફસાવાથી તેમનું ચિત્ત જૈનદર્શન ઉપરથી હાલકડોલક બન્યું હતું. તેઓ જૈનદર્શન ઉપર આસ્થાવાળા બને અને પાછા બૌદ્ધદર્શનને સારું માનવા લાગે. આ પ્રમાણે ૨૧ વાર બન્યું હતું. આખરે લલિત વિસ્તરા ગ્રંથ તેમના વાંચવામાં તેઓ જૈન દર્શનની માન્યતામાં સ્થિર થયા હતા. આ કાંઈ જેવો તેવો ઉપકાર નથી, આ ઉપકારને યાદ કરવા માટે જ તેમણે ઉપમિતિ ભવ પ્રપંચા કથામાં ઉપરનો શ્લોક કહ્યો છે.

આજે આપણા ઉપર બૌદ્ધોનું આક્રમણ નથી, પણ યુરોપથી આવેલો જડવાદનો

પ્રવાહ આપણી શ્રદ્ધાને હચમચાવી રહ્યો છે. વળી અન્ય દર્શનોનો પ્રચાર પણ આપણી શ્રદ્ધાને ચલિત કરે તેવા સંયોગો ઉત્પન્ન થયા છે. આવા આ વિષમ કાળમાં પુણ્ય પ્રભાવે આપણને આ ભવ્ય કૃતિ મળે છે. તમે બધા તેનું પરિશીલન કરી શ્રદ્ધામાં સ્થિર બનો અને ચારિત્રમાં ઉજમાળ બની ઉત્તરોત્તર મંગળમાળાને વરો.

પત્રિકાનું વાચન આદિ :

બાદ શ્રી હીરાભાઈ સાબુગોળાવાળાએ પત્રિકાનું વાચન કર્યું હતું અને સંગીતકાર હીરાભાઈએ જ્ઞાનનું મહત્ત્વ દર્શાવતું ગીત મધુર કંઠે ગાયું હતું. ત્યાર પછી શ્રી બાબુભાઈ ભાઈલાલભાઈએ બહારગામથી આવેલા શુભેચ્છાના સંદેશાઓ વાંચી સંભળાવ્યા હતા. તેમાં મુંબઈથી શેઠશ્રી જીવતલાલ પ્રતાપશી, શેઠ જેઠાલાલ ચુનીલાલ, ભાવનગરથી શેઠ ભોગીલાલ મગનલાલ, શેઠ છોટાલાલ નાનચંદ, વઢવાણથી શેઠ રતિલાલ જીવણલાલ, સુરેન્દ્રનગરથી શેઠ બાપાલાલ તથા મનસુખલાલ, સ્થાનિક પ્રો. સી. બી. શેઠ વગેરેનાં સંદેશાઓ મુખ્ય હતા.

સભામાં અજબ શાંતિ જળવાઈ રહી હતી. સહુ આજના મંગલ સમારોહ નિમિત્તે પીરસાતી વાનગીનો સ્વાદ ચાખવા તત્પર બન્યા હતા. આ પ્રસંગે જૈનધર્મ આરાધક મંડળના સભ્ય શ્રી રસિકભાઈએ આચાર્યદેવ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજને વંદના કરતું નિમ્ન ગીત ભાવવાહી રાગમાં રજૂ કરતાં સર્વ શ્રોતાઓ ભક્તિ રસમાં લીન બની ગયા હતા.

શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજને વંદના :

મંગળ સમારોહ

વંદના - શ્રી હરિભદ્રસૂરિ-ગીત (રાગ-શુદ્ધ થાશે તમારો આતમા)

આજ ગાઈએ ગુણ મહા યોગીના, હરિભદ્રસૂરીશ મહા ત્યાગીના,
વિશ્વ ગગને પ્રકાશ જે વિરાગીના, **સ્વીકારો સૂરીશ્વરજી વંદના....**
વિદ્વાન પુરોહિત રાણાના, પારગામી વેદાદિ શાસ્ત્રોના,
આચાર્ય પદે જૈન ધર્મના, સ્વીકારો સૂરીશ્વરજી વંદના...
એ અનેકાંત જય પતાકા, યોગબિંદુ યોગદૃષ્ટિ પંચાશકા,
શાસ્ત્રવાર્તા સુમચ્ચય અષ્ટકા, ધર્મબિંદુ-પંચ વસ્તુ - ષોડશકા, સ્વીકારો°...
સૂત્રધાર જે ચૌદશત શાસ્ત્રના, એમાં લલિત વિસ્તરાની નામના.
જ્ઞાનપૂંજો પ્રસાર્યા તત્ત્વ માર્ગના. સ્વીકારો સૂરીશ્વરજી વંદના...

॥ णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ॥

"શ્રી લલિતવિસ્તરા" મહાગ્રંથના વિવેચનરૂપ "પરમતેજ"ના પ્રકાશનનો

મંગળ સમારોહ

સહર્ષ વિદિત કરવાનું જે વિદ્વત્ શિરોમણિ સૂરિપુરંદર ૧૪૪૪ ગ્રંથપ્રણેતા યાકિનીમહત્તરાસૂનુ **પૂ. આચાર્યદેવશ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાથી** વિરચિત **"શ્રી લલિતવિરતરા"** મહાશાસ્ત્ર ઉપર વિશદ્ વિવેચન પૂર્વકનો **"પરમતેજ"** મહાગ્રંથ ગુજરાતીમાં પૂજ્યપાદ શ્રી સિદ્ધાન્ત મહોદધિ **આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના** પરમ વિનેયરત્ન પૂ. પં. **શ્રી ભાનુવિજયજી ગણિવરે** તેઓશ્રીના ગુરુદેવની કૃપાથી ઘણો પરિશ્રમ લઈને શ્રી સંઘને આપેલી વાચના પરથી તૈયાર થયો છે, અને 'શ્રી દિવ્યદર્શન સાહિત્ય સમિતિ' દ્વારા આ **"પરમતેજ"** ગ્રંથનો પહેલો ભાગ લોકભોગ્ય અને લોકોપકારક બને તે રીતે મુદ્રિત થઈને શાસનદેવની કૃપાથી તૈયાર થઈ ગયો છે.

વિશ્વોપકારી વિશાળ શ્રી જૈન જ્ઞાનસમુદ્રમાંથી મહાપ્રયાસે સરળ ભાષામાં તૈયાર થયેલા મૌક્તિક સમા આ **"પરમતેજ"** ગ્રંથની મંગળ પ્રકાશનવિધિ સમ્યગ્જ્ઞાનના પ્રચારાર્થે તન, મન, ધનથી ઉત્સુક અને સાહિત્યસેવક મુંબઈ નિવાસી શ્રેષ્ઠિવર્ય **શ્રી અમૃતલાલ કાળીદાસ દોશી**ના શુભ હસ્તે કરવાનું નક્કી થયું છે.

આ પૂણ્ય પ્રસંગને સ્વપર હિતાર્થે ભવ્ય સમારોહપૂર્વક ઉજવવાનો અમારો મનોરથ છે અને તે માટે સં. ૨૦૧૬ના મહા વદી ૯ તા. ૨૧-૨-૧૯૬૦ રવિવારના શુભ દિને નીચે જણાવ્યા પ્રમાણેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આપ સર્વને સંઘળાયે પ્રસંગોમાં પધારવા અમારું સપ્રેમ આમંત્રણ છે.

મંગલ કાર્યક્રમ

સવારના : ૮-૩૦ વાગે શ્રી વિજયદાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિર અને પૌષધશાળાએથી "શ્રુતભક્તિયાત્રા"નો વરઘોડો શ્રીચતુર્વિધસંઘ સહિત નીકળીને રીલીફરોડ પ્રકાશ હાઈસ્કૂલના વિશાળ ચોગાનમાં ભવ્ય મંડપમાં આવશે.

સવારના : ૯ વાગે "શ્રુતભક્તિયાત્રા" મંડપમાં આવ્યા પછી ત્યાં જ "પરમતેજ"ના પ્રકાશનનો ભવ્ય સમારોહ પૂ. આચાર્ય મહારાજો શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ. તથા પૂ. શ્રી વિજયમનોહસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. શ્રી વિજય મહેન્દ્રસૂરીશ્વરજી મ. તથા પૂ. પં. શ્રી કાન્તિવિજયજી ગ. આદિ મુનિપુંગવોના

સાનિધ્યમાં વિવિધ મંગલ કાર્યક્રમોથી ઉજવાશે.

લિ.

વિમળભાઈ મયાભાઈ નગરશેઠ

કેશવલાલ લલ્લુભાઈ ઝવેરી	રતીલાલ મણીલાલ કાપડીઆ	અનુભાઈ ચીમનલાલ
રમેશચંદ્ર બકુભાઈ	ફકીરભાઈ ભગુભાઈ સુતરીઆ	ત્રિકમલાલ ડાહ્યાભાઈ
રાજેન્દ્રકુમાર માણેકલાલ	ચંદ્રકાન્ત છોલાલા ગાંધી	શંકરલાલ છોટાલાલ
કીકાભાઈ ભગુભાઈ	મોહનલાલ છોટાલાલ	છોટાલાલ નરસિંહદાસ
રતીલાલ નાથાલાલ	સુમતીલાલ પોપટલાલ	મણીલાલ પ્રેમચંદ
જીવણલાલ છોટાલાલ	ચંદુલાલ પ્રેમચંદ	ચતુરભાઈ ચીમનલાલ
નરેશચંદ્ર મનસુખલાલ	રમણલાલ વજેચંદ	હીરાલાલ મણીલાલ કાપડીઆ
નરોત્તમદાસ મયાભાઈ	રતનલાલ જીવાભાઈ	જેઠાલાલ ચુનીલાલ ઘીવાળા
ચીમનલાલ કેશવલાલ કડીઆ	મયાભાઈ લક્ષ્મીચંદ	બચુભાઈ ચીમનલાલ ઝવેરી
મોહનલાલ જમનાદાસ	હીરાલાલ મણીલાલ	બાબુભાઈ ભાઈલાલ
કાન્તિલાલ ચીમનલાલ	અમૃતલાલ દલસુખભાઈ હાજી	રસીકલાલ ભોગીલાલ
રમણલાલ ચીમનલાલ	કલ્યાણભાઈ મણીલાલ	અંબાલાલ વાડીલાલ
ચંદુલાલ ચીમનલાલ	નગીનદાસ ચંદુલાલ	ચીનુભાઈ ચીમનલાલ
ડૉ. નાનાલાલ ભાઈલાલ	છોટાલાલ ત્રીકમલાલ પારેખ	પ્રોફે. સી. બી. શેઠ
રમણલાલ જેસીંગભાઈ	ડૉ. દિનકરભાઈ એસ. દલાલ	

• • •

મંગલાચરણ - જ્ઞાનગીત (યમન આશાવરી)

મંગલમય છે આગમ વાણ. **વંદન કરીએ સમ્યગ્જ્ઞાન..**
જિન શાસનની શુભ સંસ્કૃતિ, જગમાં દિસે ઝાકઝમાલ,
પરમ પુરુષ-તત્ત્વજ્ઞાન પ્રકાશક, ભવ દરીએ તરવા સુકાન.... **વંદન૰ ૧**
આત્મા-કર્મ-મુક્તિના માર્ગો, યોગ-તપસ્યા ગુણ વૈરાગ
સ્યાદ્વાદ સિદ્ધાંત પ્રચારક, નમજો જ્ઞાની જ્ઞાન સમાન... **વંદન૰ ૨**
નિત નિત જ્ઞાનપૂજનને કરીએ, ભક્તિ શાસ્ત્રાગમ અનુસરીએ,
ગુરુ વચન પર શ્રદ્ધા ધરીએ, નમો નમો શ્રી જિનવર જગભાણ... **વંદન૰ ૩**



મહાન ગ્રંથ શ્રી "પરમતેજ"ને બગીમાં પધરાવ્યું, અને જ્ઞાનમંદિરેથી નીકળેલ વરઘોડા વખતે ખેંચેલી તસ્વીર.

અત્રે રીલીફરોડ પર આવેલ શ્રી પ્રકાશ હાઈસ્કૂલના વિશાળ ચોગાનમાં ઊભા કરેલાં ભવ્ય મંડપમાં શ્રેષ્ઠીવર્ય શ્રી **અમૃતલાલ કાલીદાસ દોશી** (બી.એ.) મહાનગ્રંથ પ્રકાશન વિધિ કરતી વખતે લીધેલી તસ્વીર

આગમ પ્રભાકર પૂ. મુનિરાજશ્રી પુણ્યવિજયજીએ ઐતિહાસિક દૃષ્ટાંત દ્વારા આ પ્રસંગનું કરેલું સમર્થન

આજે આપણે જે પ્રસંગ ઉજવી રહ્યા છીએ, એવો પ્રસંગ આગળ બન્યો હતો કે નહિ ? ગ્રંથો માટે આ જાતની પ્રાચીન પ્રણાલિકા છે કે નહિ ? તે જાણવા માટે હું પંચકલ્પ ભાષ્યનો એક પ્રસંગ રજૂ કરીશ, એ ઉલ્લેખ મહત્ત્વનો છે. અહીં પ્રાસંગિક હું એ જણાવવા ઇચ્છું છું કે જૈન સંસ્કૃતિના ઇતિહાસ પર તેમજ આગમાદિ વિવિધ શાસ્ત્રો પર જેટલી છણાવટ થવી જોઈએ, તેટલી છણાવટ હજી આપણે કરતા નથી. ઘણા પ્રશ્નો અણ ઉકેલ્યા પડ્યા છે. તે આપણે ઉકેલવા પડશે. આપણી સામે પડેલો પંથ લાંબો છે, પણ તે આપણે કાપવો જ પડશે.

સ્થવિર આર્યકાલક મહારાજા કે જે શાલિવાહન રાજાના સમકાલીન હતા, તેમનાં જીવનની આ ઘટના છે. પ્રસંગ એવો છે કે એકવાર તેઓશ્રીનો એક શિષ્ય ચાલ્યો ગયો. આથી મિત્ર સાધુએ ઉપહાસ કરતાં જણાવ્યું કે ઘણું ભણ્યા પણ એવું જ્ઞાન ન મેળવ્યું કે જેમાંથી સ્થિર લગ્ન જાણી શકાય. આ ઉપહાસ તેમને અસર કરી ગયો અને તેમણે અષ્ટાંગ નિમિત્તનું જ્ઞાન મેળવવા નિશ્ચય કર્યો. પણ એ વખતે અષ્ટાંગ નિમિત્તનું મેળવવાનું આપણામાં બંધ કરવામાં આવ્યું હતું, એટલે ધીમે ધીમે તે નષ્ટ થઈ ગયું હતું. એ જ્ઞાન હતું ગોશાલકની પરંપરામાં, તે પ્રભુ મહાવીરનો પ્રથમ શિષ્ય હતો. કંઈક તેમની પાસેથી શીખ્યો હતો અને કંઈક શ્રી પાર્શ્વનાથ ભગવાનની પરંપરાના સાધુઓ પાસેથી શીખ્યો હતો.

આ વિષયનું અધ્યયન કરીને તેમણે **'લોકાનુયોગ'** નામનો ગ્રંથ રચ્યો, તેમજ **પ્રથમાનુયોગ** નામનો બીજો ગ્રંથ રચ્યો કે જેમાં ધર્મકથા આદિની ગુંથણી થયેલી છે. આ બે મહા ગ્રંથરત્નો તૈયાર કરીને તેઓ પાટલીપુત્ર પધારે છે અને ગીતાર્થ શ્રમણ પ્રમુખ શ્રી સંઘને જણાવે છે કે મેં આ રચના કરી છે, તે તમે સાંભળો. ત્યારે સંઘ એકત્ર થઈને તેમની રચનાઓ સાંભળે છે અને તેનો ખૂબ આદર કરે છે. આ પરથી સુંદર ગ્રંથોનું સંઘદ્વારા સન્માન થતું એ હકીકત આપણને જાણવા મળે છે.

આપણું સાહિત્ય, આપણી ધર્મસંસ્કૃતિ, આપણી સંપત્તિ, આપણા આચાર વિચાર શું છે, એનો આવા પ્રસંગે ભાસ થાય છે; જેમાં મધ્યસ્થ દૃષ્ટિ બહુ જરૂરી છે, આ દૃષ્ટિના અભાવે આપણે આગમના કેટલાય અંગોની દિશાઓ ચૂકી જઈએ છીએ, ધર્મપાલકો, રક્ષકો તથા આજના તત્ત્વજ્ઞોને માટે આ એક બહુ વિચારણીય વસ્તુ છે. વિભિન્નતાને કારણે વેગળા બનવાનું થાય છે, તે આપણને ઘણું હાનિકારક છે. માટે પરસ્પર મમતા વધારી, કર્તવ્ય માર્ગને જાણીને સંઘ પ્રત્યેની ફરજ આપણે અખંડપણે જાળવીએ.

શ્રી લલિતવિસ્તરા ગ્રંથ વિવેચક
વિદ્વદ્વર્ય પં.શ્રી ભાનુવિજયજી ગણિવરનું મનનીય વક્તવ્ય

બે શ્લોકો દ્વારા શ્રી હરિભદ્ર સૂરીશ્વરજીને વંદના કર્યા બાદ પં. શ્રી ભાનુવિજયજી ગણિવરે જણાવ્યું હતું કે, પૂજ્ય હરિભદ્રસૂરિજી મહારાજાએ રચેલાં શાસ્ત્રોનું અવગાહન કરીએ છીએ, ત્યારે નીચેના શબ્દો જોવામાં આવે છે. **'हा अणाहा कहं हुंतो. जइ न हुंतो जिणागमो**- આજે જૈન આગમ ન હોત તો અનાથ એવા અમારું શું થાત ?' તેમ આપણને પણ એમના શાસ્ત્રરત્નોની ભેટ જોતાં તેઓશ્રી માટે એવા જ શબ્દો ઉચ્ચારવાનું મન થાય છે કે **'हा अणाहा कहं हुंता, जइ न हुंता हरिभद्दो'**- જો શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ન હોત તો અનાથ એવા અમારું શું થાત ?

બીજા દર્શનોમાં યોગના ધ્યાનના વગેરે અનેકાનેક ગ્રંથો સાંભળીએ છીએ. પરંતુ બારમા દૃષ્ટિવાદ (૧૪ પૂર્વ) સિવાયના અંગ-ઉપાંગમાં એ પદ્ધતિની વસ્તુ નથી દેખાતી. અલબત્ત, નિર્ગ્રંથ માર્ગ અને સામાયિક યોગ વગેરેની વાતો મળે છે, બાકી તો ચૌદ પૂર્વોમાં સર્વ વિદ્યાઓ, તત્ત્વો વગેરેનો ભંડાર હતો. પરંતુ એ વિચ્છેદ પામ્યો હતો, શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ પૂર્વ વિચ્છેદની નજીકના કાળના હતા. તેમણે એ પૂર્વોનાં મળેલા જ્ઞાન ઝરણાં લઈ વિવિધ વિષયો પર ગ્રંથ રચના કરી, કે જેના આધારે આજે આપણે અન્ય દર્શનો સામે બરાબર વિજેતાની અદાથી ઊભા રહી શકીએ છીએ.

ખૂબીની વાત છે કે આવા મહાન શાસ્ત્રો રચનાર ધુરંધર આચાર્ય પૂર્વાવસ્થામાં બ્રાહ્મણ હતા. પરંતુ શ્રી ઇંદ્રભૂતિ ગૌતમ, તેમજ દશવૈકાલિક સૂત્રની રચના કરનાર શ્રી શય્યંભવસૂરીશ્વરજી મહારાજા પણ પૂર્વાવસ્થામાં બ્રાહ્મણ ક્યાં ન હતા ?

"દિવ્ય-દર્શન" - **"शासन प्रभावना"** વર્ષ-૮,અંક-૨૪, તા.૫-૩-૧૯૬૦

ચતુર્વિધ સંઘના આનંદોલ્લાસ વચ્ચે ભવ્ય સમારોહ પૂર્વ થયેલું
'પરમતેજ' ગ્રંથનું યાદગાર પ્રકાશન

આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજ ચિતોડના રાણાના વિદ્વાન પુરોહિત હતા. તે વખતે તેમણે આઠ વ્યાકરણોનો અભ્યાસ કર્યો હતો, આપણે તો એક વ્યાકરણનો અભ્યાસ કરતાં અકળાઈ જઈએ છીએ, ત્યારે આઠ આઠ વ્યાકરણો અભ્યાસ કરનારે કેટલી ધીરજ અને કેટલી ખંત દાખવી હશે ? તેઓ વેદાદિ અન્ય શાસ્ત્રોના પણ

પ્રકાંડ વિદ્વાન હતા, તેથી એમ માનતા હતા કે કોઈ પણ બાબત એવી નથી કે જે હું સાંભળીને સમજી ન શકું. **જો સમજી ન શકું તો સમજવા તેનો ગુલામ થઈ જાઉં.'**

એક વખત તેઓ સાધ્વીજી મહારાજના ઉપાશ્રય આગળથી જતા હતા. ત્યાં પૂજ્ય સાધ્વીજી મહારાજ સંગ્રહણીની ગાથા ગોખતા હતા.

चक्कीदुगं हरिपणगं, केसव चक्की य केसवो चक्की ।
केसव चक्की य केसव, चक्की केसवो य चक्की ॥

તેઓ આ ગાથાંનો અર્થ સમજ્યા નહિ, મનને થયું કે આ 'ચક્કી-ચક્કી' અવાજ શું આવે છે ? એટલે અંદરજ ગયા. સાધ્વીજીને પ્રણામ કર્યા અને બોલ્યા કે આ 'ચક્કી ચક્કી' શું કરો છો ? તેનો અર્થ કાંઈ સમજાતો નથી, માટે અર્થ સમજાવો' સાધ્વીજીને લાગ્યું કે આ કોઈ જિજ્ઞાસુ યોગ્ય આત્મા લાગે છે, પણ જૈન શાસનની પ્રણાલિકા મુજબ ગુરુ અર્થ આપે, એટલે વિનય ધર્મનું પાલન કરતા તેમણે આચાર્ય મહારાજનું સ્થાન બતાવ્યું.

આગળ પર જ્યારે તેઓ વિદ્યાના મદમાં હતાં, ત્યારે એક વખત રસ્તે ચાલતાં તોફાની હાથી સામે મળ્યો, એટલે બાજુમાં આવેલા જિનમંદિરમાં ચડી ગયા. ત્યાં વીતરાગની મૂર્તિ જોઈ. પરંતુ મિથ્યાત્વનો કેફ હતો, એટલે મૂર્તિની સામે જોઈને કહ્યું કે,

मूर्तिरेव तवाचष्टे स्पष्टं मिष्ट भोजिताम् ।
नहि कोटरसंस्थेऽग्नौ तरुर्भवति शाड्वलः ॥

દેવ ! તારી લષ્ટ પુષ્ટ મૂર્તિ કહે છે કે તું મિષ્ટાન્ન ઊડાવતો હોઈશ, ઝાડનાં પોલાણમાં અગ્નિ હોય તો ઝાડ લીલુંછમ હોય નહિ, એમ તારામાં ત્યાગ તપસ્યા હોય તો આ પુષ્ટતા ન હોય.

આવું કહેનારે સાધ્વીઓની શાંતમુદ્રા, જ્ઞાનધ્યાનની મસ્તી અને સંયમના આચાર સાથે વિનયાદિ ગુણો જોયા એટલે ભારે આકર્ષણ થયું. ખૂબ મંથન થયું. તેઓ ગુરુમહારાજ પાસે ચાલ્યા. શ્રમણોના મુકામની પાસે એજ જિનમંદિર આવ્યું. ત્યારે તેઓ વીતરાગની મૂર્તિને જોઈને બોલ્યા-

मूर्तिरेव तवाचष्ठे स्पष्टं वीतरागताम् । તારી મૂર્તિ સ્પષ્ટપણે વીતરાગપણું જ કહે છે. કેમકે સ્ત્રીનો સંયોગ નથી, હાથમાં શસ્ત્ર નથી વગેરે.

ગુરુ મહારાજ કહે છે કે સાધુ થઈ કમસર ભણો, એટલે બધું સમજાશે. અને સત્યના પીપાસુ એવા એ વિદ્વાન બ્રાહ્મણ પુરોહિત જૈન શ્રમણની દીક્ષા અંગીકાર

કરે છે. ગુરુ મહારાજ પાસે બહુ અલ્પ સમયમાં જ્ઞાન મેળવે છે અને ભવ્ય ક્ષયોપશમને લીધે તેનો ખૂબ વિસ્તાર કરે છે. આ રીતે તેઓ ધુરંધર શાસ્ત્રકાર બને છે. તેમણે દર્શનના, તર્કના, યોગના આચારના, ઇત્યાદિ અનેકાનેક વિષયના શાસ્ત્રો રચ્યા છે. તેજ રીતે નમોત્થુણં સૂત્ર કે જેને શક્રસ્તવ અથવા પ્રણિપાત દંડક સૂત્ર કહે છે, તેનાં પદેપદમાં ભરેલા જ્ઞાનનો ખ્યાલ આપવા માટે તેના પર **'ललितविस्तरा'** નામની વૃત્તિ રચી છે. આ વૃત્તિમાં જૈન શાસનની અવનવી-અપૂર્વ વિશિષ્ટતાઓ, જીવન ઉત્થાનની તાત્ત્વિક ભૂમિકાઓ વગેરે સુંદર રીતે બતાવી છે. આ બધું સુંદર મઝેનું લલિત છે, વિસ્તારથી છે. માટે ગ્રંથનું નામ **'ललितविस्तरा चैत्यवंदन वृत्ति'** રાખેલું છે.

તેમણે રચેલી યોગબિંદુ, ષોડષક, પંચાશક, ધર્મબિંદુ: અનેકાંત જયપતાકા, શાસ્ત્ર વાર્તા સમુચ્ચય એવા કેઈ કેઈ ગ્રંથો આજે મોજુદ છે. ૧૦૦-૧૫૦ વર્ષ પૂર્વે શ્રાવક સંઘમાં જ્ઞાનની રુચિ-જ્ઞાનનો સ્વાધ્યાય વિશેષ પ્રમાણમાં હતો. તે અત્યારે નથી. પૂર્વે સાધુઓને કાગળ લખતા, તેમાં તત્ત્વના પ્રશ્નો પૂછાતા. દા.ત. પૂજાઓના રચનાર પં. પદ્મવિજયજી મહારાજ પર કાગળ આવેલો, તેમાં પ્રશ્ન પૂછાયેલો, છે કે 'મોક્ષ ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયે થાય કે અનંતર સમયે ?'

આપણે ત્યાં ગ્રંથોનો અદ્‌ભુત ખજાનો છે. આગમ ગ્રંથો ભણવાનો અધિકાર તો સાધુ-સાધ્વી કે જેમણે યોગોદ્‌વહન કર્યું હોય તેમને જ છે. પરંતુ શ્રાવક જે ગ્રંથો વાંચવાના અધિકારી છે, તેવા ગ્રંથો પણ ઘણા છે. તે ગ્રંથો વાંચો-વિચારો તો સંસારમાં અનાસક્ત યોગીની ઝાંખી અનુભવી શકો, શુભ પરિણતિ, તત્ત્વરુચિ વગેરેથી કર્મબંધ ઘણો હળવો પડે.

લલિત વિસ્તરા પર વિવેચન કરવાનું પસંદ કર્યું, તેનાં મુખ્ય કારણો બે છે. આ લલિત વિસ્તરામાં અરિહંત ભગવંતની શી શી વિશેષતા ? તે સમજાવી શકાય અને બીજું જૈન દર્શનની કેવી કેવી ખૂબીઓ છે, તેનો મુમુક્ષુઓને સારી રીતે ખ્યાલ આપી શકાય, મુનિઓ તથા વર્તમાન કેળવણી લીધેલા વકીલ, ગ્રેજ્યુએટ વગેરેએ ૧૦-૧૦ મહિના સુધી આ ગ્રંથની વાચનાનો લાભ લીધો હતો અને તેમાં જે વિવેચન થયું હતું, તેમાંથી આ પરમતેજ નામનો ગ્રંથ ઉદ્‌ભવ્યો છે. ગુજરાતી ભાષામાં આ ગ્રંથનો એક ભાગ હાલ તૈયાર થયો છે. તેનું શ્રેય શ્રી અરિહંત પરમાત્મા, શ્રી હરિભદ્રસૂરિજી મહારાજા અને વર્તમાનમાં મળેલા તારક ગુરુદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની કૃપા તથા આવા આચાર્ય ભગવંતો શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ., શ્રી વિજય મનોહરસૂરીશ્વરજી મ. વગેરેની શુભેચ્છા

શુભાશિષોને ફાળે જાય છે. પૂજય પુરુષોની અપરંપાર કૃપાને લીધે જ આવું કંઈક થઈ શક્યું છે. બાકી મારી જાત જોતાં ગજુ લાગતું નથી.

જો મુમુક્ષુઓ પૂર્વાચાર્યના રચેલા આવા ગ્રંથનું સારી રીતે અધ્યયન અધ્યાપન કરે તો તેઓ વીતરાગ અને તેમનાં શાસનને સારી રીતે ઓળખી શકે તથા ઘણાં કર્મ બંધનથી બચી આત્માના ઉર્ધ્વીકરણ માટે પુરુષાર્થ આદરી શકે અને એ રીતે માનવજીવનને સફળ કરી શકે એજ.

વીતરાગ પરમાત્માની વાણી, અનંત કલ્યાણ કારિણી, જે ભવ્યાત્મા પોતાના જીવનમાં ઉતારશે, તેનું કલ્યાણ થશે. એવી વાણીનું પ્રકાશન કરતાં કાંઈ અન્યથા બોલાયું હોય તેનો મિચ્છામિ દુક્કડં.

• સાહિત્યવારિધિ શતાવધાની પં. શ્રી ધીરજલાલ ટોકરશી શાહનું પ્રેરક પ્રવચન :

અમદાવાદનાં આંગણે આજરોજ મંગલ પ્રસંગ ઉપસ્થિત થયો છે. મંગલ એટલા માટે કે તે જ્ઞાનવૃદ્ધિ પ્રત્યે દોરી જનારો છે, શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં મંગ એટલે કે ધર્મને લાવે તેને મંગલ કહ્યાં છે. એ અર્થમાં આજનો પ્રસંગ ખરેખર મંગલમય છે.

આવા પ્રસંગો યોજાવાથી આપણી શ્રુતભક્તિ જવલંત બને છે, આપણે સત્ય સમજતા જઈએ અને સત્યને સમર્પિત થવાનું બળ પ્રકટતાં ચારિત્રને ઉજજવલ કરી ઉત્તરોત્તર આગળ વધી શકીએ છીએ, એટલે જે મહાનુભાવોએ આ પ્રસંગની યોજના કરી છે, તેમને ધન્યવાદ આપું છું.

આચાર્ય પુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજનો જૈનસંઘ પર, ખાસ કરીને જૈન શ્વેતામ્બર સંઘ ઉપર ઘણો ઉપકાર છે, કારણ કે સંઘની માન્યતાને પુષ્ટ કરનારા ઘણાં વિધાનો તેમાં મળે છે. પરંતુ અફસોસની વાત છે કે આપણે તેમનાં પ્રત્યેનું ઋણ અદા કર્યું નથી, આજે કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીના નામથી સભા ચાલે છે, પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીનાં નામ સાથે અનેક સંસ્થાઓ સંકળાયેલી છે, પણ પૂજય હરિભદ્રસૂરિજીનાં નામની એક પણ સંસ્થા આપણે ઊભી કરી નથી.

જે મહાપુરુષે આપણને ૧૪૪૪ ગ્રંથોની ભેટ કરી. તત્ત્વના મૌલિક ગ્રંથો આપ્યા, બીજી પણ અનેક બાબતમાં યોગ્ય દોરવણી આપી. તેમને આપણે આ રીતે ભૂલી જઈએ તે કેમ પરવડે ? હું તો ઈચ્છું કે શ્રી હરિભદ્રસૂરીશ્વરજીનાં નામ સાથે સંકળાયેલી એક એવી સાહિત્ય સંસ્થા હોવી જોઈએ કે જેમાં શ્રી હરિભદ્રસૂરીશ્વરજીના તમામ ઉપલબ્ધ ગ્રંથોનો, તેમજ તેના પરની વૃત્તિઓ ચૂર્ણિઓ-ટીકાઓ, વિવેચનોનો સંગ્રહ હોય, અને યોગ્ય ભવ્યાત્માઓને તે ગ્રંથોનો અભ્યાસ

કરવાની પૂરી સગવડ હોય. જૈન સંઘ ધારે તો આ કામ મુશ્કેલ નથી, તેણે આવું કંઈક કરીને સૂરીશ્વરજી પ્રત્યેનું પોતાનું ઋણ અદા કરવું જોઈએ.

શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહાન યોગી હતા, વિદ્યાના પારગામી હતા, તત્ત્વજ્ઞાની હતા અને મધ્યસ્થતાની મૂર્તિ હતા. તેમને આપણે જેટલી શ્રદ્ધાંજલિ સમર્પીએ તેટલી ઓછી જ છે.

તેમના સમયમાં બોદ્ધોનું ખૂબ જોર હતું. તેમની કુયુક્તિઓથી ભલભલાના મન પોતાના સિદ્ધાંતોથી ચલિત થઈ જતા અને બૌદ્ધ મત પ્રત્યે ઢળી પડતા. એ વખતે તેમણે અનેક શાસ્ત્રો પૈકી એક **લલિતવિસ્તરા** નામનો મહાન ગ્રંથ રચ્યો અને તે લોકોની શ્રદ્ધાને સ્થિર કરવામાં કારણભૂત બન્યો. આ લલિતવિસ્તરા ગ્રંથ ચૈત્યવંદનનાં સૂત્રો પર વિવેચન રૂપ છે. તેમાં તેમણે એ સૂત્રોમાં રહેલું અર્થગૌરવ અનેરી છટાથી પ્રકાશ્યું છે. આ ગ્રંથ મુદ્રણ યુગમાં પૂજ્યશ્રી સાગરાનંદસૂરિજી દ્વારા પ્રકટ થયો અને મારા જોવામાં આવ્યો, ત્યારે થોડા વાંચન પરથી જ લાગ્યું કે તે અદ્‌ભુત કોટિનો છે, પણ તેનું યથાર્થ અધ્યયન કરાવે કોણ ? તેના પર કોઈ સુંદર સરળ ગુજરાતી વિવેચન થાય એવી ભાવના મારા મનમાં પ્રકટી હતી. તે ભાવના આજે પૂરી થાય છે, એટલે મારા હૃદયમાં આનંદની અવનવી ઉર્મિઓ ઉઠે એ સ્વાભાવિક છે.

અરિહંત ભગવાનનું સ્વરૂપ કેવું છે ? તેમના ચૈત્યની વંદના-પૂજન શા માટે કરવી ? વગેરે જૈનદર્શનની અનેકાનેક વિશેષતાઓ પૂર્વક આ ગ્રંથમાં સમજાવવામાં આવી છે અને તેથી આ ગ્રંથ મૂર્તિપૂજક જૈનો માટે પ્રાણ સમાન બન્યો છે. પ્રત્યેક મૂર્તિપૂજક જૈને આ ગ્રંથ વાંચવો-વિચારવો જોઈએ અને સારી રીતે પચાવવો જોઈએ. હું આગળ વધીને એટલું કહીશ કે જેણે આ ગ્રંથ બરાબર વાંચ્યો વિચાર્યો નથી તે સાચા અર્થમાં મૂર્તિપૂજક શી રીતે બની શકે ?

આવા એક અપૂર્વ તર્કપૂર્ણ તાત્ત્વિક ગ્રંથ પર ગુજરાતી ભાષામાં સુંદર વિવેચન કરનાર પૂ.પં. મહારાજશ્રી ભાનુવિજયજી ગણિવરનો અહીં ટૂંક પરિચય આપું તો યોગ્ય જ લેખાશે.

સંસારીપણે કૉલેજમાં કોમર્સના વિષયો વડે અભ્યાસ કર્યા પછી વિ.સં. ૧૯૯૧માં તેઓશ્રીની દીક્ષા થઈ અને તેઓ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના શિષ્ય થયા. જ્ઞાનાભ્યાસમાં આગળ વધતાં વધતાં તેઓ આજે જૈન શાસનના એક મહાન પ્રભાવક વક્તા અને વિવેચક બન્યા છે. તેઓશ્રીને સં. ૨૦૧૨માં ગણિપદ અને સં. ૨૦૧૫માં પંન્યાસપદ અર્પણ કરાયેલું છે. તેઓશ્રીએ

ગુરુકૃપાથી ન્યાયના વિષયમાં ખૂબ જ પરિશીલન કરીને વેદાંત, સાંખ્ય, બૌદ્ધ, યોગ, મીમાંસા ઇત્યાદિ દર્શનમાં પણ સારું અવગાહન કર્યું છે. તેઓ દર્શન શાસ્ત્રોના ગમે તે ।। અઘરા વિષયોને સરળ બનાવી શકે છે, અને તેનો લાભ શિષ્ય સમૂહને તથા આપણને મળી રહ્યો છે.

એમના ગ્રંથ સર્જનમાં શ્રી **'પંચસૂત્ર'** કે જેના ઉપર શ્રી હરિભદ્રસૂરિ મ.ની વૃત્તિ છે તેના ઉપર ગુજરાતી ભાષામાં પાંચે સૂત્રો ઉપર પ્રકાશ પાથરી, એ ગ્રંથનું નામ **'ઉચ્ચ પ્રકાશના પંથે'** રાખી બહાર પાડવામાં આવ્યો હતો. જે આજે અલભ્ય છે. **શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય પીઠિકા,** જેમાં યોગની 'આઠ દૃષ્ટિ' ઉપર ભૂમિકા સુધી પ્રગટ થયું છે. **'નિશ્ચય અને વ્યવહાર'** ઉપર એક મોટો નિબંધ પ્રકાશિત થયો છે, જેમાં એકાન્ત નિશ્ચય દૃષ્ટિ કે વ્યવહાર દૃષ્ટિથી થતી લાભ-હાનિનો ખ્યાલ કરાવવામાં આવ્યો છે. **અમૃતક્રિયાના દિવ્ય** માર્ગે આના ઉપર નિબંધ પ્રગટ થયો છે, જેમાં અમૃતક્રિયાની સમજ અદ્‌ભુત રીતે ટુંકમાં કરાવવામાં આવી છે. **'પ્રકરણદોહન'**મા ૪ પ્રકરણ, ત્રણભાષ્ય અને પ્રથમ કર્મગ્રંથના પદાર્થોનો આબેહૂબ ચિતાર રજૂ કરી આંખ સામે પદાર્થો તરવરે એ રીતે રજૂઆત કરી છે. તેમજ બીજા પણ **'ગંગા પ્રવાહ'** - જેમાં જાહેર પ્રવચનો છે. 'વાર્તા વિહાર' જેમાં સુંદર ઉપનયને જીવનમાં ધરાવતી રસમય બોધક કથાઓ છે. **'પ્રીતની રીત'** તથા **'પ્રભુનો પંથ'** આ બે નાના નિબંધો શ્રી આનંદઘનજીનાં પ્રથમ બે સ્તવનો ઉપર સુંદર રીતે આલેખાયા છે, તેમજ **'પ્રેરણા'** (હિન્દી તથા ગુજરાતી) જેમાં તેઓશ્રીનાં પ્રવચનનાં માર્મિક વચનોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. **'પળમાં પાપની પેલે પાર'** એમાં શ્રાવકના ૧૪ નિયમોની સમજુતિ આપવામાં આવી છે. હિન્દી પુસ્તકમાં શ્રાવકના ૧૨ વ્રતોનું સંક્ષેપમાં વર્ણન કરવામાં આવેલ છે. તેમજ સમરાઈચ્ચ કહાના પ્રથમભવ શ્રી **'ગુણસેન અને અગ્નિશર્મા'** એ વિષયનો સુંદર કથા ગ્રંથ એમના વૈરાગ્ય રસથી તરબોળ વ્યાખ્યાનો રજૂ કરાયો છે. અને આજે તેઓશ્રીનો ગ્રંથ **'પરમતેજ' યાને લલિત વિસ્તરા વિવેચન** જાણે એઓશ્રીના ૨૫-૨૫ વર્ષોથી પરિશીલન કરેલાં ન્યાયના નિચોડ રૂપે ન હોય તેમ યુક્તિદલીલોથી ભરપૂર, દાર્શનિક સમીક્ષાપૂર્વક બન્યો છે કે જે આપણને તેના વાંચનથી જણાઈ આવશે. તેઓશ્રીની અધ્યયન કરાવવાની પદ્ધતિ કોઈ અનોખી છે. વિદ્યાભ્યાસીને ટૂંકમાં સુંદર રીતે તે તે વિષયમાં કેળવી શકે છે.

શિક્ષક તરીકેનું કાર્ય તેઓ બહુ સુંદર રીતે બજાવી શકે છે. મગજમાં જાણે ફોટો ન પડતો હોય તેવી ચાવીઓ બતાવી વિષયને હળવો બનાવી દઈ સારી રીતે માર્ગદર્શન આપી શકવાની શક્તિ મેં તેમનામાં નિહાળી છે.

તેઓશ્રીની દેશનામાં વૈરાગ્ય તથા ભક્તિરસનો અદ્‌ભુત પ્રવાહ વહે છે, આત્માર્થી માટે તેઓશ્રીના શબ્દો બહુ જ પ્રેરક હોય છે, જેના પ્રતાપે આજ સુધીમાં લગભગ ૫૦ જેટલા મુમુક્ષુ આત્માઓ તો એમની પાસે ચારિત્રના મહાપંથે પરિવર્યા છે.

લલિતવિસ્તરા જેવા એક અર્થ ગંભીર મહાન ગ્રંથ પર વિવેચન કરવાની તેમની કેટલી યોગ્યતા છે તે દર્શાવવા માટે મેં આટલો ટૂંક પરિચય અહીં આપ્યો છે.

આ ગ્રંથનાં પ્રકાશન માટે દિવ્ય દર્શન સાહિત્ય સમિતિએ મુંબઈમાં વસતા સાહિત્ય રસિક શેઠશ્રી અમૃતલાલ કાલિદાસ દોશીને આમંત્રણ આપીને ખાસ અત્રે બોલાવ્યા છે, તેમનો પણ ટૂંક પરિચય આપવો યોગ્ય સમજું છું.

શ્રી અમૃતલાલ કાળીદાસ દોશી જામનગરના વીસા શ્રીમાળી જૈન કુટુંબમાં જન્મેલા છે. તેમણે સને ૧૯૧૮માં સંસ્કૃતના વિષય સાથે બી.એ.ની ડિગ્રી મેળવી હતી. ત્યાર પછી તરત જ તેઓ મુંબઈ આવ્યા હતા અને પાંચેક વર્ષ પરચુરણ નોકરી કરી રંગ અને રસાયણના ધંધામાં કામ કરતા સને ૧૯૪૦થી અમૃતલાલ એન્ડ કું.ના તેઓ મેનેજિંગ ડીરેક્ટર છે. તેઓ એક નામાંકિત ઉદ્યોગપતિ વેપારી તરીકે કાઠિયાવાડ કલર કું. લી., અજિત ઇન્વેસ્ટમેન્ટ કું. લી., કેમોકસ કું. વગેરે નાની મોટી અનેક વેપારી પેઢીઓ ચલાવી રહ્યા છે, અને ૧૯૫૪માં તેમણે અમર ડાયકેમ કું.લી. નામથી કલ્યાણ પાસે રંગનું એક મોટું કારખાનું ઊભું કરેલું છે.

પરંતુ તેઓ ઉદ્યોગપતિ કે શ્રીમંત છે, માટે તેમને આ પ્રસંગે બોલાવવામાં આવ્યા નથી, તેઓ પોતાના અનેકવિધ વ્યવસાયોમાં પણ પ્રાચીન વિદ્યાને ભૂલ્યા નથી, ધંધામાં લાગ્યા પછી પણ પંડિત રાખીને સંસ્કૃત વ્યાકરણમાં આગળ વધ્યા છે અને પુસ્તકોનો સંગ્રહ કરતા જ રહ્યા છે. આજે જ્યારે તેમના શિર પર અનેક સંસ્થાઓના ભાર છે. ત્યારે પણ તેમનો ધર્મ-યોગ-મંત્રના ગ્રંથોમાં વ્યાસંગ જરાયે ઘટ્યો નથી તેઓ ઘણો વખત તેમાં લીન રહે છે.

તેમણે નાની મોટી અનેક સખાવતો કરેલી છે અને સામાજિક કાર્યોમાં પણ સારો રસ લઈ રહ્યા છે, તેઓ આણંદજી કલ્યાણજીની પેઢીના એક પ્રતિનિધિ છે, મુંબઈ જામનગરી સંઘના પ્રમુખ છે. અંધેરી જૈન સંઘના પણ એક મુખ્ય ટ્રસ્ટી છે. સને ૧૯૫૨માં શ્રી જૈન સંઘમાં ઐક્ય સ્થાપવા અને જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સને સંઘ સંસ્થા બનાવવાના ઉદ્દેશથી તેના તેઓ પ્રમુખ થયા હતા. ત્યારબાદ તિથિચર્ચાનો નિર્ણય લાવવા માટે મુંબઈમાં નીમાયેલી નવની કમિટીમાં પણ હતા અને અમદાવાદ

ડેપ્યુટેશન લાવવામાં પણ તેઓશ્રીનો સાથ હતો.

યોગ, મંત્ર અને શબ્દાર્થ એ એમના પ્રિય વિષયો છે. સમ્યગ્જ્ઞાન રસિકતા, ધર્મસેવા વગેરે એમની યોગ્યતાને ધ્યાનમાં લઈને જ તેમને આજના પ્રસંગે નિમંત્રણવામાં આવ્યા છે, એમ હું માનું છું અને આ કાર્ય તેમના હાથે સુંદર રીતે પાર પડશે એવી આશા રાખું છું. હવે તેઓશ્રીને આ ગ્રંથનું પ્રકાશન કરવાની વિનંતી કરું છું.

• વિદ્યાપ્રેમી સાહિત્યસેવક શેઠશ્રી અમૃતલાલ કાલિદાસ દોશીનું પ્રવચન :

શ્રી હરિભદ્રસૂરીશ્વરજીના એક મહત્ત્વના ગ્રંથનું ગુજરાતી ભાષામાં પૂ. પં. મહારાજશ્રી ભાનુવિજયજી દ્વારા ગુજરાતી ભાષામાં વિવેચન થયું અને તેને આજે મારા હાથે ગ્રંથરૂપે પ્રકાશિત કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો તેને હું મારું સદ્ભાગ્ય સમજું છું. આવું સદ્ભાગ્ય પ્રાપ્ત થતું હોવાથી જ ઘરમાં બીમારી હોવા છતાં હું અહીં આવ્યો છું, મેં કંઈ દિવસોથી સ્વપ્નાં સેવ્યા હતા કે શ્રી હરિભદ્રસૂરિજીના મહત્ત્વના ગ્રંથોના સુંદર અનુવાદ અને વિવેચન ક્યારે થશે ?

આજે તેમણે રચેલાં ૧૪૪૪ પુસ્તકોમાંથી ૮૮ જેટલાં જ મળે છે. આ બાબતમાં મેં થોડા વખત પહેલાં જ શ્રી ઈન્દ્રસૂરિજી મહારાજને પૂછ્યું હતું કે, બીજા ગ્રંથો ક્યાં ગયાં ? તેમણે કહ્યું તમારી ઉપેક્ષામાં ગયાં. પરંતુ આનંદની વાત છે કે આજે આપણે એ ઉપેક્ષા છોડીને જાગ્રત થયા છીએ અને તેમણે ઉપેક્ષા દૂર કરવા ભારપૂર્વક કહ્યું હતું, આગળ તેમણે કહ્યું કે,

શ્રી હરિભદ્રસૂરિજીનું નામ સાંભળતાં જ તેઓ એક મહાન કથાકાર, આચાર સંશોધક, તત્ત્વચિંતક અને યોગાભ્યાસી તરીકે આપણી નજર સમક્ષ ખડા થાય છે. આ બધી દૃષ્ટિએ તેમનો વિચાર કરવા જેટલો અહીં સમય નથી. પણ હું તેમનાં જીવનના એક મહાન મધ્યસ્થતા ગુણને યાદ કરવા ઇચ્છું છું કે તેઓએ બૌદ્ધ-સાંખ્યાદિ દર્શનોની સમીક્ષા કરવા છતાં **'શાસ્ત્ર વાર્તા સમુચ્ચય'** ગ્રંથમાં એ દર્શનો પાછળની પ્રશસ્ત ભાવના વ્યક્ત કરી છે.

લલિતવિસ્તરા ગ્રંથમાં નમોત્થુણં સૂત્ર પરનું વિવેચન છે. આ સૂત્રે મને પણ ખૂબજ આકર્ષ્યો છે અને તેના અંગે મેં એક મંત્ર તૈયાર કરાવ્યો છે, આ મંત્રનું તેમણે ચિત્ર બતાવ્યું હતું અને તેમાંની ગોઠવણી વિષે કેટલીક સમજૂતી આપી એ વિષેની પોતાની ભાવનાઓ દર્શાવી હતી. એમણે અહીં નમોત્થુણંના પદોમાં અરિહંતના અતિશય વગેરે કેવી રીતે ચિંતવી શકાય તે દર્શાવ્યું હતું.

ત્યારબાદ અરિહંત દેવની ભક્તિમાં પ્રાર્થનામાં અપૂર્વ બળ રહેલું છે, એમ

પોતાના અનુભવ પરથી જાહેર કર્યું હતું, તથા જણાવ્યું હતું કે આજે આપણે East એટલે પૂર્વમાં મહાપુરુષો શું કહી ગયા એટલો જ વિચાર કરીએ એ બસ નથી. West એટલે પશ્ચિમમાં મહાપુરુષોએ કહેલું અમલમાં શી રીતે મૂકી શકીએ તેનો વિચાર આજે વિશેષ કરવામાં આવે છે, આ બાબતનું એક દૃષ્ટાંત તેમણે નીચે પ્રમાણે આપ્યું હતું.

એક મોટરના કારખાનાનો વેપારી ઘણો વૈભવશાળી હતો. તેનો પગનો અંગુઠો ખરાબ થયો. તેથી એ ન ઊભો થઈ શકે કે ન ચાલી શકે. અંગુઠો ખૂબ દુઃખ્યા કરે. ઘણા ઉપચાર કર્યા, પણ વેદના ઓછી થઈ નહિ. પછી તેણે મિત્ર એવા એક પાદરીને વાત કરી. પાદરીએ કહ્યું 'પ્રાર્થના કર' તો તારો અંગુઠો સારો થઈ જશે. વેપારી પ્રાર્થના કરવા લાગ્યો. 'હે જીસસ ક્રાઇસ્ટ ! હું મારી મોટર જેને આપું છું તેને મોટરના પાર્ટસ અમુક વર્ષ ચાલશે તેવી ગેરંટી આપું છું; ત્યારે તેં મને જે શરીર આપીને મોકલ્યો છે, તેને લગતી ગેરંટી પૂરી કેમ કરતો નથી ? મહેરબાની કરીને મારો અંગૂઠો સારો કર. મારા શરીરનાં પાર્ટસ તું જ આપી શકે' આ રીતે પ્રાર્થના કરી તે સૂઈ ગયો. સવારે કંઈક ઠીક લાગ્યું, એટલે બીજે દિવસે પણ પ્રાર્થના કરી ત્યારે વધારે સારું લાગ્યું. આથી તે પાદરી પાસે ગયો. પાદરીએ કહ્યું 'હજી તું પ્રાર્થના કર' ત્રીજે દિવસે પણ તેણે પ્રાર્થના કરી અને એકદમ સારું થઈ ગયું. અરિહંતની પ્રાર્થનાનો પણ એ જ પ્રતાપ છે કે તે અનિષ્ટ ટાળી ઈષ્ટ સિદ્ધિ કરી આપે છે. પૂજ્યશ્રી પંન્યાસજી મહારાજે પરમતેજમાં દાર્શનિક વાતોને સુંદર રીતે છણી છે. વિચાર કરીને વાંચશો તો બરાબર સમજાશે.

મને આ ગ્રંથનું પ્રકાશન કરવાની જે તક આપી તે માટે આભારી છું. અહીં મારે જણાવવું જોઈએ કે શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજનો મારા પર બહુ મોટો ઉપકાર છે. હવે હું આ ગ્રંથનું પ્રકાશન જાહેર કરું છું.

(૧) પ્રકાશન વિધિ કર્યા બાદ ગ્રંથને લઈ શ્રી અમૃતલાલ કાલીદાસ દોશી (બી.એ.) પૂજ્ય આચાર્યો મહારાજાઓની પાસે વાસક્ષેપ નખાવવા જઈ રહ્યા છે.

(૨) જેઓશ્રીની પુન્યનિશ્રામાં ભવ્ય સમારોહ ઉજવાયો; તે પૂ.આ.દેવ શ્રીમદ્ વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પૂ.આ.દેવશ્રી વિજયમનોહર સૂરીશ્વરજી મહારાજ સાહેબ, પૂ.આ.દેવશ્રી મહેન્દ્રસૂરીશ્વરજી મ. સાહેબ, પૂ.પં.શ્રી કાન્તિવિજયજી ગણિવર્ય તથા પૂ. મુનિરાજશ્રી પુણ્યવિજયજી મ.સા. આદિમુનિવરોની લીધેલી તસવીર.

• ગ્રંથ પ્રકાશન અને પ્રિન્સિપાલ જે.સી. શાહનું પ્રવચન :

ત્યારબાદ તેમણે 'પરમતેજ' ગ્રંથ પર ઢાંકેલો મખમલનો રૂમાલ ખુલ્લો કરી પ્રકાશન જાહેર કર્યું. દ્રવ્ય અને વાસક્ષેપથી જ્ઞાનપૂજન કરી આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી, આ. શ્રી વિજય મનોહરસૂરીશ્વરજી આદિ પૂજ્યોનો સ્વ શિરે વાસક્ષેપ લીધો.

• તે પછી પ્રકાશ હાઈસ્કૂલ અને કૉલેજના **પ્રિન્સિપાલ શ્રી જેઠાલાલભાઈએ** વક્તવ્ય કરતાં કહ્યું કે 'આજનો પ્રસંગ વિરલ અને ઐતિહાસિક છે. જ્ઞાનની આરાધનાનો મહાપાવક પ્રસંગ છે. જૈનશાસનના મહાન જ્યોતિર્ધર પૂ.આ. શ્રી હરિભદ્રસૂરિ વિરચિત શ્રી લલિત-વિસ્તરા, મહાગ્રંથ પરની વિવેચના પૂ.પં. શ્રી ભાનુવિજયજી ગણિવરે અથાગ શ્રમ લઈ તૈયાર કરી છે; તે **'પરમતેજ'** નામે આજે પ્રસિદ્ધિ પામે છે. આ ગ્રંથમાં શક્રસ્તવ અથવા નમુત્થુણંની વિશદ વિચારણા છે.

આ સ્તવનો પ્રધાન ઉપયોગ ચૈત્યવંદનમાં કરાય છે. કોઈપણ સૂત્રનો ઉપયોગ જ્યારે ક્રિયાકાંડમાં થતો હોય ત્યારે તેમાં રહેલા રહસ્યો સમજવા જોઈએ. એ સમજથી શ્રદ્ધા એટલી બળવાન બને છે કે ભાવોલ્લાસમાં અનેરી ચમક દેખાય છે... આ મહાગ્રંથ ન્યાયસમૃદ્ધ સંસ્કૃત ભાષામાં છે. તેમાં ડગલે ડગલે તર્ક છે, શબ્દે શબ્દે ગંભીરતા ગૂઢતા છે, પાને પાને પારિભાષિકતા છે... આપણા જેવા અલ્પજ્ઞ માનવીઓ માટે એની સરળ ભાષામાં વિવેચના હોય તો જ એનું રસપાન કરી શકીએ, અને એ દ્વારા જિનશાસનનું રહસ્ય પામી શકીએ. એ કાર્ય પૂજ્ય પંન્યાસ પ્રવરે કરી મહાન ઉપકાર કર્યો છે.

એમ કહી પછી એમણે આવા ગ્રંથ સમજવા માટેની બાળપણથી તાકાત કેળવવા સારુ તપ, સંયમ, રાગવિરાગના આંતરસંગ્રામ, ક્ષમા, કરુણા વગેરેની પ્રાચીન જૈન વીરોની કથા-ઘટનાઓથી બાળકોના મન ભરી દેવા પર ભાર મૂક્યો

હતો. એમણે કહ્યું, જગતવારસાની અગણિત અપાર સામગ્રી જૈન સંપ્રદાયના પટારમાં પડી રહી છે. જૈન ઈતિહાસની આ સર્વ સુગંધિ જગતભરમાં ફોરવવાની જરૂર છે. કેળવણીના પુસ્તકોમાં હિન્દુ-મુસ્લિમ-બુદ્ધ-ખ્રિસ્તી વગેરેની કથાઓ મળે અને જૈનવીરોની ન મળે તેથી જનતા જૈનધર્મ વિષે જૂઠા ખ્યાલમાં રહી છે... જગતભરના સાહિત્ય ખજાના કરતાં એક **જૈન કથા સાગરનો ખજાનો પણ અતિવિપુલ અને પ્રાણવાન છે...** આપણા બાળકોને પોતાના જ સાહિત્યની ખબર નથી ત્યાં એ બીજા પાસે તેની મહત્તા ક્યાંથી ગાવાનો ?...વગેરે કહી પ્રાંતે કહ્યું કે અમારી આ પ્રકાશભૂમિ આવા જ્ઞાનોત્સવથી સભર રહી છે... મહાત્માઓના આગમને વધુ પાવન બની છે. આવા અનેક પુણ્ય પ્રસંગો અહીં જોવાના મળે એ અભ્યર્થના સાથે વિરમું છું.

● **અન્ય પ્રવચનો અને પૂર્ણાહૂતિ :** ત્યારબાદ વકીલ શ્રી છોટાલાલ ત્રિકમલાલ, શ્રી રેવાશંકરભાઈ તથા આર.સી. શાહે ટૂંકા ભાષણો કરી આ પ્રસંગને પોતાની શ્રદ્ધાંજલિઓ સમર્પિત કરી હતી અને છેવટે સમર્થયોજક શાસનસુભટ શ્રી ચીમનલાલ કેશવલાલ કડિયાએ આ પ્રસંગને ગૌરવ ભરેલો જણાવી સાહિત્ય સર્જન મુનિરાજો કરે અને પ્રકાશન-પ્રચાર માટે ગૃહસ્થો વ્યવસ્થિત સંસ્થા યોજના કરે એ આજની પળે કેટલું બધું જરૂરી છે એ અંગે પોતાના મનનીય વિચારો પ્રકટ કર્યા હતા. પ્રસંગોપાત પૂ. શ્રી સાધ્વીજી સંસ્થા અંગે સંઘની મોટી જવાબદારી પર પ્રકાશ પાડ્યો હતો. તે પછી પૂજ્ય આચાર્ય ભગવંતો, મુનિરાજો, આમંત્રિતો, સ્વયંસેવકો તથા પ્રકાશ હાઈસ્કૂલનું પટાંગણ વાપરવા દેવા માટે શ્રી જેઠાલાલભાઈનો આભાર માન્યો હતો અને 'શાસનદેવકી જય'ના ઘેરા નાદો વચ્ચે પ્રકાશન-સમારંભ પૂર્ણ થયો હતો.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૮,અંક-૩૪,તા.૧૪-૫-૧૯૬૦

પિંડવાડામાં ઉજવાયેલ અભૂતપૂર્વ શ્રી અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ

ઊલટી પડેલી હજારોની માનવમેદની - પિંડવાડા નગરમાંથી વર્ધમાન નગરમાં પલટો - ૧૧૬ શ્રમણ ભગવંતોનાં દર્શન - કલ્યાણકોની ભવ્ય ઉજવણી

આજે જ્યારે વિશ્વ અનેકવિધ યાતનાઓમાંથી પસાર થઈ રહ્યું છે. જાહેર સંતાપ વ્યાકુળતા અને અશાંતિ અનુભવી રહ્યું છે. ત્યારે એમાંથી એનો ઉદ્ધાર કરવા માટે પરમાત્માની ઉપાસના અને આધ્યાત્મિક અનુષ્ઠાનો જ સમર્થ છે. વિલાયત

જેવા દેશોમાં પણ ઈશ્વરની પ્રાર્થના કરવા દ્વારા અમુક અમુક આપત્તિ દૂર થઈને શાંતિ મળવાના ચમત્કારિક પ્રસંગો બની ચૂક્યા છે. પરમાત્માની એ ઉપાસના કરવાનો ભવ્યાતિભવ્ય પ્રસંગ સિરોહી પાસેના પિંડવાડા નગરે પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં ઉજવાઈ ગયો. અહીં પ્રતિષ્ઠા બાવન જિનાલયોનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. અને તેમાં પધરાવવાના જિનબિંબોમાં દેવત્વ સ્થાપિત કરવાની ભવ્ય અંજનશલાકા વિધિ તથા પ્રતિષ્ઠા વિધિ ઉજવવાનું શ્રી સંઘે નક્કી કર્યું. પૂ. આચાર્યદેવને એ માટે પધારવા વિનંતી કરી અને જૈન સંઘના બાહોશ કાર્યકર શ્રીયુત ચીમનલાલ કેશવલાલ કડીયાને મહોત્સવનું આયોજન કરવાનું સુપરત કરવામાં આવ્યું. એમની દેખરેખ નીચે કુશળ આર્ટીસ્ટો, પેઈન્ટરો, મંડપ બાંધનારાઓ વગેરેને રોકીને વર્ધમાન નગરની યોજના કરવામાં આવી. છ હજાર માણસ એકી સાથે પાટલા ઉપર બેસી જમી શકે એવો વિશાળ **ભરત-વાટિકા** નામનો સુંદર આલિશાન મંડપ, એવો જ વિશાળ દેવભવન જેવો વિવિધ કાર્યક્રમ માટેનો **સંપ્રત્તિ સભા મંડપ,** ૩૫ ફૂટ ઊંચો મેરુપર્વત, સમોવસરણ તથા બીજી આર્દ્રકુમાર, ઈલાચિકુમાર આવ્યા સૌ પિંડવાડા, મેઘરથ રાજાની દયા, ઋજુવાલુકા નદી તટે કેવળજ્ઞાન, શ્રી શંખેશ્વર મંદિર વગેરે ૧૦ રચનાઓનો **કુમારપાલ ઉદ્યાન,** ઈત્યાદિ ખડા કરવામાં આવ્યા. આખા નગરમાં શેરીયે શેરીયે સુશોભિત દરવાજા, ધ્વજ, તોરણો, પાણીની પરબ, વિશ્રામ મંડપોથી નગરને શણગારી દેવામાં આવ્યું.

ઉત્સવ-૧૩ દિવસનો હતો. પૂ. આચાર્યદેવ પ્રેમસૂરીશ્વરજી મહારાજ, પૂ. આચાર્યશ્રી વિજય યશોદેવસૂરિ મ., પૂ. પં. શ્રી માનવિજયજી, પૂ. પં. શ્રી હેમંતવિજયજી મહારાજ, પૂ. પં. શ્રી ત્રિલોચન વિજયજી મ., પૂ. પં. ભાનુવિજયજી મહારાજ, પૂ. પં. પદ્મવિજયજી મ. સા. આદિ વિશાલ પરિવાર સાથે નગર પ્રવેશ કર્યો. ત્યારે ભવ્ય સ્વાગત સ્વામિવાત્સલ્ય કરવામાં આવ્યું પછી પણ જેમ જેમ પૂજ્ય પંન્યાસ શ્રી કાંતિવિજયજી મ., પૂ. પં. ચિદાનંદ વિ. મ., પૂ. પં. શ્રી ભદ્રંકર વિ. મ., પૂ.પં. મલય વિ. મ., પૂ. પં. મુક્તિવિજયજી મ., પૂ. પં. હિમાંશુ વિ. મ. વગેરે પધાર્યા તેમ તેમ સંઘે ભારે ઉલ્લાસથી સ્વાગત કર્યું. ઉત્સવમાં હજારો માણસોની સરભરા માટે હજારો નવા થાળ, વાટકા-વાસણો, ગાદલા, ગોદડા વગેરેની ગોઠવણ કરવામાં આવી. દિગ્કુમારી, ઇંદ્ર-ઈન્દ્રાણીઓના નવા નવા વેશ-મુગટ, આભૂષણો કરાવાયા. ભોજન-સમિતિ, ઉત્સવ સમિતિ, સ્વાગત સમિતિ, ક્રિયા સમિતિ, વરઘોડા સમિતિ, સંરક્ષણ સમિતિ, જલ સમિતિ, પ્રકાશ સમિતિ વગેરેની યોજના થઈ. સ્થાનિક અને બહારના સ્વયંસેવક મંડળો તથા કેસરીયા ગણવેષમાં બેનોનું સ્વયંસેવિકા મંડળ યોજાયું.

ઉત્સવ માટે સંગીતકારો શ્રી હીરાભાઈ, ગજાનનભાઈ અને તેમનો સાજ તથા શ્રી ચતુરભાઈની આગેવાની નીચે અમદાવાદનું પ્રસિદ્ધ જૈન આરાધક મંડળ, શામળાની પોળવાળા શ્રી સુભદ્રાબેનની શ્રાવિકા ટોલી, નાંદિયા જૈન બેન્ડ, સ્થાનિક બેન્ડ, સુરતના પ્રસિદ્ધ રઝાક બેન્ડ, દેશી વાદ્ય બેન્ડ, બે હાથી, બે ચાંદીના રથ, બે ઇંદ્ર ધ્વજા, ગાડીઓ વગેરે, શિવગંજ યુવક મંડળ, નાંદિયા યુવક મંડળ, વગેરેને આમંત્રવામાં આવ્યા.

ઉત્સવના મહિના પૂર્વે સંઘે નિર્ણય લીધો કે કોઈને કલેશ, શોક, રોકકળ, વગેરે કરવા નહિ અને મંગળ ગીતો શરૂ થઈ ગયા. કંકોત્રીઓ લખવા પૂર્વે ૧૩ દિવસની પૂજાઓ, સાધર્મિ વાત્સલ્યો અને છ દિવસની નવકરાશીઓ તથા પ્રતિષ્ઠા દિવસની ફૂલે ચુંદડી જૈન-જૈનેતર આખા નગરને જમણની ઉછામણી અપાઈ. સૌ-કોઈ આતુર હૃદયે ઉત્સવની રાહ જોવા લાગ્યા. ચૈત્ર વદ ૧૧ થી ઉત્સવનો મંગળ પ્રારંભ થયો. કુંભ સ્થાપન અને અખંડ દીપક સ્થાપનની ભવ્ય વિધિ ઉજવાઈ. વ્યાખ્યાન, બપોરે પૂજા, રાત્રે ભાવના થઈ. પછી ક્રમસર રોજ પૂજાઓ, ભાવના ગીતો, નંદ્યાવર્તના પૂજન, દશ દિક્પાલ, નવગ્રહ, અષ્ટમંગલ પૂજન, સિદ્ધચક્ર પૂજન, વીસ સ્થાનક પૂજન, વગેરેની ભવ્ય ઉજવણી. ચૈત્ર વ. ૦)) ચ્યવન કલ્યાણકની ભવ્ય ઉજવણી અર્થે પૂર્વ દિવસોમાં છપ્પન દિગ્કુમારીઓ, ૬૩ ઈન્દ્રો, ભગવંતના માતા-પિતા બનવાની ભવ્ય ઉછામણીઓ થઈ. કાર્યક્રમમાં ઇંદ્ર સિંહાસન કંપ, ભગવંત સ્તુતિ, માતાને ૧૪ સ્વપ્ન, પિતાને સ્વપ્ન નિવેદન વગેરે ઉજવાયું બપોરે વરઘોડો નીકળ્યો.

વૈ. સુદ ૧ અધિક ઉલ્લાસદાયી જન્મ કલ્યાણક ઉજવાયું. ૫૬ દિક્કુમારીઓના આગમન, ત્રણ કેળના ઘર સૂતિકર્મ કર્યા પછી 'હૈયાં હેલે ચઢ્યાં' નું ગીત, વગેરે વિધિ થઈ. ઈન્દ્રનો દેવોને આદેશ. મેરુપર્વત ઉપર પાંચ રૂપે પ્રભુને લઈ જવાનો વિધિ અતિ ભવ્ય ઉજવાયો, ઈન્દ્ર-ઈન્દ્રાણિઓના પ્રભુને મેરુ પર અભિષેકોનું દશ્ય અલૌકિક હતું. પછી પિતા રાજાનો જન્મોત્સવ વગેરે ઉજવાયું. બપોરે અદ્ભુત વરઘોડો નીકળ્યો. **બીજના દિને** નિશાળ ગણણું ત્યાં ઈન્દ્રે આવી પ્રભુની ઓળખ કરાવી. પંડીતની માફી વગેરે થયું. છોકરાઓને સ્લેટો, નોટો, પેનો, પેન્સિલ વગેરે વહેંચ્યા પછી લગ્નનો વરઘોડો તથા લગ્નની વિધિ ઉજવાઈ. બપોરે ભવ્ય રાજ્યારોહણ થયો. અમદાવાદના ચંદ્રકાન્તભાઈ તથા રતિલાલ તથા રોહીડાના બાળ મંડળની નૃત્યવિધિ ગીતો વગેરે થયા. પછી નવ લોકાંતિક દેવોએ પ્રભુને ધર્મતીર્થ પ્રવર્તાવવા વિનંતી કરી.

ત્રીજના દિવસે સવારે દીક્ષા વરસીદાનનો ભવ્ય વરઘોડો નીકળ્યો. ઠેઠ સ્ટેશન દેરાસર પાસે ઉતર્યો, પ્રભુજીની ત્યાં દીક્ષા વિધિ ઉજવાઈ. શ્રી શાંતિનાથ પ્રભુ અંજનવિધિમાં મુખ્ય હોઈ ચક્રવર્તીના મહાન વૈભવનો ત્યાગ વગેરેની સમજુતી અપાઈ અને દીક્ષાવિધિ જોતા લોકો ગદ્‌ગદ થયા હતા. એ પછી પૂ. આ. શ્રીમદ્‌ પ્રેમસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. આ. શ્રી યશોદેવસૂરીશ્વરજી મહારાજ રાતના અધિવાસના વિધિ તથા કેવળજ્ઞાન પ્રાકટ્ય અંજનવિધિ કરી. બીજી બાજુ પ્રભુ મંદિરમાં પ્રભુ સ્થાપન, ધ્વજદંડ, કલશ ધજા વગેરેની બોલીઓ બોલાઈ. ધજા લહેરાવવાની ઉછામણીઓએ તો લોકોને દંગ કરી નાખ્યા. ચોથના દિવસે કેવળજ્ઞાન કલ્યાણક તથા નિર્વાણ કલ્યાણક ઉજવાયું. સ્ટેશનના ભવ્ય દેરાસર તરફ ભવ્ય વરઘોડો નીકળ્યો. ત્યાં પ્રતિષ્ઠા અષ્ટોતરી સ્નાત્ર વગેરે અભૂતપૂર્વ ઉજવાયું. આ મંદિર ભાઈ રતનચંદજી હીરાચંદજી તથા ખૂબચંદજી અચલદાસજીએ બંધાવ્યું અને ઉત્સવ પણ એમણે કર્યો. પાયમના દેરીઓમાં પ્રતિષ્ઠા ધજા વગેરેની ઉછામણીઓ અપાઈ. પૂજા વરઘોડો વગેરે નીકળ્યો. ગગનમાંથી મેઘરાજાએ પણ જળવૃષ્ટિથી આનંદ લહેરાવ્યો.

વૈશાખ સુદ ૬ સવારથી ઉલ્લાસના પૂર વધી ગયા. અસાધારણ જનમેદનીના ધસારાના હિસાબે બાવન જિનાલય મંદિરમાં માત્ર ઉછામણી બોલનારાઓના ત્રણ-ત્રણ જણને પ્રવેશ અપાયો છતાં ઠઠ જામી, પૂ. આચાર્યદેવશ્રીના પરિવારમાંથી લગભગ ૧૦૦ શ્રમણ ભગવંતોને દરેક દેરીએ દેરીએ ને ધ્વજ દંડે મુકરર કરવામાં આવ્યા અને બરાબર સ્ટા-ટા-૧૦-૪૭ ના શુભ લગ્ને પ્રભુજીના પ્રતિષ્ઠા અને કળશ ધ્વજદંડ સ્થાપના તથા ધ્વજારોપણ થયા. રાતના ભાવના પછી ઈનામો ને અભિનંદનોનો ભવ્ય મેળાવડો થયો. સાતમના સવારે દ્વાર ઉદ્‌ઘાટન વિધિ થયો. પ્રતિષ્ઠા પ્રસંગે લગભગ-૨૫૦૦૦ - પચીસ હજાર માણસ એકત્રિત થયું. ડઝનેક ભવ્ય વરઘોડા નીકળ્યા. વિદ્યુતથી હાલતી ચાલતી દશેક રચનાઓનું આકર્ષણ અજબ હતું. રઝાક બેન્ડનું ગદ્યપદ્ય સંગીતમય વાહન, વરઘોડામાં જૈન ધર્મ આરાધક મંડળના ઝીલાવાતા ગીતો અને ધૂનો, બેનોમાં અમદાવાદની શ્રાવિકા ટોળીના ગીત-ગાન. પૂ. પં. શ્રી ભદ્રંકર વિ. મહારાજ તથા પૂ. પં. મુક્તિ વિ. મહારાજના વ્યાખ્યાનો, નગરની સ્વર્ગ-શોભા, જમણમાં પાંચ પકવાન્ન વગેરેના વિવિધ ભોજન, પુણ્યમૂર્તિ આચાર્યદેવો, ૧૦ પંન્યાસ પ્રવરો અને ૯ બાલ મુનિઓ સહિત કુલ ૧૧૯ મુનિવરોના દર્શન, ઉછામણીઓમાં અપૂર્વ ઉદારતા, ઈત્યાદિના ભારે આકર્ષણો હતા. સ્થાનિક નાના મોટાઓ શ્રીમંત અને કેળવાયેલા સુધ્ધાએ સંઘ જમ્યા પછી થાળીઓ ઉપાડી લેવા સુધીની અદ્‌ભુત સેવા ભક્તિ બજાવી હતી. બધીય ક્રિયાવિધિ

પૂ. પં. શ્રી ત્રિલોચનવિજયજી મ. ની દેખરેખ નીચે અમદાવાદના પ્રસિદ્ધ વિધિકારક શ્રી કાન્તિભાઈ સવચંદે કરી.

એકંદરે આખોય મહોત્સવ અભૂતપૂર્વ ઉજવાયો અને એમાં ભાગ લેનારાને જીવનનું એક કાયમી અનુમોદનાદાયી સંભારણું બની ગયું.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૯,અંક-૨૨,તા.૧૧-૨-૧૯૬૧

● **સીલદર :** પૂ. ગુરુદેવશ્રી આચાર્ય ભગવાન વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબની પવિત્ર અને પ્રભાવવંતી છાયામાં શેઠશ્રી રૂગનાથજી અને મોટાજી તરફથી **ઉપધાન રંગેચંગે ચાલી રહ્યા છે.** સવા ચારસો લગભગ આરાધકો છે. જીવો ભદ્રક હોઈ વ્યાખ્યાનની વચમાં વચમાં ઉઠીને અનેક પ્રકારના નિયમ-પચ્ચકખાણ લે છે. અઠ્ઠમો, પાંચ પાંચ ઉપવાસ, અઠ્ઠાઈ નવ ઉપવાસ વગેરે તપ થયા. કોઈને જીવનભર અમુક સમય માટે બિનજરૂરી બોલવું નહિ, અમુક અમુક વિગઈત્યાગ, આરંભ-સમારંભ ત્યાગ, ઉપધાનમાં પણ ઘી ત્યાગ, ગોળ-સાકર ત્યાગ, પાંચ વિગય ત્યાગ, ઓછામાં ઓછું આંબેલ, જીવનભર બ્રહ્મચર્ય, તિથિના બ્રહ્મચર્ય, ૫૦૦ આંબેલ અને નવ લાખ નવકાર ૨-૩-૫-૭-૮-૧૦ વર્ષમાં કરી આપવા, વગેરે વગેરે નિયમો લેવાયા. ઉપધાનના ૧૦૦ લોગસ્સના કાઉસ્સગ્ગ ઉપરાંત ૫૧ લોગસ્સ ૨૫-૨૦ વગેરે લોગસ્સના કાઉસ્સગ્ગ તથા રોજ ૨૦ ને બદલે ૪૦ બાંધી નવકારવાળી ગણવાના પણ નિયમો થયા. ઉપધાન કરાવનાર ભાગ્યશાળીઓ તરફથી સુંદર ભક્તિ થઈ રહી છે. પૂ. આચાર્યદેવશ્રીનો શાસનરાગ, પુણ્ય પ્રભાવ અને સંઘ વાત્સલ્ય અજબ છે. દિલ્હી સીલેક્ટ કમિટીની બેઠક વખતે મુનિઓમાં રોજ ઉત્કૃષ્ટ આંબેલ અને સાડાબાર હજાર જાપ શરૂ કરાવેલા. અત્રે ઉપધાનની માળા ફા.વ.૭ ના રોજે છે. પૂ. મુનિરાજશ્રી મતિધનવિજયજી મ. ના સંસારી પુત્ર બાબુભાઈ છોટાલાલ ઘીવાળા એમના નાના ભાઈ કુમારપાળ તથા બેન મંજુલાને દીક્ષા આપવા માટે પહેલા નંબરે મુંબઈ અને બીજા નંબરે વિસનગર પધારવા પૂ. આચાર્યદેવને ભારે આગ્રહભરી વિનંતી કરી ગયા છે.

સિરોડીમાં ઉજવાયેલ અભૂતપૂર્વ પ્રતિષ્ઠા મહોત્સવ

પરગણાના હજારો જૈનેતરોએ પણ હાજરી આપીને અનુભવેલી ધન્યતા. ભગવાન ગોડી પાર્શ્વનાથના પ્રાચીન વિશાલબિંબની તીર્થસમા ભવ્ય પ્રાસાદમાં પ્રતિષ્ઠા

આબૂની પાછલી તળેટી અણાદરાથી છ માઈલ દૂર સિરોડી નામનું પ્રાચીન ગામ છે. ગામના અલંકાર સમું સેંકડો વરસો જૂનું જિનમંદિર ત્રેવીસમા તીર્થપતિ પાર્શ્વનાથ ભગવાનના ભવ્ય વિશાળ પ્રતિમાથી અધિષ્ઠિત હતું. મંદિર જીર્ણશીર્ણ થઈ ગયું હતું. બીજી બાજુ એક હસ્તક દેવદ્રવ્ય વગેરે ધર્મ ક્ષેત્રના જૂના વહીવટની ચોખવટ નહોતી. વિ.સં. ૨૦૦૧માં પૂ. મુનિરાજશ્રી કેવળવિજયજીના શુભ પ્રયત્નથી એ ચોખવટ થઈ તથા મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનું નક્કી થયું. આની સારી અસર પહેલી તો સંઘની આર્થિક સ્થિતિ પર થઈ. સંઘનો દિનપ્રતિદિન ઉદય થતો ગયો મંદિરનો જીર્ણોદ્ધાર શરૂ થયો.

ગઈ સાલ પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરિજી મહારાજ વિહાર કરતાં અત્રે પધાર્યા. સ્થાનિકસંઘની ધાર્મિક પરિસ્થિતિ તપાસવાની એમની વિશિષ્ટ દયાનુસાર અત્રે પૂછપરછ ચાલી. પ્રમાદના કારણે ધર્મના કામ સીદાતા જોઈ એમણે સંઘને જોરદાર પ્રેરણા આપી. પરિણામે સંઘ ઉત્સાહિત થઈ ચોમાસું કરવા વિનંતી કરી અને પ્રતિષ્ઠા મુહૂર્ત જોઈ આપવા માંગણી કરી. સં. ૨૦૧૮ ના માગશર સુદ ૬ નું મુહૂર્ત નક્કિ કરવામાં આવ્યું. ચોમાસા માટે ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજને આગ્રહ ભરી વિનંતી કરતાં પ્રતિષ્ઠાનું મહાન કારણ જાણી, પૂ. મુનિરાજશ્રી રત્નાંશુવિજયજી તથા શ્રી ચદ્રાંશુવિજયજીને અત્રે ચોમાસા માટે મોકલ્યા.

ચોમાસામાં પર્યુષણા પછી સંઘે પ્રતિષ્ઠા મહોત્સવ અતિભવ્ય ઉજવવા તડામાર તૈયારી કરવા માંડી. એક મહિનો કારીગરોને રાખી મંડપ, દરવાજા, રચનાઓ, લખાણબોર્ડો વગેરે તૈયાર કરવામાં આવ્યા. બીજી બાજુ સંઘની સભામાં બોલીઓ બોલાઈ. ખૂબી એ હતી કે અનેક ભાગ્યવાનોએ અદ્‌ભુત મોટી રકમોથી ઉછામણી લીધી. એક મહાનુભાવે તો પાંચ હજારની મૂડીમાંથી ૪ હજાર ખર્ચ્યા.

બાદ પ્રતિષ્ઠા અંગે આમંત્રણ પત્રિકા ભારતભરમાં પહોંચાડવામાં આવી. કા.વ. ૧૧ થી ભવ્ય ઉત્સવ શરૂ થયો. પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ, પૂ. પંન્યાસજી મહારાજો શ્રી મલયવિજયજી, શ્રી ત્રિલોચનવિજયજી, શ્રી

ભાનુવિજયજી, શ્રી રવિવિજયજી અને વિશાળ મુનિમંડળ, તથા સાધ્વીજી મહારાજોના પાવન પગલાં થયા. તેથી સંઘમાં અનેરો ઉત્સાહ વ્યાપી ગયો. પૂ.આ.શ્રી વિજયયશોદેવસૂરીશ્વરજી મ. ટાઈફોઈડ તાવની બિમારીના કારણે ન પધારી શકવાથી એટલી ખોટ રહી ગઈ. બાકી સંઘની ઉત્સવ-યોજના અનેરી દીપી ઉઠી. કા.વ. ૧૧ થી મહોત્સવના મંગલ ગીત ગાજતા થઈ ગયા. લોકોના આનંદ ઉત્સાહના પૂર ઉભરાયાં. રોજ નવનવી પૂજાઓ ભાવના તથા પ્રતિષ્ઠા વિધિના અનુષ્ઠાનો સુંદર રીતે ઉજવવા માંડ્યા.

સીરોડી નગરમાં પ્રવેશ નાકે, ગલીઓના નાકે વિશાલરંગીન થાંભલા અને કમાનવાળા દરવાજાં ખડા કરવામાં આવ્યા હતા. એમાં જિનમંદિરની ગલીના દરવાજા પર ટકોર ખાનાનાં નાદ ગગનમાં ગાજી રહ્યા હતા. આખા નગરમાં ધજા પતાકા તોરણો તથા પ્રત્યેક જૈનના ઘરને નવા રંગરોગાન અને સ્વાગત ચિહ્નો તથા સિરોહીના સ્પેશીયલ ઈલેક્ટ્રીક મશીનથી સેંકડો વિજળીક દીવાની રોશની વગેરેએ દેવપુરીની શોભા સર્જી દીધી હતી.

સુરતના પ્રખ્યાત રઉફ બેન્ડના માઈકમાંથી ગાજતા સૂરીલા સંગીતમય વાજિંત્રનાદ લોકોનાં કલેજા તર કરી દેતા. કુલ્લે પાંચ વરઘોડા નીકળ્યા. વરઘોડામાં બે હાથી, બે ચાંદીના રથ, વરકાણાના પ્રખ્યાત ઘોડા, વિશાળ મુનિગણ, સાધ્વીજી મહારાજ, પુરુષ વર્ગ સાજન તથા સ્પેશીયલ કાચની પેટીઓમાં શોભતા ૧૪ સ્વપ્નાં સાથે શોભતો શ્રાવિકાવર્ગ આ બધી શોભા જોવા રસ્તાની બંને બાજુ સ્થાનિક અને આજુબાજુના ગામોમાંથી ઉતરી પડેલ હજારોની માનવમેદનીની લાંબે સુધી ઠઠ જામેલી રહેતી. દિવસના અને રાત્રે પણ બેન્ડના મ્યુઝીક સાંભળવા લોકો નગરના વિશાળ રસ્તાને પણ રૂંધી દેતા.

સંઘે સાધર્મિક વાત્સલ્ય-નવકારશીઓ પણ સુંદર કર્યા. વિશિષ્ટ પકવાન્ન વગેરેથી હજારો માણસોની રોજ ભક્તિ થતી. ચારે બાજુથી અધિક ને અધિક માણસો આવી રહ્યું હતું છતાં ગોડીપાર્શ્વપ્રભુનો કોઈ એવો ચમત્કાર કે ક્યારે પણ રસોઈમાં ખોટ જણાઈ નહિ. પ્રતિષ્ઠાને દિવસે સ્થાનિક અને પરગણાના સમસ્ત જૈન-જૈનેતરોને જમણ આપવામાં આવ્યું.

પૂ. પંન્યાસજી મહારાજો તથા પૂ. આચાર્યદેવ જેમ જેમ પધારતા ગયા, તેમ તેમ સંઘે અધિકાધિક ઉલ્લાસથી સ્વાગત વરઘોડો કાઢ્યા. પાલણપુર વડગામના ગવૈયા હરજીવનદાસની મંડળીએ પૂજા-ભાવના તથા પ્રભુભક્તિની સંગીતની રેલમછેલ વરસાવી. વિધિવિધાન શ્રી કાન્તિભાઈ સવચંદ અને રમણભાઈ કેશવલાલે શાસ્ત્ર

રીતે શુદ્ધ ઉચ્ચારણ અને ચોકસાઈથી કર્યા.

દેરાસરની પાછળ રચાયેલ મંડપ તો ભિન્નભિન્ન ચિત્રોવાળા મોટા પડદા તથા શત્રુંજય, ગીરનાર, ધરણેન્દ્રપદ્માવતી પાર્શ્વનાથ, શ્રેયાંસકુમાર, ચૌદ સ્વપ્ન દર્શન, ઈલાચીકુમાર વગેરે રચનાઓથી ઈન્દ્રસભા જેવો શોભી રહ્યો હતો. હજારો જનો એ જોઈને મુગ્ધ થતા. પડદા રચનાઓ તથા નગરના દરવાજા વગેરે વડોદરાવાળા મદનઝાંપાવાળા પેન્ટર ચીમનલાલ પી. શાહે કરી હતી.

સુ. ૬ ના વહેલી પ્રભાતથી પ્રતિષ્ઠા માટે લોકો અધીરું બની ગયું હતું. લગભગ ૨૦ પ્રભુજી, પગલા, પાંચ ઈંડા અને ધ્વજાદંડ આગળ મંત્રોચ્ચાર પૂર્વક વાસક્ષેપ કરવા પૂ. આચાર્યદેવાદિ મુનિવરો ગોઠવાઈ ગયા. બોલીવાળા પણ ઉપસ્થિત થઈ ગયા. બરાબર શુભ લગ્ને શ્રી ગોડીપાર્શ્વનાથ પ્રભુજી વગેરેને ગાદી નશીન કરવામાં આવ્યા. બપોરના અષ્ટોત્તરી સ્નાત્ર થયું. આખાય ઉત્સવે જૈનેતરોમાં જિનશાસનની અપૂર્વ પ્રભાવના કરી. સંઘ સમસ્તના હૈયામાં આનંદના મહાસાગર ઉછળી રહ્યા. સંઘના બધા ભાઈઓએ સારી સેવા ઉઠાવેલી.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૧૦,અંક-૧૭,તા.૧૩-૧-૧૯૬૨

વિલેપારલેમાં અપૂર્વ ઉત્સાહના વાતાવરણ વચ્ચે સર મણિલાલ નાણાવટીના શુભહસ્તે

શ્રી જિન મંદિરની શિલારોપણ વિધિ

તે પ્રસંગે યોજાયેલા ભવ્ય સમારંભમાં થયેલા વિવિધ પ્રવચનો

સમર્થ વ્યાખ્યાતા પ.પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજનું સં. ૨૦૧૬ નું ચાતુર્માસ શ્રી સંઘની વિનંતીથી વિલેપારલે થતાં ઘણી જાગૃતિ આવી હતી. અને તેઓશ્રીની પ્રેરણાથી શ્રી સંઘે નૂતન જિન મંદિર તથા ઉપાશ્રય બાંધવાનો નિર્ણય કર્યો હતો. આ કાર્યમાં વિલેપારલે જૈનસંઘના પ્રમુખ અને જાણીતા જૈન આગેવાન શ્રી રતિલાલ નાણાવટીએ ઘણા ઉત્સાહથી આગળ પડતો ભાગ લીધો હતો. અને તેમના પ્રયાસથી આ કાર્ય માટે રૂા. બેથી સવા બે લાખની ટીપ થઈ હતી. ત્યારબાદ શ્રી સંઘે સરોજ નિવાસની બાજુમાં બીસન્ટ રોડ ઉપરના શેઠ શ્રી રતિલાલ નાણાવટીના પ્લોટમાં શિખરબંધી જિનાલય બાંધવાનો નિર્ણય કર્યો હતો. તે અનુસાર તા. ૧૫-૧૨-'૬૧ માગશર સુદ ૮ શુક્રવારની સવારે સ્ટા. ટા. ૭-૫ કલાકે પૂ. આચાર્યશ્રીની નિશ્રામાં સર મણિલાલ નાણાવટીના શુભ હસ્તે તેનો શિલારોપણ વિધિ થતાં સકળ સંઘમાં આનંદની લાગણી પ્રસરી હતી.

ત્યારબાદ સવારના ૮-૩૦ કલાકે સરલા સર્જન જુહુરોડ વિલેપાર્લે ખાતે આચાર્યશ્રીની નિશ્રામાં એક જાહેર સમારંભ યોજાયો હતો. તેમાં શતાવધાની પં. શ્રી કીર્તિવિજયજી ગણિવર, પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર, આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજીના શિષ્યરત્ન મુનિશ્રી કનકવિજયજી તથા મુનિશ્રી કરુણાવિજયજી આદિ ઘણા મુનિવરોએ હાજરી આપી હતી. તેમજ આ પ્રસંગે મુંબઈથી શેઠ રમણલાલ દલસુખભાઈ, શેઠ કાંતિલાલ ઈશ્વરલાલ, શેઠ ફુલચંદ શામજી, શેઠ બિપિનચંદ્ર ઝવેરી, ડૉ. કેશવલાલ પરીખ, શેઠ મણિલાલ મોહનલાલ ઝવેરી, શ્રી ધીરજલાલ ટોકરસી શાહ, શ્રી પરમાનંદ કુંવરજી કાપડીયા, શેઠ ફતેચંદ ઝવેરભાઈ, શ્રી ચીમનલાલ જેસીંગભાઈ અંધેરીયા, શેઠ અમૃતલાલ કાલીદાસ દોશી, શેઠ નગીનદાસ કરમચંદ સંઘવી, શાંતાક્રૂઝના શેઠ નાનજી કેશવજી તેમજ અનેક આગેવાનો હાજર રહ્યા હતા; બહેનોએ પણ સારી હાજરી આપી હતી. પ્રારંભમાં આચાર્યશ્રીએ મંગળાચરણ કર્યું હતું, અને ભાવવાહી ભજનો સંગીતના મધુર સ્વરો વચ્ચે ગવાયા હતા.

શ્રી રતિલાલ નાણાવટી :

ત્યારબાદ શ્રી રતિલાલ નાણાવટીએ સહુનો સત્કાર કરતાં જણાવ્યું હતું કે- આચાર્યશ્રીના સમાગમથી મારા જીવનનો પલટો થયો છે. અને જે વસ્તુ મારા જીવનમાં ન હોય તે વસ્તુ બની છે, આજે મારા આનંદનો અવધિ નથી, ૪૦૦ ઘરના શ્રીસંઘે પૂજ્ય આચાર્યશ્રીની પ્રેરણાથી મંગળ કાર્ય શરૂ કર્યા છે. ઉપાશ્રય બાંધવાનો તેમજ મધ્યમવર્ગનાં જૈન ભાઈઓ માટે રહેઠાણ બાંધવાનો પાયો થોડા દિવસો પહેલાં જ નંખાયો છે. અને આજે જિનમંદિરનો શિલારોપણ વિધિ થયો છે. તે માટે વિલેપારલેની જૈન જનતા તથા સંઘ તથા કમિટીના સભ્યોને ધન્યવાદ ઘટે છે.

હવે અહીં દહેરાસર બંધાશે અને તે પણ શિખરબંધી. હું માનું છું કે પરાઓના આ વિભાગમાં આ મંદિર વિશિષ્ટ કોટિનું થશે. આ કામ નાનુંસૂનું નથી, પણ શ્રદ્ધા અને ભક્તિથી તે પાર પડશે.

અમને કોરા અને ભટ્ટ કંપનીવાળા ડૉ. રતિલાલ વાઢેળવાળા જેવા આર્કિટેક્ટર મળવાથી વધારે ઉત્સાહ મળ્યો છે. આ પ્રસંગે અમદાવાદથી શ્રી ભગવાનદાસ ગોરધનદાસ કંપનીવાળા શિલ્પી હરીભાઈ આવેલા છે કે જેમના હાથે આજસુધી પચીસેક ઉપરાંત મંદિરોના પ્લાન થયેલા છે. આ મંદિર ઘણું ભવ્ય અને સુશોભિત થશે. વળી તે બે રસ્તાના ખૂણા પર આવેલું છે. હું માનું છું કે એક વર્ષમાં જ

આપણે તેની પ્રતિષ્ઠા કરી શકીશું. જૈનો અહીં થોડા છે, પણ ઉત્સાહી ઘણા છે.

શ્રી રમણલાલ દલસુખભાઈ :

પૂજય આચાર્યશ્રી વગેરેને સંબોધન કર્યા બાદ તેમણે જણાવ્યું કે માનવજીવન પામ્યા બાદ કોઈક પળો એવી હોય છે કે જે જીવનનાં અંતિમ ધ્યેય સુધી પહોંચાડનારી બને છે. શ્રી જિનશાસનમાં એવા એવા કાર્યો બતાવવામાં આવ્યા છે કે ધર્મ બની વળાવવા આપણી સાથે આવે, જિનચૈત્યનું નિર્માણ તેમાંનું એક છે. તેની શિલાસ્થાપન કરનાર, કરાવનાર અને અનુમોદનારને સરખું ફળ મળે છે. અહીં જિનમંદિર બંધાશે, તેમાં શ્રી જિનેશ્વરદેવની મૂર્તિ બિરાજશે અને તે જોઈને કેટલાંય હૈયામાં અનેરો આનંદ પ્રગટશે. એટલું જ નહિ પણ તેઓ બોધિબીજ પામશે અને તે એમને મુક્તિમાં લઈ જશે. અહીં તેમણે શ્રીમદ્ પદ્મવિજયજી મહારાજ કૃત વિશસ્થાનકની પૂજાની કેટલીક પંક્તિઓ ખૂબ ભાવપૂર્વક ગાઈ બતાવીને જણાવ્યું હતું કે શ્રી જિનશાસનમાં તીર્થંકર ભગવંતો અને શ્રી ગણધર ભગવંતોએ આપણું જે કર્તવ્ય વર્ણવ્યું છે તે કર્તવ્યની આજે શરૂઆત થાય છે.

શુભ અધ્યવસાયનું ફળ શુભ મળે છે. અને અશુભ અધ્યવસાયનું ફળ અશુભ મળે છે. આ જિન મંદિર બાંધવાનો નિર્ણય કરનારને કેટલા શુભ અધ્યવસાયો થયા હશે ? અને તે દિવસથી માંડીને આજસુધી તેમણે કેવા કેવા શુભ મનોરથો કર્યા હશે. આવા શુભ મનોરથો ભાગ્યોદય હોય તો જ થાય છે.

શ્રી જિનમંદિરની ધજા દૂરથી દેખાય છે. એ જોતાં જ મનુષ્યોને ખ્યાલ આવે છે કે શ્રી જિનેશ્વર પરમાત્માનું મંદિર અહીં આવેલું છે, તેથી તેને શુભ અધ્યવસાયો જાગે છે અને તેનાથી બોધિ બીજ પામે છે. જિનમંદિર નિર્માણ કરવું એ પરમાત્માના શાસનની મોટી પ્રભાવના છે. આ કાળમાં તો જિનાગમ અને જિન બિંબ એ બે તરવાના મહાન સાધન છે. એટલે આજનાં શિલાસ્થાપન કાર્યની હું ખૂબખૂબ અનુમોદના કરું છું.

શેઠ કાંતિલાલ ઈશ્વરલાલ :

પૂજય આચાર્યશ્રી વગેરેને સંબોધન કર્યા બાદ તેમણે જણાવ્યું કે આપણામાંના બધાએ ઘણા સમારંભો જોયા હશે. પણ આજનો સમારંભ કોઈ જુદી કોટિનો છે. જે આપણાં સહુનાં કર્મની નિર્જરા કરનારો છે. આજનો શિલારોપણ વિધિ શેઠ મણિલાલના હાથે થયો. સ્થાવર તીર્થનું જંગમ તીર્થ સ્વરૂપ પોતાના પિતાના હાથે જ આવું કાર્ય થવું એ ભાગ્યે જ બને છે.

પંચમ કાળના વિષમય વિષમ વાતાવરણના ઝેરને તારવામાં જિનાગમ અને

જિનબિંબ મણીસમાન છે. તેમાં જિનાગમ શ્રવણ કરવાનું સાધન એટલે ઉપાશ્રય. તેનો પાયો થોડા દિવસ પહેલા નાખ્યો. અને જિનબિંબની ઉપાસના કરવાનું સાધન જિનમંદિર તેનો શિલા સ્થાપન વિધિ આજે થાય છે. શ્રી ભક્તામર સ્તોત્રની પહેલા શ્લોકની ચોથી લીટીમાં કહ્યું છે કે **आलंबनं भवजले पततां जनानाम्** ભવસાગરમાં ડૂબી રહેલાં પ્રાણીઓને માટે તે મોટું આલંબન છે. આવું આલંબન પૂરું પાડવા માટે વિલેપારલેના શ્રી સંઘને અને ખાસ કરીને શ્રી રતિભાઈને તેમણે આ કાર્ય માટે બતાવેલા ઉત્સાહ અંગે ધન્યવાદ ઘટે છે. શ્રી રતિભાઈ અત્યાર સુધીમાં શિક્ષણ અને માંદાની હૉસ્પિટલ અંગે જે સખાવતો કરી છે, તે બધી સખાવતોમાં ઉપાશ્રય તથા જિનમંદિર માટે કરેલી સખાવત કરીને સોનાનો કળશ ચઢાવ્યો છે. હું પારલા સંઘને, શ્રી મણિભાઈને તથા રતિભાઈને આ કાર્ય માટે આજ અહીં પણ ધન્યવાદ આપું છું.

શ્રી પરમાણંદ કુંવરજી કાપડીયા :

પૂજ્ય આચાર્યશ્રી વગેરેને સંબોધન કર્યા બાદ તેમણે જણાવ્યું કે અહીં જે વસ્તુ રજૂ થઈ છે, તેનાથી હું જુદો સૂર કાઢું છું. તો મને માફ કરશો. આજે છે તેટલા મંદિરો સાચવી કે સંભાળી શકતા નથી તેવી પરિસ્થિતિમાં નવું મંદિર થાય તેમાં મને રસ નથી સિવાય કે અનિવાર્ય આવશ્યકતા હોય. આજના દેશ-કાળને અનુરૂપ જે કેટલીક સૂચનાઓ રમી રહી છે, આપણી સમક્ષ વિગતવાર રજૂ કરું છું. (અહીં નીચે મુખ્ય મુદ્દા આપ્યા છે.)

મૂર્તિને ઉપરથી ચક્ષુ ચોડવાની પ્રક્રિયા કેમ શરૂ થઈ હશે ! જિનમૂર્તિની આકૃતિ પદ્માસનસ્થ છે, ધ્યાનસ્થ છે તેની સાથે આ પ્રથા બિલકુલ બંધ બેસતી નથી. એટલે મારું સૂચન છે કે તે નૂતન મંદિરમાં જે મૂર્તિ પધરાવો તેને ખાલી ચક્ષુઓ કોરવો કે જે અર્ધ નીમિલિત હોય, પણ ઉપરથી ચક્ષુ ચોડવાના રાખો નહીં.

(૨) મૂર્તિને આંગી-હિરા-માણેકના આભૂષણની કોઈ જરૂર નથી. જિનમૂર્તિની જાહોજલાલીને જરૂર પ્રદર્શિત કરે છે પણ ત્યાગ, વૈરાગ્ય અને સંયમના જૈન આદર્શને વ્યક્ત કરી શકતા નથી. આજકાલ મંદિરમાં ઘણી ચોરીઓ થાય છે. આ ભય, અને જોખમથી મુક્ત બનાવવા આભૂષણો વગેરે પરિગ્રહથી મંદિરને મુક્ત રાખવા તેના નિર્માતાને મારી વિનંતી છે.

(૩) મંદિરને બને તેટલું સાદું કરજો, વધારે પડતો શોભા, શણગાર, ભપકો આજે અસ્થાને લાગે છે.

(૪) મંદિર અને મૂર્તિ તો જ ટકે કે જ્યારે સમાજ ટકે, એટલે મંદિરના

ખર્ચમાં જે રકમ વપરાઈ જાય અને તેમાંથી વધારો પડે તેનો ઉપયોગ સમાજને માટે કરશો.

શાંતાક્રુઝ સંઘના આગેવાન શ્રી નાગજીભાઈ :

એક પાડોશી સંઘ તરીકે મારી ફરજ છે. અને પૂજ્ય આચાર્યશ્રીનું આદેશ છે કે મારે કંઈક બોલવું. તેથી અહીં બોલવા ઊભો થયો છું. પારલા સંઘે મધ્યમ વર્ગના માટે રૂમો બાંધવાની યોજના કરી. થોડા દિવસ પહેલા તેનો પાયો નાંખ્યો છે, હવે અહીં આત્માની હૉસ્પિટલ બંધાય છે. આપણા પૂર્વજો શ્રેણીક અને કુમારપાલ જેવા નિત્ય એક નવું મંદિર બંધાયાના સમાચાર સાંભળી પછી દાતણ મોંમાં નાખતા. આવું એક સુંદર કાર્ય શ્રી પાર્લાનો સંઘ કરી રહ્યો છે, તે માટે હું તેને ધન્યવાદ આપું છું.

શ્રી અમૃતલાલ કાલીદાસ દોશી બી.એ.

મારી પહેલાના ભાઈઓ આજનાં પ્રસંગ માટે આનંદ પ્રદર્શિત કરી ગયા છે. હું પણ આનંદ, પ્રદર્શિત કરવા ઊભો થયો છું. અહીં મને જામનગરનો એક પ્રસંગ યાદ આવે છે. ઇંગ્લેન્ડનો એક મેડિકલ ઑફિસર જામનગર આવ્યો. તેને ડૉ. પ્રાણલાલ જીવન મહેતાએ ત્યાંની બધી સંસ્થાઓ બતાવી. ત્યારપછી બ્રિટિશ મેડિકલ ઑફિસરે ડૉ. મહેતાને પ્રશ્ન કર્યો કે મિ. મહેતા તમે એલોપથી અને આયુર્વેદ બંનેનો અભ્યાસ કર્યો છે. તો મને જણાવશો કે તે બંનેમાં ખાસ તફાવત શું છે ? ડૉ. મહેતાએ જણાવ્યું કે એલોપથીક દેહ સુધી પહોંચે છે, અને આયુર્વેદ દેહ અને મન સુધી પહોંચે છે. જ્યારે અહીં મારે પણ એ જ કહેવાનું છે કે શાળા, હૉસ્પિટલ વગેરે મારફત આપણો દેહ અને મન સુધી પહોંચીએ છીએ. જ્યારે જિન મંદિરમાં પ્રભુ દર્શન આત્મા સુધી પહોંચીએ છીએ. બસ એ જ મારો આનંદ પ્રદર્શિત કરવાનું કારણ છે.

ત્યારબાદ અમદાવાદથી આવેલા ક્રિયાકારક શ્રી ભાઈલાલભાઈએ ઘરઘર દિવડા પ્રગટાવો એ ગીત ખૂબ ભાવથી ગાયું હતું. ત્યારબાદ શ્રી મણીભાઈ નાણાવટીને બે શબ્દો બોલવાની વિનંતી કરતા તેમણે જણાવ્યું હતું કે-

સર મણીલાલ નાણાવટી :

મારો આજે બોલવાનો વિચાર ન હતો. માત્ર દષ્ટા તરીકે આવી આનંદ માનવાનો હતો છતાં મને બોલવા માટે કહેવામાં આવ્યું છે. તો બે શબ્દો કહું છું. આ કાર્ય માટે હું અહીંના જૈન સંઘને ધન્યવાદ આપું છું, આ કાર્ય અંગે મને શ્રી રતિભાઈ તરફથી માહિતી મળતી રહી હતી, અને તેથી આનંદ થતો રહ્યો હતો.

શ્રી રતિભાઈએ અત્યાર સુધીમાં શાળા, (સરલાસર્જન) અને હૉસ્પિટલ (ડૉ. બાલાભાઈ મ. નાણાવટી હૉસ્પિટલ) એ બે ખાસ કાર્યો કર્યા છે. હવે મંદિરનું કાર્ય તેમાં ઉમેરાય છે. તેઓ એ કાર્ય ઘણું સારું કરશે, એમ હું માનું છું. કારણ કે તેમનામાં ઉત્સાહ છે, સૌજન્ય છે, કળા છે. જરૂર પડે પૈસા આપી શકે તેમ છે, અને બહારથી લાવી શકે તેમ પણ છે. આ કાર્યથી મને આનંદ થયો છે. મંદિર સુંદર ભાવના જગાડે છે. અને તેથી મનુષ્ય ઘણો ઊંચો આવે છે. આપણે બધાં મંદિરથી સુખી થઈશું એવો મને દૃઢ વિશ્વાસ છે.

પૂજ્ય આચાર્યશ્રી :

શ્રી જિનેશ્વર દેવ આપણા તીર્થનાયક છે, શાસનનાયક છે. શ્રી મહાવીરસ્વામીએ ભગવતી સૂત્રમાં કહ્યું છે કે આ શાસન પાંચમાં આરાના છેલ્લા દિવસ સુધી ટકશે. એટલે હજી તે હજારો વર્ષ સુધી ટકવાનું છે. શાસન ત્રણ વસ્તુના આધારે ટકે છે, (૧) જિનાગમ (૨) જિનબિંબ અને (૩) શ્રમણસંસ્થા. આ દૃષ્ટિએ જિનમંદિરનું મહત્ત્વ ઘણું છે તે પ્રભુના શાસન ટકાવનારી વસ્તુ છે.

જિનશાસન જગતનો ઉદ્ધાર કરવા માટે છે. આપણી ફરજ દુનિયાને સાચો માર્ગ બતાવવાની છે, એટલે હિંસાના સ્થાને અહિંસા આવે અને અસત્યના સ્થાને સત્ય આવે, ચોરીના સ્થાને ન્યાય, નીતિ-પરાયણતા, પ્રામાણિકતા આવે, વિષય લાલસાના સ્થાને સંયમ આવે. તથા સંગ્રહવૃત્તિના સ્થાને તેની મર્યાદા કરવાની ભાવના થાય તેમ કરવાનું છે. જૈન સંઘનું ગૌરવ બંગલા, કપડાં, ઘરેણાં, વગેરેથી નહિ, પણ ધર્મપ્રચારમાં રહ્યું છે. પરંતુ એ ધર્મ જો તમારા દિલમાં જ બરાબર ઊતર્યો ન હોય તો બીજાના દિલમાં તમે શી રીતે ઉતારી શકશો. આપણે જ અધુરા હોઈએ તો બીજાને પૂર્ણ શી રીતે કરી શકીએ ?

પ્રાચીન જૈન મંદિરોની શિલ્પકલા આજે દુનિયાને આંજી રહી છે. જેઓ નવા નવા આવિષ્કારમાં આગળ વધ્યા છે, તે પણ જૈન મંદિરોની રચના જોઈ ખુશી થાય છે. એટલે આપણે પ્રાચીન શિલ્પકલાને વળગી રહેવાનું છે, અને તે અંગે જે વિધિ હોય તેને જ અનુસરવાનું છે. આપણે સિદ્ધાંતને વળગી રહીને કોઈ કાર્ય કરીએ તેમાં જ આપણું કલ્યાણ છે, આપણી શોભા છે, આપણે આવાં કાર્યો આત્માના ઉદ્ધાર માટે કરીએ છીએ. દુનિયાને દેખાડવા માટે નહિ. આ બાબતમાં રમણભાઈ, કાંતિભાઈ તથા અમૃતલાલભાઈએ સારા શબ્દ કહ્યા છે.

આપણે જે કંઈ સુખસાહ્યબી ભોગવીએ છીએ તે આત્માને લીધે જ ભોગવીએ છીએ, આત્મા ચાલ્યો જાય, પછી આ શરીરની કિંમત કોડીની પણ નથી. સ્નેહી

સંબંધીઓ તેને વધારે વાર રાખવા રાજી નથી, તો પછી આત્માને કેમ ભૂલીએ. જેનાથી આત્માનો ઉદ્ધાર થાય, તે જ કાર્યો કરવા જોઈએ, અને તે ઉદ્ધાર કે કલ્યાણ શાસ્ત્રના વચનોને અનુસરવામાં જ રહેલ છે. જિનમંદિર એ આત્માની સ્કૂલ છે. તેના દ્વારા આપણને આત્માનું ભાન થાય છે. અને તેને ઊંચો લાવવાની નવી નવી પ્રેરણાઓ મળે છે. એટલે મંદિરો, ઉપાશ્રયો જેટલા વધે તેમ ખુશી થવું જોઈએ.

આજે કેટલાક હૉસ્પિટલો વધે છે તેમાં રાજી થાય છે. પણ પરમાત્માનાં મંદિરો વધે તેમાં રાજી થતા નથી. તે તેમની ગેરસમજ છે. શરીરની સુખાકારી માટે હૉસ્પિટલો છે. જીવનના નિર્વાહ માટે સ્કૂલો છે, જ્યારે આત્માની સુખાકારી માટે, આત્મકલ્યાણ માટે અને આત્માને ઉચ્ચ બનાવવાના આદર્શરૂપ જિન મંદિરો અને ધર્મસ્થાનો છે. એટલે આત્મકલ્યાણના સાધનો જેમ વધારે હોય તેમ વધુ ખુશી થવું જોઈએ. જેટલાં મંદિરો વધશે તેટલાં આત્મકલ્યાણના સાધનો વધશે, એનાથી લાભ જ છે, નુકસાન કંઈ નથી.

મંદિર એ સંઘના કલ્યાણનું પણ કારણ છે. એટલે તેનું બધું કાર્ય શાસ્ત્રીય વિધિ પ્રમાણે જ થવું જોઈએ, અને તેવી મૂર્તિની રચના પણ શાસ્ત્રીય વિધિ પ્રમાણે જ થવી જોઈએ, કોરાયેલા ચક્ષુઓ સામાન્ય દૃષ્ટિનું સૂચન કરે છે. જ્યારે ઉપર ચક્ષુ ચોંટાડવામાં આવે છે તે કેવલજ્ઞાનનું સૂચન કરે છે. તે જોઈને આપણને એવો ખ્યાલ આવે છે કે અમારા પ્રભુ કેવલજ્ઞાની હતા. સર્વજ્ઞ અને સર્વદર્શી હતા, એટલે ચક્ષુ ચોંટાડવાનું પણ બરાબર છે. કોઈ ભાઈ અજ્ઞાનવશ ઓછા પરિચયને લીધે શાસ્ત્રીય વિષયમાં ફેરફાર કરવાનું મંતવ્ય ધરાવતા હોય તો તેમની તેવી માન્યતા ખોટી છે. તેમણે પોતાની ભૂલ સુધારી લેવી જોઈએ.

આ જગતમાં કોની કિંમત છે ? શુદ્ધ વસ્તુની. સોનું શુદ્ધ હોય તો એની કિંમત. એમાં બીજી ધાતુનો ભેળ કરો, એટલે તેની કિંમત ઘટવાની. એક સાચી દવામાં, બીજી દવા ભેળવી દો, એટલે તેની કિંમત કેટલી ? માટે સિદ્ધાંત તેમજ સિદ્ધાંત મુજબની આપણી પ્રાચીન પરંપરામાં કોઈથી ઘાલમેલ કરી શકાય નહિ.

આંગી આભૂષણો ભગવાનનાં શરીરની રૂપ-કાંતિ બતાવવા માટે છે. તેનાથી ભગવાનની મૂર્તિ તેજસ્વી લાગે છે. અને આપણું દિલ પ્રસન્ન થાય છે. અને ધાર્મિક વિષયમાં મહાન નિર્જરાનું કારણ છે.

આભૂષણો માટે ચોરીની બીક બતાવવામાં આવે છે, તે વાત પણ સમજ વિનાની છે. તમે ઘરમાં તિજોરીમાં યા કોઈ પણ સ્થળે, ધન-ઘરેણાં વગેરે વસ્તુનો સંગ્રહ કરશો ત્યાં પણ ચોરીની બીક તો રહેવાની જ છતાં તેવા માણસો તિજોરી

ભરવાનો નિષેધ કેમ કરતા નથી. અને ભગવાનનાં દાગીના ઉપર નજર પડે છે. તે તેમની ભક્તિનો અભાવ છે. એટલે ભગવાનની મૂર્તિને સુંદર આકર્ષક રીતે શણગારવી એ આપણો ભક્તિભાવ છે. અને સાધનોનું રક્ષણ કરવું એ આપણી ફરજ છે.

આપણા મંદિરોમાં ઉચ્ચ કોટિની શિલ્પકળાનાં દર્શન થાય છે, તેથી તે આટલા ભવ્ય લાગે છે. અને લોકોનું આકર્ષણ કરે છે.

તે સામાન્ય કોટિના બાંધવાથી કોનું આકર્ષણ કરશે ? એટલે મંદિરને તદ્દન સાદા બનાવવાની સૂચના પણ અર્થહીન છે. આબુનાં મંદિરો આટલા સુંદર બન્યા તો આજે તેના પ્રત્યે લોકોનું આટલું આકર્ષણ છે, એ કેમ ભૂલી જાઓ છો ? બીજા મંદિરોમાં પણ તેમજ સમજવું.

આપણે સાતે ક્ષેત્રની પુષ્ટિ કરવાની છે. તેમાં જે ક્ષેત્ર સીદાતું હોય તેની વિશેષ પુષ્ટિ કરવાની છે. સાધર્મિકની સેવા તમે ખૂબ ખૂબ કરો. પણ તે માટે તમારી દૃષ્ટિ દેરાસરોના પૈસા ભણી ન દોડાવો. દેવદ્રવ્યનું ભક્ષણ કરવાથી સાધર્મિકની ઉન્નતિ નહિ થાય તેનાથી વધારે તેની અવનતિ થશે, અરે આવી ભાવના સેવવા માત્રથી આજે વર્તમાનમાં કેટલા પાયમાલ થઈ ગયા. તમારા હાથે તમારા સાધર્મિક ભાઈને દેવદ્રવ્ય ખવડાવો એ તો ઝેર ખવડાવવા બરાબર છે. એટલે આવા વિચારનો તો પડછાયો પણ લેશો નહિ. એ માટે સાચો રસ્તો એ છે કે તમારા ભોગની દિશા ફેરવો, તે માટે લખલૂંટ ખર્ચ કરો છો, તે ઓછો કરો અને વધારાના પૈસાથી સાધર્મિકની ભક્તિ કરો. ત્યાં કાપ મૂકવો નથી, મનગમતા પૈસા ઉડાવવા છે, અને સાધર્મિકની ભક્તિ માટે દેવદ્રવ્યના પૈસા વાપરવા છે. આ તે કંઈ બુદ્ધિ ! આજે લગ્ન પ્રસંગે સત્કાર સમારંભ થાય છે. તેમાં હજારોના ખર્ચા થાય છે. આ બધું શા માટે ? આવા ખોટા ખરચાઓ આપણે બંધ કરવા જોઈએ.

તમે ભોગ માર્ગે જે ધન ખર્ચો છો, તે અનર્થનું કારણ છે. જ્યારે ધર્મના માર્ગે ખર્ચાયેલા પૈસા તમને પૂરો બદલો આપે છે. ધર્મની પેઢી એ સૌથી મોટી શરાફી પેઢી છે. તે બીજા ભવમાં પણ ઘણા મોટા વ્યાજની સાથે રકમ આપે છે. એકનું સહસ્રગણું આપનાર બીજી પેઢી કઈ છે ? એટલે ધર્મના માર્ગે ધન ખર્ચે તે ઉદાર ગણાય છે અને અંગત મોજશોખ માટે ખર્ચે તે ઉડાઉ ગણાય છે.

શ્રી સંઘે જે કાર્ય ઉપાડ્યું છે તે મોટું છે પણ તે સારી રીતે પાર પાડજો, મંદિર સારામાં સારું બને અને લોકોને જોવા આવવાનું મન થાય તેવું કરજો. ધન તો આવી મળશે, તેની ખોટ પડવાની નથી. તમે આ બાબતમાં મનને ઉદાર

રાખજો, લખાવેલી રકમ જરૂર પડે બમણી પણ કરજો. જેણે ન લખાવી હોય તે ઝટ લખાવી નાંખજો, પણ મંદિરને આદર્શ-બેનમુન બનાવજો. અને તેની પ્રતિષ્ઠા મહોત્સવ નજીક આવે તેમ જલદી કાર્ય કરવા કટિબદ્ધ થજો. ભગવાનની આજ્ઞાને અનુસરવામાં જ સંઘનું કલ્યાણ છે. આ વાત કદી પણ ભૂલતા નહિ. વગેરે વર્ણન કરી તેઓશ્રીએ પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યું હતું.

છેલ્લે સંઘના ઉપપ્રમુખ શ્રી મગનલાલભાઈ પી. એ સૌનો આભાર માન્યો હતો અને સર્વ મંગળ સાંભળી સૌ લાડુની પ્રભાવના લઈ આ મંગળ કાર્યની અનુમોદના કરતા વિખરાયા હતા.

('જૈન'માંથી સાભાર)

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૧૦,અંક-૧૮,તા.૨૦-૧-૧૯૬૨

મુંબઈ-વિશ્વશાંતિ જૈન આરાધના-સત્રની અપૂર્વ ઉજવણી.

હાલમાં પ્રવર્તમાન જગતનાં અશાંત વાતાવરણ તેમજ થોડા સમયમાં થનારા અષ્ટગ્રહોનાં અનિષ્ટયોગજન્ય ઉપદ્રવોનાં નિવારણ માટે કંઈક થવું જોઈએ, એવી પ્રેરણા પ.પૂ. આચાર્ય **શ્રીમદ્ વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજ,** પ.પૂ. આચાર્ય **શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ** તથા પ.પૂ. મુનિરાજશ્રી **યશોવિજયજી મહારાજને** થતાં શ્રી ગોડીજી જૈન દહેરાસરના મેનેજીંગ ટ્રસ્ટીઓ તા. ૧૬-૧૨-૬૧ ના રોજ જૈન આગેવાનોની એક સભા ગોડીજી જૈન ઉપાશ્રયમાં બોલાવી હતી. તેમાં યોગ્ય ચર્ચા-વિચારણા થયા બાદ ખાસ આ કાર્ય માટે વિશ્વશાંતિ જૈન આરાધના-સમિતિની નિમણૂક કરવામાં આવી હતી. તેમાં શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલના પ્રમુખપણે સમિતિ નીમી.

સમિતિઓના મંત્રીઓ શ્રી ચંદુલાલ વર્ધમાન, શ્રી જયંતિલાલ રતનચંદ તથા શ્રી ધીરજલાલ ટોકરશી તરફથી બહાર પાડેલી પત્રિકામાં જણાવ્યું છે કે આ સમિતિએ ઉપર્યુક્ત ગુરુવર્યોની દોરવણી નીચે સં. ૨૦૧૮ ના પોષ સુદિ ૭ તા. ૧૨-૧-૬૨ શુક્રવારથી પોષ વદિ ૧ તા. ૨૧-૧-૬૨ રવિવાર સુધી ૧૦ દિવસનું **વિશ્વશાંતિ જૈન આરાધના-સત્ર** શ્રી ગોડીજી જૈન ઉપાશ્રય તથા મુંબાદેવી મેદાનના ભવ્ય મંડપમાં ઉજવવાનું નક્કી કર્યું છે અને તે માટે નીચે મુજબ કાર્યક્રમ ઘડી કાઢ્યો છે :

મંગલ કાર્યક્રમ

પોષ સુદિ ૭ તા. ૧૨-૧-૬૨ શુભ મુહૂર્તે શ્રી મંગલકુંભની સ્થાપના તથા

અખંડ દીપકની સ્થાપના, પોષ સુદિ ૮ તા, ૧૩-૧-૬૨ શ્રી નમસ્કાર મહામંત્રના સવાકોડ અખંડ જાપની શરૂઆત તથા શ્રી લોગસ્સ સૂત્ર (ચતુર્વિશતિ-જિનસ્તવ) શ્રીઉવસગ્ગહરં (ઉપસર્ગહર) સ્તોત્ર વગેરે મંગલ જપની આરાધનાની શરૂઆત. આયંબિલ તપશ્ચર્યાની શરૂઆત. પોષ સુદિ ૯ તા. ૧૪-૧-૬૨ મુંબાદેવી મંડપમાં ભવ્ય સમારોહ અને નમસ્કાર (નવકાર) મહામંત્ર તથા જૈન સાહિત્ય-કલા પ્રદર્શનનું ઉદ્‌ઘાટન. પોષ સુદિ ૧૦ થી પોષ સુદિ ૧૪ ઉપર મુજબ આરાધના ચાલુ. પોષ સુદિ પુનમ તથા પોષ વદિ ૧ : બૃહદ્‌ અર્હત્‌પૂજન, મુંબાદેવી મંડપમાં. પોષ વદિ એકમ તા. ૨૧-૧-૬૨ : સાંજે ચાર વાગતાં પૂર્ણાહૂતિનો ભવ્ય સમારોહ.

(૧) આ જપની આરાધના માટેની વ્યવસ્થા શ્રી ગોડીજી જૈન ઉપાશ્રયમાં રાખવામાં આવી છે. (૨) જપમાં જોડાનાર માટે ખાસ ફોર્મ કાઢવામાં આવ્યા છે. તે ભરવા જરૂરી છે. આ ફોર્મ ગોડીજી જૈન ઉપાશ્રય, વિશ્વશાંતિ જૈન આરાધના સમિતિનાં કાર્યાલયમાંથી મળી શકશે.

જપમાં જોડાનારે ઓછામાં ઓછા બે કલાક અને વધારે પોતાની શક્તિ મુજબ જપ કરવાનો છે. તે માટે નીચેના ૧૬ જુથો પાડવામાં આવ્યાં છે, તેમાંથી કોઈપણ જુથમાં બેસી શકાશે : (અહીં સવારના ૬ થી બીજી સવાર ૬॥ સુધીના બબ્બે કલાકના વિભાગ બનાવ્યા છે. જેથી સળંગ જાપ ચાલુ રહે.)

આ જપ મુખ્યત્વે તો આયંબિલની તપશ્ચર્યાપૂર્વક કરવાનો છે. આરાધનાના નવે દિવસ દરમ્યાન આયંબિલની તપશ્ચર્યા ચાલુ રાખવાની છે. તે માટે નીચેનાં સ્થળોએ આયંબિલ કરાવવામાં આવશે. (અહીં મુંબઈના સ્થળો બતાવ્યા છે.) આયંબિલ માટે ફોર્મ ભરી પાસ મેળવવાનો છે.

મુંબાદેવી મંડપમાં રોજ સવારે ૮-૦૦ થી ૮-૩૦ સામુદાયિક પ્રાર્થના થશે. ત્યારબાદ સમૂહસ્નાત્ર ભણાવવામાં આવશે. રોજ બપોરે જૈન મહિલામંડળો જુદી જુદી પૂજાઓ ભવ્ય રીતે ભણાવશે. અને રોજ રાતના ૮ થી ૧૦ સુધી નવકાર મંત્રની ધૂન, પ્રાર્થના, શાંતિપાઠ તથા સંગીત વગેરે રસપ્રદ કાર્યક્રમ રજૂ થશે.

આ પ્રસંગે જૈન-જૈનેતરને જૈન શાસનના પ્રાચીન-અર્વાચીન સાહિત્યના દર્શનનો લાભ મળે તે માટે શ્રી નવકાર (નમસ્કાર) મહામંત્રના પ્રભાવને પ્રકટ કરતી તેમજ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુ અને ચંડકૌશિક સર્પના જીવન પ્રસંગની ક્ષમાપના-બોધપાઠને પ્રકટ કરતી, હાલતી ચાલતી સુંદર અને બેનમૂન રચનાઓ કરવામાં આવશે. તાડપત્ર કપડું, કાગળ ઉપર સેંકડો વર્ષ પહેલાં લખાયેલી પ્રાચીન જૈન પ્રતો તેમજ અર્વાચીન પ્રતો, પ્રાચીન-અર્વાચીન યંત્રો, ચિત્રપટોની

સર્વોતમ વિવિધ કલાકૃતિઓ વગેરેની ગોઠવણી આ વિષયના ખાસ નિષ્ણાત પ.પૂ. મુનિરાજશ્રી યશોવિજયજી મહારાજની દોરવણી નીચે થશે. તે માટે એક ખાસ સમિતિ પણ નીમવામાં આવી છે.

આ રીતે મહાનગરી મુંબઈમાં દસ દિવસનું એક અપૂર્વ મહોત્સવ-સત્ર ઉપસ્થિત થનાર છે. તેમાં નાના મોટા સહુ ભાઈઓ તથા બહેનો ઉમંગથી ભાગ લે અને તેને સફળ બનાવે.

જૈન ભાઈ-બહેનોને વિનંતી

આ મહોત્સવ અંગે પોતાની શક્તિ મુજબનો ફાળો શ્રી ગોડીજી જૈન ઉપાશ્રયમાં ખોલાયેલ શ્રી વિશ્વશાંતિ જૈન આરાધના સમિતિ કાર્યાલયમાં મોકલી આપો. દરેક રકમ માટે પહોંચ આપવામાં આવે છે.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૧૨,અંક-૨૧,તા.૧-૨-૧૯૬૪

પિંડવાડામાં ઉજવાયેલ ભવ્ય દીક્ષા મહોત્સવ

પિંડવાડા એ એક એવું પુણ્યશાળી ગામ છે, કે જ્યાં એક પછી એક શાસન પ્રભાવનાના કાર્યો થતા જ રહે છે. એવો જ એક ભવ્ય પ્રસંગ હમણાં મહા સુદ ૧૧ ના પણ ઉજવાઈ ગયો. આજથી લગભગ ૪ વર્ષ પૂર્વે પિંડવાડાના બાવન જિનાલય શ્રી વીર વિક્રમપ્રાસાદની ભવ્ય અંજનશલાકા-પ્રતિષ્ઠા થઈ. ૧૧૬ મુનિવરોની હાજરી, લાખો રૂપિયાની ઉછામણી, ભારતભરમાંથી ઊમટેલી લગભગ ૨૫ હજારની માનવમેદની, ૧૫ દિવસ સુધી ચાલેલ ભવ્ય મહોત્સવ અને આદર્શ વ્યવસ્થાને લીધે એ અંજનશલાકા મહોત્સવને હજી પણ સૌ યાદ કરી કરીને અનુમોદના કરે છે. એ વખતે જ એક 'સોનામાં સુગંધ' જેવો પ્રસંગ બનેલો. તે એ કે, અહીંના વતની ધર્મનિષ્ઠ સુશ્રાવક ધરમચંદ તેજમલજીએ પોતાના સૌથી નાનાપુત્ર કુમારપાલને હજારોની સભા વચ્ચે ભાવોલ્લાસ પૂર્વક પૂ. આચાર્યદેવને વહોરાવી દીધેલ એ પ્રસંગ જોઈને પછી અહીંના જ વતની સુશ્રાવક છોગાલાલજી પુનમચંદજીએ પણ પોતાના પુત્ર ઉત્તમચંદને વહોરાવેલ... નાનપણથી સુખી અને સંસ્કારી કુટુંબમાં ઉછરેલા બંને બાળકો પછી તો પૂ.આ. દેવશ્રી પાસે જ રહેવા માંડ્યા અને જરૂરી વ્યવહારિક અભ્યાસની સાથે ધાર્મિક અભ્યાસમાં અને ત્યાગ-તપ તથા સંયમની પૂર્વ તાલીમમાં પણ દિન પ્રતિદિન પ્રગતિ સાધવા માંડી, અને પછી તો જેમ બને તેમ જલદી ચારિત્રગ્રહણ કરવા માટે ઉતાવળ કરતા હતા. આમ લગભગ ત્રણ વર્ષ

સુધી શિક્ષણ અને તાલીમ અપાયા બાદ આ સાલ જાવાલમાં ચાતુર્માસ કરીને પૂ.આ. દેવશ્રી જ્યારે અહીં પધાર્યા ત્યારે બંને કિશોરોના કુટુંબીઓ સાથે વિચારણા કર્યા બાદ બંનેનો દીક્ષા મહોત્સવ પ્રથમ મુહૂર્તે ઉજવાનું નક્કી થયું. પૂર્વભવના પ્રબળ શુભ સંસ્કારોને લીધે બંને મુમુક્ષુઓનો આનંદ તો મહાતો જ નહોતો. એમનાં કુટુંબીઓએ પણ ઉલ્લાસપૂર્વક આ પ્રસંગ ઉજવવાની તૈયારી કરવા લાગ્યા અને આખા ગામમાં વાતાવરણ ઉલ્લાસમય બની ગયું. કારણ કે, આજથી લગભગ ૬૫ વર્ષ પહેલાં પૂ. આચાર્યદેવશ્રીએ દીક્ષા લીધી. બાદ અત્યાર સુધી પિંડવાડામાંથી કોઈ પુરુષની દીક્ષા થયેલી નહોતી. સાથે સાથે ડીસાના વતની ભાઈશ્રી અશ્વિનકુમારની દીક્ષા પણ અહીં જ કરવાની નક્કી થઈ. ૧ મહિના પહેલાથી જ મુમુક્ષુઓના વાયણા અને સન્માન શરૂ થઈ ગયા અને વાતાવરણ વધુને વધુ ઉલ્લાસમય બનતું ગયું અને મહોત્સવ અહીંની નવા જ્ઞાનમંદિરની નૂતન ભવ્ય ઈમારતના વ્યાખ્યાન હોલમાં ઉજવવાનું નક્કી થયું. જ્ઞાનમંદિર શણગાર્યું. ગવૈયાઓ આવ્યા અને મહોત્સવ શરૂ થઈ ગયો. ડીસાવાળા યુવાન મુમુક્ષુભાઈના કુટુમ્બીઓ પણ અહીં આવી ગયેલ અને એમ કરતાં અંતે મહા સુદ દશમનો સૂરજ ઉગ્યો. આજે તો વરસીદાનનો વરઘોડો હતો. વરઘોડા જોવા જૈન-જૈનેતર સૌ ઉત્સુક હતા અને બપોરે વરઘોડામાં આખું ગામ ઉમટ્યું. શણગારેલી ખુલ્લી મોટરમાં દીપતા ત્રણે દીક્ષાર્થીઓએ બંને હાથે લક્ષ્મીને ઉછાળવાની જાણે હરિફાઈ માંડી હતી. એમાં પણ દરબારી સાફો જરીયાન વસ્ત્રોને સુવર્ણના અલંકારોથી કુમારપાલભાઈ તો જાણે નાનકડા રાજકુમાર ન હોય એવા શોભતા હતા. મુખ્ય રાજમાર્ગો ઉપર ફરીને વરઘોડો કુમારપાલભાઈના મામા કુંદનમલજીને ત્યાં ઉતર્યો. મુંબઈ અને અમદાવાદ વ્યાપારાર્થે રહેતા પિંડવાડાના ઘણા ભાઈઓ આજે આવી ગયા હતા. પિંડવાડાના આગેવાન ત્રણે ભાઈઓ શ્રી સમરથમલજી, કુંદનમલજી ને સાગરમલજીને તો ઉલ્લાસ મહાતો ન્હોતો કારણ કે એમના સગા ભાણેજ કુમારપાલભાઈ ભગવાન મહાવીરના સર્વ ત્યાગના પંથે જવા તૈયાર થયા હતા. કુમારપાલભાઈના માતાપિતાએ પણ આ પ્રસંગે યાવજ્જીવનું બ્રહ્મચર્ય ઉચ્ચરવાનું નક્કી કર્યું હતું. ધન્ય છે એવા માતાપિતાને...બીજે દિવસે સવારે નવ વાગે ધર્મશાળાના વિશાળ હોલમાં દીક્ષાની ક્રિયા શરૂ થઈ. થોડી જ વારમાં જૈન જૈનેતરોથી ધર્મશાળાનો વિશાળ હોલ ને આંગણું ઉભરાઈ ગયું. પૂ. આચાર્યદેવશ્રીજીની તબિયત અત્યંત નરમ હોવાથી જરાવાર પણ બેસી શકાય એમ ન હતું એટલે તેઓશ્રી પધારી શક્યા ન હતા. એટલે વિદ્વદ્વર્ય નિસ્પૃહી દીર્ઘચારિત્રપર્યાયી પ. પૂ. મુનિરાજશ્રી મંગલવિજયજી મ. સા. ની અધ્યક્ષતામાં પૂ. પં. શ્રી માન વિ. મ., પૂ. પં. શ્રી કાન્તિ વિ. મ., પૂ. પં. મલય વિ. મ., પ.

હેમંત વિ. મ., પૂ. પં. શ્રી મુક્તિ વિ. મ. પં. શ્રી ભાનુવિજયજી મ., પં. શ્રી રવિ વિ, મ. આદિ લગભગ ૬૦ મુનિવરો, ચતુર્વિધ સંઘ અને વિશાળ જનતાની હાજરીમાં ક્રિયા આગળ વધી. રજોહરણ અપાયું અને એની પ્રાપ્તિના હર્ષોલ્લાસથી ત્રણે દીક્ષાર્થીઓ નાચી ઉઠ્યા. પછી વેશપરિવર્તન માટે એમને અન્યત્ર લઈ જવામાં આવ્યા...અને...થોડી વાર પછી જ્યારે સંસારી વેશનો ત્યાગ કરી મુંડિત મસ્તકે શ્વેતમુનિવેશમાં સ્મિતભર્યા મુખડે...ધીર ગંભીર પગલે આવતા નૂતન મુનિઓને જનતાએ જોયા ત્યારે ગગનભેદી જયનાદોથી વાતાવરણ ગુંજી ઉઠ્યું. જૈનેતરો પણ આનંદ અનુભવીને ત્યાગમાર્ગની અનુમોદના કરી રહ્યા હતા...પુનઃ ક્રિયા શરૂ થઈ; વિદ્વદ્વર્ય પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજ ધીરગંભીર ઊંચા સ્વરે સૂત્રો બોલી રહ્યા હતા. અને થોડી વારમાં તો દીક્ષાર્થીઓનાં નામ પણ બદલાઈ ગયા. ૧ ડીસાવાળા ભાઈ શ્રી અશ્વિનકુમારનું નામ મુનિશ્રી અશ્વસેનવિજયજી, ૨ ઉત્તમચંદનું નામ મુનિશ્રી વીરરત્ન વિજયજી અને ૩. કુમારપાલભાઈનું નામ મુનિશ્રી પુષ્પચંદ્ર વિજયજી જાહેર કરવામાં આવ્યું અને એ ત્રણેને પૂ. પંન્યાસશ્રી ભાનુ વિજયજી મ. ના પ્રશિષ્યો-૧ મુનિ કીર્તિસેન વિ. મ., ૨ મુનિ ગુણરત્ન વિ. મ., ૩ મુનિ જયઘોષ વિ. મ. ના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા. ક્રિયા પૂર્ણ થયા બાદ પૂ. પંન્યાસ શ્રી મુક્તિવિજયજી મહારાજનું પ્રાસંગિક પ્રવચન થયું અને રતલામ કેસ માટે ટીપ થયા બાદ ઉછામણી બોલનાર ભાગ્યશાળીઓએ નૂતન મુનિઓને સંયમના ઉપકરણો વ્હોરાવવાનો લાભ લીધો. આજના પ્રસંગે મુંબઈ, અમદાવાદ, ડીસા, જયપુર, શિવગંજ, જાવાલ, અંજાર, પીંપળગામ, કરાડ આદિ અનેક સ્થળેથી મહેમાનો પધાર્યા હતા. આજના પ્રસંગની ખુશાલીમાં મુનિશ્રી પુષ્પચંદ્ર વિજયજી (ભાઈ કુમારપાલ)ના સંસારી મામાઓ તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૧૨,અંક-૩૧,તા.૧૮-૪-૧૯૬૪

• 'ललित विस्तरा' ग्रंथ प्रकाशन समारोह समिति, जोधपुर

માન્યવર મહોદય,

ભારતીય સંસ્કૃતિ કે મહાન પ્રાચીન ધર્મગ્રંથ 'ललित विस्तरा' પર **પૂ. પંન્યાસ શ્રી ભાનુવિજયજી ગણિ** દ્વારા લિખિત હિન્દી ભાષા ટીકા કા પ્રકાશન સમારોહ દિનાંક ૨૦ અપ્રેલ ૧૯૬૪ કો પ્રાતઃકાલ ૭:૩૦ બજે સ્થાનિક નગર પાલિકા (નોહરે શહર મે ત્રિપોલિયા કે પાસ) મેં આયોજિત કિયા જા રહા હૈ.

સમારોહ ગ્રંથકાર કે વિદ્વાન શિષ્યરત્ન પૂજ્ય મુનિ શ્રી ધર્મગુપ્તવિજયજી એવં પૂજ્ય મુનિ શ્રી ભદ્રગુપ્તવિજયજી કે સાનિધ્ય મેં હોગા.

સમારોહ કી અધ્યક્ષતા ડૉ. લક્ષ્મીમલ્લ સિંઘવી, સંસદ સદસ્ય કરેગેં તથા ઉદ્‌ઘાટન માનનીય શ્રી જયસુખલાલ હાથી, રાજયમંત્રી, ગૃહ વિભાગ, ભારત સરકાર કે કરકમલોં દ્વારા સમ્પન્ન હોગા. આપકી ઉપસ્થિતિ પ્રાર્થનીય હૈ. વિનીત

ધર્મક્રિયા ભવન, **અમૃતલાલ ગાંધી**

જોધપુર. દિનાંક ૧૨-૪-૬૪ **મંત્રી, સમારોહ સમિતિ**

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૧૨,અંક-૩૨,તા.૨૫-૪-૧૯૬૪

પૂ. પંન્યાસજી શ્રી ભાનુવિજયજી મહારાજે રચેલ

શ્રી લલિતવિસ્તરા હિંદી વિવેચન ગ્રંથનો જોધપુરમાં શાનદાર પ્રકાશન-સમારોહ

ભારત સરકાર-ગૃહવિભાગના રાજ્યમંત્રી માનનીય શ્રીયુત જયસુખલાલ હાથી દ્વારા થયેલું ગ્રંથરત્નનું પવિત્ર પ્રકાશન : પૂજ્ય મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજ તથા પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજના સાન્નિધ્યમાં ઉજવાયેલો ભવ્ય પ્રકાશન-સમારોહ, શ્રીયુત હાથી, શ્રીયુત ડૉ. લક્ષ્મીમલ્લ સિંઘવી તથા પ્રોફેસર અમૃતલાલ ગાંધીના પ્રેરક ઉદ્‌બોધનો.

જોધપુરના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે નોંધાયેલો 'લલિત વિસ્તરા' ગ્રંથનો પ્રકાશન-સમારોહ

આજથી દસ વર્ષ પૂર્વે જ્યારે પૂજ્ય ગુરુદેવ પંન્યાસપ્રવર શ્રી ભાનુવિજયજી ગણિવરે 'લલિતવિસ્તરા' ગ્રંથ પર હિન્દી વિવેચન લખવાનું શરૂ કર્યું ત્યારે કલ્પના પણ નહોતી કે આ ગ્રંથરત્નનો ભારતવ્યાપી ફેલાવો થશે અને ભારતીય વિદ્વાનો તેની મુક્ત કંઠે પ્રશંસા કરશે !

ગ્રંથરત્નનો પરિચય : શ્રી જૈનધર્મમાં પરમાત્મભક્તિ અસાધારણ સાધના માની ગઈ છે. મોક્ષમાર્ગની આરાધનામાં પરમાત્મભક્તિ અનિવાર્ય છે. પરમાત્મભક્તિના અનેક પ્રકાર છે. તેમાં પરમાત્માની સ્તવના, પણ એક સુંદર પ્રકાર છે, શ્રી **'નમોત્થુણં'** સૂત્ર (પ્રાકૃત) દ્વારા પ્રતિદિન શ્રી જિનેશ્વર ભગવંતની સ્તવના કરવામાં આવે છે. આ સૂત્ર દેવરાજ ઈન્દ્ર દ્વારા ઉચ્ચારિત છે, આ હકીકત આગમપ્રમાણથી સિદ્ધ છે.

આ 'નમોત્થુણં' સૂત્ર અને બીજા દેવવંદન સૂત્રો પર આચાર્ય ભગવંત યાકિનીમહત્તરાસુનુ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી દ્વારા **'ललितविस्तरा'** નામની ટીકાનું નિર્માણ થયું છે, આ ટીકા ગ્રંથ સંસ્કૃત ભાષામાં છે. આવી ભાષા તર્કપૂર્ણ આગમિક તથા માધુર્યાદિ ગુણોથી પરિપૂર્ણ છે. આ ટીકા ગ્રંથનું અધ્યયન સરળ બનાવવા માટે આચાર્ય શ્રી મુનિચન્દ્રસૂરીશ્વરજી દ્વારા **'पञ्जिका'** નામની એક નાની ટીકા લખવામાં આવી છે.

'નમોત્થુણં' સૂત્ર ललितविस्तरा ટીકા તથા 'पञ्जिका' આ ત્રણેય ગ્રંથો પર 'પ્રકાશ' નામનું હિન્દી વિવેચન પૂજ્ય પંન્યાસ શ્રી ભાનુવિજયજી ગણિવર દ્વારા લખવામાં આવ્યું છે. આ હિન્દી વિવેચનમાં ઉપરોક્ત સંસ્કૃત-પ્રાકૃત ત્રણે ગ્રંથ સંકલિત કરવામાં આવ્યા છે.

શ્રી લલિતવિસ્તરા એક મહાન દાર્શનિક ગ્રંથ છે. પ્રાચીનકાલમાં પ્રચલિત અનેક દર્શનોની આ ગ્રંથમાં સમાલોચના-પ્રત્યાલોચના છે. જૈનદર્શનના અનેકાન્તવાદથી સર્વદર્શનોની જાંચ કરવામાં આવી છે. આવા મહાન ગ્રંથ પર હિન્દી વિવેચન તૈયાર થવાથી આધુનિક વિદ્વાનોને જૈનદર્શનનો સુંદર પરિચય પ્રાપ્ત કરવાનું પ્રામાણિક સાધન મળી ગયું છે.

આ હિન્દી-વિવેચન ગ્રંથ પર રાજસ્થાનના માનનીય ગવર્નર શ્રીયુત ડૉ. સંપૂર્ણાનન્દ દ્વારા 'પ્રસ્તાવના' લખવામાં આવી છે. તેમ જ પૂનાની સુપ્રસિદ્ધ વાડીયા કૉલેજના પ્રો. પી.એલ. વૈદ્ય (M.A.D LIT) દ્વારા પરિચય લખવામાં આવ્યો છે. આ ગ્રંથ કાઉન-૮ પેજ સાઈઝના સાડાચારસો (૪૫૦) પાનાનો દળદાર ગ્રંથ છે.

યાકિનીમહત્તરાસુનુ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી :

પ્રસ્તુત ललितविस्तरा ગ્રંથના રચયિતા શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ છે. જેઓશ્રીનો જીવનકાળ વિક્રમની છઠ્ઠી શતાબ્દી (કેટલાક વિદ્વાનોના મતે આઠમી શતાબ્દી) છે. તેઓશ્રીએ સંસ્કૃત તથા પ્રાકૃત ભાષામાં ધર્મ વિષયક તથા દાર્શનિક-વિષયક અનેક ઉત્તમોત્તમ ગંભીર તત્ત્વપ્રતિપાદક ગ્રંથોનું નિર્માણ કર્યું છે. તેઓશ્રીએ જૈન, બૌદ્ધ, સાંખ્ય, ન્યાય, વૈશેષિક, અદ્વૈત ચાર્વાક આદિ સર્વ દર્શનોની વિવિધ પ્રકારે સુંદર ઢંગથી આલોચના-પ્રત્યાલોચના કરી છે. શ્રી જૈન સંઘમાં પૂજ્ય આચાર્યદેવ એક અસાધારણ પ્રજ્ઞાવંત બહુશ્રુત આચાર્ય તરીકે સુપ્રસિદ્ધ છે. તેઓશ્રી પ્રત્યે આજપર્યંત ભારતીય તથા પાશ્ચાત્ય વિદ્વાનોનું એક મધ્યસ્થ પ્રખર વિદ્વાન તરીકે આકર્ષણ છે. તેઓશ્રીના ગ્રંથો અસાધારણ કોટિના અને પ્રામાણિક ગ્રંથો માનવામાં આવે છે.

તેઓશ્રી શ્વેતામ્બર પરંપરાના પૂ. આચાર્યદેવશ્રી જિનભદ્રસૂરીશ્વરજી

મહારાજના મહા વિદ્વાન શિષ્યરત્ન હતા. તેઓ વિદ્યાધર ગચ્છના હતા. તેઓશ્રીએ પોતાના જીવનકાળમાં ૧૪૪૪ ગ્રંથોનું નિર્માણ કરી જૈન દર્શનના સાહિત્યમાં અપૂર્વ યોગદાન કર્યું છે.

પ્રકાશન સમારોહનું આયોજન શા માટે ? :

ગ્રંથ જ્યારે તૈયાર થઈ રહ્યો હતો ત્યારે તેનો આવો ભવ્ય પ્રકાશન સમારોહ ઉજવાશે, તેની કલ્પના પણ કોઈને નહીં હોય. કેટલાક વિચારકો એમ પણ વિચારતા હશે કે આવા ગ્રંથોના પ્રકાશન-સમારોહ શા માટે ? તેના સમાધાનમાં અહીં કેટલીક અગત્યની મહત્ત્વપૂર્ણ વાતો જણાવવામાં આવે છે.

(૧) આજે ઈસાઈ અને બૌદ્ધ ધર્મનો વિશ્વવ્યાપી પરિચય માટે પ્રચાર થઈ રહ્યો છે. તેવી રીતે રામકૃષ્ણ મિશન વગેરે સંસ્થાઓ દ્વારા સનાતન ધર્મના પરિચય માટે પણ ભારે પ્રચાર કરવામાં આવે છે. જ્યારે જૈનધર્મ એક પરિપૂર્ણ ધર્મ હોવા છતાં, જૈન ધર્મનાં તત્ત્વો સમગ્ર વિશ્વને ઉપકારી હોવા છતાં, આજના જગતને જૈનધર્મનો પરિચય થાય એ માટે જે રીતે પ્રચાર થવો જોઈએ, એ રીતે નથી થઈ રહ્યો. ધુરંધર જૈનાચાર્યોનાં પાંડિત્યપૂર્ણ પ્રભાવશાળી ગ્રંથોનું પ્રકાશન આ પદ્ધતિએ થવાથી જૈનાચાર્યો અને જૈનસાહિત્યનો દેશવ્યાપી પરિચય થઈ શકે છે. અજૈન વિદ્વાનો પણ જૈનધર્મ-દર્શનથી પરિચિત થાય છે. તેમના મનમાંથી જૈનધર્મ અંગેની ખોટી વાતો દૂર થાય છે.

(૨) આવા સમારોહથી શ્રુતજ્ઞાન પ્રત્યે અને શ્રુતનાં પ્રરૂપક-પ્રચારક અરિહંતદેવ અને આચાર્ય પ્રત્યે ભક્તિબહુમાન પ્રગટ કરવામાં આવે છે.

(૩) દેશના અગ્રગણ્ય નાગરિકો તેમજ દેશનેતાઓ આ રીતે જૈનધર્મ પ્રત્યે દૃષ્ટિપાત કરે છે અને જૈન સાહિત્યનું અવગાહન કરવા પ્રેરિત થાય છે.

(૪) હિન્દી સાહિત્યમાં શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજનો આવો મહાન દાર્શનિક ગ્રંથ અદ્યાપિપર્યંત પ્રકાશિત થયો નથી. આ પ્રકાશન સમારોહ દ્વારા ભારતના કરોડો હિન્દી ભાષીઓ શ્રી હરિભદ્રસૂરીશ્વરજીથી અને એમના આ ગ્રંથરત્નથી પરિચિત થવાને અવકાશ ખડો થાય છે.

આવા અનેક પવિત્ર અને ઉચ્ચ આશયોથી પ્રેરાઈને શ્રી 'લલિતવિસ્તરા' ગ્રંથના પ્રકાશન-સમારોહની ભૂમિકા સર્જાઈ.

પ્રકાશન-સમારોહની પૂર્વભૂમિકા :

હિન્દી વિવેચનકાર પૂ. પંન્યાસજી મહારાજ શ્રી ભાનુવિજયજી ગણિવર પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની સાથે પિંડવાડામાં બિરાજિત

હતા. જ્યારે તેઓશ્રીના શિષ્યરત્નો પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજ તથા પૂજ્ય મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજ આદિ મુનિવરો રાજસ્થાનમાં બ્યાવરની પાસે પીસાંગન-ગામમાં પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પધારેલા હતા. શ્રી જોધપુર સંઘ તરફથી પ્રકાશન સમારોહ ઉજવવાનું નક્કી થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની આજ્ઞાથી ઉપરોક્ત શિષ્ય મુનિવરો જોધપુર તરફ વિહાર કરી જોધપુર આવી પહોંચ્યા.

આમે ય ઘણા વર્ષોથી જોધપુર સંઘ પૂજ્ય મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજને ચાતુર્માસ કરાવવા માટે પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય ભગવંતને વિનંતી કરતો હતો. તેઓશ્રી હવે પોતાના વડીલ બંધુ પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી સાથે પધારતાં જોધપુર સંઘમાં ઘણો જ આનંદ પથરાયો. પ્રતિદિન પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજના જોરદાર આધ્યાત્મિક પ્રવચનો શરૂ થયાં. દર રવિવારે પૂજ્ય મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજનાં જાહેર પ્રવચનો યોજાવા લાગ્યાં. તેમાં સ્થાનકવાસી, તેરાપંથી, અજૈન વગેરે દરેક વર્ગના સ્ત્રી-પુરુષો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા લાગ્યા. હાઈકોર્ટના જજ, સીવીલ મેજીસ્ટ્રેટો, વકીલો, ડૉક્ટરો, સરકારી અફસરો વગેરે અધિકારી વર્ગ સારા પ્રમાણમાં રસ લેવા લાગ્યો.

પૂજ્યશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજે શ્રી 'લલિતવિસ્તરા' ગ્રંથનો પ્રકાશન-સમારોહ શ્રી જૈનશાસનની સુંદર પ્રભાવનાને કરનારો થાય એ માટે ગ્રંથરત્ન અને ગ્રંથકારનો પરિચય આપતાં જોધપુરના સર્વ સંપ્રદાયોના આગેવાનોએ સમારોહ ઉજવવાની પ્રેરણાને ઝીલી લીધી; અને જેમ બને તેમ જલદી પ્રકાશન-સમારોહ ઉજવવાનાં ચક્રો ગતિશીલ બન્યા.

પ્રકાશન-સમારોહ-સમિતિની રચના :

સમારોહ અભૂતપૂર્વ અને સર્વાંગ સુંદર બને એ માટે જોધપુરના તમામ સંપ્રદાયોના આગેવાનોની એક સમિતિ રચવા માટે, શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘે નિર્ણય કર્યો, અને સમિતિના અધ્યક્ષ ડૉ. લક્ષ્મીમલ્લ સિંઘવી (લોકસભાના મેમ્બર) ને બનાવવા પત્ર દ્વારા દિલ્હીમાં તેમનો સંપર્ક સાધ્યો. ડૉ. લક્ષ્મીમલ્લ સિંઘવીએ તુરતજ આવા પવિત્ર કાર્યમાં પોતાનો પૂર્ણ સહયોગ આપવા સંમતિ આપી અને સમારોહ સમિતિનું નીચે પ્રમાણે આયોજન થયું.

(૧) ડૉ. લક્ષ્મીમલ્લ સિંઘવી. (સંસદ સદસ્ય) પ્રમુખ, Master of Laws (Harvard) Doctor of Science of the Laws (Cornel)
(૨) બાબુ લક્ષ્મણસિંહજી (પ્રમુખ, જોધપુર નગર પરિષદ)
(૩) શ્રીરામ પરિહાર. (પ્રમુખ, મારવાડ ચેમ્બર ઓફ કોમર્સ)
(૪) વહીદુલ્લા ખાં. (રિટાયર્ડ કમિશનર, કસ્ટમ્સ)

(૫) તારકપ્રસાદ વ્યાસ. (ભૂતપૂર્વ પ્રમુખ, જોધપુર નગર કોંગ્રેસ)
(૬) રૂપનારાયણ શાહ. (ભૂતપૂર્વ પ્રમુખ, મારવાડ ચેમ્બર ઓફ કોમર્સ)
(૭) લક્ષ્મીચંદ સુરાણા. (ભૂતપૂર્વ પ્રમુખ, મારવાડ ચેમ્બર ઓફ કોમર્સ)
(૮) કેદારનાથ ભાર્ગવ (હેડમાસ્તર, સરદાર હાયર સેકન્ડરી સ્કૂલ)
(૯) મદનગોપાલ કાબરા, (ઉપાધ્યક્ષ, રાજસ્થાન ચેમ્બર ઓફ કોમર્સ)
(૧૦) કે.સી. ભાટીયા. (ભૂતપૂર્વ ઉપાધ્યક્ષ, રાજસ્થાન ચેમ્બર ઓફ કોમર્સ)
(૧૧) મોહમ્મદહુસેન ફરુકી. (રિટાયર્ડ, સત્ર ન્યાયાધીશ)
(૧૨) હસ્તીમલ પારીખ. એડવોકેટ.
(૧૩) ગુમાનમલ લોઢા. એડવોકેટ.
(૧૪) અચલેશ્વરપ્રસાદ શર્મા. (સંપાદક : 'પ્રજાસેવક')
(૧૫) બી.એન. ભાર્ગવ. (રાજપૂતના સ્ટેશનરી માર્ટ)
(૧૬) બી.સી. જૈન. (એજન્ટ, બેંક ઓફ બરોડા)
(૧૭) મનમોહન બાફના. પત્રકાર.
(૧૮) ઉગમરાજ મહેતા. એડવોકેટ.
(૧૯) શ્રીનાથ મોદી. (કિતાબઘર)
(૨૦) ગોવિંદસિંહ લોઢા. (સંપાદક : 'લલકાર')
(૨૧) મદનરાજ મહેતા. (ડાયરેકટર, રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ, જોધપુર.)
(૨૨) નેમીચન્દ જૈન. (રીડર, હાઈકોર્ટ)
(૨૩) દૌલત રૂપચંદ ભંડારી. (પ્રસિદ્ધ કવિ)
(૨૪) નથમલ ગોલિયા, (પ્રમુખ, તપાગચ્છ સંઘ)
(૨૫) હીરાલાલ સુરાણા (પ્રમુખ, ભેરૂબાગ જૈન તીર્થ)
(૨૬) ગણેશચન્દ્ર લોઢા (પ્રમુખ, ઓસવાલ સિંહ સભા)
(૨૭) ચાંદમલ લોઢા (પ્રમુખ, સ્થાનકવાસી સમાજ)
(૨૮) જબરમલ ભંડારી (પ્રમુખ, તેરાપંથી સભા)
(૨૯) માધોલાલ લોઢા (મંત્રી, સ્થાનકવાસી સમાજ)
(૩૦) સંપતમલ ભંડારી I.A.S. (Retd.) ભૂતપૂર્વ ગૃહમંત્રી, રાજસ્થાન.
(૩૧) ગોરધનચંદ ભંડારી (ભૂતપૂર્વ મેજીસ્ટ્રેટ)
(૩૨) માંગીલાલ મોહનોત. એડવોકેટ
(૩૩) ચીમનચંદ ભંડારી. એડવોકેટ
(૩૪) લેખરાજ મહેતા. એડવોકેટ
(૩૫) મહાવીર ભંડારી. એડવોકેટ

(૩૬) રિખબરાજ કર્ણાવટ. એડવોકેટ
(૩૭) ગણપતિચન્દ્ર ભંડારી. (લેક્ચરર, જોધપુર યુનિવર્સિટી)
(૩૮) સૂર્યપ્રકાશચન્દ્ર ભંડારી. (લેક્ચરર, જોધપુર યુનિવર્સિટી)
(૩૯) નરપતિચન્દ્ર સિંઘવી. (લેક્ચરર, જોધપુર યુનિવર્સિટી)
(૪૦) દેવરાજ મહેતા. (લેક્ચરર, જોધપુર યુનિવર્સિટી)
(૪૧) મિશ્રીમલ ફોફલીયા (મંત્રી : ભેરૂબાગ તીર્થ)
(૪૨) શરબતમલ જૈન. M.Com. (સંયુક્તમંત્રી, ભેરૂબાગતીર્થ)
(૪૩) ચંદ્રકુમાર લોઢા, (મંત્રી : તપાગચ્છ સંઘ)
(૪૪) કૈલાસ ભંસાળી. (મંત્રી : મહાવીર જૈન નવયુવક મંડળ)
(૪૫) ઉમરાવમલ મહેતા.
(૪૬) રણજીતમલજી. (મુન્સફ, મેજીસ્ટ્રેટ)

સમારોહ-સમિતિના મંત્રી તરીકે પ્રોફેસર અમૃતલાલ ગાંધી. B.A.LL.B. ને નિયુક્ત કરવામાં આવ્યા અને સમારોહનું કાર્ય-સંચાલન તેમને સોંપવામાં આવ્યું. શ્રીયુત ગાંધીએ ખૂબ જ ઉત્સાહથી કાર્ય ઉઠાવી લીધું અને સમારોહની સંગીન પૂર્વ તૈયારીઓ શરૂ કરી દીધી.

સમારોહ ખૂબ જ ભવ્ય રીતે ઉજવવાની ભાવના ડૉ. લક્ષ્મીમલજીને પણ હતી. તેઓ દિલ્હીથી જોધપુર આવી પહોંચ્યા, અને પૂજ્ય મહારાજશ્રીને મળ્યા. સમારોહનું ઉદ્‌ઘાટન કોના પાસે કરાવવું તે અંગે પરામર્શ કરી, તેઓ પુનઃ દિલ્હી ચાલ્યા ગયા; અને ભારત સરકારના ગૃહવિભાગના રાજ્યમંત્રી શ્રીયુત જયસુખલાલ હાથીને **'ललितविस्तरा'** ગ્રંથ ભેટ કર્યો તથા સમારોહનું ઉદ્‌ઘાટન કરવા જોધપુર પધારવા આમંત્રણ આપ્યું. શ્રીયુત હાથીએ સપ્રેમ આમંત્રણનો સ્વીકાર કરી જૈન-ધર્મ પ્રત્યેનો પોતાનો સદ્‌ભાવ વ્યક્ત કર્યો.

સમારોહની તા. ૨૦-૪-૬૪ નક્કી થઈ. જોધપુરના નાગરિકો સમારોહની તારીખની આતુરતાપૂર્વક પ્રતીક્ષા કરવા લાગ્યા.

તા. ૧૮-૪-૬૪ ના દિવસે ડૉ. લક્ષ્મીમલ્લ સિંઘવી દિલ્હીથી આવી ગયા. એ પૂર્વે શ્રીયુત અમૃતલાલ ગાંધીએ આમંત્રણ પત્રિકા અને ગ્રંથપરિચયનું સાહિત્ય ભારતના મુખ્ય મુખ્ય શહેરોમાં અને અગ્રગણ્ય વિદ્વાનો, આગેવાનો વગેરેને રવાના કરી દીધું હતું. પ્રચાર પત્રિકાની હજારો નકલો જોધપુરના નાગરિકોના પાસે પહોંચી ગઈ હતી.

સમારોહ સમિતિના સદસ્ય પ્રસિદ્ધ કવિરાજ શ્રી દૌલત રૂપચંદ ભંડારીએ

'બ્રોડકાસ્ટ'નું કાર્ય સંભાળી લીધું હતું. ગલીગલીમાં મોટર ઘુમવા લાગી અને કવિરાજ પોતાની અનોખી ઢબે બ્રોડકાસ્ટ દ્વારા સમારોહની જાણકારી કરવા લાગ્યા.

આકર્ષક નિમંત્રણ ડૉ. શ્રી અમૃતલાલ ગાંધીની સહીથી, તથા પ્રકાશન-સમારોહની જાહેરાત પત્રિકાઓ પૂર્વોક્ત સમારોહ સમિતિના સભ્યો વગેરે ૪૬ જૈન-જૈનેતર આગેવાનોની સહીથી પ્રગટ કરવામાં આવેલ. આ પ્રસંગને અનુલક્ષીને વિશાળ ગચ્છાધિપતિ પ્રાતઃ સ્મરણીય પૂ. પરમ ગુરુદેવ શ્રી આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ તથા ગ્રંથરત્નનો પરિચય કરાવતી નીચે મુજબની પત્રિકા પ્રચારવામાં આવી હતી.

શ્વેતામ્બર મૂર્તિપૂજક પરંપરા કે મહાન જૈનાચાર્ય સિદ્ધાંતમહોદધિ

શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ

જિનકી પાવનતમ નિશ્રા મેં લલિત વિસ્તરા હિન્દી વિવેચન 'પ્રકાશ'કા નિર્માણ હુઆ હૈ તથા જિન્હેં યહ સમર્પિત કિયા ગયા હૈ.

૬૩ વર્ષ કે પવિત્ર સાધુ જીવનમેં સ્વ-પર આત્માઓ કી ભવ્ય ઉન્નતિ કરતે આપ ભારતીય ધર્મ સંસ્કૃતિ કી જીવંત-મૂર્તિ હૈ. આત્મવિશુદ્ધિ કે અનેક પ્રયોગ હી આપકા જીવન હૈ. જૈન ધર્મ ગ્રંથો કી આપને તલસ્પર્શી વિદ્વતા પ્રાપ્ત કી હૈ. ભારતીય દાર્શનિક સાહિત્ય કા ભી આપને ગહન અધ્યયન કિયા હૈ. 'કર્મ-ફિલોસફી' આપ શ્રી કા અપના પ્રિયતમ વિષય હૈ ઔર ઈસ વિષય કે ઉચ્ચ વિદ્વાનો મેં આપ ગુરુ સ્થાનીય હૈ, શ્વેતામ્બર-દિગમ્બર પરંપરા કી 'કર્મ ફિલોસફી' પર ગહન ચિંતન, મનન ઔર સંશોધન કર આપને ઈસ વિષય પર લાખો શ્લોકો કા નયા નિર્માણ કિયા હૈ.

આપશ્રી કે સંઘમેં ૨૫૦ સાધુ મુનિરાજ હૈ. શ્વેતામ્બર મૂર્તિપૂજક લાખોં જૈન ગૃહસ્થોં કે આપ શ્રદ્ધેય હૈ. આપકી બાલ બ્રહ્મ-ચારિતા, સંયમ તેજસ્વિતા, પ્રેમ-પરિપૂર્ણતા ઔર સમ્યગ્જ્ઞાન-વ્યાપકતા ને જૈન સંઘ કે અંતસ્તલ પર અધિકાર જમા દિયા હૈ. આપશ્રી કે મુનિ સંઘમેં સંસ્કૃત, પ્રાકૃત, હિન્દી, ગુજરાતી, અંગ્રેજી, મરાઠી આદિ ભાષાઓ કે પ્રકાંડ વિદ્વાન, પ્રખર પ્રવચનકાર, સ્વ-પર શાસ્ત્રો કે મર્મજ્ઞ, ષડદર્શન કે ઉચ્ચ વિદ્વાન ઔર મહાન તપસ્વી મુનિરાજ વિદ્યમાન હૈ જો સબ સ્વ-પર ઉપકાર મેં નિરત હૈ. **'સિદ્ધાંતમહોદધિ'** કી ઉપાધિ સે આપકે સ્વર્ગસ્થ ગુરુદેવને આપકો અલંકૃત કિયે હૈ. આપકે પાસ એક છોટા બચ્ચા ભી પ્રેમસે બાતેં કરતા હૈ ઔર પ્રૌઢ વિદ્વાન ભી ગંભીર તત્ત્વચર્ચા કરતે હૈ. આપકી પ્રસન્ન મુખમુદ્રા ઔર મીત-મૃદુ ભાષા સે આપકે દર્શન મુગ્ધ હો જાતે હૈ.

'ललितविस्तरा' के हिन्दी विवेचनकार महात्मा पंन्यास श्री भानुविजयजी गणी आपके ही प्रमुख विद्वान शिष्यरत्न है.

अमृतलाल गांधी

मंत्री ललितविस्तरा ग्रंथ प्रकाशन समारोह समिति, जोधपुर (राजस्थान)

'प्रकाश' 'ललित विस्तरा' ग्रंथ पर हिन्दी भाषा में विवेचन

ईस ग्रंथ में आप क्या पढेंगे ?

- धर्म क्या है ? धर्म का अधिकारी कौन है ? प्रार्थना-प्रणिधान का स्वरुप क्या है ? दानादि धर्म, सम्यग्दर्शनादि धर्म, आश्रव-निराश्रव धर्म, योगात्मक धर्म आदि की परिभाषा क्या है ? गृहस्थ धर्म और साधु धर्म का परिचय क्या है ? ईच्छा योग, शास्त्र योग, सामर्थ्य योग कैसे प्राप्त हो सकते है ?
- अरिहंत परमात्मा की विशेषताओ : तीर्थंकरत्व, स्वयं-बुद्धत्व, परार्थ-व्यसनिता, अनंतज्ञान, ३४ अतिशय, विश्वतत्त्वप्रकाशकता, अनेकान्तवाद ईत्यादि सिद्धान्तप्ररुपकता आदि आदि.
- परमात्मा भक्ति का विशिष्ट स्वरुप : ४ प्रकार की पूजा, द्रव्यस्तव-भावस्तव, चैत्यवंदन की विधि, जिनाज्ञाधीनता, बोधि की उच्चत्तर कक्षाये, ध्यान के उपाय व स्वरुप, अर्हत् कृपा आदि आदि.
- अनेकान्तवाद, आत्मादि द्रव्यों का उत्पाद-व्यय-ध्रौव्य, नित्यानित्यत्व, आत्मा का मौलीक विकृत स्वरुप, कर्म-सिद्धांत ज्ञान और ज्ञेय, प्रमाण और नय, पंचकारण, समवाय, निमित्त और उपादान, जीवाजीवादि ७ तत्त्व, धर्मास्तिकायादि ६ द्रव्य, स्व-पर-पर्याय, आत्मा के षट् स्थान षट् कारक, १४ गुण स्थानक, स्त्री मुक्ति, भव्यत्व-अभव्यत्व, ८ कर्म, ९ नय, निश्चय-व्यवहारनय आदि आदि.
- द्रव्यस्तव में हिंसा दोष क्यों नहीं ? आगम पौरुषेय कैसे ? सामान्य विशेष, द्रव्य-पर्याय, द्रव्य गुण व कार्य-कारण में भेदाभेद कैसे ? परमात्मा व मुक्तात्मा में अवतारवाद क्यों नहीं ? ज्ञान में साकारता निराकारता कैसे ?
- सांख्य दर्शन, न्याय दर्शन, वैशेषिक दर्शन, वेदान्त दर्शन, मीमांसा दर्शन, बौद्ध दर्शन सांकृत्यमत, गोपेन्द्र-परिव्राजकमत, अनंत का मत, तत्त्वान्तवादी मत ईत्यादि की विशद आलोचना और प्रत्यालोचना.

❖ જૈન દર્શન કી વિશેષતાયેં : આદિ મધ્ય-અંત ઇન ત્રિકોટી મેં પરિશુદ્ધ જૈન આગમ, ઉત્સર્ગ અપવાદ કી વિશિષ્ટ મર્યાદા, ઇતર-દર્શન-વ્યાપિતા, ઉત્સર્ગોદ્દિશસાધક અપવાદ, ભિન્નાભિન્ન સામાન્ય વિશેષ, અનેકાન્તવાદ આદિ આદિ.

ગ્રંથ કા પ્રાપ્તિસ્થાન

(૧) **મેસર્સ જેઠાલાલ ચુનીલાલ ઘીવાલા**
૩૫૫, કાલબાદેવી રોડ, **મુંબઈ-૨.**

(૨) **શ્રીયુત ચતુરદાસ ચીમનલાલ શાહ**
કાલુશી કી પોળ, **અહમદાબાદ.**

(૩) **શ્રીયુત પુખરાજ ધરમચન્દ**
પિંડવાડા. (સ્ટે. સિરોહી રોડ) રાજ.

(૪) **શ્રીયુત બાબુલાલ પુનમચન્દ**
પટેલ બિલ્ડિંગ, **ઊંઝા** (ગુજરાત).

(૫) **શ્રીયુત શરબતમલજી જૈન**
૩૮૧, સરદારપુરા, ૪થી રોડ, **જોધપુર** (રાજ૦)

● **શ્રીયુત જયસુખલાલ હાથીનું આગમન :** તા. ૧૯-૪-૬૪ ના દિવસે સવારે દસ વાગે હવાઈમાર્ગે જોધપુરના એરોડ્રોમ પર થયું. સમારોહ સમિતિના સભ્યો સાથે ડૉ. લક્ષ્મીમલ્લ સિંઘવી ત્યાં પહોંચી ગયેલા હતા. જોધપુરનગરના અગ્રગણ્ય લગભગ સો ગૃહસ્થો પણ ત્યાં ઉપસ્થિત હતા. શ્રીયુત હાથી જોધપુરના નાગરિકોનું ભાવભીનું ભવ્ય સ્વાગત જોઈ ઘણા પ્રભાવિત થયા. તેમની સાદાઈ અને નમ્રતાથી જોધપુરના નાગરિકો પણ ઘણા જ આકર્ષિત થયા.

પૂજ્ય મહારાજશ્રીનાં દર્શનાર્થે : બરાબર ૧૨-૪૦ કલાકે શ્રીયુત જયસુખલાલ હાથી પૂજ્ય મહારાજશ્રીના દર્શનાર્થે પધાર્યા. પૂજ્ય મહારાજશ્રી ભેરૂબાગ તીર્થના ઉપાશ્રયમાં બિરાજિત હતા. શ્રીયુત હાથીએ સર્વપ્રથમ પ્રગટપ્રભાવી શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં ભાવપૂર્વક દર્શન કર્યાં અને પછી મહારાજશ્રીની પાસે આવ્યા. વિનયપૂર્વક વંદના કરી તેઓ ઉચિત આસને બેઠા. પૂજ્ય શ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજે મધુર સ્વરે 'ધર્મલાભ'નો આશીર્વાદ આપ્યો અને આવા પવિત્ર કાર્ય માટે દિલ્હીથી ખાસ આવી ઉપસ્થિત થવા બદલ ધન્યવાદ આપ્યો :

'ધાર્મિક-આધ્યાત્મિક સાહિત્ય મારો પ્રિય વિષય છે' શ્રીયુત હાથીએ પૂજ્ય મહારાજશ્રીને કહ્યું : આપના દર્શન કરી ઘણો આનંદ થયો. ધાર્મિક સાહિત્ય તો

મારો પ્રિય વિષય છે.' આવા કાર્ય માટે મને આમંત્રણ મળતાં મેં તૂર્ત જ ડૉ. સિંઘવીનું આમંત્રણ સ્વીકારી લીધું !'

પ્રજાની નૈતિક ચેતના અને આધ્યાત્મિક સ્ફૂર્તિ માટે : પૂજ્ય મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજે કહ્યું : 'આપ જે પ્રયોજન માટે અહીં પધાર્યા છો, એ પ્રયોજન પવિત્ર અને અતિ આવશ્યક છે. મનુષ્યની નૈતિક ચેતના અને આધ્યાત્મિક સ્ફૂર્તિ માટે નૈતિક-ધાર્મિક તેમ જ આધ્યાત્મિક સાહિત્યના પ્રચારની અતિ જરૂર છે. આપ આ કાર્ય સુંદર રીતે કરી શકો તેવા સ્થાને છો. આજે ભ્રષ્ટાચારનું, અનૈતિકતાનું તેમજ જ દુરાચારનું ઉન્મૂલન કરવા માટે પ્રજાના મનનું નવેસરથી ઘડતર કરવું જરૂરી છે. તે માટે સ્કૂલ-કૉલેજોમાં ધાર્મિક શિક્ષણ ફરજિયાત દાખલ કરવું જોઈએ. મનુષ્ય માત્ર પેટ નથી મનુષ્ય મનથી છે ! 'Man is not belly but brain.'

શ્રીયુત હાથીએ પ્રત્યુત્તર આપતાં કહ્યું : 'આપ જેવા ત્યાગી પુરુષોનો ઉપદેશ જ શિક્ષણ છે. અને તે ખૂબ જરૂરી છે.'

પૂજ્ય મહારાજશ્રીએ આગળ વધતા જણાવ્યું 'જેવી રીતે એક બાજુ અમે પ્રજાને નૈતિક-ધાર્મિક પ્રેરણા આપી ઉન્નતિ તરફ લઈ જવા પ્રયત્ન કરીએ છીએ તેવી રીતે બીજી બાજુ આજનાં મોટા ભાગનાં બીભત્સ અને નિર્લજ્જતાપૂર્ણ સિનેમા-નાટક મનુષ્યને પતનના ખાડામાં ધકેલી રહેલ છે. તેના પર પ્રતિબંધ મૂકવો જરૂરી છે.'

ડૉ. લક્ષ્મીમલ્લ સિંઘવીએ કહ્યું : 'શ્રીયુત હાથી ધાર્મિક વૃત્તિના છે અને દિલ્હીમાં ધાર્મિક સંસ્થાઓમાં સારો સહયોગ આપે છે. એમને સંસ્કૃત ભાષા પ્રિય છે. મેં આ સમારોહ માટે આમંત્રણ આપતાં તુરત જ સ્વીકારી લીધું, તેવી તેમની સરળતા છે,'

બાદમાં પૂજ્ય મહારાજશ્રીનાં સૂચનથી શ્રીયુત હાથીને

(૧) સચિત્ર મહાવીર ચરિત્ર (હિન્દી) (૨) જૈન ધર્મકા સરળ પરિચય (હિન્દી) (૩) આત્મમંગલ (હિન્દી) (૪) ગુણદૃષ્ટિ (હિન્દી) આ ચાર પુસ્તકો ભેટ કરવામાં આવ્યા. શ્રીયુત હાથીએ પ્રેમપૂર્વક તે સ્વીકાર્યા. સાથે સાથે પૂજ્ય મહારાજશ્રીએ એક લેખિત પત્ર તેમને આપ્યો : તે નીચે મુજબ છે :

મનુષ્યની જીવનશુદ્ધિ માટે કેટલાક મહત્ત્વપૂર્ણ સૂચનો :

૧. નૈતિક ચેતના અને આધ્યાત્મિક સ્ફૂર્તિ પ્રદાન કરવાવાળું સાહિત્ય ભારત સરકાર દ્વારા મોટા પ્રમાણમાં પ્રકાશિત કરવામાં આવે અને ઘરઘરમાં તેનો પ્રચાર કરાય.

૨. કંચન-કામીનીના ત્યાગી સાધુપુરુષોનો સહયોગ લેવામાં આવે અને એમના

દ્વારા મનુષ્યમાં ત્યાગવૃત્તિ જાગ્રત કરવામાં આવે.

૩. અનીતિ-દુરાચાર તથા સ્વચ્છંદતાનાં પોષક સિનેમા-નાટક પર પ્રતિબંધ લગાવવો જોઈએ.

૪. મનુષ્યનું મૂલ્યાંકન તેની સત્તા યા વૈભવના માધ્યમથી ન કરવામાં આવે. પરંતુ શીલ તથા સદાચારના માધ્યમથી કરાય. વર્તમાનપત્રોમાં શીલવાન તથા સદાચારી મનુષ્યોની પ્રતિદિન પ્રશંસા કરવામાં આવે.

૫. ભારત સરકાર દ્વારા હિંસા તેમજ હિંસક ઉદ્યોગોમાં સહયોગ ન દેવામાં આવે. 'અહિંસા જ આપણી સંસ્કૃતિ છે. તેમાં જ આપણે સુખશાન્તિ પ્રાપ્ત કરી શકીએ.' એવો વિશ્વાસ જન-માનસમાં ઉત્પન્ન કરવામાં આવે.'

(તા. ૧૯-૪-૬૪ જોધપુર) મુનિ ભદ્રગુપ્તવિજયના ધર્મલાભ.

શ્રીયુત હાથી પત્ર હાથમાં લેતાં જ તુરત તેઓ વાંચી ગયા અને આનંદ વ્યક્ત કર્યો.

• • •

• **પ્રકાશન સમારોહનો ધન્ય દિવસ આવી લાગતા** નગરની મધ્યમાં આવેલા મ્યુનિસિપલ મેદાન પર ભવ્ય સુશોભિત મંડપ ઊભો કરવામાં આવ્યો હતો. મંડપનું નયનરમ્ય પ્રવેશદ્વાર શોભી રહ્યું હતું. બહાર મોટરોને ઊભી રહેવા માટે Car-parking બનાવાયેલું હતું.

બરાબર સાડા સાત વાગે પૂજ્ય મુનિવરોએ સ્વાગતપૂર્વક આવી પહોંચતાં મંડપમાં પ્રવેશ કર્યો અને ૭-૪૫ કલાકે માનનીય મંત્રી શ્રી જયસુખલાલ હાથી મંડપના દ્વારે આવી ઊભા. શ્રીયુત લક્ષ્મીમલ્લ સિંઘવીએ અને અમૃતલાલ ગાંધીએ સ્નેહપૂર્વક સ્વાગત કર્યું. મંડપ વાજિંત્રોથી ગાજી ઊઠ્યો. લોકોનો ધસમસતો પ્રવાહ મંડપમાં ઠલવાઈ રહ્યો હતો.

મંગલાચરણ : બ્યાવરથી આ પ્રસંગ પર ખાસ પધારેલા શ્રી શૌરીલાલજી જૈન (પ્રધાન-અધ્યાપક, શાન્તિ જૈન મિડલ સ્કૂલ)ના સુપુત્ર **જિનદાસ** અને સુપુત્રી **શંખેશકુમારી**એ શ્રી નવકારમંત્ર દ્વારા મંગલાચરણ પ્રસ્તુત કર્યું. શ્રી નવકારની ધૂન જામી અને મંડપમાં પૂર્ણ શાંતિ પથરાઈ ગઈ. બહેન બજાવતી હતી હારમોનીયમ અને ભાઈના હાથમાં ઢોલક ! બંનેનાં હૃદય નવકારમાં તન્મય !

પ્રાર્થના : શ્રી જોધપુરની **મહાવીર જૈન કન્યાશાળાની** નાની બાળિકાઓએ શ્રી અરિહંત પરમાત્માના ગુણાનુવાદ કરતી મંગલમય પ્રાર્થના કરી અને સમારોહનું કાર્ય આગળ ધપ્યું.

ડૉ. લક્ષ્મીમલ્લજી સિંઘવીનું સ્વાગત ભાષણ :

પ્રાર્થના પૂર્ણ થતાં સમારોહ સમિતિના મંત્રી શ્રીયુત ગાંધીએ સમારોહના પ્રમુખ ડૉ. લક્ષ્મીમલ્લ સિંઘવી (M.P.)ને સ્વાગત ભાષણ કરવા વિનંતી કરી. ડૉ. લક્ષ્મીમલ્લ સિંઘવીએ વિનંતી સ્વીકારી અને મનનીય પ્રભાવશાળી ભાષણ આપ્યું. (ભાષણ આગામી અંકે અક્ષરશઃ આપવામાં આવશે) પ્રવચનના અંતે તેમણે પૂજ્ય મુનિરાજશ્રીને ગ્રંથનો ગ્રંથકારનો તથા હિન્દી વિવેચનકારનો પરિચય આપવા વિનંતી કરી.

પૂજ્ય મુનિવર્યશ્રી ભદ્રગુપ્તવિજયજીનું પ્રેરક પ્રવચન :

પૂજ્ય મહારાજશ્રીએ બરાબર અડધો કલાક ધારાબદ્ધ પ્રવચન આપ્યું. તેમાં ભારતીય દર્શનો, પશ્ચિમનાં દર્શનો, ભગવંત મહાવીરની દાર્શનિક-ધારા, શ્રી લલિતવિસ્તરા, શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્ય પંન્યાસ શ્રી ભાનુવિજયજી ગણિનું સાહિત્ય સર્જન... વગેરે વિષયો પર ટૂંકમાં મુદ્દાસર રોચક પ્રવચન આપ્યું. (સંપૂર્ણ પ્રવચન આગામી અંકે)

ગ્રંથ પ્રકાશનનો વિધિ :

પૂજ્ય મુનિશ્રીનું પ્રવચન પૂર્ણ થતાં માનનીય અતિથિ વિશેષ શ્રી હાથીને, જોધપુર તપગચ્છ સંઘના પ્રમુખ શ્રી નથમલ ગોલિયાએ, ચાંદીના થાળમાં **'શ્રી ललितविस्तरा'** ગ્રંથને અર્પણ કર્યો. શ્રીયુત હાથી પૂજ્ય મહારાજશ્રી પાસે પધાર્યા અને ગ્રંથ પૂજ્ય મુનિપુંગવ શ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજનાં કરકમલોમાં અર્પણ કર્યો. વાજિંત્રો બાજી ઊઠ્યાં. તાલીઓથી મંડપ ગાજી ઊઠ્યો. પૂજ્ય મહારાજશ્રીએ શ્રીયુત હાથીના હાથમાં વાસક્ષેપ આપ્યો અને શ્રી હાથીએ બહુમાનપૂર્વક ગ્રંથનું પૂજન કર્યું. પછી પૂજ્ય મહારાજશ્રીએ તેમના માથે વાસક્ષેપ નાખ્યો. શ્રીયુત હાથીએ ઘણો જ હર્ષ વ્યક્ત કર્યો.

माननीय श्रीयुत जयसुखलाल हाथीनुं अभिभाषण

શ્રીયુત હાથીએ ખૂબ જ સ્વસ્થતાપૂર્વક પ્રવચનનો પ્રારંભ કર્યો. બરાબર અડધા કલાક સુધી સતત ભાષણ કરીને તેમણે પાંચ હજાર સ્ત્રી-પુરુષોને સ્તબ્ધ કરી દીધા. તેમના ભાષણમાં વિદ્વત્તા સાથે ધાર્મિક જીવનની ઝાંખી થતી હતી. તેમણે ધર્મની મહત્તા ખૂબ જ સ્પષ્ટતાથી દૃઢતાપૂર્વક સમજાવી. 'બિન ધાર્મિક રાજ્ય'નો સુયોગ્ય અર્થ સમજાવ્યો; અને ભારતમાં ધાર્મિક સંસ્કૃતિ દ્વારા જ મનુષ્ય મનુષ્ય છે, નહિતર પશુ છે, તે તેમની વિશિષ્ટ લાક્ષણિક શૈલીથી સમજાવ્યું. પછી તેમણે 'ललितविस्तरा' ગ્રંથ પર સુંદર પ્રકાશ પાડ્યો. તેઓશ્રીએ સમગ્ર ગ્રંથનું

વિહંગાવલોકન કરી લીધું હોવાથી **'ललितविस्तरा'ને ભારતીય સંસ્કૃતિના ઉચ્ચતમ કક્ષાના ગ્રંથ તરીકે બિરદાવ્યો.** સાથે સાથે હિન્દી વિવેચનકાર પૂજ્ય પંન્યાસજી મહારાજને પુનઃ પુનઃ ભારપૂર્વક અંજલિ આપી. (તેઓશ્રીનું અક્ષરશઃ ભાષણ ઉતારી લેવામાં આવ્યું છે તે આગામી અંકે જુઓ)

શ્રીયુત અમૃતલાલ ગાંધીનું સંદેશ વાંચન :

સમારોહ સમિતિના મંત્રી શ્રી ગાંધીએ પૂજ્ય મહારાજશ્રીના પ્રવચન પછી શુભ સંદેશ વાંચન કર્યું હતું. તેમાં નીચે મુજબના સંદેશાઓ મુખ્ય હતા.

(૧) સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા.

(૨) પૂજ્ય પંન્યાસશ્રી ભાનુવિજયજી ગણિવર.

(૩) ઉપરાષ્ટ્રપતિ ડૉ. ઝાકીરહુસેન. (ભારત સરકાર)

(૪) પ્રધાનમંત્રી શ્રી જવાહરલાલ નહેરૂ.

(૫) શિક્ષણમંત્રી શ્રી ચાગલા

(૬) સુનીતિકુમાર ચેટર્જી (સભાપતિ, વિધાનસભા, વેસ્ટ બંગાલ)

(૭) વિજયસિંહજી નહાર. (શ્રમમંત્રી, બંગાલ-સરકાર)

(૮) વિજયાલક્ષ્મી પંડિત. (ગવર્નર, મહારાષ્ટ્ર)

(૯) બળવંતરાય મહેતા. (મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય)

(૧૦) શ્રી ધીરજલાલ ટોકરશી. (શતાવધાની પંડિત) વગેરે વગેરે.

આભારદર્શન :

અંતે, શ્રીયુત ગાંધીએ આભારદર્શન કર્યું અને પોતાના વક્તવ્યમાં તેમણે ભારત સરકાર દ્વારા 'મહાવીર જન્મદિન'ની રજા મંજૂર કરવા યુક્તિપૂર્વક અને સચોટ રીતે શ્રીયુત હાથીને વિનંતી કરી. શ્રીયુત હાથીએ અવસરે યોગ્ય કરવા આશ્વાસન આપ્યું.

અંતે : શ્રી જિનદાસ તથા શંખેશકુમારી શિવમસ્તુ ની ભાવના ભાવી અને સમારોહ ભગવંત મહાવીરદેવની જય સાથે સંપૂર્ણ થયો.

ઘોષિત થયેલું જ્ઞાનદાન : આ પુણ્યપ્રસંગે સમારોહ-સમિતિના મંત્રી શ્રી ગાંધીએ જાહેર કર્યું કે :

શ્રી ભંવરલાલજી રાંકા (એડવોકેટ, સુપ્રિમકોર્ટ) બ્યાવરવાળા તરફથી શ્રી 'ललितविस्तरा'ના ૫૦ ગ્રંથો ભારતનાં વિશ્વવિદ્યાલયોને તેમજ દાર્શનિક વિદ્વાનોને ભેટ મોકલવામાં આવશે. તેમ જ મદ્રાસના શ્રી જૈન સંઘ તરફથી ભારતની મુખ્ય

મુખ્ય લાયબ્રેરીઓને તેમ જ ઉચ્ચ કક્ષાના વિદ્વાનોને (જૈનેતર) ૫૦ ગ્રંથ ભેટ મોકલવામાં આવશે.'

ટપોટપ ગ્રંથ ઉપડવા લાગ્યા ! :

સમારોહ પૂર્ણ થતાં બહાર ગ્રંથના સ્ટોલ પર પડાપડી શરૂ થઈ અને માત્ર પા કલાકમાં જ પચાસ ગ્રંથ લોકોએ મૂલ્યથી ખરીદી લીધા. બીજા ગ્રંથો ઉપાશ્રયની પેઢી પર હોવાથી જાહેર કરવામાં આવ્યું કે આ ગ્રંથની આવશ્યકતા હોય તેઓ 'જૈનક્રિયા ભવનથી લઈ જાય.' તે મુજબ આખો દિવસ ગ્રંથના ગ્રાહકો સંઘની પેઢી પર આવવા લાગ્યા અને ગ્રંથ લઈ જવા લાગ્યા. સમારોહની ઉજવણીની ખુશીમાં આજના દિવસ માટે ગ્રંથનું મૂલ્ય છ રૂપિયા રાખવામાં આવેલું. એમ તો ગ્રંથનું મૂલ્ય આઠ રૂપિયા છે.

અગ્રગણ્ય નાગરિકોની ઉપસ્થિતિ : સમારોહ પ્રસંગે સમારોહ સમિતિના બધા જ સભ્યો, જિલ્લા કલેક્ટર, મ્યુનિસિપાલિટીના ચેરમેન, લગભગ સો જેટલા વકીલો, ડૉક્ટરો, સરકારી અધિકારીઓ, તેરાપંથી-સ્થાનકવાસી આગેવાનો... વગેરે મોટા પ્રમાણમાં ઉપસ્થિત રહ્યા. આખા નગરમાં આ પ્રસંગની ખૂબ ખૂબ અનુમોદના થઈ રહી છે. જૈનશાસનની પ્રભાવના થાય તેમાં કોણ પુણ્યશાળી આનંદ ન પામે ?

● **પ્રકાશિત ગ્રંથરત્નનો નીકળેલો ભવ્ય વરઘોડો :** સમારોહ સમાપ્ત થયા પછી શ્રી ચતુર્વિધ સંઘ સાથે, ગ્રંથરત્ન 'લલિતવિસ્તરા'ને પાલખીમાં પધરાવી, સેંકડો સ્ત્રી-પુરુષો સાથે, વરઘોડો કાઢવામાં આવ્યો. વરઘોડો સમારોહ-મંડપથી શરૂ થયો અને જોધપુરના મુખ્ય મુખ્ય માર્ગો પર ફરી જૈનક્રિયા ભવને ઊતર્યો. સંઘનો ઉલ્લાસ અમાપ હતો. વરઘોડો ઊતર્યા પછી પૂજ્ય મહારાજ શ્રી ભદ્રગુપ્તવિજયજીએ અડધી કલાક પ્રવચન આપ્યું અને શ્રી સંઘે કરેલા શાસન પ્રભાવનાના મહાન સુકૃતની અનુમોદના કરી. વિશેષ ને વિશેષ દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના કરવા પ્રેરણા આપી. શ્રી સંઘે પૂ. મહારાજશ્રીનું ચાતુર્માસ જોધપુરમાં કરાવવા મોટી મોટરો ભરી વિનંતી કરવા, પૂજ્ય આચાર્ય ભગવંત પાસે રાણકપુરજી જવાનો નિર્ણય કર્યો. અને વ્યાખ્યાન સમાપ્ત થયું.

શ્રીયુત જયસુખલાલ હાથીનું ઉદ્‌બોધન

'લલિતવિસ્તરા' ગ્રંથથી આપણું અજ્ઞાન દૂર થશે અને જ્ઞાનરૂપી દીપક પ્રગટ થશે'

પૂજ્ય મુનિશ્રી તથા ઉપસ્થિત સજ્જનો,

મારા માટે પરમ સૌભાગ્ય છે કે આજ મને અવસર મળ્યો 'લલિતવિસ્તરા' ગ્રંથના પ્રકાશનમાં ઉપસ્થિત થવાનો ! સાહિત્ય, તેમા પણ ધાર્મિક સાહિત્યનું પ્રકાશન થાય તેથી જનતાને એક નવી પ્રેરણા મળે છે.

આપણે સાહિત્યનું વાંચન કરીએ છીએ. પરંતુ ભારતીય સંસ્કૃતિ ભારતીય પ્રણાલિકા તથા ભારતીય વિચારોને સુરક્ષિત રાખનાર આજે જેટલું સંસ્કૃત સાહિત્ય મૌજુદ છે તેટલું તેનું વાંચન થતું નથી. **આજે સાહિત્ય પર લોકોની રુચિ છે, પરંતુ એવા સાહિત્ય પ્રત્યે રુચિ છે કે જે સાહિત્ય સત્ત્વહીન છે, આર્યસંસ્કૃતિ વિરુદ્ધ છે.**

ભારતમાં કાળે કાળે સાહિત્યકારો પ્રગટ થાય છે. તેમણે સાત્ત્વિક સાહિત્ય દ્વારા દેશમાં નવીન ચેતના પ્રેરી છે. આવા જ્ઞાની પુરુષોને જનતા નમસ્કાર કરે છે, વંદના કરે છે. કારણ કે જ્ઞાની પુરુષો જનતાનો અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરે છે; જ્ઞાનમય દીપકથી.

વ્યાસજીએ કહ્યું છે : **प्रज्वालितो ज्ञानमयप्रदीपः** ભારતરૂપી પાત્રમાં વાટ અને દીવેલ છે; પરંતુ તે દીપકને પ્રગટાવવાની જરૂર છે. **'લલિતવિસ્તરા' ગ્રંથથી આપણું અજ્ઞાન દૂર થશે અને જ્ઞાનરૂપી દીપક પ્રગટ થશે.**

ગ્રંથ કઠીન છે. પરંતુ તેને આમજનતા સમજી શકે તે માટે હિન્દીમાં ટીકા પ્રકાશિત કરવામાં આવી છે. આ ગ્રંથમાં કેવળ જૈનધર્મની જ વાત નથી પરંતુ ભારતીય ધર્મ અને ભારતીય દર્શનનો બૌદ્ધ, સાંખ્ય, યોગ, વેદાંત વગેરે દર્શનની સમાલોચના અને સમન્વય પણ કરવામાં આવેલો છે.

આજે લોકો ધર્મ પ્રત્યે ઓછી શ્રદ્ધા કરતા થયા છે, તે લોકો કહે છે કે રાજ્ય 'સીક્યુલર સ્ટેટ' (ધર્મ નિરપેક્ષ રાજ્ય) છે ! પરંતુ **સીક્યુલર સ્ટેટનો અર્થ એવો નથી કે ધર્મમાં આસ્થા ન રાખવી !** એનો અર્થ એ છે કે કોઈ એક ધર્મને રાજ્યનો ધર્મ ન માનવો, પરંતુ દરેક ધર્મ પ્રત્યે સન્માનની દૃષ્ટિથી જોવું અને આપણે જે ધર્મ ન પાળતા હોઈએ તેના પ્રત્યે સહિષ્ણુતા રાખવી. જૈન, પારસી, બૌદ્ધ... વગેરે તમામ ધર્મો પ્રત્યે પ્રેમભાવ રાખવો.

જૈનધર્મ અન્ય કોઈપણ ધર્મ પ્રત્યે દ્વેષ-તિરસ્કાર કરવાનું કહેતો નથી !

ધર્મના અધિકારીનાં ત્રણ લક્ષણોનાં અવાંતર પંદર બાહ્ય જે 'ललितविस्तरा' ગ્રંથમાં બતાવાયા છે, તેમાં એક લક્ષણ એવું છે કે ધર્મની નિંદા કરનાર પર દયા રાખવી ! ધર્મની વાતો પર શ્રદ્ધા ન કરનાર પર દયા રાખવી ! ધર્મની વાતો પર શ્રદ્ધા ન કરનાર પ્રત્યે આપણે દયા બતાવવી જોઈએ; એમ સમજીને કે, 'એને પૂરું જ્ઞાન નથી માટે ધર્મની વાત પર શ્રદ્ધા નથી કરતો...'

આજે મનુષ્ય ફરિયાદ કરે છે કે મન સ્થિર નથી રહેતું ! આપણે સહુ સુખ અને શાંતિ ચાહીએ છીએ. પૂજ્ય મુનિશ્રીએ કહ્યું તેમ કોઈપણ જીવ એવો નહિ મળે કે જે સુખ ન ચાહતો હોય ! પરંતુ બહારનાં સુખોથી ચિત્તની શાંતિ નથી મળવાની, દુન્યવી સુખોથી મન સ્થિર નથી બનવાનું, કારણ કે દુન્યવી સુખો ક્ષણિક છે.

મનને સ્થિર અને શુદ્ધ કરવા માટે જરૂર છે ધર્મ ભાવનાની. સારા સંસ્કારોની, સારા સંસ્કારો માટે જરૂર છે ધાર્મિક અધ્યયનની. કોઈ કહે છે : ધર્મથી શું ફાયદો ? અરે ભાઈ, **ધર્મનો ફાયદો રૂપિયા-આના-પાઈમાં નહીં સમજાય ! ધર્મનો ફાયદો ધર્મ કરવાથી સમજાશે !**

આજે આપણે જ્ઞાન-વિજ્ઞાનની વાતો કરીએ છીએ. પરંતુ આજનું જ્ઞાન-વિજ્ઞાન જનતાના કલ્યાણ માટે ઉપયોગી થતું નથી. આજના જ્ઞાન-વિજ્ઞાનથી વિનાશ સર્જાશે. જનતાની ઉન્નતિ માટે અને જનતાને ભયમુક્ત કરવા માટે સંસ્કારોનું સિંચન જરૂરી છે એવું મારું સ્પષ્ટ મંતવ્ય છે.

વૃક્ષોને લીલાંછમ રાખવા માટે જલનું સિંચન તેના મૂળમાં કરવું પડે છે જ્યારે મનુષ્યમાં ઊંધું છે. **ઉર્ધ્વં મૂલં અધો શાખા !** મનુષ્ય દેહનું મૂળ ઉપર છે ! તે છે મન. મનુષ્યરૂપી વૃક્ષને હર્યું ભર્યું રાખવા માટે મગજમાં સંસ્કારોનું સિંચન કરવું આવશ્યક છે. સંસ્કારોનાં સિંચન વિના ચારિત્ર્યનું ઘડતર થઈ શકતું નથી. ચારિત્ર્ય વિના ઈન્સાન ઈન્સાન નથી.

મનુષ્યના સંસ્કાર સારા તો વિચાર સારા અને આચાર સારા અને જેના આચાર-વિચાર સારા તે યોગી. જૈનધર્મમાં સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્રની સાધના બતાવી છે, તેમાં છેલ્લું નામ ચારિત્રનું છે પરંતુ મારી દૃષ્ટિએ સર્વ પ્રથમ જરૂર ચારિત્રની છે. ચારિત્ર વિનાનું જ્ઞાન અને દર્શન મનુષ્યને મુક્તિ સુધી નહીં લઈ જઈ શકે. પરંતુ તેવું ચારિત્ર ક્યાંથી આવશે ? સંસ્કારોનું સિંચન હશે તો !

ભારતીય સંસ્કૃતિનો ઈતિહાસ વાંચનારને સમજાશે કે પૂર્વે સારા સાહિત્યનું વાંચન થતું હતું, સત્સંગ કરવામાં આવતો હતો... તે બધું આત્મજ્ઞાન માટે !

આજે ભણવામાં આવે છે... પણ શા માટે ? For admition કોઈને એન્જિનીયરીંગમાં પ્રવેશ જોઈએ છે.... કોઈને ડૉક્ટરીમાં પ્રવેશ જોઈએ છે. ! **સહુનું લક્ષ્ય પૈસા કમાવવાનું બન્યું છે.... આવા લક્ષ્યને... આવા ખ્યાલોને દૂર કરવા માટે શ્રી લલિતવિસ્તરા ગ્રંથ અજોડ ઈંજેકશન છે ! તે એ ગ્રંથ વાંચવાથી તમને ખ્યાલ આવશે.**

શ્રી ગીતામાં કહ્યું છે :

नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना ।
न चाभावयतः शान्तिरशान्तस्य कुतः सुखम् ॥

સ્થિર બનવાની જરૂર છે. સ્થિર બનશો તો જ ધર્મનું મૂલ્યાંકન કરી શકશો. જે મનુષ્ય પોતાના મનને વશ નથી કરી શકતો તે મનુષ્યમાં ઉચ્ચ પ્રકારની ભાવના જાગ્રત થઈ શકતી નથી, ને પવિત્ર ભાવના વિના શાંતિ નથી ! અને અશાંતને સુખ ક્યાંથી ?

હૃદયમાં ધર્મ પ્રત્યેની ભાવના હોવી અતિ આવશ્યક છે. જેવી પૈસા માટે ભાવના હોય છે તેવી ! દુનિયાભરમાં દરેકને સુખ જોઈએ છે ! સુખ માટે શાંતિ જોઈએ. શાંતિ માટે ભાવના જોઈએ. અને ભાવના માટે મનને સ્થિર બનાવવાની જરૂર છે.

અરે, અત્યારે અહીં જ હું પૂછું : આપણે અહીં હજારો મનુષ્ય ભેગા થયા છીએ તેમાં મુનિશ્રી જેવા યોગીઓને છોડી દઈએ. કેટલાનાં ચિત્ત 'લલિતવિસ્તરા' પર સ્થિર છે ? (સભામાં હસાહસ).

'योगः कर्मसु कौशलम्' પોતપોતાના કાર્યમાં નિપુણતા પ્રાપ્ત કરવી તે યોગ છે. વ્યવહારિક અર્થ એ છે કે : ડૉક્ટર, વકીલ, કર્મચારી... દરેક પોતપોતાના કાર્યમાં દિલ લગાવીને કામ કરવું જોઈએ, તો તે યોગી બની શકે ! તો ઘણી ઘણી ફરિયાદો દૂર થઈ જાય.

'લલિતવિસ્તરા'માં ધર્મના અધિકારી બનવા માટે જે બાહ્ય પંદર લક્ષણો બતાવ્યા છે, તે તો એક **'આચાર સંહિતા'** છે. જેને દુનિયામાં રહીને યોગી જીવન જીવવું છે તેના માટે શું કરવું જોઈએ, શું ન કરવું જોઈએ, તે આ ગ્રંથમાંથી જાણવા મળશે. **જો મનુષ્યમાં આચાર-સૌમ્યતા નહીં હોય તો જન સમાજમાં પશુસમાજ બની જશે. મનુષ્યમાં આચાર-સૌમ્યતા ધર્મ વિના આવી શકવાની નથી.**

પ્રસ્તુત ગ્રંથમાં માત્ર જૈનધર્મની વાતો નથી. એમાં દરેક ધર્મનો નીચોડ છે ધર્મનું દર્શન શું છે ? બૌદ્ધ, વેદાંત, સાંખ્ય, ઉપનિષદ... વગેરે સર્વનો સાર આ

ગ્રંથમાં જોવા મળે છે. **મેં ગ્રંથનો અમુક ભાગ તો સાવધાનીથી વાંચી લીધો છે, ને ઉમ્મીદ રાખું છું કે સંપૂર્ણ ગ્રંથ વાંચી લઈશ.**

મને ગ્રંથમાં સહુથી વિશેષ પ્રિય, ધર્મના અધિકારીનાં ત્રણ લક્ષણો અને તેનાં ૧૫ લક્ષણો લાગ્યાં. હું તો તેને 'આચાર સંહિતા' કહું છું. ત્રણ લક્ષણોમાં પહેલું લક્ષણ છે **અર્થી**. અહીં અર્થનો અર્થ પૈસા નથી હોં ! પરંતુ અર્થી એટલે ઇચ્છાવાળો. જેમ વિદ્યાર્થી એટલે વિદ્યાની ઇચ્છાવાળો તેવી રીતે અહીં સર્વ પ્રથમ ધર્મની ઇચ્છા હોવી જોઈએ... ભાવના હોવી જોઈએ.

અધિકારી બન્યા પછી જૈન ધર્મ સામે આવે છે. તેમાં આવે છે સમ્યગ્ જ્ઞાન-દર્શન અને ચારિત્ર. મનુષ્યને ઉચ્ચ જીવન જીવવા માટેનું યથાર્થ માર્ગદર્શન આ ગ્રંથમાં આપવામાં આવ્યું છે. **આવા ગ્રંથનું પ્રકાશન ભારતીય પ્રજા માટે મહત્ત્વનો પ્રસંગ છે. ભારતીય સંસ્કૃતિ કાયમ રાખવા માટે જરૂરી અને ઉચિત છે.**

આજે કોઈ જમીનના ટુકડા માટે લડી રહ્યા છે, કોઈ સીમા માટે ઝઘડી રહ્યા છે... સાથે સાથે વિશ્વપ્રેમની વાતો કરતાં લાજતા નથી... કોઈ વલી 'કો-ઓપરેશન'ની વાતો કરે છે. હું તેમને કહેવા માંગું છું કે **દિલ અને દિમાગનું 'કો-ઓપરેશન' થયા વિના કાંઈ જ વળવાનું નથી.** પણ એ ક્યારે થશે ? ચિત્તની નિર્મળતા હશે, મનુષ્યમાત્ર પ્રત્યે પ્રેમ હશે, આચાર-સૌમ્યતા હશે તો, પોતપોતાની ફરજો સમજશો તો.

આજે દુનિયામાં **'प्रज्ञावाद'** ઘણો વધ્યો છે. બોલવા માટે તો ઘણા બોલે છે... પરંતુ આચરણમાં ઊલટું કરે છે. ત્યાગની વાતો કરે છે... પરંતુ કરવાનો અવસર આવે છે ત્યારે બીજા સામે જુએ છે ! **ભારતીય સંસ્કારની પ્રણાલી જાળવવી ખૂબ જરૂરી છે. અને આ દૃષ્ટિએ હું આ સમારોહને મહત્ત્વ આપું છું.** હિન્દીના ગ્રંથકારને પુનઃ પુનઃ ધન્યવાદ આપું છું. કારણ કે ગ્રંથ સંસ્કૃતમાં અને કઠીન છે. સાધારણ મનુષ્યની બુદ્ધિ મર્યાદિત છે... ગ્રંથનો હિન્દીમાં અનુવાદ થવાથી જનતા માટે સુવિધા થઈ છે... આવું **લોકોપકારનું... સાચા ઉપકારનું કામ કરવા બદલ ગ્રંથકારને ઘણો ધન્યવાદ !**

ડૉ. લક્ષ્મીમલ્લ સિંઘવીને પણ ધન્યવાદ આપું છું કે મને આવા મહત્ત્વપૂર્ણ સમારોહમાં ઉપસ્થિત થવાની તક આપી... **જયહિન્દ.**

જોધપુરમાં 'શ્રી લલિતવિસ્તરા-હિન્દી વિવેચન' ગ્રંથના પ્રકાશન સમારોહ વખતે

પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજે આપેલું પ્રેરક પ્રવચન

સમસ્ત વિશ્વમાં પ્રત્યેક જીવાત્મા પોતાના આત્માને દુઃખમુક્ત કરવા ચાહે

છે. પરંતુ જ્યારથી તે સ્વ-આત્મા સાથે વિશ્વના બીજા આત્માઓને પણ દુઃખમુક્ત કરવા ચાહે છે. અહિંસા-સંયમ અને તપનો મહાન પુરુષાર્થ કરી વિશ્વકલ્યાણ કરવાની પરિસ્થિતિનું સર્જન કરે છે ત્યારથી તે પરમાત્મા કહેવાય છે.

જૈનધર્મની શૈલી અનુસાર તીર્થંકરનો આત્મા પૂર્વના ત્રીજા ભવમાં કઠોર આત્માનુશાન દ્વારા પોતાના આત્માની દિવ્ય શક્તિઓનું ઉદ્‌ઘાટન કરે છે અને વિશ્વનું કલ્યાણ કરવાની ભૂમિકા સર્જે છે... અને અંતિમભવમાં વિશ્વકલ્યાણનું કાર્ય આરંભવા 'ધર્મતીર્થ'ની સ્થાપના કરે છે. ધર્મતીર્થની સ્થાપનાનું ધ્યેય હોય છે જગતના જીવમાત્રને દુઃખોથી મુક્ત કરવાનું અને અજર-અમર-અચલ શિવપદ પમાડવાનું.

ભગવંત શ્રી મહાવીર સ્વામીએ આજથી પચીસસો વર્ષ પૂર્વે આજ પવિત્રતમ ઉદ્દેશથી વિશ્વના આંગણે ધર્મ દીપક પ્રગટાવ્યો. તેમણે જીવોને પોતાના કેવલજ્ઞાનમાં જોઈને બતાવ્યું છે કે **'दुःखं पापात्, सुखं धर्मात्'** દુઃખનું કારણ પાપ છે સુખનું કારણ ધર્મ છે.

ભગવંતે સમજાવ્યું કે દુઃખથી મુક્ત બનવા પાપોનો ત્યાગ કરો, પરમ સુખ પ્રાપ્ત કરવા ધર્મનું શરણ સ્વીકારો. બસ, આજ મૂળભૂત વાતને અનેકાનેક દૃષ્ટિબિંદુઓથી સમજાવવા, જચાવવા શત-સહસ્ર શાસ્ત્રોની રચના થઈ છે.

આ શાસ્ત્રોને સરળ આત્મા તો શ્રદ્ધાપૂર્વક સમજીને સ્વીકારે છે અને શાસ્ત્રોના કથન મુજબ પોતાના આત્માને શુદ્ધ કરવા પુરુષાર્થ કરે છે. પરંતુ બુદ્ધિશાળી મનુષ્ય ધર્મશાસ્ત્રોને માત્ર શ્રદ્ધાથી માની લેવા તૈયાર થતો નથી ! તેવા જીવો પ્રત્યે કરુણા દૃષ્ટિથી પરમ કરુણાસાગર પરમાત્મા મહાવીરદેવે સેંકડો તર્ક-પ્રમાણ બતાવ્યા... ધર્મનાં તત્ત્વોને તર્કથી સમજાવનાર શાસ્ત્ર 'દર્શનશાસ્ત્ર' કહેવાય છે.

ભગવંત મહાવીરદેવને કેવળજ્ઞાન પ્રગટ થયા પછી સર્વપ્રથમ એવા જ અગીયાર વિદ્વાન-બુદ્ધિશાળી બ્રાહ્મણ શિષ્યો મળ્યા કે જેમને ધર્મના તત્ત્વો તર્કના સહારે સમજાવવા પડ્યા. ભગવાનના પ્રથમ શિષ્ય ઇન્દ્રભૂતિ ગૌતમને તો 'આત્મા'ના અસ્તિત્વ વિષે જ સંશય હતો ! વેદોની પરસ્પર અસંગત શ્રુતિઓ જોઈ ઇન્દ્રભૂતિ ગૌતમનું ચિત્ત સંશયાપન્ન બન્યું હતું. ભગવંત મહાવીરદેવે અનેકાન્તવાદની શૈલીથી જ્યાં વેદોનો યથાર્થ અર્થ સમજાવ્યો, અનેક અકાટ્ય યુક્તિઓથી આત્માનું અસ્તિત્વ સિદ્ધ કર્યું... ઇન્દ્રભૂતિ ગૌતમનો સંશય નાશ પામી ગયો અને એમણે ભગવંતનાં ચરણોમાં જીવન સમર્પણ કર્યું... આ રીતે દાર્શનિક-સાહિત્યનો પ્રારંભ ખુદ ભગવંત મહાવીરદેવથી શરૂ થયો છે. કેટલાક વર્તમાનકાલીન

વિદ્વાનો જૈન દર્શનનો પ્રારંભ શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજીથી માને છે, તેઓએ આ વાત પર તટસ્થતાથી વિચારવાની જરૂર છે, બાકી વાસ્તવમાં ધર્મ અને દર્શન એકબીજાથી નિરપેક્ષ નથી. ધર્મની પુષ્ટિ માટે જ દર્શન છે, કેવળ બુદ્ધિના વિલાસ માટે દર્શનશાસ્ત્રોનું સર્જન કરવામાં આવ્યું નથી.

શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજીએ 'સંમતિ-તર્ક'ની રચના કરી, એ આજે ઉપલબ્ધ દાર્શનિક સાહિત્યનું ધર્મશાસ્ત્રોથી ભિન્ન સર્જન કરવાનો પ્રથમ પ્રયાસ કહી શકાય. પરંતુ લક્ષ્ય તો ધર્મતત્ત્વોને યથાર્થ સિદ્ધ કરવાનું હતું... ભગવંત મહાવીરદેવના ત્રિકાલાબાધ્ય સિદ્ધાંતોની પરિપૂર્ણતા સિદ્ધ કરવાનું હતું. શ્રી સિદ્ધસેન દિવારકરસૂરિજી પછી શ્રી મલ્લવાદી, શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ... વગેરે અનેક અમોઘશક્તિસંપન્ન આચાર્યોએ અદ્‌ભુત દર્શનગ્રંથોનાં નિર્માણ કર્યા, આવા સમર્થ આચાર્યોની પરંપરામાં શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજીનું નામ ચમકી રહ્યું છે, જેમ તારાઓમાં ચન્દ્ર !

વિક્રમની છઠ્ઠી શતાબ્દી (કેટલાક વિદ્વાનોના મંતવ્યાનુસાર આઠમી શતાબ્દી) એટલે શ્રી હરિભદ્ર-યુગ ! જન્મથી બ્રાહ્મણ, જ્ઞાનથી ચૌદ વિદ્યાના પારંગત, સત્તાથી ચિત્તોડના રાજપુરોહિત ! આવા વિચક્ષણ મહાપુરુષનું જીવન પરિવર્તન કરે છે 'યાકીની મહત્તરા' નામની સંયમી વિદુષી સાધ્વી. શ્રી હરિભદ્રસૂરીશ્વરજીની જીવન કથા એક હૃદયસ્પર્શી કથા છે. પરંતુ આજે તે કહેવાનો સમય નથી. આજે તો માત્ર શ્રી 'લલિતવિસ્તરા'ના રચયિતા પુણ્યપુરુષ તરીકે જ તેમને ઓળખાવ્યા છે !

શ્રીહરિભદ્રસૂરીશ્વરજીએ જૈન-સાધુતા સ્વીકાર્યા પછી જૈન સિદ્ધાંતોના સમુદ્રનું મંથન કરવામાં જ જીવનનો પરમાનંદ અનુભવ્યો. એ સિદ્ધાંત-સમુદ્રનું મંથન કરી તેમણે ચૌદસો ચુંવાલીસ (૧૪૪૪) ગ્રંથોનું નિર્માણ કરી... ધાર્મિક-દાર્શનિક સાહિત્યના ક્ષેત્રમાં વિક્રમ સ્થાપિત કર્યો. હજુ સુધી કોઈએ એ વિક્રમને તોડ્યો હોય, તેવું સાંભળ્યું નથી ! આજે તેઓશ્રીના ૮૮ ગ્રંથો પ્રાયઃ ઉપલબ્ધ છે. તેમાનો આ શ્રી 'લલિતવિસ્તરા' ગ્રંથ એક છે.

શ્રી **'નમોત્થુણં'** સૂત્રને કેવળ તીર્થંકરોની વંદના-સ્વરૂપે જ શ્રી હરિભદ્ર-સૂરીશ્વરજી મહારાજે ન જોયું, તેઓશ્રીએ **નમોત્થુણં** સૂત્રના એક એક પદમાં ગંભીર તત્ત્વોનું અવલોકન કર્યું અને 'લલિતવિસ્તરા' ગ્રંથનું સર્જન કર્યું, આ ગ્રંથમાં અન્ય દર્શનોની સમીક્ષા સાથે જૈનધર્મ-દર્શનનું એવું તર્કયુક્ત, સુસંગત, પ્રભાવશાળી અને શ્રદ્ધાબલને પુષ્ટ કરનારું તત્ત્વજ્ઞાન ભર્યું છે કે જેનો પરિચય આ ગ્રંથનું વારંવાર પરિશીલન કરવાથી તમને પ્રાપ્ત થશે.

'લલિતવિસ્તરા' સંસ્કૃત ભાષામાં લખાયેલો ગ્રંથ છે. ભાષા આગમિક, તાર્કિક

અને લાલિત્યપૂર્ણ છે. સંસ્કૃત ભાષાથી અપરિચિત આગમિક શૈલીથી અનભિજ્ઞ મનુષ્ય આ ગ્રંથનું વાંચન કરી શકે નહીં. આવા મનુષ્યો આ ગ્રંથનું તત્ત્વજ્ઞાન સરળતાથી પ્રાપ્ત કરી શકે એ શુભ આશયથી પૂજ્ય ગુરુદેવશ્રી ભાનુવિજયજી ગણિવરે હિન્દી ભાષામાં આ ગ્રંથ પર વિવેચન લખવાની કૃપા કરી છે.

પૂજ્ય ગુરુદેવશ્રીનું ધર્મગ્રંથોનું અને દાર્શનિક ગ્રંથોનું પરિશીલન ઘણું જ ગહન અને ગંભીર છે. તેઓશ્રી ચોવીસ કલાકમાં લગભગ અઢાર કલાક શ્રુતજ્ઞાનની ઉપાસના પાછળ પરિશ્રમ કરે છે. અન્ય જવાબદારીઓ વહન કરવા સાથે દસ વર્ષના સખત પરિશ્રમના અંતે આ હિન્દી વિવેચન તેઓશ્રીએ તૈયાર કર્યું છે. સાથે બીજા અનેક ગ્રંથોનું પણ સર્જન કર્યું છે અને કરી રહ્યા છે.

આવા એક મહત્ત્વપૂર્ણ ગ્રંથના પ્રકાશન-સમારોહ પ્રસંગે શ્રીયુત જયસુખલાલ હાથીએ અત્રે આવીને જૈનધર્મ-સંસ્કૃતિ પ્રત્યેનો પોતાનો અનુરાગ વ્યક્ત કર્યો છે કે જે ધન્યવાદ પાત્ર છે, આજે રાજનીતિજ્ઞો ભારતીય ધર્મ-દર્શનનો સહારો લેશે તો જ પ્રજાનું વાસ્તવિક હિત કરી શકશે.

પ્રોફેસર અમૃતલાલ ગાંધીનું પ્રેરક ઉદ્‌બોધન

(શ્રીયુત ગાંધી જોધપુર યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક છે. 'લલિતવિસ્તરા' પ્રકાશન-સમારોહ માટે તેમણે સખત પરિશ્રમ ઉઠાવ્યો અને સમારોહનું સફળ સંચાલન કરી 'શ્રી જિનશાસન પ્રત્યે અપૂર્વ શ્રદ્ધા વ્યક્ત કરી. શ્રી ગાંધીને વારંવાર ધન્યવાદ) - સંપાદક

પૂજ્ય મહારાજશ્રી, સજ્જનો;

આજનો પ્રસંગ જોધપુર માટે અપૂર્વ આનંદનો છે. પ્રસંગ તો આપણે ઘણા ઉજવીએ છીએ પરંતુ આ પ્રસંગની વિશેષતા છે, કે આ પ્રસંગ આધ્યાત્મિકતાની પ્રેરણા આપનાર છે અને જૈનધર્મની મહાનતાને દર્શાવનાર છે.

આ પ્રસંગનું સર્વ શ્રેય પૂજ્ય મહારાજને ઘટે છે. કારણ કે તેઓશ્રીએ આ 'લલિતવિસ્તરા' ગ્રંથનું મહત્ત્વ સમજાવ્યું અને પ્રકાશન સમારોહની અમને કલ્પના આપી ! બીજા ધન્યવાદને પાત્ર છે. ડૉ. લક્ષ્મીમલ્લ સિંઘવી, જો કે તેઓ આપણા જ છે અને મારા તો ખાસ મિત્ર તથા સહાધ્યાયી છે, એટલે ધન્યવાદ તેઓ કદાચ; ન પણ સ્વીકારે, પરંતુ એક શિષ્ટતાના ધોરણે આપણે ધન્યવાદ આપવા રહ્યા !

શ્રીયુત સિંઘવીને આપણે જ્યારે જ્યારે બોલાવીએ છીએ ત્યારે ત્યારે તેઓ આવે છે અને પોતાનાથી શક્ય તમામ સેવાઓ સમર્પે છે.

શ્રીયુત માનનીય કેન્દ્રીયમંત્રી જયસુખલાલ હાથીજીએ અહીં 'લલિતવિસ્તરા'

ગ્રંથના પ્રકાશન સમારોહનું ઉદ્‌ઘાટન કરવા પધારીને જોધપુરની જનતાને ઉપકૃત કરી છે. તેઓશ્રીનું ધર્મ પ્રત્યેનું મમત્વ અને ધર્મ અંગેની ઊંડી સૂઝ આપણને તેઓશ્રીના પ્રેરક-પ્રવચનમાંથી સાંભળવા મળી છે. ખરેખર, તેઓશ્રીએ આ પ્રસંગે પધારી 'જૈનધર્મ' પ્રત્યેની પોતાની શ્રદ્ધા અને સન્માન પ્રગટ કર્યા છે.

તેઓશ્રી વારંવાર આપણા ધન્યવાદને પાત્ર છે... પરંતુ આ પ્રસંગે તેઓશ્રીની ઉપસ્થિતિનો હું બીજો એક ફાયદો ઉઠાવવા માગું છું ! ભલે તેઓશ્રીની દૃષ્ટિએ મારી ધૃષ્ટતા ગણાય !

વાત એ છે કે ભારતમાં બુદ્ધના જન્મદિવસે સાર્વજનિક રજા આપવામાં આવે છે. ગાંધીજીના જન્મદિવસે પણ સરકાર તરફથી રજા આપવામાં આવે છે. રામચંદ્રજીના જન્મદિવસે પણ રજા પળાય છે... તો ભગવંત મહાવીર સ્વામીના જન્મદિવસે પણ ભારત સરકાર તરફથી સાર્વજનિક રજા પળાવી જોઈએ, એ પ્રત્યે શ્રીયુત હાથીજી લક્ષ્ય આપે તેવી મારી વિનંતી છે.

આ વાતને હું યુક્તિપૂર્વક પણ સમજાવવા માંગુ છું. ભારતમાં મહાન્ અહિંસા ધર્મનું પ્રતિપાદન બુદ્ધના પૂર્વે શ્રમણ ભગવંત મહાવીરદેવે કરેલું છે; કે જે અહિંસાનો સહારો લઈ ગાંધીજીએ ભારતને મુક્ત કર્યું છે.... તો આપણી આઝાદીનું ખરેખર શ્રેય જેના ફાળે જાય છે તે ભગવંત મહાવીરસ્વામીના જન્મદિવસની રજા ભારત સરકાર તરફથી મળવી જ જોઈએ. આપણે જરૂર આશા રાખીએ કે આપણી આ યોગ્ય માગણી મંજૂર થશે.

આ પ્રસંગને સુંદર રીતે ઉજવવા માટે શ્રીયુત લક્ષ્મીચંદજી સુરાણાનો સહકાર આદરણીય છે. તેમજ મ્યુનિસિપાલિટીના પ્રમુખ બાબુ લક્ષ્મણસિંહજીએ પણ પૂર્ણ સહયોગ આપ્યો છે. તપાગચ્છ સંઘના પ્રમુખ શ્રીયુત નથમલજી ગોલીયા તથા શ્રીયુત સરબતમલજી જૈનના સહકારની પણ સહર્ષ અનુમોદના કરું છું. અંતે, જેમણે જેમણે આ પવિત્ર કાર્યમાં સહકાર આપ્યો છે, તેઓ ધન્યવાદને પાત્ર છે...

હિન્દી 'શ્રી લલિતવિસ્તરા-વિવેચન' ગ્રંથ પ્રકાશન સમારોહ વખતે

ડો. લક્ષ્મીમલ્લજી સિંઘવીનું સ્વાગત-પ્રવચન

પૂજનીય મુનિશ્રી, માનનીય અતિથિ શ્રીયુત જયસુખલાલ હાથી, ઉપસ્થિત સજ્જનો,

આજનું પ્રભાત શુભ સંકલ્પનું પ્રભાત છે. આ સમારોહના વિષયમાં પહેલીવાર જ્યારે સમારોહ સમિતિના સભ્યો સાથે મળવાનું થયું, તેમણે મને સમિતિના અધ્યક્ષ બનવાનું આમંત્રણ આપ્યું... મારે આમંત્રણ સ્વીકારવું પડ્યું

અને સમારોહને સુંદર રીતે સંપન્ન કરવા પ્રયત્ન કરવા કહ્યું, સમિતિના સભ્યોનો આગ્રહ હતો કે શ્રીયુત હાથીજી દ્વારા ગ્રંથ પ્રકાશન થાય. મારે શ્રીયુત હાથીજી સાથે પરિચય હતો, મેં તેમને વાત કરી અને તેમણે સહજરૂપે જોધપુર આવવા સ્વીકારી લીધું. આવા પવિત્ર કાર્યના આયોજન માટે તેમણે પ્રસન્નતા વ્યક્ત કરી. જો કે વર્તમાનમાં ભારત સરકારના ગૃહમંત્રાલયની મોટી જવાબદારી તેમના શિરે હોવા છતાં તેઓશ્રી અહીં પધાર્યા... જોધપુરના નાગરિકો તરફથી તેમનો હાર્દિક આભાર માનું છું.

અહીં આજે જે ગ્રંથનું પ્રકાશન થઈ રહ્યું છે, તે ગ્રંથ માત્ર જૈનધર્મનો નથી, પરંતુ સમગ્ર ભારતીય સંસ્કૃતિનો એક ઉત્તમ ગ્રંથ છે. જૈનધર્મ ભારતીય સંસ્કૃતિનું પ્રમુખ અંગ છે, ભારતીય સંસ્કૃતિમાં ઘણી જાતની વિચારધારાઓ પ્રવર્તી રહેલી છે, તેમાં જૈન ધર્મની વિચારધારા **'અનેકાંતવાદ'**ને લઈને અગ્રસ્થાન ભોગવે છે. જૈન સંસ્કૃતિ શ્રમણપ્રધાન સંસ્કૃતિ છે. શ્રમણ સંસ્કૃતિમાં સંયમ અને તપશ્ચર્યાનું બળ મુખ્ય રહેલું છે.

સમગ્ર ભારતીય સંસ્કૃતિનું મૂળ સમ્યગ્-જ્ઞાન-દર્શન-ચારિત્રના બળમાં રહેલું છે. લગભગ ત્રણ હજાર વર્ષથી આ બળ ઉપર ભારતીય સંસ્કૃતિ ટકી રહેલી છે.

સામાજિક પુનર્નિર્માણ માટે મનુષ્યમાં નૈતિકતા, ધાર્મિકતા અને આધ્યાત્મિકતાનું નિર્માણ કરવું જ પડશે. ભારતીય સંવિધાનમાં 'ધર્મનિરપેક્ષ રાજ્ય'નો સ્વીકાર કરાયેલો હોવાથી સરકારે શિક્ષણમાં ધર્મના શિક્ષણનો સમાવેશ નથી કર્યો, પરંતુ 'ધર્મનિરપેક્ષ'નો અર્થ એ નથી કે રાજ્યે ધર્મની ઉપેક્ષા કરવી.

ધર્મ નીતિની ઉપેક્ષા કરવાથી ક્યારેય મનુષ્યનું નૈતિક પુનર્નિર્માણ થઈ શકશે નહીં.

વાસ્તવમાં ધર્મ સામાજિક-જીવનમાં ઉતારવાની જરૂર છે; ઉતારવા માટે દાર્શનિક વિચારોની આવશ્યક્તા છે. આ સમારોહ એ આવશ્યક્તાની એક કડી છે. જૈનદર્શનનો આ અણમોલ ગ્રંથ છે. અનેકાંતવાદના શૈલી આ ગ્રંથની વિશેષતા છે. સત્યને અનેક અનેક રૂપે જોવાય છે. જ્યારે સત્યનાં અનેક રૂપોનો સ્વીકાર કરીએ ત્યારે તે સત્ય છે. પરંતુ જ્યારે સત્યના કોઈ એક રૂપનો જ આગ્રહ કરવામાં આવે ત્યારે દુરાગ્રહ કહેવાય.

આ ગ્રંથ સદીઓ પૂર્વે લખાયેલો છે. એના લેખક પ્રકાંડ વિદ્વાન જૈનાચાર્ય શ્રી હરિભદ્રસૂરિ છે. આ ગ્રંથનો મહિમા એના મુખપૃષ્ઠ પર જ બતાવાયો છે. વિક્રમની દસમી સદીમાં એક મુનિનું ચિત્ત જૈનધર્મમાં ચલ-વિચલ થતું હતું...

તેમના ગુરુએ તેમને ઘણા સમજાવ્યા પરંતુ તેમનું ચિત્ત સ્થિર ન થયું... છેવટે ગુરુએ આ 'લલિતવિસ્તરા'નું અધ્યયન કરાવ્યું.... મુનિનું ચિત્ત શાંત થઈ ગયું અને જૈનધર્મમાં સ્થિર થઈ ગયા... પછી તો એ મહાન વિદ્વાન આચાર્ય થયા.

આવા ગ્રંથને સરળ હિન્દીમાં આપણી સમક્ષ પ્રસ્તુત કરીને પૂજ્ય પંડિતરત્ન શ્રી ભાનુવિજયજી ગણિનો આપણે કેટલો આભાર માનીએ ? ભાષા સરળ છે તેવાં રીતે-લાલિત્યપૂર્ણ છે.

શ્રી તીર્થંકરોએ ધર્મના સિદ્ધાંતો લોકભાષાના માધ્યમથી જ પ્રરુપ્યા છે અને એ શૈલી જૈનાચાર્યોએ કાળે-કાળે અપનાવી છે. જ્યારે લોકભાષા પ્રાકૃત હતી ત્યારે ધર્મના સિદ્ધાંતો પ્રાકૃતમાં બતાવ્યા. જ્યારે લોકભાષા સંસ્કૃત-પ્રાકૃત મિશ્ર હતી ત્યારે તે રીતે બતાવ્યા, આજે લોકભાષા હિન્દી છે, તો આપણા આચાર્યો આપણને હિન્દીના માધ્યમથી ધર્મના સિદ્ધાંતો સમજાવે છે, અને આ દૃષ્ટિએ હિન્દી-લલિતવિસ્તરા ગ્રંથનું પ્રકાશન અત્યંત પ્રશંસનીય છે.

આ ગ્રંથમાં શું છે ? હમણાં જ આપણે શ્રી નવકાર મંત્રની ધૂન સાંભળી... કેવી મધુર હતી એ ધૂન ! એમાં જ **'નમો અરિહંતાણં'** પ્રથમ પદ છે; તેનો જ વિસ્તાર આ લલિતવિસ્તરામાં છે ! અરિહંત પરમાત્માનાં ભિન્ન ભિન્ન સ્વરૂપોને સ્તવવામાં આવ્યાં છે... વંદવામાં આવ્યાં છે.

અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય અને સાધુ વંદનીય છે. સમ્યગ્જ્ઞાન દર્શન અને ચારિત્રથી, આમની વંદના થશે તો જ સમાજની ઉન્નતિ થવાની છે.

બાકી, આ ગ્રંથની વ્યાખ્યા કરવાનો અધિકાર મારો નથી ! વ્યાખ્યા કરવા માટે પણ યોગ્યતાની જરૂર હોય છે, અને તે યોગ્યતા મુનિઓને વરેલી હોય છે. તેથી હું પૂજ્ય મુનિશ્રીને વિનંતી કરું છું કે તેઓ ગ્રંથ, ગ્રંથકાર અને હિન્દી વિવેચનકારનો પરિચય આપવા કૃપા કરે. અને પુનઃ માનનીય અતિથિ વિશેષનું હાર્દિક સ્વાગત કરું છું.... જયહિન્દ.

• • •

'શ્રી લલિતવિસ્તરા'ના હિન્દી વિવેચન ગ્રંથ પર પ્રકાશન-સમારોહ સમિતિને મળેલ અનેક અભિપ્રાયો પૈકી કેટલાક :

ઉપરાષ્ટ્રપતિ, સચિવાલય, નવી દિલ્હી — માર્ચ ૨૬, ૧૯૬૪

શ્રીમાનજી (અમૃતલાલ ગાંધી, મંત્રી...)

આપનો પત્ર અને 'શ્રી લલિતવિસ્તરા' નામનો ગ્રંથ ઉપરાષ્ટ્રપતિજીના નામથી પ્રાપ્ત થયો. ધન્યવાદ.

ભારતીય દર્શનસાહિત્યમાં ઉપરોક્ત હિન્દી વિવેચન અનુપમ મહત્ત્વનું છે. ઉપરાષ્ટ્રપતિજીએ આપના આ પ્રયત્નની બહુ પ્રશંસા કરી છે.

શુભ કામનાઓ સહિત. આપનો **વી. ફડકે**

અંગત મંત્રી ઉપરાષ્ટ્રપતિ, ભારત

• • •

સભાપતિ (ચેરમેન)

વિધાન પરિષદ, પશ્ચિમ બંગાળ માર્ચ ૨૦, ૧૯૬૪

ડૉ. લક્ષ્મીમલ્લ સંઘવી M.P.

M.L. (Harward) D.Sc. L. (cornell)

વહાલા ડૉ. સંઘવી,

તમારા સમાજનું શ્રી હરિભદ્રસૂરિની 'લલિતવિસ્તરા' ટીકાનું પ્રકાશન મળ્યું. તેનો આભાર સાથે સ્વીકાર કરું છું. જૈન ફિલોસોફીમાં હું સ્પેશિયાલિસ્ટ નથી તેથી આ કાર્યનું વાજબી મૂલ્યાંકન હું આપી શકું નહિ. પરંતુ એ જોઈ શકું છું કે જૈનીઝમની પ્રાચીન ટ્રેકસ્ટ કિંમતી હિન્દી વિવેચન સાથે સારી પ્રકાશિત થઈ છે. આશા રાખું છું કે નિષ્ણાતો માટે આ ગ્રંથ ઘણો ઉપયોગી થશે.

તમારો સ્નેહાધીન... સુનીતિકુમાર ચેટરજી

Minister in charge Labour and Publicity Government of W. Bengal

11-4-64

મહોદય, આપે મોકલે 'ललितविस्तरा' ગ્રંથ પ્રાપ્ત થયો. ધન્યવાદ. 'નમોત્થુણં' મૂળ પર જૈનાચાર્ય હરિભદ્રસૂરિજીએ રચેલ આ ટીકા 'લલિતવિસ્તરા' નામથી પ્રસિદ્ધ થઈ છે. જૈનધર્માવલંબી 'નમોત્થુણં' સ્તોત્ર પ્રતિક્રમણ, ચૈત્યવંદન આદિમાં રોજ બોલવામાં આવે છે; પરંતુ એનો અર્થ સૌ નથી જાણતા. સાધારણ સ્તુતિ વંદનાની અંદરના ગૂઢ તત્ત્વનું પૃથક્કરણ આ ગ્રંથમાં છે. ગ્રંથ વિષમ કઠિન છે. સાધારણ મનુષ્યો માટે નહિ, કિન્તુ દર્શનવેત્તાઓ માટે આ ગ્રંથ કિંમતી છે. જૈન ધાર્મિક વિષયોના શોધપ્રેમી અને દર્શનશાસ્ત્રપ્રેમી આ ગ્રંથથી અવશ્ય લાભ ઉઠાવે.

આ ગ્રંથના પ્રકાશન માટે સમારોહ સમિતિને ધન્યવાદ આપું છું.

તમારો, **વિજયસિંહ નાહર**

રાજસ્થાન સરકારના ગવર્નર શ્રી સંપૂર્ણાનંદ શાસ્ત્રી અને પૂનાના પ્રસિદ્ધ પ્રોફેસર પી. એલ. વૈદ્યના કિંમતી અભિપ્રાય ગ્રંથની અંદર પ્રસ્તાવનારૂપે પ્રગટ થયેલ છે.

• • •

રાણકપુરમાં ઓળીની ભવ્ય આરાધના

જૈનશાસનનો જયજયકાર

મારવાડ સિદ્ધચક્ર આરાધના કમિટીના ઉપક્રમે સાદડીવાળા ભાઈશ્રી પુખરાજજી હિરાચંદજી રાંકા તરફથી રાણકપુરમાં ચૈત્ર માસની શાશ્વતી ઓળીની આરાધના સકળસંઘને કરાવવા દિવસો પહેલેથી તડામાર તૈયારીઓ કરવામાં આવી હતી. હજારો માણસ રાણકપુર જેવા જંગલનાં પ્રદેશમાં ઉપસ્થિત થાય તેમની સગવડને પહોંચી વળવા વિશાળ પાયા ઉપર આયોજન કરવામાં આવ્યું હતું. આ માટે પ્રસિદ્ધ કાર્યકર ભાઈશ્રી ચીમનલાલ કડીયા અને પિંડવાડાના શ્રી લાલચંદજી છગનલાલ તથા શ્રી સમરથમલ મોતીજી, લુણાવાના ભાઈશ્રી મન્નાલાલ રીખબાજી, સિરોહીના શ્રી વનેચંદજી વગેરે કાર્યકરોએ ભારે પરિશ્રમપૂર્વક ઓળીના એક મહિના અગાઉથી કાર્ય પ્રારંભી દીધું હતું. બહારગામથી મંડપવાળા તથા ઈલેકટ્રીકવાળા રચનાઓવાળા વગેરેને કોન્ટ્રાક્ટ અપાઈ ચૂકેલા તે અનુસાર તેઓએ પોતપોતાના કાર્યોથી રાણકપુરને ગાજતું કરી દીધેલું.

બીજી બાજુ શ્રી પુખરાજભાઈની ખાસ ઈચ્છા આ મહાન ભવ્ય પ્રસંગ સિદ્ધાન્તમહોદધિ પૂ. **આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબની નિશ્રામાં એઓશ્રીના વિશાળ મુનિમંડળના સાન્નિધ્ય સાથે ઉજવવાની હોઈ અનેક વખત એમણે પૂજ્યશ્રી પાસે આવી આગ્રહપૂર્વક વિનંતી કરેલી. પૂજ્યશ્રીની નાજુક બનેલી તબીયત કંઈક રાહ પર આવતાં પૂજ્યશ્રીએ વિશેષ લાભનું કારણ જાણી વિનંતી સ્વીકારવા કૃપા કરી અને યોગ્ય સમયે પિંડવાડાથી એ દિશામાં પ્રયાણ આરંભ્યું. અલબત ૦॥-૦॥ માઈલથી વધારે ચાલવાની પૂજ્યશ્રીમાં શક્તિ નહિ પણ મુનિઓ ઉત્સાહભેર પૂ. આચાર્યદેવશ્રીને સ્ટ્રેચરમાં ઉપાડી ચાલતા. ગામેગામના સંઘોને ધર્મભાવનાની વૃદ્ધિ કરાવતાં કરાવતાં પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત પૂજ્ય આચાર્ય શ્રી વિજયશોદેવસૂરિજી મહારાજ આદિ લગભગ ૪૫ ઠાણા સાથે સાદડી દ્વિ. ચૈ.સુ. ૨ ના પધાર્યા.

પૂજ્યશ્રીના સ્વાગત અર્થે સાદડીનગરને ઠેર ઠેર સુશોભિત કમાનો, દરવાજા તથા વિવિધરંગી પતાકાઓથી અલંકૃત કરવામાં આવ્યું હતું. વહેલી સવારથી જનતા નગર બહાર વિદ્યાલય આગળ ઊભરાઈ રહી હતી. સાદડી જૈન યુવક બેન્ડ વાદ્યના બુલંદ સ્વરોથી ગગનને ગજાવી રહ્યું હતું. પૂજ્ય આચાર્ય ભગવાન આવી પહોંચતાં સંઘના હૈયામાં આનંદનો મહાસાગર ઉલટ્યો. મારવાડ સિદ્ધચક્ર કમિટીના પ્રમુખશ્રી ચંદનમલજી, ભાઈશ્રી પુખરાજજી વગેરેએ પૂજ્યશ્રીને ભાવભીની વંદના કરી, સાદડી

સંઘ સાથે શ્રીમદ્‌ના લાગણીભર્યાં સ્વાગત-અભિનંદન કર્યા અને નગરમાં પાવન પગલાં કરવા વિનંતી કરી.

ત્યારબાદ લગભગ આખા નગરમાં ભીડોભીડ સાજન સાથે સામૈયું ફરી નગર વચ્ચે શ્રી આણંદજી કલ્યાણજી પેઢીના રાવળાવાળા સ્થાને ઊતર્યું. પેઢીને સોંપાયેલ નગરના મુખ્ય જિનમંદિરે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ સ્વામીના પ્રાચીન અલૌકિક પ્રતિમાજીનાં દર્શનાદિ કર્યા. રાવળાના વિશાળ કંપાઉન્ડમાં ઊભા કરાયેલ મંડપમાં ચિક્કાર માનવમેદની વચ્ચે પૂ. આચાર્યદેવશ્રીએ મંગળાચરણ કર્યું અને પૂ. પંન્યાસજી મહારાજે ભવસમુદ્રની સપાટી ઉપરના માનવજીવનમાં આવ્યાં પછી ફેર અંદરમાં કેમ ડૂબી ન જવાય એ વિષય પર વ્યાખ્યાન આપ્યું, ત્રણે દિવસ આજ વિષયનું વ્યાખ્યાન ચાલ્યું. દેવાધિદેવનાં દર્શનાદિએ જતાં કાંઈક પણ પોતાનું ભક્તિ-દ્રવ્ય લઈને જવું વગેરેના નિયમો થયા. આખો દિવસ પૂ. આચાર્યદેવશ્રી પાસે આગેવાન અને બીજા શ્રાવકોની ગુરુ-ઉપાસનાર્થે અંવરજવર ચાલુ રહેતી.

ચૈ.સુ.પના શુભ મુહૂર્તે સપરિવાર પૂ. આચાર્ય ભગવંતનો શ્રી રાણકપુર મહાતીર્થમાં બેન્ડના ગગનભેદી નાદ વચ્ચે સંઘના ભવ્ય સ્વાગતપૂર્વક પ્રવેશ થયો.

દિવસો અગાઉ માનનીય સિદ્ધચક્ર કમિટી તરફથી ઓળીની આરાધના માટે રાણકપુર પધારવા મોટા પોસ્ટરો તથા શ્રી રાણકપુરજી મંદિરના ચિત્રવાળી આઠ પાનાંની સુશોભિત રંગીન કંકોત્રી ભારતભરમાં મોકલવામાં આવી હતી. આમંત્રણ કુમકુમ પત્રિકામાં અત્રેના આયોજનની વિશેષતાઓનો ઉલ્લેખ કરવામાં આવેલો. એ હિસાબે મારવાડ, મેવાડ, ગુજરાત, કચ્છથી ભાગ્યશાળીઓ અત્રે પધારેલા. લગભગ ૮૫૦ તો ઓળીના આરાધકો હતા. બાકી સેંકડો અન્ય ભાઈ-બેનોની અવરજવર ચાલુ હતી. છેલ્લા ત્રણ દિવસમાં હજારોની સંખ્યા થઈ, ને પૂનમે લગભગ પંદર હજાર માણસ થયેલું.

આ ઉત્સવ-અર્થે કોઢિયા ઉંબરરાણા સાથે મયણાનું સહર્ષ પાણિગ્રહણ, મંદિરમાં પ્રભુજીના બિંબ પરથી ફળ તથા હારનું ઉછળીને શ્રીપાલ-મયણા પાસે આવવું, ધવળશેઠ વડે શ્રીપાલનું સમુદ્રમાં ફેંકાવું અને થાણા બંદરે ઉતરવું, મહાસતી સીતાનો અગ્નિપ્રવેશનો દિવ્ય પ્રસંગ, અગ્નિ ફાટી જળબંબાકાર વાવડી બનવી વગેરે હાલતી ચાલતી રચનાઓ કરવામાં આવેલી, જંગી કંપાઉન્ડમાં ઊતરવા માટે ઠેર ઠેર નાના-મોટા સુશોભિત જોધપુરી મંડપો, વિશાળ ભવ્ય આયંબિલ મંડપ, ભોજન મંડપ, ફળ નૈવેદ્યની દુકાન, પૂજન સામગ્રીની દુકાન, કાર્યકરોનો મંડપ વગેરે યોજાવાથી રાણકપુર એક નગર શું બની ગયેલું, મંદિરની આગળના વિશાળ પટાંગણના નાકે આલીશાન

ત્રણ દરવાજાવાળું પ્રવેશદ્વાર ઊભું કરાયેલ. અંદરમાં મંદિરની પાસે વ્યાખ્યાન તથા આરાધના માટે ૫-૭ હજાર મનુષ્યો બેસી શકે તેવો ભવ્ય નયનરમ્ય મંડપ રચવામાં આવેલો. આ પ્રસંગે આવનાર હજારો ભાગ્યવાનોને આ ઉનાળામાં પાણીની પૂરી સગવડ રહે એ માટે ખાસ નવા ટ્રેક્ટરની યોજના કરવામાં આવી હતી.

જિનભક્તિ રમઝટ મચે એ માટે બીજાપુરનું બેન્ડ, સુરતથી સંગીત માસ્તર દીનાનાથની કંપની, મુંબઈથી શ્રીમહાવીર સંયુક્ત મંડળ વગેરેને બોલાવવામાં આવ્યા હતા.

રોજના કાર્યક્રમમાં પ્રભાતે તે તે પદના કાઉસ્સગ્ગ, પ્રતિક્રમણ, તથા પડિલેહણ દેવવંદન, બાદ મંદિરમાં ૯ ચૈત્યવંદન પછી વ્યાખ્યાન શ્રવણ, સ્નાત્ર, અષ્ટપ્રકારી પૂજા, આયંબિલ, મોટી પૂજા, સાંજે પંડિલેહણ દેવવંદન, પ્રતિક્રમણ, ભાવના, તથા શ્રીપાલરાસ-એ મુજબનો સવારના ચાર વાગ્યાથી રાતના ૧૧-૧૧॥ વાગ્યા સુધીનો ચાલતો.

વ્યાખ્યાનમાં રોજ અરિહંત આદિ પદનું રહસ્ય સમજાવવામાં આવતું. 'ભગવાનના ઉત્કૃષ્ટ પુણ્ય આગળ જગતનાં પુણ્ય તુચ્છ હોઈ એમાં આકર્ષાવું શું ?' 'સિદ્ધના અનંત સુખ સામે જે વિષય સુખ કુછ નહિ એની પરવા કરી માનવજીવન શા સારુ વેડફી નાખવું ?' 'આચાર્ય' મહારાજના ધર્મવેપાર આગળ દુનિયાનો વેપાર કોઈ વિસાતમાં નથી...' વગેરે વગેરે જીવનને સ્ફુર્તિ અને ધર્મવૃત્તિ આપતાં રહસ્યો સાથે પ્રેરક આત્મહિતકર દૃષ્ટાન્તો અને અરિહંતદેવ તથા જિનશાસનનાં લોકોત્તર મહત્ત્વ પરના હિન્દી વ્યાખ્યાનોમાં વિશાળ મેદની તરબોળ બનતી.

પૂજા ભાવનામાં ભાઈશ્રી દીનાનાથ સંગીતની રેલંછેલ કરતા; વિશેષે રાતના એમના સૂરીલા સ્વરથી શ્રીપાલરાસનું ગીતગાન કરતા. એ વખતે વચમાં ભાઈશ્રી ચીમનભાઈ કડિયા રાસના ભાવાર્થ પર આખ્યાન કરતા.

ચૈ. સુ. ૧૩ મહાવીર પરમાત્માનો જન્મકલ્યાણક દિવસ હોઈ હાથી, રથ, પાલખી, બે બેન્ડ વગેરેથી શોભતો ભવ્ય વરઘોડો કાઢવામાં આવ્યો. આ પ્રસંગે બહારથી થોકબંધ માણસ આવેલ. વરઘોડો ઊતર્યા પછી પ્રવચન થયું. પૂ. મહારાજશ્રીએ ફરમાવ્યું કે પ્રભુનાં પાંચે કલ્યાણકમાં ત્રણે લોકના જીવોને સુખનો અનુભવ થાય છે એની પાછળ રહસ્ય શું છે ? પ્રભુએ સકલ જીવોને તારવાની કરુણા ચિંતવી છે. જગતને શાસન પણ એવું આપે છે કે જેમાં ઠેઠ એકેન્દ્રિય સુધીના જીવોને અભયદાન દેવાનું છે. આ અભયદાન દેવા માટે જીવે પ્રબળ વિષયવિરાગ અને ભવનિર્વેદ કેળવવો પડે. જૈનોનો અહિંસા પરમો ધર્મ એટલે

પૃથ્વીકાયાદિ જીવોની પણ અહિંસા. એ જીવનમાં લાવવા મૂળમાં ભવનિર્વેદ વિષયવિરાગ જરૂરી છે. 'અહિંસા પરમો ધર્મ'નું બ્યુગલ વગાડતાં જો આ લક્ષમાં નહિ રહે તો મન માનશે કે 'આપણે કાંઈ કસાઈના ધંધા કરતા નથી, જીવ મારતા નથી.' બસ, પછી કાંઈ કરવાનું બાકી શું ? જૈનધર્મનો મર્મ છે,- પર માત્રના સંગથી દૂર રહો. ભગવાને એ જીવી બતાવ્યું અને જગતને એ શીખવાડ્યું....'

ચૈ. ૧૫ : મોટરબસો પર મોટરબસો આવવા લાગી. જનસંખ્યા લગભગ ૧૫ હજારની થયેલી. આજે પણ વરઘોડો, ઉપરાંત સિદ્ધચક્રપૂજન હતું. નવકારશી જમણ પણ હતું.

એકંદરે ઓળીના આરાધકોને નિર્વિઘ્ને સુંદર આરાધના થઈ, બીજા પણ યાત્રિકોને કાંઈ પણ પ્રકારના ઉપદ્રવ વિના જિનભક્તિ, જિનવાણીશ્રવણ આદિમાં ખૂબ ભાવોલ્લાસ આવ્યો. એકમના તપસ્વીઓને પારણા કરાવવામાં આવ્યાં. કમિટી તરફથી શ્રી પુખરાજજીને માનપત્ર અપાયું.

● અત્રે પિંડવાડા સંઘ પૂ. આચાર્યદેવશ્રીના ચોમાસા માટે વિનંતી કરવા આવેલ. બીજી બાજુ સાદડી, બ્યાવર વગેરેના સંઘોની પણ આગ્રહભરી વિનંતી થઈ, પરંતુ કર્મસાહિત્યનું કામ ચાલતું હોઈ તેમજ શ્રી ખૂબચંદજીની આસો ઓળી ઉજમણું વગેરે માટે ખૂબ વિનંતી, વગેરે અગત્યનાં કારણોને લીધે પિંડવાડા-ચોમાસાની જય બોલાઈ.

● ગઢસીવાણાવાળાની આગ્રહભરી વિનંતીને માન આપી પૂ. પં. શ્રી હેમંતવિજયજી મહારાજનું ચોમાસું ત્યાં ખાતે નક્કી કરાયું.

● જોધપુર સંઘના બે બસો ભરીને ભાઈઓ પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજના ચાતુર્માસ માટે વિનંતી કરવા આવેલા. લલિતવિસ્તરા-વિવેચન ગ્રંથના ભવ્ય પ્રકાશન સમારોહથી જૈનેતરોમાં પણ જાગેલું આકર્ષણ, તેરાપંથી સ્થાનકવાસી ભાઈઓની પણ વ્યાખ્યાનમાં હાજરી વગેરે લાભોના કારણે સંઘનો આગ્રહ ભારે, છતાં પાલી સંઘના ચોમાસાની વિનંતી પૂર્વે સ્વીકારાઈ ગયેલી તેથી મુનિશ્રી મિત્રવિજયજી અને શ્રી ચરણપ્રભવિજયજીને જોધપુર મોકલવાનું નક્કી કરવામાં આવ્યું.

● દાદાઈ (રાણી પાસે)વાળાનો બહુ આગ્રહ હોવાથી મુનિશ્રી યોગીન્દ્રવિજયજી આદિને ચાતુર્માસ અર્થે મોકલવાનું નક્કી થયું.

● રાણી ગામમાં છેલ્લા વીસ વરસથી સુવિહિત મુનિઓનું ચોમાસું નહિ થયું હોવાથી રાણીસંઘનો બહુ આગ્રહ હતો તેથી મુનિશ્રી રત્નાંશુવિજયજી તથા શ્રી નંદીવર્ધનવિજયજી રાણી માટે નક્કી કરાયા.

• બ્યાવર સંઘના જોરદાર આગ્રહને લીધે મુનિશ્રી મિત્રાનંદવિજયજી આદિને મોકલવા વકી છે.

બાકી સાદડી વગેરે સંઘોની વિનંતીઓ ઊભી છે.

• ઘાણેરાવ સંઘના અતિ આગ્રહથી પૂ. આચાર્યદેવશ્રી રાણકપુરથી સીધા મૂછાળા મહાવીરજી પધાર્યા. વ્યાખ્યાન-પૂજા-સાધર્મિક વાત્સલ્ય વગેરે સુંદર થયું.

• પિંડવાડામાં રોકેલા પૂ. મુનિરાજો શ્રી જયઘોષવિજયજી તથા શ્રી ધર્માનંદવિજયજીને વર્ષીતપનાં પારણાં હોઈ પૂજ્ય આચાર્યદેવશ્રી વિહાર લંબાવી પિંડવાડા વૈ. સુ. ૨ પહોંચવા સંભવ છે.

• પૂ. પં. શ્રી ભાનુવિજયજી મહારાજ આદિ અત્રેથી વદ એકમના વિહાર કરી પ્રાયઃ વદ ૬ આબુ-અચલગઢ લગભગ ૨૫૦ શિબિર વિદ્યાર્થીઓમાં ધાર્મિક શિક્ષણ-સંસ્કરણ અંગે પહોંચી જશે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" વર્ષ-૧૩,અંક-૪,તા.૩-૧૦-૧૯૬૪

મુંબઈ શ્રી સમેતશિખર તીર્થરક્ષાની જ્વલંત કાર્યવાહી

મુંબઈના શ્રી ચતુર્વિધ શ્રી સંઘ દ્વારા સ્થપાયેલી શ્રી સમેતશિખર તીર્થરક્ષા સમિતિએ તા.૧૦-૮-૬૪થી પોતાનું કામ આરંભ્યું અને જરૂરી સાહિત્ય બહાર પાડી હિંદભરમાં તેનું વિતરણ કરતાં સારાયે જૈન સમાજમાં એક પ્રકારની ચેતના પ્રગટી નીકળી, સ્થળે સ્થળે સભાઓ ભરાવા લાગી, ઠરાવો થવા લાગ્યા અને તારાના દોરડાં રાત્રિ-દિવસ ઝણઝણતા જ રહ્યાં. દિલ્હીમાં શ્રી લાલબહાદુર શાસ્ત્રી, શ્રી નંદાજી તથા શ્રી એ.કે.સેન ઉપર તથા બિહારના મુખ્યમંત્રી શ્રી કૃષ્ણવલ્લભ સહાય ઉપર તારોની વર્ષા ચાલુ જ રહી.

કાર્યાલયનો સર્વભાર સમિતિના મંત્રી શ્રી ધીરજલાલ ટોકરશી શાહ તથા શ્રી શાંતિલાલ સોમચંદ ચોક્સીએ ઉપાડ્યો અને નિયમિત ખંતભર્યું કામ કરીને તેના સર્વ અંગોમાં પ્રાણ પૂરી દીધો. રોજ સેંકડો પત્ર લખાવા માંડ્યા અને આતુરતાભરી થઈ રહેલી પૂછપરછનો વ્યવસ્થિત જવાબ અપાવા લાગ્યો.

દેવાસમાં ઉજવાયેલો અનુપમ પ્રતિષ્ઠા મહોત્સવ
કડીયાનગરની સુંદર રચના

પૂ. આચાર્ય ભગવંતની કૃપા : પૂ.પા.શ્રી ૧૦૦૮ શ્રી સિદ્ધાન્ત મહોદધિ આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાએ શ્રી કડીઆ અને દેવાસ શ્રી સંઘની લાંબા વખતની વિનંતીને ધ્યાનમાં લીધી અને પૂ. શ્રી વિજયશોદેવસૂરિજી મ. ને દેવાસ પ્રતિષ્ઠા કરાવવા જવાની અનુજ્ઞા આપી. બસ આ અમૃત સંદેશાએ માળવા, ગુજરાત, મહારાષ્ટ્ર વગેરે અનેક સ્થળોએ જેમ જેમ જાણ થતી ગઈ તેમ તેમ આનંદ ફેલાયો અને રસીઆ હૃદયમાં ધ્વનિ ઉઠ્યો **"દેવાસ જવા કરો, તૈયારી"**

પૂ. શ્રી યશોદેવસૂરિજી મહારાજની પધરામણી : વયોવૃદ્ધ યોગીસ્વરૂપ પૂ.શ્રી યશોદેવસૂરિજી મ. પણ ટાઢ, ડુંગરાળપ્રદેશ, ૩૨૫ માઈલનો લંબાણ વિહાર-એ કશાની પરવા કર્યા સિવાય ગુરુ આજ્ઞા શિરોધાર્ય કરી મારવાડથી માળવા પધારવા પ્રયાણ શરૂ કર્યું અને નિશ્ચિત કર્યું કે મહા સુદ ૨ દેવાસ પહોંચવું છે અને તે પ્રમાણે પધાર્યા પણ ખરા. માળવા પ્રદેશે ઠેરઠેર સ્વાગત કર્યું અને દેવાસમાં ભવ્ય સામૈયું થયું.

મહોત્સવની તૈયારીઓ : પૂ. સિદ્ધાન્તમહોદધિ આચાર્ય ભગવંતે અનુજ્ઞા આપ્યા પછી મહોત્સવના પ્રારંભ કાળને ફક્ત ૫૦-૫૫ દિવસનું આંતરું હતું. જેથી દેવાસના યુવાન અને અનુભવી સર્વ કાર્યકર્તાઓ રાત-દિવસ હાથમાં હાથ મિલાવીને ઉતારા, ભોજન વ્યવસ્થા વગેરે અનેક તૈયારીઓમાં લાગી પડ્યા અને જુની મંડીની વિશાળ જગાને **'કડીઆનગર'** નામાભિમાન કરી બધી તૈયારીઓ ત્યાં કરવા માંડી. આ સિવાય ઉતારા માટે બીજા સંખ્યાબંધ મકાનો, વાડીઓ મળ્યા તે રાખી લીધા અને દેરાસરજીના આગળ રાજમાર્ગ ઉપર સુશોભિત શમીઆણો ઊભા કરી તેને વાવટા, લાઈટ વગેરેથી શણગારી **પાર્શ્વમંડપ** ખડો કર્યો હતો. આખા દેરાસરજીને લાઈટથી ઝળહળતું બનાવી દેવાયું.

ચાલો સૌ દેવાસ : એક બાજુ આ બધી તૈયારીઓ તડામાર ચાલતી હતી ત્યાં કાર્યાલય તરફથી ભીંતપત્રો બહાર પડ્યા ને જાહેર થયું કે મહા સુદ ૫ થી મહા સુદ ૧૪ સુધીનો મહોત્સવ છે અને મહા સુદ ૧૩ને રવિવારે પ્રતિષ્ઠા છે.

આમંત્રણ પત્રિકાની વિશિષ્ટ રચના : થોડા દિવસમાં આમંત્રણ પત્રિકાઓ સારા ભારતમાં રવાના કરવામાં આવી, જેમાં જે રીતે નવા મંદિરનું ઉત્થાન થયું

એની રચના વગેરે. પૂ. ભગવંતોને કઈ રીતે બિરાજમાન કરવાના છે, સ્પષ્ટ કાર્યક્રમ, અનુપમ ભક્તિ કાવ્યો-વાંચી વાંચીને સૌને આનંદ થયો ને કાર્યાલય ઉપર ટપાલો આવવા માંડી.

શ્રી કડીયાજીનું આગમન : શ્રી કડીયાજી ખૂબ જ અશક્ત થઈ ગયા છે, ચાર મહિનાથી પથારીમાં છે માટે દેવાસ આવી શકશે નહીં એવા સમાચારથી અત્રેના અને માળવાના ઘણા શહેરોમાં શ્રી સંઘોમાં દુઃખ થયું હતું. પરંતુ મહા સુદ ૩ અત્રે સમાચાર મળ્યા કે મહાસુદ ૬ શ્રી કડીયાજી આવે છે. આ સમાચારથી કાર્યકર્તાઓ, શ્રી સંઘો ઇંદોર વગેરે સ્થળોએ આનંદ વ્યાપ્યો. તેઓની અનુકૂળતા રહે માટે વડીલ નાથુલાલજીએ જાતે તપાસ કરીને સ્ટેશન નજીકનો એક બંગલો નક્કી કર્યો હતો અને પહેલા ત્યાં ઉતર્યા, પરંતુ શ્રી કડીયાજીએ દેરાસરજીની સામે જ સાધર્મિક ભાઈ-બહેનોની સાથે રહેવાની મક્કમ ઇચ્છા જણાવતાં તરત જ દેરાસરજીની સામે ભાઈ ગંગારામજીના વિશાળ મકાનમાં નીચે ગોઠવણ કરી લાવવામાં આવ્યા.

વિધિકારકો-સંગીતકારોનું આગમન : બે વિધિકારો તો મહા સુદ પથી પૂર્વે તૈયારી માટે આવી ગયા હતા અને સંગીતરત્ન માસ્ટર દીનાનાથની મંડળી મહા સુદ ૬ સવારના આવી પહોંચી અને બીજા વિધિકારો શ્રી મોહનભાઈ વગેરે મહા સુદ ૧૦ પધાર્યા.

મહા સુદ ૧૨ના ઉત્સાહભરી રથયાત્રા : મહા સુદ ૨થી પૂ. આચાર્યદેવશ્રી દેવાસમાં પધાર્યા ત્યારથી તેઓશ્રીને વંદન તથા દેરાસરજીમાં દર્શન કરવા રોજ મહેમાનો આવવા માંડ્યા હતા, જેથી ત્યારથી રસોડું શરૂ કરવામાં આવ્યું હતું. જેમ જેમ દિવસ જતા ગયા તેમ માનવસાગરમાં ભરતી થઈ ગઈ ને મહા સુદ ૧૨ પાંચેક હજારની સંખ્યા મહેમાનોની રથયાત્રામાં જણાતી હતી. વરઘોડામાં રથ, હાથી, બેન્ડ, બાળાઓની ગાડીઓ, ઇન્દ્ર ધ્વજ, સુવર્ણ કળશો વગેરેની આકર્ષક રચનાઓ કરવામાં આવી હતી. રથના સારથી શા માંગીલાલજી છગનરામજી દેવાસવાળા બન્યા હતા અને અંદર ભગવંત લઈને શ્રી પાસુભાઈ શિહોરવાળા બેઠા હતા. હાથી ઉપર જ્ઞાન લઈને શ્રી અનીલકુમાર રાજમલજી ઇંદોરવાળા બેઠા હતા અને જમણો ચામર લઈને શ્રી ચીનુભાઈ કડીયા અને ડાબો ચામર લઈને શા ગુલાબચંદજી શીયાવાળા બેઠા હતા. રથયાત્રા બરાબર બે વાગે નીકળી હતી. એ રાજમાર્ગો ઉપર ફરી ૪-૩૦ વાગતા શ્રી મંદિરજી આવી હતી.

મહાસુદ ૧૨ની રાતના ઉછામણી : અગાઉથી જાહેરાત થયા પ્રમાણે બરાબર

રાતના આઠ વાગે પ્રગટ પ્રભાવિક શ્રી મૂળનાયક ભગવંત શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવંતને મહાસુદ ૧૩ના સવારના ૧૦-૫૯ મિનિટના મહા મંગળકારી મુહૂર્તે ગાદીનશીન કરવાની ઉછામણી શરૂ થઈ અને રૂા. ૫૧૦૧માં એનો આદેશ શ્રી અનિલકુમાર રાજમલજી ઈંદોરવાળાએ લીધો, ત્યાર પછી ધ્વજદંડ ચડાવવાનો આદેશ રૂા. ૧૫૫૧માં શા પુનમચંદજી હંસરાજજી પાંચોરાવાળાએ લીધો અને વરસોવરસ ધ્વજ ચડાવવાના હક્ક સાથે રૂા. ૨૦૦૧માં એનો આદેશ શ્રી ચીમનલાલ કડીયાએ લીધો. મહા સુદ ૧૧ના દિવસે શ્રી ચક્રેશ્વરીજી દેવી અને શ્રી પદ્માવતીજી દેવીની મૂર્તિ ભરાવનારા તરીકે નામ લખાવવાનો આદેશ રૂા. ૧૫૨૫)૨૫ અને રૂા. ૧૧૫૧)૨૫ થી શેઠ નાથુલાલ દુલીચંદે લીધો હતો. મુખ્ય ભગવંતો આદેશ અપાયા પછી ચપોચપ બીજા ભગવંતોને ગાદીનશીન કરવાના તથા બંને માતાજીઓને સ્થાપવાના આદેશ અપાયા.

મહા સુદ ૧૩ની રમ્ય-મંગળ પ્રભાત : મહા સુદ ૧૨ની રાતના મહેમાનોની સંખ્યા વધીને ૬ થી ૭ હજારની દેખાતી હતી. સવારથી દેરાસરજી હરખ ઘેલી માનવમેદનીથી ભરાવા માંડ્યું અને ૯ વાગે તો કોઈને પણ અંદર દાખલ કરવાની મુશ્કેલી ઊભી થઈ ગઈ જેથી સૌ કાર્યવાહકની સૂચના પ્રમાણે વિશાળ મંડપમાં બેઠા. બરાબર મંગળ મુહૂર્ત આવતાં ઘંટાનાદ થયા, ઝાલરો રણકી ઉઠી, અશ્વો હણહણ્યા, ગજરાજે સુંઢ મસ્તક નમાવી નમન કર્યું, બેન્ડોએ હવામાન ગજવી મૂક્યું અને જનમેદનીએ શ્રી શંખેશ્વરજી પાર્શ્વનાથ ભગવંતના જયધ્વનિથી દસે દિશાઓ ભરી દીધી અને તેજ મુહૂર્તે સર્વે આદેશ લેનારાઓએ મનોકામના પૂર્ણ કરી. શ્રી મુળનાયક ભગવંતના લલાટમાં અમદાવાદવાળા શેઠ અરવિંદભાઈ પનાલાલના માતુશ્રી તરફથી ભેટ આવેલ હીરાનો ટીકો આદેશ લેનારે ચઢાવ્યો. મનોહર પ્રતિમાજીઓ, ભવ્ય કળાપૂર્ણ મંદિર અને ગગનચુંબી શિખર તથા ગુંબજ એ બધુંએ જાણે આભુષણો સજીને તૈયાર થયાં હોય, તેવો ભાસ થવા માંડ્યો. પૂજ્યપાદ આચાર્ય ભગવંત અને પૂ. પંન્યાસજી મહારાજ દરેક મુહૂર્તો સાધવા ઉપર બરોબર ધ્યાન રાખતા. મિસ્ત્રી હરિભાઈને એના પ્લાન અને કામની ચોકસાઈ માટે શાબાશી આપતા હતા. આસીસ્ટન્ટ મિસ્ત્રી નટવરલાલ પણ ચારે બાજુ ચકોર નજર રાખતા હતા. પ્રતિષ્ઠા બાદ તે અંગેની સર્વે વિધિઓ થઈને સૌ વીખરાયું.

શ્રી અષ્ટોત્તરી મહાપૂજા : બપોરના વિજયમુહૂર્તે મહાપૂજા શરૂ કરવામાં આવી અને શ્રી અમરચંદજીએ આ લહાવો બધો જ લીધો હતો.

શ્રી સાધર્મિક જમણ : આજનું જમણ શ્રી નાથુલાલજી ચોધરી અને શ્રી ચીમનલાલ કડીયા તરફથી હતું. વ્યવસ્થા ખૂબ સુંદર હતી.

આકર્ષક મેળાવડો : મહા સુદ ૧૩ની રાતના પાર્શ્વમંડપમાં મહોત્સવમાં દરેક પ્રકારની મદદ આપનાર સિનિયર મહારાજા તથા બીજા રાજયકર્મચારીઓ તથા કાર્યકર્તાઓનો આભાર માનવા માટે આકર્ષક સજાવટ સાથે યોજવામાં આવ્યો હતો. ભાઈ નંદલાલજી ચોધરીએ વિસ્તૃત બયાન આપ્યું હતું અને મોટા નાના સૌને સંભારીને આભાર માન્યો હતો. ભાઈ નંદલાલજી બોલી રહ્યા હતા ત્યાં હજારોની જનમેદનીએ શ્રી ચીમનલાલ કડીયાનું પુતળું મુકવા માંગણી કરી. સર્વે કાર્યકર્તાઓ, શ્રી દેવાસ સંઘ સૌના હૃદયમાં આ યોજના હતી જ. એટલે તરત જ ધર્મચક્રની પાછળના ભાગમાં આરસનું બાવલું કરવાનું જાહેર થયું. જન સમુદાય કૃતજ્ઞતાથી ખુશ ખુશ થયો. પાન-ગુલાબ આદિથી હારતોરા થયા પછી મેળાવડો પૂરો થયો ને સૌ ૧૨-૩૦ વાગે વિખરાયા.

ગૌતમતાળું ખોલાય છે ! ને ઉદ્‌ઘાટન થાય છે !

સુદ ૧૫નો પ્રાતઃકાળ થયો ને પડઘમના અવાજો ને બેન્ડના સરોદો છવાતો શરૂ થયા. શ્રી સંઘ દેરાસરજી આગળ એકઠો થઈ ગયો ને હાથી, બેન્ડ, વગેરે સજાવટ સાથે રૂા. ૨૨૨૨) થી આદેશ લેનાર સ્વ. રાજમલજી મહાજનના ત્યાં ગયા. તેમણે શ્રી સંઘનું સ્વાગત કર્યું પ્રભાવના કરી, ને શ્રી સંઘે દેરાસરજીનું ઉદ્‌ઘાટન કરવા પધારવા વિનંતી કરી. હાથી ઉપર સ્વ. રાજમલજીના પુત્ર અનીલકુમાર તથા તેમની બહેનો બેઠા ને વરઘોડો દેરાસર આવ્યો ને પૂ. આચાર્ય ભગવંતને પધારવા વિનંતી થઈ, તેઓશ્રી પધાર્યા, સ્વ. રાજમલજી મહાજનના ધર્મપત્ની ચંદ્રકાન્તાબહેન તેઓના સુપુત્ર અનિલકુમારના શુભ હસ્તે ચાંદીનું તાળું ખોલાવ્યું ને પૂ. આચાર્ય મહારાજશ્રી સાથે પ્રથમ પાંચે દરવાજા ખોલી નાખવામાં આવ્યા અને શ્રી સકળ સંઘ માટે મંદિરજી વિધિપૂર્વક ખુલ્લું મુકાયાનું જાહેર થયું. બપોરના સત્તરભેદી પૂજા ભણાવાઈ અને મહોત્સવની સમાપ્તિ થઈ.

મહોત્સવની વિશિષ્ટતાઓ :

(૧) શાંતયોગી સ્વરૂપ પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજયયશોદેવસૂરીશ્વરજી મ.ના અદ્‌ભુત સંયમબળ-૧૩ કોડ નવકાર, જાપબળ વગેરેના પ્રભાવથી કાર્યવાહકોને કે મહેમાનોને કોઈને ઊંચા સ્વરે બોલવું પડ્યું નથી અને મહોત્સવની, ધારણા બહારની, ઉત્તમ ઉજવણી થઈ !

(૨) છ થી સાત હજાર મહેમાનો છતાં શિસ્ત, નિયમન બરોબર ચાલતા હતા.

(૩) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવંત અને મંદિરજીના આકર્ષણથી સૌ મુગ્ધ થઈ જતા હતા.

(૪) સં. ૧૬૮૩ના મહા સુદ ૧૩ને રવિવારે દેવાસમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવંત પ્રતિષ્ઠિત થયા હતા. ૩૩૮ વર્ષે શ્રી નૂતન ભવ્ય જિનાલયમાં પણ એ જ મહિનો ને એ જ વારે એટલે મહા સુદ ૧૩ને રવિવારે ગાદીનશીન થયા.

(૫) માલવ પ્રદેશમાં ગુજરાતના આબુજીની કોરણી પ્રત્યે વિશેષ ભાવના જગાવે તેવો નમૂનો આ મંદિર થયું છે.

(૬) આબુજીમાં દેરાણી-જેઠાણીના ગોખલા છે તેમ અત્રે શ્રી પદ્માવતી માતાજી અને શ્રી ચક્રેશ્વરીમાતાજીના દેરાસરજીમાં પ્રવેશ કરતાં સુંદર ગોખલા છે, જે માતાજીની મૂર્તિઓ દેરાણી-જેઠાણીએ ભરાવી છે.

"દિવ્ય-દર્શન" - "शासन प्रभावना" વર્ષ-૧૩,અંક-૩૩,તા.૨૯-૫-૧૯૬૫

● **પિંડવાડા :** ચોમાસામાં ખેડૂતો જેવી આતુરતાથી વરસાદની રાહ જુએ છે એથી કંઈ ગણી આતુરતાથી પિંડવાડાનો શ્રી સંઘ સિદ્ધાન્તમહોદધિ પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબ**નું ચાતુર્માસ પિંડવાડા નગરમાં થાય એની રાહ જોઈ રહ્યો હતો. દર વર્ષે પૂજ્યપાદશ્રીને આગ્રહપૂર્ણ વિનંતી ચાલુ હતી. આખરે વિ.સં. ૨૦૧૬ બાવન જિનાલયમાં પ્રભુ પ્રતિષ્ઠા-અંજનશલાકાના અપૂર્વ મહોત્સવ નિમિત્તે વિશાલ પરિવાર સાથે પધારવાનું થતાં પૂજ્યશ્રીનું ચાતુર્માસ પિંડવાડામાં થયું.

આ ચાતુર્માસમાં પિંડવાડા સંઘને પ્રભાવક પ્રવચનકાર પૂ.પં.શ્રી ભાનુવિજયજી ગણિવરની વૈરાગ્યમય વાણીનું અમીપાન મળ્યું. તેઓશ્રીની વાણીમાં માર્ગાનુસારિતા અને ત્યાગ વૈરાગ્યનો ટંકાર હતો. એથી કંઈ જીવોના ધર્મભાવનાના દીપકો પ્રજ્વલિત થયા. તેમાં શ્રી રીખવચંદજી હીરાચંદજીની સુપુત્રી મંજુલાબેનના અંતરમાં વૈરાગ્યની જવલંત જ્યોત પ્રગટી. શાંતમૂર્તિ સા. રોહિતાશ્રીજી મ. આદિના પુણ્ય પરિચયથી પ્રગટેલી આ જ્યોત સુસ્થિર બની. સં. ૨૦૧૯માં પૂજ્ય આચાર્ય ભગવંતની નિશ્રામાં થયેલ ઉપધાન તપની ભવ્ય આરાધનામાં મંજુલાબેન જોડાયા અને માળા પહેરી. ત્યારબાદ સં. ૨૦૨૦માં શિવગંજ મુકામે પૂજ્યશ્રીની નિશ્રામાં બીજા ઉપધાનતપની આરાધના કરી. ઉત્તરોત્તર વૈરાગ્યની વૃદ્ધિ થતાં સંસારના ભૌતિક સુખો તરફ તિરસ્કારવૃત્તિ પેદા થઈ. તેમનું મન જંબુકુમાર, શાલિભદ્ર, મૃગાવતી, ચંદનબાળા વગેરે વિભૂતિઓના ત્યાગની સ્મૃતિના હિંચોળે હિંચવા માંડ્યું. એ મહાપુરુષોએ સ્વાધીન સંપત્તિને લાત મારી સંસારના ઉકરડામાંથી નીકળતી વિષયવાસનાની દુર્ગંધનો

ત્યાગ કરી સંયમના ઉદ્યાનમાં આત્મસુખની સુવાસનો કેવો આનંદ અનુભવ્યો ? તો પછી મારે વિષયવાસનાની ગટરરૂપ સંસારમાં શા માટે રહેવું ? શું આ સંસારની સંપત્તિ સદાકાળ રહેવાની છે ? હરગીજ નહિ. એ સંપત્તિ આપણને છોડીને ચાલી જાય તે પહેલા તેનો ત્યાગ શા માટે ન કરી દેવો ? આમ પોતાનો ચારિત્રગ્રહણનો મક્કમ નિર્ણય થયો અને એ ઉપર અંતરાય કર્મના કાષ્ઠને બાળવા લગભગ ૨॥ માસ આયંબિલની તપશ્ચર્યાનો અગ્નિ પ્રગટાવ્યો. સ્નેહીજનો તરફથી સંયમપંથે જવાની રજા મળી. તેથી ચાલુ સાલમાં અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવી વૈશાખ સુદ ૬ના દિવસે દીક્ષા પ્રદાનનો નિર્ણય થયો.

આ માટે રીખવચંદભાઈની વિનંતીથી પૂ. આચાર્યદેવેશની આજ્ઞાથી આ પ્રસંગ પૂ.આ.ભગવંતના વિદ્વાન શિષ્યરત્ન નિસ્પૃહતાવારિધિ પૂ.પં.શ્રી હેમંતવિજયજી ગણિવરના શિષ્યરત્ન પૂ.મુનિરાજશ્રી લલિતશેખરવિજયજી મ.ના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી રાજશેખરજી મ. આદિ મુનિવરોની નિશ્રામાં ઉજવવાનો નિર્ણય થયો.

ચૈત્ર વદ ૧૩ થી વૈશાખ સુદ ૬ સુધી અષ્ટાહ્નિકા મહોત્સવનું વાતાવરણ પર્યુષણા પર્વ જેવું સર્જાયું. જૈન ધર્મશાળાના નીચેના હોલમાં ૧. ભગવાન મહાવીર અને ચંડકૌશિક ૨. ભગવાન મહાવીરને કાનમાં ખીલા ૩. પ્રભુ પાર્શ્વનાથ અને કમઠની હાલતી ચાલતી રચનાઓ ખૂબ આકર્ષક બની હતી. સાંજ પડે જૈન જૈનેતરોની કતાર લાગતી હતી, પૂજા ભાવનામાં પણ લોકોએ સારો લાભ લીધો.

વૈશાખ સુદ ૨ની રાત્રે ૮-૩૦ વાગે પિંડવાડા સંઘ તરફથી મુમુક્ષુબેનને અભિનંદન અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. અનેક જૈનેતર શિક્ષકોએ તથા અગ્રગણ્ય નાગરિકોએ ત્યાગ-વૈરાગ્ય ઉપર સુંદર ભાષણો કર્યા હતા દરેક મંજુલાબેનના મહાત્યાગને પ્રશંસ્યો હતો. શ્રી સમરથમલ રાયચંદજીએ 'મંજુલાબેન શા માટે સંસારનો ત્યાગ કરે છે' એ વિષય ઉપર મુદ્દાસર સુંદર વિવેચન કર્યું હતું. ત્યારબાદ મંજુલાબહેને બોલતા જણાવ્યું હતું કે હું અભિનંદનને યોગ્ય નથી. મેં શું વિશેષ કર્યું છે કે જેથી આપ સર્વે મને અભિનંદન આપો છો, ચારિત્ર ગ્રહણ કરવું એ તો મનુષ્યમાત્રનું કર્તવ્ય છે. પરમ પુણ્યોદયથી મનુષ્યભવ મળ્યો. હેય-ઉપાદેયનો તેમજ સત્ય-અસત્યનો વિવેક કરવાની શક્તિનો આપણે સદુપયોગ ન કરીએ તો પશુઓમાં અને આપણામાં વિશેષતા શું રહે ? આજે વિશ્વમાં એક પ્રશ્ન ગુંજી રહ્યો છે, અને તે એ કે વાસ્તવિક સુખ કોને કહેવાય અને તે ક્યાં છે ? સર્વજ્ઞ મહાવીર ભગવાને સ્પષ્ટ જણાવી દીધું છે કે સત્ય સુખ તમારી પોતાની જ પાસે છે, બહારની ભૌતિક કોઈ વસ્તુમાં નથી. પણ અજ્ઞાનના અંધકારમાં અથડાતા જીવો આ સત્ય સમજી શકતા

નથી. આથી હરણ જેમ પોતાની નાભીમાંથી કસ્તૂરીની સુગંધ નીકળતી હોવા છતાં અજ્ઞાનતાના કારણે એ સુગંધ મેળવવા ચારે બાજુ દોડાદોડ કરે છે, તેમ સંસારના જીવો સત્ય સુખ પોતાની જ પાસે હોવા છતાં અજ્ઞાનતાના કારણે પૌદ્‌ગલિક વસ્તુઓમાં સુખ કલ્પીને તેને મેળવવા ફાંફાં મારે છે. પૌદ્‌ગલિક સર્વ પ્રકારના સુખ ક્ષણિક છે. એટલું જ નહિ પણ પરિણામે બહુ દુઃખને આપનારા છે. પૌદ્‌ગલિક સુખના સાધનો જેમ જેમ મળતા જાય છે તેમ તેમ તૃષ્ણા અને મમતા વધતી જાય છે. આથી જ્યારે પૌદ્‌ગલિક સુખના સાધનોનો વિયોગ થાય છે, અથવા વિયોગ કરવો પડે છે ત્યારે તેના પ્રત્યેના મમત્વને લઈને આ જીવ કેટલો દુઃખી થાય છે એ આપ સહુના અનુભવમાં ક્યાં નથી ? પૌદ્‌ગલિક સુખના સાધનો આપણને દુઃખી કરીને જતા રહે એના કરતા પહેલેથી જ આપણે એમને શા માટે છોડી ન દેવા ? પૂ. ગુરુદેવોના વ્યાખ્યાનોથી તેમજ પૂ. સાધ્વીજી મ. ના સંસર્ગથી મને જણાયું કે સત્ય સુખને પ્રાપ્ત કરવું હોય તો બાહ્ય પદાર્થો ઉપરના મમત્વનો ત્યાગ કરવો જોઈએ. પણ બાહ્ય વસ્તુઓનો ત્યાગ કર્યા સિવાય તેમની ઉપરનો મમત્વ દૂર થવો અશકય છે. આથી મને આ સંસારનો ત્યાગ કરવાની ભાવના થઈ. મને સંયમના માર્ગે જવા ઉત્સાહપૂર્વક રજા આપનાર મારા માતા-પિતા વગેરે પૂજ્યોનો હું ઉપકાર જેટલો માનું તેટલો ઓછો છે. હું ભગવાનને પ્રાર્થના કરું છે કે જ્યાં સુધી મને મુક્તિ ન મળે ત્યાં સુધી ભવોભવ આવા માતાપિતા મળે. હવે હું મારો ચારિત્રનો માર્ગ નિર્વિઘ્ન બને એ માટે આપ સર્વેની પાસે આશીર્વાદ માગું છું... વગેરે. બાદ મુમુક્ષુ શ્રી કાલીદાસભાઈના ધર્મપત્ની મુમુક્ષુ શ્રી કમલાબહેને શ્રી સંઘવતી મંજુલાબહેનને જે અભિનંદન પત્ર અર્પણ કરવાનો હતો તે શ્રી સમરથમલ રાયચંદજીએ સર્વ સમક્ષ વાંચી સંભળાવ્યો હતો. બાદ પ્રમુખશ્રીના હસ્તે બહેન મંજુલાને એ અભિનંદન પત્ર અર્પણ કરવામાં આવ્યો હતો. વૈશાખ સુદ ૪ ને બુધવારની સવારે ૯-૩૦ વાગે શ્રી રીખવચંદભાઈને ઘરેથી મંજુલાબહેનનો વર્ષીદાનનો વરઘોડો નીકળ્યો હતો. મંજુલાબહેન ખુલ્લી મોટરમાં ઊભા ઊભા દાન આપતા હતા. એમના ભવ્ય, લલાટ ઉપર આવેલ ત્યાગ-વૈરાગ્યની રેખાઓ અને એમના દેહ ઉપર બ્રહ્મચર્યનું તેજ જોતાં જ જોનારને આંખો આનંદના અશ્રુથી ભરાઈ જતી. વૈશાખ સુદ ૬ના સવારે ૮-૧૦ વાગે મંજુલાબહેન વાજતે ગાજતે જૈન ધર્મશાળાના નીચેના હોલમાં હાજર થયા હતા. બરાબર ૮-૩૦ વાગે પ્રવ્રજ્યાની ક્રિયા શરૂ કરવામાં આવી હતી. રજોહરણ સમર્પણ થતાં પૂ. મુનિરાજશ્રી રાજશેખર વિ.મ. સાહેબે ઊભા થઈને માનવમેદનીમાંથી આવતા ઘોંઘાટને શાંત કરતાં જણાવ્યું હતું કે "બાલબ્રહ્મચારિણી શ્રી મંજુલાબહેનની દીક્ષા નિમિત્તે શ્રી રીખવચંદભાઈ પાટણ

પરમ પૂજ્ય આચાર્ય ભગવંતને વિનંતી કરવા ગયા હતા. પણ પ.પૂ.આચાર્ય ભગવંત તબીયત અનુકૂળ ન હોવાને કારણે અત્રે ન આવી શક્યા, આથી પ્રવ્રજયાપ્રદાન કરવા મને આજ્ઞા આપી. મારા ૧૧ વર્ષના સંયમ-જીવનમાં મારા માટે આ પ્રથમ પ્રસંગ છે. મારા હાથે સર્વ પ્રથમ રજોહરણ સમર્પણ "બાલબ્રહ્મચારિણી કુમારિકાને" થાય છે. એ મારા માટે પરમ મંગલ છે. આજ હાથેથી ભવિષ્યમાં અનેક બાલબ્રહ્મચારી કુમારોની તેમજ બાલબ્રહ્મચારિણી કુમારિકાઓને રજોહરણ પ્રાપ્ત થાય અને તે સર્વેનું જીવન અન્યને આદર્શરૂપ નીવડે એવું ઉદાત્ત બને" એવી આશા સાથે હું તેમને રજોહરણ સમર્પણ કરું છું. ત્યારબાદ સ્ટા.ટા. ૯-૯ વાગે મંજુલાબહેનને વિધિ મુજબ રજોહરણ સમર્પણ પ્રાપ્ત થતાં મંજુલાબહેને અભૂતપૂર્વ આનંદ અનુભવ્યો હતો. ઉપકરણોની ઉછામણી બોલાવામાં આવી હતી. ભાઈશ્રી સમરથમલ રાયચંદજી આમલીયાવાળાએ ૫૦૪ રૂા. બોલીને નવદીક્ષિતને કામળી વહોરાવવાનો અમૂલ્ય લાભ લીધો હતો. ઉપકરણોની ઉછામણીની કુલ ઉપજ લગભગ રૂા. ૨૦૦૦ જેટલી થઈ હતી. આગળની પ્રવ્રજયા વિધિ થયા બાદ અંતે નામનિર્દેશ કરવામાં આવેલ. મંજુલાબહેનનું નામ સાધ્વી શ્રી મહાનંદાશ્રીજી રાખવામાં આવેલ અને તેમને પૂ. સાધ્વીજી શ્રી રોહિતાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે જાહેર કરવામાં આવેલ. ત્યારબાદ પૂ. મુનિરાજશ્રી રાજશેખરવિજયજી મ. સાહેબે નૂતન દીક્ષિત સાધ્વીજીને ઉદ્દેશીને "ગુણ સમર્પણભાવ અને સંયમમાં સ્વાધ્યાયની મહત્તા" વગેરે વિષયોનો સુંદર ઉપદેશ આપેલ. શ્રી રીખવચંદજી હીરાચંદજી તરફથી નવકારશી કરાવવામાં આવેલ.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૧૪,અંક-૨૫,તા.૧૨-૩-૧૯૬૬

ઉસ્માનપુરામાં ઉજવાયેલ ભવ્ય પ્રતિષ્ઠા-મહોત્સવ

બે ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવોનું મધુરું મીલન

અમદાવાદની બહાર સોસાયટી-વિભાગમાં ઉસ્માનપુરા-લત્તાની ભિન્ન ભિન્ન સોસાયટીઓનો બનેલો શ્રી વર્ધમાન જૈન સંઘ. વર્તમાન કાળે બે મહાન ગચ્છના અધિપતિ પૂ. આચાર્યદેવોની નિશ્રામાં પ્રતિષ્ઠા-મહોત્સવની ઉજવણીની એક અદ્‌ભુત સિદ્ધિ પ્રાપ્ત કરવા ભાગ્યવંતો બન્યો. શ્રી સંઘની નાની મૂડી પર ઓછા ખર્ચનું નાનું જિનમંદિર બાંધવાનો વિચાર હતો. પરંતુ શેઠ અમૃતલાલ હરગોવિંદદાસ અને એમના સુપુત્ર કાન્તિલાલની ભવ્ય ઉદારતાના પાયા ઉપર શ્રી સંઘે ઉસ્માનપુરાના

આંગણે વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આચાર્ય મહારાજશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજીની નિશ્રામાં ઉપધાનતપની આરાધના લગભગ ૬૦૦ માણસોને કરાવી. એમાં માળની ઉપજ અસાધારણ થઈ તેથી સંઘનો ઉત્સાહ વધ્યો અને લગભગ ત્રણ લાખ રૂપિયાના ખર્ચે વિશાળ ભવ્ય જિનપ્રાસાદનું મોટા આશ્રમરોડના રાજમાર્ગ પર નિર્માણ કર્યું. એમાં મૂળનાયક તરીકે શ્રી સંભવનાથ પ્રભુની શ્રી હરકોર શેઠાણીએ ભરાવેલી ચમત્કારિક ભવ્ય પ્રતિમા ફતાસાની પોળેથી પ્રાપ્ત થઈ. બીજા પણ પ્રાચીન જિનબિંબો બહારથી લબ્ધ બન્યા.

હવે પ્રતિષ્ઠા માટે શ્રી સંઘે શાન્તમૂર્તિ વિદ્વાન ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજ તથા વિશાલ ગચ્છાધિપતિ સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવશ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ**ને પધારવા જોરદાર વિનંતીઓ કરી. પૂ. **આ. શ્રી ઉદયસૂરીશ્વરજી મહારાજ** સાવરકુંડલાથી ખાસ આ માટે અત્રે પધાર્યા, અને એઓશ્રીની સાથે પૂ. આ. શ્રી વિજયદક્ષસૂરિજી મહારાજ, પૂ. આ. વિજયદેવસૂરિ મહારાજ, પૂ. ઉપાધ્યાય શ્રી સુમિત્રવિજયજી મ; પૂ. પં. પરમપ્રભવિજયજી મ. પૂ. મુનિરાજશ્રી નીતિપ્રભવિજયજી મ. આદિ શ્રમણો ઉપસ્થિત થયા તેમજ પૂ. આ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ પોતાના વિશાળ પરિવારમાંથી અત્રે હાજર પૂ. પં. શ્રી પુષ્પવિજયજી મહારાજ, પૂ. પં. શ્રી (હાલ પૂ. ઉપા. શ્રી) કેવળવિજયજી મ. પૂ. પં. શ્રી માનવિજયજી મ; આદિ પંન્યાસો સહિત લગભગ ૮૦ મુનિવરો સાથે ઉપસ્થિત થયા. શ્રી સંઘમાં આથી ઉત્સાહનો સાગર ઉમટ્યો. વર્ધમાન જૈન સંઘના પ્રમુખ શ્રી ભીખાભાઈ તથા સેક્રેટરીઓ શ્રી ભીખાભાઈ અને શ્રી ચીમનલાલ બાલવિયા તેમજ ઉત્સાહી કાર્યકર શ્રી વીરચંદ નાગજીભાઈ વગેરેએ અથાગ મહેનત કરી મહા વદ ૧૧ થી પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કર્યું. દેરાસર આગળ ઊંચું વિશાળ સ્ટેજ આકર્ષક પ્રવેશદ્વાર સહિત ભવ્યમંડપ અનેક બોધક હાલતીચાલતી રચનાઓ અને મેરુ તથા ધજા-પતાકાદિ અને શિખર સુધી ભવ્ય રોશની વગેરેનું નિર્માણ થયું.

પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ ઉસ્માનપુરા સંઘની વિનંતીથી વહેલા પધાર્યા હતા અને વ્યાખ્યાનમાં પ્રતિષ્ઠા મહોત્સવ અદ્‌ભુત ઉજવવા રોચક પ્રેરણાઓ અપાતી હતી. પૂ. આ. વિજયોદયસૂરીશ્વરજી મહારાજ અત્રે પધાર્યા પછી પૂ. આ. શ્રી વિજયદક્ષસૂરિજી મહારાજ તથાં પૂ. પં. શ્રી ભાનુવિજયજી મહારાજ એક જ વ્યાસપીઠ પર બેસી ઉચ્ચ કોટિની જિનભક્તિ કરવામાં મળેલ આ અપૂર્વ અવસરને સુંદર રીતે અજવાળવા પ્રવચન આપતા. સંઘમાં એથી ઉત્સાહની સારી વૃદ્ધિ થઈ અને પહેલી કુંભસ્થાપનવિધિની ઉછામણી રૂા. ૪૮૦૦ થી પ્રારંભાઈ.

શ્રી સંભવનાથ દાદાનો અચિંત્ય પ્રભાવ ઊંચી ઉભણીનો લાલ પાષાણનો ભવ્ય જિનપ્રસાદ અને પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવોનું સાનિધ્ય, પ્રવચનકારોનાં સંવેગ-વૈરાગ્યગર્ભ્યા વ્યાખ્યાન, સેક્રેટરીઓ વગેરેની સુંદર પ્રેરણા ઈત્યાદિ કારણે જિનભક્તિની ઉછામણીઓમાં લક્ષ્મીના અદ્‌ભુત પ્રવાહ વહેવા માંડ્યા. વચમાં એક વિઘ્નની આછી વાદળી આવી ગઈ. મૂળનાયક શ્રી સંભવનાથ દાદાને ગાદીનશીન કરવાના રૂા. ૩૯૦૦૦ તથા ધજા ચડાવવાના રૂા. ૩૦૦૦૦ બોલનાર એક બહારગામના ભાઈ પાછા પડતાં, તરત જ અત્રેના બીજા ભાગ્યશાળી નરવીરોએ એ ઊછામણીઓ ઝીલી લીધી ! વ્યાખ્યાન બાદ રોજ વિવિધ ઊછામણીઓ બોલાતી અને એના આંકડા કલ્પનાની હદ વટાવી જતા. એમાં ઠેઠ પ્રતિષ્ઠા બાદ અંતિમ દ્વારોદ્‌ઘાટન કરવાના રૂા. ૨૩૦૦૦) ના આંકે તો કળશ ચઢાવી દીધો. પ્રતિષ્ઠાની ઉછામણીમાં સેક્રેટરીઓ શ્રી ભીખાભાઈ તથા ચીમનલાલ અને જૈ. ધ. આ. મંડળવાળા શ્રી ચતુરભાઈ તથા રસિકભાઈએ, તેમજ રાતની ભાવના વખતની ઊછામણીઓમાં શ્રી રસિકભાઈ દંતારાએ સુંદર પાણી ચડાવેલ. સંઘે મંદિરની શરૂઆત કરવા સાધારણ ખાતાની મોટી ટીપ કરેલી, તે હવે વિશાલ જિનમંદિરના પૂર્ણ ખર્ચ ઉપરાંતની આવક થતાં એ સાધારણની રકમ પર મેઈન રોડ પર મંદિરની સામે જ ભવ્ય ઉપાશ્રયનું નિર્માણ શરૂ થઈ ગયું.

ઉત્સવમાં રોજ જુદા જુદા ગવૈયા તથા મંડળ પૂજા અને ભાવનામાં ભક્તિરંગની રેલમછેલ કરી દેતા. પ્રતિષ્ઠા સુંદર રીતે ઉજવાય એ માટે પૂ. પં. શ્રી ભાનુવિજયજી મહારાજે વ્યાખ્યાનમાં પ્રેરણા કરતાં, સંઘમાં બે ભાઈઓ તરફથી વદ ૧૩-૧૪ સામુદાયિક એકાસણ અને આંબેલ સાથે નવ લાખ નવકાર ગણવાનું આયોજન થયું. વદ ૦)) રવિવાર સવારે વ્યાખ્યાનમાં પ્રભુજીને ગાદીનશીન કરવાના આદેશ આપવાના હોવાથી વિશાલ સભા એકત્રિત થઈ. સૌના હૈયે આનંદ-ઉત્સાહ-આતુરતાના સાગર ઊમટેલા. બપોરે શ્રી ચતુરભાઈ તથા રસિકલાલની આગેવાની નીચે શ્રી જૈન ધર્મ આરાધક મંડળે શ્રી અષ્ટાપદજીની પૂજામાં અનેરો ભક્તિરંગ વહાવ્યો. એમાં વળી પૂ. પંન્યાસજી મહારાજ વચમાં વચમાં ભાવાર્થ સમજાવતાં. તેથી લોકોના દિલ દ્રવિત થઈ ભક્તિ-ભાવની ભરતીઓ ચડતી રવિવાર હોઈ શહેરમાંથી પણ ઘણું માણસ આવેલું.

ફા. સુ. ૩ પ્રતિષ્ઠાનો દિવસ હોઈ આજે સંઘને આનંદની અને માનવ-મેદનીની પરાકાષ્ઠા હતી. કાર્યકરોની સુવ્યવસ્થાએ પ્રતિષ્ઠા પ્રસંગ નિર્વિઘ્ને સુંદર રીતે ઉજવાયો. પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી સાહેબને થોડા જ દિવસ પૂર્વે હાર્ટ એટેક જેવી ચિંતાજનક તકલીફ આવી ગયેલી, તેથી ડૉક્ટરોએ પૂર્ણ આરામનો

આગ્રહ રખાવેલો પરંતુ સંભવનાથ દાદાના પ્રભાવે અને સંઘના ભાગ્યબળે એઓશ્રી પ્રતિષ્ઠા પ્રસંગ પર સ્ટ્રેચરમાં પધાર્યા. પૂ. આ. શ્રીં વિજયોદયસૂરીશ્વરજી મહારાજ તથા વિશાળ મુનિગણ પણ પધારેલ. બરાબર લગ્ન-મુહૂર્તે પ્રભુજીને ચતુર્વિધ સંઘના અમાપ ઊછળતા આનંદ વચ્ચે પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા. બંને પૂ. આચાર્યદેવોના મંત્રિત વાસંક્ષેપ થયા બપોરે શ્રી અષ્ટોત્તરીસ્નાત્ર ભણાવ્યું. લાડુની પ્રભાવના થઈ તથા શ્રી સંઘમાં એક ભાઈ તરફથી મીઠાઈના બોક્સ વહેંચવામાં આવ્યા. ચોથ સવારે વિશાળ સંઘ દ્વારોદ્‌ઘાટક કરનાર ભાઈને ત્યાં જઈને એમને વાજતે ગાજતે લઈ આવ્યો. ચતુર્વિધ સંઘના ભવ્ય ઉત્સાહ વચ્ચે દ્વારોદ્‌ઘાટનવિધિ થઈ. એકંદરે અણચિંત્યા ઉત્સાહ-ઉછરંગથી પ્રતિષ્ઠા-ઉત્સવ ઉજવાયો.

શ્રી સંઘના આગ્રહથી બંને પૂ. આચાર્યદેવો સપરિવાર અત્રે જ ફા. વ. ૨ સુધી રોકાનાર છે. પૂ. આ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના સ્વાસ્થ્યમાં સુધારો થતો આવે છે. એઓશ્રીને આરામ લેવાનો હોઈ અત્રે સુરદાસ શેઠની પોળના સ્વ. પૂ. ઉપા. શ્રી ધર્મવિજય મ. તથા સ્વ. પૂ. શ્રી કાન્તિવિજયજી મહારાજ નિમિત્તના ઉત્સવ પર પધારી શક્યા નથી; પરંતુ પૂ. ઉપા. શ્રી કેવળવિજયજી મ; પૂ. પં. શ્રી માનવિજયજી મહારાજ આદિ પરિવારને મોકલ્યો છે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૧૪,અંક-૨૯,તા.૯-૪-૧૯૬૬**

મલાડમાં લગ્ન પ્રસંગે ધર્મ-ઉત્સવ

જૈન સમાજમાં આજે કેટલેક ઠેકાણે સામુદાયિક સંસારિક લગ્નાદિ વહેવારો જૈનાચારની પ્રત્યક્ષ વિરુદ્ધ થયા છે. અભક્ષ્ય-અનંતકાયભક્ષણ, રાત્રિભોજન વગેરે શિષ્ટ અને ગૌરવરૂપ મનાવા લાગ્યા છે. એવા સંજોગોમાં દેપલા (સૌરાષ્ટ્ર)વાળા મુમુક્ષુ શ્રી દલીચંદ નાનચંદ દોશી (મુળજી જેઠા મારકીટના વેપારી) એ તેમના સુપુત્ર પ્રવીણચંદ્રના લગ્ન પ્રસંગે તા. ૧૩-૩-૬૬ રવિવારે મલાડમાં શેઠ દેવકરણ મુલજીની વાડીમાં નીચે મુજબના ધાર્મિક કાર્યક્રમો યોજ્યા હતા.

૧. સવારે ૮-૦૦ વાગે સામુદાયિક સામાયિક જેમાં ૨૫૦ બાળકોએ પૂ. પં. સુદર્શનવિજયજી મ. સાહેબના ઉપદેશનું શ્રવણ કર્યું હતું.

૨. ૯-૩૦ થી ૩-૩૦ થી બૃહદ્‌સિદ્ધચક્રપૂજન બહારથી સેંકડો માણસો આવ્યા હતા.

૩. સાંજ ૪-૦૦ વાગે બૃહદ્‌ મુંબઈના શિક્ષકોનું બહુમાન, જેમાં ૫૦ થી

૬૦ શિક્ષકો પધાર્યા હતા. શિબિર મંત્રી શ્રી કેશવલાલ શાહે આવા પ્રસંગને સુંદર પ્રકારનું સાધર્મિક વાત્સલ્ય વર્ણવી શિક્ષકોને ભગવાનના સમ્યગ્જ્ઞાનનિધાનના વિનિયોગની ખુમારી રાખી દીનતા દૂર કરવા તથા પોતાના જીવનમાં આચાર શુદ્ધિ સાધવા અનુરોધ કર્યો હતો. મલાડ સંઘના મંત્રીશ્રી બાબુભાઈ, મંત્રી અમૃતલાલ, શ્રી ચીમનલાલ પાલીતાણાકર વગેરેના પ્રવચનો બાદ પૂ. પં. સુદર્શનવિજયજી મ. સાહેબે બાળકોના ચારિત્ર્ય ઘડતર માટે માબાપો તથા શિક્ષકોએ પ્રથમ પોતાનું જીવન સુધારવા ઉપદેશ આપ્યો હતો. અંતે નવદંપતીના હસ્તે બધા શિક્ષક-શિક્ષિકાઓને દરેકને રૂપિયા બે તથા શ્રીફળ આપી ચાંલ્લો કરી બહુમાન કર્યું હતું.

દરેક જૈનનું અંતિમ ધ્યેય સર્વવિરતિનું જ હોય પણ તેના સ્વીકારની શક્તિના અભાવે ના છૂટકે કરવા પડતા સંસારના-વહેવારોમાં પણ જો ધર્મને પ્રધાન સ્થાન આપવામાં આવે તો તે મંગલ બની જાય.

શ્રી દલીચંદભાઈએ લગ્નોત્સવ પ્રસંગે ધર્મોત્સવ બજાવ્યો તે બદલ અભિનંદન ઘટે છે. જૈન સમાજના શ્રીમંત આગેવાનો અને ઓછામાં ઓછું ધર્મી ગણાતા શ્રાવકો આનું અનુકરણ કરી પોતાની શક્તિનો સદ્ઉપયોગ કરશે, એ જ આશા.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૧૪,અંક-૩૧,તા.૨૩-૪-૧૯૬૬

નડિયાદ નગરમાં ભવ્ય મહોત્સવ

સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ. ના પરિવારના એકરત્ન, મૂળ અત્રેના વતની હાલ પૂ. મુનિરાજશ્રી મણિપ્રભવિજયજી મહારાજને વર્ધમાન આંબેલ તપની ૯૯મી ઉપર લાગટ ૧૦૦મી ઓળી ચાલુ થઈ ગઈ. આ મહાત્માની સંયમસાધના ખૂબ અનુમોદનીય છે. વિટિયો રાખતા નથી, વસ્ત્ર અંગે ઓઢવા પૂરતા જ રાખે, તે વસ્ત્ર પણ શ્રાવકને ઘરે જઈ નિર્દોષ વહોરી લાવેલ જ ! ભક્તિના કામ સિવાય કાળ વખતે બહાર નીકળવાનું નહિ ! વસ્ત્રપક્ષાલન ૩-૪ મહિને ! મુનિસમુદાયની ભક્તિમાં ખડે પગે. રોજ રાત્રે ૨॥-૩ વાગે ઊઠી સ્વાધ્યાયમાં લાગી જવાનું ! આંબેલની પણ ગોચરી-પાણી નિર્દોષ જ લેવાના. ચાલે ત્યાં સુધી દવા નહિ લેવાની. ખાસ જરૂર પડે તો શ્રાવકને ત્યાંથી વહોરી લાવીને ! સહેજ અણાહારી દવાનો ય સંગ્રહ નહિ.

આ તપસ્વી મુનિવરની વર્ધમાન આંબેલ તપની પૂર્ણાહૂતિ નિમિત્તે એમના સંસારી બંધુ ભાઈશ્રી ચંદુલાલ મગનલાલ તરફથી એમની વિશાળ નાતના શ્રી

નવપદ આરાધક મંડળને ઓળીનું આમંત્રણ આપવામાં આવ્યું. સાથે જ્ઞાન-દર્શન ચારિત્રના ઉપકરણોનું ઉદ્યાપન, અક્રાઈ મહોત્સવ, તથા શ્રી સિદ્ધચક્ર પૂજન યોજવામાં આવ્યું. **ગચ્છપતિ પૂ. આચાર્યદેવશ્રીનું વિશાળ પરિવાર સાથે પધારવા ભારે આગ્રહભરી વિનંતી વારંવાર કરવામાં આવેલી; તેમજ પૂજ્યશ્રીને આ મુનિરત્ન તરફ આકર્ષણ પણ વિશેષ; તેથી તપસ્વીના ગુરુજી પં. શ્રી ભાનુવિજયજી મ. ને આગળથી મોકલવામાં આવ્યા, અને પૂજ્ય આચાર્યભગવંત પોતે ચૈ. સુ. ૧૩ સવારે પધાર્યા.**

ઉત્સવ નિમિત્તે શ્રી અજિતનાથ પ્રભુના મોટા મંદિર આગળ આખી શેરીમાં વિશાળ સુશોભિત મંડપ ઊભો કરવામાં આવ્યો હતો. નગરમાં સુંદર લખાણના બોર્ડો ધજા પતાકા, પ્રવેશદ્વારો વગેરેથી શોભા કરવામાં આવેલી. બહારગામથી આવનાર મહેમાનો માટેના ઉતારા, પૂ. મુનિવર્યોના વિશાળ સમુદાય માટે ઉતારા, સેંકડોની સંખ્યામાં આંબેલ કરવા બેસી શકાય એવો વિશાળ મુકામ, બીજા મહેમાનો માટેનું રસોડું વગેરેની નડિયાદ સંઘે સુંદર સગવડ કરેલી. જૈનેતર ભાઈઓએ પણ પોતાના મુકામ વાપરવા દેવાની ઉદારતા કરેલી.

પૂ. પંન્યાસજી મહારાજ અત્રે ચૈ. સુ. ૫ પધાર્યા. જૈન જૈનેતરો વ્યાખ્યાનમાં મોટી સંખ્યામાં લાભ લેવા લાગ્યા. ઓળી કરનાર ૩૦૦ ભાગ્યશાળી હતા, જે મંડળના વર્ષોના રેકોર્ડમાં અદ્‌ભુત સંખ્યા હતી. નવપદ, પાંચ પ્રકારના પ્રમાદ, ધર્મના દાનાદિ ચાર પ્રકાર, વગેરે પરનાં આંતરિક રહસ્યગર્ભિત તત્ત્વજ્ઞાનભર્યા પ્રવચન તથા રોચક કથા દૃષ્ટાન્તની અનોખી રજુઆત વગેરેથી શ્રોતાવર્ગે સંવેગ-વૈરાગ્યમાં તરબોળ બની જતો. જુદા જુદા દિવસના ઉપદેશ પર સભામાં નવ લાખ નવકાર, ૫૦૦ આંબેલ, સિનેમાબંધી, અભક્ષ્ય-ત્યાગ, જિનેન્દ્રપૂજા, દર્શનના નિયમો સારા થયા. ધર્મથી વિમુખ એવા પણ ભવ્યાત્માઓ ધર્મમાં સારા જોડાયા.

દિનપ્રતિદિન સંઘમાં ઉત્સાહ-ઉલ્લાસની વિશેષ ભરતી ચડવા લાગી. એમાં પૂ. આચાર્ય ભગવંત સુદ ૧૩ પધારનાર હતા. આગલે દિવસે સંઘના યુવક-પ્રૌઢો ઠેઠ સ્ટેશન ટાઉન હોલથી દેરાસર સુધીના રસ્તે ઠેર ઠેર કમાનો, ધજાઓ વગેરેથી શોભા કરવામાં લાગી ગયા. તેરસ સવારે પૂજ્યશ્રી પધાર્યા; અભૂતપૂર્વ સામૈયું થયું ! વ્યાખ્યાન પણ આજે મંડપમાં રાખવું પડ્યું. આપણા શાસનનાયક પ્રભુશ્રી મહાવીર પરમાત્માનું આજે જન્મકલ્યાણક હોઈ, એમના તીર્થંકર પદના પુણ્યનાં કારણે ગર્ભમાં વિશિષ્ટ સ્થિતિ, જન્મતા દિક્‌કુમારીઓ અને ઈન્દ્રોના ઉત્સવ, વગેરેના હૂબહૂ ચિતાર સાથે પ્રભુએ સ્વાર્થમાયા અને અહંકારના ત્યાગની જગતને કેવી ભેટ

કરી, વગેરે મુદ્દા પર પ્રભુના પ્રેરક ગુણાનુવાદ થયા. રોજની ચાલુ પૂજા ભાવનાદિ ઉપરાંત આજે બપોરે ખાસ આમંત્રણથી શ્રી ચતુરભાઈ ચીમનલાલની આગેવાની નીચે પધારેલ પ્રસિદ્ધ શ્રી જૈનધર્મ આરાધક મંડળે શ્રી અષ્ટાપદજી મહાપૂજામાં ભક્તિમય સંગીતની રસરેલ વહેવડાવી. મેદની તો મંડપમાં ચિકાર ભરેલી એમાં શ્રી પંન્યાસજી મહારાજે વચમાં વચમાં ગૂઢ રહસ્ય સમજાવતાં પ્રશાંત સભામાં સંવેગની લહેરી ઓર પ્રસરી જતી.

સુદ ૧૪ ખાસ આમંત્રણથી પધારેલા માનવ-મંદિરવાળા અને આફ્રિકા એડન વગેરેમાં આર્યધર્મ-સંગીત રેલાવી આવેલ પ્રસિદ્ધ સંગીતકાર શ્રી દેવેન્દ્રવિજયે પૂજા અને રાત્રે ભાવનામાં જિનેન્દ્રભક્તિ તથા વૈરાગ્યભર્યા સંગીતની સુંદર રસલહાણ કરી.

સુદ ૧૫ વ્યાખ્યાનમાં નવપદમંડળના પ્રમુખ શ્રી શંકરલાલ છોટાલાલ નાદુરસ્ત તબીયત અને ડૉક્ટરોની મનાઈ છતાં અમદાવાદથી વ્યાખ્યાન શ્રવણાદિ અર્થે ખાસ પધારી આ આયોજન તથા આયોજકોને ભાવભરી અંજલી આપી. છેલ્લા ત્રણ દિવસ બહારગામથી સેંકડોની સંખ્યામાં ભાવિકો આવ્યા હતા. પૂનમે ૧૨ વાગે શ્રી સિદ્ધચક્ર પૂજન ખાસ આમંત્રણથી પધારેલ અમદાવાદવાળા ભાઈશ્રી હીરાલાલ જાદવજીએ અદ્‌ભુત ભણાવ્યું. અરિહંતપૂજનમાં એમની પ્રેરણાથી લોકોએ સોનાની ચેઈન, વીંટીઓ તથા રૂપિયાનો વરસાદ વરસાવ્યો. સાધારણખાતા તથા જીવદયાની પણ સુંદર ઉપજ થઈ, એકંદરે ઉત્સવ અનેરો ઉજવાઈ ગયો.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૧૪,અંક-૩૨,તા.૩૦-૪-૧૯૬૬

• ખંભાત : અત્રે સિદ્ધાંતમહોદધિ પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબનો ચૈત્ર વદ ૧૧ ના સવારે નગરપ્રવેશ મુનિમંડળ ઠાણા ૬૨ સાથે ભારે સ્વાગત-સમારોહ સાથે થયો. પૂજ્યશ્રી બોરસદથી ધર્મજ પધારતાં, ધર્મજ સંઘે ખૂબ ભાવભર્યું સ્વાગત કર્યું. એક જૈનેતર પટેલ ભાઈના આગ્રહથી એમની ખળીમાં જાહેર વ્યાખ્યાન થયું હતું. ચૈત્ર વદ ૧૦ પૂજ્યશ્રી ખંભાતની બહાર શેઠ કેશવલાલ વજેચંદના બંગલે પધારતાં ખંભાતની જનતા દર્શન-વંદન તથા વ્યાખ્યાન શ્રવણ માટે ઊમટી પડી હતી. વ્યાખ્યાન મૂળચંદ ડી. દલાલના આગ્રહથી એમના બંગલાના કમ્પાઉન્ડમાં ઊભા કરેલા વિશાળ મંડપમાં રાખવામાં આવેલું. ચૈ. વ. ૧૧ પ્રવેશ-સ્વાગત અર્થે લત્તે લત્તે કમાનો, ધજા પતાકાઓ,

જાળીઓ વગેરેથી આખા નગરને શણગારી લેવામાં આવ્યું હતું. સામૈયામાં આગળ ફુલના ગુચ્છાવાળા ઘોડાવાળાઓ, ખંભાતનું પ્રસિદ્ધ બેન્ડ-બાજા, યંગમેન્સ વોલન્ટીઅર કોરની બે બાજુ કતાર, પછી વિજય આચાર્યદેવશ્રીને સ્ટેચરમાં ઊંચકીને ચાલી રહેલ મુનિઓ, સાથે વિશાળ મુનિમંડળ, બાદ શેઠ શ્રી રમણલાલ દલસુખભાઈ, શેઠ કાંતિલાલ ઉજમસી, શેઠ રતિલાલ ભોગીલાલ, શ્રી રતિલાલ બેચરદાસ વગેરે અગ્રગણ્યો સહિત વિશાલ સાજન ચાલી રહ્યું હતું. અનેક સ્થળોએ ગહુંલીઓ થઈ હતી. સામૈયું શેઠ શ્રી કસ્તુરભાઈ અમરચંદના કમ્પાઉન્ડમાં ઊતર્યું હતું. ત્યાં કરેલા વિશાળ મંડપમાં ભાવિકોએ સુવર્ણમુદ્રા વગેરેથી જ્ઞાનપૂજન કર્યા બાદ **'ભવોભવ અરિહંત ભગવાનનો યોગ કેમ થાય'** એ વિષય ઉપર પૂ. **પંન્યાસ શ્રી ભાનુવિજયજી** ગણિવર્યનું રોચક-પ્રેરક વ્યાખ્યાન થયું હતું, અંતે પ્રભાવના થઈ હતી.

પૂજય આચાર્યદેવશ્રીને નડિયાદ પછી આ તરફ ફરતાં આજુ-બાજુના ગામોના સંઘોના અતિ આગ્રહથી ત્યાં ત્યાં પધારવાનું થયેલું. એમાં સામૈયામાં ધૂળ, પવન શ્રમ વગેરે કારણે શરદી-કફ-તાવ-વગેરેનો ઉપદ્રવ લાગુ થયો. હવે અત્રે સ્વસ્થતા આવતી જાય છે. અત્રે વૈ. સુ. ૧ થી તપગચ્છ જૈન અમરશાળા ઉદ્‌ઘાટન શ્રી સામુદાયિક ૬૧ છોડનું ઉદ્યાપન, શ્રી ભાગવતી દીક્ષાઓ, પંન્યાસપદ પ્રદાન, શ્રી વર્ધમાન ૧૦૦ ઓળી, વર્ષીતપ પૂર્ણાહુતિ નિમિત્તે પરમ મંગલમય, બૃહદ્ શાંતિસ્નાત્ર સહિત શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ થનાર છે.

વડોદરા નિવાસી ડભોઈના વતની સુશ્રાવક જશુભાઈ મગનલાલ (ઉં.વ. ૪૧) તથા તેમના ચિરંજીવી બાળ ધનંજય (ઉં.વ. ૧૨) વૈ.સુ. ૪ ના દિવસે ખંભાત નગરે જૈન અમરશાળાના વિશાળ મંડપમાં સિદ્ધાંતમહોદધિ આ. ભગવંત શ્રીમદ્ પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના વરદ્‌હસ્તે સંયમ-ધર્મનો સ્વીકાર કર્યો છે.

શ્રી જશુભાઈ છેલ્લા ૨૦ વર્ષથી ધર્મરંગથી વાસિત બન્યા હતા. તેમના ધર્મપત્ની સૌ. લતાબહેન પણ પૂર્વની મહાન શ્રાવિકાને યાદ કરાવે તેવા ધર્મનિષ્ઠ સુશ્રાવિકા છે કે જેમણે પતિને સંયમ સાથે ઊભા રહીને અપાવ્યું છે. જ્યારથી સર્વ-વિરતી ધર્મ સ્વીકાર કરવાની ભાવના જશુભાઈએ જાહેરમાં મૂકી ત્યારથી જ એમનું વતન આખું ડભોઈ શહેર આનંદના હિલોળે ચડ્યું હતું. સૌના ઉરમાં પિતા-પુત્રની આ અલબેલી જોડી જોઈને આનંદ ઉભરાતો હતો. મેળાવડાઓ વગેરે ઉજવ્યા. વડોદરામાં પણ સર્વત્ર ધર્મપ્રેમી વર્ગ ભરપેટ અનુમોદના કરતો હતો. એમની અનુમોદના કરવા માટે ઠેર ઠેર મેળાવડાઓ યોજવામાં આવ્યા હતા. સૌના મુખમાં એક જ વાત હતી, ધન્યપિતા-પુત્ર અને ધન્ય એ સુશ્રાવિકા કે જે પોતાના પતિને

અને પુત્રને સર્વવિરતિધર્મની આરાધનામાં સફળતા મેળવવા ઉછળતા હૈયે આશિષો અર્પે છે ! શ્રીમતી લતાબેનના ભાષણે લોકોને રડાવી નાખ્યા હતા.

ખંભાતમાં વૈ.સુ. ૩ ની રાત્રે શ્રાદ્ધવર્ય રમણલાલ દલસુખભાઈ શ્રોફના પ્રમુખપદે મુમુક્ષુપિતા પુત્રનું સન્માન કરવામાં આવ્યું હતું. અનેક શ્રદ્ધાસંપન્ન ભાવુકોના વક્તવ્ય થયા. પરંતુ મુમુક્ષુ બાળ ધનંજયના માતુશ્રી શ્રીમતી લતાબેને વીસ મિનિટ સુધી છટાદાર શૈલિમાં જે વાગ્ધારા વહાવી એને સાંભળીને તો આખો ય સંઘ હર્ષના આંસુ વહાવવા લાગ્યો ! એમના સમગ્ર વક્તવ્યમાં સર્વત્ર શાસનપતિ મહાવીરદેવના શાસનની અનુપમ શ્રદ્ધાનાં દર્શન થતા હતાં ! પ્રમુખશ્રી પોતે હર્ષિત થઈને બોલી ઉઠ્યા કે, "મારા જીવનમાં મુમુક્ષુને સન્માનવાના સો જેટલા મેળાવડામાં હાજરી આપી હશે પણ સૌ. લતાબેને જે ઓજસ્વી છટા સાથે સંભળાવ્યું તેવું મેં ક્યાંય સાંભળ્યું નથી !"

શ્રી જશુભાઈ હવે પરમ પૂજ્ય મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજના શિષ્યરત્ન તરીકે મુનિ જયચન્દ્રવિજયજી બન્યા છે અને બાળ ધનંજય એમના શિષ્ય તરીકે મુનિ ભાનુચન્દ્રવિજયજી થયા છે.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૧૪,અંક-૩૩,તા.૭-૫-૧૯૬૬

ખંભાતમાં ઉજવાયેલ અપૂર્વ ધર્મોત્સવ

અલબેલી ખંભાત નગરીમાં શેઠ કુટુંબ તરફથી વિશાળકાય નવનિર્માણ પામેલ શ્રી તપગચ્છ અમર જૈનશાળાનો ઉદ્‌ઘાટન મહોત્સવ વૈ. સુ. ૧ થી સુદ ૮ સુધીમાં અદ્‌ભુત ઉજવાઈ ગયો. વારંવાર સંઘે જઈને વિનંતીઓ કરી કરી ગચ્છાધિપતિ સિદ્ધાન્ત મહોદધિ પૂ. આચાર્યદેવેશ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબને વિશાળ પરિવાર સાથે અત્રે ચૈ. વ. ૧૧ અતિ ઉત્સાહ ભર્યા સ્વાગત સાથે પધરાવ્યા. નગરમાં પર્યુષણા આવવા જેટલો ઉછરંગ રહ્યો. વ્યાખ્યાનમાં ચિકાર સભા ભરાતી.

ઉદ્‌ઘાટન સાથે વર્ષીતપ પારણાં વગેરે અનેક ભવ્ય મંગળ પ્રસંગો ઉજવાયા. વૈ. સુ. ૩ શેઠશ્રી શાન્તિલાલ ઉજમશી તરફથી એમના ધર્મપત્ની અને બીજાઓના વર્ષીતપનાં પારણાંનો કાર્યક્રમ સુંદર ઉજવાયો. સવારે વાજતે ગાજતે એમના ઘરેથી સંઘ સાથે માણેકચોક શ્રી આદીશ્વરદાદાના સિદ્ધગિરિનાયક જેટલા મોટા પ્રતિમાજીના દર્શન ચૈત્યવંદને જઈ ઘર આંગણે બાંધેલા વિશાળ મંડપમાં પૂ. આચાર્યદેવશ્રીનું

મંગળાચરણ થયું. સમસ્ત કુટુંબ તથા સગાવહાલાઓએ પૂજન કર્યા. પૂજયશ્રીને કામળો વહોરાવાઈ પછી તપસ્વીઓએ શ્રી આદીશ્વરદાદાને ઈક્ષુરસના અભિષેકાદિ કર્યા. સંઘ વચ્ચે તપસ્વીના પારણા બાદ બપોરે નવ્વાણું પ્રકારી પૂજા ભણાવાઈ.

સુદ ૪ વડોદરા નિવાસી શ્રી જશુભાઈ તથા એમના ચિ. ધનંજયનો અભૂતપૂર્વ વર્ષીદાનનો વરઘોડો શેઠશ્રી રમણલાલ વજેચંદના ઘરેથી નીકળ્યો. ડભોઈ, વડોદરા, બોરસદ વગેરેથી સેંકડો ભાવિકો આવેલા. સાધર્મિક વાત્સલ્ય વગેરેનો લાભ શેઠશ્રી રમણભાઈએ સુંદર લીધો. વરઘોડામાં તથા દીક્ષાની ક્રિયા વખતે ભરચક મેદની રહી.

સુદ ૫ ચોસઠ ઈન્દ્ર ૫૬ દિક્કુમારીઓએ સુંદર સ્નાત્ર મહોત્સવ ઉજવ્યો.

સુદ ૭ ની બાલાભાઈ રાયચંદને ૧૦૦ મી વર્ધમાન આંબેલ તપઓળીનું પારણું હોઈ એમણે પૂ. આચાર્યશ્રીને વરઘોડો ચડાવી ઘરે પધરાવ્યા. નગરમાં આ મહાન તપસ્વી પ્રત્યે સુંદર ધર્મલાગણી હોઈ વરઘોડામાં તથા વ્યાખ્યાનમાં ચિકાર મેદની હતી. તપસ્વીએ ઘર આંગણે મોટો મંડપ ઊભો કરાવેલ. ત્યાં સુંદર વ્યાખ્યાન થયું. પૂંજણું થયું. સાધર્મિકવાત્સલ્ય-પૂજા પ્રભાવના થયા. વ્યાખ્યાન સાંભળી તપસ્વીએ ગુસ્સો થઈ જાય તો આંબેલ કરવાની પ્રતિજ્ઞા કરી.

સુદ ૭ બપોરે જિનશાળાએથી રથયાત્રાનો ભવ્ય વરઘોડો ચડ્યો. સાંબેલાની કતાર, શણગારેલા અશ્વોની કતાર, યંગમેન્સ જૈન સોસાયટી-વોલન્ટિયર કોર, ૬૪ ઈન્દ્રો, ૫૬ દિક્કુમારીઓ, બેન્ડ, પૂ. આચાર્યદેવશ્રી સાથે એઓશ્રીના પરિવારમાંના પૂ. પંન્યાસજી મહારાજો શ્રી ચિદાનંદવિજયજી મ. શ્રી મુક્તિવિજયજી મ. શ્રી હિમાંશુવિજયજી મ. શ્રી ભાનુવિજયજી મ. તથા અન્ય મુનિઓ કુલ ૮૪ ઠાણાં, શ્રાવક-શ્રાવિકાનું વિશાળ સાજન રથમાં અલંકૃત પ્રભુજી વગેરેથી વરઘોડો ખૂબ દીપ્યો. માર્ગમાં વચ્ચે વચ્ચે દોરડારાસ રમાયા.

સુદ ૮ સવારે ૯ વાગે જિનશાળા નીચેના વિશાળ હોલમાં કે જ્યાં છોડનું ઊજમણું રચાયેલું ત્યાં પૂ. મુનિરાજશ્રી નરરત્નવિજયજી મ. તથા શ્રી રાજવિજયજી મહારાજને ગણિ-પંન્યાસ પદ દેવાની ક્રિયા શરૂ થઈ. મુહૂર્ત સમયે એક બાજુ પૂ. આચાર્યદેવશ્રીના વરદ્‌હસ્તે પદપ્રદાન, તથા બીજી બાજુ શેઠશ્રી રમણલાલ દલસુખભાઈના શુભ હસ્તે ઉદ્‌ઘાટન થયું. મંત્રીઓ શ્રી શાન્તિલાલ ઉજમશી શ્રોફ તથા શ્રી રમણલાલ વજેચંદ શાહ તરફથી જૈનશાળા અને શેઠશ્રી અમરચંદ પ્રેમચંદના કુટુંબની ગૌરવગાથા પૂ. મુનિરાજશ્રી નીતિવિજયજીદાદા, પૂ. આ. શ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજ, પૂ. શ્રી વિજયવીરવિજયજી મ., પૂ. આ. શ્રી

વિજયદાનસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.ને તથા ખંભાતસંઘને ભવ્ય અંજલિ વગેરે ભર્યું નિવેદન થયું. શેઠ શ્રી ચંદ્રકાન્ત બકુભાઈ, શેઠ શ્રી બાબુભાઈ છગનલાલ શેઠ, શ્રી રમણલાલ દલસુખભાઈ વગેરેના વક્તવ્યો થયા. અંતે પૂ. શ્રી મુક્તિવિજયજી મહારાજનું સુંદર પ્રવચન થયું. પ્રભાવના થઈ, બપોરે અષ્ટોત્તરી સ્નાત્ર થયું. સાંજના નવકારશી જમણ થયું.

એકંદરે અભૂતપૂર્વ ઉત્સવ ઉજવાઈ ગયો. ઉત્સવનો ખર્ચ શેઠ શ્રી શાન્તિભાઈ ઉજમશી તથા સ્વ. શેઠ શ્રી શાન્તિલાલ મણિલાલ શ્રોફ તરફથી અપાયો.

પૂ. આચાર્યદેવેશને અત્રે ચાતુર્માસ કરવા શ્રીસંઘે અત્યંત આગ્રહભરી વિનંતી કરી. બીજી બાજુ અમદાવાદ દશા પોરવાડ સોસાયટી તથા જ્ઞાનમંદિરના ટ્રસ્ટીઓ તરફથી જોરદાર વિનંતી થઈ. અંતે પૂજ્યશ્રીની નાજુક તબીયતમાં અચાનક આવતા હુમલા અંગે અમદાવાદમાં ડૉક્ટરોની સારી સગવડના હિસાબે ખંભાતસંઘને સમજાવવામાં આવ્યો. બહુ દુખાતા દિલે શ્રી સંઘે પૂ. આચાર્યદેવશ્રીને ભારતભરમાં સંઘોની અમૂલ્ય મૂડી ગણી એઓશ્રીની શારીરિક સ્થિતિને મહત્ત્વ આપી આગ્રહ હળવો કરવાથી અમદાવાદ દશાપોરવાડ સોસાયટીનું ચોમાસું નક્કી થયું.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૧૪,અંક-૩૪,તા.૧૪-૫-૧૯૬૬

ખંભાત, શ્રી તપગચ્છ અમર જૈનશાળાના નૂતન બંધાવેલ ભવનના ઉદ્‌ઘાટન પ્રસંગે ઓ. સેક્રેટરીઓ શ્રી શાંતિલાલ ઉજમશીભાઈ શ્રોફ તથા શ્રી રમણલાલ વજેચંદ શાહનું નિવેદન.

પૂજ્યપાદ સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવ શ્રીમદ્‌ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ પૂ. પંન્યાસજી મહારાજ સાહેબો તથા પૂ. મુનિરાજો તથા પૂ. સાધ્વીજી મહારાજ સાહેબો, આમંત્રિત મહેમાનો, સાધર્મિક બંધુઓ અને બહેનો.

આજના મંગળ પ્રસંગે આપ સર્વેને આવકારતાં અમોને ખૂબ આનંદ થાય છે. આજે **તપગચ્છ અમર જૈનશાળાના નવા ભવનનું** ઉદ્‌ઘાટન થયું છે, તેનો થોડોક ઈતિહાસ આપ સમક્ષ રજૂ કરીએ છીએ.

સંવત ૧૯૩૬ ના અરસામાં પૂજ્ય મુનિરાજશ્રી **નીતિવિજયજી** દાદાની નિશ્રામાં મુરબ્બી શેઠ અમરચંદ પ્રેમચંદે આ જૈનશાળાની સ્થાપના કરી. કોઈ એવા શુભ ચોઘડીયે પાયો નંખાવ્યો કે ઉત્તરોત્તર દિન પ્રતિદિન એની પ્રગતિ થતી ગઈ.

શેઠ અમરચંદભાઈ નાનપણથી સાધારણ સ્થિતિમાંથી પોતાના પુરુષાર્થથી તથા પુણ્યાઈથી ઘણા આગળ આવ્યા અને તેમના હાથે ઘણા ધાર્મિક કાર્યો થયા. તેમાં કળશ સમાન આ જૈનશાળાની સ્થાપના થઈ. તેના સિંચન રૂપે શેઠ પોપટભાઈએ ઘણો ભોગ આપી આ સંસ્થાને વિકસાવી. ત્યારબાદ શેઠ કસ્તુરભાઈ આ સંસ્થાના મુખ્ય સંચાલક થયા. તેમણે પોતાના પ્રાણ સમાન આ સંસ્થાને જીવનના અંત સુધી તન, મન અને ધનનો ભોગ આપેલો છે. સંસ્થા ઉપર તેમનો એટલો બધો પ્રેમ હતો કે જ્યારે તેમની આખર સ્થિતિ હતી ત્યારે કહે કે મને જૈનશાળામાં લઈ જાવ. મારું મૃત્યુ ત્યાં જ થવું જોઈએ. તેમની ઈચ્છા મુજબ તેમને ત્યાં લઈ જવામાં આવ્યા અને ત્યાં જ દેવલોક પામ્યા.

ત્યારબાદ શેઠ રમણભાઈ દલસુખભાઈ સંસ્થાના સંચાલક તરીકે આવ્યા તેમણે એક ધારી આજદિન સુધી સંઘની સેવા કરી સંઘને દીપાવ્યો છે તે માટે શ્રી સંઘ તેમનો ખૂબ ઋણી છે. આ સંસ્થાના માનદ્ મંત્રી તરીકે સંવત ૧૯૭૩ થી શ્રી ચુનીલાલ મૂળચંદ કાપડિયાએ સેવા આપેલી છે. ત્યારબાદ શ્રી રતનલાલ સુખલાલ મંત્રી તરીકે આવ્યા પણ ટૂંક સમયમાં તેમનું અવસાન થવાથી સ્વર્ગસ્થ ભાઈશ્રી શાંતિલાલ મણિલાલે ઘણા લાંબા સમય સુધી સેવા બજાવી. ભાઈશ્રી શાંતિભાઈથી સારોએ શ્રીસંઘ જાણકાર છે. તેઓએ વીસ વર્ષ સુધી એકધારી જીવનના અંત પર્યંત આ સંસ્થાને પોતાનો પ્રાણ માની સેવા બજાવી છે. તેઓની આ સંસ્થા માટે જે ધગશ અને તમન્ના હતી તેનું વર્ણન થઈ શકે તેમ નથી. તેના માટે અમો તેમના ખૂબ આભારી છીએ.

સ્વર્ગસ્થ ભાઈશ્રી શાંતિભાઈ આ જૈનશાળા નવેસરથી બાંધવા માટે ઘણા વખતથી વિચારણા કરતા હતા. દરમ્યાનમાં અચાનક તેમનું દુઃખદ અવસાન સંવત ૨૦૧૬ માં થયું. ત્યારબાદ માનદ્ મંત્રી તરીકે મુરબ્બી શ્રી મૂળચંદ ડાહ્યાભાઈ દલાલે ખૂબ સેવા આપી છે, જે પ્રશંસનીય છે. તેમની તબિયત બરાબર રહેતી નહિ હોવાથી તેઓ મંત્રી પદેથી ફારેગ થવાની વારંવાર માંગણી કરતા હોવાથી સંવત ૨૦૧૮માં અમો બંને જણાએ સહમંત્રીઓ તરીકે જવાબદારી સ્વીકારી.

ત્યારબાદ સંવત ૨૦૧૮માં પૂ. આચાર્યદેવ **વિજયરામચંદ્રસૂરીશ્વરજી** મહારાજનું ચાતુર્માસ થયું. તે વખતે ભાદરવા સુદ ૩ ના સાંજના વ્યાખ્યાનમાં પૂજ્ય જંબુસ્વામી આદિના ચરિત્રો વંચાતા હતા તેમાં દાનધર્મ ઉપર ખૂબ અસરકારક વ્યાખ્યાન ચાલતું હતું. તે સાંભળી શેઠ કસ્તુરચંદ અમરચંદના પ્રપૌત્ર ભાઈશ્રી મૂળચંદભાઈ ખૂબ ઉત્સાહમાં આવી ગયા અને સાંજના અમોને આવીને આંખમાં હર્ષના આંસુ

સાથે કહ્યું કે આ જૈનશાળા નવેસરથી બાંધો અને મને લાભ આપો. ત્યારબાદ તેમના કુટુંબના બીજા સભ્યો શ્રી રમણભાઈ, શ્રી ચંપકભાઈ, શ્રી અશ્વિનભાઈને બોલાવી વાત કરી બધા જ ખુશ થઈ ગયા અને કહ્યું કે તેમાં અમારો પણ ફાળો લો અને અમોને લાભ આપો. બધા ભાઈઓનો ઉત્સાહ એટલો બધો હતો કે અમોને પણ ખૂબ ઉત્સાહ થયો કે આવા પુણ્યશાળીઓ પૈસા ખરચવા તૈયાર થયા છે તો આપણે આ કામ સંભાળી લેવું જોઈએ.

હવે અમે આ કુટુંબ માટે બે શબ્દો કહીશું આ કુટુંબ સારાયે હિંદુસ્તાનમાં મશહુર છે. મુંબઈમાં શેઠ છગનલાલ કસ્તુરચંદની પેઢી દેશમાં એક્સપોર્ટર તરીકે ખૂબ જાણીતી છે અને પ્રથમ નંબરની પંક્તિમાં ગણાય છે. તેમજ ખંભાતમાં શેઠ કસ્તુરભાઈ અમરચંદનું રસોડું અભંગ દ્વાર સમાન ગણાય છે. જેના માટે કોઈ કોઈ વખત પૂ. મુનિરાજને દાખલો આપતાં પણ સાંભળ્યા છે. આવા પુણ્યશાળી કુટુંબનો અમોને ખૂબ જ સહકાર મળેલો છે, જેમકે આપણી જૈનશાળાના નાકા ઉપર જ શેઠ બાબુભાઈનું મકાન આવેલું છે. જેને માટે અમોએ વિનંતી કરી કે જો આ મકાન જૈનશાળાને આપી શકતા હો તો જૈનશાળાને ઘણું ઉપયોગી છે અને જૈનશાળાનો આખો દેખાવ ફરી જાય છે. તે મકાનમાં તેમનું ટાંકુ આવેલું છે તેમણે કહ્યું કે મારે મારું પાણીનું ટાંકુ આવેલું છે. તે મારી માલિકીનું રહેવું જોઈએ અને તેમાં વરસાદનું પાણી વાળવાનો બંદોબસ્ત કરી આપીને કાયમ પાણી લેવાનો હક્ક અને ટાંકાનો મારો હક્ક રહેવો જોઈએ તે શરતે તેમને મકાન આપવાની હા પાડી છે તે માટે તેમનો ખૂબ આભાર માનીએ છીએ.

સંવત ૨૦૧૮ના ભાદરવા સુદ ૪ના સાંવત્સરીક પ્રતિક્રમણમાં જાહેર કરવામાં આવ્યું કે જૈનશાળા નવેસરથી બાંધવામાં આવશે અને તે અંગેની કાર્યવાહી શરૂ કરવામાં આવી. સંવત ૨૦૧૯ ના શ્રાવણ સુદ ૧૦ના શુભ દિવસે શેઠ બાબુભાઈના હસ્તે ખાત મુહૂર્ત કરવામાં આવ્યું. જૈનશાળાના નવા મકાન બાંધવામાં સંવત ૨૦૦૦માં શેઠ છગનલાલ કસ્તુરચંદની પેઢી તરફથી રૂા. ૫૦૦૦૦) પચાસ હજાર શ્રી આત્મકમલ લબ્ધિ જ્ઞાન મંદિર રાખવા માટે એક હોલમાં તકતી મૂકવી અને ત્યાં જ્ઞાન મંદિર રાખવું એ શરતે આપવામાં આવ્યા હતા. ત્યારબાદ મુ. મૂળચંદ ડાહ્યાભાઈ દલાલે (મામા) પણ શ્રી નીતિવિજયજી જ્ઞાનભંડાર એ નામથી એક હોલમાં તકતી મૂકી જ્ઞાન મંદિર રાખવું એ શરતે રૂા. ૬૦૦૦૦) આપ્યા તે માટે તેમનો ખૂબ આભાર માનીએ છીએ.

સંવત ૨૦૨૦માં કામકાજ શરૂ કરવામાં આવ્યું અને જેના માટે અમદાવાદના

પ્રખ્યાત આર્કિટેક્ટ મિ. એલ.કે. નંદવાણાને પ્લાનનું કામ સોંપવામાં આવેલું તે તેમણે તૈયાર કરીને આપ્યું એટલે કામ શરૂ કર્યું અને અમદાવાદના કોન્ટ્રાકટર મિ.ડી.વી. પટેલની કું. ને બાંધવાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો. કામ શરૂ થયા બાદ ઘણી મુશ્કેલીઓ આવી. અમોએ આઠ ફૂટ ઊંડા જવાની ધારણા રાખી હતી, પણ અમારે પાયામાં ૨૪ ફૂટ સુધી નીચે જવું પડ્યું. આજુબાજુના મકાનની પણ ધાસ્તી લાગવા માંડી. અમારે કહેવું જોઈએ કે આ જગ્યાનું પુણ્ય કોઈ ગજબનું છે સાધારણ પ્રતિકૂળતા આવે પણ તરત તેનો રસ્તો થઈ જતો અને કામ સરલ થઈ જતું અને બે વરસના ટૂંક સમયમાં આ આલિશાન ભવ્ય ઉપાશ્રય તૈયાર થયો જે આપ જોઈ શકો છો.

ત્યારબાદ આ ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન કોઈ મહાન પુરુષની પૂન્ય નિશ્રામાં થાય તેવી વિચારણા ચાલતી હતી. તેમાં પૂ. સ્વર્ગસ્થ પંન્યાસજી શ્રી કાન્તિવિજયજી મહારાજ સાહેબ તથા પૂ. પં. શ્રી મુક્તિવિજયજી મહારાજની પ્રેરણા મળી કે ઉદ્‌ઘાટનના પ્રસંગે તમો પૂજ્યપાદ આચાર્યદેવ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબને વિનંતી કરો. શ્રી સંઘના ભાઈઓની પણ ઘણી ઈચ્છા હતી એટલે અમોએ પાટણ જઈ વિનંતી કરી. તેઓશ્રીના તબિયત તે વખતે બરોબર ન હોવા છતાં તબિયતની અનુકૂળતા હશે તો આવવાનું સ્વીકાર્યું. તે મુજબ તેઓ ચોમાસું પૂરું થયે અમદાવાદમાં પધાર્યા ત્યાં ઉસ્માનપુરામાં પ્રતિષ્ઠા પર સ્થિરતા કરી. એક રાતના તેઓશ્રીની તબિયત ખૂબ બગડી. હાર્ટએટેક ઊપડ્યો. સવાર પડશે કે કેમ તેવી ચિંતાતૂર તબિયત થઈ ગઈ. એક બે દિવસમાં જરા સુધારો થયો ત્યાં તો પૂજ્યશ્રી કહે છે કે ફીકર કરશો નહિ મારાથી ખંભાત આવી શકાશે. મહાપુરુષોના વચન કદી નિષ્ફળ જતાં નથી તે મુજબ તેઓશ્રી પોતાના વિશાળ સમુદાય સાથે, આવી તબિયતમાં પણ વિહાર કરી અત્રે પધારી અમોને ખૂબ લાભ આપ્યો છે તે માટે અમો તેમનો ખૂબ ઉપકાર માનીએ છીએ. તેમના આવવાથી શ્રી સંઘમાં પણ ઘણો જ આનંદ થયો અને અમારું કામ ઉત્સાહપૂર્વક થવા માંડ્યું. હવે ઉદ્‌ઘાટન કોના હાથે કરાવવું તે શ્રી સંઘમાં વાત થતાં શ્રી સંઘના અગ્રગણ્ય ભાઈઓએ જણાવ્યું કે આપણા શ્રી સંઘના નાયક શેઠ રમણલાલ દલસુખભાઈના હસ્તે જ ઉદ્‌ઘાટન કરાવવું તેવી શ્રી સંઘના ભાઈઓની મરજી હોવાથી કમિટીએ નિર્ણય કર્યો અને અમોએ તેઓશ્રીને વિનંતી કરી અને તે તેમને સ્વીકારી તે માટે તેમનો આભાર માનીએ છીએ.

આ ભવ્ય ઉપાશ્રયના ઉદ્‌ઘાટન પ્રસંગે તેને અનુરૂપ ઉત્સવ થવો જોઈએ એમ વિચારી અમે એક સામુદાયિક ઉદ્યાપનની યોજના તૈયાર કરી. જણાવતાં ખૂબ

આનંદ થાય છે કે શ્રી સંઘનો ઉત્સાહ અમાપ હતો. વાત કરતાં જ ૬૧ છોડ નોંધાઈ ગયા છે જે આપ જોઈ શકો છો. શ્રી સંઘે આજ દિન સુધી અમારા કામમાં ખૂબ પ્રાણ પૂર્યો છે. જેના કળશરૂપે અમો છેલ્લાં મુંબઈમાં મળ્યા ત્યારે વિચાર કર્યો કે આવા મોટા મકાનના નિભાવ માટે એક ફંડ કરવું જોઈએ. ફક્ત ત્રણ દિવસના પંદર કલાકમાં જ મુંબઈ, ખંભાત અને અમદાવાદ થઈ લગભગ એક લાખ પંદર હજાર ભેગા થઈ ગયા. શ્રી સંઘના ભાઈઓએ ખૂબ ઉદારતાથી ફાળો આપ્યો જેના માટે અમો શ્રી સંઘના ખૂબ ઋણી છીએ.

આપણા શ્રી સંઘના પ્રબળ પુણ્યોદયે કોઈપણ ચોમાસું મુનિરાજોની હાજરી સિવાય ગયું નથી તે માટે ખાસ કરી પૂ. આત્મારામજી મહારાજશ્રીના સમુદાયનો તથા અન્ય સમુદાયનો ખૂબ ઉપકાર માનીએ છીએ.

લગભગ એક સદીથી અમારા સંચાલનને તન, મન અને ધનથી પ્રોત્સાહન આપી વિકટ તેમજ સરળ પ્રસંગોમાં શ્રી સંઘે જે સાથ આપ્યો છે તે માટે અમારી કમિટી શ્રી સંઘના દરેક સભ્યોનો આભાર માને છે તેમજ ભવિષ્યમાં આવો સાથ અને સહકાર આપતા રહેશે તેવી આશા રાખીએ છીએ.

અમારા કામમાં અમારી કમિટીના દરેક સભ્યોએ ખૂબ જ સહકાર આપેલો છે તેના માટે તેમના આભારી છીએ.

આ જૈનશાળાના બાંધકામ અંગે આર્કિટેક્ટ શ્રી નંદવાણા, કોન્ટ્રાક્ટર ડી.વી. પટેલવાળા શ્રી ભગવંતભાઈ તથા તેમનો સ્ટાફ, શ્રી જૈનશાળાનો સ્ટાફ મ્યુનિસિપાલિટીના પ્રેસીડેન્ટ વગેરેનો અમો ખૂબ આભાર માનીએ છીએ.

અમારા કામમાં કોઈ ક્ષતિ રહી ગઈ હોય અગર સંઘના કોઈ ભાઈનું મનદુઃખ થયું હોય તો તેની ક્ષમા ચાહીએ છીએ.

અંતમાં આ જૈનશાળાના ભવનમાં શાસન પ્રભાવનાના કાર્યો તેમજ ધર્મક્રિયા સારામાં સારી હરહંમેશાં થયા કરે તેવી શાસનદેવ પ્રત્યે પ્રાર્થના કરી વિરમીએ છીએ.

સ્થળ : તપગચ્છ અમર જૈનશાળા, ટેકરી, **ખંભાત.** તા. ૨૮-૪-૧૯૬૬

લિ. સંઘ સેવકો ઓ. સેક્રેટરીઓ

શાંતિલાલ ઉજમશીભાઈ શ્રોફ **શ્રી તપગચ્છ અમર જૈનશાળા**

રમણલાલ વજેચંદ શાહ.

શેઠ શ્રી રમણલાલ વજેચંદનું વિશેષ વક્તવ્ય

પરમ પૂ. આચાર્ય ભગવંત, પૂ. પં. મહારાજ સાહેબો, પૂ. મુનિરાજો, પૂ.

સાધ્વીજી મહારાજ સાહેબો, આમંત્રિત મહેમાનો, સાધર્મિક બંધુઓ અને બહેનો, અમારું નિવેદન આપ સમક્ષ રજૂ થયું છે. હવે હું આપને આ જૈનશાળાના મકાન બાંધકામ અંગે બે શબ્દો કહીશ.

નિવેદનમાં જણાવ્યા મુજબ મકાનના પાયા વખતની મુશ્કેલી પર કપરા સમયમાં પણ ૬ થી ૭ હજાર ગુણ સિમેન્ટ કન્ટ્રોલ ભાવથી મેળવવી વગેરે શાસનદેવની સહાય અને શ્રી સંઘના પુણ્યથી બની આવ્યું. બાંધકામના કામમાં શ્રી નંદવાણાએ ખૂબ મદદ કરી છે. સદાય હસમુખા શાંત જાણે માથા ઉપર આઈસની લાદી મૂકીને ફરતા હોય તેમ કોઈક વખત તેમની સાથે ગરમ થઈને વાત કરી હોય તો પણ હસીને જ જવાબ આપે. તેઓશ્રીએ ખંભાત વારંવાર હાજરી આપી કામ પાર પાડી આપેલ તે માટે તેમનો આભાર વ્યક્ત કરું છું. શ્રી ડી.વી. પટેલવાળા પી. ભગવંતભાઈ કોન્ટ્રાક્ટર કે જેમનો મેળાપ શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈએ કરાવી આપેલ અને તેમના હાથે ટેન્ડર પાસ કરાવેલું તે માટે શેઠશ્રી કસ્તુરભાઈનો આભાર વ્યક્ત કરું છું. કોન્ટ્રાક્ટર તરફથી અત્રેના દેખરેખ રાખનાર શ્રી રાવળે, અને ખંભાતમાં બાંધકામ વખતે સ્થાનિક કામમાં મારા સ્નેહી મિત્ર ભાઈશ્રી હિંમતલાલ ભીખાભાઈ, શ્રી ભીખાભાઈ અમરચંદે મને ઘણી મદદ કરી છે, સલાહ સૂચનો આપેલા છે. તે માટે તેમને ધન્યવાદ આપું છું.

આ જૈનશાળાના નાકે શેઠશ્રી બાબુભાઈનું મકાન આવેલ તે જૈનશાળાને આપવા બાબતમાં વાત કરતાં તેઓએ જે સહકાર આપ્યો તે બદલ તેમનો અંગત રીતે આભાર માનું છું. બાંધકામ વખતે આજુબાજુના પડોશીઓને ઘણી તકલીફ સહન કરવી પડી છે. પણ તેઓ કાંઈ બોલ્યા નથી તેથી એમનો તથા મ્યુનિસિપલ પ્રમુખ શ્રી શાસ્ત્રીએ કરેલ મદદ બદલ પણ આ તકે હું આભાર માનું છું.

હવે હું પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ અંગે બે શબ્દ કહીશ. મહા ચારિત્રશીલ સંયમી મહાત્મા કે જેમનો આ કાળમાં જોટો જડે તેવો નથી. તેમનો વાત્સલ્યભાવ વૈયાવચ્ચનો ગુણ, ભાવદયા, નિખાલસતા, નિસ્પૃહતા, વગેરે અનેક ગુણોના ભંડાર સમા પરમ યોગી પુરુષ છે. હું મારા મહા પુણ્યોદયે છેલ્લા ૨૫ વર્ષથી તેઓશ્રીની નિકટ રહી કંઈક સેવા કરી શક્યો છું. એમના વૈયાવચ્ચનો ગુણ હું શું વર્ણવું ? નાનામાં નાના સાધુ બીમાર હોય તો તે પોતે તેમના સંથારા પાસે બેસીને તેમની કાળજીપૂર્વક સારવાર કરાવે. રાત્રિએ ગમે તે સમય હોય તો ય પોતે હાજર રહે. આ તો સમુદાયની વાત થઈ. પણ બીજા કોઈ સમુદાયમાં માંદગી સાંભળે તો તરત જ પોતે ત્યાં જઈ જરૂર પડે પોતાના સાધુને મોકલી આપે અને સારવાર કરાવે.

એક પ્રસંગ હું સર્વેની સમક્ષ મૂકું છું. આ છે અમદાવાદનો પ્રસંગ. સ્વ. પૂજ્ય ભક્તિસૂરિજી મહારાજના સાધુ બીમાર હતા. તેમને પાલિતાણાથી લાવવામાં આવ્યા હતા. તેઓશ્રીને ખબર પડી. તરત જ પોતાના સાધુને મોકલી હૉસ્પિટલમાં દાખલ કરાવાયા. એટલું જ નહિ પણ સાધુને ત્યાં માવજતમાં રાખ્યા અને દિવસમાં ત્રણ વખત ખબર લેવડાવતા.

અમદાવાદમાં આવ્યા બાદ ઉસ્માનપુરામાં તબીયત બગડી. ત્યાં જરાક સારું થયા બાદ પૂજ્યશ્રીને મારા બંગલે પધારવાનું આમંત્રણ આપ્યું અને ત્યાં સોળ દિવસ સ્થિરતા કરી મને ખૂબ લાભ આપ્યો. એક દિવસ મેં હસતાં હસતાં કહ્યું : 'આપ ખંભાતમાં પધારવાના હોવાથી આપનો રોગ ખંભાતના દરિયામાં ગયો લાગે છે' ત્યારે તેઓશ્રીએ કહ્યું : "આવું બોલાય નહિ. દરિયાના જીવોને મારો રોગ નથી આપવો. એટલું જ નહિ પણ કોઈપણ જીવનું અહિત ન ચિંતવવું." આમ આચાર્યદેવશ્રી આવા છે ભાવદયાના સાગર.

તેઓશ્રીનો શિષ્ય સમુદાય પણ અજોડ છે. ૨૫૦ સાધુનો પરિવાર છે. શિષ્યો મહાત્યાગી, તપસ્વી, વૈરાગી અને ખાનદાન છે. શિષ્ય સમુદાય જે રીતે તેઓશ્રીની સેવાભક્તિ કરે છે, તે જોઈને ઘડીભર એમ થઈ જાય કે, મોટા રાજામહારાજનું આ સદ્‌ભાગ્ય નહીં હોય. ઠેઠ પાટણથી ખંભાત સુધી દોઢસો માઈલનો વિહાર મુનિઓએ પૂજ્યપાદને સ્ટ્રેચરમાં પોતાના ખભાં ઉપર મૂકીને કરાવ્યો છે અને તે સ્ટ્રેચર લેવામાં પડાપડી અને તેમાં પણ પૂ. પં. શ્રી હિમાંશુવિજયજી મા. સા. પૂ. પં. શ્રી ભાનુવિજયજી મ. સા. મહાન તપસ્વી પૂ. રાજવિજયજી મ. સા. તથા પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મ. સા. આદિ જ્યારે સ્ટ્રેચર લે ત્યારે ઘડીભર હર્ષના આંસુ આવી જાય. આવા મહાન મુનિરાજોને કોટી કોટી વંદન !!

આ તો સાધારણ વાત કરી, બાકી તો આવા અગણિત ગુણો પોતાનામાં તેમજ પોતાના પરિવારમાં છે. તેઓશ્રીની કૃપાદૃષ્ટિ મારા ઉપર કાંઈક અંશે રહેલી છે અને તેઓશ્રીની કૃપાથી મારું નાવ સદાય સુખરૂપ ચાલે છે.

હું આ તકે પૂજ્યપાદને વિનંતી કરું છું કે આપે ખંભાતમાં પધારી અમારા સંઘની ખૂબ સાન વધારી છે એટલું જ નહિ પણ સંઘમાં અનેરો ઉત્સાહ આણ્યો છે. આ વખતે સંઘને આપને ચોમાસું કરાવવાની ખૂબ ભાવના છે. આંગણે આવી આપ પાછા પધારો તે હાથમાં આવેલો કોળિયો જતો રહે તેવું લાગે છે. આપશ્રીને વિનંતી કે કૃપા કરીને ખંભાતના ચોમાસાની વિનંતી સ્વીકારો તેવી સંઘ તરફથી હું વિનંતી કરું છું.

આ ઉદ્‌ઘાટન અને સામુદાયિક ઉદ્યાપન-મહોત્સવનો પ્રસંગ પૂરો થાય છે. નિયમ મુજબ જેના જેના છોડ હશે તેને તે મળી જશે. બહારગામથી છોડને માટે માગણીઓ આવેલી છે. હું છોડ મૂકનારને વિનંતી કરું છું કે તેમનાં છોડ તેમને જ્યાં આપવા હોય ત્યાં આપી શકે છે તેમ છતાં અમારે ત્યાં જે માંગણીઓ આવેલી છે ત્યાં તેઓ આપવા માગતા હોય તો પોતાનો છોડ જૈનશાળામાં આપી જાય તો તેની યોગ્ય વ્યવસ્થા થશે.

બાંધકામના કામ માટે અમારી કમિટીએ સંપૂર્ણ સહકાર આપ્યો છે તે બદલ હું તેમનો આભાર માનું છું. મારા સાથી સેક્રેટરી શ્રી શાંતિભાઈએ આ કામમાં ખૂબ રસ લઈને મને માર્ગદર્શન આપેલું છે તે માટે તેમને ધન્યવાદ આપું છું. અમારા કમિટીના પ્રમુખ અને સંઘના નાયક શેઠશ્રી રમણભાઈના સહકારની તો વાત શું કરું ! આ જૈનશાળા માટે તેઓશ્રીએ છેલ્લા ત્રીસ વર્ષથી એક ધારી સેવા આપી સંસ્થાને નવું જોમ આપ્યું છે; એટલું જ નહિ પણ બાંધકામ અંગે તેમણે ઘણી મદદ કરી છે. છેલ્લે અમારી પાસે સિમેન્ટ ખૂટ્યો, પરમીટ મલે તેમ નહોતી. તેમાં અચાનક કન્ટ્રોલ ગયો મેં તેમને વાત કરી ફક્ત ત્રણ જ દિવસમાં તેઓએ સેંકડો ગુણની પરમીટ લાવીને આપી અને અમારું કામ ચાલુ રહ્યું આવા તો ઘણાં કામો તેમણે કરેલાં તે માટે તેમનો હું શું આભાર માનું ? તે તો મારા માટે સંકટ સમયમાં સાંકળ સમાન છે, જે માટે હું સદાયે તેમનો ઋણી છું.

શાસનદેવની કૃપાથી અને શ્રી સંઘના પુણ્યથી મેં લીધેલી જવાબદારી કાંઈક અંશે પૂર્ણ કરી રહ્યો છું. આ પ્રસંગ મારા જીવનમાં એક યાદગાર બની રહેશે. આવી ઉમદા સેવાનો લાભ મને મળ્યો તો મારો મહાન પુણ્યોદય છે. ભવિષ્યમાં મને આવી સેવા મળી રહે તેવી હું શાસનદેવને પ્રાર્થના કરું છું.

અંતમાં આપ સર્વે પધારી પ્રસંગને ખૂબ શાનદાર બનાવ્યો છે તે બદલ સર્વે પધારેલાનો ફરીથી એક વાર આભાર વ્યક્ત કરી હું મારું વક્તવ્ય બંધ કરું છું.

• • •

ખંભાતમાં દીક્ષા લેનાર ભાઈશ્રી જશુભાઈના ધર્મપત્ની શ્રીમતી લતાબેનનું દીક્ષાર્થીના મેળાવડા વખતે ભાષણ

મુરબ્બી પ્રમુખ સાહેબ.

વડીલો, ભાઈઓ, બહેનો અને બાળકો, મને ઘણી બહેનો પૂછે છે કે,- "તમે તમારા ફૂલ જેવા કોમળ વહાલસોયા દીકરાને અને સ્ત્રી જેના વગર એક

દિવસ પણ રહી શકતી નથી એવા પ્રાણપ્યારા પતિને ! સંયમ માર્ગે જવાની રજા કેમ આપી ?" તેનો જવાબ તેમને મારા આ ભાષણમાંથી મળી રહેશે.

ભગવાન મહાવીરદેવે કહ્યું છે કે "મોક્ષની પ્રાપ્તિ કરવી હોય, આત્માને અનંત સુખનો સ્વામી બનાવવો હોય, તો સંસારના અલ્પ સુખોને છોડી મારા માર્ગે ચાલ્યા આવો. સંસારના અલ્પ સુખો તમને ભયંકર દુઃખમાં ધકેલી દેશે જ્યારે સંયમના અલ્પ કષ્ટો તમને અનંત સુખના અધિપતિ બનાવશે." આવું અનંત સુખ મેળવવા મારા પતિ અને પુત્ર જઈ રહ્યા છે. આવતા છઠ્ઠા આરાના દુઃખ તેમને જોવા નહિ પડે એ વિચારતાં મારા મનને અતિશય આનંદ થાય છે ને હૈયું આનંદના હિલોળે હીંચે છે... પણ... અનંતભવોથી મારી પાછળ દુષ્ટ મોહરાજા પડ્યો છે તે મને ચોધાર આંસુએ રડાવે છે ને મારી સામે ભયંકર આક્રમણ કરે છે. જેને હું સહન કરી શકતી નથી તે વખતે મારી વહારે હું મહાસતીઓને બોલાવું છું **સતી અંજના** મારા વાંસે હાથ ફેરવી આશ્વાસન આપે છે ને કહે છે; "બહેન ! તને ખબર તો છે; કે મારા પતિએ લગ્ન કરી ૨૨-૨૨ વર્ષ સુધી મારા સામું જોયું નથી ને જ્યારે પતિનો પ્રેમ પામી ત્યારે સાસુ-સસરાએ ઘરબહાર કાઢી, માતાપિતાએ સામું ના જોયું, જ્યારે બહેન ! તારા પતિએ તો તને ૧૬ વર્ષ સુધી સંસાર સુખ આપ્યું છે તો હવે તું શા માટે રુદન કરે છે." **સતી દમયંતી** મને ધીરજ આપે છે ને કહે છે, "મારો પતિ મને ભયંકર જંગલમાં નિરાધાર મૂકી ચાલ્યો ગયો મારી આંખના આંસુ લુંછનાર મારી પાસે કોઈ ન હતું, જ્યારે તારો પતિ તને વાંસે હાથ ફેરવવા તારી સાસુ ને ઘડપણમાં ચાકરી કરવા દીકરો સોંપી જાય છે. માટે વિલાપ છોડી હૈયે આનંદ ધારણ કર." મહાસતીઓને મારી વહારે આવેલી જોઈ મોહરાજા તે વખતે ચાલ્યો જાય છે, પાછી મને એકલી જોઈ તે તેનો સ્વભાવ છોડતો નથી. એમના વિયોગની કલ્પના કરતાં મારા શરીરે ધ્રુજારી છૂટે છે ને આંખના આંસુને રોકી શકતી. સ્ત્રીને દુનિયામાં વહાલામાં વહાલુ કોઈ હોય તો તેનો પતિ ને તેને બાબો જ છે. આવા પ્રાણથી પણ અધિક વહાલા પતિ અને ફૂલ જેવા કોમળ દીકરાને છોડવાનો વિચાર આવતાં જ હૃદયને અપાર વેદના થાય છે, પછી હું જ મારા મનને મનાવું છું.

આ જીવે અનંતા ભવો કર્યા, અનંતા ભવોમાં કેટલા પતિ અને બાળકો થયા હશે ? શું આજે મારી સાથે કોઈ છે ? આ સગાઈ આ ભવની જ છે. મારા આ ભવના સ્વાર્થને ખાતર હું આ બંને આત્માને શા માટે અંતરાય પાડું ! મને પણ એક વખત દીક્ષાની ભાવના હતી જ અને આજે પણ છે પણ મારા ભાર રૂપ શરીરને મને અંતરાય પાડ્યો. બીજી બાજુ મારો મોટો પુત્ર વસ્તુપાળના થોડા મોહે

મને આ સંસારમાં રાખી પૂર્વના કોઈ પાપે મને આ અંતરાય નડ્યો તો હવે હું આમ બંનેને રોકી ભવોભવનો અંતરાય શા માટે બાંધુ ? મારા અંતરાય તોડવા આ બંનેને દીક્ષાની રજા આપી. જેથી ટૂંક સમયમાં મને પણ ચારિત્ર ઉદય આવે ને કોઈ અંતરાય નડે નહિ. પહેલાંની સ્ત્રીઓને પણ પતિના કેવા વિયોગ સહન કરવા પડ્યા હતા. રામચંદ્રજીએ સીતાજીનો ગર્ભ અવસ્થામાં વનની વાટે વળાવ્યા હતા, સતી કલાવતીને સગર્ભા અવસ્થામાં તેના પતિએ જંગલને માર્ગે ધકેલી હતી.

ત્યારે કઈ શક્તિ ઉપર તો મહા સતીઓ જીવન ટકાવી શકી હશે ? મનને કેવી રીતે દારુણ શોક અને મૃત્યુથી બચાવી લીધું હશે ? આ સ્ત્રીઓના વિયોગના દુઃખ કરતાં મારું દુઃખ અલ્પ છે.

નાનપણથી જ મારી માતાએ મને ધર્મના સંસ્કાર આપ્યા છે. મને યાદ નથી કે હું કેટલી નાની હતી ને મારી માતાએ મને ત્યારથી નવકારશીનું પચ્ચખાણ કરતાં શીખવાડ્યું. એ વારસામાં મળેલા ધર્મ સંસ્કારને પતિએ સિંચન કરી વૃક્ષ જેવા વિશાળ બનાવ્યા છે.

એક નાનો પ્રસંગ કહું કે જ્યારે વસ્તુપાળ છ મહિનાનો હતો ને ખૂબ માંદો હતો. ઘરમાં રાખનાર તેને કોઈ ન હતું તેથી એક દિવસ મારાથી દેરાસર ના જવાયું. તેમણે સાંજે આવી મને પૂછ્યું, "આજે દેરાસર ગઈ લાગતી નથી" મેં કહ્યું, 'ના આજે વસ્તુપાળ ખૂબ રડતો હતો તેથી મારાથી આજે દર્શન કરવા નથી જવાયું.' બીજે દિવસે સવારે તેમણે ઉપવાસના પચ્ચક્ખાણ કર્યા. મેં કહ્યું 'આજે કોઈ તિથિ નથી શેનો ઉપવાસ કરો છો ?' તો તેમણે કહ્યું કે 'કાલે તું દેરાસર ગઈ નથી તેનું હું પ્રાયશ્ચિત્ત કરું છું. વસ્તુપાળ નાનો છે, માંદો છે માટે હું કરું છું.'

હું મારી જાતને ઘણી ભાગ્યશાળી માનું છું કે મને આવા ધર્મપ્રિય પતિ મળ્યા જેથી મારો આ ભવ સુધર્યો અને આવતો ભવ પણ સુધરશે. વળી મારા પુણ્ય પ્રભાવે પૂર્વના સંસ્કાર પામેલો આત્મા ધનંજય મારી કુખે ઉત્પન્ન થયો.

આ બંનેના વિયોગે હૈયું હસે પણ છે, અને રડે પણ છે, હસે છે કેમ ? છદ્મા આરાના આવતા દુઃખોને તેઓ લાત મારે છે. રડે છે કેમ ? વિયોગની વેદના મને રડાવે છે.

પૂર્વના ઈતિહાસોમાં ક્ષત્રિયાણીઓ લડાઈમાં લડવા પોતાના પતિને કુમકુમનો ચાંલ્લો કરી દુશ્મનોની સામે લડવા મોકલતી હતી અને કહેતી વિજયમાળા પહેરીને પાછા ફરજો, કાંતો રણમેદાનમાં ખપી જજો પણ દુશ્મનોને કાયરતા ના બતાવશો.

બહેનો ! ભગવાન મહાવીર ક્ષત્રીય હતા તેમનો વારસો મને મળ્યો છે. હું

પણ મારા પતિને સંસારરૂપી સંગ્રામમાં કામ, ક્રોધ, માન, માયા, લોભ રૂપી દુશ્મનોને જીતવા મોકલી રહી છું અને ઇચ્છું છું કે તમે બંને ભવોભવના એ દુશ્મનોને જીતી મોક્ષરૂપી વિજયમાળા પહેરી શિવરમણીને વરજો.

વૈશાખ સુદ ૪ ના મંગલ પ્રભાતે સંસારી વસ્ત્રો ઉતારી ને નાખી દો તે વખતે સંસારમાં ભોગવેલા સુખોને મનમાંથી કાઢી નાખી દેજો. તેને કદી રજમાત્ર પણ યાદ કરશો નહિ. ચારિત્ર લઈ એવું ઉત્તમ કોટીનું પાળજો કે અહીંથી સીધા જ મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ પામી આઠ વર્ષની ઉંમરમાં કેવળી પણે વિચરી શિવસુંદરીને વરજો. આ સંસારમાં મને તમારી છેલ્લી જ પત્ની બનાવજો.

ભરદરિયાની અંદર કાષ્ટની નાવડી સડસડાટ ચાલી જાય છે તેમ તમારી સંયમરૂપી નાવડી સંસારરૂપી દરિયામાં સડસડાટ ચાલી જાય. નાવડી તરે છે અને અંદર બેઠેલાને તારે છે તેમ તમે પણ તરી સંસારમાં રહેલા અસંખ્ય આત્માઓને તારજો.

બેટા ધનંજય ! તું થોડો બટકબોલો છે પણ તને ખબર નથી કે મૌનમાં ઘણું કહેવાય છે, દીક્ષા લે ત્યારથી જ નિયમ કરજે. ખૂબ થોડું બોલવું, ગુરુની આજ્ઞા એ જ શિરોમાન્ય, હું તારી આ ભવની જન્મ દેનારી માતા છું જ્યારે ગુરુદેવ તારા ભવોભવને સુધારનાર **ગુરુમાતા** છે ! તેમની આજ્ઞાનું પ્રાણાંતે પણ પાલન કરજે. તેમની આજ્ઞાનું પાલન કરવામાં ભલે પ્રાણ ચાલ્યા જાય, પણ આજ્ઞાનું ઉલ્લંઘન તો ન જ કરાય.

પૂજ્યપાદશ્રી આચાર્યદેવ વિજય ઉદયસૂરીશ્વરજી મ. નાના હતા તે વખતની વાત છે, પૂ. નેમિસૂરીશ્વરજી મ. રાત્રે સંથારો કરી સૂતા હતા તે વખતે પૂજ્ય ઉદયસૂરીશ્વરજી મ. ને બૂમ પાડી કે 'અલા ઉદા ! આમ આવ' એટલું કહી ને નેમિસૂરીશ્વરજી મ. ની આંખ મિંચાઈ ગઈ. પૂજ્ય ઉદયસૂરીશ્વરજી મહારાજ તરત આવ્યા ને જોયું તો ગુરુદેવ ઊંઘી ગયા છે હવે તેમની આજ્ઞા સિવાય સંથારામાં પાછું જવાય કેમ ? પૂ. ઉદયસૂરીશ્વરજી મ. રાતના સંથારા પાસે ઊભા તે સવારના ચાર વાગ્યા સુધી. પૂ. ગુરુદેવ જાગ્યા અને પૂછ્યું કે "કેમ અહીં ઊભા છો ?" તો પૂ.ઉદયસૂરીશ્વરજી મ. કહ્યું, કે ગુરુદેવ આપે મને રાત્રે યાદ કર્યો હતો. પૂ. ગુરુદેવ જ્યારે આજ્ઞા આપી ત્યારે જ ત્યાંથી ખસ્યા. કેવો વિનય ! કેવી આજ્ઞાંકિતતા !

બીજો દાખલો-આચાર્ય બાપભટ્ટસૂરિજીએ ગુરુની પ્રસન્નતા માટે જીવનભર ભક્તના ભોજનનો ત્યાગ કર્યો ને ગુરુકૃપા મેળવી...

તો આવા મહાન પુરુષોના દાખલા નજર સમક્ષ રાખી ગુરુદેવોની આજ્ઞાનું

પાલન કરજે બેટા !

દીકરા ધનુ ! કોઈ કાર્ય શાસન વિરુદ્ધ ના કરીશ કે જેથી તારી માતાની કુખ લજવાય કે તારા પિતાના કુળને કલંક લાગે.

જેની ઉપર અનેકોના ભાવ જીવનમરણની જવાબદારી છે એ સાધુ છે. પાંચમાં પરમેષ્ઠી ભગવંત છે.

સાધુતાની સાચી ભૂખવાળાએ તો નાનામાં નાની "મત્થએણ વંદામિ"ની ક્રિયામાં પણ આજ્ઞા બહુમાન કરવાનું છે. જિનાજ્ઞાનું ભારોભાર બહુમાન એ મહાસાગર છે. એ ગાગરમાં એ સાગરને જે ઉતારી શકે, સમાવી શકે, તેજ સાધુતાનો સ્વામી છે બાકીના તો અતોભ્રષ્ટતતોભ્રષ્ટ જેવા ત્રિશંકુજ કહી શકાય.

પળે પળે જિનાજ્ઞાનો વિચાર પ્રત્યેક ક્રિયામાં જિનાજ્ઞાનો ભાવ, તમારામાં ઠસોઠસ ભરાયેલો રહેશે તો મુક્તિના સુખ તમારી હથેલીમાં રમતાં થઈ જશે. મુક્તિની પ્રાપ્તિ એ કોઈ મોટી ધાડ પાડવા જેવી વસ્તુ તમારે માટે નહિ રહે.

જિનાજ્ઞાનું પાલન એજ આપનું સર્વ સર્વસ્વ બની રહો એજ આપનું જીવન બની રહો એજ શુભેચ્છા.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૧૫,અંક-૩૪,તા.૬-૫-૧૯૬૭

મલાડ (મુંબઈ)ના આંગણે ઉજવાયેલ અદ્‌ભુત દીક્ષા મહોત્સવ

મલાડ એટલે અલબેલી મુંબઈનું એક વિશાળ ઉપનગર કે જેમાં જૈનોની વસ્તી ૮-૯ હજારની ગણાય. જયાં વર્ષો પૂર્વે ઉદાર ચરિત શેઠ દેવકરણ મૂળજીભાઈએ વાડી, સેનેટેરિયમ, ઉપાશ્રય સાથે પ્રગટપ્રભાવી શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ દાદાનું ભવ્ય કાચનું જિનમંદિર બનાવેલું છે. તથા હાલમાં મલાડના પૂર્વ વિભાગમાં દેવચંદનગરમાં શ્રીયુત દેવચંદ શેઠે દેવાધિદેવ શાંતિનાથ પ્રભુનું સુંદર જિનાલય તથા ધનજીવાડીના ભાગમાં ત્યાંના સંઘે શ્રી શીતલનાથ પ્રભુનું દેરાસર કરેલું છે. આ મલાડના એક વતની શેઠ શ્રી નાનચંદબાપા, એમના પુત્રો શ્રી દલીચંદબાઈ, શ્રી અમૃતલાલ (ઉર્ફે બાલુભાઈ,) શ્રી બાબુભાઈ, શ્રી મનસુખલાલ અને શ્રી રાયચંદભાઈ. શ્રી દલીચંદભાઈને ત્રણ પુત્રો પ્રતાપરાય, પ્રવીણભાઈ તથા રજનીકાન્ત. શ્રી દલીલચંદભાઈએ નાની ઉંમરમાં મુંબઈ આવી નોકરીથી શરૂઆત કરી વેપાર ખેડવા માડેલો. નાનાભાઈઓ પણ આવી મળતા વેપાર વિકસાવી મૂળજી જેઠા મારકેટમાં 'શ્રી પ્રતાપ એન્ડ કું.' નામથી દુકાન ખોલી. ઉપરાંત

ભૂલેશ્વર બજારમાં પ્રતાપ સ્ટોર્સના નામથી તથા કાલબાદેવી, સ્વદેશી માર્કીટ શ્રી પ્રતાપ બ્રધર્સ નામથી દુકાનો સ્થાપી. શ્રી દલીચંદભાઈને ધર્મ-પરમાર્થના કામો કરવાનો બહુરસ ને આગળ વધતાં મલાડ જૈન સંઘના પ્રમુખ બનેલા, અને પોતાના કારભારમાં ધર્મસેવાના ઘણાં કામો કરી સંઘમાં સારા લોકપ્રિય બન્યા, તથા પ્રમુખપદથી નિવૃત્ત થવા છતાં પણ શાસનના ધર્મકાર્યોમાં પોતાની સેવાઓ આપતા રહ્યા.

શ્રી દલીચંદભાઈ ધર્મના બહુરંગવાળા, એમાં મુંબઈમાં પૂ. પં. શ્રી ચરણવિજયજી મહારાજના ઉપદેશથી વિશેષ વૈરાગ્યવાન બન્યા. પછી તો મુંબઈ ધાર્મિક શિક્ષણ ગ્રીષ્મ શિબિર સમિતિના આબુ અચલગઢના વિ.સં. ૨૦૨૦ના શિબિર આયોજનમાં જોડાવા ઇચ્છા થઈ. સમિતિ મંત્રી શેઠશ્રી ભાણાભાઈને માંગણી કરી. એક પીઢ કાર્યકર તરીકે એમને મંજૂરી મળી પરંતુ એમણે તો શિબિરના વિદ્યાર્થીની માફક ત્યાં પૂ. પં. શ્રી ભાનુવિજયજી ગણિના વિદ્વત્તાપૂર્ણ જૈન તત્ત્વજ્ઞાન, મોક્ષમાર્ગ, આચાર, વગેરે ધાર્મિક-આધ્યાત્મિક પ્રવચનો સાંભળ્યા. વિશેષમાં એ પોતે પોતાના સૌથી નાનાપુત્ર અને મેટ્રિકના વિદ્યાર્થી શ્રી રજનીકાન્તને પણ સાથે લાવેલા, એણે પણ સારો તત્ત્વબોધ પ્રાપ્ત કર્યો. એ પિંડવાડા મુકામે પૂ. પં. શ્રી ભાનુવિજય ગણી પાસે દીવાળી રજાઓમાં, તથા પાટણ મંડપ સંઘે યોજેલ નાની શિબિરમાં પણ રજનીકાન્ત જોડાયા. ઉત્તરોતર અપૂર્વ તત્ત્વજ્ઞાનના શ્રવણથી ખૂબ વૈરાગ્ય-વાસિત થતાં જીવનભાતું બ્રહ્મચર્યવ્રત લીધું. પછી મુંબઈ આવી મેટ્રિકની પરીક્ષા સેકન્ડ કલાસથી પાસ કરી. છતા હવે મન સંસારથી ઉદ્વિગ્ન હોઈ કૉલેજમાં જોડાવાના સારા સંયોગ છતાં એમાં ન જોડાતા પાટણ શિબિર પછી પાટણમાં જ સિદ્ધાંત મહોદધિ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં ચોમાસું કર્યું અને પૂ. પંન્યાસજી મહારાજના વ્યાખ્યાન શ્રવણ સાથે જ્ઞાનાભ્યાસ વધાર્યો. અહીં વર્ધમાન આયંબિલ તપનો પાયો નાખતાં પહેલી છ ઓળી સાથે કરી. આટલું છતાં ભાઈ લજ્જાળુ એવા કે પોતાના બ્રહ્મચર્ય વ્રત અને વૈરાગ્યની વાત પોતાના પિતાશ્રીને કરી શકતા નહિ. પરંતુ પાછળથી પિતાશ્રી દલીચંદભાઈને ખબર પડતાં તો એક કલ્યાણપિતા તરીકે સારું સમર્થન આપ્યું જ નહિ પણ એના દાખલાથી પોતે પણ હવે એને સાથે લઈને સંસારમાંથી નીકળવાનો નિર્ણય કર્યો. પૂજ્ય આચાર્યદેવશ્રી ચોમાસા બાદ અમદાવાદ પધાર્યા. ભાઈ દલીચંદે પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય ભગવંતને મુંબઈ પધારી ધામધૂમથી દીક્ષા લેવા વિનંતી કરી. પરંતુ ખંભાતમાં નૂતન બંધાયેલ વિશાળકાય જિનશાળાના ઉદ્‌ઘાટન પ્રસંગે સંઘરત્ન શેઠશ્રી રમણલાલ દલસુખભાઈ વગેરેની આગ્રહભરી વિનંતી માન્ય કરાયેલી

હોઈ મુંબઈ જવાનું શક્ય ન હોઈ ખંભાત મુકામે તે પ્રસંગે જ દીક્ષા લેવાની વિચારણા થઈ. પરંતુ આ પૂર્વે નડિયાદ મુકામે મૂળ નડિયાદના વતની અને પૂ. પંન્યાસજી ભાનુવિજય મ. ના તપસ્વી શિષ્યરત્ન પૂ. મુનિશ્રી મણિપ્રભવિજયજીના ૧૦૦મી વર્ધમાન આયંબિલ તપની ઓળીના નિમિત્તે એમના સાંસારિક ભાઈશ્રી ચંદુલાલ મગનલાલ તરફથી યોજાયેલી શ્રી નવપદ આરાધક મંડળની ચૈત્રી ઓળી પ્રસંગે પૂ. આચાર્યદેવશ્રીને વિશાળ પરિવાર સાથે પધારવાનું થયું. ત્યાં શ્રી દલીચંદભાઈના પિતા અને કુટુંબીઓ તરફથી ભાઈશ્રી અમૃતલાલે નડિયાદ આવી પૂજ્યશ્રીને ભારપૂર્વક વિનંતી કરી કે દીક્ષા તો મુંબઈમાં જ થવી જોઈએ, કેમકે અમારું મોટું કુટુંબ એમના મોટા પિતા, સાસરીયા, વેવાઈઓ વગેરેના તથા અમારા વિશાળ ઘોઘારી સમાજની એવી ઈચ્છા છે. મુંબઈના જૈનોની મોટી વસ્તી પણ ત્યાં લાભ લઈ શકે. પૂ. આચાર્યદેવશ્રીએ સુવિશેષ લાભ જોઈ મુંબઈમાં દીક્ષા કરવાનું સ્વીકાર્યું છતાં તુરતમાં ખંભાતમાં શિબિર આયોજન નક્કી થયું હોવાથી પૂ. પંન્યાસજી મ. ને તરત મુંબઈ મોકલવાનું અશક્ય હતું એટલે પછીની સાલ પર વાત રહી. એટલે શ્રી દલીલચંદભાઈએ નક્કી કર્યું કે ત્યારે ચોમાસું પૂજ્યપાદશ્રીની નિશ્રામાં સાથે રહેવું એ હિસાબે પૂજ્યશ્રી ખંભાતથી પાછા પધાર્યા. અમદાવાદ દશા પોરવાડ સોસાયટીમાં વિશાળ પરિવાર સાથે ચોમાસું રહ્યા. ત્યાં શ્રી દલીલચંદભાઈએ પોતાનું સ્વતંત્ર ઘર રાખી પોતે તથા પોતાના પુત્રો પુત્રવધુ વગેરેને વારાફરતી બોલાવી ધર્મનો લાભ અપાવવાનું કર્યું. પૂ. પંન્યાસજી મ.ના શ્રી ભગવતીસૂત્ર તથા કુવલયમાલા પરના વ્યાખ્યાનોનું શ્રવણ, ધાર્મિક અભ્યાસ, સાધુ સેવા-સમાગમ તપસ્યા વગેરેથી મુમુક્ષુ પિતાપુત્રે સારી પ્રગતિ કરી. ચોમાસા બાદ પૂજ્યશ્રીને મુંબઈ પધારવા બહુ આગ્રહભરી વિનંતી થતા પૂજ્યશ્રીએ પોતાના વિદ્વાન શિષ્યરત્ન પૂ. પં. શ્રી ભાનુવિજયજી ગણિવરાદિ ૧૭ ઠાણાને મુંબઈ તરફ વિહાર મોડો થવાથી વિહારના ગામ-નગરોમાં તેવી સ્થિરતાથી લાભ ન આપી શકાયો, છતાં આતુરતાથી રાહ જોઈ બેઠેલા નડિયાદ-છાણી-વડોદરા-ભરૂચ-સુરત-નવસારી વગેરેના સંઘોએ વ્યાખ્યાનો, વ્રતનિયમો વગેરેમાં સારો લાભ લીધો. પૂ. પંન્યાસજી મ. શ્રી મુંબઈ પધારતાં દીક્ષાની આમંત્રણ પત્રિકા ભાઈ શ્રી દલીલચંદના પિતાજી શ્રી નાનચંદ મૂળચંદ તરફથી પ્રકાશિત કરવામાં આવી. જેમાં જણાવવામાં આવ્યું હતું કે- 'વિશેષતઃ જણાવતાં હર્ષ થાય છે કે અમારા ચિ. સુપુત્ર દલીચંદ અને એમના પુત્ર રજનીકાન્ત આ અસાર સંસાર પરથી વિરક્ત થઈ હવે એનો ત્યાગ કરી પરમપાવની પારમેશ્વરી પ્રવ્રજ્યા લેવા ઉજમાળ થયા છે. અનેક મહાપુરુષોના સત્સમાગમથી તથા પૂ પં. શ્રી ભાનુવિજયજી મહારાજનો વૈરાગ્ય નીતરતો ઉપદેશ

અને જોરદાર પ્રોત્સાહન વગેરે નિમિત્તો મળવાથી કઠિન તપસંયમ અને ચારિત્રમાર્ગે જવા તૈયાર થયા છે એ અમારા કુળ માટે જ નહિ, પણ સકલ જૈન સંઘ માટે ગૌરવનો વિષય હોવાનું અમે માનીએ છીએ.'

ત્યારે, એમના સુપુત્ર રજનીકાન્ત સારા માર્કે મેટ્રિક પાસ થવા છતાં કૉલેજમાં જોડાવાની સુખી કુટુંબની સારી સગવડ અને આશાસ્પદ મોટા વેપાર વૈભવ-વિલાસની પૂરી શક્યતાઓ છોડી સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પૂ. પં. શ્રી ભાનુવિજયજી ગણિવરના સંપર્કમાં રહી છેલ્લા બે વરસથી તત્ત્વજ્ઞાન અને વૈરાગ્યમાં આગળ વધી રહ્યા છે અને ખીલતી યુવાનીમાં ચારિત્ર લેવા તૈયાર છે એ પણ મહાન ગૌરવનો વિષય છે.

આવાં ભગીરથ ત્યાગના પ્રસંગો ખરેખર માનવ-જીવનના ઉચ્ચ ઉદ્દેશનું જ્વલંત લક્ષ પ્રદર્શિત કરી રહ્યા છે. આ પિતા-પુત્રના સુભગ યુગલને આંતરચક્ષુ ખૂલી જવાથી એમ સચોટ લાગી ગયું કે '(૧) જન્મ થતાં જ મોતની તારીખ નક્કી થાય એ હિસાબે મોતની સજા નક્કી કરાવનાર જન્મ એ તો એક ભયંકર ગુનો જ ગણાય એવા જન્મના ગુના વારંવાર કરવાનું, સંસારત્યાગ અને ચારિત્ર વિના, અટકે જ ક્યાંથી ? (૨) માનવભવની પુણ્યાઈ, તીર્થંકરદેવનું મહાશાસન અને પુરુષાર્થનો ત્રિવેણી સંગમ મળ્યા પછી સર્વવિરતિની આરાધના કેમ જ ગુમાવાય ? કેમકે આ પુણ્ય પહોંચે છે ત્યાં સુધી જ સત્પુરુષાર્થને અવકાશ છે, એ પુણ્ય ખૂટ્યે પુરુષાર્થની તક ગઈ ! (૩) તેમજ તરણતારણ જિનશાસન પામીને એનો ઊંચો સદુપયોગ સર્વત્યાગ અપનાવી જીવને કંગાળ બનાવનારી કર્મ શૃંખલાઓ તોડવા સિવાય બીજો શો ઉપાય ?' (૪) વળી પરમવૈભવી અને દેવોના પણ પૂજ્ય ખુદ તીર્થંકર ભગવાનોએ ચારિત્રમાર્ગ અપનાવ્યો તેમજ એમના પગલે સનતકુમાર ચક્રવર્તી, ક્રોડો સોનૈયાના માલિક થાવચ્ચા પુત્ર, શાલિભદ્ર, ધનાજી, મેઘકુમાર, જંબુકુમાર, વગેરેએ પણ ભાગવતી દીક્ષા અપનાવી, તો આવા ગૌરવભર્યા આપણા પૂર્વજોના આલંબન પામ્યા પછી, પણ આપણે કેમજ એ માર્ગ ચૂકવાનો હોય ? (૫) તેમ જગતમાં ષટકાય જીવોના સંહાર અને અઢાર પાપસ્થાનકની લીલાના અવતાર ઘણા ! પણ તેથી તો ભવના ફેરા વધવા સિવાય બીજું શું મળે છે ? ત્યારે એથી સર્વથા બચી સર્વજીવને અભયદાયી નિષ્પાપ જીવન બનાવવા માટે ભવ એક માનવનો જ. ત્યાં એ ન અપનાવવામાં શી બુદ્ધિમત્તા ગણાય ? (૬) નળી કર્મના પનારે પડ્યા રહી એના અનેકવારના વિશ્વાસઘાત, વ્યાધિઓ, અકસ્માત, ઈષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ, જન્મ-જરા-મૃત્યુ અને દુર્ગતિ ભ્રમણ વેઠતા અનંતા ભૂતકાળની જેમ હજી પણ કર્મ-કચરાયા રહેવું એના કરતાં 'કર્મ મને શું કરશે ? હું કર્મને કચરી નાખીશ' એ ભાવનાથી

કર્મને કચરનાર ચારિત્ર જીવનના પરાક્રમ કાં ન ખેડવા ? (૭) તેમજ આ જીવનનું મોત જો પાપોનું મોત નિપજાવ્યા વિના થયું તો એ જીવતા ઊભેલા પાપોથી જીવની પરભવે દશા કઈ ? માટે 'પાપ મારીને મરું એ નિર્ધારથી પાપનાશક અહિંસા-સંયમ-તપમાં જ લાગી જવાનું હોય... વગેરે વગેરે સમજથી અમારા પુત્ર-પૌત્ર ચારિત્ર માર્ગે સંચરી રહ્યા છે એ મહાન અહોભાગ્ય છે.'

એમનો નિર્ધાર ગત વર્ષ વિ.સં. ૨૦૨૨ના વૈશાખ માસમાં જ ખંભાત મુકામે લેવાનો થયો હતો. નડિયાદ મુકામે વિશેષ લાભ અંગે તથા બહોળા કુટુંબની ઇચ્છા ઘર આંગણે પ્રસંગ ઉજવાય એવી અંતરેચ્છાથી પૂજયશ્રીને વિનંતી કરતાં પૂ. આચાર્ય ભગવંતે અમારા ઉપર કૃપા કરી તેઓશ્રીના શિષ્યરત્ન પ્રભાવક પ્રવચનકાર **પૂ. પં. શ્રી ભાનુવિજયજી ગણિવર્યને** ૧૬ ઠાણાં સાથે મુંબઈ મોકલી અમારા સૌ ઉપર મહા ઉપકાર કર્યો છે.

સાથે સાથે વિશેષ આનંદની વાત એ છે કે પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રીના પટ્ટપ્રભાવક વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. **આચાર્યદેવશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ** સપરિવાર મુંબઈમાં બિરાજમાન હોઈ એઓશ્રીના વરદ હસ્તે દીક્ષા કરવાની અમોએ નમ્ર વિનંતી કરતાં તેઓશ્રીએ એ માન્ય કરવા કૃપા કરીને અમારો ઉત્સાહ વધાર્યો છે.

દીક્ષા મહોત્સવ વિશેષ લાભાર્થે મુંબઈ-લાલબાગમાં ઉજવવાનો અમારો વિચાર છતાં શ્રી મલાડ શ્વે.મૂ.પૂ. જૈન સંઘનો અત્યંત ઉત્સાહ આગ્રહ દીક્ષા પ્રસંગ મલાડને આંગણે ઉજવવાનો હોઈ અમોએ સંઘની ભાવના મસ્તકે ચડાવી. શ્રી સંઘના કારોબારીના ભાઈઓએ પૂ. ગુરુમહારાજને સુરત મુકામે વિનંતી કરી, શ્રી સંઘની વિનંતીનો સ્વીકાર કરી, દીક્ષા મહોત્સવ શેઠ દેવકરણ મૂળજીભાઈ જૈન દેરાસરની વાડી મલાડમાં ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે. તે અંગેનો શુભ કાર્યક્રમ ચૈત્ર સુદ ૧૩ થી ચૈત્ર વદ ૨ સુધી વિવિધ પૂજા-શાંતિસ્નાત્ર સ્વામિવાત્સલ્ય સહ રાખવામાં આવેલ છે.

દીક્ષા ઉત્સવ ચૈત્ર સુ. ૧૩ થી શરૂ થનાર હતો. એ પૂર્વ મહિનાઓથી દીક્ષાર્થી શ્રી દલીચંદભાઈ અને રજનીકાન્તનાં વાયણાં શરૂ થઈ ગયા હતા. તેથી ઠેઠ ઉત્સવ સુધી વાયણાં ચાલવા છતાં કેટલાય ભાવિકોની માગણી એમ જ ઊભી રહી ગઈ.

વળી ઉત્સવના કેટલાય દિવસો પૂર્વે જુદા જુદા સંઘો અને જુદી જુદી સંસ્થાઓ તરફથી દીક્ષાર્થીની દીક્ષાના અભિનંદનના મેળાવડાઓ શરૂ થઈ ગયા.

પૂર્વે પણ ઘણા મેળાવડા થયા તેમાં :

- પાટણ મંડપ સંઘ, અમદાવાદ દશા પોરવાડ સોસાયટી સંઘ, પાલેજ

જૈનસંઘ, કલકત્તા સંઘ, ભાંડુકજી, સમેત શિખરના યાત્રિકો તરફથી, શંખેશ્વરમાં પાર્શ્વદીપક મંડળના ઉપક્રમે મેળાવડા થયા, ઉપરાંત મુંબઈમાં અનેક મેળાવડા થયા. આમાં મુમુક્ષુ રજનીકાંતભાઈએ અભિનંદનના વાળેલા પ્રત્યુત્તર એટલા બધા ગળગળા કરનારા અને સુંદર વિવિધ મુદ્દાવાળા હતા કે લોકોના મન પર એની ઘેરી અસર પડતી હતી.

● એમણે ગોડીજી મિત્ર મંડળાદિ ચાર મંડળોના મેળાવડામાં કહેલું કે 'અનંતી પુણ્યરાશી એકઠી થયે માનવભવની પ્રાપ્તિ થાય છતાં આજના આ કાળમાં તેમના તરફ આંખ-મિચામણા કરાય એ દુઃખદ છે. મોક્ષ માટેનું એક માત્ર સાધન ચારિત્ર છે...' વગેરે.

● લાલબાગ ચાર મંડળોની સભામાં મથુરાના ચોબાનું દૃષ્ટાંત આપ્યું. વહાણને હલેસા માર્યા પણ નાંગરૂં ન ઉપાડ્યાની ઘટના કહીને પોતાની શિક્ષાયતનમાં જવા પૂર્વની સ્થિતિ કહી કે 'રાત્રિ ભોજન, કંદમૂળ-ભક્ષણ, ધર્મની કિંમત નહીં. ત્યારે શિક્ષાયતનમાંથી આવ્યા પછીની પરિવર્તન થયાની સ્થિતિ કેવી સુંદર ! શિક્ષાયતનનો અનહદ ઉપકાર, માનવભવનો એક માત્ર ઉપયોગ ચારિત્ર લેવાનો જ છે;'

● ગોડીજી શિક્ષાયતનના વિદ્યાર્થીઓની સભામાં પરભવે ભંગી થવાનું જાણી એક શેઠે જીવતાં જ ત્યાં માટે ૯ લાખનું વીલ કરી કાણિયા ભંગીનો પુત્ર થવાનું દૃષ્ટાંત કહી જીવની મૂઢ અજ્ઞાન દશા બતાવી પરભવ દેખાવા છતાં ધર્મ નહીં પણ ધન જોઈએ છે. એ દુઃખી થવાનો રસ્તો છે. શિક્ષાયતનનો તથા પ. પૂ. ગુરુદેવનો અનહદ ઉપકાર વર્ણવ્યો.

● દાદરસંઘની સભામાં કહ્યું કે 'એક દેવ કેવળજ્ઞાનીને પૂછે છે કે હવે હું ક્યાં જન્મીશ ? જ્ઞાની કહે જંગલમાં. બસ, તો ત્યાં ધર્મ મળે માટે જંગલમાં શિલાઓ ઉપર નવકાર લખ્યા. ત્યાં જન્મ થયો. પેલા અક્ષરો જોઈ જાતિ સ્મરણ, અનશન કરી ફરી દેવલોકમાં. પૂર્વના દૃષ્ટાંતનાં વણિકને અહીંનું ધન પરભવે જોઈતું હતું, જ્યારે આને આટલી સમૃદ્ધિ છતાં ધર્મ જોઈતો હતો.' ભગવાનની ખરેખર આપણને જરૂર છે કે નહીં ? પૂજારી દેરાસરમાં શેઠના હાથમાં ધૂપ આપે એટલે શેઠ ભગવાન આગળ પણ ફુલાય છે. જીવની આ એકલી મૂઢતા નહીં તો બીજું શું ?...'

● **મુલુંડ**ની સભામાં કહ્યું કે 'અચલગઢની શિબિરમાં છેલ્લે તા. ૨૭મીએ ભયંકર વાવાઝોડું થયું. જાણે બચવાની કોઈ સ્થિતિ નહીં પણ બધા નવકાર મંત્ર, ચાર શરણા વગેરેમાં લાગી ગયા, તોફાન શાંત થયું, ત્યાં વિદ્યાર્થી કુમારપાળે

જિંદગીભરનું ચતુર્થ વ્રત લીધું. સંકટમાંથી બચાવનાર જો ખરેખર કોઈ હોય તો તે ધર્મજ છે. વિશેષમાં મારી આ ભાવના થવામાં પ્રબળ નિમિત્ત શિક્ષાયતન છે...'

• મસ્જીદ બંદર ઘોઘારી સમાજની સભા, તથા દેપલા સંઘની સભામાં કહ્યું કે 'ભગવાનના શાસનમાં શ્રાવકો સાધુના માબાપના સ્થાને કહેવાય છે. કેમ ? જેવી રીતે છોકરાની ભૂલ માબાપ ખાનગીમાં સમજાવે એમ કોઈ સાધુની ભૂલ શ્રાવકશ્રાવિકા પણ એજ રીતે સમજાવે. આજે આપણે શું કરીએ છીએ ? નિંદાનું કામ ખૂબ ચાલે છે. પાલીતાણામાં પહેલીવાર સારી એવી વાનગી મળી તો બારણું બંધ કરી એકલા ખાવાનું મન થાય છે. જીવની કેવી સ્વાર્થ દશા ? રાતનો ભૂલ્યો માનવી દિવસે રસ્તે ચડે, પણ દિવસનો ભૂલ્યો માનવી ફીર ફીર ગોથા ખાય. તિર્યંચભવમાં ભૂલેલો માનવ ભવમાં ઠેકાણે આવે, પણ અહીંથી ભૂલેલાની શી દશા ? ટૂંકમાં મારા જેવા ભૂલેલાને સન્માર્ગે લાવનાર શિક્ષાયતનનો ઉપકાર છે.'

• રજનીભાઈ દેવચંદ નગરની ચાર મંડળની સભામાં બોલ્યા કે 'શિક્ષાયતનમાંથી કાવી તીર્થે હોડીમાં જતા દરિયામાં ભયંકર તોફાન ઉપડ્યું, શ્રદ્ધાથી નવકારની ધૂન ઉપાડી હેમખેમ કાવી પહોંચ્યા. પ્રગટપ્રભાવી ધર્મ પર શ્રદ્ધા વધી એ શિક્ષાયતનનો ઉપકાર ભૂલાય એમ નથી.'

• મલાડ સંઘ તથા ચાર મંડળોની સભામાં કહ્યું કે 'અંધકારની દેવતા આગળ ફરિયાદ કે સૂર્ય મને કાઢી મૂકે છે. દેવતાએ સૂર્યને ઠપકો આપ્યો. સૂર્યે પૂછ્યું અંધકાર કોણ છે ? મને તો દેખાતો જ નથી. સાર, ધર્મ રૂપી સૂર્ય હોય ત્યાં કોઈદિ દુઃખ રૂપી અંધકાર હોય નહીં આ સમજણ થઈ એ શિક્ષાયતનનો ઉપકાર. અચળગઢ તથા કાવીના વાવાઝોડાનો પ્રસંગ સંકટમાંથી બચાવનાર માર્ગ તો એકજ ધર્મ. પૂજ્ય ગુરુદેવના અનહદ ઉપકારે ચારિત્રની વાત નક્કી થઈ ત્યારથી મોહના હલ્લા ઠેર ઠેર મેળાવડા રૂપે મળ્યા. અમને માનમાં તાણી જાય. પેનનો ઉપયોગ કોઈને મારવામાં થાય તો દુરુપયોગ કહેવાય.' તેમ માનવભવનો ઉપયોગ મોક્ષપ્રાપ્તિ સિવાયમાં થતો હોય તો દુરુપયોગ કહેવાય.

• ગૌતમનિવાસ રૂક્ષમણીનિવાસના ભાઈઓ તરફથી મેળાવડામાં બોલ્યા કે 'અમને જૈનપાડોશ એ ખૂબ સરસ આલંબન મળ્યું, જેથી સંસ્કારો જળવાઈ રહે જૈનશાસન કેવું અદ્‌ભુત ! એમાં અરિહંત પ્રભુ ધન્વંતરી ડૉક્ટર, સદ્‌ગુરુ કમ્પાઉન્ડર, દર્શન-જ્ઞાન' રામબાણ દવા છે. માનવભવ મલ્યો એ આપણી હોસ્પીટલમાં ભરતી છે આટલી ઉત્તમોત્તમ આત્મરોગને કાઢવાની તક આ ભવમાં મળી છે. તે તકને સાર્થક કરવા માટે અમારા અહોભાગ્યે ચારિત્ર મળે છે. આત્મવીર્યની ખરેખર

સાર્થકતા સંયમવિના બીજે નથી.'

● લાલબાગ, ગોડીજી, દાદર મલાડ, વગેરેની સભાઓમાં શિબિર વિદ્યાર્થીઓ ભાઈશ્રી કુમારપાળ, વિક્રમ, મુકેશ, જયપ્રકાશ વગેરેએ પણ કરેલા રોચક વક્તવ્યોથી શ્રોતાઓમાં ધર્મરંગ વધવા સાથે કોલેજિયનો પર ધાર્મિક શિબિરોએ પાડેલા પ્રભાવ પ્રત્યે ભારે આકર્ષણ ઊભું થયું હતું.

દીક્ષા-ઉત્સવ ઓળીની વચ્ચે જ થવાનો હતો એટલે તે પૂર્વે જ મલાડ સંઘના યુવાન તથા પ્રૌઢ કાર્યકરો ઉત્સાહપૂર્વક આયોજનમાં લાગી ગયા હતા. મલાડ સંઘના પ્રમુખશ્રી હિંમતભાઈના સહકારથી, સેક્રેટરી શ્રી બાબુભાઈ સમસ્ત સગવડો કરી દેવામાં ખડે પગે તૈયાર રહેતા. યુવાન કાર્યકર શ્રી શાંતિલાલ મણિભાઈની રાતદિવસની જહેમતે અને અન્ય કાર્યકરોના યથાયોગ્ય સહયોગથી ભારે સમારોહની તૈયારી ચાલી. પૂ. પંન્યાસજી મહારાજ સાહેબના ઓળીના વ્યાખ્યાન શરૂ થઈ ગયા. શેઠ દેવકરણ મુળજી જૈન દેરાસર વાડીમાં મોટો મંડપ નાખવામાં આવ્યા. જેથી એમાં સેંકડોની સંખ્યામાં આયંબિલ થઈ શકે. તેમજ પછી દીક્ષાના દિવસે નવકારશી જમણ પણ થઈ શકે.

દીક્ષા પ્રસંગે મહોત્સવની અગાઉથી પધારવા ભાવપૂર્વકની વિનંતીથી વ્યાખ્યાન વાચસ્પતિ મહાન શાસન પ્રભાવક પૂજ્ય આચાર્યદેવશ્રી **વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજ સાહેબ સપરિવાર ચૈત્ર સુદ-૧૦ મલાડનાં આંગણે પધાર્યા, નેમાણીની ચાલથી ભવ્ય સ્વાગત સમારોહ થયો. રોજ એઓશ્રીના પ્રભાવક પ્રવચનો સાંભળવા શ્રોતાજનોથી વ્યાખ્યાન મંડપ ચિકાર ભરાઈ જતો. ચૈત્ર સુદ-૧૩ના સવારે પ્રભુ શ્રી મહાવીરદેવના જન્મકલ્યાણકનો વરઘોડો ચડ્યો, મુમુક્ષુ ભાઈ શ્રી રજનીકાંત ભગવાનના રથના સારથિ બનેલા. ત્યારબાદ પ્રવચનમાં પૂ. આચાર્યદેવશ્રીએ જન્મકલ્યાણક અંગે બોલતા નયસાર-મરિચિ વગેરે પૂર્વ ભવના પ્રસંગો તથા અંતિમ ભવના પ્રસંગ લઈ આજના સંસ્કૃતિલોપ, સ્વચ્છંદ-વાણીવિલાસ, વિષય-સુખોમાં અંધ આસક્તિ, વગેરેની ભારે ખતરનાકતા બતાવી હતી. રાતના ભાવના પછી મંડપમાં દીક્ષાર્થીભાઈઓને મલાડસંઘ તરફથી અભિનંદન આપવા મેળાવડો યોજવામાં આવ્યો. લગભગ ૨૦૦૦ની જનસંખ્યા હતી. રાતના બાર વાગ્યા સુધી લોકો ખૂબ રસથી બેસી રહેલા.

ચૈત્ર સુદ ૧૩થી રોજ પૂજા ભાવનાનો કાર્યક્રમ અત્રેનાં પાર્શ્વદીપક સ્નાત્રમંડળ દ્વારા સુંદર રાગરાગિણીની રમઝટથી ઉજવાતો. પ્રભુજીને સુંદર અંગરચનાઓ કરવામાં આવતી. ચૈ. સુ. ૧૫ના પૂ આચાર્યદેવ આદિ સકલસંઘે શ્રી સિદ્ધાચલજીના પટ

આગળ ભાવભક્તિ, ૨૧ ખમાસમણનો પ્રસંગ ઉજવ્યો. ચૈત્ર પૂનમ. એકમ રાતના બોરડીથી ગૃહપતિ શ્રી પારસમલજી ભંડારીથી કેળવાયેલ બોર્ડિંગ વિદ્યાર્થી સંગીત મંડળીએ ગૌતમનિવાસમાં વિશાળ મંડપમાં ભાવના, રાત્રિ-જાગરણનો અદ્‌ભુત કાર્યક્રમ બતાવ્યો, ઊંચા મંચ પર યુનિફોર્મમાં સજ્જ નાના વિદ્યાર્થીઓનું મંડળ ગીત, નૃત્ય, આંગળી પર થાળી ફેરવતા સામસામે ઝીલવાનું, રાસગૂંથણી, વગેરે એવું જમાવ્યું કે રાતના બાર વાગ્યા છતાં લોક ઊઠવા તૈયાર નહિ. તેમ મંડળીના છોકરાઓ પણ થાકતા નહિ. એ બોર્ડિંગમાં ભંડારીજીએ આ કવાયત ઉપરાંત રોજ દર્શનપૂજા, તિથિએ વ્રત, રાત્રિભોજન ત્યાગ વગેરેની તાલિમ સારી આપી છે. મંડળને શાંતિસદનમાં ઉતારો અપાયેલ હતો. ચૈત્ર વદ-૧ બપોરે અમદાવાદ જ્ઞાનમંદિરવાળા વિધિકારક શ્રી રમણભાઈની દોરવણી નીચે સુંદર શાતિસ્નાત્ર ભણાવાયું, મલાડસંઘનો ઉત્સાહ અમાપ હતો. સાંજના શ્રી દલીચંદભાઈનું મોટું કુટુંબ, મહિલામંડળ ઉપાશ્રયે દીક્ષાના ઉપકરણોની બે છાબ લેવા આવ્યું ત્યાં 'તમે તો મૂકીને ચાલ્યા જાઓ છો રજનીભાઈ !'ના કરુણાભર્યા ગીતથી બેનોની આંખોએ શ્રાવણ ભાદરવો વરસી રહ્યા હતા.

આમ ચૈત્ર વદ ૨ દીક્ષાનો મંગળ દિવસ દીક્ષાર્થીઓ તથા એમના વિશાળ કુટુંબ અને શ્રી સંઘના ભારે ઉત્સાહ સાથે આવી પહોંચ્યો. સવારે ૭।।। વાગે દીક્ષાર્થીના પિતાજી શેઠ શ્રી નાનચંદ મુળચંદ અને ભાઈશ્રી અમૃતલાલના નિવાસસ્થાન સવિતાસદનથી દીક્ષા વરસીદાનનો મોટો વરઘોડો ચડ્યો, એમાં અનુક્રમે નોબત ડંકા, ઇંદ્રધ્વજની ચાંદીની ગાડી, સાંબેલા બેન્ડ, મહિલા સંગીત મંડળ તથા બોરડી સંગીત મંડળ ખુલ્લી ગાડીમાં ડાંડિયા ગીત નૃત્યના કાર્યક્રમ ચાલતા, પછી ઊંચી ૪ ઘોડાની શણગારેલી બગીમાંથી દીક્ષાર્થી પિતા-પુત્ર છૂટે હાથે બદામ તથા પૈસા ઉછાળી રહ્યા હતા. રૂપાળા ભાઈશ્રી રજનીકાંત ઝવેરાતના અલંકારો સાથે દરબારી ડ્રેસમાં રાજકુંવર-શા શોભી રહ્યા હતા. એમની પાછળ મલાડ યુવક મંડળનું બેન્ડ સૂરીલા વાજિંત્રોથી ગગનપટને વ્યાપ્ત કરી દેતું. પછી પૂ. આચાર્યદેવ આદિ વિશાલ મુનિગણ તથા સાજન પછી બેન્ડ, ભક્તિમંડળ, પ્રભુજીનો ચાંદીનો ભવ્ય રથ અને અંતે દીક્ષાના ઉપકરણોની છાબો સહિત મહિલા સમૂહ ચાલી રહ્યો હતો. મલાડના વિસ્તૃત રાજમાર્ગ પર હજારો જૈન-જૈનેતર લોકોએ વરઘોડો નિહાળી ભારે અનુમોદના કરી.

દીક્ષાનો વરઘોડો ગૌતમ નિવાસના જંગી દીક્ષા મંડપમાં આવી પહોંચવા પહેલેથી હજારોની સંખ્યામાં માનવમેદની જગા જમાવી બેઠી હતી. તે વરઘોડો ઉતર્યા પછી માનવ મહેરામણ પથરાઈ ગયો. ઊંચા મંચ પર મુનિગણ અને આગળ નીચા મંચ પર મોટું સમવસરણ મંડાયેલું તથા દીક્ષાર્થીઓ પણ એ મંચ પર આરૂઢ

હોઈ લોકોને ચારે બાજુથી બરાબર દર્શન થતા.

પૂ. આચાર્યદેવશ્રીની નિશ્રામાં પૂ. પંન્યાસજી ભાનુવિજયજી ગણિવર દીક્ષા વિધિના સૂત્રોનું સંવેગ વૈરાગ્યભર્યા બુલંદ અવાજે ઉચ્ચારણ કરતા. તેમ આ એક અદ્‌ભુત દીક્ષા પ્રસંગ હતો તેથી લોકોનાં હૈયા ગદ્‌ગદ થતા હતા. સમય આવતાં પૂ. આચાર્યદેવશ્રીએ બંને દીક્ષાર્થીઓને રજોહરણ આપ્યા એ વખતે જય જયકારથી મંડપ ગાજી ઊઠ્યો. બાદ સ્નાન મુંડન વિધિ થઈ મુનિના વેશમાં આવી પહોંચતા જયજયકારનો ધ્વનિ પ્રસરી ગયો. લોકોના દર્શનાર્થે ઊંચા મંચની ઉપર ચારે બાજુએ ફરતા દીક્ષાર્થીઓ લોકોના હૃદયને વલોવી રહ્યા હતા. લગ્નમુહૂર્ત આવતાં પૂજ્યશ્રીએ લોચ કરેલ તથા સર્વવિરતિ સામાયિક સ્થિરીકરણની ખમાસમણ વિધિ થયેલ. નાણને પ્રદક્ષિણા દેતાં ચારે બાજુથી ચતુર્વિધસંઘે અક્ષતથી વધાવ્યા હતા. નામકરણવિધિ થતાં દલીચંદભાઈને પૂ. પં. શ્રી ભાનુવિજયજી ગણીના શિષ્ય મુનિશ્રી દેવસુંદરવિજયજી તરીકે તથા ભાઈશ્રી રજનીકાંતને મુનિશ્રી દેવસુંદરવિજયજીના શિષ્ય મુનિશ્રી રત્નસુંદરવિજયજી તરીકે જાહેર કરવામાં આવ્યા. ક્રિયાવિધિ પૂરી થતાં સંઘે નૂતન મુનિઓને વંદન કરી કામળી કપડાઓ વહોરાવ્યા. દેરાસરની પાસેની વાડીના મંડપમાં સ્વામીવાત્સલ્ય સવારે નવ વાગ્યાથી શરૂ થયું હતું. તે બપોરે ૨-૨॥ વાગ્યા સુધી ચાલ્યું. લગભગ ૧૫-૧૬ હજાર ભાવિકોએ લાભ આપ્યો. સાંજના પૂ. આચાર્યદેવશ્રી આદિ પરિવાર વિહાર કરી કાંદીવલી પધાર્યા. નૂતન દીક્ષિતો સાથે પૂ. પં. શ્રી ભાનુવિજયજી ગણિવર મલાડ દેવકરણ મૂળજી જૈનવાડીના ઉપાશ્રયમાં બિરાજે છે અને એઓશ્રી અત્રે તા. ૩૦ એપ્રિલથી શરૂ થતી ભારતના નગરોથી આવતા વિદ્યાર્થીઓનું આધ્યાત્મિક ગ્રીષ્મ શિક્ષાયતનમાં જૈનતત્ત્વજ્ઞાન, મોક્ષમાર્ગ, આચાર વગેરે પર પ્રવચનો આપશે.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૧૫,અંક-૩૭,તા.૨૭-૫-૧૯૬૭

મુંબઈ આધ્યાત્મિક જૈન ગ્રીષ્મ શિક્ષાયતનમાં ૯૯મી વર્ધમાન તપની ઓળીનું પારણું

અજોડ અનુમોદનીય આરાધના પ્રસંગ :

દર વર્ષ મુજબ આ વર્ષે શ્રી જૈન ધાર્મિક શિક્ષણ ગ્રીષ્મ આધ્યાત્મિક શિક્ષાયતન મુંબઈમાં મલાડ મુકામે તા. ૨૮-૫-૬૭ના રોજ શરૂ થયું છે. ભારતભરના જુદા જુદા ગામોમાંથી કૉલેજ મેટ્રીક તથા સ્કૂલ કક્ષાના ૨૧૦ વિદ્યાર્થીઓ આધ્યાત્મિક

જ્ઞાનનું પાન કરી રહ્યા છે. આવશ્યક સૂત્ર રહસ્ય મોક્ષમાર્ગ જૈન તત્ત્વજ્ઞાન, જૈન આચાર, જૈન ઇતિહાસ વગેરે વિષયોનું મનોવૈજ્ઞાનિક શૈલીથી ઊંડી સમજપૂર્વક સુંદર રીતે અધ્યયન અને સંસ્કરણ ચાલી રહ્યું છે. પરમપૂજ્ય સિદ્ધાંતમહોદધિ આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના વિદ્વાન શિષ્યરત્ન પૂજ્ય પન્યાસ વિદ્વદવર્ય શ્રી ભાનુવિજયજી ગણિવર્ય વાચના આપી રહ્યા છે.

પૂજ્ય ગુરુદેવને વૈશાખ વદ ૯ ગુરુવારે ૯૯મી ઓળીના પારણાનો પ્રસંગ આવ્યો ત્યારે વિદ્યાર્થીગણે નિર્ણય કર્યો કે આ પારણા પ્રસંગે વહોરાવવાનો લહાવો અમને મળવો જોઈએ. વિદ્યાર્થીઓમાં હરિફાઈ જામી અને એ માટે ઉછામણી બોલાવવાની શરૂઆત થઈ. ગુરુભક્તિનો લહાવો લેવાનો અને અનેકવિધ અભિગ્રહ, વ્રત-નિયમો ગ્રહણ કરવાનો ઉત્સાહ અનેરો હતો. તા. ૧૭મીના રાત્રે ઉછામણી બોલાવવાના પ્રસંગે ૨૧૦ વિદ્યાર્થીઓ ઉપરાંત બીજા અનેક ભાઈબહેનોએ પણ લાભ લેવાની તૈયારી સાથે હાજરી આપી. રાતના ૮ થી ૧૧ વાગ્યા સુધી ઉછામણી બોલાઈ.

આ પ્રમાણે ઉછામણીનો દિવસ પૂર્ણ થયો. વૈ. સુ. ૯ના શુભ દિને સવારે ઉછામણી બોલનારા ભાગ્યશાળીઓ પૂ. પંન્યાસજી મહારાજાદિ મુનિવરોને લાભ આપવા વિનંતી માટે આવી પહોંચ્યા હતા. 'જૈન શાસનકી જય'ના ગુંજારવથી પૂજ્યશ્રીના પગલાં કરાવી ગુરુપૂજન તથા જ્ઞાનપૂજન કરેલ. વહોરાવનાર ગ્રુપ ગોઠવાઈ ગયા હતા. ગુરુદેવને વહોરાવવાનો ઉમંગ અમાપ હતો. જે નજરે નિહાળનારને અનુભવમાં આવે. અપૂર્વ અનુમોદનીય અવસર પામી વિદ્યાર્થીઓ અને બીજા ભાઈબહેનોને વહોરાવતાં ૮-૩૦ વાગ્યા હતા. આમાં ધ્યાન ખેંચવા લાયક બીના એ હતી કે પૂજ્યશ્રીએ શિબિર કારભારીને પહેલેથી જ સૂચવ્યું હતું કે અમારા નિમિત્તે કોઈપણ આરંભ સમારંભ ન થવો જોઈએ. અને એ મુજબ કારભારીઓએ ધ્યાન રાખવાથી શિબિરના ૨૨૫ વિદ્યાર્થીઓ તથા આમંત્રિતો માટે જે ભક્તિ રાખી હતી, એમાંથી જ લાભ લેવામાં આવ્યો હતો. ત્યાર પછી સવારે ૧૦ વાગે અષ્ટાપદજીની પૂજા શ્રીયુત પૃથ્વીરાજ ભીકમચંદ તરફથી ભણાવવામાં આવી હતી. ગુરુભક્ત શ્રી પૃથ્વીરાજભાઈએ પૂજ્યશ્રી વાંદરા (મુંબઈ) પધારેલા ત્યારે સંઘપૂજાનો લાભ લીધેલ. પારણાના દિવસે વિદ્યાર્થીઓને તથા આમંત્રિતોને જમણ અને અષ્ટાપદજી ભવ્યપૂજાનો લાભ તેઓએ પોતાને મળે એ માટે દિવસો પૂર્વે માગણી કરી રાખેલ હતી. આ પૂજા ભણાવાતી હતી અને ગુરુદેવશ્રીએ પૂજાના ભવ્યભાવો પોતાની વૈરાગ્યમય શૈલીથી સમજાવતા હતા તે વખતે પણ લોકોના ઉમંગના દર્શન થતા હતા. પૂજા વખતે એક અદ્‌ભુત બનાવ બન્યો મૂળ નાયક શ્રી

જગવલ્લભ પાર્શ્વનાથ પ્રભુના અંગોમાંથી અમી ઝરવા માંડ્યું, જે બપોરના ૧-૦૦ વાગ્યા સુધી ચાલુ રહ્યું સેંકડો લોકો દશ્ય જોવા ઉમટી પડ્યા. મંદિરના ગભારા આગળ પડાપડી કરી રહ્યા હતા. છતાંય સર્વેએ આ અવસર ખૂબ શાંતિપૂર્વક જોયો. લોકો આ પ્રસંગે મહાન કર્મક્ષય અને પુણ્ય પ્રાપ્ત કર્યાનો આનંદ માણવા લાગ્યા. બપોરે શ્રી વેલજીભાઈ દાદરવાળાએ ગુરુગુણનું પ્રાસંગિક કાવ્ય બનાવી સર્વેને ગુરુભક્તિમાં ઝીલતા કર્યા હતા.

બીજે દિવસે એટલે કે વૈ. સુ. ૧૦ તા. ૧૯મીના રોજ પૂ પંન્યાસજી મહારાજના સવારના ૬ થી ૮।। સુધીના વ્યાખ્યાનો પછી ૧૦।। વાગે નૂતન શિષ્યરત્ન મુનિશ્રી દેવસુંદરવિજયજી તથા પ્રશિષ્ય મુનિશ્રીરત્નસુદરવિજયજી મહારાજની વડી દીક્ષાનો પ્રસંગ હોવાથી ઘણા ભાઈ-બહેનો પધાર્યા હતા. વચમાં પૂજયશ્રીએ મહાવ્રતોના ભાવ ખૂબ સુંદર રીતે સમજાવ્યા ત્યારપછી બપોરના શ્રી **સિદ્ધચક્ર મહાપૂજન** દોશી નાનચંદ મુળચંદ દેપલાવાલા તથા દોશી લાલચંદ હેમચંદ આંબાવાળા તરફથી રાખવામાં આવેલ. વિધિ વિધાન માટે શેઠ શ્રી હીરાલાલ મણીલાલ અમદાવાદ ગીરધરનગરવાળા તથા શેઠ શ્રી હિંમતલાલ વનેચંદ પધાર્યા હતા.

તા. ૨૦ વૈ. સુ. ૧૧ના શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણકપૂજા આનંદીલાલ કમળશીભાઈ, હિંમતભાઈ દીપચંદ અને બાપુભાઈ બાલુભાઈ તરફથી રાખવામાં આવેલ. આ ત્રણે દિવસો દરમિયાન રાતના ભાવના રાખેલ. કોલ્હાપુરથી સંગીતકુશળ ભાઈશ્રી કુમાળપાળ દલિચંદભાઈએ પૂજા તથા ભાવનામાં ખૂબ રમઝટ જમાવી. શ્રી અજિતશાંતિ સ્તવન પણ જુદા જુદા રાગોમાં ગાઈ પ્રભુભક્તિમાં તરબોળ કર્યા હતા. ૧૦૮ દીવાની આરતી શ્રી અમૃતલાલ ભોગીલાલે ૧૦૫ મણ ઘીની બોલીથી ઉતારી હતી. તથા મંગળદીવો શિબિર વિદ્યાર્થી પ્રદીપકુમાર ચીનુભાઈએ ૫૧ મણ ઘીની બોલીથી ઉતાર્યો હતો. શ્રી પાર્શ્વદીપક સ્નાત્રમંડળ તથા શિબિર વિદ્યાર્થીઓએ પણ ભાવનામાં પ્રભુગુણ ગાયા હતા. આમ ત્રણે દિવસો અનુમોદનીય બન્યા હતા.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૧૫,અંક-૩૮,તા.૩-૬-૧૯૬૭

(ગયા અંકથી ચાલુ)

મુંબઈ આધ્યાત્મિક જૈન ગ્રીષ્મ શિક્ષાયતનમાં

૯૯મી વર્ધમાન તપની ઓળીનું પારણું

(૧-૨) બે વર્ષમાં ચારિત્ર લેવું અને જીવનભર બ્રહ્મચર્ય.

(૩) ૧૩૦૧ અઠ્ઠમ પાંચ વર્ષમાં કરવા અને કરાવવા.
શ્રી પાર્શ્વદીપક સ્નાત્ર મંડળના ભાઈઓ.

(૪) ૧૧૫૧ છઠ્ઠ કરવા અને કરાવવા (૧) પ્રદીપ ચીનુભાઈ, ગિરીશ શાહ વગેરે શિબિર ૬ લીડરો

(૫) સજોડે આજીવન બ્રહ્મચર્ય ગિરધરભાઈ માનચંદ વોરા, પુષ્પાબેન ગિરધરભાઈ.

(૬) ૨૩૧૧ આયંબિલ કરવા-કરાવવા પાંચ વર્ષમાં
જયવંતિબેન જયસુખલાલ વોરા.

(૭) ૧ વર્ષી તપ ૨ વર્ષમાં કરવું. લહેરચંદ ભાઈચંદ
૧ વરસી તપ ૧૧ વર્ષમાં કરવું. પ્રવીણચંદ્ર ફકીરચંદ ઝરીવાલા

(૮) ૧ માસક્ષમણ અથવા (૨) ૧૬ ભથ્થા પાંચ વર્ષમાં
અરવિંદકુમાર અમરચંદ-પાલીતાણા.

(૯) ૧૬ ઉપવાસ એકી સાથે ૧૦ વર્ષમાં લહેરચંદ ઉમેદચંદ-સુરત, રતનચંદ ભીમરાજ સોલંકી, જયવંતીબેન મનસુખલાલ વોરા.

(૧૦) ૧૦ વર્ષમાં ૫ અઠ્ઠાઈ
મહેન્દ્ર મનસુખલાલ દૂધવાલા-મુંબઈ, બિપિનકુમાર ચંદુલાલ શાહ, દીપકકુમાર કેશવલાલ, હસ્તીમલ ધેવરચંદ, પ્રદીપ ચીનુભાઈ ઝવેરી, કલ્પનાબહેન નંદલાલ તારાચંદ દોશી ઉંમર ૧૦ વર્ષ
હીણા રસીકલાલ શાહ, કિરિટકુમાર પ્રેમચંદ પારેખ, હર્ષદભાઈ મણિલાલ, અશોક અમૃતલાલ મોરખીયા, અશોકભાઈ અચરતલાલ, રંજનબાળા અમૃતલાલ, લક્ષ્મણભાઈ મોહનભાઈ-બોડેલી.

(૧૧) ૧ નવ્વાણું વિધિ સહિત પાંચ વર્ષમાં
હિંમતલાલ ભાયચંદ મલાડવાળા, ઝવેરચંદ વશરામ.

(૧૨) ૧ ઉપધાન પાંચ વર્ષમાં જશવંત લલ્લુભાઈ. પાત્રીસું ઉપધાન પાંચ વર્ષમાં ઝવેરચંદ વશરામ.

(૧૩) ૫૧ ઉપવાસ (છૂટા) ૭ વર્ષમાં ચંદ્રકાંત જયંતિલાલ, કમલ કે. સુતરીયા, (દહાણું) મહેશચંદ વાડીલાલ શાહ, ભુપેન્દ્ર શાહ, પ્રદીપ અનુભાઈ, અરવિંદ મણિલાલ શેઠ, કિરિટ કાંતિલાલ ગાંધી, કિરીટ જીવનલાલ શાહ, **૩૫ ઉપવાસ** ૭ વર્ષમાં મલાડ અશ્વિન મુગટલાલ દોશી, અશોક અમૃતલાલ-વાપી, **૫૧ ઉપવાસ ૫ વર્ષમાં** ધરમચંદ ગુલાબચંદજી

(૧૪) **વૈશાખ સુદ ૮ તા. ૧૭-૫-૧૯૬૭થી વર્ધમાન તપનો પાયો વિજયકુમાર સુમતિલાલ.** નરેન્દ્ર જયંતિલાલ મહેતા,
૧ મહિનામાં વર્ધમાન તપનો પાયો પ્રદિપ ચીનુભાઈ
૬ મહિનામાં વર્ધમાન તપનો પાયો અરવિંદ મણિલાલ
૧ મહિનામાં વર્ધમાન તપનો પાયો વિનોદ જમનાદાસ

(૧૫) કેટલા નિયમો લીધા ? ઉંમર વર્ષ-નામ.

૧૭ નિયમો લીધા.	૧૩ વર્ષ કિર્તિકુમાર શાંતિલાલ
૨૩ નિયમો લીધા.	૧૨ વર્ષ હેમેન્દ્ર ઉમેદચંદ-સુરત
૨૪ નિયમો લીધા.	૧૧ વર્ષ રમેશ ઉમેદચંદ-સુરત
૧૪ નિયમો લીધા.	૧૫ વર્ષ મોહન શાંતિલાલ
૨૦ નિયમો લીધા.	૧૭ વર્ષ અનિલ શાંતિલાલ

૫૫૧ બીયાસણા ૧૦ વર્ષમાં કરવા : દિનેશ નગીનદાસ ઉંમર-૧૭

(૧૬) ૫૦૧૧ એકાસણા પાંચ વર્ષમાં કરવા-કરાવવા ૬ નું ગ્રુપ વિપિન અમૃતલાલ, કુમારપાળ છબીલદાસ-માટુંગા

(૧૭) ૨૦૦૧ બીયાસણા પાંચ વર્ષમાં કરવા-કરાવવા. રાજેન્દ્ર શાંતિલાલ વડોદરા ગ્રુપ

(૧૮) ૧૭,૧૬૧ સામાયિક પાંચ વર્ષમાં કરવા-કરાવવા. ૧૫નું ગ્રુપ હસમુખ રસીકલાલ પરીખ, અરવિંદ ચંદુલાલ શાહ-દાદર, ૫,૦૦૦ સામાયિક પોતે કરવા. નાનચંદ મુળચંદ દેપલાવાલા-મલાડ.

(૧૯) ૨ વર્ષમાં ૧ ચોમાસું સળંગ બીયાસણા. રજનીકાંત ચંદુલાલ, પ્રકાશ જયંતિલાલ ગાંધી, મફતલાલ ચંદુલાલ શુકલતીર્થ.

(૨૦) ૧ કરોડ **નમો અરિહંતાણં** નો જાપ જિંદગીમાં કરવો. નાનચંદ મુળચંદ દેપલાવાલા, અરવિંદ ચંદુલાલ, વિનોદ જમનાલાલ.

(૨૧) ૩૫,૦૦૦ નવકારવાળી બાંધી પાંચ વર્ષમાં મુંબઈ ૨૫ + અમદાવાદના ૧૫ એમ કુલ ૪૦નું ગ્રુપ મુંબઈ સુરેશ વસંતલાલ અમદાવાદના જયંતિલાલ સંઘવી.

(૨૨) ૯ લાખ નવકાર ૧૦ વર્ષમાં પ્રદિપ ચીનુભાઈ આ ચોમાસું ૬ વિગઈ બંધ, ફળફળાદિ લીલોતરીનો ત્યાગ પાંચ વર્ષમાં ૨૫ ઉપવાસ. સંઘવી સેવંતીકુમાર ત્રિભોવનદાસ-સુરેન્દ્રનગર અમૃતલાલ ઉમેદમલ-પુના.

(૨૩) ૫૦૧ બીયાસણા પાંચ વર્ષમાં ભરત મનસુખલાલ-બરોડા.
૨૦૧ બીયાસણા પાંચ વર્ષમાં વિક્રમ કાંતિભાઈ-બરોડા.
૨ વર્ષ સુધી પાંચ તિથિ બીયાસણા, હેમેન્દ્ર રસિકલાલ-મલાડ.
૧ વર્ષમાં ૨૦ એકાસણા અશ્વિન વિ. શાહ-કચ્છ.
વીરચંદ કે શાહ-કચ્છ શાંતિલાલ એલ. શાહ-કચ્છ.
૧૦ વર્ષ પૂજા કરવી. સુરેશ વસંતલાલ મુંબઈ
૧૦ વર્ષ પૂજા કરવી. ધર્મરુચિ વસંતલાલ મુંબઈ
પાંચ વર્ષ થાળી ધોઈને પીવી ચંદ્રકાંત જે. શાહ-મુંબઈ
ત્રણ વર્ષમાં ૫૦ બેસણાં જયંતિલાલ ડુંગરસી હસમુખ અંબાલાલ.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૧૬,અંક-૧૮,તા.૧૩-૧-૧૯૬૮**

● **રાજપિપળા :** પૂ.ગુરુદેવ પંન્યાસશ્રી ભાનુવિજયજી ગણિવર્ય સુરતથી વિહાર કરી **કઠોર** પધારતાં બપોરના વ્યાખ્યાનમાં સારાં નિયમો લેવાયા. ત્યાંથી કરજણ-તડકેશ્વર-માંગરોલ સારો લાભ આપતા **વાલીયા** પધાર્યા. હાઈસ્કૂલમાં પ્રવચન થયેલ, શિક્ષકો, હેડમાસ્તર વિદ્યાર્થીઓ પર જૈનધર્મની સારી અસર પડી. રાત્રે સંઘની સભામાં પૂ. પંન્યાસજી મ.ની વૈરાગ્ય-નિતરતી દેશનાથી ત્યાંના જિર્ણોદ્ધાર થતાં દેરાસર અને ઉપાશ્રયના બંધ પડેલા કામો અંગે દોરવણી આપી લગભગ ચારેક હજારની ઉપજ થઈ. કમિટિ નક્કી થઈ કામ શરૂ કરવાનું નક્કી થયું. ત્યાંથી **ઝઘડીયાતીર્થ** પધાર્યા. બપોરે પ્રવચન રખાયેલ. સાંજનો વિહાર હતો, પરંતુ બોર્ડીંગના ગૃહપતિ વગેરેની વિનંતીથી સ્કૂલમાં પ્રવચન આપવામાં આવેલ, હેડમાસ્તર શિક્ષકો વિદ્યાર્થીઓ પ્રભાવિત બન્યા. રાજપિપળાથી શ્રી પ્રેમચંદભાઈ સંઘ સાથે રાજપિપળા પધારવા વિનંતી કરવા આવી પહોંચ્યા હતા. વચમાં **પ્રતાપનગર** મુકામ થતાં બપોરે વ્યાખ્યાનમાં સારા વ્રત-નિયમો લેવાયા, સવારે ૮.૩૦ વાગે ભવ્ય સામૈયાપૂર્વક અત્રે પધારતાં ઠેર ઠેર ગહુલીઓથી વધાવાયા. દેરાસરે દર્શન કરી સુમતિવિલાના હોલમાં વ્યાખ્યાન થયું તેમજ અગાઉથી પત્રિકામાં છપાવી દીધા પ્રમાણે હાઈસ્કૂલમાં સવારે ૯ વાગે જાહેર વ્યાખ્યાન **"આત્માના સૌંદર્ય"** એ વિષય પર થયેલ, જેનો ટૂંક હેવાલ "સંદેશ" દૈનિકના ખબરપત્રીએ નીચે પ્રમાણે **"સંદેશ"** દૈનિકમાં આપેલ હતો.

'પશુ પેટના આધારે અને માનવી મનના આધારે સુખ ભોગવે છે.'

- પૂ. પં. ભાનુવિજયજી

(ખબરપત્રી તરફથી) **રાજપીપળા, તા.૨**

'જીવન એક બાજી છે ખેલતાં આવડે તો આત્માને ઉચ્ચ સ્તર પર લઈ જાવ, નહિતર અધઃપતન કરાવે. માનવ તરીકે જીવ્યાની વિશેષતા આહાર-વિષય-પરિગ્રહ-નિદ્રાની સંજ્ઞાઓ પોષવાની નથી કેમકે એ તો પશુને ય આવડે છે, કિન્તુ એના પર સંયમન મુકવામાં અને પરમાત્મ ભક્તિ તથા તત્વ ચિંતવનાદિ ધર્મની સાધના કરવામાં છે. જે અવશ્ય મૂકીને જ મરવાનું એની બહુ ભાંજગડ કરવા કરતાં જ્યાં જવાનું છે એની સલામતીનો વિચાર અને પ્રયત્ન પહેલો કરાય એમાં બુદ્ધિમતા છે.' ઉપર મુજબના શબ્દો વિશાળ સભા સમક્ષ પૂજ્ય પંન્યાસ શ્રી ભાનુવિજયજી ગણિવરે અત્રેની રાજપીપળા હાઈસ્કૂલના પ્રાર્થના હોલમાં **"આત્માના-સૌંદર્ય"** વિષય પર પ્રવચન આપતાં આજે સવારે ઉચ્ચાર્યા હતા.

એઓશ્રીએ આગળ ચાલતાં જણાવ્યું હતું કે માનવભવ એ પંચવર્ષીય પ્રમુખપદ છે. હોદ્દેથી ઉતર્યે એમાંથી નિર્જન દ્વીપમાં હકાલપટ્ટી થવાની છે. પરંતુ જો અહીં રહ્યે એ દ્વીપને સ્વર્ગીય નિવાસ બનાવી દેવાશે તો પછી અહીંનું મૃત્યુ હસતાં વધાવી લેવાશે. જીવનું સ્વતંત્ર અસ્તિત્વ છે. તો જ વિશ્વમાં વૈવિધ્ય સર્જાય છે. જુદી જુદી જાતની માટીના મિશ્રણ વચ્ચે શંખલા ઉત્પન્ન થાય છે. તેમાં જે કેટલાય કેમીકલ્સ છે તે માટીમાં મુદ્દલ નથી. ક્યાંથી આવ્યા એ ? જૈન દર્શન એનું સમાધાન આપે છે કે શંખલા તરીકે ઉત્પન્ન થનાર જીવે વાતાવરણમાંથી પણ આહાર તરીકે ગ્રહણ કરેલ કદને પોતાની જીવશક્તિથી પરિવર્તન કરેલ એ અણુઓ છે. પૂર્વ જન્મમાં સ્મરણ પણ જીવસત્તા પૂરવાર કરે છે. માનવસુખ ઈચ્છે છે પણ એનામાં પશુ કરતાં વિશેષતા એ છે કે પશુ પેટના આધારે સુખ અનુભવે છે. ત્યારે માનવ મનનાં આધારે સુખ પામે છે. માટે આજના માનસશાસ્ત્રીઓ કહે છે કે Human being is not a belly but a brain આમ હોઈ માનવજાત તો જ સુખી થઈ શકે કે જો એનું મન તંદુરસ્ત હોય, ને એ તંદુરસ્તી પૂર્વે કહ્યું તેમ આહારાદિની સંજ્ઞાઓ પર કાપ મૂકી ત્યાગ, વ્રત, નિયમનાદિથી જ સિદ્ધ થાય.' વગેરે...

જૈનેતર શિક્ષિત આગેવાન વર્ગ મુગ્ધ થયો. ત્યાંથી નીકોડા-સીસોદ્રા થઈ સિનોર પધારતાં સંઘને અમાપ ઉત્સાહ વધ્યો. રોકાણ બહુ ઓછું છતાં હાઈસ્કૂલમાં પણ પ્રવચન રખાયું. પ્રિન્સિપાલ, હેડમાસ્તર, શિક્ષકો તથા બીજા આગેવાનો પર

ખૂબ પ્રભાવ પડ્યો. વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ માતા પિતાને રોજ પગે લાગવાના નિયમ લીધા...

• **વડોદરા** - પૂ. ગુરુદેવશ્રી પં.શ્રી ભાનુવિજયજી ગણિવર્ય પોતાના શિષ્ય પરિવાર સાથે સિનોરથી વિહાર કરી **ડભોઈ** પધાર્યા. ડભોઈ સંઘે સામૈયા સહિત ઠેર ઠેર ગહુંલીઓથી વધાવ્યા. પૂજ્યશ્રી અત્રેના પ્રસિદ્ધ શ્રી લોઢણ પાર્શ્વનાથ પ્રભુજીના દર્શન કરી ઉપાશ્રયે પધારતાં બહુ મોટો વ્યાખ્યાન હોલ પણ ચિક્કાર ભરાઈ ગયેલ. બપોરના પ્રવચન થયેલ. રાત્રે માત્ર પુરુષોની મોટી સભાને પૂજ્યશ્રીએ **'ધન્ના અણગાર'** પર પ્રવચન આપ્યું. બીજે દિવસે મોતીબાગ, જોરાભાઈ હોલમાં **'સંસ્કૃતિ અને આદર્શ'** એ વિષય પર જાહેર પ્રવચન આપતાં જૈન-જૈનેતરો પ્રભાવિત થયાં હતાં.

વડોદરાથી શ્રીયુત કેસરીચંદ વકીલ, શ્રી નગીનભાઈ વગેરે સંઘના ભાઈઓ વડોદરા પધારવા વિનંતી કરવા આવી પહોંચ્યા હતા. પૂજ્યશ્રીનું આગમન નિશ્ચિત થતાં સંઘમાં આનંદનું મોજું ફરી વર્યું હતું. શ્રી સંઘ-તરફથી પણ પૂજ્યશ્રીના ત્રણ દિવસના રોકાણમાં અભૂતપૂર્વ કાર્યક્રમની પત્રિકા બહાર પાડી હતી. પ્રથમ દિવસ તા. ૬-૮-૬૮ શનિવારના સાડા આઠ વાગે પ્રતાપનગર-બોર્ડિંગના દેરાસરે પધાર્યા. કોઠીપોળથી બિરાજમાન પૂ.મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી તથા તેમના શિષ્ય મુનિશ્રી જયચંદ્રવિજયજી તથા બાલમુનિ ભાનુચંદ્રવિજયજી પૂર્વે ડભોઈના વતની હોવાથી તેમનું તથા પૂજ્યશ્રીનું ડભોઈના વતનીભાઈઓ તરફથી ચોખંડી દરવાજા પાસેથી ભવ્ય સામૈયું ચઢતાં સામૈયામાં શહેરના અગ્રગણ્ય નાગરિકો, શ્રી હસ્તીમલજી, શ્રી શુકનરાજજી, શ્રી શાંતિલાલ પારેખ, શ્રી પુખરાજજી, શ્રી જેઠમલજી, શ્રી નગીનભાઈ, શ્રી પં.લાલચંદજી, શ્રી ભુવનકુમાર સુતરીયા વગેરે ઉપરાંત જૈનેતરો, તથા શ્રી સંઘની માનવમેદની સહ સામૈયું આત્માનંદ જૈન ઉપાશ્રયે ઉતરતાં ત્યાં બિરાજમાન પૂ.પં.શ્રી નેમવિજયજી મહારાજ, પં. શ્રી ચંદનવિજયજી આદિ મુનિવરોએ આનંદ વ્યક્ત કર્યો હતો. પૂજ્યશ્રીનું પ્રવચન બપોરના બાર વાગ્યા સુધી થયું હતું. પ્રવચનમાં પૂજ્યશ્રીએ માનવભવ પ્રાપ્તિની દુર્લભતા અને તેનો ઉપયોગ ઇન્દ્રિયોના દમનમાં કરવા માટેનો અનુરોધ કર્યો હતો. બપોરના ગાંધીરોડના મોટા દેરાસરે શ્રી અષ્ટાપદજીની ભવ્ય પૂજામાં ચિક્કાર મેદની હતી. ઘણાંને પૂજામાં બેસવાની જગ્યા ન મળતાં નિરાશ થઈ પાછા જવું પડ્યું હતું. શ્રી આદિ જિનમંડળ તથા સંગીતકારોને એકેક પૂજાની વિવિધ ચાલ પૂજ્યશ્રીના મુખેથી જાણવા મળી. શ્રી સંઘને પૂજાના ગુઢ ભાવો સાંભળવાનો જીવનનો અમુલ્ય અવસર પ્રાપ્ત થયો હતો. રાતના આઠ વાગે પૂજ્યશ્રીના મુખેથી ગદ્ય-પદ્યમાં વિરાગ નિતરતી મહાપુરુષોના જીવન આલેખતી

દેશના સાંભળવા સંઘના ભાઈઓએ અકલ્પ્ય સંખ્યામાં ભાગ લીધો હતો.

બીજો દિવસ : આજે રવિવાર હોવાથી સાડા નવ વાગે પૂજ્યશ્રીનું ઉપાશ્રયના હોલમાં પ્રવચન સાંભળવા લોકોએ નવ વાગ્યાથી જ જગ્યા મેળવી લીધેલી. પ્રવચનમાં પૂજ્યશ્રીએ માનવભવ એટલે સંસાર-સમુદ્રની સપાટી પરનું જીવન એટલે ઊંચે ચઢેલો ને બહુ જાણકાર છતાં ચારિત્ર ને ગુણો વિનાનો નીચે ડૂબી જાય છે.' એ વિષય પર દૃષ્ટાન્તો સહ હૃદયવેધક પ્રકાશ પાડ્યો હતો. બપોરે ત્રણ વાગે અત્રેના શ્રી જૈન યુવક મંડળના ઉપક્રમે પૂજ્યશ્રીનું **'શાન્તિનો માર્ગ'** ઉપર જાહેર પ્રવચન શહેરના કોંગ્રેસભવનના અબ્બાસ હોલમાં રાખવામાં આવ્યું હતું. પ્રવચનનો કાર્યક્રમ પેપરોમાં વાંચી ડભોઈ, છાણી, ખંભાત, ધર્મજ તથા અમદાવાદથી ભાઈ-બહેનો સાંભળવાનો લાભ લેવા આવ્યા હતા. પ્રવચનમાં લોકોએ અઢી વાગ્યાથી જગ્યા મેળવી લીધી હતી. ત્રણ વાગે પૂજ્યશ્રી પ્રવચન ખંડમાં પધારતાં "જિનશાસન કી જય" ના પોકારોથી હોલ ગાજી ઉઠ્યો હતો. વિષયના અનુસંધાનમાં રૂપ, બળ, પૈસા, સત્તા વગેરેનું સુખ છતાં શાંતિ નહિ એના પર આધુનિક દૃષ્ટાન્તો સાથે પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજીએ પ્રાસંગિક પ્રવચન કરી લોકોમાં જબ્બર આકર્ષણ ઊભું કર્યું હતું. પ્રવચનમાં મહાસતીજી લીલાબાઈ તથા ડૉ. ઠાકોરભાઈ, ડૉ. દેવકરણ, શ્રી ડાહ્યાભાઈ વકીલ તથા અન્ય કોંગ્રેસી કાર્યકરો અને શહેરના પ્રતિષ્ઠિત નાગરીકોએ લાભ લીધો હતો. પૂજ્યશ્રીનું પ્રવચન શરૂ થતાં જ ઘણાઓએ નોટમાં ઉતારવાની શરૂઆત કરી દીધી હતી. લોકોને એમ થતું કે પૂજ્યશ્રી બોલ્યા જ કરે અને અમે સાંભળ્યા જ કરીએ. પૂજ્યશ્રીની વિષયની રજુઆત કરવાની તથા શ્રોતાને ઝણઝણાટી જગાવવાની લાક્ષણિક છટા અને ઢબે સૌને પ્રભાવિત કર્યા હતા. ઘણાંને સભાખંડની બારીએ લટકીને પૂજ્યશ્રીનું પ્રવચન સાંભળવું પડ્યું હતું. તો સેંકડો માણસોને પાછળથી આવતા જગાના અભાવે પાછા જવું પડ્યું હતું. શ્રી જૈન યુવક મંડળની કામગીરી પ્રશંસનીય હતી. મંડળનાં પ્રમુખ શ્રી શાંતીભાઈ વકીલની કુનેહબુદ્ધિથી કાર્યક્રમને ધાર્યા કરતા સારી સફળતા સાંપડી હતી.

ત્રીજો દિવસ : આજે પૂજ્યશ્રીની સ્થિરતાનો અંતિમ દિવસ હતો. પૂજ્યશ્રીએ 'જિનાજ્ઞા આરાધનાથી મોક્ષ અને વિરાધનાથી સંસાર' એ વિષય પર શ્રી કમલ-પ્રભાચાર્યના અને બીજા દૃષ્ટાન્ત દ્વારા પ્રવચન સંભળાવ્યું હતું. બપોરના શ્રી શ્રુતોપાસક વિદ્યાર્થીગણની વિનંતીથી પ્રવચન ગોઠવાતા પૂજ્યશ્રીએ જીવને સંસારમાં ઠહેરવાના સ્થાન બે - નરક અને નિગોદ એ વિષયને રોચક રીતે વર્ણવી રૌદ્રધ્યાન, કૃષ્ણલેશ્યા તથા અંધમૂર્ચ્છા ત્યજી જીવને ધર્મમય બનાવવાની ભવ્ય પ્રેરણા કરી હતી. બપોરના ૪.૩૦ વાગે પૂજ્યશ્રીનો વિહાર કોઠી પોળે હોઈ સંઘનાં ભાઈબહેનો

વિશાળ સંખ્યામાં ઠેઠ કોઠી પોળ ઉપાશ્રયે આવ્યા હતા. ત્યાં માંગલિક સાંભળી સૌ છૂટા પડ્યા હતા. શ્રી કોઠી પોળ સંઘ ટ્રસ્ટી આગેવાન શ્રી રતિભાઈ ખાદીવાલા, શ્રી ફુલાભાઈ, શ્રી કાંતીલાલ મામલતદાર વગેરેની વિનંતીથી રાતના સાડા આઠ વાગે પૂજયશ્રીનું ગદ્યપદ્યમાં પ્રવચન થતાં પૂજયશ્રીએ નવકારમંત્રનું મહત્ત્વ અને તેની સાથેની સગાઈ કરવા પર દૃષ્ટાન્ત દ્વારા સમજાવ્યું હતું. ત્રણે દિવસ સવારના વ્યાખ્યાનમાં તથા પૂજામાં પ્રભાવના થયેલ. મંગળવારે સવારે છાણી તરફ વિહાર થયેલ. પો.સુ.૧૫ના ખંભાત પહોંચવા વકી છે.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૧૬,અંક-૨૦,તા.૨૭-૧-૧૯૬૮

તેરાપંથના આચાર્ય શ્રી તુલસી સાથેનો વાર્તાલાપ અને વર્તમાન તેરાપંથના મંતવ્યો

પં. શ્રી ભાનુવિજયજી ગણિવર મુંબઈથી વિહાર કરી સુરત તરફ આવી રહ્યા હતા, એમાં માગશર સુદ ૧૪ ના રોજે વલસાડ પધાર્યા. એજ દિવસે તેરાપંથના આચાર્ય શ્રી તુલસીનું પણ વલસાડમાં એમના અનેક શિષ્યો-શિષ્યાઓ મુમુક્ષુ બેનો તથા ભક્તવર્ગ અને મોટરોમાં રસાલા સાથે આગમન થયું. એમના એક ભક્તભાઈ પૂ. પંન્યાસજી મહારાજ પાસે આવ્યા, અને કહે કે 'હું બહારગામ રહું છું. અને આચાર્યશ્રીની ભક્તિથી અહીં આવ્યો છું.'

પૂ. પંન્યાસજી મહારાજ કહે કે 'તમે એમનો મત સમજો છો ?'

એ કહે કે 'હું એવો અભ્યાસી નથી પરંતુ આપની ને એમની શાસ્ત્રચર્ચા ગોઠવાય તો મારા જેવાને સાંભળવા-સમજવાનું મળે. આપ રજા આપો તો હું ગોઠવી લેવું. ક્યો સમય આપને ફાવશે ?'

પંન્યાસજી મહારાજે કહ્યું 'મને કાંઈ વાંધો નથી. અમારે અમારા પૂ. ગુરુદેવશ્રી ખંભાત મુકામે બિરાજે છે. એઓશ્રીની તબીયત બહુ અસ્વસ્થ રહે છે તેથી અમારે જલદી જવાનું છે એટલે અહીંથી ૩॥ વાગે વિહાર કરવો છે, તો ૧॥ વાગ્યાનો સમય ફાવશે.'

પછી એ ભાઈ ત્યાંથી ઊઠીને ગયા અને ૧॥ વાગ્યાનો ચર્ચાસમય ગોઠવી લાવ્યા. એ સમયે સ્કૂલના મકાનમાં પૂ. પંન્યાસજી મહારાજ અને આચાર્ય શ્રી તુલસી વચ્ચે હિંદીમાં જે વાર્તાલાપ થયો, તેનો ભાવ નીચે લખ્યા પ્રમાણે ગુજરાતીમાં છે. (અહીં નીચે જણાવેલ સંવાદમાં 'પ' લખ્યું છે તેમાં પૂ. પંન્યાસજી મહારાજનું

વક્તવ્ય સમજવું, અને આ.તુ લખ્યું છે તેમાં આચાર્ય શ્રી તુલસીજીનું વકતવ્ય સમજવું.)

પં.- તમે જે રીતનું પ્રતિપાદન કરો છો એ તો ખ્રિસ્તી ધર્મનું સમર્થન છે. ખ્રિસ્તી ધર્મના પ્રચારને પ્રોત્સાહન મળે છે. કેમકે તમે કહો છો મંદિરમાં ધર્મ નથી, મસ્જિદમાં ધર્મ નથી, આશ્રમ-ઉપાશ્રયમાં ધર્મ નથી, માત્ર ધર્મ જીવનમાં છે. જીવનમાં નીતિ પ્રમાણિકતા પાડોશીપ્રેમ રાખો, એ ધર્મ ખ્રિસ્તીઓ પણ એજ કહે છે.

આ. તુ.- એમાં વાંધો શો આવ્યો ? સારા કામમાં સગવડ થઈ રહી છે.

પં.- વાંધો એ કે મંદિરમાં ધર્મ નથી, ઉપાશ્રયમાં ધર્મ નથી, એમ જે ઈન્કાર કરો છો એનો વાંધો છે.

આ.તુ.- હું આવું બોલ્યો જ નથી.

પં.- સુરતના દૈનિક છાપામાં તમારા ભાષણનો હેવાલ છપાયો છે એમાં આ પ્રમાણે છપાયું છે કે મંદિરમાં ધર્મ નથી...વગેરે.

આ.તુ.- છાપાવાળા તો ગમે તે છાપે. હું એમ બોલ્યો નથી હું તો કહું છું કે મંદિરમાં જ ધર્મ નથી, ઉપાશ્રયમાં જ ધર્મ નથી...

પં.- તો તમારે છાપાના હેવાલનો પ્રતિકાર કરવો જોઈએ.

આ.તુ.- એટલામાં શો પ્રતિકાર કરવો તો ? કેટલીક વાર 'જ' કાર નથી પણ વપરાતો.

પં.- એ કેમ ચાલે ? ધારો કે કોઈને કહેવું હોય કે 'આચાર્ય તુલસી જ સાધુ નથી બીજા પણ સાધુ છે.' ત્યાં એ જો 'જ' કાર કાઢીને એમ કહે કે 'આચાર્ય તુલસી સાધુ નથી...' તો ચાલે ?

આ.તુ. હાં, તુલસી સાધુ નથી આચાર્ય છે.

પં.- પ્રશ્નનું હાર્દ ઊડી જાય છે. ખેર, પણ ખ્રિસ્તી ધર્મનું સમર્થન થાય એ તમને ગમે છે ? આજે મુંબઈ જેવા શહેરોમાં કેટલાક જૈનોના છોકરા પણ ઈંડા ખાતા થઈ ગયા છે. ખ્રિસ્તી ધર્મમાં પરલોકમાં અનેક યોનિઓમાં આત્માનાં પરિભ્રમણની તથા આર્યધર્મ જેવી સદાચારની માન્યતા નથી. તમને આનું સમર્થન ઈષ્ટ છે ? 'મંદિરમાં ધર્મ નથી ઉપાશ્રયમાં ધર્મ નથી.' એમ કહીને તમે એનું સમર્થન નથી કરી રહ્યાં ?

આ.તુ.- લોકમાં માંસાહાર અનીતિ વગેરે વધવાનું કારણ, ધાર્મિક લોકો મંદિરમાં ઉપાશ્રયમાં ધર્મ કરે છે અને બહાર અનીતિ-અપ્રામાણિકતા કરે છે એ છે. નીતિ-પ્રામાણિકતા વિનાના કોરા ધર્મમાં કાંઈ કામ થશે નહિ.

પં.- આ તમારું ખોટું નિદાન છે. સમાજમાં અભક્ષ્યભક્ષણ સદાચારભંગ વગેરે ફાલી ફૂલેલા અનિષ્ટોનું મૂળ 'ધાર્મિક લોકોની માત્ર મંદિર-ઉપાશ્રય પૂરતી જ ધાર્મિકતા' એ નથી, કિન્તુ આજે ભૌતિકવાદ વિલાસવાદ નાસ્તિકવાદ જે વધી રહ્યો છે તે મૂળ કારણ છે. દર્દનું મૂળ તપાસી એનો નિકાલ થાય તો દર્દ શમે. સમાજમાં ચાલેલી અનીતિ અપ્રામાણિકતા વગેરે દર્દોનું મૂળ કારણ ધાર્મિક માણસો મંદિર ઉપાશ્રયમાં ધર્મ માને એ નથી, કિન્તુ આજની વધી ગયેલ સગવડોથી લોકોમાં વિષયલોલુપતા વધી ગઈ છે, પરલોક ભુલાઈ ગઈ છે, વિષયવિલાસ માટે પૈસા જોઈએ છે, એ છે. 'તે પૈસા નીતિથી નહિ તો અનીતિથી લાવો.' એ એમનું જીવનસૂત્ર બની ગયું છે. એ મૂળ દર્દ છે. તેથી જો અનીતિ રોકવી હોય, તો લોકોને વિષયલોલુપતા અને લક્ષ્મીની તૃષ્ણા ભયંકર છે એનો ઉપદેશ કરવો જોઈએ. પરલોકનો ભય જગાડવો જોઈએ. એના બદલે મંદિરમાં ધર્મ નથી, ઉપાશ્રયમાં ધર્મ નથી એવો ઉપદેશ કરીને તો તમે ગર્ભિત રીતે દયા, પરોપકાર, દેવપૂજા વગેરે ઊડાવી રહ્યા છો.

(આટલી ચર્ચાનો સાર પંન્યાસજીને એ જણાયો કે જૈનમતમાં માન્ય જિનમૂર્તિ પૂજા તથા શ્રી શત્રુંજય-ગીરનાર-સમેતશિખર વગેરે મહાન તીર્થોમાં થતી પ્રભુભક્તિ, અને દયા દાન પરોપકારાદિ કેમ ઉડાવવા એ માટે આચાર્ય શ્રી તુલસીએ આ પ્રચાર કરવા માંડ્યો છે કે 'મંદિરમાં ધર્મ નથી, ઉપાશ્રયમાં ધર્મ નથી, જીવન-શુદ્ધિમાં છે, એ માટે અણુવ્રત સ્વીકારો.')

પં.- સરકારી તંત્ર અને અમલદારી વર્ગમાં કેટલીય લાંચરૂશ્વત, હિસાબી ગોટાળા, દુર્વ્યય વગેરે ધૂમ ચાલી રહ્યું છે, એની સામે તમે કેમ બોલતા નથી ? તમારે સરકારને મીઠું મનાવવું છે.

આ.તુ.- અમે બોલીએ છીએ કે લાંચરૂશ્વત નહિ લેવી.

પં.- આ તમારું બોલવું યુધિષ્ઠિરનું 'નરો વા કુંજરો વા' જેવું છે. એના પર કશો ભાર નથી આપતા, ને સીતમ મોંઘવારીમાં પીસાઈ રહેલ મધ્યમ વર્ગને જોરશોરથી ટોકી રહ્યા છો કે નીતિ રાખો, પ્રામાણિકતા રાખો. આજની નવી પ્રજાને આર્ય સંસ્કૃતિની આત્મા, પરમાત્મા, પરલોક, વિષયવિકાસની ભયંકરતા ઈત્યાદિ અંગેની વાત નહિ કરો, ને માત્ર નીતિ પ્રામાણિકતાની વાત કરતા રહેશો તો પ્રજાના જીવનમાં ભૌતિકવાદ વિલાસવાદ વગેરે પુષ્ટ જ રહેશે, ફાલશે ફૂલશે.

આ.તુ.- આ વાતો કરી કરીને તો આજે લોકોમાં અનીતિ વગેરે અશુદ્ધિઓ વધી ગઈ છે. નીતિ વિનાની કોરી ધર્મની વાતોથી શું ?

પં.- તો શું પૂર્વ મહર્ષિઓએ વિસ્તારથી જે ધર્મ સમજાવ્યો એમાં નીતિ-પ્રામાણિકતાની વાત નહોતી ? પ્રાથમિક માર્ગાનુસારી ભૂમિકામાં ન્યાયસપંન્નતા વગેરે કેટલી ય પાયાની વાતો કહી જ છે. છતાં લોકમાં અસત્ય-અનીતિ વગેરે ચાલી પડી છે એનું ખરું કારણ તપાસો. એ આજના સિનેમા, પિક્ચરો, રેડિયો, હોટલો, છાપા, મેગેઝીનો, નોવેલો વગેરેને કારણે વધી ગયેલી વિષયાંધતા-વિષય લોલુપતાને આભારી છે.

આ.તુ.- તમે પરલોક પુણ્ય-પાપ પરમાત્મા મોક્ષની વાતો કરીને લોકોને અંધારામાં રાખી રહ્યા છો. જૈનેતર લોકોને જૈન ધર્મની ખબર નથી. એમ વલસાડમાં સેંકડો જૈનોના ઘર સાંભળેલા, છતાં જૈનેતર લોકોએ અમારા પ્રોગ્રામની માંગણી કરી તેથી અમારો પ્રોગ્રામ ગોઠવાયો.

પં.- તે આ તમે દયા-દાન-પરોપકાર-પરમાત્મભક્તિ વિનાની કોરી નીતિ-પ્રામાણિકતાની વાત કરો છો એ કોને ન ગમે ? એ શું ખાસ એકલા જૈનધર્મની વાતો છે ? એ તો દરેક ધર્મવાળા કરે છે. સાથે તમે ભાષણ સભામાં કાર્ડમાં ઝીણા અક્ષરનાં લખાણ, નાળિયેરના કાચલા પર પાત્ર બનાવવાની કારીગીરી, ને શતાવધાન બતાવો છો એ શું જૈન ધર્મની વાતો બતાવો છો ? શું જૈનધર્મ સમ્યગ્દર્શન મૂળ, વિના અણુવ્રતની કિંમત માને છે ? આજે કેટલાય લોક ઈંડા ખાય છે, માંસાહારની સુગ રહી નથી. આ અધઃપતનનું મૂળ કારણ શું ?

આ.તુ.- જે લોકો મંદિર-ઉપાશ્રયે જાય છે, માંસાહાર નથી કરતા, છતાં અનીતિથી સમાજનું લોહી ચૂંસી રહ્યા છે તેનું શું કારણ ?

પં.- અનીતિ કરનારા લોકમાં ધાર્મિક વર્ગ કરતાં અધાર્મિક ભૌતિકવાદી વર્ગ તો ઘણો મોટો છે. એનું આવું પૂર્વજો કરતાં અધઃપતન શાથી છે એનું મૂળ તપાસો.

આ.તુ.- ભારતીય ધર્મમાં આકર્ષણ રહ્યું નથી. બૌદ્ધિક ધર્મ, શાશ્વત ધર્મ યુગધર્મ વગેરેની વાત કરવી જોઈએ તો લોક આકર્ષાય. અમે દિલ્હીમાં હતા ત્યારે યુનિવર્સિટીની વિદ્યાર્થીઓએ અમારી વાતો રસથી સાંભળેલી.

પં.- અમને છ વર્ષથી શિબિરોમાં કોલેજિયન વિદ્યાર્થીઓના અનુભવ થયા છે; અને એમણે આત્મા શું ? વિશ્વ શું ? વિશ્વ સાથે આત્માનો કેવો સંબંધ ? વિશ્વનું સંચાલન કેવી રીતે ? આત્માનું ભવભ્રમણ કેમ ? માર્ગાનુસારી જીવન કેવું હોય ? વગેરેની વાતો સાંભળી એમનાં હૃદય પરિવર્તન થયા ને કહ્યું કે અમે તો અંધારામાં હતા, આવો વિશાળ વિશ્વશ્રેષ્ઠ જૈન ધર્મ અહીં સમજવા મળ્યો...વગેરે ઈકરાર કરી

જીવનમાં માતાપિતાને પ્રણામ એમનો વિનય, સિનેમા અંકુશ, ત્યાગ તપ, સદાચાર વગેરેના કેટલાય નિયમ કરી ગયા. તમારા પ્રોગ્રામથી કેટલા વિદ્યાર્થીઓએ જીવન સુધાર્યા ? કેટલા સાચા આસ્તિક બન્યા ? કોરી અણવ્રતની વાતોથી શું વળે ? ઉપરાંત ધર્મ મંદિર ઉપાશ્રય વગેરેમાં નથી. જીવનમાં જ છે એમ છૂપી રીતે દયા-દાનાદિ ધર્મ પર પ્રહાર કરીને નવી પ્રજાને કેવું ઝેર આપી રહ્યા છો ?

આ.તુ.- હાં, ધર્મ જીવનમાં જ છે.

પં.- તો શું જીવોને ધર્મ માટે આલંબનની જરૂર નથી ? જરૂર ન હોય તો ભાષણો શું કામ કરો છો ?

આ.તુ.- હા આલંબનની જરૂર તો છે.

પં.- તો પછી મંદિરમાં ધર્મ નહિ, ઉપાશ્રયમાં ધર્મ નહિ. વગેરે કહો છો એથી નવી પ્રજા શું સમજે ? એ તો ઊલટું તાળીઓ પાડશે કે ઈશ્વર નથી, પરલોક નથી, એટલે માથાફોડ મટી. મંદિર ઉપાશ્રયે જવાનું શું કામ છે ? આર્યદેશમાં જન્મીને તમે આવી વાતો કરો છો ? ત્યારે પાશ્ચત્ય દેશોમાં માનસશાસ્ત્રીઓ ઈશ્વરીય પ્રાર્થના, ઈશ્વરની અચિંત્ય દયા અને શક્તિ, તથા પરાર્થવૃત્તિ, પરોપકાર, આત્મવિશ્વાસ, વગેરે ઉપર ભારે વજન આપી રહ્યા છે. તમને એ વસ્તુના ઉપદેશની જરૂર નથી લાગતી.

આ.તુ.- દિવસભર ભગવાનનું નામ લીધા કરશે અને પાડોશી સાથે ઝગડશે, એવા આગળ મંદિર વગેરેની વાત કરવાથી શું ? પાયામાં વ્યવહાર શુદ્ધ નહિ, એને ધર્મ શો ?

પં.- પાપ કરે છે તે ભગવાનને ભજવાને કારણે નહિ પણ સ્વાર્થરસ, વિષયાંધતા વગેરેના હિસાબે કરે છે. માટે ઉપદેશકે પહેલો ઉપદેશ એ વિષયાંધતા ઈન્દ્રિયગુલામી સ્વાર્થરસિકતા વગેરે મૂળ દર્દ તોડવાનો આપવો જોઈએ.

(અહીં આ તુલસી એમના ભક્તોએ ખેંચ કરવાથી બીજે વાર્તાલાપ માટે ઊઠ્યા, ને પછી એમના શિષ્ય (પ્રાયઃ) શ્રી નથમલજી સાથે નીચે પ્રમાણે પંન્યાસજી મહારાજને ચર્ચા થઈ.)

પં.- ભારતીય આર્ય પ્રજાના અધઃપતનનું કારણ શું ?

નથ.- ધાર્મિક લોકોની બાહ્ય ધાર્મિકતા અને અનીતિ આદિ.

પં.- તો 'પશુમાં કેમ અધઃપતન છે ? જીવ સંસારમાં કેમ ભટકે છે ?'

નથ.- રાગદ્વેષના કારણે.

પં.- તો ઉત્થાન કરવું હોય તો રાગદ્વેષ મિટાવવા શું કરવું જોઈએ.

નથ.- રાગદ્વેષ મિટાવવા નીતિ પ્રામાણિકતા કેળવવી જોઈએ એમ માનીએ છીએ એજ ખરો ઉપાય છે.

પં.- એકલી નીતિ પ્રામાણિકતાને પકડતાં નીતિથી જેટલું મળે એટલું ખપશે. ઈન્દ્રિય વિષયોમાં બુરાઈ માલુમ પડશે જ નહિ. 'વિલાયતી કંપનીઓ અને કેટલાક વેપારી નીતિ પ્રામાણિકતા સાચવે છે તો એમને ધનમૂર્ચ્છા, વિષયરાગ વગેરે ક્યાં ઓછા થયા ?'

નથ.- અમેરિકાના અબજોપતિ રોકફેલરની છોકરી ચંપલ ખરીદવા ગઈ હતી, ત્યાં વેપારીએ કિંમતી ચંપલ બતાવ્યા, પણ એણે ઓછી કિંમતના હલકા ચંપલ જ ખરીદ્યા. આ રાગદ્વેષ ઓછા જ કહેવાય ને ?

પં.- એ જ રોકફેલરે પરદેશ વહાણમાં માલ મોકલી પાછળથી એનો વિમો ઉતરાવ્યો, માણસ ૧૫૦ ડોલરનું પ્રીમીયમ ભરીને રસીદ લાવ્યો, એ જ વખતે સામા બંદરેથી માલ ક્ષેમકુશળ ઊતાર્યાનો કેબલ (તાર) આવ્યો, ત્યારે રોકફેસરે કપાટ કૂટ્યું કે 'હાય ૧૫૦ ડોલર પડી ગયા.' આમાં લક્ષ્મીનો રાગ ઓછો થયાનું ક્યાં રહ્યું ? એ લોકો તો પોતાની પ્રતિષ્ઠા અને ધનપ્રેમ માટે નીતિ અને કરકસર સાચવે છે એમને વિષયો તથા લક્ષ્મીનો વિરાગ ક્યાં છે ? માટે તો આર્યદેશમાં માન્ય સદાચારોની મર્યાદા એમને ત્યાં ક્યાં છે ? ત્યાં તો એક સ્ત્રી અનેક વાર છૂટાછેડા લઈ. અનેક પતિ કરી શકે છે. પરણ્યા પહેલાં કેટલીય કુમારિકાઓ ગર્ભવતી બને છે. કોરી નીતિ-પ્રામાણિકતા સદાચારો ક્યાં રહ્યા ? રાગદ્વેષ ક્યાં ઓછા થયા ? વિષયો અને લક્ષ્મી પ્રત્યે સૂગ ક્યાંથી થવાનો ? ઊલટું જ્યાં સુધી વિષયરાગ અને ધનતૃષ્ણા છે ત્યાં સુધી એ ઉપાર્જવા અનીતિ વગેરે ધૂમ ચાલી પડ્યા છે તે એ જ રાગ-તૃષ્ણાના કારણે. એ ઓછા કરવા તો દયા દાન પરોપકાર છે, પણ તમે દયા દાન વગેરે ક્યાં માનો છો ? તમારા પૂર્વજોના ગ્રંથો એનો વિરોધ કરે છે.

નથ.- કોણ કહે છે ? શાસ્ત્રની કોક પંક્તિ પકડી એવો અર્થ કાઢે એ વગર સમજનું છે. જેમ કોઈ કહે 'મુસ્લીમ ગ્રંથમાં લખ્યું છે કે નમાજ પઢવામાં પાપ છે, તો શું એ સાચું માનવું ?' ના, ત્યાં આજુબાજુનો સંબંધ જુએ તો ખબર પડે કે લખ્યું છે ખરું પણ સંબંધ એ છે કે 'નાપાક દશામાં નમાજ પઢવી એ પાપ છે.' એમ અહીં સંબંધ જોવો જોઈએ કે કેમ દયા દાન નિષેધ્યા છે ? સાધુને માટે એનો નિષેધ છે.

પં.- તો દયા-દાન એ શું ગૃહસ્થને માટે ધર્મ ખરો ?

નથ.- ભગવાને ધર્મ બે જાતનો કહ્યો છે, એક સંયમધર્મ યાને આત્મધર્મ, અને બીજો લોકધર્મ. એમાં ફકત સંયમધર્મ એજ મોક્ષ માટેનો ધર્મ છે.

પં.- તો શું, દયા-દાનને લોકધર્મ કહો છો તો એ શુભ ભાવ નથી ? મોક્ષમાર્ગની નજીક ન લઈ જાય ?

નથ.- શુભ ભાવ તો તે કે જયાં પુણ્ય અને નિર્જરા સાથે જ હોય. એ માત્ર સંયમધર્મમાં જ છે.

પં.- તો તમારું માનવું એમ છે કે દયા-દાનમાં શુભ ભાવ નથી; પુણ્ય નથી; પણ એ અશુભ ભાવની ક્રિયાઓ એટલે કે પાપક્રિયાઓ છે; પછી ભલે લોકને ભોળવવા એ ક્રિયાઓને લોકધર્મ કહો, ગૃહસ્થનું કર્તવ્ય કહો. પણ એ આત્મધર્મ નહિ મોક્ષદાયી નહિ. અગર જો આ દાનાદિક્રિયા મોક્ષ માટે ઉપયોગી જ ન હોય તો ગૃહસ્થની મૂર્ચ્છા કેમ ઘટે ? અને મૂર્ચ્છા ન ઘટે તો સર્વત્યાગના ભાવ કેમ જાગે ?

નથ.- નિર્લોભતા રાખવાતી મૂર્ચ્છા ઘટે.

પં.- એનો અર્થ એ કે 'ધન ગમે તેટલું રાખે મેળવે, પણ અંતરથી નિર્લોભ રહે એટલે મૂર્ચ્છા ઘટે,' આ તો દંભ થાય તમે પરિગ્રહસંયમ કહો છો, તો ધારો કે એક માણસને પરિગ્રહ ઓછો કરવો છે તો એ પોતાની મૂર્ચ્છાથી અધિક ધનને શું કરે ? ફેંકી દે ? કે કોઈ સુકૃત દાન કરે ? બંનેય તમારા મતે તો પાપક્રિયા જ છે; કેમકે એ ફેંકેલું-દીધેલું બીજાના હાથમાં જતાં પાપ માટે થવાનું કહો છો તો શું અલ્પપરિગ્રહ યાને પરિગ્રહસંયમ ધર્મ આવી પાપક્રિયા કરીને કરે એટલે આત્મધર્મ થાય ?

નથ.- તો શું બ્રાહ્મણો ગોદાન કરે છે તેને ધર્મ માનો છો ?

પં.- દાન વિવેકવાળું હોય તે જ ધર્મરૂપ છે. એમ તો કોઈ બેકાર કસાઈને છરા ને બોકડા ખરીદવા પૈસાનું દાન કરે તે ધર્મ થોડો જ છે ? ભૂખ્યાને અન્ન આપવું એ તો એને સમાધિ આપનાર ને આર્તધ્યાન મિટાવનારું બને છે. સાધર્મિકને વાત્સલ્યભોજન આપવું એ એને ધર્મપ્રીતિ વધારનારું બને છે. સમ્યગ્દર્શનની દઢતા કરનારું થાય છે. માટે એવું દાન એ શુભ ભાવના ઘરનું છે. જ્યારે બ્રાહ્મણને ગાયનું દાન કરવું એમાં તો બ્રાહ્મણની મૂર્ચ્છા મિથ્યાત્વ વધે છે, ને ગાયને ત્રાસની સગવડ કરી આપવાનું થાય છે. માટે એ દાનધર્મ નથી એમાં શુભ ભાવ નથી.

(અહીં તેરાપંથમતીમાં કેવું અજ્ઞાન છે એ સમજવા જેવું છે. પરાર્થ પરોપકાર તો પાયાના ગુણ છે. બાળ જીવોને સ્વાર્થરસિકતાના અશુભ ભાવમાંથી બચાવનાર

હોઈ શુભ ભાવ છે; અને આગળ વધતાં મોક્ષમાર્ગને લાવનારા બને છે માટે તો જયવીયરાયસુખમાં પ્રભુ પાસે એની માંગણી પહેલી મૂકી છે, પછી ચારિત્રસંપન્ન શુભગુરુનો યોગ અને એમના વચનની સેવા માંગી છે. શુભગુરુયોગ અને તદ્વચન સેવા એ લોકોત્તર સૌંદર્ય છે, ત્યારે ગુરુજનપૂજા પરાર્થકરણ (પરોપકાર) વગેરેએ લોકોત્તર સૌંદર્યનો અધિકાર મળતો નથી. શુભગુરુ-યોગ એ શુભ ભાવ છે, એને લાવનારો એના અધિકારી બનાવનારો પરાર્થકરણધર્મને અશુભ ભાવ કહો તો સ્વાર્થસાધુતા એ પણ અશુભ ભાવ હોઈ એમાંથીય લોકોત્તર ધર્મ કેમ ન મળે ? શું સ્વાર્થાંધતા અને પરાર્થવૃત્તિ એ બંને સરખા ભાવ છે ? તેરાપંથ-મતે તો એ બંને અશુભ ભાવ હોઈ સરખા જ ગણાશે.)

પં.- 'જયવીયરાય' સૂત્રમાં પરાર્થકરણ ધર્મ કહ્યો છે તેનું કેમ ?

નથ.- 'જયવીયરાયસૂત્ર' પ્રમાણભૂત ક્યાં છે ?

પં.- કેમ ? આવશ્યક સૂત્રો પ્રમાણભૂત નથી માનતા ? એમ તો પછી આચારાંગ સૂત્ર પણ પ્રમાણભૂત કેવી રીતે ?

નથ.- એની ભાષા ગણધરની રચના છે એમ ઈતિહાસકારો કહે છે.

પં.- તો શું તમારે ઈતિહાસકારો કહે એ જ પ્રમાણ માનવું છે ? તો તો ઈતિહાસકારો પાર્શ્વનાથ અને મહાવીરસ્વામીને જ ઐતિહાસિક પુરુષ કહે છે, પૂર્વના બાવીસ તીર્થંકરોને નહિ તો શું તમારે ય એમજ માનવું છે ?

નથ.- ઈતિહાસકારો. એમને પ્રાગ્ઐતિહાસિક તો કહે છે.

(અહીં સમય થઈ જવાથી ચર્ચા બંધ પડી હતી. પરંતુ 'પ્રાગ્-ઐતિહાસિકનો અર્થ જેમ પુરાણની વાતો ઈતિહાસસિદ્ધ નહિ માટે કિંવદન્તી, યાને લોકમાં પ્રચલિત કથાઓ તરીકે માનવાની પણ વસ્તુસ્થિતિ નહિ એવું બાવીસ તીર્થંકર ભગવાનો માટે સમજવાનું.' એવો શ્રી નથમલજીના કહેવાનો ફલિતાર્થ હતો. વસ્તુ ગત્યા તો ઐતિહાસિક મનાતા વેદમાં જ ઋષભદેવ ને અરિષ્ટનેમિ તથા અર્હત્ના ઉલ્લેખ આવે છે. પછી એમને પ્રાગઐતિહાસિક કેમ કહેવાય ? વળી પ્રભુની વાણીને ભવભીરુ આચાર્યોએ શાસ્ત્રમાં ગૂંથી છે. તો પાપથી કરનારા અને સત્યના મહાવ્રતવાળા આચાર્ય કલ્પિત કેમ લખે ? બાકી આજના મોટાભાગના ઈતિહાસકારોએ પક્ષમાંહમાં જૈન દર્શનને ન્યાય ક્યાં આપ્યો છે ? એક વખતના ક્રૂર ઘાતકી અને નિર્દય તથા હિંદુદ્વેષી અકબરનું આચાર્ય શ્રી વિજય હરીસૂરીશ્વરજી મહારાજે હૃદય પરિવર્તન કરી એને દયાળુ અને હિંદુઓને પ્રેમી બનાવ્યો. હિંદુકર 'જજિયાવેરો' રદ કરાવ્યો, તથા પોતાના અખિલ સામ્રાજયમાં અમુક હદે અહિંસા

બંધ કરાવી, એ વસ્તુને આજના ઈતિહાસકારોએ કેટલું મહત્ત્વ આપ્યું છે ? સમ્રાટ અશોકના પૌત્ર રાજા સંપ્રતિએ વિદેશીઓને પરાશ્ત કરવાનું, દાનશાળાઓ ખોલવાનું, આર્યધર્મનો દક્ષિણમાં ફેલાવો કરવાનું, તથા અશોકનું સામ્રાજ્ય વધારી આપવાનું, વગેરે કેટલુંય કરેલું પણ ઈતિહાસકારોએ ક્યાં એને મહત્ત્વ જ આપ્યું છે ? અરે ! નામ પણ ક્યાં લીધું છે ? આજના પુસ્તકોમાં જુઓ કે ગૌતમ બુદ્ધનું કેટલા બધા વિસ્તારથી વર્ણન અને મહાવીર સ્વામીનું કેવા અત્યંત સંક્ષેપથી લખ્યું છે ?

આખી ચર્ચાનો સાર નીચે પ્રમાણે છે,-

(૧) તેરાપંથી આચાર્ય શ્રી તુલસીના મતે અણુવ્રત-નીતિ-પ્રામાણિકતા એ જ સંયમધર્મ હોઈ શુભભાવ છે, એ જ મોક્ષ માટેનો ધર્મ છે; દયા-દાન-પરોપકાર-પ્રભુભક્તિ આદિ એ સંયમધર્મ નથી. શુભ ભાવ નથી, મોક્ષના સાધક નહિ. (જૈન ધર્મથી આ વિરુદ્ધ છે કેમકે (i) સમ્યગ્દર્શન વિનાના અણુવ્રત નીતિ વગેરેની કોઈ કિંમત શાસ્ત્ર ગણતું નથી. તેમજ (ii) જૈન શાસ્ત્રો અને ઈતર આર્ય ધર્મો પણ દયા-દાન-પરોપકાર, મૈત્રી-કરૂણા-પ્રમોદ, વગેરેને શુભ ભાવ કહે છે, મોક્ષ તરફ લઈ જનારા તરીકે માને છે. એને અશુભ લેખનારી તેરાપંથી માન્યતા મૂળભૂત આર્યસંસ્કૃતિથી જ વિરુદ્ધ કરે છે.)

(૨) તેરાપંથી આચાર્યશ્રી વર્તમાન માનવપ્રજાની અનીતિ-હિંસા-પરિગ્રહ વગેરે પાપો ધર્મી સમાજનાં અન્યાય-શોષણખોરી સાથેનાં ધર્માચરણને લીધે માને છે, કહે છે આ એમનો ભ્રમ અને અસત્યવાદ છે. માનવપ્રજાનાં પાપો તો ઘૂમ વધેલા વિલાસ સાધનો, વિષય વિલાસો, એકાંગી ભૌતિકદૃષ્ટિ અને સ્વચ્છંદતાને આભારી છે.

(૩) 'જીવોનું સંસારમાં ભ્રમણ થવાનું મૂળ કારણ હિંસા-જૂઠ-અનીતિ વગેરે છે,'-એમ તેરાપંથમતી કહે છે (પરંતુ એ અજ્ઞાન કથન છે. ભવભ્રમણનું મૌલિક કારણ તો અનાત્મજ્ઞતા (ભૌતિકદૃષ્ટિ) અહંત્વ અને વિષયતૃષ્ણા છે. પરલોક અને પાપની નીડરતા છે. અને ઢાંકવા-ઊડાવવા દ્વારા તેરાપંથી આચાર્યશ્રી આર્ય પ્રજાને અધ્યાત્મભાવ પરમાત્મભક્તિ વગેરે ભૂલવામાં સહાયક-પ્રેરક બને છે.

આર્યો અને વિશેષે જૈનોએ એમનાથી ભરમાવા જેવું નથી. તેરાપંથ મત એવો છે કે ભૂખ્યાને અન્નદાન, તરસ્યાને પાણી, રોગીને દવા આપવી, સીદાતા સમાન ધાર્મિકનો ઉદ્ધાર કરવો વગેરે લૌકિક ધર્મ કહેવાય પરંતુ એ શુભ ભાવ નહિ, મોક્ષમાર્ગ સાધક નહિ, બલ્કે એ દાન-ઉદ્ધાર લઈ પાપો કરે એનું પાપ દાતારને લાગે. માટે એ દાન-ઉદ્ધાર પાપક્રિયા છે. એ જ હેતુ આગળ કરીને વળી એ માને છે કે રસ્તા વચ્ચે બાળક ઊભું હોય એને કોઈ જતી મોટરથી કચડાતું

બચાવવું એ પાપક્રિયા છે. સતી ઉપર કોઈ દુષ્ટ આક્રમણ કરતો હોય તો સતીને બચાવવી, ગાયો વગેરેનો વાડો સળગતો હોય તો એમાંથી એ ગાયો વગેરેને બચાવવી, બિલાડી ઉંદર ઝડપવા જતી હોય તો બિલાડીને રોકવી, વગેરે વગેરે પાપક્રિયાઓ છે. મોક્ષાર્થીથી એ બધું કરાય નહિ; કરે તો પાપ લાગે આ તેરાપંથ મત છે. એમને કોઈ પૂછે તો એ બધો લોકધર્મ કહીને ભરમાવે છે; પરંતુ વસ્તુતા પાપક્રિયા જ માને છે.

માટે મોક્ષમાર્ગના પાયાના ગુણ દયા દાન વગેરે માનનાર આર્ય પ્રજાએ એમનાથી સાવધ રહેવા જેવું છે. પ્રાંત એમને સદ્‌બુદ્ધિ મળો એ જ એક કરૂણા-ભાવના. પ્રાંતે એમને સદ્‌બુદ્ધિ મળો એ જ એક કરૂણા-ભાવના.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૧૬,અંક-૪૨,તા.૨૯-૬-૧૯૬૮

દમણને આંગણે અભૂતપૂર્વ શ્રુતમહોત્સવ

પ્રભાવક પ્રવચનકાર પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજના શિષ્ય પ્રશિષ્યરત્નો પૂ. મુનિશ્રી ધર્માનંદવિજયજી મહારાજ તથા પૂ. મુનિશ્રી જયશેખરવિજયજી મહારાજ એટલે એક કર્મ સાહિત્યના પદાર્થ નિર્દેશક અને બીજા એના આધારે લગભગ ૧૮૦૦૦ શ્લોક પ્રમાણ **'રસબંધો'** ગ્રંથના સર્જક. આ મહાનગ્રંથના મુદ્રણને ભારી ખર્ચ આ બંને મુનિરત્નોના સંસારી મામા દમણના વતની શેઠ શ્રી સૌભાગચંદ નવલચંદે કર્યો. ગ્રંથરત્નનો પ્રકાશન સમારોહ સ્વર્ગસ્થ ગચ્છાધિપતિ સિદ્ધાન્ત મહોદધિ પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની આજ્ઞા હતી, અને પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજ મુંબઈના વિહારમાં હોઈ સહેજે એઓશ્રીની નિશ્રા પ્રકાશન સમારોહમાં મળે એવી હતી; એટલે શેઠ શ્રી સૌભાગચંદભાઈ તરફથી સુંદર આમંત્રણ પત્રિકા કાઢી દમણમાં પાંચ દિવસના ભક્તિમહોત્સવ સાથે જેઠ સુદ ૫ પ્રકાશન સમારોહ નક્કી કરવામાં આવ્યો.

જેઠ સુદ ૫ સવારના શુભ સમયે પૂજય આચાર્ય યશોદેવસૂરીશ્વરજી બેન્ડવાજા સહિત શેઠ શ્રી સૌભાગચંદ નવલચંદભાઈને ઘેર પધારેલ અને ત્યાં બધાને માંગલિક સંભળાવ્યા બાદ શેઠશ્રીના સુપુત્રો કુમારપાળભાઈ શ્રીપાળભાઈએ ત્યાં વરઘોડામાં પધારેલા સર્વ ભાઈ-બહેનોની તિલક અને ૧-૧ રૂા. થી સંઘપૂજા કરી. ત્યાંથી પરમપૂજય આચાર્યદેવ તથા અન્ય મુનિમંડલ સાથે વરઘોડો શરૂ થયેલો. બે બેન્ડ સહિત શોભતા આ વરઘોડાની વચમાં એક સુંદર સજાવટ કરેલી મોટરમાં "રસબંધો"

ગ્રંથની નકલ ઘણી જ શોભાયમાન બની હતી. વરઘોડાને જોવાને માટે ગલીએ ગલીએ માણસોના ટોળાં એકઠા થયા હતા. પૂજય આચાર્યદેવશ્રીને તેમજ ગ્રંથને બહેનોએ ગહુંલી કરી વધાવી લીધેલો અને નાની જૈન વસ્તીમાં પણ ૧૫ થી ૧૭ જેટલી ગહુંલીઓ થઈ હતી. વરઘોડો ગામમાં ફરીને નવા ઉપાશ્રયે ઉતર્યો હતો. નવા ઉપાશ્રયને સુંદર રીતે શણગારવામાં આવેલો. જૈન દેરાસર અને ઉપાશ્રયની બહારની બાજુએ રસ્તા ઉપર કયા કયા કર્મના પરિણામે કયું ફળ ભોગવવું પડે છે. તેની વિગતો લખેલાં સુંદર અને આકર્ષક બોર્ડો લગાવેલાં હતા. ઉપાશ્રયની અંદર આચાર્યદેવનો પ્રવેશ થતાં લોકોએ હર્ષ-આનંદ વ્યક્ત કરેલો. ઉપાશ્રયની દીવાલો ઉપર **"જીવનું મૌલિક સ્વરૂપ"** તથા આઠેય કર્મના ચિત્રો સહિતનાં બોર્ડો લગાવેલા હતા. ઉપાશ્રયની સામેની બાજુની દીવાલોમાં કર્મના કેવા ફળ ભોગવવા પડે છે તેની વાર્તાઓના કથા-પ્રસંગો ચિત્રો સહિતના બોર્ડો લગાવેલા હતા. કર્મસાહિત્યને દર્શાવતા બીજા કેટલાક સુંદર ચિત્રો પણ લગાવવામાં આવેલા. પૂજયશ્રીને વંદન કર્યા બાદ શેઠશ્રી સૌભાગચંદ નવલચંદે વાસક્ષેપથી પૂજા કરી. **"રસબંધો"** ગ્રંથનું પ્રકાશન કરેલું અને બાકીના બીજા બધા ભાઈઓએ પુસ્તક પર યથાશક્તિ દ્રવ્ય મૂકી જ્ઞાનપૂજા કરવાનો લાભ લીધેલો. સાધારણખાતાની લગભગ રૂા. ૫ હજાર જેટલી રકમની બોલી બોલાઈ હતી. ત્યારબાદ શેઠ શ્રી સૌભાગચંદભાઈએ ગુરુપૂજન કરેલું.

ત્યારબાદ જૈનરત્ન શેઠ શ્રી રમણભાઈ દલસુખભાઈ શ્રોફે બોલતાં જણાવ્યું કે "દમણને આંગણે ઘણો આનંદનો વિષય છે કે "રસબંધો" ગ્રંથના પ્રકાશનનો તથા પૂજયશ્રીને વહોરાવવાનો આ શુભ પ્રસંગ મળ્યો છે. જૈન શાસનની બલિહારી છે કે જીવને નીચે નિગોદથી ઊંચે મુક્તિ અવસ્થા સુધી જીવની જે જે દશા અને કર્મનો તેની સાથેનો સંબંધ તથા વિયોગ થાય છે એ વસ્તુ એવી સુંદર નિરૂપણ કરેલી છે કે જે બીજે ક્યાંય આ ન મળે. આને જ્ઞાનીઓએ આપણાં માટે મૂકી અનંત ઉપકાર કર્યો છે. જ્ઞાનીઓને મુક્તિ ગમી માટે તેઓએ સ્વયં સાધી આપણા તથા જગતના જીવો માટેની મુક્તિની વાતો જણાવી. જ્યારે ભગવંતો શાસન પ્રવર્તાવે છે ત્યારે ગણધર ભગવંતો દ્વાદશાંગીની રચના કરે છે. એ ક્રમશઃ ગુરુ ભગવંતો આપણને કર્મમાંથી મુક્ત થવા માટે બતાવે છે." ઉપાશ્રયની દીવાલો તરફના ચિત્રો ઉપર નજર નાખી તેમને અમદાવાદમાં ભરાયેલા પ્રથમ બે ગ્રંથ **'ખવગસેઢી'** અને **'ઠિઈબંધો'**ના પ્રકાશન સમયે યોજાયેલ **"કર્મ-સાહિત્યના પ્રદર્શનની"** ની યાદ તાજી કરાવેલી. પછી એમણે આગળ જણાવ્યું કે પરમ પૂજ્ય આચાર્ય ભગવંત પ્રેમસૂરીશ્વરજી આ કર્મસાહિત્યના મૂળ પ્રેરક છે. ઘણો જ શ્રમ ઉઠાવી સાધુઓને તૈયાર કરી એમના પાસે આ અમૂલ્ય કોટિના સાહિત્યનું સર્જન કરાવ્યું

છે અને એઓશ્રીએ જાતે એનું સંશોધન કર્યું છે. શાસનની જયવંતા માટે એઓશ્રીએ આખું જીવન ગાળ્યું છે. આ સાહિત્ય આપણાથી આગળ પહોંચે અને બીજાઓ માટે દીવાદાંડીરૂપ બને. અંતમાં તેમણે જણાવ્યું છે કે હાલમાં કઈ સીઝન ચાલે છે? રસની. તો તમે જેમ જેમ રસ ખાઓ તેમ તેમ રસબંધ થાય પણ તે અશુભ થાય. આ શેઠે આટલા નાના ગામમાં ઘણા રસથી આ કામ કર્યું. આ રસથી પણ રસબંધ થાય કિન્તુ તે શુભ રસબંધ થાય. શુભ અને અશુભ રસબંધ કેવી રીતે થાય, શુભરસ આત્માને કેવી રીતે તારે ને અશુભ કેમ ડૂબાડે તેનું વર્ણન આ પુસ્તકમાં સંકલિત કરેલું છે. ત્યારબાદ જાણીતા સંઘ કાર્યકર શેઠ શ્રી ભાણાભાઈએ કહ્યું "આજે દમણને આંગણે ત્રિવેણીનો સંગમ થયો છે."

(૧) આચાર્યશ્રીનો દમણમાં નવા ઉપાશ્રયમાં પ્રવેશ.

(૨) રસબંધો ગ્રંથ જેવા ઉત્તમ કોટિના ગ્રંથનું પ્રકાશન.

(૩) ગ્રંથ નિર્માતા પૂજ્ય મુનિરાજશ્રી જયશેખરવિજયજીનો આજે દીક્ષાનો દિવસ છે. જેઓ આજના ગ્રંથના પ્રકાશક શેઠ સૌભાગચંદના સંસારી ભાણેજ હતા. (તથા પૂજ્ય ધર્માનંદવિજયજી પણ તેમના ભાણેજ) ત્યારબાદ ભાણાભાઈએ આ સાહિત્ય સર્જન માટેની યોજના બતાવેલી અને દ્રવ્ય સહાય કરી જિંદગીમાં સુકૃત કરવા પ્રેરણા કરેલી.

એ પછી શેઠ શ્રી લાલચંદભાઈ છગનલાલે આ વિરાટ સાહિત્યના સર્જન માટે ક્યાં ક્યાંથી કોના કોના તરફથી કેટલા રૂા. મળ્યા છે તેનું લીસ્ટ વાંચી સંભળાવેલું. લગભગ અઢી લાખ રૂા.નું ફંડ થયેલું છે અને કયા કઠીન સંયોગોમાં આ કામ થયું છે તે દર્શાવતા, તેમણે કહ્યું કે આ કામ કોઈ પ્રેસવાળા કરવા તૈયાર ન થતાં પિંડવાડામાં એક પ્રેસ ઊભું કર્યું છે. છેલ્લે તેમણે સ્વ. આચાર્ય ભગવંતે પ્રેમસૂરીશ્વરજી મહારાજાના ગુણાનુવાદ ગાયેલા.

સંદેશાઓ : શેઠ લાલચંદભાઈએ આ શુભ પ્રસંગની અનુમોદના કરતા શુભ સંદેશાઓ વાંચી સંભળાવેલા. અમદાવાદથી પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભાનુવિજયજી ગણિવર તથા પૂજ્ય મુનિરાજશ્રી જયશેખરવિજયજીની મંગળ કામનાઓ તથા અનુમોદનાં કરતાં કાગળો વાંચી બતાવેલા. બાબુભાઈ અ. શાહનો તાર તથા આ સંસ્થાના ટ્રસ્ટી શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલનો તાર પણ વાંચી બતાવેલો. અમદાવાદથી આ પ્રસંગમાં હાજરી ન આપી શકવા બદલ દિલગીરી વ્યકત કરતો તથા આ પ્રસંગની અનુમોદના કરતો તાર શેઠશ્રી રમણલાલ વજેચંદનો આવેલો તેમજ ભારતીય પ્રાચ્ય તત્ત્વ પ્રકાશન સમિતિના કાર્યકર શ્રી મફતભાઈનો તાર

આવેલો તે વાંચી સંભળાવેલો. સંદેશા વાંચન પછી આચાર્ય ભગવંત યશોદેવસૂરીશ્વરજીએ મનનીય વ્યાખ્યાન આપેલું.

દમણનગરમાં દેરાસરમાં આદીશ્વરજી પ્રભુની ભવ્ય મૂર્તિ એવી અલૌકિક તેજવાળી છે કે તે જોઈને આંખ હટાવવાનું મન ન થાય. દેરાસરનું બાંધકામ પણ ઘણું સુંદર કરેલું છે. દેરાસરની અંદરની ભાગની દીવાલો ઉપર મહાપુરુષોના જીવનચિત્રો તથા કથા પ્રસંગો દર્શાવતા ચિત્રો કાચની અંદર મઢેલા છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૬,અંક-૪૮,તા.૩૧-૮-૧૯૬૮

ખંભાત બંદરે ૪૦ ઉપવાસની વિશિષ્ટ રીતે મહાન તપસ્યા દિનભર અપ્રમાદ, અખંડ મૌન, સ્વાધ્યાય-લગન, ૫ લાખ ઉપર જાપ. બીજી માસક્ષમણની મહાન તપસ્યા

સ્વ.ગચ્છાધિપતિ સિ.મ.પૂ.આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની છેલ્લા ૬ વરસ રાત્રીદિવસ અખંડ સેવા બજાવનાર, શાસ્ત્રવ્યવસાયી અને વર્ધમાન આંબેલ-ઓળીના આરાધક પૂ.મુનિરાજશ્રી જયસોમવિજયજી મહારાજે સ્વ. પૂજ્યપાદશ્રીની આરાધનાના અનુમોદનારૂપે, ગરમીની ઋતુમાં પણ ૪૦ ઉપવાસની મહાન તપસ્યા કરી તે વિશિષ્ટ રીતે ! દિવસે સુવાનું તો શાનું ? પણ ટેકો દઈને ય બેસવાનું નહિ. વ્યા.વા.પૂ.આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજનાં વ્યાખ્યાન તથા વાચનાનું શ્રવણ, 'નમો જિણાણં જિઅભયાણં'નો ૫ લાખ ૧૮ હજાર જાપ, અને ચાલીસે દિવસ અખંડ મૌન વગેરે સુંદર આરાધ્યું. ૪૦ મા દિવસે તપ નિમિત્તના રથયાત્રાના વરઘોડામાં માઈલ જેટલું પગે ચાલીને ફર્યા. જનતા એ દર્શનથી હૃદયભીની બની. પારણાંના દિને એમના કુટુંબી પિંપળગામવાસીઓએ ગેસ્ટ હાઉસમાં પૂ.આચાર્યદેવ આદિ મુનિમંડળના પગલાં કરાવી ગુરુપૂજન કર્યાં. તપસ્વીને પારણું કરાવવા પછમી વર્ધમાન આંબેલ ઓળી એકલા પાણીમાં ડુબતા ભાત સાથે કરનાર પૂ. મુનિરાજશ્રી ગુણયશવિજયજીએ ૨ લાખ સ્વાધ્યાયની બોલીથી લાભ લીધો. આ પ્રસંગે પીંપળગામવાળા સુમતિલાલ રવચંદ તરફથી પ્રભાવના, શ્રા.સુ.૧૪ મણિલાલ તથા કેશવલાલ ધરમચંદ તરફથી પ્રભાવના, શ્રા.સુ.૧૫ શેઠશ્રી રમણલાલ વજેચંદ તરફથી વ્યાખ્યાન બાદ પ્રભાવના થઈ, અને બપોરે પિંપળ-ગામવાળા મંગળદાસ ભીખાભાઈ તરફથી અષ્ટાપદજીની પૂજા પ્રભાવના થઈ, તથા શ્રા.વ.૧ પૂજા-પ્રભાવના થઈ.

આ તપસ્વી મુનિવર્ય સાથે પૂ.આ.શ્રી વિજય જંબૂસૂરીશ્વરજી મ.ના પ્રશિષ્ય,

વર્ધમાન તપ-આરાધક પૂ.મુનિરાજશ્રી દિવ્યાનંદ વિજયજી મહારાજે માસક્ષમણની મહાન તપસ્યા કરેલી. એમની પણ સાથે સ્વાધ્યાયાદિ આરાધના સુંદર ચાલતી. એના અંગે રાજકોટવાળા મણિલાલ અભેચંદ તરફથી શ્રા.સુ.૧૧ ભવ્ય આંગી અને વ્યાખ્યાન બાદ પ્રભાવના થયેલ.

● **નડિયાદ** : પૂ. મુનિરાજશ્રી લલિતવિજયજી મહારાજના વ્યવહારુ રોચક દાખલા દલીલ સાથેના સુંદર ધર્મ વ્યાખ્યાનોથી સંઘમાં ધર્મજાગૃતિ સારી આવી, સામુદાયિક અઠ્ઠમો તથા છઠ્ઠ થયા પછી હાલ ૧૪ પૂર્વના એકાસણાં ચાલે છે. સ્વ. સિદ્ધાન્તમહોદધિ પૂ.આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ના સમાધિમરણ નિમિત્તે ભવ્ય ઓચ્છવ ચાલી રહ્યો છે.

● **અમદાવાદ** : દશાપોરવાડ સોસાયટીમાં સંઘે **પૂ. પંન્યાસશ્રી ભાનુવિજયજી** ગણિવર્યની નિશ્રામાં સ્વ. સિદ્ધાન્તમહોદધિ આચાર્યશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના ગુણાનુમોદન નિમિત્તે ભવ્ય અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવ્યો. સંઘના ભાઈઓએ પૂજયશ્રી પ્રત્યેના વિશિષ્ટ આકર્ષણથી ફાળામાં સારી રકમો નોંધાવેલ. એમાં વળી સ્વ.શ્રી મુળચંદ રામચંદના કુટુંબીઓએ ઉદાર ફાળો આપ્યો તેથી નોંધપાત્ર આયોજન થયા. શ્રી જૈનધર્મ આરાધક મંડળે પૂજા અને શાંતિસ્નાત્રમાં, શ્રી રાજનગર મંડળે ભાવનામાં વિવિધ વાજિંત્રવાદક હારમોનીયમ સાથે સંગીતકાર કીસને શ્રી સિદ્ધચક્રપૂજન અને પૂજામાં ભક્તિરંગની રેલમછેલ કરી મૂકી. પૂજાદિ માટે દેરાસર બહાર વિશાળ સ્ટેજ સાથે સુશોભિત મંડપ ઊભો કરવામાં આવેલ. વિશેષ આયોજન ઉપાશ્રયમાં રંગોળી રચનાનું થયું. પ્રસિદ્ધ કળાકાર શ્રી રમણિક શાહ ડભોઈવાળાએ જમીન પર માત્ર આરસની વિવિધરંગી ભૂકી ભભરાવીને ત્રણ રંગોળી બનાવી.

● **એકમાં** ૨૪મા તીર્થંકરનું મહાવીર નામ કેમ પડ્યું, એ સૂચવતા બાળપ્રભુનું દૈત્યદમન આલેખાયેલું. ગગનમાં સાંત તાડથી વધુ ઊંચો વધેલો અને મોટી જીભ ડોળાં કાઢી ડરાવવા મથતો વિશાળકાય દૈત્ય અને એના ખભે નાનકડા બાળ વર્ધમાનકુમાર ધૈર્યથી મુષ્ટિ પ્રહાર કરતા આબેહૂબ દેખાડેલા.

● **બીજી** રચનામાં પૂ.ઉપાધ્યાય શ્રી પ્રેમવિજયજી મહારાજ ઉદાસ બની ગુરુચરણે હાથ મૂકી આચાર્યપદવી લેવા ના કહે છે અને પૂ. ગુરુદેવ આચાર્યશ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજ આંગળી ચીંધી આજ્ઞા કરે છે કે પદવી લેવી પડશે એ આબેહૂબ આલેખાયેલું.

● **ત્રીજી રચનામાં** પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ પોતાના નિત્ય કાર્યક્રમ મુજબ ભારતના તીર્થોના માનસિક દર્શન કરી રહ્યાનો દેખાવ હતો.

બંને રચનાઓમાં પૂ. આચાર્ય ભગવંત જીવંતશા દેખાતા હતા અને સ્થાપનાજી, વાટવો, નવકારવાળી, કર્મસાહિત્ય પ્રેસ કોપીના પાના વગેરે એવા આબેહૂબ કે જાણે હાથેથી ઊઠાવી લઈએ: આ જોવા માટે અમદાવાદની જનતા એવી ઉમટી પડી કે રાત સુધી લાંબી લાઈન લાગતી. ભારતના પ્રસિદ્ધ કલાકાર રવિશંકરભાઈ રાવલે જોઈ ખૂબ પ્રશંસા કરી અને આર્ટીસ્ટો તથા ગવર્નર વગેરેને બતાવવા ભલામણ કરી. રવિવારે તો શહેરમાંથી ઉમટેલી જનતાનો મેળો જામેલો, સાબરમતી, ઉસ્માનપુરા, શાંતિનગર, નાગજી ભુદરની પોળ, શામળાની પોળ, જ્ઞાનમંદિર, કાળુશીની પોળ, શાહપુર વિદ્યાશાળા, અરુણ સોસાયટી જૈન સોસાયટી વગેરે ઉપાશ્રયેથી પૂ.આચાર્યદેવાદિ મહારાજો પણ પધારેલા.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૧૭,અંક-૧૩,તા.૭-૧૨-૧૯૬૮

બોટાદનગરે બે કોલેજિયન યુવકો શ્રી કિશોરકુમાર તથા શ્રી જિતેન્દ્રકુમારની ભવ્ય ધામધૂમથી ઉજવાયેલ દીક્ષા.....

સ્વ. સિદ્ધાન્તમહોદધિ સૂવિશાળ ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના આદેશથી એઓશ્રીના શિષ્યરત્ન પ્રભાવક પ્રવચનકાર **પૂ.પં.શ્રી ભાનુવિજયજી ગણિવરની** નિશ્રામાં છેલ્લા છ વરસથી મે વેકેશનના ધાર્મિક શિક્ષણશિબિરો થતી એમાં મેટ્રીક કૉલેજના સેંકડો વિદ્યાર્થી આવી ગયા. સારા ધર્મ સંસ્કાર લઈ ગયા પણ ત્યાગમાર્ગ લેવાનો વીર્યોલ્લાસ ક્યાં સસ્તો પડ્યો છે ? સેંકડોમાંથી કાંક એકાદ બે વિરલ જીવો જવલે એવો ભગીરથ પુરુષાર્થ કરી શકે એવી આજની ભયંકર જડવાદી અને વિલાસવાદી કાળની ઘેરી અસર છે. મૂળ બોટાદના વતની હાલ ઘાટકોપર (મુંબઈ) રહેતા શ્રી કિશોરભાઈ કાન્તીલાલ તથા મૂળ ડભોઈના વતની હાલ વડોદરા રહેતા શ્રી જિતેન્દ્રભાઈ હીરાલાલ આવા વિરલ પુરુષાર્થી બન્યા ! આ બંને મુમુક્ષુ મિત્રો પૂ. ગુરુદેવ પંન્યાસ શ્રી ભાનુવિજયજી ગણિવરની શિબિરમાં યોગ પામી પછી ત્રણ-ચાર વર્ષ સત્ સમાગમમાં રહ્યા. વ્યાખ્યાન શ્રવણ, તાત્ત્વિક અભ્યાસ સાથે તપ-ત્યાગ-સંયમમાર્ગનું પ્રેરક જ્ઞાન મેળવતા બંનેને સંવેગ વૈરાગ્ય વધવા માંડ્યો. પરંતુ બંનેને પોતાના માતા-પિતા તરફથી આ અસાર સંસારથી છૂટવાની સંયમ મેળવતા સારી કસોટીમાંથી પસાર થવું પડ્યું પણ વૈરાગ્યની મક્કમતાને લીધે માતાપિતા તરફથી રાજીખુશીથી સંયમમાર્ગની અનુમતિ મળી. એમણે મુંબઈમાં વૈરાગ્ય-વારિધિ પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી

મહારાજ પાસે દીક્ષાનું મુહૂર્ત જોવરાવ્યું. માગશર સુદ ૯ નું મુહૂર્ત મેળવ્યું. કિશોરભાઈના પિતાશ્રી કાંતીભાઈએ પોતાના ઘર આંગણે મા.સુ. ૯ ના દીક્ષા પ્રસંગ ઉજવાય તે માટે આગ્રહપૂર્વક વિનંતી કરતાં અમદાવાદથી પૂ. પન્યાસજી મહારાજને બોટાદ પધારવાનું નક્કી કરાવ્યું.

આ બાજુ ભાઈશ્રી જિતેન્દ્રકુમારના પિતાશ્રી હીરાભાઈએ જોયું કે જો જિતેન્દ્રકુમારની દોક્ષા પૂ. પંન્યાસજી મહારાજના હસ્તે પોતાના મૂળ વતન ડભોઈમાં કરવી હોય તો પૂ. પંન્યાસજી મ. તો મહા-ફાગણમાં પધારી શકે, પરંતુ એમ કરતાં માગશર સુદ ૯ નું શ્રેષ્ઠ મુહૂર્ત સચવાય નહિ; અને સારા મુહૂર્તની તો સમસ્ત ચારિત્રજીવન પર સારી અસર પડે. તેથી શ્રી હીરાભાઈએ પણ બોટાદમાં જ સહકુટુંબ પરિવાર જઈ દીક્ષા અપાવવાનું નક્કી કર્યું.

બંને દીક્ષાર્થીઓનાં વાયણાં અને સન્માન સમારોહ જોરદાર શરૂ થઈ ગયા. અમદાવાદ દશાપોરવાડ સોસાયટી સંઘે એમાં પહેલ કરી. બુઝર્ગવયના વડીલ શ્રી છોટાલાલ ત્રિકમલાલે જીવન અનુભવની સુંદર વાનગી આપી. પંડિત મફતલાલ ઝવેરચંદે પવિત્ર સાધુ સંસ્થાને એવી બિરદાવી કે ભગવાન મહાવીર પ્રભુ પછી જગતમાં જુઓ તો ૨૫૦૦ વર્ષના ગાળામાં કેવા કેવા ય વેશ વગેરેના પરિવર્તન થયા, પરંતુ પૂજય મુનિ મહારાજોના વેશ વગેરે એના એજ ચાલ્યા આવે છે. પવિત્ર આચારોની સ્થિતપજ્ઞતાએ આજ વિશ્વમાં જૈનમુનિઓ અજોડ સ્થાન ધરાવે છે...વગેરે.

શ્રી જિતેન્દ્રભાઈને વડોદરામાં બે તથા ડભોઈમાં એક મેળાવડાથી અભિનંદન અપાયા. શ્રી કિશોરભાઈ બૃહદ્ મુંબઈના નિવાસી હોવાથી અનેક મેળાવડા થયા.

મલાડમાં દેવકરણ મૂળજી ઉપાશ્રયમાં દેવચંદનગરમાં અને મણિભુવનમાં તથા ઘાટકોપર, ભાંડુપ, માટુંગા, દાદર, નેમિનાથ, જૈન ઉપાશ્રય, લાલબાગ જૈન ઉપાશ્રય સુરેન્દ્રનગર, ધ્રાંગધ્રા, ગઢડા જૈન સંઘ તથા બોટાદ સંઘ અને શહેર સુધરાઈ તરફથી ખૂબ ઉલ્લાસપૂર્વક સન્માન સમારંભો ગોઠવાયેલા. દાદર અને નેમિનાથ ઉપાશ્રયમાં પ્રમુખપદેથી સંઘરત્ન શ્રેષ્ઠી શ્રી રમણભાઈ દલસુખભાઈએ પૂ. ગુરુદેવશ્રી તથા દીક્ષાર્થી કિશોરભાઈના ગુણોની ભૂરી ભૂરી અનુમોદના કરેલી ને સંયમની શ્રેષ્ઠતા સુંદર શૈલીમાં વર્ણવેલી. લાલબાગ જૈન ઉપાશ્રયે જૈન સંઘના સમર્થ કાર્યકર શ્રી ભાણાભાઈએ કહેલું કે 'અમારી આધ્યાત્મિક શિક્ષાયતનનું કિશોરભાઈએ ઘણું ગૌરવ વધાર્યું છે.' શિક્ષાયતનમાં પ.પૂ. પરમતપસ્વી પ્રખર વિદ્વાન પ્રભાવક પ્રવચનકાર ગુરુદેવશ્રીની સંવેગ વૈરાગ્યભરી જોશીલી વાણીથી પ્રભાવિત થઈ એમણે એકી સાથે

૫૦ નાના મોટા વ્રતો લીધેલા. આજે તેને પંચ પરમેષ્ઠીના સ્થાને જતા જોઈ મને ઘણો જ આનંદ થાય છે.'' શ્રી કિશોરભાઈએ સન્માન સમારંભોમાં જણાવેલું કે પૂર્વે હું જડવાદની જબ્બર મોહજાળમાં ફસાઈ સુદેવ, ગુરુધર્મની ઘોર અવજ્ઞા કરી રહ્યો હતો. અજ્ઞાનવશ, ઉપધાન, અંજનશલાકાદિ અમૃતાનુષ્ઠાનો તથા પૂજાસામાયિકાદિ, અમૃતક્રિયાઓની નિંદા કરી રહ્યો હતો. આ મારા ધર્મ પ્રેમી પિતાશ્રીને એ ખૂંચવા માંડ્યું. તેથી તેઓએ આધ્યાત્મિક શિક્ષાયતનમાં મને મોકલ્યો. ત્યાં શિક્ષાયતનમાં પ.પૂ. ગુરુદેવશ્રીના સંવેગ વૈરાગ્યભર્યા પ્રભાવક, પ્રવચનો અને તેઓશ્રીના ત્યાગ તપથી અલંકૃત ભરચક અપ્રમત્ત દિનચર્યા જોઈને અજ્ઞાનના અંધારા દૂર થઈ ગયા. સમજાયું કે આત્માએ ભવોભવ સુખી થવું હોય તો સદ્‌ગુણી, સદ્ધર્મી, સદાચારી બનવું પડશે. તે માટે પરાકાષ્ઠાએ પહોંચેલા અરિહંતાદિ પરમષ્ઠીઓની ઉપાસના કરવી પડશે, ને તે વિશેષ કરીને સાધુપણામાં જ થઈ શકે છે. રોજ સાચા લક્ષ્યનો વારંવાર ખ્યાલ આવે તે માટે જમતા પહેલાં એક રોટલી લુખ્ખી ખાવી...અરિહંતના ગુણો સાથે આપણી સરખામણી કરવી. ''રોજ ગદ્યપ્રાર્થના કરવી. વગેરે પ.પૂ. ગુરુદેવશ્રીએ બતાવેલી અનુપમ આરાધનાઓએ મને આ સ્થિતિમાં લાવી મૂક્યો છે. અમારા જેવા અજ્ઞાનમાં અથડાતા યુવાનોમાં દિવ્યજ્ઞાનનો પ્રકાશ ફેલાવનાર અમારા જેવા પત્થરોને પારસમણિ સમા ધર્મ સન્મુખ લાવનાર આધ્યાત્મિક શિક્ષાયતનો સદ્‌ગુરુઓની નિશ્રામાં યોજાતી રહે અને તે માટે શાસનદેવ સર્વને શક્તિ, સંયોગો ને પ્રેરણા આપે. કિશોરભાઈના પિતાશ્રીએ કહેલું કે મારી ભાવના હતી કે કિશોર સારો પંડિત બની સમગ્જ્ઞાનનો પ્રચાર કરે અને સારા શ્રાવકો બનાવે પણ તેને તો પારસમણિ જેવા ગુરુ મળી ગયા છે; તે સોનું બની ગયો એથી મને ઘણો જ આનંદ થયો છે. તેના ગુરુની નિશ્રામાં રહી રત્નત્રયીની અપૂર્વ આરાધના કરી સ્વપરનું કલ્યાણ કરે એ જ શુભેચ્છા. લાલબાગમાં સ્વ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત વિજય પ્રેમસૂરિજી દાદાના સ્વર્ગવાસ નિમિત્તના ઉત્સવમાં નીકળેલા વરઘોડામાં વર્ષીદાન આપેલું. બીજો વરઘોડો ઘાટકોપરમાં વર્ષીદાન આપતો નીકળ્યો તે માટુંગા, દાદર, વર્લી વર્ષીદાન આપતા સ્ટેશને પહોંચેલા.

(પૂજયશ્રી) અમદાવાદથી વિહાર કરી કોઠ, ધંધુકા, વગેરેમાં ધર્મપ્રભાવના તથા ત્યાગ-તપ-નવકાર જાપ વગેરેના નિયમોનું દાન કરતાં મા.સુ.૩ ના બોટાદનગરે ઠા. ૧૯ સાથે પ્રવેશ કર્યો. સંઘે સામૈયું કર્યું. ત્યારબાદ જ્ઞાનમંદિરમાં પ્રવચન તથા પ્રભાવના થયેલ. મોટા જ્ઞાનમંદિરમાં પણ જગ્યાની સંકડાશ પડતાં વ્યાખ્યાન બહેનોના વિશાળ ઉપાશ્રયમાં બેસતું. 'દયા ભૂતેષું વૈરાગ્ય...' એ વિષય ઉપર રોચક પ્રેરક સાંભળવા વિશાળ સંખ્યા લાભ લેતી.

મા.સુ.૫ ના પંચાન્હિકા મહોત્સવના પ્રથમ દિવસે શ્રી અષ્ટાપદજીતીર્થની પૂજા ભવ્યરીતે ભણાવાઈ સ્થાનિક પૂજા મંડળે પૂ.પંન્યાસજી મહારાજની પૂજાના વિવિધ-રાગની દોરવણી હેઠળ ભક્તિ સંગીતની રમઝટ મચાવી વળી પૂજયશ્રીની શ્રીમુખેથી અર્થ વિવેચન સુંદર સાંભળવા મળ્યું. સંઘને આ રીતે પહેલી જ વાર શ્રી અષ્ટાપદજી તીર્થનો ભવ્ય ઈતિહાસ-મરુદેવાનું કેવળજ્ઞાન-સિદ્ધદંડિકા-તીર્થરક્ષા કરતા સગરચક્રીના ૬૦ હજાર પુત્રોનું આત્મબલિદાન વગેરે સાંભળતાં ઘણો જ આનંદ થયેલ.

મા.સુ.૮ ને દિવસે સવારે જલયાત્રાને વરઘોડો પરામાં શ્રી ચંપકલાલ જગજીવનભાઈની ઘરેથી શરૂ થઈ સાથે બંને દીક્ષાર્થી ભાઈઓ વરસીદાન ઊછાળતાં ઊછાળતાં વિશાળ-જન સમુદાય સાથે બોટાદ નગરમાં ફર્યો હતો. બપોરે શ્રી શાંતિસ્નાત્રની મહાપૂજા શરૂ થઈ હતી. આમાં અમદાવાદથી પધારેલ શ્રી ચતુરદાસ ચીમનલાલે સારો ભક્તિરંગ જમાવેલ. બોટાદના સંગીતકાર શ્રી ચીમનભાઈ તથા છનાભાઈ-મનુભાઈએ પણ પૂજાભાવનામાં પ્રભુભક્તિમાં તરબોળ કર્યા હતા.

આ દીક્ષાના ચાલતા ભવ્ય કાર્યક્રમમાં બોટાદના જૈન જૈનેતરોએ તથા બહારગામથી આવેલા મહેમાનોએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. શ્રી જૈન શ્વેતાંબર સંઘે પાખી રાખી હતી. સાંજે શ્રી બોટાદ જૈનસંઘ તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું. રાત્રે ૮॥ વાગે શ્રી શ્વેતાંબર સંઘ તરફથી અત્રેના સ્વાધ્યાય-મંદિરમાં બંને દીક્ષાર્થીઓના સન્માનનો ભવ્ય મેળાવડો શ્રી ધીરૂભાઈ દેસાઈના પ્રમુખપદે યોજવામાં આવ્યો હતો. શ્વે.મૂર્તિપૂજક, સ્થાનકવાસી તથા કાનજી સત્તાવાળાના અગ્રણીઓ ઈતર કોમના આગેવાનો તેમજ બહોળા જનસમુદાયે હાજરી આપી હતી. મેળાવડાની શરૂઆતમાં અત્રેની સંગીત સંસ્થા, શિવગંગા, સંગીત મહાવિદ્યાલય તરફથી મંગળગીતનો કાર્યક્રમ રજૂ થયો હતો. ત્યારબાદ મુંબઈથી આવેલા શ્રી ગણેશભાઈ પરમારે તથા બોટાદના શ્રી પ્રવીણભાઈ સંયમ-ભાવનાની અનુમોદના કરતું કાવ્ય મધુર કંઠે ગાઈ સંભળાવ્યું હતું. શ્રી અમદાવાદ જૈન ધર્મ આરાધક મંડળના અગ્રણી શ્રી ચતુરભાઈએ પૂજય તપસ્વી પંન્યાસજી મહારાજશ્રીના અદ્‌ભુત જ્ઞાન-તપ અને સંયમ બળનો સુંદર પરિચય આપ્યો હતો. શ્રી રસિકલાલ દેસાઈએ બંને દીક્ષાર્થીઓનો પરિચય કરાવ્યો હતો. શ્રી કિશોરભાઈના મોટાભાઈ હર્ષદકુમારે એમના કુટુંબના ધર્મના સંસ્કારોના મૂળ કેટલા ઊંડા છે તેની વિગતો આપી હતી. ત્યારબાદ બોટાદ જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી બચુભાઈ શેઠ, સુરતથી અત્રે પદારેલા દાઉદી વહોરા કોમના બડા મુલ્લાશ્રી તથા શ્રી નંદલાલભાઈ ગાંધી, શ્રી ધીરુભાઈ પાડીવાળા શ્રી રસીકલાલ ગીરધરભાઈ વિ. તરફથી ભરયુવાનીમાં

સંસારના વિષય-વિલાસો-સંપત્તિ-મોજમઝા વગેરે છોડી ત્યાગ-તપ, અને કઠોરમાર્ગે પ્રયાણ કરતાં દીક્ષાર્થીઓને ઊમળકાભેર અભિનંદન આપતા પ્રેરક શબ્દો કહ્યા હતા. ત્યારબાદ રાણપુરાના સ્થાનકવાસી કોલેજિયન શ્રી હંસાબેને સંયમ-માર્ગની અનુમોદના કરતાં પોતાની જોરદાર શૈલીમાં ઉત્તમ ચારિત્રમાર્ગની સાર્થકતા સમજાવી હતી. ત્યારબાદ બોટાદકર કૉલેજના પ્રિન્સિપાલ શ્રી રામદાનભાઈ ગઢવીએ રસમય શૈલીમાં જૈનધર્મના મૂળભૂત સિદ્ધાન્તો વિષે તેમજ જીવનમાં સંયમનું મહત્ત્વ એ વિષે સુંદર ખ્યાલ આપ્યો હતો. ત્યારબાદ દીક્ષાર્થી શ્રી કિશોરભાઈના પિતાશ્રી કાન્તિભાઈએ તથા દીક્ષાર્થી શ્રી જિતેન્દ્રકુમારના પિતાશ્રી હીરાભાઈએ ચારિત્રમાર્ગે અનુમતિ આપતા હર્ષ વ્યક્ત કરેલ.

ત્યારબાદ અત્રેના શ્વેતાંબર સંઘના અગ્રણી શ્રી ચુનીલાલ નાનચંદ બગડીયાના હસ્તે કિશોરભાઈને તથા શ્રી જિતેન્દ્રભાઈને શ્રી મણીકાન્તભાઈ ઝવેરી જીનવાળાના હસ્તે માનપત્રો અર્પણ કરાયા હતા. શ્રી દેસાઈ કાન્તીલાલભાઈએ સભાસમક્ષ માનપત્રો વાંચી સંભળાવ્યા હતા.

ત્યારબાદ સન્માનનો પ્રત્યુતર આપતાં દીક્ષાર્થી શ્રી કિશોરભાઈએ પોતાને સંસાર ઉપર વૈરાગ્ય કેવી રીતે થયો તે, અને વૈરાગ્ય પહેલાં પોતાના આત્માની કેવી ધર્મ વિમુખ કફોડી સ્થિતિ હતી તેનો તથા ધર્મના માર્ગે વાળનાર પોતાના પિતાશ્રી તથા પૂ. ગુરુભગવંતના ઉપકારની હકીકત કહી સંભળાવી હતી. તથા જિતેન્દ્રકુમારે સંયમમાર્ગના અનુમોદકો પ્રત્યે આનંદ વ્યકત કર્યો હતો. બંને દીક્ષાર્થીઓએ પોતાના માતા-પિતા સગાસંબંધી-મિત્રો શુભેચ્છકોનો આભાર તથા પોતાની ભૂલોની ક્ષમા યાચી હતી. અંતમાં શ્રી બાબુલાલ બગડીયાએ આભારવિધિ કરી હતી. છેવટે પ્રમુખપદેથી શ્રી ધીરૂભાઈએ દેસાઈએ ઉપસંહાર કર્યા બાદ સૌ શાંતિપૂર્વક વીખરાયા ત્યારે રાત્રિના ૧૧॥ વાગ્યા હતા. આમ સાડાત્રણ કલાક લગભગ હજારોની માનવમેદનીમાં આવો ભવ્ય મેળાવડો બોટાદમાં પહેલી જ વાર થયો એનો આનંદ ઘણાંએ વ્યકત કર્યો હતો.

માગશર સુદ ૯ ને ગુરુવારે સવારે આઠ વાગે દીક્ષા વરઘોડો શ્રી કિશોરભાઈના ઘરેથી ખૂબ જ ઊમંગ, ઉલ્લાસ અને ઉત્સાહપૂર્વક શરૂ થયો હતો. જુદી જુદી વિકટોરીયા ગાડીમાં રાજકુમારના વેષમાં બંને દીક્ષાર્થીઓ પોતાના સંસારની અંતિમ યાત્રાએ નીકળ્યા હતા. બોટાદ સંઘના આગેવાનો તેમજ ભાઈ-બહેનનો ઉત્સાહનો કોઈ પાર ન હતો. છૂટા હાથે વરસીદાન દેતા બંને દીક્ષાર્થીઓ સાથેનો વરઘોડો નવ વાગે દીક્ષાના સ્થળે ઝવેરીજીનના મેદાનમાં આવી પહોંચ્યો હતો. જ્યાં હજારો લોકો તેમજ ત્રણેય સંઘના અગ્રણીઓ તથા અત્રેના ન્યાયાધીશ સાહેબ,

વિકાસ અધિકારી તથા અન્ય અધિકારીગણની હાજરીમાં દીક્ષાવિધિ શરૂ થયો હતો. બ્રહ્મચર્યવ્રત લેનારા ચાર ભાઈ-બહેનોનો વ્રતનો વિધિ પણ સાથે જ શરૂ થયો હતો. બંને દીક્ષાર્થીઓને રજોહરણ આપતાં અમાપ હર્ષ વ્યાપી ગયો, પછી અત્રેના શ્રી રસિકલાલ ગીરધરભાઈ દેસાઈ તથા[1] **શ્રી પ્રવિણભાઈએ** પોતાના બનાવેલા પ્રસંગોચિત ગીતો રજૂ કર્યા હતા. સ્થાનકવાસી સંઘના એક અગ્રણી શ્રી અનુભાઈએ ચારિત્રને સુંદર અંજલિ આપી. ત્યારબાદ પૂ. પંન્યાસજી શ્રી ભાનુવિજયજી મહારાજશ્રીએ એમની સુપ્રસિદ્ધ રસમય છટામાં સંયમ પર વૈરાગ્ય ઝરતું વ્યાખ્યાન આપ્યું હતું. ત્યારબાદ બંને દીક્ષાર્થી ભાઈઓ સંયમનો ઉજ્જવળ વેષ પરિધાન કરીને પધારતાં જય જયના ઘોષથી ગગન ગાજી ઊઠ્યું. લોચનો વિધિ કરવામાં આવ્યો હતો તેમજ ક્રિયા પૂર્ણ થતાં બંનેને **પૂ. ભાનુવિજયજી મહારાજશ્રીએ** પોતાના શિષ્યો તરીકે અપનાવ્યા હતા. કિશોરભાઈનું મુનિપણાનું નામ **મુનિશ્રી કનકસુંદરવિજયજી** તથા જિતેન્દ્રભાઈનું નામ **મુનિશ્રી જયસુંદરવિજયજી** ઘોષિત કરવામાં આવ્યું. આ પ્રસંગે બહારગામથી આવેલા અભિનંદનના, વિદ્યુત સંદેશાઓનું વાંચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી કાન્તીભાઈ તરફથી રૂા. ૬૦૧ નું દાન જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્યત્વે ૧૦૧ રૂા. સાધારણ ખાતામાં તથા રૂા. ૧૦૧ સાધર્મિક સેવાસમાજ તથા બાકીનાં અન્ય સંસ્થાઓ તથા વ્યક્તિઓને આપવામાં આવ્યા હતા. તેમજ પોતાના પુત્રના દીક્ષા પ્રસંગને આટલો સુંદર રીતે દીપાવવા બદલ તથા સહકાર આપવા બદલ તેમણે દરેકનો આભાર માન્યો હતો. બાદમાં શ્વેતાંબર સંઘ તરફથી આ કાર્યમાં સહકાર આપનારાઓનો આભાર માનવામાં આવ્યો હતો. દીક્ષાની શેષ વિધિ પૂરી થયા બાદ નવદીક્ષિતો સાથે પૂ. ગુરુમહારાજ ધામધૂમપૂર્વક ઉપાશ્રયે પધાર્યા હતા. બપોરે શ્રી સવચંદ પાનાચંદના કુટુંબ તરફથી સ્વામિવાત્સલ્ય હતું.

પંચાન્હિકા મહોત્સવ તેમજ આખા પ્રસંગને ચેતનવંતો બનાવવા માટે અત્રેના સંઘના અગ્રણીઓ શ્રી ચંપકભાઈ બગડીયા, શ્રી શિવલાલભાઈ, શ્રી ગોબરભાઈ, શ્રી ધીરૂભાઈ લાડકચંદ, શ્રી રસીકભાઈ દેસાઈ, શ્રી નરસિંહદાસ ઉજમશીભાઈ તથા બીજા અનેક અગ્રણીઓ તેમજ યુવાનોએ આ પ્રસંગને બોટાદ સંઘનો પ્રસંગ ગણીને ખૂબજ ઉલ્લાસપૂર્વક સાથ આપ્યો હતો.

---

૧. એમાં **"આ છે અણગાર અમારા"** ગીતની નવી રચના ત્યારે ગવાયેલ. જે આજે પ્રાયઃ દરેક દીક્ષા પ્રસંગે ખાસ ગવાય છે.

અત્રેથી પૂ. પંન્યાસજી મહારાજશ્રીએ મા.સુ.૧૨ ના પાલિતાણા તરફ વિહાર કર્યો છે. મા.વ.૩ ના પાલિતાણા પહોંચવા ધારણા છે. પોષ દશમી ત્યાં થવા વકી છે.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૧૭,અંક-૨૫,તા.૧-૩-૧૯૬૯

ખંભાતમાં અભૂતપૂર્વ શાસન પ્રભાવના અને ગુરુમૂર્તિ-પ્રતિષ્ઠા

પૂજ્યપાદ પ્રાતઃ સ્મરણીય સિદ્ધાંતમહોદધિ આચાર્ય ભગવંત **શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની નિશ્રામાં ખંભાતમાં વિ.સં. ૨૦૨૨ના વૈશાખ સુદ ૮ નવા બંધાયેલા ભવ્ય જૈન શાળાના મકાનનું ઉદ્‌ઘાટન થયું ત્યારથી ખંભાતમાં દિનપ્રતિદિન શાસન પ્રભાવનાના સુંદર કામો થતાં ગયા છે; જેવાં કે પૂજ્યશ્રીનું વિશાળ પરિવાર સાથે સં. ૨૦૨૩નું ચોમાસું ખંભાતમાં થયું, ત્યારબાદ પૂજ્યશ્રીની તબીયત સં. ૨૦૨૪ના માગશર માસમાં જરા નરમ થવાથી મુંબઈથી પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ પૂજ્ય ગુરુદેવશ્રીની સેવામાં સં. ૨૦૨૪ના મહા સુદ ૧૩ના પધાર્યા અને ગુરુ-શિષ્યનું અભૂતપૂર્વ મિલન થયું. ત્યારબાદ તે પૂજ્યશ્રીની તબીયત સારી હતી. તેમાં અચાનક ખંભાતમાં વૈશાખ વદ ૧૧ની રાતના પૂજ્યશ્રીની તબીયત બગડી અને તેજ રાતના એઓશ્રીનું અદ્‌ભુત સમાધિમરણ થયું. શાસનનો મહાન સ્થંભ તૂટી પડ્યો. સારાએ ભારતના જૈન સમાજમાં સન્નાટો ફેલાઈ ગયો ! પૂજ્યશ્રીની શાસનની જવલંત આરાધના-રક્ષા-પ્રભાવનાની અનુમોદનાર્થે ખંભાતમાં ભવ્ય ઓચ્છવ થયો. આકર્ષક રચનાઓ બનાવી. જેનો લાભ સ્થાનિક અને બહારના હજારો લોકોએ લીધો. પૂજ્ય આ.દેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજનું ચાતુર્માસ ખંભાતમાં થયું.

પર્યુષણબાદ પૂ. સ્વ. ગુરુદેવ આચાર્ય ભગવંતની મૂર્તિ અને દેરી બનાવરાવવાનો વિચાર થતાં પૂ. આચાર્યદેવે કહ્યું કે જો એ જલદી તૈયાર કરો તો ચોમાસું ઊતરે ઉપધાન શરૂ થાય તેની પૂર્ણાહુતિમાં પ્રતિષ્ઠાનો પ્રસંગ પણ આવી જાય. દરમિયાનમાં પૂ. આચાર્ય લબ્ધિસૂરીશ્વરજી મહારાજનો પણ ખંભાતના શ્રી સંઘ ઉપર ઘણો ઉપકાર હતો જે લક્ષમાં લઇ તેઓશ્રીની પણ મૂર્તિ પધરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો અને બંને ગુરુમંદિરો બજારમાં આવેલા શ્રી ચિંતામણી પાર્શ્વનાથજીના ચોગાનમાં કરાવવાનું નક્કી થયું. તથા બંને મૂર્તિ તથા દેરીનું કામ શેઠ રમણલાલ વજેચંદ તથા કાંતીલાલ કેશવલાલે માથે લીધું. પૂ.આ.શ્રી

લબ્ધિસૂરીશ્વરજી મહારાજની મૂર્તિ મુંબઈ તૈયાર કરાવી અને પૂ.આ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજની મૂર્તિ અમદાવાદ તૈયાર કરાવી. છેલ્લા કેટલાક વખતથી દેવાણવાળા શેઠશ્રી ચીમનભાઈ ગફુરભાઈ તથા બાબુભાઈ ગફુરભાઈને આચાર્યદેવની નિશ્રામાં ઉપધાનતપ કરાવવાની ભાવના હતી. તેમના પુણ્યોદયે તે ભાવના સફળ થઈ અને તેની વ્યવસ્થાનું સઘળુંય કામ શેઠશ્રી ભાણાભાઈએ માથે લીધું અને માગશર સુદ ૯ ના તથા માગશર સુદ ૧૪ના બે મુહૂર્તમાં થઈ લગભગ ૮૦૦-૮૫૦ આરાધકોએ પ્રવેશ કર્યો. તેમાં ૪૭૦ ઉપરાંત તો માળો હતી. ખૂબ ઉત્સાહથી અને ઠાઠમાઠથી ઉપધાનતપ ચાલવા માંડ્યો. બહારગામથી હજારો મહેમાનો આવવા માંડ્યા. તે દરેકની ભક્તિ દેવાણનગરમાં બંને ભાઈઓ તરફથી જ થતી હતી. આ બંને ભાઈઓની ઉદારતા અને શ્રી ભાણાભાઈની વ્યવસ્થાને લીધે છેલ્લા સૈકામાં વિ.સં. ૧૯૯૮માં શેઠ માણેકલાલ ચુનીલાલ ૧૧૦૦ માણસોના ઉપધાન પછી આ ઉપધાન ભારે ઉદારતા અને સુંદર વ્યવસ્થાભર્યા જોવા મળ્યા.

ગુરુમૂર્તિઓની પ્રતિષ્ઠાનું મુહૂર્ત મહા સુદ પનું આવ્યું. તડામાર તૈયારીઓ ચાલી અને સંગેમરમરના ભવ્ય ગુરુમંદિરો તથા ગુરુબિંબો તૈયાર થઈ ગયા. ગામેગામ કંકોત્રીઓ મોકલવામાં આવી. મહા સુદ ૪ ગુરુમૂર્તિની પ્રતિષ્ઠાની ઉછામણી પણ અભૂતપૂર્વ થઈ. પહેલી ઉછામણી પૂ.આ.શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજની થઈ. તેમાં મૂર્તિ પધરાવવાના રૂા. ૨૬૦૦૦ શેઠ કેશવલાલ વજેચંદ તથા શ્રી શાંતીલાલ મણીલાલ અને રૂા. ૬૦૦૦ અભિષેક કરવાના શેઠશ્રી રમણલાલ દલસુખભાઈએ તથા રૂા. ૨૦૦૦ પૂજા કરવાના શ્રી કેશવલાલ વજેચંદ તથા શાંતિલાલ મણીલાલ તરફથી બોલવામાં આવ્યા. ત્યારબાદ પૂ.આ.શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની મૂર્તિ પધરાવવાની ઉછામણી શરૂ થઈ તેમાં રૂા. ૩૨૦૦૦ બોલીને પધરાવવાનો લાભ શેઠ જીવતલાલ પ્રતાપસી તથા શેઠશ્રી રમણલાલ વજેચંદે લીધો. રૂા. ૬૦૦૦ અભિષેક કરવાના શેઠશ્રી ચીમનલાલ ગફુરભાઈ તથા શ્રી બાબુલાલ ગફુરભાઈએ અને પૂજા કરવાના રૂા. ૪૦૦૦ બોલી શેઠશ્રી રમણલાલ દલસુખભાઈએ લાભ લીધો. આખા સંઘમાં આ ઉછામણીથી આનંદનું મોજું વ્યાપી ગયું. બહારગામથી પિંડવાડા, અમદાવાદ, મુંબઈ, વડોદરા તથા આજુબાજુના હજારો માણસો આવેલા હતા. મહા સુદ ૫ સવારે ૧૧-૧૫ વાગે બંને મૂર્તિની પ્રતિષ્ઠા ખૂબ ઉલ્લાસથી આનંદના વાતાવરણમાં થઈ. આ પ્રસંગે પૂ.આ. લબ્ધિસૂરીશ્વરજી મહારાજના સમુદાયના પૂ.આ.શ્રી વિજય ભુવનતિલકસૂરીશ્વરજી મહારાજ, પૂ.પં.શ્રી પદ્મવિજયજી મહારાજ આદિ લગભગ ૧૫-૧૬ ઠાણા તેમજ પૂ. બાપજી મહારાજના સમુદાયના પૂ.પં.શ્રી વિબુધવિજયજી મહારાજ આદિ ઠાણા ૮ પધાર્યા હતા. સેંકડો

માઈલોના વિહાર કરી પૂ.આ.શ્રી વિજય જંબુસૂરીશ્વરજી મહારાજ તથા પૂ.પંન્યાસજી મહારાજો તથા મુનિ મહારાજાઓ પધાર્યા હતા અને આ પ્રસંગ જીવનભર યાદ રહી જાય તેવો ઉજવાયો હતો.

પ્રતિષ્ઠાના પ્રસંગે પૂ. આચાર્યદેવોએ સૂચના કરી કે મૂર્તિની પ્રતિષ્ઠાનું કામ તો પૂરું થયું. પણ હવે સ્વ. ગુરુદેવ પૂ.આ.શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબનો જ્યાં અગ્નિદાહ થયો છે તે જગાએ સારામાં સારું સ્મારક વહેલી તકે તૈયાર થવું જોઈએ અને તે બાબત પૂ. આચાર્યદેવો શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ., પૂ.આ.શ્રી વિજય જંબુસૂરીશ્વરજી મ. તથા પૂ.પં.શ્રી ભાનુવિજયજી મ. આદિ મુનિરાજોની સાનિધ્યમાં સ્મારક સંબંધી યોજના વિચારાઈ. એમાં શેઠશ્રી રમણલાલ વજેચંદે અર્પણ કરેલ જમીન પર મોટું સ્મૃતિમંદિર, એમાં ગુરુપાદુકા, ૧૦૮ તીર્થનાયક દર્શન, પ્રભુ મહાવીરદેવથી આચાર્યોની પાટ-પરંપરા, પૂ.સ્વ. આચાર્યદેવશ્રીનું વિશાળ વંશવૃક્ષ, એઓશ્રીના જીવન પ્રસંગોના ચિત્રો... વગેરે તૈયાર કરવાનું વિચારાયું.

મહા સુદ ૬ ના માળનો વરઘોડો ખૂબ ઠાઠમાઠથી ચઢ્યો હતો. જેમાં અનેક શણગારો, ૩ બેંડો, ૧૮૦ સાધુ ભગવંતો, ૨૫૦ ઉપરાંત સાધ્વીજી મહારાજો અને હજારો જૈન-જૈનેતર ભાઈઓથી શોભતો હતો. મહાસુદ ૭ ના સવારના ૧૦ વાગે માળની ક્રિયા શરૂ થઈ અને પ્રથમ માળની ઉછામણી બોલનાર શેઠશ્રી પુનમચંદ નગીનચંદ બાબુને પૂ.આચાર્ય ભગવંતની નિશ્રામાં માળારોપણ થયું. ત્યારબાદ બાકીની માળાઓનું માળારોપણ થયું. આ બંને દિવસોમાં લગભગ ૧૫૦૦૦ માણસો બહારગામથી આવેલ હતા તેનું દેવાણનગરમાં બંને ભાઈઓ તરફથી સાધર્મિક વાત્સલ્ય ચાલુ હતું. માળની ઉછામણીમાં લગભગ રૂા. દોઢ લાખ ઉપજ થઈ હતી. મુંબઈ નિવાસી શેઠશ્રી ગોવિંદજી ખોના મુંબઈથી સુંદર જિનમંદિર સાથે બસ મારફતે સંઘ લઈને ખંભાતથી છ'રી' પાળતા પાલીતાણા પૂજ્ય આચાર્ય ભગવંતની નિશ્રામાં જવા માટે આવતાં મહા સુદ ૧૨ ખંભાતમાં ભવ્ય સામૈયું કરવામાં આવ્યું. બપોરના શ્રી સંઘ જમણ શેઠશ્રી છગનલાલ કસ્તુરચંદ તરફથી રાખવામાં આવેલું. મહા સુદ ૧૩ સવારના ૭ વાગે શ્રી સંઘનું પ્રયાણ જૈનશાળાએથી વાજતે ગાજતે ચતુર્વિધ સંઘ સાથે શરૂ થયું અને પહેલો મુકામ દેવાણનગરમાં થયો. ત્યાંથી બપોરના ૩ વાગે છ'રી' પાળતો સંઘ શરૂ થયો. તેમાં લગભગ ૮૧ સાધુ ભગવંતો ૧૫૦ સાધ્વીજી મહારાજો તથા ૭૫૦ યાત્રિકો લાભ લેતાં લેતાં ફાગણ સુદ ૫ સંઘ નિર્વિઘ્ને પાલીતાણા પહોંચી ગયો.

● **અમદાવાદ :** ખંભાતથી પૂ.પં.મહારાજ **શ્રી ભાનુવિજયજી ગણિવર** સપરિવાર વિહાર કરી કૃષ્ણનગર પ્લોટમાં પધાર્યા. પ્લોટના ભાઈઓનો ઉત્સાહ

બહુ. બે વ્યાખ્યાનનો લાભ લીધો. ત્યાંથી નરોડા પધારતાં જોયું કે કોઈ ભૂતકાળની ભૂલે પૂજારી શ્રી પદ્માવતી માતાને ભેટણાંની રૂા. ૧। સુધીની કુલ રકમ લઈ જતાં વર્ષે દહાડે રૂા. ૧૦-૧૫ હજારનું ભેટણું પૂજારીને જતું હશે. સંઘે રૂા. ૧। ઉપરની રકમની પહોંચ લઈ જવાનું બોર્ડ માર્યું છે, પણ સવા રૂા. ને બદલે રૂા. ૧-૩૩ ન. પૈસા કેટલા જણ પેઢીએ ભરાવતા હશે ? અજાણ્યા ભોળાજનો સમજે કે અમે માતાજીને ભેટ ધરીએ છીએ. પણ ખરેખર તો પૂજારીને જ ભેટણું જાય છે. પૂ.પં. મહારાજે ત્યાંથી વિહાર કરી સોનારડા પધારતાં ગામમાં ૩-૪ શ્રાવકના ઘર છતાં દેરાસર નહિ, તેથી ઉપદેસ આપતાં અગ્રણી શ્રાવક શ્રી ફુલચંદભાઈએ ભગવાન લાવી ઘરદેરાસર કરવાનું નક્કી કર્યું. ત્યાંથી દહેગામ પધારતાં સંઘે ભારે ઉત્સાહ દાખવ્યો. જોગાનુજોગ અહીં કાનજીસ્વામી આવેલા, એટલે સવારના વ્યાખ્યાનમાં પૂ. પંન્યાસજી મહારાજે નિમિત્ત અને ધર્મક્રિયાની બળવત્તાની સાચી ઓળખ આપી બનાવટી અધ્યાત્મનો ઘટસ્ફોટ કરતાં જનતાને સત્ય સમજવા મળ્યું. પછી શનિવાર છતાં બપોરના **'આત્માને ઓળખો'** એ વિષય પર જાહેર વ્યાખ્યાનમા તો સ્કૂલના મોટા કંપાઉન્ડમાં વિશાળ માનવમેદની એકત્રિત થઈ હતી. રવિવારે વ્યાખ્યાનમાં પ્રભુપૂજામાં પોતાની અગરબત્તી, વરખ, દૂધ, અંગલૂછણું લઈ જવાનો તથા ૯ લાખ નવકાર, ૧ ક્રોડ, 'નમોઅરિહંતાણં' જાપનો ઉપદેશ અપાતાં કેટલાકોએ યથાશક્તિ નિયમો લીધા. બપોરે શ્રી અષ્ટાપદજીની ભવ્ય પૂજા અર્થ સાથે ભણાવાઈ. સંઘને બહુ રસ રહી ગયો. પૂ.પં.મહારાજ ફાગણ સુદ ૧૫ ઈડર કરવા વકી છે.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૧૭,અંક-૩૩,તા.૨૬-૪-૧૯૬૯

શાંતિલાલ-ગેનાકુમારીની ભવ્ય દીક્ષાઓ

● **પિંડવાડા :** અત્રે ખોડનગર (જિ.પાલી)વાળા ભાઈશ્રી ભૂરમલજી ફત્તેરાજજીના સુપુત્ર શ્રી શાંતિલાલ તથા સુપુત્રી ગેનાકુમારીનો વૈશાખ સુદ ૧ થી દીક્ષા મહોત્સવ સુંદર ઉજવાઈ ગયો. આ પ્રસંગે શ્રી ભૂરમલજીના મોટા ભાઈશ્રી સજનરાજજી તથા નાના ભાઈશ્રી મોતીલાલજી, ભત્રીજા નથરાજજી વગેરે અત્રે ઉપસ્થિત થયા હતા. એમના તરફથી બહાર પાડેલ કંકોત્રીના આ મુજબ જણાવ્યું હતું કે,

'વિશેષ જણાવતાં આનંદ થાય છે કે અમારા કુટુંબમાંથી અમારા ભાઈશ્રી સંપતરાજજીએ ૧૮ વર્ષે પૂર્વે ચારિત્ર લીધેલું તે હાલ પૂ.મુનિરાજશ્રી સંપતવિજયજી

મહારાજ તરીકે વિચરી રહ્યા છે. હવે, વિશેષ હર્ષની વાત એ છે કે અમારે ભાઈશ્રી ભૂરમલજી અને ભોજાઈ શ્રી નેનીબેનના પુત્ર-પુત્રી ભાઈશ્રી શાંતિલાલ તથા બેન શ્રી ગેનાકુમારી વૈરાગ્ય પામી ભાગવતી દીક્ષા લેવા તૈયાર થયા છે.'

પરમ ઉપકાર સ્વ. ગચ્છાધિપતિ પરમ સંયમનિધિ સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્ય ભગવંત **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબનો, કે એઓશ્રીના આદેશથી ભાઈશ્રી શાંતિલાલ પાંચ વર્ષ સુધી પૂ. **પંન્યાસશ્રી ભાનુવિજયજી** મહારાજની સાથે રહી ધર્મ-અધ્યાત્મ-વૈરાગ્ય તથા સૂત્ર-તત્ત્વજ્ઞાનની શિક્ષા પામેલ અને એમાં આયંબિલ વર્ધમાન તપની ઓળીઓ, ઉપવાસ આયંબિલ, એકાસણાદિ તપસ્યા, નવસ્મરણ, અતિચાર સૂત્ર, ૪ પ્રકરણ, ૩ ભાષ્ય, તત્ત્વાર્થ, સંસ્કૃતભાષા, ઉપદેશમાળા વગેરેનું અધ્યયન તથા સેંકડો માઈલનો પદવિહાર કર્યા. અમારે બેનશ્રી ગેનાકુમારીએ પણ પૂ.સ્વ. સંઘસ્થવિર આચાર્ય ભગવંત શ્રી વિજય સિદ્ધિસૂરીશ્વરજી (બાપજી) મહારાજ સાહેબના પ્રશિષ્ય પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી મહારાજના આજ્ઞાવર્તી સાધ્વીશ્રી દેવશ્રીજી મહારાજના શિષ્યા સાધ્વીશ્રી હંસકીર્તિશ્રીજી મહારાજ (પૂ.પં.શ્રી ભાનુવિજયજી મ. ના સંસારી બેન) પાસે તથા શાંતમૂતિ વૈરાગ્યનિધિ પૂ.આચાર્ય શ્રી વિજય દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજના આજ્ઞાવર્તી સાધ્વીશ્રી ઉત્તમશ્રીજી મહારાજના શિષ્યા સાધ્વીજી શ્રી હેમંતશ્રીજી મ.ના શિષ્યા સાધ્વી શ્રી હેમકલાશ્રીજી મહારાજ (પૂ.પં.શ્રી ભાનુવિજયજી મ.ના સંસારી બેન) પાસે રહી વૈરાગ્ય, તપશ્ચર્યા, વિહાર તથા જ્ઞાનધ્યાનની તાલિમ પામ્યા.

હવે આ બંને ભાગ્યશાળી દીક્ષા માટે અતિ-ઉત્કંઠિત બન્યા હોઈ, અમોએ એ બંનેને દીક્ષા સમહોત્સવ વૈશાખ સુદ ૪ના દિવસે ધામધૂમ પૂર્વક અપાવવાનું નક્કી કર્યું છે. એમાં અમે અમારું અહોભાગ્ય સમજીએ છીએ.

અમારે દીક્ષા તો અમારે ગામ ખોડમાં કરાવવી હતી. અમોએ પૂ. પંન્યાસજી મ. ને ખૂબ આગ્રહ પણ કરેલો, કિન્તુ અત્રે પિંડવાડા વૈશાખ સુદ ૮થી ધાર્મિક શિક્ષાયતન ચાલુ થવાનું હોઈ પૂ.પંન્યાસજી મ. ને આવવું અશક્ય હતું તેથી દીક્ષા પ્રસંગ અમોએ એઓશ્રીની નિશ્રામાં અત્રે પિંડવાડા જ મહોત્સવ ઉજવાનું નક્કી કર્યું છે અને શ્રી પિંડવાડા સંઘે આ મહાન ધર્મ પ્રસંગને આનંદથી વધાવી લીધો છે.

કંકોત્રીમાં જણાવ્યા મુજબ શ્રી ભૂરમલજી તરફથી રોજ પૂજા, ભાવના, આંગી થતી. સુદ ૩ નો વર્ષીદાનનો ભવ્ય વરઘોડો નીકળ્યો. દીક્ષાર્થી કુમાર સુંદર વેશમાં મોટરમાંથી ઊભા ઊભા છૂટા હાથે ખૂબ ઉછરંગથી પૈસા ઉછાળતા એ જોઈ ભલભલાના હૃદય પીગળી જતા. શ્રી સંઘ તરફથી રાતના અભિનંદન મેળાવડો

ઉજવાયો. એમાં શ્રી સમરથમલજી, શ્રી પુખરાજજી મુતા, માસ્ટર શ્રી જસરાજજી એમ.એ. વગેરે એ દીક્ષા દીક્ષાર્થી અને એમના માતાપિતાને સુંદર અંજલિ આપી. નાની વયના શ્રી શાંતિલાલે ગુરુનો ઉપકાર, દીક્ષાનું આકર્ષણ વગેરે દલીલ-પુરસ્સર જે રજૂ કર્યું તેથી સભા સારી પ્રભાવિત થઈ. સુદ ૪ ધર્મશાળાના નવનિર્મિત વિશાળ વ્યાખ્યાન હોલ સાથે સંલગ્ન પ્રાંગણમાં મંડપ નીચે પૂ.પં.શ્રી હેમંતવિજયજી મહારાજના વરદ હસ્તે દીક્ષાની ભવ્ય ક્રિયા થઈ. બંને દીક્ષાર્થીઓના ઉપકરણો વહોરાવવાની શ્રી ભૂરમલજીના કુટુંબીઓ તથા શ્રી સંઘ સારી રકમોની ઊછામણી બોલ્યાં. બંનેને રજોહરણ અપાતા હર્ષોલ્લાસથી એ નાચી ઊઠ્યા અને સંઘે જય જય ધ્વનિથી વધાવ્યા. દીક્ષાવિધિ પૂર્ણ થતાં શ્રી શાંતિકુમારને પૂ. મુનિરાજશ્રી યોગીન્દ્રવિજયજી મ. ના શિષ્ય મુનિશ્રી ચૈતન્યવિજયજી તરીકે તથા શ્રી ગેનાકુમારી ને પૂ. સાધ્વીજીશ્રી હેમકલાશ્રીજી મ.ના શિષ્યા સાધ્વીજીશ્રી હિમજ્યોતિશ્રીજી તરીકે જાહેર કરવામાં આવ્યા. તે પછી શ્રી ભૂરમલજી તરફથી સંઘ જમણ આપવામાં આવ્યું.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૧૭,અંક-૩૪,તા.૩-૫-૧૯૬૯

પિંડવાડા : તપગચ્છગગનદિવાકર સચ્ચારિત્ર ચૂડામણિ અગણિત જીવોના ઉદ્ધારક પૂજ્યપાદ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાની કલ્યાણકારિણી પ્રેરણા અને અંતરાશિષથી તેમજ તેઓશ્રીજીના શિષ્ય પ્રભાવક પ્રવચનકાર પૂજ્યપાદ પંન્યાસપ્રવર **શ્રી ભાનુવિજયજી મહારાજા**ની વૈરાગ્યમયી દેશના અને જોમભરી પ્રેરણાથી તથા સારા કુળસંસ્કારથી અહીંના વતની ભાઈશ્રી કાલિદાસભાઈ અને તેમના ધર્મપત્ની આજથી પાંચવર્ષ પૂર્વે જ સંસારથી વિરકત થયેલા, અને પૂજ્યપાદ સ્વ. આચાર્યદેવના પુનિત સાનિધ્યમાં સજોડે આજીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું; સાથે જ આખા કુટુંબ સાથે દીક્ષા લેવાની ભાવનાથી ઘરમાં તેને યોગ્ય વાતાવરણ અને સંસ્કરણ તૈયાર કરવા લાગ્યા.. છેલ્લા બે વર્ષથી તો એ સહકુટુંબ દીક્ષા લેવા તૈયાર પણ થઈ ગયા. અને સ્વ. આચાર્યદેવશ્રીજીના પુનિત હસ્તે દીક્ષા અંગીકાર કરવાના કોડ કરવા લાગ્યા. પરંતુ તેમના પિતાજી તથા ભાઈઓના મોહમય રોકાણે તેમની ભાવના તરત સફળ ન બની શકી. અને એટલામાં તો એ તરણતારણહાર સ્વ. ગુરુદેવશ્રીજી ખંભાતના ખોળે સદાને માટે પરલોકના પંથે સીંધાવી ગયા. સહુનું ય શિરછત્ર ક્રૂર કાળે ઝૂંટવી લીધું ! ભારતના

ગામે ગામના સંઘોમાં વજ્રઘાતનું પ્રચંડ મોજું ફરી વળ્યું. એ તારકદેવશ્રીનો પવિત્રપાવન દેહ રાખમાં ખાખ થઈ ગયો વર્ષ થવા આવ્યું છતાં પણ એમની એ કરુણાદૃષ્ટિ એમની એ તારકતા અને એ અચિંત્ય પુણ્યપ્રભાવ તો આજે ય એવો ને એવો જીવતો જાગતો જ ઊભો છે...

એ જ પુણ્યપ્રભાવે આજે પિંડવાડાના આંગણે એક આખા કુટુંબનો પ્રભાવક દીક્ષા મહોત્સવ ઉજવાઈ ગયો ! માત્ર પિંડવાડામાં જ નહિ પરંતુ સારા ય રાજસ્થાનમાં એક અજોડ અને અભૂતપૂર્વ ગણાય એવો આ પ્રસંગ બની ગયો.

અનેક નવયુવાનોના તારણહાર પૂજ્યપાદ પંન્યાસ પ્રવર શ્રી ભાનુવિજયજી મહારાજા અમદાવાદથી વિહાર કરી ઠેર ઠેર અદ્‌ભુત શાસનપ્રભાવના કરતાં કરતાં, પોતાના વિશાળ શિષ્ય પરિવાર સાથે પિંડવાડા પધારી ગયા... કાલીદાસભાઈના સંબંધીઓને સમજાવવાનું કાર્ય શરૂ કર્યું. બીજી બાજુ વૈરાગ્યવારિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજનો વૈશાખ સુદ ૭નું મુહૂર્ત શ્રેષ્ઠ હોઈ કાર્ય સાધી લેવાની જોરદાર પ્રેરણા આવી. એટલે સ્વ. ગુરુદેવની કૃપાદૃષ્ટિના પુણ્ય પ્રભાવે કાલીદાસના પિતાજીએ તથા સઘળા સંબંધીઓએ રાજીખુશીથી દીક્ષાની અનુમતિ આપી. અને આખાય કુટુંબની દીક્ષાની જોરદાર તૈયારીઓ થવા લાગી. ગામમાં પણ સર્વત્ર ઉમંગ અને ઉલ્લાસનું મોજું ફરી વળ્યું, ઘરે ઘરે બેન્ડવાજા સાથે દીક્ષાર્થીઓના વાયણાં શરૂ થઈ ગયા.

દીક્ષાર્થીઓના ઉલ્લાસ, ગામનો ઉમંગ અને દીક્ષાની તડામાર તૈયારીઓ જોઈને ઘણા વખતથી દીક્ષાની ઝંખના રાખતા અહીંના જ સ્વ. પ્રતાપચંદજી શિવલાલજીની ધર્મપત્ની પંકુબહેન પણ દીક્ષા લેવા તૈયાર થઈ ગયા... એમના પણ સંબંધીઓની પૂર્વ દીક્ષા માટેની અનુમતિ નહોતી તે પણ અનુમતિ મળી ગઈ અને તેમની પણ દીક્ષા વૈશાખ સુદ ૭ના રોજ કરવાનો નિર્ણય લેવાઈ ગયો. આમ એક જ દિવસે એક સાથે સાત દીક્ષાર્થીઓ અંગે આમંત્રણ પાઠવતી પત્રિકાઓ પણ ગામોગામ મોકલાઈ ગઈ, અને પિંડવાડાના સ્થાનિક અને બીજા બહારગામના પણ અનેક ભાવિકો આવવા લાગ્યા. વૈશાખ સુદ ૧થી દીક્ષાનો મંગલ ઉત્સવ આરંભાઈ ગયો. અને જેમ જેમ દીક્ષાનો દિવસ નજીક આવતો ગયો તેમ તેમ આખા ગામમાં વાતાવરણ વધુ ને વધુ દીક્ષામય બની ગયું.

વૈશાખ સુદ ૬ની બપોર થઈ અને વર્ષીદાનના વરઘોડાની અદ્‌ભુત તૈયારીઓ થઈ ગઈ... બપોરે ૪ વાગે વિવિધ રીતે શણગારેલા ભવ્ય વાહનમાં સાતે દીક્ષાર્થીઓને બેસાડીને વરઘોડો શરૂ કરવામાં આવ્યો. વરઘોડામાં પહેલેથી જ જૈન

જૈનેતર જનતાની ભરચક હાજરી અને અનેક મોટરો-ઘોડાઓ-રથ ઈન્દ્રધ્વજા અમદાવાદનું પ્રસિદ્ધ જિયા બેન્ડ વગેરેથી વરઘોડો ખૂબજ દબદબા ભર્યો બન્યો. સાત દીક્ષાર્થીઓના અત્યંત ઉલ્લાસભેર વરસીદાન વરસતા જોઈ લોકોના દિલ હચમચી ઊઠતાં વરઘોડો મુખ્ય બધા જ રાજમાર્ગો પર ફરતાં ગામ ગાજી ઊઠ્યું.

વરઘોડામાં સ્થાનિક યુવક મંડળ ઉપરાંત શિક્ષાયતન નિમિત્તે આવેલા વિદ્યાર્થીઓએ સુંદર વ્યવસ્થા જાળવી, શિક્ષાયતનના મુખ્ય સંચાલક શ્રી કુમારપાળે પિંડવાડાના યુવાનોને પ્રેરક સૂત્રો વગેરે બોલવાનો નવો રંગ આપ્યો. તે જ દિવસે રાત્રે દીક્ષાર્થીઓને સન્માનપત્ર આપવાનો મેળાવડો રાખવામાં આવ્યો. તેમાં પણ મેદનીથી અહીંનો વિશાળ ગણાતો પણ વ્યાખ્યાન હોલ ચિકાર ભરાઈ ગયો ! સંગીતના પ્રોગ્રામથી મેળાવડાની શુભ શરૂઆત થઈ. ત્યારબાદ દીક્ષાર્થીઓને તિલક કરવાની ઉછામણીઓ બોલાઈ અને જોતજોતામાં રૂા. ૫-૬ હજારની ઉપજ માત્ર દીક્ષાર્થીઓને તિલક કરવાની જ થઈ ગઈ. અને ત્યારબાદ અનેક વક્તાઓએ દીક્ષાર્થીઓને અને દીક્ષાર્થીઓના ઉદ્ધારક અને પ્રાણસમા સ્વ. આચાર્યદેવશ્રીજીને અંજલિઓ આપી હતી. જેમાં અહીંના સંઘના અનેક આગેવાનો ઉપરાંત અહીંની હાઈસ્કૂલના હેડમાસ્તર-માસ્તર વગેરેએ તેમજ અહીંની મ્યુનિ. ના ભૂતપૂર્વ પ્રમુખશ્રી બાબુભાઈ ભાટીયા, શિબિર સંચાલક શ્રી કુમારપાળ વિ. શાહ વગેરેના વક્તવ્ય ખૂબ જ સુંદર હતા. ત્યારબાદ દીક્ષાર્થીઓએ પણ સુંદર વક્તવ્યો કરીને ઉપકારી ગુરુદેવોનો અને દીક્ષા પ્રસંગમાં અનુમતિ અને સાથ આપવા બદલ પોતાના કુટુંબીજનોના તેમજ શ્રી સંઘના ઉપકારોની સ્મૃતિ કરાવી હતી. ત્યારબાદ દીક્ષાર્થીઓના બહુમાનમાં તેમને તિલક કરી સન્માનપત્ર અર્પણ કરી હારતોરા પહેરાવીને સુંદર સન્માન કરવામાં આવ્યું. નાના દીક્ષાર્થી દિનેશભાઈએ સંવાદથી સુંદર જવાબ આપ્યા. અને છેલ્લે દીક્ષાર્થીઓના આ મહાન પરાક્રમની અનુમોદના કરતું ગીત ગાઈને આ મેળાવડો રાતે ૧ વાગે પૂર્ણ થયો હતો.

વૈશાખ સુદ ૭ : આ દીક્ષા પ્રસંગે અમારી વિનંતીનો સ્વીકાર કરી રોહીડાથી ઉગ્ર વિહાર કરી અત્રે પધારતા આગમપ્રજ્ઞ વિદ્વદ્વર્ય પં.પૂ.આ.દેવશ્રી જંબુસૂરીશ્વરજી મહારાજનો સવારે ૯ વાગે સામૈયા પૂર્વક નગર પ્રવેશ થયો. આ સામૈયું દીક્ષા માટે જ ખાસ તૈયાર કરાયેલા અત્યંત વિશાળ અને ભવ્ય મંડપમાં ઉતર્યું હતું અને સભારૂપે ગોઠવાઈ ગયું હતું.

આ બાજુ દીક્ષાર્થીઓ પણ સ્નાત્ર પૂજાદિ પતાવીને વાજતે ગાજતે ખૂબ જ ભાવોલ્લાસ સાથે સંસારને છેલ્લી સલામ કરીને વર્ષીદાન આપતાં આપતાં વિશાળ

જનમેદની સાથે દીક્ષા મંડપમાં પધારી ગયા..

પૂ. સ્વ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રીના પટ્ટધર આગમપ્રજ્ઞ પૂજ્યપાદ આચાર્યદેવશ્રીમદ્ વિજય જંબુસૂરીશ્વરજી મહારાજ, પૂ.પં.શ્રી વર્ધમાનવિજયજી ગણિધર પૂ.પં. શ્રી રૈવતવિજયજી મહારાજ તેમજ ખાસ આ દીક્ષા પ્રસંગે જ અમારી આગ્રહભરી વિનંતીનો સ્વીકાર કરીને વૈ. સુદ ૪ના પિંડવાડા પધારેલા પૂ.પં. શ્રી હેમંતવિજયજી ગણિવર, પૂ.પં.શ્રી ભાનુવિજયજી ગણિવર તથા શિવગંજથી ખાસ પધારેલ પૂ. પંન્યાસજી મ. ના શિષ્યો આદિ ૪૪ મુનિ મહાત્માઓના પાવન સાનિધ્યમાં દીક્ષાર્થીઓની દીક્ષાવિધિ શરૂ થઈ... એક આખું કુટુંબ આ રીતે સંસારનો ત્યાગ કરે અને તેમાં ય નાના નાના બાળક-બાળિકા આવી નાની વયમાં પણ ખાવા પીવાની રમતગમતની અને મોજમઝા માણવાની બધી લાલચોને જતી કરીને આવા સંયમમાર્ગે ડગ માંડે એ સહુ માટે એક આશ્ચર્ય આનંદ અને આકર્ષણ રૂપ હતું.

એ આનંદ-આકર્ષણનો પડઘો એવો પડ્યો કે સભામાં દીક્ષાર્થીઓના ઉપકરણ વહોરાવવાની ઉછામણીઓ ઉમંગભેર ચાલી. અને એક એક ઉપકરણની ઉછામણી સેંકડોનો આંકડો વટાવી રહી હતી... આમ ઉપકરણ વહોરાવવાની કુલ ઉછામણી લગભગ ૫૩૦૦૦ રૂ.ની થઈ, જે ધારણા કરતાં અનેક ગણી હતી.

દીક્ષાની વિધિ ચાલુ હતી. લોકોની નજર સાત દીક્ષાર્થીઓ ઉપર મંડાયલી હતી. અને એ સમય આવી લાગ્યો, દીક્ષાર્થીઓએ ચરવળો મૂકી દીધો, અને સાધુપણાનું મુખ્ય ચિન્હ અને ત્રણલોકના સામ્રાજ્ય રજોહરણ (ઓઘો) આ આત્માઓને પ્રાપ્ત થયું, અને સહુ આનંદથી નાચી ઉઠ્યા. પૂ. આચાર્યદેવના હસ્તે રજોહરણ પ્રાપ્ત થયા બાદ દીક્ષાર્થીઓને મુંડન-સ્નાન કરાવવા લઈ જવામાં આવ્યા અને ત્યાં મુંડન કરાવીને દીક્ષાર્થીઓએ ટાઢા પાણીએ સંસારની ખસ કાઢી... અને સાધુપણાના વેષ એમને પહેરાવવામાં આવ્યા. આત્મ સંગ્રામે ચડવા માટે સહુએ કેસરીયા કર્યા.

હજારો લોકોની 'શિવાસ્તે પન્થાઃ'ની મંગળમયી આશિષો મેળવીને એમણે મહાભિનિષ્ક્રમણના પંથે પગરણ માંડ્યા... આજથી એમનું નવું જીવન શરૂ થયું !

સાધુતાનો સ્વાંગ સજેલા નવદીક્ષિતને વાજતે ગાજતે મંડપમાં લાવવામાં આવ્યા. બાળ સાધુ સાધ્વીને જોઈને સહુના હૈયાં હેલે ચડ્યા. એ ભવ્ય દૃશ્ય હતુ.

કેટલી નાની ઉંમર અને કેટલું મહાન પરાક્રમ !

નૂતન દીક્ષિતોને બાકીની ક્રિયા શરૂ કરાવી. યોગ્ય મુહૂર્તે લોચની વિધિ થઈ અને પછી બધું ત્યાગ કર્યા પછી પણ બાકી રહેલા સંસારી નામનો પણ ત્યાગ

કરાવીને એમને નવા નામ આપવામાં આવ્યા.

ચતુર્વિધ શ્રી સંઘે અક્ષતથી નૂતન દીક્ષિતોને વધાવ્યા અને એમનાં મંગલપંથે અંતરની શુભેચ્છાઓ પાઠવી.

આ રીતે લગભગ બપોરે ૧૨ વાગે દીક્ષાનું કાર્ય પૂર્ણ થયું. અને ત્યારબાદ આચાર્યદેવશ્રીમદ્ વિજય જંબુસૂરીશ્વરજી મહારાજે ટૂંકું અને મુદ્દાસરનું સુંદર પ્રવચન કરતાં કહ્યું, 'સ્વ. ગુરુદેવશ્રીજીનો અને તેઓશ્રીજીની કલ્યાણકારિણી કૃપાદૃષ્ટિનો જ આ બધો પ્રભાવ છે. એ ભલે સ્થૂલદેહે આજે આપણી સમક્ષ નથી પરંતુ તેઓશ્રીજીની મંગળમયી કૃપાદૃષ્ટિ તો હજી પણ એવીને એવી જ જીવતી જાગતી છે અને એના પ્રભાવે જ સમુદાયના અને શાસનના સુંદર કાર્યો થતા રહે છે વગેરે વાતો ખૂબ જ સુંદર રીતે સમજાવી હતી અને પ્રસંગને અનુરૂપ નૂતન મુનિઓને સુંદર પ્રેરણા-હિતશિક્ષા આપી હતી.'

ત્યારબાદ સકળ સંઘે પૂ. આચાર્યદેવને અને નૂતન મુનિઓને વંદન કરી કામળી, કપડા વગેરે વહોરાવ્યા. અને અંતે પૂ. આચાર્યદેવના શ્રીમુખે સર્વમંગલ સાંભળીને આ કાર્ય અત્યંત ભવ્ય રીતે પૂર્ણ થયું હતું.

બપોરે અને સાંજે દીક્ષાર્થીઓના સંબંધીઓ તરફથી પૂજા સાધર્મિક વાત્સલ્ય કરવામાં આવ્યું હતું. અને બપોરે શાન્તિસ્નાત્ર પણ ખૂબ જ ઉમંગભર્યા વાતાવરણમાં ભણાવાયું હતું.

ધાર્યા કરતાં અનેકગણા ઉલ્લાસપૂર્વક અને ભવ્ય રીતે આ પ્રસંગ ઉજવાઈ ગયો અને ૨૦૧૬ની પ્રતિષ્ઠા મહોત્સવની આછી ઝાંખી કરાવી ગયો...

જય હો એ સંયમધર્મને યોગ-ક્ષેમ કરવાની અદ્ભુત લબ્ધિ ધરાવનાર પરમતારક સ્વ. ગુરુદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાનો !

ધન્ય હો એ સંસારત્યાગનું અદ્ભુત પરાક્રમ કરનાર દીક્ષાર્થી ભાગ્યશાળી આત્માઓને !

વૈશાખ સુદ ૮ તા. ૨૫-૪-૯૮થી અત્રે પૂ.આ.શ્રી વિજય જંબુસૂરીશ્વરજી મહારાજની અધ્યક્ષતામાં શ્રી ધાર્મિક શિક્ષાયતનનો મંગળ પ્રારંભ થયો. લગભગ ૧૭૫ વિદ્યાર્થી જોડાયા છે.



સુરેન્દ્રનગરમાં ભવ્ય કર્મ-સાહિત્ય-પ્રકાશન-સમારોહ

સૌરાષ્ટ્રના સિંહ સરખા પરમ પૂજ્ય વિદ્વાન તેમજ પ્રખર વકતા શ્રી ચંદ્રશેખર વિજયજી મહારાજ સાહેબની પુન્ય નિશ્રામાં અત્રે વૈશાખ વદ ૧૦ના દિવસે 'બંધવિહાણ' નામના કર્મસાહિત્યના મહાગ્રંથનો ૪થો ભાગ શ્રી **"પ્રદેશબંધ"** ગ્રંથનો એક ભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો. આ સમારોહની સાથે સાથે કર્મ-સાહિત્ય પટ્ટ પ્રદર્શન તેમજ અત્રેના શ્રી જૈનજ્ઞાન ભંડારના ઉપક્રમે શ્રી જિનાગમ સાહિત્ય પ્રદર્શન પણ સુંદર રચનાત્મક ઢબે યોજાયેલ, સતત પાંચ દિવસ સુધી ચાલેલ, આ ભવ્ય પ્રદર્શનનો લાભ હજારોની સંખ્યાં જૈન તેમજ જૈનેત્તરોએ લીધેલ હતો.

પ્રસ્તુત ગ્રંથના પ્રકાશન માટે અત્રે શ્રી સુરેન્દ્રનગરના જ્ઞાનખાતામાંથી રૂા. ૧૦૦૦૦ ની રકમ શ્રી ભારતીય પ્રાચ્ય તત્ત્વ પ્રકાશન સમિતિ (પિંડવાડા) ને આપવામાં આવેલ. જે ગ્રંથનો ઉદ્‌ઘાટન સમારોહ અત્રે સુરેન્દ્રમાં જ ઉજવતા શ્રી ઉદ્‌ઘાટન શ્રી સુરેન્દ્રનગર જૈન. શ્વે. મૂર્તિ. પૂ. તપાગચ્છ સંઘમાં ખૂબ જ હર્ષની લાગણી ફેલાયેલ.

આ શુભ પ્રસંગે અમદાવાદના જાણીતા જૈન આગેવાન શ્રીયુત કાંતિલાલ ચીમનલાલ કોલસાવાળા શ્રી અતિથિવિશેષ તરીકે હાજર રહ્યા હતા. તદ્‌ઉપરાંત અત્રેના સ્થાનકવાસી તેમજ દિગ્મ્બર જૈનસંઘના આગેવાનોએ તથા મુંબઈ અમદાવાદના અગ્રગણ્ય સુશ્રાવકોએ આ પ્રસંગને નિહાળવા ખાસ હાજરી આપી હતી. શહેરના નામાંકિત-પ્રતિષ્ઠિત નાગરીકોની વિશાળ સંખ્યા વચ્ચે આ મહોત્સવનો પ્રારંભ થયેલ. ગ્રંથરત્નનો ભવ્ય વરઘોડો સમસ્ત શહેરમાં ફરી અત્રેના દેરાસરજીએ ઉતરેલ. બાદ મુનિ મહારાજશ્રીએ માંગલિક સંભળાવેલ. આ પછી લગભગ સતત ૨ થી ૨॥ કલાકના સમય દરમ્યાન આ અણમોલ ગ્રંથરત્નની શ્રુત-ભક્તિનો કાર્યક્રમ ચાલેલ. જેમાં ઉદ્‌ઘાટનને લગતી વિધિ, અનેક વક્તાઓના વક્તવ્યો તથા સંદેશા વાંચન આદિ થયેલ. અત્રેના શ્રી જૈનજ્ઞાન ભંડારના માનદ્‌ સંચાલક શ્રી પુષ્કરભાઈ ધારશીભાઈ વોરાનું પ્રવચન અતિ મનનીય હતું. આ મહામંગલકારી ગ્રંથરત્નના ઉદ્‌ઘાટન માટેનું સ્વાગત પ્રવચન અત્રેના સંઘના પ્રમુખ શ્રી કાંતિલાલ રતિલાલ શાહે કરેલ. હાલના માનદ્‌મંત્રી શ્રીયુત બાપાલાલભાઈ મનસુખલાલ શાહે શ્રુતભક્તિના આ દિવ્ય સમારોહને ખૂબ જ જવલંત સફળતાથી હેન્ડલ કરેલ.

સુરેન્દ્રનગરના ઈતિહાસમાં આવો પ્રસંગ પ્રથમવાર જ યોજાયો હોવાથી

ખરેખર ચિરસ્મરણીય બન્યો છે...!!!

● **બ્યાવર : પૂ.પં.શ્રી ભાનુવિજયજી ગણિવરે** આદિ ઠાણા-૧૦ ખોડથી આગળ જયપુર તરફ વિહાર કરતા પાલી, સોજત વગેરે સ્થળોએ પધારતાં સંઘોમાં ખૂબ આનંદ વ્યાપી જતો. સંઘોવાળા પૂર્વ પૂર્વના મુકામે જઈ પધારવાની વિનંતી કરી આવતાં. મુનિસંખ્યા દેખીને તેમજ વૈરાગ્યરસ ઝરતી વ્યાખ્યાન વાણી સાંભળીને સ્થાનકવાસી વર્ગમાં પણ ધર્મછાયા છવાઈ જતી. શ્રોતાઓ વ્રત-નિયમો પણ લેતા ઠામઠામ ચોમાસા માટે મુનિઓ આપવાની માગણી જોરદાર થતી. મુનિ મહારાજો તથા સાધ્વીજી મહારાજોના ચોમાસા આ ક્ષેત્રોમાં બહુ જરૂરી. પાલીમાં બે જાહેર વ્યાખ્યાન થયા. શ્રી અષ્ટાપદજીની પૂજા ભણાવાઈ એમાં પૂજ્યશ્રીએ ભાવાર્થનું વિવેચન કરતાં લોકોમાં પ્રભુભક્તિનો રંગ સારો જામ્યો. સોજતમાં પણ એમ જ બન્યું. ત્યાંથી દૂર ૧૨-૧૪ માઈલ દૂર મંડોવરા તીર્થમાં સોજતના વકીલ શ્રી કરણરાજજી તરફથી પૂજા જમણ રાખવામાં આવેલું. ખાસ રોકેલી બે બસમાં સીવીલ જજ, વકીલો વગેરે સારી સંખ્યામાં યાત્રિકો આવેલા એમને શ્રી નવાણું પ્રકારી પૂજા વિવિધ રાગમાં સાંભળતાં અપૂર્વ આનંદ થયો. ત્યાંથી પૂ. પંન્યાસજી મહારાજ આગળ વિહાર કરતાં અત્રે પધારતાં સંઘમાં ખૂબ ઉત્સાહ વધ્યો. ત્રણ દિવસની સ્થિરતામાં બે જાહેર વ્યાખ્યાન મેવાડી બજારના મુખ્ય રસ્તા પર થતાં સ્થાનકવાસી તેરાપંથી તથા જૈનેતરોએ પણ સારો લાભ લીધો પૂજ્યશ્રીને વધુ રોકવા ખૂબ જ આગ્રહ થયો પરંતુ સમયના અભાવે રોકાણ થયું નહિ. અત્રે અજમેર સંઘવાળાએ આવી ચોમાસા માટે મુનિઓ આપવા ખૂબ જ વિનંતી કરી. જયપુર સંઘના સેક્રેટરી શ્રી હીરચંદજી વૈદ્ય વગેરે પણ અત્રે વંદનાર્થે તથા જયપુર સુધીના મુકામો નક્કી કરાવવા આવેલા. અત્રેથી પ્ર. અષાઢ સુદ ૧૫ સાંજે અજમેર તરફ વિહાર થયો. જયપુર તા. ૧૫ દ્વિ. અષાઢ સુદ ૧ લગભગ પહોંચવા ધારણા છે.

દિવ્ય-દર્શન'' - **"શાસન પ્રભાવના"** વર્ષ-૧૮,અંક-૨૧,તા.૨૧-૨-૧૯૭૦

● **બનારસ : પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજ** અયોધ્યાથી વિહાર કરી અત્રે પધારતાં સંઘે વ્યાખ્યાન આદિનો ઠીક લાભ ઉઠાવ્યો. અત્રે ૧૪ જિનમંદિરો છે. શ્રી સુપાર્શ્વનાથ પ્રભુજીનું સ્થાન ભદૈની તથા શ્રી પાર્શ્વનાથ પ્રભુજીનું સ્થાન ભેલુપુર અત્રે આવેલ છે. બંને પ્રભુજીનાં ૪-૪ કલ્યાણક અહીં થયેલ છે. ભદૈની મંદિર બીલકુલ ગંગાના તટ પર છે. બિંબ પ્રાચીન અને અદ્‌ભુત છે. ભેલુપુરમાં અતિ

પ્રાચીન પાર્શ્વપ્રભુનું બિંબ તથા પગલા પાછળ ભમતીમાં છે. સ્થાન મનોહર અને શ્રી પાર્શ્વપ્રભુનું ધ્યાન કરનારને સુંદર સમાધિ આપે એવું છે. અત્રે પંન્યાસજી મહારાજને વારાણસીય સંસ્કૃત વિશ્વવિદ્યાલય (યુનિવર્સિટી)ના વાઈસ ચેન્સેલર તરફથી ખાસ વિનંતી થતાં વિદ્યાલયના મોટા હોલમાં **'માનવજાતિને જૈન ધર્મની બક્ષીસ'** એ વિષય પર રવિવાર તા. ૧૫ મે બપોરે વાઈસ ચેન્સેલર અને અનેક વિદ્વાનો સમક્ષ પ્રવચન અપાયું. એમ.એ., પી.એચ.ડી. દર્શનાચાર્યો સંન્યાસીઓ તથા સાહિત્ય દર્શનના વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ સારી હતી. પ્રારંભે યુનિવર્સિટી રીસર્ચ વિભાગના ડાયરેક્ટર પં. બદરીનાથજી શુકલે (ન્યાયવેદાન્તાચાર્ય એમ.એ. પૂજ્યશ્રીનો પરિચય તથા જૈન ધર્મ પર આદર પ્રગટ કર્યો. પછી પૂજ્યશ્રીનું પ્રવચન ચાલ્યું. વિદ્વાન શ્રોતાઓ એટલા બધા શ્રવણમાં મંત્રમુગ્ધ બનેલા કે સહેજ પણ અવાજ નહિ. અને કલાક થયા પછી વ્યાખ્યાન સમાપ્ત થતાં ચકિત થયા. એમ લાગ્યું કે હજી કલાક ચાલે તો સારું. અંતે બેંગાલી વાઈસ ચેન્સેલર સાહેબે સુંદર શબ્દોમાં આભાર માન્યો. શ્રી ડાયરેક્ટર સાહેબ તથા જૈન પં. અમૃતલાલજીએ અત્રેની બીજી જૈન જૈનેતર સંસ્થાઓમાં પ્રવચનો ગોઠવવા માગણી કરી પરંતુ પ્રતિષ્ઠા તથા શિબિર અંગે કલકત્તા સંઘનો પૂજ્યશ્રીને જલદી કલકત્તા પધારવાનો આગ્રહ હોઈ અત્રેથી શિખરજી તરફ વિહાર થયો. ત્યાં પ્રાયઃ મહા વદ ૧૪થી ફા. સુદ ૩ લગભગ થશે.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૧૮,અંક-૩૨,તા.૧૬-૫-૧૯૭૦

કલકત્તા નગરે ભવાનીપુરમાં નૂતન મનોહર જિનાલયે ઉજવાયેલ ભવ્ય પ્રતિષ્ઠા - મહોત્સવ. ધર્મરંગની રેલમછેલ - મહાન શાસન પ્રભાવના - અનેરી ઉછામણીઓ

કલકત્તા ભવાનીપુર : લત્તામાં રૂા. ૬-૭ લાખના ખર્ચે એક ભવ્ય જિનપ્રાસાદ તૈયાર થઈ રહ્યો છે. એનો પ્રતિષ્ઠા મહોત્સવ અદ્‌ભુત ઉજવાઈ ગયો. આ મહોત્સવના અંગે શ્રી ભવાનીપુર શ્વે. સંઘ તરફથી ભવ્ય ત્રિરંગી આમંત્રણ પત્રિકા ભારતભરમાં પ્રચારવામાં આવેલી. એમાં જણાવાયું હતું કે-

વિશેષ જણાવતાં અતિ હર્ષ થાય છે કે અમારા મહાન ભાગ્યોદયે અહીં નવનિર્મિત વિશાળકાય શિખરબંધી ભવ્ય શ્રી જિનમંદિરમાં ત્રિલોકનાથ ત્રેવીશમાં તીર્થપતિ **શ્રી મનમોહન પાર્શ્વનાથ સ્વામી** આદિ અરિહંત ભગવંતોના મનોહર

ભવ્ય બિંબોને વૈશાખ સુદ ૬ ના શુભ મુહૂર્તે ગાદીનશીન કરવાનો સુવર્ણ અવસર અમને સાંપડ્યો છે, અને આ સુંદર પ્રતિષ્ઠાપ્રસંગ પ્રૌઢ ગીતાર્થ જ્યોતિર્વિદ્ સકલાગમ રહસ્યવેદી સ્વ. પૂ. આચાર્યદેવ **શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજના** પ્રભાવક પટ્ટધર, હજારો શ્લોક પ્રમાણ કર્મ સાહિત્યનાં સર્જક અને પ્રેરક સિદ્ધાંતમહોદધિ પૂ. સ્વ. આચાર્યદેવ **શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના** શિષ્ય પૂ. **પંન્યાસપ્રવર શ્રી ભાનુવિજયજી ગણી** આદિ ઠાણા આઠની નિશ્રામાં ઉજવાશે.

શ્રી જિનશાસનની બલિહારી છે કે, સુકૃતના બિંદુમાંથી સુકૃતનો સિંધુ તૈયાર થાય છે. વાત એમ બની કે, ભવાનીપુરનો લત્તો એ કલકત્તા બૃહદ્માં બડાબજારથી ચાર માઇલના અંતરે પડે. અહીંના નિવાસી શ્રી જૈન સંઘને ધર્મ સાધનાર્થે નજીકમાં શ્રી જિનમંદિર તથા ઉપાશ્રય કરવાની શુભ અભિલાષા જાગી અને તે માટે હેશામ રોડ પર જમીનનો એક પ્લોટ ખરીદવામાં આવ્યો. પ્રારંભે અહીં વિક્રમ સંવત ૨૦૧૮ કાર્તિક વદ ૧૧ના શુભ દિવસે ગૃહમંદિરમાં શ્રી સંઘ તરફથી ખંભાતથી લાવેલ સંપ્રતિ મહારાજા નિર્મિત શ્રી પાર્શ્વનાથ ભગવાન બિંબને, શ્રી ઋષભદેવ સ્વામીના બિંબને તથા મહાવીર સ્વામીના બિંબને પધરાવવામાં આવ્યા, તદુપરાંત અજિમગંજથી પ્રાપ્ત થયેલ શ્રી શાંતિનાથ ભગવાન તથા શ્રી અજિતનાથ ભગવાનને ગાદીનશીન કરવામાં આવ્યા.

આજુબાજુમાં વસતા ભાઈ બહેનોને પણ દિન-પ્રતિદિન ઉત્સાહ વધતાં તેમજ સારો સહયોગ મળતાં અહીં શ્રી સંઘના સહકારથી ત્રણ મજલાનું ભવ્ય ધર્મસ્થાન નિર્માણ પામ્યું જેનો શીલાન્યાસ શ્રીમતી રેવાબહેન અમૃતલાલ મહેતાના શુભ હસ્તે (તા. ૨૩-૨-૬૫ ના શુભ દિવસે) થયો હતો, જે ધર્મસ્થાનમાં રાણી ધન્નાકુમારી આયંબિલ શાળા, શ્રીમતી રતનબાઈ ચૌધરી પાઠશાલા, શેઠશ્રી નરભેરામ પાનાચંદ મહેતા ઉપાશ્રય હોલ તથા શ્રીમતી સૌભાગ્યબહેન મણિલાલ શેઠ સામાયિક શાળાનું સંયોજન કરવામાં આવ્યું. જેથી શ્રી સંઘને ધર્મક્રિયાની સુંદર સગવડ થઈ. આ ધર્મસ્થાનનું ઉદ્ઘાટન ધામધૂમપૂર્વક શ્રેષ્ઠિવર્ય શ્રીમાન સવાઇલાલ કેશવલાલ શાહ (જે.પી.) પ્રેસિડેન્સી મેજીસ્ટ્રેટની અધ્યક્ષતામાં ખંભાત નિવાસી જૈનરત્ન, શ્રેષ્ઠિવર્ય શ્રી રમણલાલ દલસુખભાઈના શુભ હસ્તે તા. ૨૧-૮-૬૬ના રોજ થયું. ,,

ત્યારબાદ તો ધર્મસ્થાનમાં સમૂહ ધર્મપ્રવૃત્તિઓના પ્રભાવે જનઉત્સાહ વધતો ચાલ્યો, જેના પરિણામે અત્રે શિખરબંધી ભવ્યજિનાલયના નિર્માણનો નિર્ણય લેવાયો, તે મુજબ પૂર્વે લીધેલા પ્લોટની અડધી જગ્યામાં પંચાન્હિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ પૂર્વક વિ.સં. ૨૦૨૩ પોષ સુદ પૂર્ણિમાની પ્રભાતે ઉદારદિલ બાબુસાહેબ શ્રીમાન

હરખચંદજી કાંકરિયા તથા તેમના પરમધર્મશીલ ધર્મપત્ની અ. સૌ શ્રીમતી તારા-બહેનના શુભ હસ્તે નૂતન જિનમંદિરના શિલારોપણનો વિધિ થયો, પછી નિર્માણકાર્ય આગળ વધતા ગગનચુંબી શિખરબંધી ભવ્ય જિનપ્રસાદ તૈયાર થયો. આમાં ૯૬, કેનિંગસ્ટ્રીટ તપગચ્છ જૈનમંદિરના દેવદ્રવ્યમાંથી સારો સહકાર મળ્યો છે.

સંગેમરમરના આ નૂતન જિનાલયમાં જિનબિંબોને ગાદીનશીન કરવાના હોવાથી છ નવાં જિનબિંબો જયપુરમાં ભરાવવાનું નક્કી થયું, અને ભાગ્યશાળીઓએ ઉત્સાહપૂર્વક એના આદેશ લીધા. ભવ્ય જિનબિંબો તૈયાર થતાં એની અંજનશલાકા માટે અમોએ પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન કોડો નમસ્કાર-મહામંત્રસાધક વૈરાગ્યવારિધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજને વિનંતી કરી અને તેઓશ્રીએ કૃપા કરી અમારી વિનંતીનો સ્વીકાર કર્યો, ખાનદેશ-શેગાંવનગરે પ્રતિષ્ઠાના શુભ પ્રસંગે નિર્મલ વિધિ-વિધાનપૂર્વક તેઓશ્રીના વરદ હસ્તે સં. ૨૦૨૬ કા.સુ. ૧૧ના શુભ મુહૂર્તે નૂતન જિનબિંબોને અંજન પ્રાણપ્રતિષ્ઠા થઈ.

હવે નૂતન જિનપ્રાસાદમાં તા. ૧૧-૫-૭૦ વૈશાખ સુદ ૬ ના શુભ મુહૂર્તે મહોત્સવપૂર્વક શ્રી જિનબિંબોને પ્રતિષ્ઠિત કરવા અમોએ નિર્ણય કર્યો છે.

શ્રી સંઘના નૂતન ભવ્ય જિનમંદિરની પ્રતિષ્ઠાનો મહોત્સવ પ્રસંગ બાબુશ્રીમાન હરખચંદજી કાંકરીયાના ગૃહ મંદિરમાં તેઓશ્રી તરફથી દર વર્ષે ઉજવાતાં પ્રતિષ્ઠા સાલગીરીના જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ પ્રસંગની સાથે આવતો હોઈ તેમના તરફથી એમના મહોત્સવ શ્રીસંઘ મહોત્સવની સાથે સંયોજીત કરવામાં આવ્યો છે.

નવનિર્મિત ભવ્ય જિનાલયમાં આવા મહાન પ્રતિષ્ઠા પ્રસંગે દૂર પૂર્વ દેશમાં અમને સુવિહિત મુનિરાજોનો યોગ ક્યાંથી મળે ? પરંતુ સંઘ-શાસન હિતની રોમરોમ જવલંત ભાવના ધરનાર વિશાળગચ્છાધિપતિ પૂ.આ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની પરમકૃપા કે કેનિંગ સ્ટ્રીટ જિનમંદિર તથા પાવાપુરી નૂતન સમવસરણ મંદિરની પ્રતિષ્ઠા પ્રસંગે તેઓશ્રીના પટ્ટધર પૂ.આ.શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજનો સુયોગ મળ્યો. એય આ પ્રતિષ્ઠા પ્રસંગે પણ એજ પૂ.સ્વ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રીના શિષ્ય પૂ.પં.પ્રવર શ્રી ભાનુવિજયજી મહારાજનો સુયોગ મળે છે. આ માટે પરમ ઉપકારી પરમ શાસન પ્રભાવક વ્યાખ્યાન વાચસ્પતિ પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ વિ.સં. ૨૦૨૫ મહા માસમાં ખંભાત-દહેવાણ નગરમાં બિરાજમાન હતા. તે વખતે અત્રેશ્રી સંઘ તરફથી પાંચ ભાઈઓ ખંભાત મુકામે ગયા અને પૂ.આચાર્યદેવશ્રીની સપરિવાર કલકત્તા તરફ વિહાર

લંબાવવા આગ્રહભરી વિનંતી કરી.

પૂર્વદેશના તીર્થોની યાત્રા-ખાસ કરીને વીશ તીર્થંકર પરમાત્માની નિર્વાણ પ્રાપ્તિની પુણ્યભૂમિ શ્રી સંમેતશિખરજી તથા કલ્યાણક ભૂમિઓની સ્પર્શના ઉપરાંત પ્રતિષ્ઠા જેવો મહાન પ્રસંગ તેમજ માર્ગમાં જયપુરમાં અતિપ્રાચીન ભવ્ય જિનબિંબોની પ્રતિષ્ઠા પ્રસંગ હોવાથી ખૂબ લાભ તથા ઉપકારની દૃષ્ટિએ પૂ.પંન્યાસ મહારાજે વિનંતીનો સ્વીકાર કર્યો અને પ્રથમ ચોમાસુ જયપુર રહી બનારસ, અયોધ્યા, સંમેતશિખરજીની યાત્રા કરી કલકત્તા પધાર્યા છે.

પૂ. પંન્યાસ પ્રવરશ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબ, ગીતાર્થ, બહુશ્રુત વિદ્વાન, ત્યાગી, શાસ્ત્ર-સિદ્ધાંતના અભ્યાસી, સમર્થ વ્યાખ્યાનકાર તથા ધર્મગ્રંથોના વિવરણકાર છે. પૂજ્યશ્રીની સુમધુર, વૈરાગ્યથી ભરપૂર વાણીમાં ધારી અસર ઉપજાવે તેવી અમોઘ શક્તિ છે. અનેક નવયુવકોને વૈરાગ્યને માર્ગે વાળનાર પૂજ્યશ્રી અનેક મુનિઓના મહામના ગુરુ છે. સંયમ અને સ્વાધ્યાયમાં નરિંતર એવા મુનિવૃંદના નેતા પૂજ્ય પંન્યાસજી મહારાજ આટલો લાંબો કષ્ટમય વિહાર કરીને કેવળ ઉપકારની દૃષ્ટિએ જ કલકત્તામાં પધાર્યા છે. અત્રેનો સંઘ પૂજ્યશ્રીનો ખૂબ ઋણી છે.

પ્રતિષ્ઠા-ઉત્સવના દિવસ નજીક આવતા ગયા તેમ તેમ સંઘમાં ઉલ્લાસ વધતો ચાલ્યો. એમાં પૂ.પંન્યાસજી મહારાજના ચૈત્રીઓળી પૂર્વે અત્રે બે દિવસના પ્રવચનોએ સંઘના હૈયા હચમચાવી નાખ્યા, લક્ષ્મીની અસારતા અને પરમાત્મ-ભક્તિની મહા સારભૂતતાની લહેર સંઘના ભાગ્યશાળીઓના મગજ પર ફરી વળી. એના પર ઓળી પછીના પૂ.પંન્યાસજી મહારાજના આગમન બાદ થયેલાં પ્રવચનોએ ભારે સિંચન કર્યું. પરમશાસન પ્રભાવક પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ પાસેથી મળેલા મુહૂર્ત અનુસાર ચૈત્ર વદ ૧૧ સંઘના ભારે ઉત્સાહ સાથે નૂતન મંદિરમાં ગભારામાં મૂળનાયક આદિ જિનબિંબોની ધામધૂમથી પ્રવેશ થયો. ચૈત્ર વદ ૧૨ શનિવારે જલયાત્રાનો ભવ્ય વરઘોડો ચડ્યો. ચૈત્ર વદ ૧૩ રવિવારે વ્યાખ્યાન પછી પ્રતિષ્ઠાની બોલીઓનો કાર્યક્રમ હતો. પૂ. મહારાજશ્રીના હૃદયવેધી *ઉપદેશ પછી અત્રેના શ્રી સંઘના અગ્રણી અને ઉપાશ્રય-મંદિર નિર્માણમાં પ્રાણરૂપ* શ્રી મણિલાલ વનમાળીદાસ શેઠની તબીયત નરમ રહેતી હોવાથી એમણે માત્ર પ્રાસંગિક કર્તવ્ય કર્યું. પછી અમદાવાદથી દિવ્યદર્શન-તંત્રી શ્રી ચતુરદાસ ચીમનલાલ ખાસ નિમંત્રણથી પધારેલા એમણે બોલીઓ બોલવાનું કાર્ય સુંદર ઉપાડી લીધું. વચમાં વચમાં એ તથા સંગીતકાર મનુભાઈ પ્રેરણાગીત પણ બોલાવતા એકંદરે ઉત્સાહ એવો જામી પડ્યો કે કુલ બોલી રૂા. ચારલાખની ઉપર ચાલી ગઈ. સંઘના

ભાવ વધી ગયા દૂર શહેરમાંથી પણ રોજ સારું લોક આવવા લાગ્યું પૂજાઓ અને રાતના ભાવનાઓમાં ભારે રંગ જામતો. રાતના ૧૦ વાગ્યા પછી ૪ માઈલ દૂર પણ શહેરમાં લોક જતા. રોજ વ્યાખ્યાન પછી સંઘની અલ્પાહારથી ભક્તિ થતી પ્રતિષ્ઠાના દિવસે સ્વામિવાત્સલ્ય બહુ ભક્તિ-સગવડ-સામગ્રી પૂર્વક અપાયું. એમાં કલકત્તામાં પહેલી જ વાર આ વિશેષતા થઈ કે સમસ્ત શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ એમાં સામેલ થયેલ. મૂળનાયક પ્રભુજીની ઉછામણીમાં તો કાંકરિયા બાબુ કુટુંબના દેરાણી જેઠાણી પરસ્પર અજ્ઞાત રીતે બોલવા લાગ્યા, પણ પછી ખબર પડતા દેરાણી શ્રીમતી તારાબેને જેઠાણીને રૂા. ૫૨ હજારમાં લહાવો લેવા દીધો. બીજી વિશેષતા એ થઈ કે જે ભાગ્યવાનોએ હજારો રૂપિયાની બોલી બોલી ભગવાન પધરાવેલા. એમણે ય રૂા. ૨૦-૨૫ હજાર સુધી બોલીને પ્રતિષ્ઠાના ચડાવા લીધાં. બીજા બિંબોની પ્રતિષ્ઠા બોલીમાં બીજાઓએ પણ સુંદર લહાવો લીધો. વૈશાખ સુદ ૬ પ્રતિષ્ઠા સવારે ૮-૨૬ મીનીટે ભારે ઉલ્લાસ અને ધામધૂમથી ઉજવાઈ. આની સાથે બાબુ હરખચંદજી તથા તારાબેન કાંકરિયાના ગૃહ મંદિર સાલગીરીનો મહોત્સવ ઉજવાયો. ૮ માળની એમની એસ્ટેટ પરની મહા વિશાળ અગાસીમાં મંડપ રચાવી પૂજા વગેરે કાર્યક્રમ થયા. એમની ઉદારતા અનેરી, સુકૃતમાં પાણીના મૂલ્યે પૈસા વહેવડાવે. રોજ નવીનવી પ્રભાવના એમને ત્યાં વૈશાખ સુદ ૫ ભવ્ય શાંતિસ્નાત્ર ઉજવાયું. લોકોનો મેળો ચાલેલો. વૈશાખ સુદ ૬ સંઘમંદિરે શ્રી અષ્ટોત્તરી સ્નાત્ર ઉજવાયું. અહીં પણ સવારે પ્રતિષ્ઠાથી જનપ્રવાહ વહેતો રહ્યો. વૈશાખ સુદ ૭ દ્વારોદ્‌ઘાટનની કિંમતી બોલી શ્રીમતી સૌભાગ્યબેન મણિલાલ વનમાળીદાસ શેઠ બોલેલા તેથી દંપતીએ પૂ.પંન્યાસજી મહારાજ આદિ સંઘને પોતાના આંગણે પધરાવી સંઘપૂજા કરી અને પછી સંઘ સાથે મંદિરે આવી દ્વારોદ્‌ઘાટનની ભવ્ય ક્રિયા કરી. પ્રતિષ્ઠાની સમગ્ર વિધિ અમદાવાદ જ્ઞાનમંદિરવાળા શ્રી રમણભાઈએ બહુ સુંદર અને સ્પષ્ટ રીતે કરાવી. સંઘ ઉલ્લાસનો એક વિશિષ્ટ પ્રસંગ બન્યો કે પૂ.પંન્યાસજી મહારાજના પ્રશિષ્ય પૂ.મુનિશ્રી જયસોમવિજયજી મહારાજ જેઓ જયપુરથી કલકત્તા, ૧૧૦૦ માઈલનો વિહાર શ્રી વર્ધમાન આંબેલતપની ૫૭-૫૮-૫૯મી ઓળી સળંગ કરતા આવેલા અને તે પણ વિહારમાં નિર્દોષ યથાલભ્ય વસ્તુથી, એમના પારણા પ્રસંગે પૂ. મહારાજના પગલાં કરાવવા રૂા. ૨૬૦૧/-ની બોલી બોલી શ્રી ચંદુભાઈ પોતાના ઘેર પૂજ્યશ્રી સાથે સંઘના પગલાં કરાવી-સંઘપૂજા કરી તથા સંઘને અલ્પાહારથી ભક્તિકરી, બાદ શ્રી મગનભાઈએ પોતાના મુકામ મહેતા હાઉસમાં વ્યાખ્યાન રખાવી સંગની સાધર્મિક ભક્તિ કરી.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૧૮,અંક-૪૭/૪૮,તા.૨૯-૮-૧૯૭૦

કલકત્તામાં હાઈકોર્ટના માનનીય ચીફ જસ્ટીસના હસ્તે શ્રી પરમતેજ ભા. ૨ જા નું ભવ્ય પ્રકાશન.

કલકત્તામાં 'પરમતેજ' પ્રકાશન સમારોહ વખતે કલકત્તા હાઈકોર્ટના ચીફ જસ્ટીસ માનનીય શ્રી પી.બી. મુખરજી મહાગ્રંથ શ્રી 'પરમતેજ' લેખક પૂ. પંન્યાસજીશ્રી ભાનુવિજયજી મહારાજને અર્પણ કરી રહ્યા છે. બાજુમાં સંઘના પ્રમુખ શેઠ શ્રી સવાઈલાલ કે. શાહ સભાને એની જાણ કરી રહ્યા છે.

આજથી લગભગ દોઢ હજાર વર્ષ પૂર્વે આચાર્યપુંગવ સમર્થ શાસ્ત્રકાર શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે દેવ વંદનના સૂત્રો ઉપર પરમાત્મ સ્વરૂપ જૈન ધર્મ વૈશિષ્ટ્ય આરાધના માર્ગ વગેરેને આલેખતું તર્ક દર્શન ગર્ભિત **'શ્રી લલિત વિસ્તરા'** મહાશાસ્ત્ર રચ્યું. એના સરળ ગુજરાતી વિવેચનરૂપ 'પરમતેજ' ભા. ૨ જા નું પ્રકાશન શ્રી જૈન વિદ્યાલયના વિશાળ હોલમાં ચિકાર માનવમેદની વચ્ચે કલકત્તા હાઈકોર્ટના ચીફ જસ્ટીસ માનનીય શ્રી પી.બી. મુખરજીના હસ્તે ભારે સમારોહ સાથે થયું.

'પરમતેજ' વિવેચનના લેખક અને સિદ્ધાંતમહોદધિ પૂ.સ્વ. આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય પંન્યાસજી શ્રી ભાનુવિજયજી મહારાજ કલકત્તા પધાર્યા ત્યારથી થતા આવેલ ભવ્ય પ્રતિષ્ઠા-મહોત્સવ, ધાર્મિક શિક્ષણ-સંસ્કરણ શિક્ષાયતન, વર્ધમાન આંબેલ ઓળીઓ અને માસખમણો સુધીની

તપસ્યાઓ વગેરે પ્રભાવક ધર્મકાર્યોમાં આ 'પરમતેજ' ગ્રંથપ્રકાશનપ્રસંગે એક સુંદર ઉમેરો કર્યો.

અરિહંત પરમાત્માની અનેક અનન્ય વિશિષ્ટતાઓ, દર્શનોની સમીક્ષા, ભક્તિ યોગ પ્રાર્થના વગેરેની સચોટ સાધનાઓ, જૈન ધર્મની વિશ્વને આગવી વિશિષ્ટ બક્ષીસો ઇત્યાદિ ઇત્યાદિ પર ભવ્ય પ્રકાશ પાથરનાર આ મહાગ્રંથનો એને અનુરૂપ પ્રકાશન-સમારોહ અભૂતપૂર્વ ઊજવાય એ માટે શ્રી ગુજરાતી તપગચ્છ જૈન શ્વેતાંબર સંઘના પ્રમુખ અને પ્રેસીડન્સી મેજિસ્ટ્રેટ શેઠ શ્રી સવાઈલાલ કે. શાહની ખૂબ ધગશ; તેથી એમણે પૂ. પંન્યાસજી મહારાજની સલાહ લઈ આના મૂળ શાસ્ત્ર 'શ્રી લલિત વિસ્તરા' પરના પૂ. પંન્યાસજી મહારાજના જ હિંદી વિવેચનનો ગ્રંથ લઈ કલકત્તા હાઈકોર્ટના ચીફ જસ્ટીશ માનનીય શ્રી પી.બી. મુખરજી સાહેબનો સંપર્ક સાધ્યો. હિન્દી ગ્રંથ આપી એ જોઈ જવા અને યોગ્ય લાગે તો કલકત્તાના સંભવિત આગેવાનો સહિતની વિશાળ જનસભામાં એનું ગુજરાતી વિવેચન પ્રકાશન ઉદ્‌ઘાટન કરી આપવા વિનંતી કરી. કહેતાં આનંદ થાય છે કે માનનીય ચીફ જસ્ટીસ શ્રી મુખરજી સ્વયં ધાર્મિક વૃત્તિના હોઈ ગ્રંથવાંચન કરી લઈને પછી વિનંતીનો સ્વીકાર કર્યો.

એ નક્કી થયા પછી કલકત્તા શહેરની નામાંકિત વ્યક્તિઓ **'હિંદુસ્તાન સ્ટાન્ડર્ડ'**ના એડિટર શ્રી સુધાંશુ બોઝ, શ્રી **'સત્ય'**ના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી એસ.એન. ગુહારાય, શ્રી પી.કે. રોય પબ્લીશર એકેડેમિક એફેર્સ કલ૦ યુનિવર્સિટીના વાઇસ ચેન્સેલર શ્રી પી.કે. બોઝ, એશિયા૦ સોસા૦ વગેરેના ચેરમેન શ્રી સુનીતિકુમાર ચેટરજી, ગવર્મેન્ટ ટુરીસ્ટ બ્યુરોના ડાયરેક્ટર શ્રી એસ.આર. પોદાર, વર્લ્ડ ફેડારેલીસ્ટ એસોસીએશનના જનરલ સેક્રેટરી શ્રી એમ.કે. બેનરજી, લેજી૦ એસેંબ્લી (વેસ્ટ બેંગાલ)ના સ્પીકર શ્રી વિજયકુમાર બેનરજી, શ્રી હરિસત્ય ભટ્ટાચાર્ય M.A. B.L. PhD., શ્રી બી.કે. સેન એન્ડ કું. ચાર્ટર્ડ એકા૦ પ્રો૦ કે.એન. સેન M.S., ડૉ. જે.એસ. મૈત્ર, હાઈકોર્ટ એડવોકેટો... વગેરે તથા દાસ એન્ડ કંપની, રોડવેઝ મોટર્સ, વગેરેના મુસ્લીમ પ્રોપ્રાયટરો, તેમજ અનેક જૈન મૂર્તિપૂજક-સ્થાનકવાસી-તેરાપંથી દિગંબરી સંસ્થાઓ તથા અનેકાનેક હિન્દુ સંસ્થાઓ, સેવા મંડળો અને વ્યાપારી મંડળો, તેમજ ગુજરાતી સાહિત્ય મંડળ ગુજરાત એજ્યુકેશન સોસાયટી-બડા બજાર બાલકન-જીબારી, પારસી ઝોરો૦ એસોસી૦, ઝોરો૦ કોમ્યુનીટી રીલિ૦ ચેરીટી ફંડસ, પારસી એમેચ્યોર ક્લબ, પારસી કલબ, વગેરે કુલ **૫૦ સંસ્થાઓને** આ પ્રકાશન સમારોહની માહિતી આપવામાં આવી; અને એ બધા તરફથી નીચે મુજબ જાહેર આમંત્રણ પત્રિકા બહાર પાડવામાં આવી.

પરમાત્મ પરિચયદાતા પવિત્ર તાત્ત્વિક મહાગ્રંથ
શ્રી 'પરમતેજનો મંગળમય પ્રકાશન-સમારોહ.'

જણાવતાં આનંદ થાય છે કે સમર્થ શાસ્ત્રકાર મહર્ષિ પૂ.જૈનાચાર્યપુંગવ **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે** અનેક તાત્ત્વિક જૈન વાઙ્મયોનું સર્જન કર્યું. એમાં સર્વજ્ઞ તીર્થંકર પરમાત્માની સ્તુતિરૂપ 'નમોત્થુણં' આદિ સૂત્રો પર તર્ક, તત્ત્વ અને મોક્ષસાધના માર્ગથી ભરપૂર **'શ્રી લલિતવિસ્તરા'** નામના મહાન વિવરણાત્મક શાસ્ત્રની પણ રચના કરી.

કર્મસાહિત્ય નિષ્ણાત સૂત્રધાર સિદ્ધાન્ત મહોદધિ **સ્વ.પૂ. આચાર્યદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ**ના વિદ્વાન શિષ્યરત્ન **પ.પૂ. પંન્યાસ શ્રી ભાનુવિજયજી મહારાજે** આ 'લલિતવિસ્તરા' ઉપર બાળયોગ્ય ગુજરાતી ભાષામાં **'પરમતેજ'**ના નામથી મહા તત્ત્વપૂર્ણ સરળ વિવેચનગ્રંથનું સર્જન કર્યું. આ મહાશાસ્ત્ર 'પરમતેજ'ના પ્રથમ ભાગનું પ્રકાશન ઈ.સ. ૧૯૬૦માં અમદાવાદમાં ભારે નગર-સમારોહપૂર્વક થયું હતું. હવે આના બીજા ભાગનું પ્રકાશન અહીં કલકત્તામાં મોટા સમારોહથી થઈ રહ્યું છે.

આ પ્રકાશનનું ઉદ્‌ઘાટન **હાઈકોર્ટના ચીફ જસ્ટીસ માનનીય શ્રી પી.બી. મુખરજી** સાહેબે કરવાનું સ્વીકારીને હમારા પર કૃપા કરી છે. આ ઉદ્‌ઘાટન જાહેર સમારોહ સભામાં કલકત્તાના આગેવાન મહાનુભાવો આદિની હાજરીમાં થશે.

સભા સ્થળ : શ્રી જૈન વિદ્યાલય,

૧૮-ડી, સુકિયાસ લેઇન, (જીવણલાલ લિ.ની પાછળ) બ્રેબોર્ન રોડ, કલકત્તા.

સભા સમય : ૧૬મી ઓગસ્ટ, ૧૯૭૦

શ્રાવણ સુદ ૧૪ રવિવારે બપોરે ૨-૦૦ વાગે.

આ પવિત્ર સમારોહમાં સમયસર પધારવા આપને અમારું નમ્ર નિમંત્રણ છે.

આની સાથે મૂળ લેખક શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ, શ્રી લલિત વિસ્તરા, પરમતેજ અને પંન્યાસજી મહારાજના પરિચયપત્ર (ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં) ભારતભરમાં પાઠવવામાં આવ્યા. એના પરિણામે ભારતના રાષ્ટ્રપતિ, મહારાષ્ટ્રના ગવર્નર, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી તથા શિક્ષણમંત્રી તથા અનેકાનેક નગરોની પ્રમુખ વ્યક્તિઓ તરફથી સમારોહની સફળતાના સંદેશાના તારો, પત્રો આવવા માંડ્યા.

પ્રકાશન-સમારોહ પૂર્વે તા. ૧૨ મી ઓગસ્ટે કલકત્તાના પ્રસિદ્ધ અંગ્રેજી

દૈનિકપત્રો 'Statesman', 'Hindustan Standard', 'Amrit Bazar Patrika' વગેરે તથા હિન્દી બંગાળી દૈનિકોના પ્રેસમેનોની એક કોન્ફરન્સ યોજવામાં આવી. એમાં પં. શ્રી ભાનુવિજયજી મહારાજે તથા શેઠશ્રી સવાઈલાલ કે. શાહે 'પરમતેજ' ગ્રંથનો અંગ્રેજીમાં પરિચય આપવા સાથે આજના કાળે એની ભારે ઉપયોગિતા સમજાવી. તેથી દૈનિકોમાં એના અહેવાલ બહાર પડ્યા.

બપોરે ૧। વાગે 'પરમતેજ ભા. ૨ જાને માથે લઈને ચતુર્વિધ સંઘ સાથે વરઘોડામાં ચાલવાની ઊછામણી બોલાતાં છેવટે શેઠ શ્રી સવાઈલાલ કે. શાહે રૂા. ૧૦૦૧ બોલી લહાવો લીધો. બપોરે એમના ધર્મપત્ની શ્રીમતી તારાબેને મસ્તકે થાળમાં સુશોભિત રૂમાલ પર મખમલના બોક્સમાં શ્રી પરમતેજ ભા. ૨ ની નકલ સ્થાપી અને ચતુર્વિધ સંઘનો ભવ્ય વરઘોડો નીકળ્યો. શ્રી તારાબેનની તથા તેમની બે સુપુત્રી ભારતી અને ચારુની આસપાસ કિંમતી પરિધાનમાં સુસજ્જ બેનો માથે કુંજ લઈને વિંટળાઈને ચાલતી હતી. માર્ગમાં અનેક ગહુંલીઓ થઈ. જનતાના ઉલ્લાસ વધારતો વરઘોડો પ્રકાશન-સમારોહના સ્થળ સ્થાનકવાસી જૈન વિદ્યાલયે ૨ વાગે ઊતર્યો.

સંઘના સેક્રેટરી શ્રી અંદરજીભાઈ તથા વોલન્ટિયર કોરના શ્રી છગનભાઈ વગેરેએ જૈન વિદ્યાલયના વિશાળ પ્રવચન હોલની ભવ્ય સજાવટ સાથે બેઠકોની વ્યવસ્થા સુંદર કરેલી. પ્રારંભે ગુજરાતી તપગચ્છ સંઘ ઉપાશ્રયના વિદ્યાર્થી સંગીત મંડળે શ્રી સુભાષભાઈની આગેવાની નીચે શ્રી વીતરાગ પ્રભુનું સુંદર ગીત ગાઈ સભાને ભક્તિમાં તરબોળ કરી. પછી પં. મહારાજશ્રીએ પ્રવચનમાં સમ્યગ્ જ્ઞાનનું મહત્ત્વ વર્ણવી શ્રી લલિત વિસ્તરા શાસ્ત્રની મહા ઉપયોગિતા સમજાવી. બરાબર ૩ વાગે માનનીય ચીફ જસ્ટીસ શ્રી મુખરજી સાહેબ પોતાના ધર્મપત્ની શ્રીમતી ગીતા મુખરજી સાથે પધારતાં નાગરિકોએ આવકાર આપ્યો. પંન્યાસજી મહારાજની જમણી બાજુના કોલામાં એમને તથા અગ્રણી જૈનેતર નાગરિકોને અને ડાબી બાજુના કોલામાં શ્રીમતી ગીતા મુખરજી તથા જૈનેતર અગ્રણી બેનોને બેઠક આપવામાં આવી. સામે જૈન-જૈનેતર ભાઈઓથી હોલ ખચ ભરાઈ ગયો. ઉપર મોટી ગેલેરી પણ બેનોથી ઊભરાઈ ગઈ. કેટલાયને જગાના અભાવે પાછું ફરવું પડ્યું.

સમારોહના પ્રારંભે વિદ્યાર્થીમંડળનું ગીત તથા ગુણીબેનનું ગીત ગવાયા બાદ શેઠ શ્રી સવાઈલાલે માનનીય ચીફ જસ્ટીસનો અંગ્રેજીમાં પરિચય આપતાં કહ્યું કે એઓશ્રી સ્વયં ૩-૪ કલાક એમના ધર્મવિધાનમાં ગાળે છે તથા હિંદી લલિતવિસ્તરા પરથી આપણને એ બે શબ્દ કહે એ માટે વિનંતી કરું છું. ત્યારબાદ માનનીય

જસ્ટીસ શ્રી મુખરજી સાહેબે અંગ્રેજીમાં ૦॥-૦॥। કલાક ભાષણ આપતાં કહ્યું,

પાર્શ્વનાથ પછી ૨૫૦ વર્ષે ૨૪મા શ્રી મહાવીરસ્વામી તીર્થંકર થયા, જેમનું શાસન જૈનશાસ્ત્ર મુજબ અત્યારે પણ ચાલે છે. મહાવીરની નિશ્રા નીચે જૈન શ્રમણ પરંપરાને સમકાલીન બૌદ્ધ શ્રમણ પરંપરા થઈ. બંને વૈદિકથી વિરુદ્ધ હતી. ઈ.સ.ના પ્રારંભે શ્વેતાંબર દિગંબર એમ બે ભાગ થયા. જે વિભાગ મુખ્યતાએ પ્રાચીન શાસ્ત્રોને માનવા ન માનવાથી સાધુને લગતા કેટલાક નિયમ અને નિયમન અંગે હતા. મુખ્ય તફાવતમાં શ્વેતાંબર મુનિઓ સવસ્ત્ર રહ્યા અને દિગંબર મુનિઓ નિર્વસ્ત્ર, જેથી એમને સાધ્વી સંસ્થા નહિ. મૂર્તિપૂજા અને શાસ્ત્રોના મતભેદથી શ્વેતાંબર-દિગંબર-તેરાપંથી થયા.

ત્યારબાદ બેંગાલી જસ્ટીસ સાહેબ, એમના ધર્મપત્ની તથા બીજા તેવાઓ અંગ્રેજીમાં સમજી શકે એ માટે પંન્યાસજી મહારાજને અંગ્રેજી ભાષામાં પ્રવચન આપવાની વિનંતી કરતાં પૂજ્યશ્રીએ અંગ્રેજીમાં ધારાબદ્ધ પ્રવચન-પ્રવાહ વહેવડાવતાં કહ્યું કે આજે જગત મુંઝવણ અને મુશ્કેલીઓમાં પસાર થઈ રહ્યું છે. એ વખતે માનવહૃદયને રાહત આપનાર કોઈ તત્ત્વ હોય તો તે માનસિક આરોગ્ય છે. આજના મનોવૈજ્ઞાનિકો પણ કહે છે કે પશુથી વિભિન્ન માણસ એ પેટ નહિ, પણ મગજ છે. તેથી મનની ચિંતાઓ અને રોગો મિટાવવાથી જ માણસને શાંતિ મળી શકે.

આજથી લગભગ દોઢ હજાર વર્ષ પૂર્વે રચાયેલ શ્રી લલિતવિસ્તરા મહાશાસ્ત્રે વીતરાગ સર્વજ્ઞ શ્રી તીર્થંકર પરમાત્માનાં સ્વરૂપનો વિસ્તૃત પરિચય આપી તથા જૈન ધર્મની આગવી વિશેષતાઓ અને યોગ આદિ આરાધનાઓનો માર્ગ સમજાવી માનસિક ચિંતાઓ તથા રોગોના નિવારણનો અદ્‌ભુત ઉકેલ આપ્યો છે. એમાં પ્રાર્થનાને ભારે મહત્ત્વ આપવામાં આવ્યું છે. અફસોસ છે કે આજે ભારતમાં પરમાત્માને પ્રાર્થનાના અને પરમાત્માના અચિંત્ય સામર્થ્ય પર શ્રદ્ધા નથી કરાતી ત્યારે અમેરિકા જેવા દેશમાં આ શ્રદ્ધા પ્રસરતી જોવા મળે છે...' વગેરે કહીને એક અમેરિકન મોટરકાર મેન્યુફેક્ચરર શ્રીમંતનો દાખલો આપ્યો હતો. જેમાં અકસ્માતમાં એના ખોટકાઈ ગયેલા પગની ખોડ અસાધ્ય જેવી બન્યા પછી કેવી રીતે પ્રાર્થના દ્વારા એ મટી ગઈ હતી એ દર્શાવ્યું હતું. અંતે ગ્રંથ અધ્યયન કરી વીતરાગ પરમાત્માનું સ્વરૂપ તથા જૈન ધર્મની વિશેષતાઓ વગેરેનો બોધ મેળવવા અનુરોધ કર્યો હતો.

પ્રાંતે શેઠ શ્રી સવાઈલાલે આ કાર્યક્રમની સફળતાના આપેલા સંદેશાઓનો ઉલ્લેખ કરી તથા માનનીય ચીફ જસ્ટીસ શ્રી પી.બી. મુખરજીનો, 'પરમતેજ' જેવા

અદ્‌ભુત ગ્રંથના પ્રકાશક દિવ્ય-દર્શન કાર્યાલયનો, અને સંઘના આ કાર્યક્રમમાં સહાયક થનાર શ્રી સંઘના ભાઈઓનો આભાર માન્યો. માનનીય ચીફ જસ્ટીસ અને એમના ધર્મપત્નીએ મસ્તકે પૂ. મહારાજશ્રીનો વાસક્ષેપ લઈ વિદાય લીધી. સર્વ મંગલથી કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૧૯,અંક-૧,તા.૧૨-૯-૧૯૭૦

'પરમતેજ ભા-૨' ના પ્રકાશન સમારોહમાં પશ્ચિમ બંગાળની હાઈકોર્ટના માનનીય ચીફ જસ્ટીસનું વક્તવ્ય

પૂજય મહારાજશ્રી, સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો !

પવિત્ર પુસ્તક 'પરમતેજ' પ્રકાશન જાહેર કરવાનું મને તમોએ જે માન આપ્યું તેનો હું આભારી છું, પરંતુ મને લાગે છે કે હું આ કાર્ય માટે ઓછો અધિકારી કે નિષ્ણાત નથી છતાં દયા, સહિષ્ણુતા અને વિવેક જેવા જૈનોના મહાન આધ્યાત્મિક ગુણોની મને ખબર છે. હું માની લઉં છું કે આ ગુણોથી તમે મારી ખામીને દરગુજર કરશો. ઘણી નમ્રતા સાથે હું આ થોડા શબ્દો પવિત્ર પ્રસંગ પર કહેવાનું સાહસ કરું છું.

પવિત્ર શાસ્ત્ર-પુસ્તક "પરમતેજ" લખીને પૂજય પંન્યાસજી શ્રી ભાનુવિજયજી મહારાજે માનવજાતને પોતાની વિદ્વત્તાનો લાભ આપ્યો. તે બદલ એમનું પણ સન્માન અને અભિનંદન કરવા આપણે અહીં ભેગા થયા છીએ. એક સમય હતો જ્યારે એમણે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થવાનો અભ્યાસ કર્યો. પરંતુ વિધિએ બીજું જ ગોઠવ્યું અને એમણે સંસાર ત્યાગ કર્યો, ને એમને પ્રસિદ્ધ આચાર્ય પૂ. પ્રેમસૂરીશ્વરજી મહારાજના શિષ્ય થવાનું માન મળ્યું. જૈનસંઘમાં એ વિશેષરૂપે જાણીતા છે. વર્તમાન મોટા જૈન વિદ્વાનોમાંના એ એક છે કે જેમના આધ્યાત્મિક પ્રવચનો લાખો લોકો સુધી પહોંચે છે. **"દિવ્ય-દર્શન"** સાપ્તાહિક છેલ્લા ૧૮ વર્ષોથી એમના પ્રવચનો પ્રગટ કરવાની સેવા આપી રહ્યું છે.

એક આધ્યાત્મિક પ્રવચનકાર, વિદ્વાન લેખક, અને વિશેષમાં અધ્યાત્મના સાચા જીવંત દૃષ્ટાંતરૂપ એમનો ઉપદેશ બધે આદર અને પ્રશંસા સાથે સંભળાય છે. એમનો ત્યાગ અને તપ અધ્યાત્મ-જીવન પ્રત્યેની એમની અડગ નિષ્ઠાને સૂચવે છે. જીવનમાં એમણે ૫૦૦૦ આયંબીલ તપ કરેલ છે. એમણે ૧૫૦૦ ઉપરાંત કૉલેજિયન વગેરે વિદ્યાર્થીઓને સાથે રાખીને ધાર્મિક શિક્ષણ આપેલું છે. એમણે ઘણાંના જીવન પરિવર્તન

કરી એક વાસ્તવિક આચાર્યનું સાચું કર્તવ્ય બજાવ્યું છે. આવા છે એક મોટા આધ્યાત્મિક નેતા કે જેમનું આપણે નમ્રતાથી સન્માન કરવા એકત્રિત થયા છીએ.

"પરમતેજ" એ એક એવું પુસ્તક છે કે જે માનવ જીવનના દિવ્ય ઉદ્દેશની ઘોષણા કરે છે. એ દિવ્યતા આચાર, તપ, અને ધ્યાનના જીવનથી સિદ્ધ થઈ શકે છે, કે જેની પરાકાષ્ઠાથી સર્વજ્ઞ પરમાત્માનું જીવન અને સંદેશ અલંકૃત છે.

"પરમતેજ"માં પરમાત્માના જીવનની વિશેષતાઓ અને સ્વરૂપ આલેખાયેલાં છે. દેશ-પરદેશમાં વિખ્યાત મહાન તત્ત્વજ્ઞ આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજીનાં તત્ત્વપૂર્ણ ધર્મશાસ્ત્ર "લલિત વિસ્તરા" પરનું વિવેચન એજ "પરમતેજ."

આ પુસ્તક રચવાનો મહાન હેતુ માનવજીવનમાં યોગ ઉપર ભાર આપવા સાથે આધ્યાત્મિક ઉત્ક્રાંતિના ક્રમિક માર્ગને વર્ણવવાનો છે. સંસ્કૃત લલિત વિસ્તરાનાં તાત્ત્વિક અને આધ્યાત્મિક પ્રતિપાદનોને આમાં સરળ અને સ્પષ્ટ પદ્ધતિએ સમજાવ્યાં છે. તેમજ મહાન આધ્યાત્મિક સત્યને સામાન્ય જન સમજી શકે એ રીતે આમાં રજૂ કરવામાં આવ્યાં છે. તેથી આ પુસ્તક વાંચવા અને એના ઉપર ચિંતન કરવા તથા જીવનમાં ઉતારવા આપ સૌને મારી હાર્દિક ભલામણ છે, માનવ જીવનને દિવ્યતા તરફ લઈ જશે.

જૈનધર્મની પ્રાચીનતા અને માનવ જાતને જૈનધર્મની બક્ષીસો ઉપર બોલતાં કલકત્તા હાઇકોર્ટના ચીફ જસ્ટીસે કહ્યું કે "જૈનધર્મમાં આ યુગમાં પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવ થયા. પ્રાચીન બ્રાહ્મણ સાહિત્યમાં એવા ધર્મશાસનનો ઉલ્લેખ છે કે જે વેદની પ્રમાણતા અને પશુયજ્ઞની સ્થાપનાની વિરુદ્ધ હતું. મહાભારતના યુગમાં આ ધર્મશાસન ૨૨મા તીર્થંકર પ્રભુ શ્રી નેમિનાથે ચલાવેલ કે જે શ્રીકૃષ્ણની જેમ યાદવકુળના કહેવાય છે. ઈ.સ.ની ૮૦૦ વર્ષ પૂર્વે પાર્શ્વનાથ ૨૩ મા તીર્થંકર બનારસમાં થયા. જેની પાસે આવેલ સારનાથનું નામ ૧૧મા તીર્થંકર શ્રી શ્રેયાંસનાથના નામ પરથી પડેલું લાગે છે. પાર્શ્વનાથ પછી ૨૫૦ વર્ષે ૨૪મા શ્રી મહાવીર સ્વામી તીર્થંકર થયા. જેમનું શાસન જૈનશાસ્ત્ર મુજબ અત્યારે પણ ચાલે છે. મહાવીર પ્રભુની નિશ્રા નીચે જૈન શ્રમણ પરંપરાને સમકાલીન બૌદ્ધ શ્રમણ પરંપરા થઈ બંને વૈદિકથી વિરુદ્ધ હતી. ઈ.સ.ના પ્રારંભે શ્વેતાબંર-દિગંબર એમ બે ભાગ થયા. જે વિભાગ મુખ્યતાએ પ્રાચીનશાસ્ત્રો માનવા નહિ માનવાથી સાધુને લગતા કેટલાક નિયમ અંગે હતા. મુખ્ય તફાવતમાં શ્વેતાંબર મુનિઓ સવસ્ત્ર રહ્યા અને દિગંબર નિર્વસ્ત્ર, જેથી એમને સાધ્વી સંસ્થા નહિ. મૂર્તિપૂજા અને શાસ્ત્રોના મતભેદથી શ્વેતાંબર-દિગંબર તેરાપંથી થયા.

જૈનધર્મનું મૌલિક તત્ત્વ એ છે કે જીવ અને અજીવ સંપર્કમાં આવી કેટલીક શક્તિઓ ઊભી કરે છે. તે જન્મ મરણ અને જીવન અનુભવો લાવે છે. જીવનનો અંતિમ ઉદ્દેશ આચારમાર્ગ દ્વારા એનો અંત લાવી મોક્ષ પામવાનો છે. આમાં ૭ તત્ત્વ છે. (૧) જીવ (૨) અજીવ (૩) જીવ-અજીવ વચ્ચેનો સંબંધ (કર્મબંધ) (૪) શક્તિઓ (પુણ્યપાપ રાગદ્વેષાદિ) (૫) બંધ અટકાવો (૬) એકત્રિત શક્તિઓનો નિકાલ (૭) મોક્ષ.

જૈન ધર્મમાં વિષયોથી ઇન્દ્રિયોને રોકવા તપ અને ધ્યાન પર ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે, જેણે અરિહંત અને સિદ્ધોને પૂર્ણતાએ પહોંચાડ્યા છે. ત્યાગ (વિરતિ) ક્ષમા, નિરહંકાર, આત્મનિગ્રહ અને પવિત્રતા એ આ માર્ગે ચાલવાના મુખ્ય સાધન છે.

આત્માના ઉત્થાન માટે જૈન ધર્મમાં ૧૪ ગુણસ્થાનકની વ્યવસ્થા છે. તેમાં પ્રથમ પાંચ ગૃહસ્થને હોય ૧૩ મા ગુણસ્થાને કેવલી કે તીર્થંકર થાય. ૧૪મા ગુણસ્થાનકે મૃત્યુને પાર કરી સિદ્ધ બને.

અહિંસા અને અભયદાન એ જૈન ધર્મના ઉચ્ચ અલંકારો છે. એ શીખવે છે કે ધર્મ અને તત્ત્વજ્ઞાન એ માત્ર સિદ્ધાંત-પૂરતા નથી, પણ અમલમાં ઉતારવા લાયક છે. જૈન ધર્મના આચાર-શાસ્ત્ર, અહિંસા આદરવાનું, ભક્ષ્યાભક્ષ્યનો વિવેક કરવાનું, તપશ્ચર્યા, બ્રહ્મચર્ય અને પવિત્રતા આરાધવાનું, તથા પરિગ્રહનો ત્યાગ કરવાનું કહે છે. જૈન ધર્મનો સ્યાદ્‌વાદ સિદ્ધાંત જીવનમાં ઉતારી સામા માણસનું દૃષ્ટિબિંદુ જોવાનું શીખવે છે. (જેથી વૈર વિરોધ ન થાય) જગત આ આદર્શના ઉપકારના ઋણ નીચે છે. તેમજ આના જીવંત દાખલારૂપ મુનિઓના આભાર નીચે છે.

એ મુનિઓ ઇન્દ્રિયો અને વિજ્ઞાનોની ગરબડવાળી આજની દુનિયામાં માનવજાતને સાચા જીવન-ઉદ્દેશનું સ્મરણ કરાવે છે.

આ કહેવા સાથે જનતામાં "પરમતેજ"ને પ્રકાશિત જાહેર કરતાં હું આનંદ સાથે ગૌરવ અનુભવું છું. આમ માનનીય ચીફ જસ્ટીસે પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યું.

ત્યારપછી સીટી સિવિલ કોર્ટના રિટાયર્ડ મુખ્ય જજ મેજર ઘોષ સાહેબે અનુમોદન કર્યું. તે પછી આ ભાષણનો શેઠ સવાઈલાલ શાહે ગુજરાતીમાં ભાવાર્થ સમજાવ્યો. ત્યારબાદ માનનીય ચીફ જસ્ટીસે સુંદર મખમલના બોક્ષમાં 'પરમતેજ' ગ્રંથ લઈ પૂ. પંન્યાસજી મહારાજને વહોરાવ્યો, અને જીવનભર માનવસેવાના આશીર્વાદ માગ્યા.

● **કલકત્તા :** અત્રે **પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજ**ની વર્ધમાન આંબેલ તપની **૧૦૦મી ઓળીની પૂર્ણાહૂતિ** આસો સુદ ૧૫ રોજે થાય છે. સંઘપ્રમુખ શેઠશ્રી સવાઈલાલ કે. શાહ, જે.પી. પ્રેસીડન્સી મેજિસ્ટ્રેટના નેતૃત્વની નીચે શ્રીસંઘ ૧૭૧ છોડનાં ઉજમણાં સહિત મહોત્સવની તૈયારી કરી રહેલ છે. આસો સુદ ૮ થી વદ ૧ સુધીનો મહોત્સવ નક્કી થયો છે. એની બૂકાકાર આકર્ષક આમંત્રણ પત્રિકા પ્રસારવામાં આવી છે. આ પ્રસંગે અત્રેના સંઘજ્ઞાન ખાતેથી છપાયેલ પૂ. તપસ્વી મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ રચિત કર્મસાહિત્ય ૫ મા ગ્રંથનું સુદ ૧૫ પ્રકાશન જાહેર થવાનું છે. અમદાવાદથી શેઠ શ્રી રમણલાલ વજેચંદ, શેઠ શ્રી મયાભાઈ લક્ષ્મીચંદ, ભાઈશ્રી ચતુરદાસ ચીમનલાલ વગેરે લગભગ ૪૦ જણ તથા મુંબઈથી શેઠ શ્રી જેઠાલાલ ચુનીલાલ ઘીવાળા, શ્રી બાલાભાઈ મગનલાલ, શ્રી સુધાકરભાઈ મણિલાલ, શ્રી જયસુખભાઈ ચુનીલાલ વગેરે તથા મુંબઈ-વડોદરાથી શ્રી કુમારપાળ, શ્રી હસમુખ વગેરે શિબિર વિદ્યાર્થીઓ તેમજ પિંડવાડાથી શેઠશ્રી સમરથમલજી, શ્રી દેવીચંદજી વગેરે અત્રે આવવાના પત્રો આવી ગયા છે. સંઘનો ઉત્સાહ ખૂબ છે. પૂજ્યશ્રીનાં પારણા સાથે પારણું આવે એ રીતે ૭૦ વર્ધમાન તપ પાયા શરૂ થયા, બીજી પણ આંબેલ ઓળીઓ શરૂ થઈ છે. વડોદરા અમદાવાદ વગેરેમાં શિબિર વિદ્યાર્થીઓ પારણા દિને આંબેલ આદિ ઉજવણી કરવાના સમાચાર મળ્યા છે.

● **અમદાવાદ :** અત્રે કાળુશીની પોળ સ્વ.પૂ.મુનિરાજશ્રી મંગળવિજયજી મહારાજ કે જેઓશ્રીએ સારી સ્થિરતા કરી પોળને ધર્મનો લાભ આપેલો. એમના સ્વર્ગગમન તથા અત્રે ચોમાસું રહેલા સાધ્વીજી શ્રી ચારૂલતાશ્રીજી મહારાજની દોઢ માસના ઉપવાસની ઘોર તપસ્યાને અનુલક્ષીને પોળના પ્રમુખ શ્રી દિનકરભાઈ ડૉક્ટરની આગેવાની નીચે પોળના પંચે સુંદર પંચાહ્નિકા જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઉજવ્યો. એમાં શ્રી નવાણું અભિષેકની ભવ્ય પૂજા પણ ભણાવાઈ. શ્રી ચતુરદાસ ચીમનલાલે આયોજન તથા પૂજાઓમાં ભક્તિ સંગીતની સારી રમઝટ મચાવી. સાધ્વીજી મહારાજના સંસારી પિતાશ્રી શેઠશ્રી મોહનલાલ જમનાદાસ તરફથી પણ પાછિયાની પોળે ભવ્ય પૂજા તથા શાંતિસ્નાત્ર ભણાવવામાં આવેલ.

● **અમદાવાદ :** અત્રે શ્રી જૈન ધાર્મિક શિક્ષાયતન સમિતિ વતી શેઠશ્રી રમણલાલ વજેચંદ, રમેશભાઈ બકુભાઈ, ચંદ્રકાંત સી. મશરૂમવાળા તથા શિક્ષાયતન વિદ્યાર્થીઓ શ્રી રતિલાલ ચાવાળા, લલિતકુમાર આર. શાહ, સુરેશચંદ્ર સી. શાહ,

બીપીનકુમાર પી., લલિતકુમાર જે. ધામી તરફથી સકળ સંઘને આમંત્રણ કરતી પત્રિકા બહાર પાડીને એમાં જણાવવામાં આવ્યું હતું કે પૂ.પંન્યાસજી શ્રી ભાનુવિજયજી મહારાજ આસો સુદ ૧૫ બુધવારે કલકત્તા મુકામે વર્ધમાન તપની ૧૦૦મી ઓળીની પૂર્ણાહુતિ કરી રહ્યા છે.

જેઓશ્રીએ ચારિત્ર લીધા પછી ગુરુવિનય, વૈયાવચ્ચ, જ્ઞાન-ધ્યાન આદિ દ્વારા ગીતાર્થતા સાથે અસાધારણ વિદ્વત્તાને પ્રાપ્ત કરીને હજારો ભવ્યાત્માઓને જિનશાસન રસિયા બનાવ્યા. પરોપકારની પ્રવૃત્તિ સાથે સ્વ આરાધનાની તેમની જાગૃતિ આજે પણ અદ્‌ભુત છે.

આવા મહાપુરુષના આ ઉગ્ર તપની અનુમોદનાર્થે અમે પણ નીચે મુજબ કાર્યક્રમ યોજયો છે.

આસો સુદ ૧૧ તા. ૧૧-૧૦-૭૦ના રવિવારે સવારે ૮ કલાકે શ્રી સિદ્ધાર્થ જૈન મંડળ અને શિક્ષાયતનના વિદ્યાર્થીઓ શ્રી મહાવીર સ્વામીજી દેરાસર પતાસાપોળે ભવ્ય સ્નાત્ર મહોત્સવ ઉજવશે.

આ ઉગ્ર આરાધનાની અનુમોદનાર્થે સકળ સંઘને તે દિવસે આયંબિલ તપ કરવા વિનંતી છે.

● **ઉજ્જૈન :** અત્રે મુનિરાજશ્રી નયરત્નવિજયજી મ.ના ઉપદેશથી અત્રેના શ્રી સંઘે પૂ.પંન્યાસજી ભાનુવિજયજી મ.ની ૧૦૦મી ઓળીની પૂર્ણાહુતિની અનુમોદનાર્થે શ્રી જિનેન્દ્ર પંચાહ્નિકા ભક્તિ મહોત્સવની યોજના થઈ એ નિમિત્તે સુંદર આમંત્રણ પત્રિકા કાઢવામાં આવી છે.

દિવ્ય-દર્શન'' - "શાસન પ્રભાવના" વર્ષ-૧૯,અંક-૩૧,તા.૧૫-૫-૧૯૭૧

● **પાવાપુરી : પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજ** રાજગિરથી વિહાર કરી સપરિવાર અત્રે પધાર્યા. સમવસરણ મંદિર પેઢી તરફથી બેન્ડબાજા સાથે સ્વાગત કરવામાં આવ્યું. રાજગિરમાં સ્થિરતા દરમિયાન પૂ. મુનિરાજોએ વૈભારગિરિ આદિ પહાડો પર ખૂબ યાત્રાઓ કરી. પૂ.મુનિરાજશ્રી જયસોમવિજયજી મહારાજ ૬૨મી વર્ધમાન તપ આંબેલ ઓળીમાં લગભગ રોજ પાંચે પહાડ પર યાત્રા કરી ૩-૩॥ વાગે આંબેલ કરતા.

રાજગિર પેઢીના **મેનેજર ભોલુ બાબુએ** અત્રે ચોમાસું કરી **તીર્થનો ઉદ્ધાર** કરવા ખૂબ આગ્રહભરી વિનંતી કરતાં પૂજયશ્રીએ **કેટલાક કિંમતી સૂચન કર્યા.**

દા.ત. (૧) ધર્મશાળા પાસેના વિશાલ મંદિરમાં મૂળનાયક શ્રી મુનિસુવ્રત સ્વામીજીના મોટો નૂતન બિંબના આગળ જ સ્થાપેલા આજ પ્રભુજીના પ્રાચીન નાના બિંબથી આશાતના થતી હોઈ **અલગ મંદિરમાં સ્થાપવા.** ઉપરાંત (૨) પહાડો પર જ્યાંથી પ્રાચીન બિંબો ચોરાઈ ગયા છે ત્યાં અને જે પહાડ પર ખાલી પગલાં જ છે ત્યાં બીજા **પ્રાચીન બિંબોની જેમ ભીંતમાં બેસાડી** શકાય એવા પાષાણમાં જ પ્રાતિહાર્ય સહિત અર્ધ ઉઠાવવાળા નવા બિંબો ભરાવી સ્થાપવા. વળી (૩) **વૈભારગિરિ પર** મેઘકુમાર મહામુનિ, ધન્ના અણગાર વગેરેએ અનશન કરેલા છતાં એમના કશા સ્મારક-સ્થાન નથી તે કરાવવા, ઉપરાંત (૪) રાજગિરમાં દર સાલ લગભગ ૫૦૦૦ જૈન યાત્રિક અને બીજા હજારો પ્રવાસી આવતા હોવાથી, તેમજ પહાડ નીચે બૌદ્ધ, શીખ, આર્યસમાજિસ્ટ તથા પહાડ પર જાપાનીસનાં સ્થાન બન્યા હોવાથી અને પરદેશીઓ પણ આવતા હોવાથી આ સ્થળ (ઈન્ટરનેશનલ) આંતરરાષ્ટ્રીય બન્યું હોઈ જૈન ધર્મનું ગૌરવ વધે, લોકોને **પ્રાચીન જૈન જાહોજલાલીનો** ખ્યાલ આવે એવા તીર્થંકર ભગવાન તથા શાલિભદ્ર વગેરે પૂર્વના મહાપુરુષોના પરાક્રમી જીવન પ્રસંગોના સુંદર ચિત્રો, કોતરકામમાં લખાણ વગેરેના નિર્માણ. વળી (૫) જૈનધર્મની વિશ્વહિતકર અને સુસંગત તથા અન્યત્ર અલભ્ય એવી તત્ત્વો સિદ્ધાન્તો માર્ગ આચારની **વાતોની નાની પુસ્તિકાઓ પણ** અત્રેથી સારી પ્રચારી શકાય...વગેરે સૂચન આપ્યા. રાજગિર કમિટીના સભ્ય શ્રીમાન સુદર્શન બાબુને પણ આ માર્ગદર્શન કરાવવામાં આવ્યું એની ભારે અસર થઈ તેથી એમણે કમિટીના બીજા સભ્યોને પણ કલકત્તા વગેરેથી અત્રે પૂ. પંન્યાસજી મહારાજનું માર્ગદર્શન લેવા નોંતર્યા. દરમિયાન પૂ. મહારાજશ્રી પાવાપુરી પધાર્યા. તેથી **પાવાપુરી**માં કમિટીના સભ્યોએ આવી માર્ગદર્શન લીધું. ખૂબ જ **પ્રભાવિત થયા** અને કાર્ય કેમ કરવું એ માટે પૂજ્યશ્રીની સલાહ માગી. પૂજ્યશ્રીએ કહ્યું કે તમારી કમિટીનો વિસ્તાર કરી એમાં સવાઈલાલ શેઠ વગેરે ગુજરાતી આગેવાનોને સામેલ કરી કાર્ય કરવામાં આવે તો સરળતા થાય. હવે કમિટીએ એ માટેના પ્રયત્ન કરવાનું કર્યું છે અને બધા સાથે શક્યતા હોય તો પટણા પૂજ્યશ્રીને મળી વિચારણા કરવાનું ગોઠવ્યું છે.

રાજગિર એટલે રાજગૃહી **રાજા શ્રેણિકની એ રાજધાની.** એમાં ભગવાન શ્રી મહાવીરસ્વામીજીના **૧૪ ચોમાસા** થયેલા. જૈનધર્મ વૈશાખ-જેઠના સૂર્યપ્રકાશ જેવો ઝળહળતો હતો. **શાલિભદ્ર-ધનાજી મહર્ષિ, ધન્નો અણગાર, મેઘકુમાર મુનિ,** વગેરે કેઈ મહામુનિઓએ અહીં વૈભારગિરિ પર અંતિમ અનશન કરેલ. પણ આજે સિવાય દેવળીઓ કશું ભાવપ્રેરક અને પ્રાચીન ભવ્ય તવારિખબોધક જોવા મળતું

નથી. અત્રે ભગવાન શ્રી મુનિસુવ્રત સ્વામીજીનાં ચાર કલ્યાણક થયેલ હોવાથી ગામમાં પ્રભુજીનું ભવ્ય વિશાલકાય મંદિર છે. પરંતુ તીર્થરૂપ પહાડો પાસે ઇતરોના મંદિરો પ્રસિદ્ધકુંડો તથા ઊંચે જવા જાપાનીસ લિફ્ટ વગેરે છે. કિન્તુ જૈનધર્મનું કશું નથી. જે રાજગિર ખરેખર શ્રી મહાવીરપ્રભુ અને પ્રભુના શિષ્યો-ભક્તોથી ઉજ્જવળ અને પ્રસિદ્ધ બનેલ, અને જેના પાંચ પહાડ જૈન મહાત્માઓથી જ પવિત્ર બની આજે પણ પ્રતિષ્ઠાવાળા છે. **એ રાજગિર અને પહાડોને આજે જૈનધર્મ અને જૈનવિભૂતિઓની ગૌરવની વાચા વિનાના જોઈ જિનભક્તિને શરમ લાગી જાય એવું છે.** બાકી જે કોઈ ભાગ્યવાન અહીં એવી વાચા આપવાને યત્કિંચિત પણ કોઈ કરે, એ વર્તમાનમાં ય હજારો લાંબો માનવોને જૈનધર્મ તરફ 'ઓહો ! વાહવાહ !' કરાવનાર યાને બોધિબીજનું દાન કરનાર બનશે.

પૂ.પંન્યાસજી મહારાજે પાવાપુરી પધારી જૈનધર્મના ગૌરવને વાચા આપતી કેટલીક યોજના અત્રે જલમંદિર ગામમંદિર અને સમવસરણ મંદિરની દેખરેખ રાખનારને પણ બતાવી. પૂ.મુનિરાજોમાં ૪ ઉપવાસ અટ્ઠમ વગેરેથી આરાધના સુંદર થઈ. ઝરિયાવાળા દેવશીભાઈએ સરાક જાતિના ઉદ્ધાર અર્થે અત્રે સમવસરણ મંદિર ધર્મશાળામાં પોતે સરાક વિદ્યાર્થીઓની શિબિર યોજે એમને જૈનધર્મના શિક્ષા આપવા પૂ. મુનિરાજશ્રી જયશેખરવિજયજી મહારાજ તથા પૂ.મુનિશ્રી જયસોમવિજયજી મહારાજને રોકવા તથા પછી ઝરિયામાં ચોમાસું કરી ખૂબ આગ્રહભરી વિનંતી કરી; જે વિચારણા હેઠળ છે. પૂ.પંન્યાસજી મહારાજ અત્રેથી વિહાર કરી પટણા વૈ.સુ. ૧૫ તથા બનારસ વૈ.વ. ૧૪ લગભગ પધારવા વકી છે. કાનપુર સંઘનું ડેપ્યુટેશન અત્રે આવી બહુ જ આગ્રહપૂર્વક ચોમાસાની વિનંતી કરી ગયેલ હોવાથી કાનપુર તરફ વિહાર થઈ રહ્યો છે.

દિવ્ય-દર્શન'' - **"શાસન પ્રભાવના"** વર્ષ-૧૯,અંક-૩૫,તા.૧૨-૬-૧૯૭૧

શ્રી અજારી તીર્થે પુનર્નિર્મિત શ્રી વીરપ્રભુના જિનાલયમાં ચરમતીર્થપતિ શ્રી મહાવીરસ્વામી આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા અને પિંડવાડામાં સિદ્ધાંત-મહોદધિ સ્વ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી ગુરુમંદિરમાં ગુરુમૂર્તિની પ્રતિષ્ઠાનો

ઉજવાયેલો શાનદાર મહોત્સવ

કેટલીક ભૂમિઓ જ એવી બડભાગી હોય છે કે, જેને આંગણે ભવ્યાતિભવ્ય મહોત્સવો ઉજવાયા જ કરે ! જેનું નામ સાંભળતા જ અનેક સુખદ સ્મૃતિઓ આંખ

સામે તરવરી ઉઠે ! પિંડવાડાની ભૂમિ, આવી ભૂમિઓમાંની જ એક ભૂમિ છે.

તાજેતરમાં જ પિંડવાડાને આંગણે એક પ્રસંગ અત્યંત દબદબાભર્યો ઉજવાઈ ગયો. પિંડવાડા અને પૂજ્યપાદ સ્વર્ગીય આચાર્ય ભગવંત **શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી** નામ સાથે એવું તો જોડાણ સધાઈ ગયું છે કે એકને સંભારતા બીજું યાદ આવે. બીજાને યાદ કરતાં, પહેલું સાંભરે ! એ પૂજ્યપુરુષનો પિંડવાડા પર જે અનહદ ઉપકાર છે એનું આંશિક ઋણ અદા કરવાની એક માત્ર ઝંખનાથી સંઘે ભવ્ય ગુરુમંદિર ખડું કર્યું. એક તરફ ગુરુમંદિર તૈયાર થયું બીજી તરફ ભવ્ય ગુરુમૂર્તિ પણ ઘડાઈને આવી ગઈ ને ત્રીજી તરફ અંજારી-તીર્થનો પુનરુદ્ધાર પૂર્ણ પ્રાયઃ થવા આવ્યો હતો.

વર્ષો પૂર્વે સ્વ.પૂ.આચાર્ય ભગવંતની પ્રેરણા ઝીલીને પિંડવાડા સંઘે નજીકમાં રહેલા અજારી ગામના જીર્ણ મંદિરનો પુનરુદ્ધારનો નિર્ણય લીધેલો.

આ બેય પ્રસંગોને અનેરી શાનથી ઉજવવા પિંડવાડા થણગણી રહ્યું હતું. મહોત્સવનો મહિનો વૈશાખ નક્કી થયો. ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની તારક નિશ્રામાં આ બંને પ્રસંગોને ઉજવવાનો શ્રી સંઘે નિર્ણય લીધો; એ અનુસાર, પિંડવાડા સંઘની વારંવારની વિનંતીને ધ્યાનમાં લઈને પૂ.આચાર્યદેવ છેક જામનગરથી વિહાર કરીને, ચૈત્ર વદ ૧૧સે અહીં આવી પહોંચેલા.

ચૈત્ર વદ ૧૧ : ગુરુપ્રવેશની સાથે, આજે ગુરુમૂર્તિના પ્રવેશનો પ્રસંગ પણ ઉજવાયો. સામૈયું ખૂબ જ શાનદાર નીકળ્યું. એક જીપકારની સાથે બળદની ૩૬ જોડી જોડવામાં આવી હતી એની પર એક ભવ્ય છત્રી ખડી કરવામાં આવેલી, એ છત્રીમાં બિરાજમાન પૂ. સ્વર્ગીય ગુરુદેવશ્રીની ભવ્ય પ્રતિમા આજનું આકર્ષણ હતું. ઠેરઠેર ગહુંલીઓ ને ગીતો ! લગભગ ૩॥ કલાક નગરમાં ફરીને સામૈયું પૂ. સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી ગુરુમંદિરના ભવ્ય ને વિશાળ ચોગાનમાં ઉતર્યું ત્યાં લાલચંદજીએ ગુરુમૂર્તિનું ગીનીથી પૂજન કર્યું.

પ્રતિષ્ઠા મહોત્સવ અનેરી રીતે ઉજવી લેવાનો સંઘનો નિર્ણય હતો. આ વચગાળામાં અનેક કાર્યો કરવાના હતા. મહોત્સવનું આયોજન સુવ્યવસ્થિત રીતે ચાલે અને આવનારા સાધર્મિકોની ભક્તિ સારી રીતે થઈ શકે ઇત્યાદિ કાર્યો માટે અનેક સમિતિઓ અને અનેક વ્યવસ્થાપકોની નિમણુંક થઈ ગઈ, ભવ્ય ને વિશાળ મંડપો ખડા થતા ગયા. એક તરફ રચનાઓ ગોઠવાતી ચાલી ને બીજી તરફ કલાત્મક રંગોળીઓ પૂરાતી ગઈ. દિવસો વીતતા ચાલ્યા ને ઉત્સાહ વધતો ગયો.

દૂરદૂર અનેક મુનિભગવંતો પિંડવાડા ભણી આવવા માંડ્યા. ઓળીનું કાર્ય પૂર્ણ થતા જ પૂ.આચાર્યદેવે પણ પિંડવાડા આવવા વિહાર કર્યો ને એઓથી ચૈત્ર વદ ૧૧ સવારે પિંડવાડા ગામ બહાર આવી પહોંચ્યા. મુનિભગવંતોની સંખ્યા આજે લગભગ ૧૨૫ની હતી.

ચૈત્ર વદ ૧૧ : વિજાપુરનાં અમૃત બેંડ, આબુરોડના નેશનલ બેંડ અને સ્થાનિક બે બેંડોના ધ્વનિએ પિંડવાડા જ્યારે જાગ્યું ત્યારે એના આંગણે અનેક આચાર્યો ને મુનિઓ મેળો જામી ગયો હતો. બે ભવ્ય ગજરાજો.....

પિંડવાડા ખાતે ગુરુમૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવની વિશેષતાઓ : પૂ. સ્વર્ગીય ગુરુદેવશ્રીના જીવન પ્રસંગોની ૫ ચલ રચનાઓ અને ચાર રંગોળી (૧) પ્રેમચંદજીનું પાલીતાણામાં દીક્ષાગ્રહણ (૨) સકલાગમરહસ્યવેદી દાનસૂરીશ્વરજી મ.ના વરદ હસ્તે રાધનપુરમાં ઉપાધ્યાયશ્રી પ્રેમવિજયજી મ. ને આચાર્ય પદપ્રદાન અને પંન્યાસ પ્રવરશ્રી રામવિજયજી ગણિવરને ઉપાધ્યાય પદપ્રદાન (૩) અમદાવાદ ખાતે કર્મસાહિત્યના પ્રથમ ગ્રંથનો પ્રકાશનવિધિ ને શ્રુતભક્તિનો વરઘોડો (૪) પૂ. સ્વર્ગીય ગુરુદેવશ્રીનું સ્વહસ્તે કર્મસાહિત્યનું લેખન અને સંશોધન (૫) પૂ.સ્વર્ગીય ગુરુદેવ દ્વારા પંન્યાસપ્રવરશ્રી પદ્મવિજયજી ગણિવર્યને અંતિમ નિર્યામણા **આ પાંચ ચલ રચનાઓ** ઉપરાંત પૂજ્યશ્રીના વિવિધ જીવન અવસ્થાવાળા વિશાળ ફોટાઓ, કર્મસાહિત્યના વિવિધ વિશાળ બોર્ડો.

પૂ.સિદ્ધાન્ત મહોદધિ આ.વિ. પ્રેમસૂરીશ્વરજી જ્ઞાનમંદિરમાં **૪ રંગોળી**નું આયોજન (૧) ભ. મહાવીર દ્વારા ચંડકૌશિક સર્પને પ્રતિબોધ (૨) પ્રચંડ વેદનામાં પણ પૂજ્યશ્રીનો કોથળી શેકનો નિષેધ (૩) પૂ.આ.દેવના વરદ હસ્તે પિંડવાડાના સંપ્રતિમંડપમાં અનેક જિનબિંબોની અંજનવિધિ. (૪) ભ.મહાવીરના વરદ હસ્તે ૧૧ ગણધરોની સ્થાપના. બાવન જિનાલય જ્ઞાનમંદિર અને ગુરુમંદિર પર કલાત્મક ભવ્ય રોશની. લગભગ દિવસભર વાંજિત્રોના નાદથી ગાજતું વાતાવરણ, રોજ પ્રવચનમાં પૂ. સ્વર્ગીય ગુરુદેવશ્રીના ગીતોનું ગાન, અનેક મંડપો અને ભોજનની આલ્હાદક સુવિધા, ગુરુમૂર્તિની પ્રતિષ્ઠાની ૫૧,૧૦૧/- રૂા.ની વગદાર ઉછામણી, પ્રતિષ્ઠાના દિવસે આખા ગામને જમણ.

આમ, અંજારી પિંડવાડાનો ૧૨ દિવસનો ભવ્યાતિભવ્ય મહોત્સવ ગચ્છાધિપતિ પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ, આગમપ્રજ્ઞ, પૂ.આ.શ્રી જંબુસૂરીશ્વરજી મ., વૈરાગ્યવારિધિ પૂ.આ.શ્રી યશોદેવસૂરીશ્વરજી મ.સા., પૂ.પં.શ્રી વર્ધમાનવિજયજી ગણિવર્ય, પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય, પૂ.પં.શ્રી

જયંતવિજયજી ગણિવર્ય, પૂ.પં.શ્રી રૈવતવિજયજી ગણિવર્ય, પૂ.પં.શ્રી હેમંતવિજયજી ગણિવર્ય, પૂ.પં.શ્રી હર્ષવિજયજી ગણિવર્ય, પૂ.પં.શ્રી મુક્તિવિજયજી ગણિવર્ય, પૂ.પં.શ્રી ત્રિલોચનવિજયજી ગણિવર્ય, પૂ.પં.શ્રી રાજવિજયજી ગણિવર્ય અને ૧૨૫ ઉપરાંત સાધુભગવંતો તેમજ વિશાલ સંખ્ય સાધ્વીજીઓ આદિના ઉલ્લાસમય વાતાવરણ વચ્ચે ઉજવાઈ ગયો ને ઈતિહાસમાં એક સોનેરી પ્રકરણનો ઉમેરો થયો.

વૈશાખ સુદ ૮ વહેલી સવારે પૂજ્ય આચાર્યદેવશ્રીએ વિહાર કર્યો ને ગામ બહાર રોકાયા. આજે નવકારશી થઈ હતી ને આમ મહોત્સવની સમાપ્તિ થઈ.

મહોત્સવ જોનારા ધન્ય બની ગયા. સહુના મોંમાથી એ જ શબ્દો સરતા હતા કે :

જય હો ! કર્મસાહિત્ય સૂત્રધાર, વાત્સલ્ય મહોદધિ, સુવિશાલ સાધુ સંઘાધિપતિ સિદ્ધાન્તમહોદધિ, તપગચ્છગગન દિનમણિ, આરાધ્યપાદ, પૂ. આચાર્યદેવ **શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વજી મહારાજાનો !**

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૨૦,અંક-૩૭,તા.૨૭-૫-૧૯૭૨

પાલણપુરમાં ભવ્ય દંપતી દીક્ષા-મહોત્સવ

મૂળ પાલણપુરના વતની અને ધંધાર્થે કલકત્તા નિવાસી ભાઈ શ્રી ચંપકલાલ પૂનમચંદ ઝવેરી અને એમના ધર્મપત્ની શ્રીમતી મફતબેનનો ભવ્ય દીક્ષા મહોત્સવ પાલણપુરમાં ઉજવાઈ ગયો. ભાઈ શ્રી ચંપકભાઈ મૂળ સ્થાનકવાસી કિન્તુ મુનિ મહારાજના સંપર્કથી દેવદર્શન પૂજનાદિ ધર્મ પ્રવૃત્તિમાં જોડાયેલા. કંદમૂળભક્ષણ રાત્રિભોજનની છૂટવાળા છતાં પાછળથી બે ચૌદશ રાત્રિભોજનનો ત્યાગ કરેલો. તે પાળવા બે ચૌદશ ઉપવાસ જ કરતા. વર્ષોથી જીવનભર કંદમૂળ સદંતર બંધ કરેલ. એમણે સજોડે પાંચેક વર્ષ પૂર્વે જીવનભરનું બ્રહ્મચર્ય ઉચ્ચરેલ. પરંતુ કલકત્તામાં અમુક સાધુની અનુચિત રીતભાત દેખી એમણે કોઈનાય વ્યાખ્યાન સાંભળવાનું બંધ કરેલું. જ્યાં ધર્મવાણી સાંભળવાની બંધ થાય, ત્યાં આત્માનો ઉદ્ધાર શી રીતે થાય ? પરંતુ શી રીતે ઉદ્ધાર થયો એ એમની દીક્ષાની આમંત્રણ-પત્રિકા બતાવી રહી છે. પત્રિકામાં જણાવવામાં આવ્યું હતું કે **"ચંપકલાલ**ના જીવનને કલકત્તામાં ગજબ પલટો લીધો. દુન્યવી ઝવેરાતના વેપારમાંથી ફલાંગ મારી આત્માના ઝવેરાતના વેપારમાં દાખલ થવા તૈયાર થઈ ગયા.

બન્યું એવું કે કલકત્તામાં તપગચ્છગગનદિવાકર કર્મ-સાહિત્યમહાસૂત્રધાર-સુવિશાળ ગચ્છાધિપતિ સિદ્ધાન્તમહોદધિ પૂ. સ્વ. આચાર્ય ભગવંત **શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજ સાહેબના વિદ્વાન શિષ્યરત્ન ન્યાયવિશારદ વર્ધમાન તપોનિધિ પ્રભાવક પ્રવચનકાર **પૂ. પંન્યાસ શ્રી ભાનુવિજયજી ગણિવર** મુનિપરિવાર સહ વિ.સં. ૨૦૨૬માં કલકત્તામાં ચોમાસું રહેલા. એઓશ્રીની વિરાગવાણીના રસપાન કરવા ભાવિકો ઊલટતા. પૂજયશ્રીકૃત ભવ્ય અર્હદ્‌ભક્તિ ગ્રંથ પરમતેજ ભાગ-૨ જાના પ્રકાશન સમારોહ, પૂજયશ્રીના ૧૦૦મી વર્ધમાન આંબેલ તપ ઓળી પૂર્ણાહુતિ પ્રસંગે ૧૭૧ છોડ-ઉદ્યાપનનો ચિરઃસ્મરણીય મહોત્સવ, તત્ત્વજ્ઞાનની વાચનાઓ આદિ પ્રસંગોમાં વિશેષ ભાવિકો જિનવાણી શ્રવણ કરવા ઊલટતા છતાં અમારા ચંપકભાઈ એમના સુશીલ ધર્મનિષ્ઠ ધર્મપત્ની શ્રીમતી મફતબેનની પ્રેરણાને પણ કાન તળે કાઢી નાખી, પૂજયશ્રીની અમૃતવાણી સાંભળવાથી દૂર જ રહેતા, આમ ચોમાસું ય પૂર્ણ થઈ ગયું. પણ એમના સદ્‌ભાગ્યમાં જિનવાણીના સરોવરમાં એક ડૂબકીય ક્યાં ?

વિધિની વિચિત્રતા કેવી ! પોષમાહમાં પૂજયશ્રીની પાવનનિશ્રામાં થયેલ ભવ્ય ઉપધાન તપમાં અમારા અ.સૌ. પુત્રવધુ જોડાયા. એ નિમિત્તે શ્રી ચંપકભાઈને વ્યવહારની રૂએ ઉપધાન વખતના વ્યાખ્યાનમાં જવાનું થયું. કહેવાય છે ને કે 'કમ્મે શૂરા તે ધમ્મે શૂરા' બે ને ચાર વ્યાખ્યાન સાંભળતાં એમનો સુષુપ્ત આત્મસિંહ જાગી ઊઠ્યો, મનને ચોટ લાગી, આઘાત લાગ્યો કે અરે ! આ દેવોને ય દુર્લભ અમૃતવાણી પૂ. પંન્યાસજી મહારાજશ્રી ૮-૮ માસથી અહીં વરસાવતા છતાં મેં અક્ષરેય સાંભળ્યો નહિ ! બસ પછી તો હૃદયસંતાપ જોરદાર થતાં વ્યાખ્યાન શ્રવણમાં એવા લીન બન્યા કે એમણે ઉપધાન દરમિયાન એકધાન્ય આંબેલ શરૂ કર્યા અને થોડા જ દિવસમાં વ્યાખ્યાનમાં જ ઊભા થઈને ચારિત્ર ન લેવાય ત્યાં સુધી રોજ એકાસણાં અને કારણે બેસણાં કરવાનો નિયમ કર્યો. પછી તો પૂ. ગુરુમહારાજશ્રીનો વિશેષ સંપર્ક સાધતાં રહ્યા. તે સજોડે ચારિત્ર લેવા માટે દૃઢનિશ્ચયી બન્યા છે...'

દીક્ષાર્થી ચંપકભાઈની દીક્ષાનું મુહૂર્ત વૈ. સુ. ૬ નું; તે મેટ્રિક-કૉલેજના વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ સંસ્કરણ આપતી ગ્રીષ્માવકાશ-શિબિરના સમયની વચ્ચે પડતું. શિબિર માટે ભાવનગરના ભાઈશ્રી મહાસુખભાઈની જોરદાર આગ્રહભરી વિનંતી હતી; તેમજ શ્રી ચંપકભાઈને એક જ હિસાબ હતો કે 'ગુરુમહારાજને જ્યાં સગવડ હોય ત્યાં પોતાના ખર્ચે મહોત્સવ કરી દીક્ષા લેવી.' પરંતુ શ્રી પાલણપુર

સંઘે છેલ્લા સો વર્ષમાં નહિ થયેલી આવી દંપતીની દીક્ષા પાલણપુરમાં થાય એ ભાવનાથી શ્રી ધાર્મિક શિક્ષણ-શિબિર પોતાના આંગણે કરાવવાનો ઠરાવ કર્યો; અને ડભોઈ મુકામે જઈ પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ પાસે દીક્ષા પાલણપુરમાં થાય એ માટે સાગ્રહ વિનંતી કરી.

એ મુજબ પૂ.પં. શ્રી ભાનુવિજયજી મહારાજ સપરિવાર પાલણપુર પધાર્યા. શ્રી મફતબેનની દીક્ષા અર્થે સાધ્વીજીશ્રી વિજ્ઞાનશ્રીજી મહારાજ પણ પધાર્યા. પ્ર. વૈ. સુ. ૧૦ નગર પ્રવેશ વખતે શ્રી ચંપકભાઈએ આબુથી સ્પેશિયલ બેન્ડ મંગાવી તથા પાલણપુરના રાજમાર્ગો પર ઠેર ઠેર કમાનોના શણગાર કરાવી ભારે ખર્ચ સાથે ભવ્ય સામૈયું કર્યું. સામૈયું બે કલાક ફર્યું, અને ઉનાળાનો દિવસ છતાં ઠેઠ સુધી મેદની ભરચક રહી. ઠામઠામ ગહુંલીઓ થઈ. સામૈયું ઉપાશ્રયે પહોંચતાં પાટ ઉપર પૂ. આચાર્યશ્રી સુબોધસાગરસૂરિજી મહારાજ પૂ.પં. શ્રી મુક્તિવિજયજી ગણિવર, પૂ.પં. શ્રી ભાનુવિજયજી મહારાજ બિરાજમાન થયા, અને બંનેના આગ્રહથી પૂ.પં. શ્રી ભાનુવિજયજી મહારાજે મંગળ પ્રવચન આપ્યું. શ્રી ચંપકભાઈએ આજથી માંડી દીક્ષાદિન સુધી બહારથી પૂ. શ્રીને વંદનાર્થે આવતા સાધર્મિકો માટે રસોડું રાખેલું.

હવે શ્રી ચંપકભાઈ પાલણપુરમાં અને બહારગામ સજોડે વાયણે ચડ્યા. આકર્ષક કુમકુમ પત્રિકાઓ દ્વારા ભારતમાં દીક્ષા નિમિત્તે નિમંત્રણ પાઠવવામાં આવ્યા. વૈ. સુ. ૨ થી જિનેન્દ્રભક્તિ મહોત્સવ શરૂ થયો. શ્રી અષ્ટાપદજીની મહાપૂજામાં પૂજયશ્રીના મુખેથી શ્રી ઋષભદેવપ્રભુના માંગલિક નામ રાજ્યાભિષેક પર અનપઢ યુગલિકોનો વિનય, મહા અનર્થ અટકાવવા લોકવ્યવહારની સ્થાપના, પ્રભુનો વર્ષીતપ તથા લાખપૂર્વવર્ષનું ચારિત્ર, કેવળજ્ઞાન મરુદેવામાતાના હર્ષશોક પછી કેવળજ્ઞાન-મોક્ષઅષ્ટાપદતીર્થ સ્થાપના, સગર ચક્રીના ૬૦,૦૦૦ પુત્રોના તીર્થરક્ષામાં આત્મબલિદાન... વગેરે પૂજાના ભાવો સાંભળતાં અનેરો ભક્તિરંગ વધી ગયો. શ્રી નવપદજી વગેરે પૂજાઓમાં નવનવી રાગરાગણી અને ભાવાર્થથી શિબિર વિદ્યાર્થીઓ તથા બીજાઓ ભક્તિ-તરબોળ બન્યા.

વૈ.સુ. ૫ મુમુક્ષુ દંપનીનો ભવ્ય દીક્ષા-વર્ષીદાન વરઘોડો ચડ્યો. ઈન્દ્રધજા ટકોરખાનું બે બેન્ડ, વિશાળ સાજન સાથે દીક્ષાર્થી દંપતી એક જ ગાડીમાં બેસી છૂટે હાથે વરસીદાન ઉછાળી રહ્યા હતા. શિબિર વિદ્યાર્થીઓએ સ્થળે સ્થળે શિબિર-સંચાલક ભાઈશ્રી કુમારપાળ, શ્રી હસમુખભાઈ, શ્રી યોગેશ ઘીઆ વગેરેને ખભે ચડાવી ભક્તિગીત-ધૂનની રમઝટ મચાવી મૂકેલી. વરઘોડો દીક્ષાર્થીઓના મોટાભાઈ

અમૃતલાલને ત્યાં ઊતર્યો. એમણે પણ બેનોને ગવરાવી થાળીઓની પ્રભાવના વગેરે સારો લહાવો લીધો. સુદ ૬ સવારે સાત વાગે બોર્ડિંગના પટાંગણમાં શિબિરના સામિયાણામાં દીક્ષાની ક્રિયા શરૂ થઈ.

દીક્ષાર્થી દંપતી રજોહરણ મળતાં અપૂર્વ હર્ષોલ્લાસથી નાચી ઊઠ્યા. સ્નાન વેશપરિવર્તન કરીને આવતાં જયધ્વનિથી મંડપ ગાજી ઊઠ્યો. શુભ મુહૂર્તે લોચ જાવજ્જીવનું સામાયિક ઉચ્ચારણાદિ વિધિ બાદ શ્રી ચંપકભાઈને પૂ. પં. શ્રી ભાનુવિજયજી મ.ના શિષ્ય મુનિશ્રી ચંદ્રસુંદરવિજયજી તરીકે, તથા શ્રી મફતબેનને સાધ્વીજી શ્રી ઇન્દ્રપ્રભાશ્રીજી મ.ના શિષ્યા સા. શ્રી ભવ્યનંદાશ્રીજી તરીકે જાહેર કરાયા. લાડુની પ્રભાવના થઈ. સુદ ૫ ના રોજ પૂ. મુનિરાજશ્રી હેમતિલકવિજયજી મ.ની વડી દીક્ષા ઉજવાઈ એમને પૂ. મુનિરાજશ્રી જયસોમવિજયજી મ.ના શિષ્ય તરીકે જાહેર કરાયા.

• • •

ભુવનભાનુ એન્સાઇક્લોપીડિયા ભાગની વિગત

ભાગ - ૧ થી ૧૦, અગ્રલેખામૃત

સુકૃત અનુમોદન : કે.પી. સંઘવી પરિવાર,(સ્વદ્રવ્ય) માલગાંવ, સુરત,અમદાવાદ.
શ્રી ધર્મનાથ પો.હે. જૈનનગર જૈન સંઘ(જ્ઞાનખાતા)અમદાવાદ.
શ્રી મુલુંડ ઘોઘારી વિશાશ્રીમાળી જૈન સમાજ(જ્ઞાનખાતા)મુલુંડ, મુંબઈ.
શ્રી નમિનાથ ગૃહ જિનાલય (જ્ઞાનખાતા) ઘાટકોપર-ઈસ્ટ, મુંબઈ.

ભાગ - ૧૧, અગ્રલેખામૃત + દિવ્યદર્શન + ગણધરવાદ

સુકૃત અનુમોદન : શેઠ શ્રી ઘેલાભાઈ કરમચંદ સેનિટોરિયમ ટ્રસ્ટ (જ્ઞાનખાતા), વિલેપાર્લે, મુંબઈ.

ભાગ - ૧૨, સાધર્મિક ભક્તિ + જીવનના આદર્શ + અનંતના પ્રવાસે

સુકૃત અનુમોદન : શ્રી ગીતાંજલી શ્વે.મૂ.પૂ.જૈન સંઘ (જ્ઞાનખાતા), બોરીવલી,મુંબઈ.

ભાગ - ૧૩ / ૧૪, શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય

ભાગ - ૧૫, શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય + નિશ્ચય અને વ્યવહાર

સુકૃત અનુમોદન : શ્રી શાંતિ નિકેતન જૈન સંઘ (જ્ઞાનખાતા), સુરત.

ભાગ - ૧૬, અનાથી મુનિ + મદનરેખા + કલ્યાણ મિત્ર + નમિરાજર્ષિ

ભાગ - ૧૭, સંસારની જડ + જીવનમાં દિશાનું પરિમાણ+ સંસારના ત્રિવિધ તાપ

ભાગ - ૧૮, ગૃહસ્થ ધર્મ કેમ દીપે ? + દર્શનની ષડ્વિધ કલા + અરિહંત પરમાત્માની ઓળખાણ + જૈનશાસનમાં ભાગવતી દીક્ષાનું સ્થાન + સંસ્કૃતિના સંરક્ષણ

સુકૃત અનુમોદન : શ્રી રિદ્ધિ સિદ્ધિ આદર્શ શ્વે.મૂ. જૈન સંઘ (જ્ઞાનખાતા),મલાડ, મુંબઈ-૬૪.

ભાગ - ૧૯, ધ્યાન અને જીવન

ભાગ - ૨૦, ધ્યાન અને જીવન + ચિંતા ચાર પ્રકારની

સુકૃત અનુમોદન : શ્રી લબ્ધિનિધાન સીમંધરસ્વામી જૈન સંઘની આરાધક શ્રાવિકાઓ(જ્ઞાનખાતા) એલફીન્સ્ટન, વરલી, મુંબઈ.

ભાગ - ૨૧/૨૨/૨૩, શ્રી સમરાદિત્ય કથા

સુકૃત અનુમોદન : શ્રી નવજીવન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ (જ્ઞાનખાતા), મુંબઈ.

ભાગ - ૨૪/૨૫, શ્રી સમરાદિત્ય કથા, ભાગ - ૨૬, શ્રી સમરાદિત્ય કથા + અમીચંદની અમીદૃષ્ટિ + મહાસતી દેવસિકા + રૂપસેન અને સુનંદા

સુકૃત અનુમોદન : શ્રી વિલેપાર્લે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરિટી ટ્રસ્ટ (જ્ઞાનખાતા) પાર્લા- ઈસ્ટ, મુંબઈ.

ભાગ - ૨૭, પર્યુષણ પર્વના પ્રવચનો

ભાગ - ૨૮/૨૯, આત્માનો વિકાસ અને મહાસતી સીતાજી

સુકૃત અનુમોદન : શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મંદિર ટ્રસ્ટ
શ્રી કુંભોજગિરિ જૈન તીર્થ (જ્ઞાનખાતા)

ભાગ - ૨૧ થી ૩૦ - સ્વ. શેઠશ્રી નેમચંદ્ર જે. મહેતા (ઘાટકોપર) સાધારણ ખાતામાંથી

ભાગ - ૩૦, લલિત વિસ્તરા + સતી દમયંતી

ભાગ - ૩૧, શ્રી શાંતિનાથ ભવ - ૧ થી ૪

ભાગ - ૩૨, શ્રી શાંતિનાથ ભવ - ૪ થી ૬

સુકૃત અનુમોદન : પૂજ્ય સાધ્વીશ્રી રત્નત્રયીશ્રીજી મ.સા.ની દીક્ષામાં થયેલ ઉપજમાંથી

ભાગ - ૩૩, શ્રી શાંતિનાથ ભવ - ૬ થી ૮, ભાગ - ૩૪, શ્રી શાંતિનાથ ભવ - ૮ થી ૧૦

ભાગ - ૩૫, શ્રી શાંતિનાથ ભવ - ૮ થી ૧૦ + પ્રારબ્ધ પર પુરુષાર્થનો વિજય
+ ઉબ્બુડ્ડો મા પુણો નિબુડ્ડિજ્જા

સુકૃત અનુમોદન : શ્રી શાંતિસુધા પાર્ક જૈન સંઘ (જ્ઞાનખાતા), ઘાટકોપર(ઈ), મુંબઈ.

ભાગ - ૩૬, શાંતસુધારસ અને ઋષિદત્તા - ૧, ભાગ - ૩૭, શાંતસુધારસ અને ઋષિદત્તા - ૨

ભાગ - ૩૮, વીસસ્થાનક-અરિહંત પદ-દેવપાલની સાધના + તામસભાવના તાંડવ

ભાગ - ૩૯, વીસસ્થાનક-સિદ્ધપદ - હસ્તિપાલની સાધના + રાગદ્વેષ કરાવે કલેશ

ભાગ - ૪૦, રાગદ્વેષ કરાવે કલેશ + નરસિંહની કથા + દાનધર્મ

ભાગ - ૪૧-૪૨ શ્રી કુવલયમાળા-ચરિત્ર વ્યાખ્યાન ૧ -૨

સુકૃત અનુમોદન : શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન સંઘ (જ્ઞાનખાતા),
સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ.

ભાગ - ૪૩, શ્રી કુવલયમાળા-ચરિત્ર વ્યાખ્યાન -૩ + કષાય રોકોઃ છૂટવાનો મોકો

સુકૃત અનુમોદન : અંમદાવાદ વાસણાની આરાધક બહેનો (જ્ઞાનખાતા),અમદાવાદ.

ભાગ - ૪૪, કષાય રોકોઃ છૂટવાનો મોકો

ભાગ - ૪૫, શ્રી પંચસૂત્ર-૧

ભાગ - ૪૬, શ્રી પંચસૂત્ર ભાગ-૨ + ભવાભિનંદીજીવના ૮ દુર્ગુણ + જીવનસંગ્રામ

સુકૃત અનુમોદન :શ્રી વર્ધમાન જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ (જ્ઞાનખાતા), નાસિક.

ભાગ - ૪૭, સંદેશો પ્રભુવીરનો + કામલતાની કરુણ કહાની

ભાગ - ૪૮, સુલાસાચરિત્ર + ભોગોપભોગ પરિમાણવ્રત

ભાગ - ૪૯, તરંગવતી-૧

સુકૃત અનુમોદન :શ્રી મરીનડ્રાઈવ જૈન અરિહંત ટ્રસ્ટ, શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય

ભાગ - ૫૦, તરંગવતી-૨ + અસંખયં જીવિયં મા પમાયએ

સુકૃત અનુમોદન : કરબટીયા-પિપળધન(ધર્મપુરી) શ્વે.મૂ.પૂ.જૈન સંઘ

ભાગ - ૫૧/૫૨, રુક્મિરાજાનું પતન અને ઉત્થાન-૧/૨

ભાગ - ૫૩ રાજપુત્ર આર્દ્રકુમાર

સુકૃત અનુમોદન :શ્રી શ્વેતાંબર મૂ.પૂ.જૈન સંઘ (શિવ) સાયન-મુંબઈ.

ભાગ - ૫૪ આનંદઘનજી કૃત સ્તવન રહસ્યાર્થ -૧ થી ૫

ભાગ - ૫૫ આનંદઘનજી કૃત સ્તવન રહસ્યાર્થ -૬ + ઉપા. યશોવિજય કૃત ચોવિશી રહસ્યાર્થ ૧ થી ૭

ભાગ - ૫૬ ઉપા. યશોવિજય કૃત ચોવિશી રહસ્યાર્થ ૮ થી ૧૫

સુકૃત અનુમોદન :શ્રી મુલુન્ડ શ્વેતાંબર મૂ.પૂ.જૈન સંઘ, મુલુન્ડ-મુંબઈ.

ભાગ - ૫૭ પરમતેજ સારોદ્ધાર

સુકૃત અનુમોદન : શ્રી કાન્તીનગર જૈન સંઘ, જે.બી. નગર, અંધેરી અને શ્રી નીલમણી બિલ્ડિંગના આરાધકો, પાર્લા, મુંબઈ.

ભાગ - ૫૮ અરિહંત-સિદ્ધ-આચાર્યપદ પૂજા

સુકૃત અનુમોદન :શ્રી મલાડ શ્વે.મૂ.પૂ. જૈન સંઘ,જીવતલાલ ચંદ્રભાણ કોઠારી જૈન દેરાસર, મુંબઈ.

ભાગ - ૫૯ ઉપાધ્યાય+સાધુપદપૂજા+માર્ગાનુસારી જીવન+ષોડશક+ગણધરવાદ (૨થી૧૧)

સુકૃત અનુમોદન :શ્રી કલ્યાણ કલ્પતરુ શ્વે.મૂ. તપાગચ્છ જૈન સંઘ, મલાડ-મુંબઈ.

ભાગ - ૬૦ ધ્યાનશતક + શ્રી તત્ત્વાર્થ ઉષા + નમસ્કાર ગ્રન્થનો ઉપોદ્‌ઘાત

સુકૃત અનુમોદન :શ્રી હસમુખભાઈ કેસરીચંદ ચૂડગર પરિવાર

ભાગ - ૬૧ ઉચ્ચપ્રકાશના પંથે **સુકૃત અનુમોદન :** દિવ્ય દર્શન ટ્રસ્ટ

ભાગ - ૬૨ શ્રી ભગવતીસૂત્ર વિવેચન ભાગ-૧ + ઉપદેશમાલા

ભાગ - ૬૩ ધર્મ કેમ અને કેવો આરાધ્ય ? + પ્રકરણ દોહન + પળમાં પાપને પેલે પાર, + પ્રકીર્ણ પ્રસાદ

ભાગ - ૬૪ શ્રદ્ધાંજલી-૧

સુકૃત અનુમોદન :શ્રી હીરસૂરીશ્વરજી જગદ્‌ગુરુ શ્વે.મૂ. તપાગચ્છ જૈન સંઘ ટ્રસ્ટ, મલાડ, ઈસ્ટ.

ભાગ - ૬૫, શ્રદ્ધાંજલી-૨

સુકૃત અનુમોદન :શ્રી સેફાલી જૈન સંઘ, અમદાવાદ, વાસણા.

ભાગ - ૬૬, સમાચાર-૧

સુકૃત અનુમોદન :શ્રી દેસાઈપોળ જૈન શ્રાવિકા ઉપાશ્રયની બહેનો, સુરત.

ભાગ - ૬૭, સમાચાર-૨

સુકૃત અનુમોદન :શ્રી દેસાઈપોળ જૈન શ્રાવિકા ઉપાશ્રયની બહેનો, સુરત.,
શ્રી લબ્ધિનિધાન સીમંધર સ્વામી જૈન સંઘ, એલફીન્સ્ટન-વરલી, મુંબઈ.

ભાગ - ૬૮, સમાચાર-૩

ભાગ - ૬૯, સમાચાર-૪

સુકૃત અનુમોદન :શ્રી ધર્મવર્ધક ગેલેક્ષી શ્વે.મૂ.પૂ. જૈન સંઘ, અઠવાલાઈન્સ, સુરત.

ભાગ - ૭૦, સમાચાર-૫

સુકૃત અનુમોદન :શ્રી નડિયાદ શ્વે.મૂર્તિપૂજક જૈન સંઘ, દેવચકલા, નડિયાદ.

ભાગ - ૭૧, શાસન પ્રભાવના-૧

સુકૃત અનુમોદન :શ્રી નવાપુરા જૈન સંઘ, સુરત.

ભાગ - ૭૨, શાસન પ્રભાવના-૨

સુકૃત અનુમોદન :શ્રી સંવેગી ઉપાશ્રય (રિલીફ રોડ), હાજાપટેલની પોળ, અમદાવાદ.

ભાગ - ૭૩, શાસન પ્રભાવના-૩

ભાગ - ૭૪-૭૫, શિબિર ૧-૨

ભાગ - ૭૬-૭૭, પ્રકીર્ણ પ્રસાદ ૧-૨

સુકૃત અનુમોદન :શ્રી અઠવાલાઈન્સ શ્વે.મૂ.પૂ.જૈન સંઘ, શ્રી ફુલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.

પ્રિન્ટીંગ: જય જિનેન્દ્ર અમદાવાદ મો:૯૮૨૫૦ ૨૪૨૦૪